A HAPPY NEW YEAR

THE

ZOROASTRIAN CALENDAR

FOR THE YEAR OF YEZDIJIRD 1286

11th September 1916 to 10th September 1917

Reg. No 1266



ઝોરાસ્ટ્રીયન કેલેંડર

અને

પારસી પંચાંગ.

યઝદેજરદી ૧૨૮૬ નાં વરસનું

તારીખ ૧૧ મી સપટેમ્બર ૧૯૧૬ થી તે

તારીખ ૧૦ મી સપટેમ્બર ૧૯૧૭ સુધીનું.

[illegible]

કીમત રૂ. ૦॥.

લીલા મેવાથી ઝુમાઇ પડતાં ઝાડો.

ખુશબોદાર ફુલોથી લચી પડતાં દરખતો.

સોરાબજી ઇરાની ૩૦ વરસના અનુભવી ફલોરીસ્ટ

રાજા રજવાડા, અમીર ઉમરાવો તથા એકઝીબીશનોમાંથી સંખ્યાબંધ સરટીફીકેટો તથા માનચાંદ પામેલા બાગબાન પાંચ વરસો સુધી નામદાર નીઝામના બગીચામાં કામ કરવા પછી એકવાર ફરી પોતાનાં અસલ મેહેરબાન ઘરાકો તથા જાહેર પ્રજાની સેવામાં હાજર થાય છે.

ઇરાની બાગબાનની તારીફ લાયક હુનરમંદી માટે ફેબરવારી ૧૯૦૬ નાં પ્રદરશનમાં ચાર, તથા ૧૯૦૭ માં આઠ મોટાં ઇનામો મળયા છે અને તારીફ થઇ છે.

સુકાઇ ગયલા વેરાન, તથા તદન નવા બગીચાઓને તાઝેતર-લીલોતરીથી ભરપુર-અને ફુલ ફલોથી ખેંચાણકારક બનાવી આપવાનું માથે લઇએ છીએ.

કેટલાક મોટા હીંદી રાજવંશીઓનાં તથા સદ ગ્રહસ્થોનાં બગીચાઓ અમારી જાતી દેખરેખ હેઠલ તઇયાર થયા છે, જે માટેની ઉંચી સરટીફીકેટો મોજુદ છે. ફુલ ફળના ઝાડોને લગતી સમજન હમેશાં ખરેખરી ને સહેલાઇથી સમજ પડે તેમ જણાવવામાં આવશે.

જાત જાતની આંબાની કલમો, મોશંબી, સંતરા, પપેનાસ, ચીકુ, લાચી, ગોલાબી ને સફેદ જાંબુર, સપરચંદ, નાસપતી, પીચ, શેતુંર મીથી, દાદમ, નારંગી, મસુંબા, ખાટા લીંબુ, બારંજ ને મીથી કમરખની કલમો, ગામથી, મલબારી ને શીંગાપુરી નાળીઅરી, (Lili put), સોપારી બદામ, દરાખ, અખરોડ, જાયફળ, હીંગ, તજ, લવંગ, પેર, શીતાફળ ને રામ ને માયફળ, વગેરે સરવે જાતનાં ફળ, ઝાડો, રંગરંગના સ્ટેનડરડ ગોલાબો, મેગનોલીઆ, બત મોગરા, ગારડેનીઆ સાએલી, ચંપેલી, જાઇજુઇ, ચાંપા ને સરવે જાતનાં ફુલ ઝાડો ને સરસ પામસ. ડરેશીનાં ક્રોટનસ, મેડેનહેર ફરનસ, એ વતરાગે બીજા તરેહવાર રોપાઓ ને વેલાઓ અતી કીફાયતે પુરા પાડીએ છીએ. બાહારગામના આરડરપર તરત ધીયાન આપવામાં આવશે ને ઝાડો V. P. થી મોકલવામાં આવશે.

તાજા ફુલના તુરા-હાર-બાસકીટ-બટનસ ફુલપાનનું ડેકોરેશન વરદી પ્રમાણે મનપસંદ કારીગીરીથી અંગ્રેજી ધપપર બનાવી આપવામાં આવશે.

યુરોપીયનો સારૂ લગન વગેરે માટે શાવર વગેરે તુરાઓ ને બટનો અને મરણ સારૂં સુધ સફેદ રીથસ ને ક્રોસીસ પણ બનાવી આપીએ છીએ.

તબ અને કુંદામાંના ઝાડો લગન મેલાવડા વગેરે વાંકના સારૂ ભાડે આપવામાં આવશે.
કલેર રોડ ભાયખલાનાં બાગમાં હમેશાં મનપસંદ ફુલ ને ઝાડનાં કુંડાનો જથો રહે છે.

સોરાબજી અ૦ મે૦ ઇરાની—ફ્લોરીસ્ત.

ઠે૦ કલેરરોડ, એડલજી ચેમબરસ,
કલેર રોડ, કોનવેંટ સ્કુલ પાસે, ભાએખલા,
મુંબઇ.

ખરાબ રોગ અથવા ચેપમાંથી બચાવે છે.

૫૦ વરસ થયાં તબીબો એ સાબુ વાપરવાને ભલામણ કરે છે.



રાઈટનો કોલ ટાર સાબુનો
સ્વચ્છ તથા તંદુરસ્તીવાળો
વાસ એવો છે કે જેથી તે ઉપયોગમાં લેવો
એવી ભલામણ કરવામાં આવે છે.

એ સાબુ વાપર્યા પછી સરીરની ચામડી સુવાલી થઈ ખરેખર તાજગી બક્ષે છે.

ગરમીથી થયલી ખુજલી સાફ કરવા માટે આ સાબુ ઉત્તમ છે તેમજ નાના જંતુના ડંખ દુર કરે છે,

એક ગોટીની કીંમત આના ૬.

HONGKONG & SHANGHAI BANKING CORPORATION.

હોંગકોંગ એન્ડ શેંગાહી બેંકીંગ કોરપોરેશન.

હાંગકાંગમાં સ્થાપેલી

ભરાયલી થાપણ	ડાલર	૧૫,૦૦૦,૦૦૦
માલિકોની જોખમદારીના રીઝરવ... ...	,,	૧૫,૦૦૦,૦૦૦
સીલવર રીઝરવ ફંડ	,,	૧૮,૦૦૦,૦૦૦
ગોલ્ડ રીઝરવ ફંડ...	પાઉંડ	૧,૫૦૦,૦૦૦

ડાયરેકટરોની કોરટ અને હેડ ઓફીસ—હોંગકોંગ.

એન. જે. સ્ટેબ—વડો મેનેજર.

—:o:—

શાખાઓ અને આડતો.

એમોય	હેનકાઉ	મલાકા	શેંગાઇ
બેંગકોક	હરબીન	મનીલા	હોંગકચું
બટેવયા	હોંગકોંગ	નાગાસાકી	સીંગાપોર
મુંબઇ	ઇપોહ	નયુ યારક	સુરબાયા
કલકતા	જોહોર	પેકીંગ	તાઇપેહ
કંતાન	કોબે	પીનાંગ	ટીનટસીન.
કોલંબો	કુઆલા લમપુર	રંગુન	સીંગતાઉ
ફુચાઉ	લંડન	શેંગાન	યોકોહામાં
	લાયનમ	સાન ફ્રનસીસ્કો	ઇલોઇલો

મુંબઇની આડત.

ચાલુ હીસાબપર દરરોજની બાકી ઉપર દર વરસે જો રૂ૧,૦૦૦ ની અંદર ન હોય અને રૂ૧,૦૦,૦૦૦ થી વધારે નહીં હોય તો સેંકડે બે ટકાનું બ્યાજ આપવામાં આવે છે, પણ જો દર છ માસે બ્યાજ રૂ. ૫) જેટલું નહીં હોય ત્યારે તે અપાતું નથી.

બાંધી ડીપાઝીટો બાર માસ સુધીની જુદી જુદી મુદત માટે લેવાય છે જે વીષેની શરતો અરજ કીધાથી જણાવવામાં આવશે.

સધર જામીનગીરીપર નાણાં ધીરવામાં આવે છે અને બીલો ખરીદવામાં આવે છે તથા દરેક જાતનું સરાફી તેમજ વટાવને લગતું કામકાજ થાય છે.

યુરોપ, હીંદુસ્તાન, આસ્ટ્રેલીઆ, અમેરીકા, ચીન અને જાપાનના મુખ્ય વેપારના મથકો ઉપર તથા લંડનના દરાફતો આપવામાં આવે છે.

જે. ડી. સમારટ,

એજંટ.

૪૦, ચરચગેટ સ્ટ્રીટ,—મુંબઇ.

શ્રી સરકાર ગાયકવાડના આશ્રા હેઠળ સ્થપાયલી અને શ્રી મહારાજા સાહેબની મોટી મદદ ધરાવતી.

ધી બેંક ઓફ બરોડા લીમીટેડ.

વડોદરા રાજ્યના બેંકર્સ

(સને ૧૮૯૭ ના બરોડા કંપનીના એકટ ત્રીજા પ્રમાણે રજીસ્ટર થયલી.)

હેડ ઓફીસ—માંડવી પાસે, વડોદરા.

બ્રાંચીઝઃ—અમદાવાદ, નવસારી, મહેસાણા અને સુરત.

કુલ્લે થાપણ	રૂ. ૨૦,૦૦,૦૦૦
ભરાયલી થાપણ	રૂ. ૧૦,૦૦,૦૦૦
રીઝરવ ફંડ	રૂ. ૪,૫૦,૦૦૦

ડીરેકટરો.

(૧) એ૦ મી૦ લલ્લુભાઇ શામળદાસ, સી૦ આઈ૦ ઈ૦, ચેરમેન.

(૨) સર વીઠલદાસ દામોદર ઠાકરસી, નાઈટ.

(૩) રા૦ રા૦ ભાસ્કરરાવ વીઠલદાસ મહેતા, એડવોકેટ, હાઇ કોર્ટ, મુંબઇ.

(૪) રાજરતન શેઠ મગનભાઇ પી૦ હરીભકતી નગરશેઠ (વડોદરા).

(૫) મી૦ મગનલાલ હરગોવીંદદાસ કાંટાવાળા, વડોદરા મહારાજા મીલ્સના એજનટ.

(૬) શેઠ મણીલાલ રેવાદાસ (વડનગર).

(૭) ગુનાજીરાવ રાજબા નીબાલકર, વડોદરા.

(૮) રાવજી રૂઘનાથ શીરગાવકર, ખાનગી કારભારી વડોદરા.

ચાલુ ડીપાઝીટ ખાતાંઓ.—રૂ૩૦૦ થી ૧૦૦૦૦૦) ની દરરોજની સીલક ઉપર દર વરસે દર સેંકડે બે ટકાનું વયાજ આપવામાં આવે છે અને તેથી વધુ રકમ ઉપર ખાસ જુદી ગોઠવણ કરવામાં આવશે. અરધાં વરસનું રૂપયા ત્રણથી ઓછું વયાજ થતું હશે તો તે આપવામાં આવશે નહીં.

બાંધી મુદતનાં ડીપાઝીટ ખાતાં.—બાર મહીનાની બાંધી મુદતનું વયાજ દર વરષે દર સેંકડે સાડાચાર ટકા આપવામાં આવે છે તેથી વધારે અને ઓછી મુદત અને રૂ. ૫૦૦૦) ઉપરાંતની ડીપાઝીટ માટેના ભાવ અરજ કરવાથી જણાવવામાં આવશે.

સેવીંગસ બેંક.—આ બેંકમાં સેવીંગસ બેંકનાં ખાતાં ઉઘાડવામાં આવે છે અને તે ઉપર દર વરસે દર સેંકડે પોણાચાર ટકા વયાજ આપવામાં આવે છે, એક વરસમાં રૂ૧૦૦૦) વયાજ સીવાય ને એકંદરે રૂ. ૫૦૦૦) સુધી દરેક ખાતાંમાં છેલ્લાજ વરસના વયાજ સીવાય રાખવામાં આવે છે. એક કરતાં વધારે નામો ઉપર ખાતાં ઉઘાડી શકાય છે; પરંતુ એક નામ ઉપર એકથી વધારે ખાતું ઉઘાડી શકતું નથી.

લોનસ વીગેરે.—હુંડી અને એવાંજ બીજાં કીમતી કાગળયાં ઉપર, સધર જામીનગીરી ઉપર તથા વયાજની રકમની મીલકત કબજામાં રાખી ખાસ ઠરાવેલા ભાવે તથા શરતે બેંક નાણું ધીરે છે. ઘરાકોના સ્ટોકસ, શેરો, જામીનગીરીના કાગળયાં, ઘરેણાં, ઝવેરાત વીગેરે કીમતી તથા જોખમી ચીજો સહીસલામત રાખવાનું, પ્રોમેસરી નોટો, ડીબેનચરસ, સ્ટોકસ શેરો વીગેરે વયાજ આપતાં કાગળ ઉપરનું વયાજ ઉઘરાવી આપવાનું તથા ગવરનમેંટ પેપર અને બધી જાતના શેર, સ્ટોક ડીબેનચરસ ને તેવીજ જાતના કાગળયાં વેચી તેમજ ખરીદી આપવાનું કામ બેંક કરે છે.

સી૦ ઈ૦ રેનડલ, મેનેજર,

સ્ત્રીઓને શકતી આપનારી દવા.

એલટ્રીસ કોર્ડીયલ રીઓ.

આ દવા સ્ત્રીઓને લાગુ પડતાં સરવે દરદોને દફે કરવાની અદભુત શકતી ધરાવે છે. પેઢું અને તેના તમામ અવયવો ઉપર તે લેવાથી પુશકલ શકતી આપે છે. તેથી સ્ત્રીઓને એ દવા સઘળા રોગો ઉપર પછી તે રોગ **ડીસમેનોરેયા, મેનોરેયા, લુકોરીયા, અમેનોરીયા** કે પછી સ્ત્રીઓને લગતું કોઈબી દરદ હોય તે માટે ઘણીજ ઉપયોગી માલમ પડી છે.

જોબનનાં વેશમાં આવતી છોકરીઓ તેમજ ગરભવંતી સ્ત્રીઓને તેઓનું ગયેલું બળ અને કમી થતું તાકાતપણું આ દવા લેવાથી જલદીથી પાછું આવે છે.

એલટ્રીસ કોર્ડીયલ રીઓ—તમામ મળમુત્રના આંધાને મજબુત કરે છે તેથી ગરભ અધુરે જતો અટકે છે, જે સ્ત્રીઓ કમરના દુખાવાથી અથવા એવા બીજા દરદથી પીડાતી હોય અથવા સાંધાના સોજાની ફરીયાદ કરતી હોય તો તેઓને એ દવા જરૂર આપવી જોઈએ. આ દવા મુખ્ય કરી સ્ત્રીઓને લાગુ પડતાં દરદો સાજા કરવા માટે જાણુતી છે તેથી ઘણાખરા તબીબો તેની ભલામણ કરે છે.

જે કુવારીકાઓ ૧૧ વરસથી ૧૮ વરસની હોય કે જે વખતમાં તેઓ કુવારીકા અવસ્થામાંથી સ્ત્રીની અવસ્થામાં જાય છે તેઓને **એલટ્રીસ કોર્ડીયલ રીયો** ખાસ ઉપયોગી છે કારણકે એ વાપરવાથી સ્ત્રીને પુશકળ તાકાત તથા શકતી આપે છે.

દવા લેવાની રીત—ખોરાક ખાવાની અને બીછાને જવાના વખત વચ્ચે એક ચમચો દીવસમાં ત્રણ વખત લેવી.

નર્વ તોનીક.

નર્વસનેસ, ઉંઘ નહી આવતી હોય તો તે માટે, આંકણી, અને આળસાઇ તથા નબળાઇ માટે સીલેરીના જે શકતી આપનારી દવા છે તે ખાવા પછી અને સુવા જવા પહેલાં દીવસમાં ત્રણ વખત એક ચમચામાં લેવી તેમજ દારૂના વ્યશનમાં પડેલાઓને આરામ કરવા માટે આ દવા એક મજબુત ઉપાય છે.

નર્વસ સીસ્તમ માટે આ એક ઉત્તમ શકતી આપનારી દવા તરીકે સીલેરીન લગભગ ૪૦ વરસથી જાણીતી થયલી છે.

કેમીસ્ટો, ડ્રગીસ્ટો અને ઇંડીઆમાં દવા વેચનારાઓ
એલટ્રીસ કોર્ડીયલ રીયો અને સીલેરીના મોટા જથામાં રાખે છે.

આ દવાઓ ઘણીજ ઉપયોગી માલમ પડવાથી તેની નકલો ઘણી થઇ છે અને આ કંપનીએજ બનાવેલી ખરી દવા છે એમ દવાની શીશી ઉપર **રીયો કેમીકલ કંપનીના** નામની લેબલ લગાડેલી છે તે જોઇ તેની પ્રથમ ખાત્રી કરી લેવી.

નમુનો અને એ સંબંધી જોઇતી વધુ વીગત માટે નીચે જણાવેલી કંપનીને લખો.

રીયો કેમીકલ કંપની,
૭૯, બેરો સ્ટ્રીટ, ન્યુ યોર્ક સીટી—યુ. એસ. એ.

Rio Chemical Co.,
79, Barrow St., New York City, U. S. A.

"The Universal Calculator"

ON

Interest, Commission, Brokerage, etc., With the Exchange of India, England, France, China and Japan.

GOING CHEAP @ RS. 3 FOR SHORT TIME ONLY.

As for the merit of this orig'nal and unique work, excellent testimonials, given in the front part, have been received from banker merchants, experts and leading journals of the above countries.

TABLE OF CONTENTS.

PART—

1 Universal Interest on 1 to 1,00,000 from 1 to 365 days.
2 £s. into Rs. @ ex. 1/1 to 1/6 $\frac{31}{32}$ by 32nds of a penny.
3 Rs. do £s. do. do. do.
4 Universal Brokerage, Commission, etc., @ $\frac{1}{4}$, $\frac{1}{2}$, $\frac{3}{4}$, and 1 to 12%
5 Do. Salaries, Wages, Rent, Income, etc, for 1 to 30 days.
6 Dols. into Rs. @ ex Rs 135 to Rs 182$\frac{1}{2}$ per 100 Dols. by $\frac{1}{2}$ Re.
7 Rs. do. Dols do. do. do.
8 Tls. do. Rs. @ ex Rs. 188 to Rs. 235$\frac{1}{2}$ per Tes. 100 by $\frac{1}{2}$ Re.
9 Rs do. Tls. do. do. do.
10 £s. do. Dols @ ex 1/9$\frac{1}{2}$ to 2/6$\frac{15}{16}$ by $\frac{1}{16}$ ths of a penny.
11 Dols. do. £s. do. do. do.
12 £s. do. Tls. @ ex. 2/6 to 3/2$\frac{15}{16}$ by $\frac{1}{16}$ ths of a penny.
13 Tls. do. £s. do. do. do.
14 £s. do. Fcs. @ ex Fcs. 25·16 to Fcs. 25·39$\frac{1}{2}$ by $\frac{1}{2}$ cent.
15 Fcs. do. £s. do. do. do.
16 Fcs. do. Rs. @ ex. Fcs. 1·70 to 1·70 to 1·93$\frac{1}{2}$ by 1/2 cent.
17 Rs. do. Fcs. do. do. do.

☞ **PIROJSHAW DINSHAW MUKADUM,**

Bookseller and Publisher, Stationer and Commission Agent, Proprietor, " The Dnyan Wardhak " a Monthly Gujarati Journal.

Churchgate Street, Fort, Bombay.

Telegraphic Regd. Address:— *"Umrigar, Bombay"*

Office-Telephone No. 398
House Telephone No. 273

D. R. Umrigar Sons & Co.

NO. 3, APOLLO STREET, FORT, BOMBAY.

ESTABLISHED in the Year 1885.

Sole Agents in whole of India for the Patent

Corona Carpinches Blue Picking Bands & Double Tanned Belting

Regtd. Trade Mark "PRAKKE" for D. R. Umrigar Sons & Co.

Also Sole Agents For Naaml Venn the world-renowned Manufacturer of Patent Buffalo Pickers, Sole agents to The Woollen Cloth Mfg Co. manufacturers of Sizing flannel, Roller & clearer cloths, and many others.

Largest Importers & Contractors of Brown casing & Blue facing Papers & Straw boards for supply to Bombay & Mofussil Mills.

The Largest and Cheapest Depot of Cotton Mill & Gin Factory Stores-Supplies of requisite for Ginning Factories & Cotton Mills' Stores of description, viz; Bobbins Skewers, Egyptians & American Cotton banding, such as:—Rim, Scroll, Tubular, Mule spindle &c. also Beltings of best maker, Roller skins, Ring travellers by (Eadie-Brothers), China Clay, Farina, French chalk, Chloride of Zinc, Magnesia, Brown Casing Paper, Blue Facing Paper, Straw-Boards & Cut Brown Paper &c.

Indents for any of the Mill stores will be forwarded to England for execution on Most, advantageous terms and at moderate commission. Up-country orders carefully & promptly executed, Samples and Prices on application.

Our carpinches picking bands are best of their kind in quality and durability & these last double the time than the ordinary oak-tanned bands. A trial order solicited.

This is the only Firm where you can get cheap & good stores of all kinds for Cotton Mill & Gin Factory.

મેસરસ દી૦ આર૦ ઉમરીગર સન્સ અને કુંપની,

નં૦ ૩, એપોલો સ્ટ્રીટ, કોટ, મુંબઈ. તેલીફોન નંબર ૩૯૮.

સુતર મીલોના, જીનીંગ ફેકટરીઓના, પરેસોના તથા રેલવેનો સ્ટોર પુરો પાડવાને સસતામાં સસતી હમારી દુકાન છે.

હમારે ત્યાં સઘલો માલ ખુદ કારખાનાવાલાઓ તરફથી પરભારો આવવાથી ધરાકોને ભાવમા ફીફાયત પડવા સાથ સારો માલ મલી શકશે.

બાહારગામનાં વેપારીઓના તથા ધરાકોના કામકાજને લગતા ઓરડરો તરતજ બજાવવામાં આવશે. મીલને લગતો જે સ્ટોરનો ઓરડર વીલાયતથી મંગાવવાને આપશે તે ઉપર પુરતું ધ્યાન આપી ઘણા ઓછા ભાવે તથા કમીશને મંગાવી આપશું.

હમારે ત્યાં હંમેશાં તઇયાર બધી જાતના વીલશન તથા દીકશન બ્રધરસના બાબીનશો, ઇજીપશીયન અને અમેરીકન બેંનડીંગો, રોલર સ્કીનો, ઘણાજ ઉંચા મેકરના પટાઓ, સાઇઝીંગને લગતો માલ જેવો કે કલોરાઇડ ઓફ મેગનીશીયા, મીયુરેટીક ઓફ જીંક, ફરીના, બરાઉન કેસીંગ પેપર, બલુ ફેનશી પેપર વગેરે હમેશાં તઇયાર મલે છે.

હમારા પેટંટ કારપીનચીસ, પીકીંગ બેન્ડસો મુંબઈની મીલોમાં ઘણાજ વખણાય છે કારણકે તે ઘણાજ તકાઉ અને મજબુત છે અને વજનમાં ઘણાજ હલકા છે અને દરેક લેન્થ ઉપર હમારો રેજીસ્ટરડ ટ્રેડ મારક "પરેકી" ફોર દી૦ આર૦ ઉમરીગર કરી મારવામાં આવે છે.

ડા. રૂ. એ. હકીમના અકસીર ઇલાજો.

શીરપ ઉશબા.

સુધ દેશી વનસપતીમાંથી બનાવેલો જેને માટે સરકારી વડા રસાયણ શાસ્ત્રીએ સરટીફીકેટ આપી છે.

લોહી સુધારનાર, પેટની કબજીઆત દુર કરનાર, ભુખ વધારનાર, ધાતુપુષ્ટ અને ખોરાક હજમ કરનારી દવા છે. લાંબી માંદગીથી થયલી શકતી પાછી લાવે છે. લોહીના બીગાડથી અનેક દરદો લાગુ પડે છે, જેવાં કે ફુલ્લા, કદરૂપી ચાથાં શરીર ઉપર ફુટી નીકળે છે તે, કંથમાલા, નાસુર, ગાંઠ, ખુજલી તગ્ગ સરવે પ્રકારના ગરમીનાં જખમ તથા એને લગતાં દરદો, સાંધાનું રહી જવું, કલતર, લીવરને લગતાં દરદો, ચાલુ બદહજમી, ઓરતોનાં દરદો, મગજની થાકથી થતી નબળાઇ એ સરવે બીમારી માટે **શીરપ ઉશબા** રામબાણ ઇલાજ છે. વાપરવાની રીત શીશી સાથે છે **બાટલીની કીંમત રૂ. ૧.**

જ વા રી શે રૂ શ ત મી.

વીરય વરધક તથા શકતીને માટે અકસીર ઇલાજ.

કોઇ પણ રીતની નબળાઈથી ધાતનું જવું, કમતાકાતી, ગુરડા તથા છાતીના દરદો, કળવાનુ દરદ, માથાનો ચાલુ દુખાવો, ચકરી, અભયાસ કરવાથી આંખની નબળાઇ, પીશાબનું વારંવાર થવું, પાચન શકતીમાં થતો બીગાડો, ગરમીનાં દરદથી થતો લોહીનો બીગાડો, સાંધાનો દુખાવો, કળતર, નજળો, સંધીવા, કંમરનો દુખાવો વગેરે મરદ તથા ઓરતને એક શરખો ફાયદો કરે છે. એ પાખ, **નબળા** માણસોને માટે એક ઉત્તમ ચીજ છે. દરેક પ્રકારની નબળાઇ માટે રામબાણ ઇલાજ છે, સેંકડો બીમારોને ફાયદો થયો છે. ખાવાની રીત પાખની ડબી સાથે છે. **કીંમત રૂ. ૧ તથા ૨.**

હકીમનાં ગરમીના રોગની દવા.

પીશાબના કોઇ પણ જાતના દરદ તેમજ ગરમીના રોગથી અથવા તો ખરાબ સંગતથી થત વેહેતાં દરદને તથા તેમાં થતી અનેક વેદનાઓ ફકટ સેહેજ વખતમાં નાબુદ કરે છે અને એ દવ મરદ તથા ઓરતને બંનેને એકસરખો ફાયદો કરે છે. કીંમત શીશી ૧ નો રૂ. ૧.

હરસ તથા મસાને માટે ખાસ થંડો મલમ.

આએ મલમથી હરસ તથા મસામાંથી પડતું લોહી બંધ કરી, સફરામાં પડેલા ચીરાને રૂઝવી અકરસાત તથા સોજો નરમ પાડી હરસ તથા મસાને જડથી નાબુદ કરે છે. કીંમત શીશી ૧ ના રૂ. ૩.

ડા૦ આર. ઇ. હકીમસ નરવાઇન ટોનીક પીલ્સ, ધાતુ પુષ્ટની ગોળીઓ.

આ પ્રખ્યાત બીન હરીફાઇથી વખણાતી ટોનીક પીલ્સ જલદી વીજળીની માફક તન તથ મનને શકતી આપે છે. એના ગુણો અદભુતછે. નબળી થયલી પાચનશક્તીને તેજસ્વી કરે છે, સારી ભુખ લગાડે છે લોહી સુધારે છે. હરકોઇ કીશમની નબળાઇને દુર કરે છે. કુટેવથી કે બુરા રોગથી થયલી નાકદ્દતીને હાંકી કહાડે છે ધાતુને પુસ્ટ બનાવી સુધારે છે અને ગયલી શકતી પાછી આપીને દરદીને નીરોગી અને શકતીવાલો ટુંક સમયમાં બનાવે છે. વાપરવાની રીત ડબી સાથે આપેલી છે. ૪૦ ગોળીની ડબીની કીંમત રૂ. ૧.

દરાજ તથા કીડને માટે અકસીર મલમ.

દરાજ, કીડ, ખરપસુ તથા એવાંજ ચાંમડીનાં દરદોને જડમુલથી નાબુદ કરે છે.
કીંમત શીશી એકના આના ૪.

હકીમ "ડેનટીફ્રીસ, સુગંધી દાંતનું મંજન.

દાંતને મોતી જેવા સાફ કરી, થતો દુખાવો નરમ પાડી મજબુતી આપે છે જે વાપરવાથી ખાત્રી થશે. **કીમત ૪ તથા ૮ આના.**

હરસ, મસા, નાસુર, ભગંદર, પાથા, કંથમાલા તથા શરીર ઉપરના બીજા દરદો ફકત ચુનાની દલાજોથી સારા કરવામાં આવે છે.

દેશી હુન્નરકળાની રમત ગમત !!

અજબ કૃષ્ણલીલા !!!

દરેક જોનાર માણસનું મનરંજન કરવા માટે જાડા પુઠાનો ઘડી થઇ શકે એવા આસરે ૧। ફુટ ઉંચાઇનો એ પુતળો એવી ખુબી અને કલ્પનાથી તયાર કરેલા છે કે, એમાં સાંચો, કળ, ચાવી નહી હોવા છતાં મંડળી સાંમે ઉભો કરી દેખાડીએ તો પ્રથમ સુંદર મુરલીધર શ્રીકૃષ્ણ દેખાય છે ! તેજ ફરી દેખાડીએ તો તે સુંદર રાધાગવાલન દેખાય છે ! ફરી દેખાડતાં શરીરનાં ભાગ ઉંધા સુંધા છે એવો શ્રીકૃષ્ણ દેખાય છે ! ફરી દેખાડતાં ઉંધા સુંધા ભાગ વાલી રાધાગવાલન દેખાય છે. તેમજ શ્રીકૃષ્ણનાં શરીરનાં પોતાની મેળે કટકા પડતા જઈ, તેની રાધાગવાલન બને છે ! તેમજ રાધાનાં શરીરનાં પોતાની મેળે કટકા પડતા જઇ તેનો મુરલીધર શ્રીકૃષ્ણ થાય છે ! તેમજ ઉંધાસુંધા ભાગવાલા શ્રીકૃષ્ણનાં પોતાની મેળે કડકા પડતા જઇ તેની ઉંધા સુંધા ભાગવાલી રાધા બને છે ! અને ઉંધા સુંધા ભાગવાલી રાધાનાં કટકા પડતા જઈ ઉંધા સુધા ભાગવાલો શ્રીકૃષ્ણ બને છે ! આ પ્રમાણે આ એકજ પુતળાનાં જુદા જુદા રૂપાંતરો થાય છે ! તે જોઈ સરવે લોકને ઘણીજ અજાયબી લાગે છે. ગમે તે વખતે ગમે તેટલીવાર ઉપલા ચમતકારો થાય છે. તેની સાથે માહીતીની જુદી ચોપડી મલે છે તે વાંચવાથી કોઇપણ માણસ ઘણીજ સેહેલાઇથી કરી શકે છે ! **કીંમત ૧૨ આના તથા વી. પી. ખરચ ૨ આના વધુ પડસે.**

ભાનામતી તંત્ર.

હરએક પ્રસંગે ભેગી મળેલી મંડળીને ચમતકારીક ખેલો કરી દેખાડવા માંટે આ એક જાડા પુઠાનું **તંત્ર** એવી ખુબીથી બનાવવામાં આવ્યું છે કે, એમાં પૈસો, રૂપીઓ, ગંજીફાનું પાનું, કાગળ-ચાઠી વિગેરે રાખયાથી તે ગુમ થાય છે ને ફરી આવે છે! દોરો, ગંજીફાનું પાનું, કાગળ, રૂમાલ એન-કટકા **કરી** એમાં રાખયા છતાં, તરત આખા થઇ જાય છે, માટીનો અબીર, ગુલાલ, ચાવલ કરી દેખાડવા ! કાગળપરની સહી લખાણ ચીત્ર તરતજ ગુમ થાય છે ! કોરા કાગળપર સહી, લખાણ કે ચીત્ર આવે છે! એમાં રાખેલું ગંજીફાનું પાનું તરત બદલાય છે ! કાગળ કપડાનો રંગ બદલાઇ જાય છે ! એ અને એવાજ મલી એકંદર ૩૨ રીતના ચમતકાર આ એકજ તંત્રથી થાય છે તેની સાથે માહિતીની જુદી ચોપડી મલે છે, તે વાંચયાથી કોઇપણ માણસ ઘણીજ સેહેલાઇથી તરતજ કરી શકે છે ! માહિતીનાં પુસ્તક સાથે તંત્રની કીંમત રૂ. ૧। તથા વી. પી. ખરચના બે આના વધુ પડશે.

પંજાબી લાગબાજી (હીંદની અદભુત જાદુ વિધ્યા.)

ઉત્તર હીંદુસ્થાનમાં મેલાવડા તથા તાજીયાના દાહાડામાં ચમતકારો કરે છે, તેની જાતનાં એકંદર લાગબાજીનાં ૨૫ ખેલો આ પુસ્તકમાં આવેલા છે. તેમાં કબુતરનાં શરીરમાં છરી આરપાર ભોસી ટાંગી રાખવું ! અધર બાંધેલા કબુતરનાં પગ સાથે પાણીનો ઘડો લટકાવવો ! કબુતરનું માથું કાપી ફરી જીવતું કરવું ! રસીથી બાંધેલા કેલાં સાથે મોટા પથ્થર યા પાણીનો ઘડો લટકાવી રાખવો ! લીંબુ મોતી વીગેરેમાં બે છરી ભોકી તે સાથે મોટો પથર યા પાણીનો ઘડો લટકાવવા ! ગળો, પેટ, કંમર, નાક વીગેરે શરીરનાં ભાગમાંથી છરી આરપાર કાઢવી ! જીભ, ગાલ, આંખ એમાં સોયો સળીયા દોરા આરપાર કાઢી દેખાડવો ! અધર ટાંગેલી ધડચાલની બેઠક પર માણસનું માથું કાપી રાખવું ! કેળના પાનપર માણસને અધર સુવાડી રાખવો ! ડોળો કાઢવો ! જીભ કાપવી ! આંખથી વજન ઉંડાવવું ! આ અને એવાજ બીજા મળી લાગબાજીના ૨૫ ખેલો અને તેનાં લગતાં ઓજારો બનાવવાની રીત સાથે આપેલા છે ખેલનાં ૨૪ ચીત્રો પણ અંદર છે કીં. રૂ. ૧ાૢ વી. પી. બે આના.


આ પુસ્તક લેનારને **ગેબી વિદ્યાનાં ચમતકાર** નામનું એક જુદુ પુસ્તક ભેટ દાખલ મફત આપવામાં આવે છે. તેમાં કોઇ પણ માણસને છોકરી કે છોકરા, ભાઇને બેહેનો કેટલી છે તે કહી આપવું. એકજ વખતે ઘણાકોનાં મનમા શું આવેલું છે તે કેહેવું ! બે મુઠીમાંના રૂપીયા કેહવા ! મંડળીમાંથી કીયા માણસે કીયા હાથમાં કીયા આગળીનાં કીયા વેઢાએ અંગુઠી પેહેરી છે, તે કહી આપવી ! કોઇ પણ માણસે પોતાના મનમાં સોનું, રૂપું, ચંદ્ર, સુર્ય યા કોઇ પણ આંકડો મનમાં ધારયો હોય તે કેહવાનાં એકંદર ૧૮ પ્રયોગ આ પુસ્તકમાં આપેલા છે.

ઉપલી ત્રણે જણસો એક સાથ લેનારને વી. પી. ખરચ સાથે કીં. રૂ-૩ માં મળશે ત્રણે ચીજો નીચલે સરનામે મળે છે.

હરિચંદ્ર ગોવીંદ-બુકસેલર.

ઠ૦—ડંકન રોડપર દુર્ગાદેવીનાં મંદીર પાસેનું ઘર, મુંબઈ-નં. ૪.

"ખરો માલ તે એનું નામ!"



જેઓ અમારાં જરમન સીલવરના વાસણો ખરીદે છે,—તેઓ એક અવાજે કહે છે કે 'ખરો માલ તે એનું નામ!'

અમારૂં જરમન સીલવર હમેશ રૂપાં જેવું સફેદ રહે છે તેની અમો જામીનગીરી આપીયે છીયે.

અમારા વાસણો ઉપર આય મારકો જરૂર તપાસી લેજો.

SPECIALLY MADE FOR N.N. SHROFF & CO.

લગનસરા તેમજ ચાલુ વપરાસને ખરનાં—જરમન સીલવરનાં દરેક જાતનાં વાસણ—દેખાવમાં ફાંકડાં—વજનમાં હલકાં—ટકવામાં પથર જેવાં અને કીમતમાં કીફાયત.

ભેટ આપવા લાયક ચીનાઇ રૂપા કાંમ.

ગામઠી ચાંદીનાં પલેન વાસણો—તેમજ ભેટઆપવા લાયક ચીનાઇ ફુલાવર વાઝ—ગેલાબાસ—પીગાની—માછલી—વગેરે. તરેહવાર ફેનસી રૂપાકામ. ખરો ખાત્રીપુરવક માલ—કીફાયત ભાવ—ઠગાવાની ધાસતી નથી.

નવરોજી શરાફની કંપની, ૩૫૮, ૩૬૦, બજારગેટ સ્ટ્રીટને નાંકે કોટ,-મુંબઈ.

તલીફોન નં. ૨૯૫૫. સ્થાપી ૧૮૮૨.

ધર્મ તરફની આસ્થાનું તોલ

દશ રૂપીએ મણનું હલકું સુખડ ખરીદતા હોવ તેને બદલે ભલે અરધો મણ ખરૂં સુખડ ખરીદો

પણ એવા ખાતરીભરયાં ઠેકાણેથી ખરીદો કે તમારા ખરચેલા પઇસા કારગત લાગે.

બહારકોટના, બત્રીસ વરસનાં જુના અને જાણીતા

માણેકશા હોરમસજી સુખડવાળા

ની ધોબીતળાવ કાવારાણાં મેનસનમાં આવેલી દુકાન, કે જે બેઉ આતશ બેહરામ સાહેબોથી થોડાજ કદમ દુર છે તયાં આવવાની તકલીફ લેશો તો

સોળે સોળ આના ખાતરી ભરેલા ખરાજ માહીસોરનાંજ મલબારીજ સુખડના

માંચી, પેરીયાં તેમજ ખરાંજ માહુવરથી અગરના કટકા તથા આંગલીઆ મેળવશો.

ઝોરાસ્ટ્રીયન કેલેન્ડરમાં આવેલી જુદી જુદી બાબદોનું સાંકલયું.

REMOVE ALL BLOOD IMPURITIES.

BUILD-UP YOUR HEALTH with

WILKINSON'S

ESSENCE OR FLUID EXTRACT OF RED JAMAICA

SARSAPARILLA

"We cannot speak too highly of it."—*Lancet.*

Pronounced by the HIGHEST MEDICAL AUTHORITIES the most

WONDERFUL PURIFIER OF THE HUMAN BLOOD

The SAFEST and most RELIABLE Remedy for

TORPID LIVER, DEBILITY, LASSITUDE, ERUPTIONS, RHEUMATISM, WEAK AND LANGUID FEELINGS, &c.

A WORLD-WIDE REPUTATION for over THREE-QUARTERS of a CENTURY.

BEWARE OF IMITATIONS AND SUBSTITUTES.

N.B. *upon every* GENUINE *bottle*, is the Trade Mark, thus & the signature of *Thomas Wilkinson* (Any imitation is a felony.)

Indispensable to Residents Abroad.

A Celebrated Physician says: —"I always prescribed it with almost universal success in those complaints which are engendered in Tropical Climates, and no one should be without it."

RESTORES THE WEAK, REVIVES THE DEPRESSED

Fortify the System against Disease with **PURE BLOOD.**

WILKINSON'S SARSAPARILLA CLEANSES THE BLOOD OF ALL DANGEROUS HUMOURS.

ગયા વરસનો ઇનતેખાબ,

યાને

યઝદેજરદી સને ૧૨૮૫ ના સાલમાં બનેલા જરથોસ્તીઓને લગતા જાણવાજોગ બનાવો.

સખાવત.

આ વરસે સામાન્ય સખાવતનો આંકડો લગભગ તેર લાખનો, ઉઠમણાની છપાયલી રકમ છ લાખ બાસઠ હજારની, ધરમનાં મકાનોની કીંમત સુમારે ગણતાં લગભગ ત્રણ લાખ રૂપીયા મલી આ વરસની કુલે સખાવત સાડી બાવીસ લાખ રૂપીઆ ઉપરની થવા ગઈ છે.

એ ઉપર જણાવેલી રકમ આ વરસની છપાયલી સખાવતની છે પણ તેમાં એક સખાવત થવામાંથી, તથા ઉઠમણામાં જણાવેલી રકમમાંથી-બીજા ફંડોમાં અપાયલી, ધરમનાં મકાનો-વાલી રકમ જે આગલાં વરશોમાં સખાવતોમાં ગણાઈ ચુકેલી, વીગેરેની રકમ સુમારે સાડા ત્રણ લાખ ઉપરની બાદ થવા જેવી છે, તે બાદ કરીએ તો લગભગ રૂપીયા ઓગનીસ લાખ જેટલો આંકડો આ વરસની સખાવતનો થવા જાય છે.

સખી વજુદ બાઈ હમાબાઇ ફરામજી પીટીટે આ વરસમાં તા૦ ૩૧મી આગસ્ટ સુધીમાં રૂ૧૪૦૩૭૨ ની સખાવત નીચલા ધરમાદા ખાતાઓમાં કીધી છે તેની વીગતઃ-ગરીબ જરથોસ્તીઓનું પોષણ કરવા, સદરો પેહરાવવા, મરણ ખરચ કરવા, વીમાના કોલો ભરવા, દવા દારૂ કરવા સારૂ આપ્યા રૂ૨૩૩૧, ધી બોમ્બે નેટીવ ડીસપેનસરી તથા નસરવાનજી માણેકજી પીટીટ ખેતવાડી ડીસપેનસરી માટે બાઇ આવાંબાઇ ફ. પીટીટના ઇસ્ટેટના ટરસ્ટીઓ બાઈ હમાબાઈ ફરામજી પીટીટ અને ઓ૦ સર દીનશાહ માણેકજી પીટીટ બીજા બારોનેટે આપ્યા રૂ૭૦૧૨૮, પુના ખાતેના પુના પીટીટ હોલમાં દરેમહેરના ખરચના નીભાવ માટે બાઇ આવાંબાઈ ફરામજી પીટીટની ઇસ્ટેટના ત્રસ્ટીઓ બાઇ હમાબાઇ ફરામજી પીટીટ અને ઓનરેબલ સર દીનશાહ માણેકજી પીટીટ બીજા બારોનેટે આપ્યા રૂ૨૩૦૦૦, ગ્રાંટરોડ ઉપરના દવાખાના માટે થયેલા ખરચના આપ્યા તે રૂ૩૯૯૧, ઝોરાસ્ટરીયન એસોસીએસનને ગરીબ જરથોસ્તી છોકરાંઓને દરેક જાતનું શીક્ષણ આપવા સારૂ આપ્યા રૂ૨૪૦૦, ગરીબ જરથોસ્તીઓ વીગેરેને કેળવણી માટે સ્કુલ ફી, ચોપડી, વીગેરે માટે આપ્યા રૂ૪૨૪૩, નવસારી પારસી જનરલ હોસપીટલમાં રૂ૫૦૦, ડા૦ પારેખની હોસપીટલના બીલડીંગના ફંડમાં રૂ૨૦૦૦, ધી નેશનલ કાઉનશીલ યંગમેન્સ ક્રીસ્ચીયન એસોસીયન ઓફ ઇન્ડીયા અને સીલોનને મદદના આપ્યા રૂ૫૦૦, શેઠ બમનજી દીનશાહ પીટીટ પારસી જનરલ હાસપીટલના ફંડમાં રૂ૧૫૦૦, શ્રી ગોવા મેટરનીટી હોમ કાઢવાના ફંડમાં રૂ૩૦૦, બાંકુરા દુકાલ ફંડમાં રૂ૪૦૦, મહાબલેશ્વરની હાસપીટલના ફંડમાં રૂ૩૦૦, આફટર કેર એસોસીયનના ફંડમાં રૂ૩૦૦, અને દીલ્લી લેડી હારડીંગ મેડીકલ કોલેજના ફંડમાં રૂ૭૫૦૦.

મુંબઇના જાણીતા શેહેરી સર કાવશજી જહાંગીર બારોનેટે આ વરસે સર કાવશજી જહાંગીર પબલીક હોલના હકતામાં રૂ૧૦૦૦૦૦ આપવા ઉપરાંત દીલ્લીની લેડી હારડીંગ મેડીકલ કોલેજમાં રૂ૫૦૦૦, હાસપીટલના ફંડમાં રૂ૧૦૦૦, સર ફીરોઝશાહ મે. મેહતાના મેમોરીયલ ફંડમાં રૂ૧૦૦૦, માથેરાનના પારસી આરામગાહ ફંડમાં રૂ૧૦૦૦, મી૦ ગોખલેના મેમોરીયલ ફંડમાં રૂ૫૦૦, શેઠ બમનજી દી. પીટીટના મેમોરીયલ ફંડમાં રૂ૫૦૦, ડેવીડ સાસુન રેફરમેટરીના આફટર કેર ફંડમાં રૂ૧૦૦ અને પરચુરણ રૂ૨૦૦ આપયા હતા.

કરાંચીના જાણીતા શેહેરી શેઠ કાવશજી હો. કાતરકે કરાંચીની લેડી ડફરીન હાસપીટલને લગતાં સુવાવડખાનાને કુલે રૂ૫૦૦૦૦ની મદદ કરી હતી. એનું નવુ મકાન ખોલ્લું મેલવાની ક્રીયા તા૦ ૬ ઠી જાનેવારીને દીને નામદાર ગવરનરનાં બાનુ લેડી વીલીંગડને કરી હતી, ત્યારે નામદાર ગવરનર અને લેડી વીલીંગડનની કરાંચીની મુલાકાતની યાદમાં એ દીને એવણે રૂ૨૪૦૦૦ની રકમ આપી હતી અને તે અગાઉ રૂ૬૦૦૦ આપ્યા હતા અને બીજા વધુ રૂ૨૦૦૦૦ ની રકમ ચાલુ વરસની આખરીએ આપવાની કબુલાત શેઠ કાવશજીએ આપી છે. એવણુની આ સખાવત માટે સુવાવડખાતું ખુલ્લું મેલ્યા પછી નામદાર ગવરનરે પોતા આગળ. શેઠ કાતરકને બોલાવી તેમને સેકહેન્ડ કરી ઉપકાર માન્યો હતો. એ સુવાવડખાનાને એવણુના માતાજી બાઇ વીરબાઇજીનું નામ આપવામાં આવશે. શેઠ કાવશજીએ કરાંચી ખાતે વોર ફંડ માટે થયલા મેલાવડાનાં ફંડમાં રૂ૨૦૦ આપયા હતા.

કલકતાવાળા મરહુમ શેઠ પેસતનજી એદલજી ગજડર પોતાની હયાતીમાં ગણદેવી ખાતે અશો ફરોહરનું કામ કરાવવાનો ખરચ આપતા હતા. તે પછી મરહુમના પુણ માટે એવણુની વરસીને દીને યાને રોજ ૧ લો માહા ૪ થો સને ૧૨૮૫ ને દીવસે એવણુના દીકરા શેઠ એદલજી તથા કુટુંબે ગણદેવીની જરથોસ્તી અંજુમનને રૂ૩૦૦૦૦ ની રકમની સરકારી લોન આપી હતી કે એના વ્યાજમાંથી ગણદેવીની દરેહમહેરમાં અશો ફરોહરનું દર રોજનું ચાલુ ક્રીયા કામ કરાવવું.

કરાંચીની શેઠો નશરવાનજીની કંપનીના માલેક ખા૦ બા૦ નસરવાનજી રૂસતમજી મહેતાએ સુરતના પારસી સુવાવડખાના માટે રૂ૨૫૦૦૦ ની સખાવત કરી છે. ખા૦ બા૦ નસરવાનજીના બાપ બપાવા સુરતના વતની હતા અને એવણુની તથા એમના મરહુમ ધણીઆણી બાઇ ગુલબાઇની ખાહેશ હતી કે સુરતના પારસીઓના લાભ માટેના કામમાં સારી જેવી રકમ આપવી. તેથી ખા૦ બા૦ નશરવાનજીએ સુરતમાં ખોલવામાં આવનારા સુવાવડખાનાની બીલડીંગ માટે રૂપીઆ પચીસ હજાર આપ્યા કે એ સુવાવડખાનાને પોતાનાં મરહુમ ધણીઆણી બાઈ ગુલબાઇનું નામ આપવું. એ ખાતાં માટે સુરતમાં ગોલા વાડમાં ૭ થી ૮ હજાર વાર જગ્યા ખરીદવામાં આવી છે. ખા૦ બા૦ નસરવાનજીએ કરાંચીમાં રૂ૨૫૦૦૦ ને ખરચે બાઈ ગુલબાઇ નશરવાનજી મહેતા ચાલ અગાઉ બંધાવી છે ને તેનાં ભાડાંમાંથી રૂ૫૦ દર મહીને કરાંચીની પારસી વીરબાઇજી સકુલમાં આપવામાં આવે છે. વળી બાઇ ગુલબાઇ એડયુકેશનલ ફંડ પણ ઉભું કરયું છે, તેમાંથી ગરીબ જરથોસ્તીઓના છોકરાંઓને ફી તથા ચોપડીઓ મફત આપવામાં આવે છે.

મુંબઇના જાણીતા શેહરી અને સખી શેઠયા સર શાપુરજી બરજોરજી ભરૂચાએ આપણા દીલસોજ ગવરનર લોરડ વીલીંગડનની સાલગ્રેહ જે ય. સને ૧૨૮૫ ના પારસી નવા વરસને દીને પડી હતી, તે દીવસની ખુશાલીમાં રૂ૫૦૦૦ નામદાર લેડી વીલીંગડન ઉપર મુંબઇ ઇલાકાના બાનુઓ હસતકના લડાઇ ફંડ માટે મોકલી આપયા હતા. એવો શેઠે મુંબઇના શેર બજારના દલાલો સંકટમાં આવી પડે તેના નીવારણ માટે એક ફંડ ૧૯૦૮ ના સાલમાં રૂ૫૦૦૦૦ કહાડી આપી સથાપયું હતું અને એવણ આ વરસે પોતાની છેલ્લી માંદગીમાંથી સાજા થયા તેની ખુશાલીમાં એ ફંડ રૂપ્યા એક લાખ સુધીનું કરવા બીજા વધુ રૂ૧૫૦૦૦ આ વરસે આપયા છે. તેની ખુશાલીમાં એ ફંડ સાથ સર શાપુરજી ભરૂચાનું નામ જોડવા માટે શેર દલાલોનો એક મેળાવડો તા૦ ૩૦ મી મારચે દલાલોના હોલમાં મી૦ પ્રભુદાસ જીવનદાસ કોઠારીના પ્રમુખપણા હેઠળ મલ્યો હતો. એ વખતે પ્રમુખે જણાવયું કે આપણી એસોસીએશનના માનવંતા પ્રમુખ સર શાપુરજી પોતાની છેલ્લી માંદગીમાંથી સાજા થયા તે માટે ખુશાલી જાહેર કરવા ભેગા મળયા છીયે. દરેક વેપારી મંડળમાં એવણ માન મરતબો અને વીશવાસ ધરાવે છે એટલોજ માન અને વીસવાસ સરકારમાં પણ ધરાવે છે. ગંભીર સવાલો હમણા બજારમાં ઉભા થયા, તેનું યોગય નીરણય કરી બજારને માનવંતી રીતે સલામતીથી દોરાવવામાં એવણે જે કુનેહ દેખાડી છે, તે માટે તેમનો ઉપકાર માનયે છીએ. દલાલોના ફંડ સાથ તેમનું નામ જોડવા ઠરાવ થવાથી એ ફંડને " સર શાપુરજી ભરૂચા દલાલોનું મદદ ફંડ " એવું નામ આપવામાં

આવે છે. એ પછી સર શાપુરજીએ પોતાને આપેલાં માન માટે ઉપકાર માનતાં જણાવયું કે આપણી મંડળીએ સરવના લાભ માટે તજવીજ કરવી જોઇયે કારણ કે આપણને જે દોલત મલે છે તે આ મંડળીમાં રહેવાથીજ. આપણા ભાઇબંધો તરફથીજ મદદ મલે એવી મારી ઇચ્છા હતી અને તે પાર પડી છે. આ ફંડને મારૂં નામ આપવા માટે તમારો હું ઉપકાર માનું છું.

અતરેના જાણીતા સખી શેહરી શેઠ જહાંગીર બમનજી પીટીટે આ વરસમાં કરેલી રૂ૧૬૦૨૧ની સખાવતની વીગતઃ-લડાઇને લીધે ગરીબાઇમાં આવી પડેલાંઓને મદદ કરવા માટે રૂ૨૦૦૦, ધી ઇન્ડીઅન ઇકોનોમીક સોસાયટીનાં ફંડમાં રૂ૬૦૦, ધી બોમ્બે વોરડસ કોનગરેસ કમીટીઓ મારફતે પ્રજા મત ખીલવવાનાં ફંડમાં રૂ૨૦૦, બાંકુરા, રજપુતાના, કાઠીઆવાડ વીગેરેના દુકાળ નીવારણ ફંડમાં રૂ૨૦૦, અગતયની રાજદવારી બાબદોનો સંગ્રહ છાપવા માટે સરવંટસ ઓફ ઇન્ડીઆ સોસાયટી મારફતે કાઢવામાં આવેલા ફંડમાં રૂ૨૦૦, મરહુમ દસ્તુર કેખશરૂ દસ્તુર જામાસ્પજીના ફંડમાં રૂ૨૦૦, લડાઇના સંબંધના નાના મોટા ફંડોમાં રૂ૨૦૦, મરહુમ મી૦ ગોખલેની યાદગીરીનાં વેલ્લાતમાં ખોલવામાં આવેલા ફંડમાં રૂ૧૫૦, મુંબઇની જરથોસ્તી જસન કમીટીનાં ફંડમાં રૂ૧૦૧, લડાઇને સબબે બેલજીઅમનાં લોકો આફતમાં આવી પડયાં તેઓને મદદ કરવાનાં ફંડમાં રૂ૧૦૦, માથેરાનમાં જરથોસ્તીઓને ભુમીદા કરવાની જગાની મરામતનાં ફંડમાં રૂ૧૦૦, ધી બમનજી દીનશાહ પીટીટ પારસી જનરલ હાસપીટલનાં ફંડમાં રૂ૭૦, કરનાટીક કોલેજનાં ફંડમાં રૂ૫૦, સકકર શહેરનાં આતસદાદગાહનાં ફંડમાં રૂ૫૦, લડાઈમાં ઘાયલ થયેલા લશકરી સીપાઇઓને લાકડાના હાથ, પગ, મુકી આપવાનાં ફંડમાં રૂ૫૦, બંદીવાનોને કેદખાનામાંથી છુટયા પછી મદદ કરવાના ફંડમાં (The after Care fund) રૂ૫૦, ધી બોમ્બે પ્રેસીડનસી એસોસીએસન તરફથી ખોલવામાં આવેલા સર ફીરોઝશાહ મહેતાની યાદગીરીનાં ફંડમાં રૂ૫૦, કેળવણી, ગરીબાઇ, લગણ, નવજોત વગેરે માટે મદદ તરીકે આપેલા રૂ૮૩૫૦ અને પરચુટન ફંડોમાં રૂ૩૩૦૦.

મુંબઇ તથા એડનના શાહ સોદાગર અને જાણીતા સખી વજુદ શેઠયા શેઠ હોરમજી કાવશજી દીનશાહ એડનવાળાએ મુંબઈની જરથોસ્તી જશન કમીટીના ફંડમાં રૂ૧૦૦૦, અને લાનોલી તથા ખંડાલાનાં જરથોસ્તી રવાનોને અવલમંજલ પહોંચાડવાનાં નસેસાલાર ફંડમાં રૂ૨૦૦૦ નાં ઝોરાસ્ત્રીઅન બીલડીંગ સોસાયટીનાં શેરો એવણનાં મરહુમ ધણીયાણી બાઇ માણેકબાઇનાં પુણ અરથે આપયા હતા. એવો શેઠે રૂ૨૦૦૦ ની રકમ જરથોસ્તી કોમના લાભ સાચવનારી મંડળીને આપી હતી કે એમાંથી ગરીબ પારસી બાઇઓને ચોકસ સરતે શીવાવાના સાંચા અપાવવા. તેમજ જરથોસ્તી ધરમ સંબંધી કેળવણી આપનારી અને જ્ઞાન ફેલાવનારી મંડળીને એવણના ધણીઆણી માણેકબાઇની યાદમાં પુરાતન ઇરાનનો ઇતીહાસ નામની ચોપડીની છપાઇના ખરચ માટે રૂ૨૦૦૦ આપયા હતા. એ ઉપરાંત એવણના મરહુમ ધણીયાણી બાઇ માણેકબાઇએ પોતાની હઇયાતીમાં દેવલાલીની બહાદુરજી સેનીટરીયમ માટે ઓટોસીરમના ઓજારો ખરીડવા રૂ૧૦૦૦ આપયા હતા.

ભરૂચની પારસી પંચાયતના એક ત્રસ્ટી લેફટેનન્ટ કરનલ ખરશેદજી અરદેશરજી દલાલ તરફથી રૂ૨૦૦૦૦ની સખાવત એવણના બેશી ખા૦ બા૦ આદરજી તથા શેઠ રતનજી મ. દલાલને ત્યાં થયલી શાહાદીને પ્રસંગે જાહેર કરવામાં હતી. એ રકમ શેઠ ખરશેદજીએ પોતાના મરહુમ બેટી સુનામાયે તે ડા૦ ધનજીશાહ હોરમસજી દાંતરાના ધણીયાણીની યાદમાં આપી હતી કે ભરૂચમાં સ્થાપવામાં આવનારા સુવાવડખાના માટે બાંધવામાં આવનારા મકાનને બાઇ સુનામાયનું નામ આપવું. એઓ સાહેબે આગળ મરહુમ બાઈ સુનમાયની નઇયતે સુવાવડખાનાના ફંડમાં રૂ૫૦૦૦ આપયા હતા.

ભરૂચના જાણીતા વેપારીઓ તથા પારસી પંચાયતના ટરસ્ટીઓ ખા૦ બા૦ આદરજી મનચેરજી દલાલ તથા શેઠ રતનજી મનચેરજી દલાલને ત્યાં તેમના છોકરાંઓની શુભ શેહાદી તથા નવજોત તા૦ ૨૮ મા દીસેમબરે થઈ તેની ખુશાલીમાં એ શેઠોએ રૂ૧૦૬૨૩ ની રકમ નીચલા ધરમ ખાતાઓમાં આપી :-ભરૂચની પારસી પંચાયતને રૂ૫૦૦૦ ની સાડા ત્રણ

ટકાની લોનો આપી હતી કે એ રકમ કયા ધરમ ખાતામાં આપવી અને તેનો શું ઉપયોગ કરવો તે હવે પછી જણાવવામાં આવશે. એ ઉપરાંત સુરતની બાઈ નાનીબા ગજ્જરના વનીતા વીશ્રામ (વીધવા આશ્રમ ગ્રહના) ફંડમાં રૂ૫૦૧, ભરૂચના. હીંદુ ઓરફનેજના ગરીબ હીંદુ બાળકોને કેળવણી આપવાના ફંડમાં રૂ૨૦૦ ની લોન, ભરૂચના પાંજરાપોરના ફંડમા મુગા જનાવરોને ઘાસ ચારો તથા ખોળ ખવાડવા માટે રૂ૧૦૧, ભરૂચના આઇરીશ ઝનાના મીશન હાસપીટલમા એક બબરચીખાતું, હીંદુઓ, મુસલમાનો અને પારસીઓને માટે બાંધવા રૂ૫૦૦ અને હાસપીટલમાં બીજી સામગ્રીઓ ખરીદવા સારૂં રૂ૫૦ મલી રૂ૫૫૦, ભરૂચની ડીસટરીક એસોસીએશનને રૂ૧૦૦ ની લોન, ભરૂચ ઇનડસ્ત્રીયલ એગ્રીકલચરલ એસોસીએશનને રૂ૧૦૦ ની લોન, ભરૂચ સેનેટરી એસોસીએશન ફંડમાં હેલ્થ મ્યુઝયમ બનાવવા સારૂ રૂ૨૦૦, ભરૂચની ધી રાયચંદ દીપચંદ લાયબરેરી અને સર શાપુરજી ભરૂચા હોલમાં ફરનીચર, લેમપો વગેરે જોઇતી ચીજો લેવા રૂ૧૫૦, મુંબઇ ઇલાકાના બાનુઓના વોર રીલીફ ફંડમાં રૂ૫૦૦, સીમલા નજદીકના ધરમપોર ખાતેના ખહીના દરદીઓને લગતી સેનેટરીયમમાં એક બલોક બાધવા માટે રૂ૧૦૦૦, જંબુસરની પાંજરાપોરને રૂ૨૧ તથા સુરતના પારસી ઓરફનેજમાં ફંડમાં રૂ૫૦૦, ધી આવાંબાઇ પીટીટ ગરલસ ઓરપનેજમાં રૂ૫૦૦, ધી જે. એન. પીટીટ પારસી છોકરાઓ માટેના ઓરફનેજમાં રૂ૫૦૦ મલી રૂ૧૫૦૦ ની રકમ ભરૂચની પારસી પંચાયતના ત્રસટી સાહેબોને સ્વાધીન કીધી કે એનું વ્યાજ ખરચ જતાં ઉપલાં ત્રણે ખાતાઓમાં સરખે હીસ્સે મોકલી આપવું.

નવસારીના વતની તથા મુંબઇના જાણીતા ઝવેરી શેઠ નાનાભાઇ બેજનજી ચોકસી નવસારીના પાક આતશબહેરામને અરપન થતી સુખડની માચીઓ શિવાય બીજી કોઇબી ગેહમાં બાવલની કાઠીની માચી ચહડતી હતી, તેથી તેને બદલે સુખડની માચી પોતાને ખરચે કેટલાંક વરસથી ચહડાવતા આવયા હતા પણ તેવી સુખડની માચી સદાકાળ, તેમની હયાતી પછી પણ ચહડતી રહે તે માટે એવણે રૂ૨૬૦૦૦ નું ત્રસ્ટ કીધુ છે, તેમાં રૂ૨૫૦૦૦ નાં પોરટ ત્રસ્ટ બોંડ ચાર ટકાનાં આપી તેનાં વયાજમાંથી સુખડની માચી ચહડાવવા ઠરાવ્યું છે અને બાકીના રૂ૧૦૦૦ અનામત મુકી એવી સરત કીધી છે કે રૂ૨૫૦૦૦ ના વયાજમાં જો રૂપીઆ ઘટે તો એ અનામતમાંથી તે ઘટ પુરવી, પણ મુદલ રૂ૨૫૦૦૦ માંથી ખરચ કરવો નહી. વળી એવણ બની શકશે તો દર વરસ રૂ૧૦૦૦ ઉપલી રકમમાં આપવાનો એરાંડો રાખે છે. સદરહુ ત્રસ્ટના ત્રસ્ટીઓ તરીકે (૧) નવસારીની દસ્તુરની ગાદીનો જે વડો દસ્તુર હોય તે, (૨) નવસારીના દેસાઇજીની ગાદીના જે વડા દેશાઈ હોય તે, (૩) આ ત્રસ્ટ કરનાર શેઠ નાનાભાઇ પોતે, અને તેવણુની હયાતી બાદ તેવણના બેટા, અને તે પછી ઉતરતી ઓલાદના નબીરાઓ, (૪) શેઠ મેરવાનજી આદરજી દેશાઇ વકીલ, અને (૫) એરવદ રૂસતમજી એરચજી પાવરીને નેમવામાં આવયા છે. એ યોજનાની રૂહે આ વરસે રોજ ૨ જો માહા ૫ માને દીને યાને એવણના જનમ દીવસે જાહેર જશન કરવામાં આવયું હતું તે પછી એ પાક આતશબેહરામ સાહેબના બારણા ઉપર એક ચાંદીની તકતી આતશના પાતરાં સાથની ઈજાવી મુકવામાં આવી હતી.

શેઠ ફીરોઝ બેરામજી મલબારીએ પોતાના મરહુમ પીતા બેરામજની યાદગારી માટે દીલહીની લેડી હારડીંગ મેડીકલ કોલેજમાં એક સકોલરશીપ સથાપવાને રૂ૫૦૦૦ આપ્યા હતા. એ ઉપરાંત મરહુમ શેઠ બેરામજી મલબારી જેવણ સેવાસદન સોસાયટીના સ્થાપક હતા તેવણની યાદગારી રાખવા માટે મરહુમના કુટુંબીઓએ રૂ૧૦૦૦૦ ની રકમ સેવાસદનને એક કુશાદે હોલ બાંધવા માટે આપી છે.

કારવારના જાણીતા આબકારી કંટરાકટર શેઠ દાદાભાઇ રતનજી બલસાડાએ વલસાડની સર જમશેદજી જીજીભાઈની ગુજરાતી છોકરાંઓની સ્કુલનું મકાન લગભગ રૂ૨૦૦૦૦ ને ખરચે બંધાવી આપવાની પોતાની ખાહેસ જાહેર કીધી છે તેથી ટુંક વખતમાં એ મકાન બાંધવાનું શરૂ થનાર છે.

નારગોલની દરેહમેહરનું મકાન બીસમાર હાલતમાં આવવાથી નારગોલના જાણીતા શેહેરી મરહુમ શેઠ મેરવાનજી રૂસ્તમજીની નૈયતે નવું મકાન મરહુમના કુટુંબ તરફથી રૂ૧૨૦૦૦ ના ખરચે બંધાવી આપવાનું જાહેર કરવામાં આવયું હતું.

વલસાડના જાણીતા શેહેરી ખાનસાહેબ કાવશજી ધનજીભાઇ ધનભુરાએ રૂ૮૦૦૦ ની સખાવત સને ૧૯૧૧ માં વલસાડ ખાતે એક સુવાવડખાતું સ્થાપવા માટે કરી હતી તેમાં આ વરસે ખાનસાહેબ કાવશજીએ રૂ૩૫૦૦ ની કીમતના શહેર સુધારા ત્રસ્ટના બોંડો આપયા હતા. એ બોંડો અને ફંડના ત્રસ્ટીઓએ નહી ખરચાએલી બ્યાજની રકમ રૂ૧૦૦૦ જાહેર ધરમાદા ફંડોના ખજાનચીના નામે ચઢાવવા તેમજ તે સુવાવડખાનાની વયવસ્થા વલસાડ મ્યુનીસીપાલીટીને સોંપી દેવા માટે નામદાર સરકારને અરજ કરવાથી વલસાડ મ્યુનીસીપાલીટીને સોંપી રૂ૩૫૦૦ તેમજ રૂ૧૦૦૦ ની રકમ જાહેર તીજોરીખાતાને નામે ચઢાવવામાં આવી છે. ખાનસાહેબની આ વધુ મદદથી આ સુવાવડખાનાનું ફંડ કુલ્લે રૂ૧૩૫૦૦ જેટલું થયું છે. એનું નામ “ વલસાડ મેટરનીટી ઇનસટીટયુટ ” રાખ્યું છે. એ ઉપરાંત ખાનસાહેબ કાવશજીએ રૂ૩૦૦૦ ના પોરટ ટરસ્ટ બોંડો સુરતની આરફનેજમાં આપ્યા હતા કે રૂ૨૦૦૦ ના બ્યાજમાંથી શેઠ કાવશજીની તથા એવણના ધણીયાણી બાઈ રતનબાઇની વરસગાંઠને દીવસે એઓની હયાતી સુધી જશન કરાવી છોકરાઓને જમાડવા અને બંનેની હયાતી બાદ વરસીને દીવસે જશન કરાવી જમાડવા તેમજ રૂ૧૦૦૦ ના બ્યાજમાંથી મરહુમ બાઇ કોલીબાઇની બાજ દર વરસે બીજા ગાથાને દીવસે કરાવવી.

શેઠ પાલનજી ધનજીભાઇએ ચોરયાસી તાલુકા લોકલ બોરડને કતારગામથી સીગનપોર સુધીની સડક બનાવવા માટે જે જમીન લેનડ એકવીઝીશન એકટની રૂએ લેવી પડે તે લેવા માટે રૂ૧૧૦૦ આપવાની, અને તે રસતો બનાવવામાં જે ખરચ આસરે રૂ૫૦૦૦ નો થાય તે આપવાની કરેલી માંગણી મજકુર લોકલ બોરડે ઉપકાર સાથે કબુલ રાખી છે. શેઠ પાલનજીએ રસતાને પોતાના પુત્ર શેઠ રૂસતમજીનાં ધણીયાણી અને શેઠ ડોસાભાઇ માણેકશાહનાં છોકરી બાનુબાઈનું નામ જોડી “ બાનુબાઇ રોડ ” નાં નામે ઓળખાવવાની કરેલી શરત પણ બોરડે સવીકારી છે.

નારગોલવાળા શેઠ જીવનજી જમશેદજી પટેલ ગયા તીર મહીનામાં દીન રોજે ગુજરયા હતા તેવણે પોતાની હયાતીમાં નારગોલ ખાતે નવી બંધાતી નશરવાનજી રતનજી તાતા હાસપીટલમાં ખાસ સુવાવડના કામમાં પાસ થયલી મીડવાઇફ રાખવા સારૂં રૂ૫૦૦૦ ની રકમ આપી હતી અને નારગોલની શેઠ એન. એમ. વાહડયા સકુલના ઉપયોગ સારૂં પડોશમાંની પોતાની જમીન ભેટ આપી હતી.

મુંબઇના જાણીતા સખી શેહેરી સર રતન જમશેદજી તાતાએ પુનાની ધી ભંડારકર ઓરીએનટલ રીસરચ ઇનસટીટયુટને રૂ૫૦૦૦ અને પુનાની નવી સ્થાપાયલી ધી યંગમેનસ ઝોરાસ્ટરીયન એસોસીએશનને રૂ૨૦૦ આપયા હતા. એ ઉપરાંત એવો શેઠે ઉતાકામંદ ખાતેની પોતાની “ હેરો ઓન ધી હીલ ” નામની એક મીલકત અને તે સાથે નાણાંની એક રકમ જાહેર પ્રજાના લાભ માટે આપી દેવાની માંગણી કરી હતી તે વીશે તયાંની મયુનીસીપાલ કાઉનશીલે તા૦ ૧૭ મી આગસ્ટે વીચાર ચલાવી ટાઉન હોલ માટે તેમજ નરસો માટેના એક સેનેટરીયમ તરીકે વાપરવાની સુચનાઓ સાથની યાદી સર રતન તાતા ઉપર મોકલાવી હતી. તે બક્ષેસનો લાભ ફકત ઉતાકામંદનેજ આપવામાં આવનાર નથી પણ તેનો લાભ આખા હીંદુસ્તાનને આપવાનો ઇરાદો રાખવામાં આવયો છે. સર રતન તાતાએ આ બક્ષેસ બાબેની જાહેરાત મુંબઇ, કલકતા અને મદરાસના રોજીંદા પેપરોમાં આપી છે એવી નેમથી કે તેનો લાભ આપવા માટેની સરવેથી સારી સુચનાઓ મેળવી શકાય. એ બાબે જે મત મળે તેની ઉપર વીચાર ચલાવવાને એક કમીટી નેમવામાં આવી છે અને તે કમીટી છેવટની યોજના ઘડી કહાડનાર છે.

બાઈ દોશીબાઈ આદરજી કોટવાલે રૂ૨૦૦૦ ની રકમ નવસારીની મ્યુનીસીપાલીટીને સોંપી શરતે આપી છે કે જેમાંથી ત્યાંના લુનશીકુઇના મેલનમાં આવેલા “સીરવાઈ પારક”માં બાગ તથા

ફેરા કરવા અને એ બાગનું નામ "સીરવાઈ પારક" હમેશાં કાયમ રાખવું. એ ઉપરાંત વડોદરા કેંપની મરહુમ શેઠ બેરામજી નશરવાનજી સીરવાઇની ધરમશાળા બીસમાર હાલતમાં આવી પડવાથી મરહુમ શેઠ બેરામજીએ પોતાની હઈયાતીમાં રૂ૨૦૦૦ આપવા કબુલેલા એમાં બીજા વધુ રૂ૫૦૦ બાઈ ડોશીબાઇ કોટવાલે ઉમેરયા હતા. એ રૂ૨૫૦૦ માંથી એ ધરમશાળાની નીચે તેમજ માળ ઉપર પથરની ફરસબંદી કરવામાં આવી છે, અને એ ધરમશાળા નવેસર બંધાઇ તઈયાર થવાથી જાહેર વપડાસ માટે રોજ ૧૭ મો માહા ૧ લાને દીવસથી ખુલ્લી મુકવામાં આવી હતી.

કરાંચીના રહીશ શેઠ દાદાભાઇ દીનશાહ ખંબાતાએ પોતાના બેટા શેઠ બેહેરામ બેહેસતનશીન થયા ત્યારે રૂ૪૦૦૦ સખાવતમાં આપવા જાહેર કરયા હતા. આ વરસે શેઠ દાદાભાઇએ રૂ૪૫૦૦ ના પોરટ ટ્રસટ બોંડ સરકારને આપ્યા છે કે એનું વયાજ કરાંચીની સીંધ કોલેજમાં શીખતા એક પારસી છોકરાને દર ૭ મહીને આપવું. કોલેજના પ્રીનસીપલે પારસી છોકરાઓના નામ શેઠ દાદાભાઈ અથવા તેમના વારસોને જણાવવા અને તેમાંથી શેઠ દાદાભાઈ અથવા તેમના વારસો એક છોકરાને ચુંટી કહાડી તેની ભલામણ કરશે અને તેને એ વયાજની રકમ આપવામાં આવશે.

અમદાવાદના આબકારી કંત્રાકટર શેઠ એદલજી રૂસતમજી ફ્નીબંદાએ પોતાના બનેવી મરહુમ શેઠ કાવશજી શાપુરજી દેબુના પુણ માટે રૂ૩૦૦૦ ના ખરચે નવસારી ખાતેની નામદાર સર જમશેદજી જીજીભાઈ બારોનેટવાળા આદરીયાનમાં મીઠા પાણીનો એક કુવો બંધાવી આપયો છે. એ કુવો ઈજવાની ક્રીયા રોજ ૮ મો માહા ૮ માને દીવસે કરી જાહેર વપડાસ માટે ખુલ્લો મેલવામાં આવયો છે. એ કુવો બંધાવી આપવા માટે શેઠ એદલજીનો તેમજ બાંધવાના કામમાં મદદ કરવા માટે એ દરેહમેહરના મેનેજર શેઠ દોરાબજી ફરામજી તંબોલીનો ઉપકાર માની એ બંને શેઠોને એકેક સીયાલ એનાયત કરવામાં આવી હતી. એ ઉપરાંત એવણે જરમન સીલવરનું આતશનું મોટું પાતરૂં પરથાવી નવસારીની વડી દરેહમહેરમાં ભેટ આપયું હતું જે પાછળ લગભગ રૂ૧૦૦૦ નો ખરચ થવા ગયો છે તેમજ એવણે નવસારીની ચીમનાબાઇ સેનીટરી એન્ડ નરસીંગ એસોસીએશનનાં ફંડમાં રૂ૧૦૦ આપયા હતા.

બાઇ રતનબાઇ એદલજી બામજીએ નવસારીની સયાજી વઇભવ લાયબ્રેરીની ઈમારતમાં વધારો કરવા તથા લાયબ્રેરીની આગળની બાજુએ એક કાયમની બતી રાખવા સારૂ રૂ૨૦૦૦ એ લાયબ્રેરીને આપયા હતા.

ભરૂચના રહીશ બાઇ જાઇજી તે મરહુમ શેઠ પેસતનશા ફરદુનજી જીનવાલાનાં વીધવાએ પોતાના દીકરા પીરોજશાની નવજોતની ખુશાલીમાં ભરૂચની પારસી પંચાયતને રૂ૨૦૦૦ ની લોનો આપી હતી કે અંજુમનનાં દફતરમાં મરહુમ શેઠ પેસતનશા ફ. જીનવાલાના નામનું ખાતું પાડી તેનું વ્યાજ ભરૂચની હમાવાળાની દરેહમેહરમાં બોય દેવા માટેનું સુખડ ખરીદવા માટે આપવું.

બાઇ હીરાબાઇ જમશેદજી પીટીટ તે મરહુમ સર દીનશાજી માણેકજી પીટીટ પેહેલા બારોનેટના દીકરીએ ચાલુ અશો ફરોહરના દીવસો ઉપર પોતાના અશો વાહલાં રવાનોની નઇયતે રૂ૧૦૦૦ નીચલી વીગતે ધરમ ખાતે આપયા હતા:–ધી બેરામજી જીજીભાઇ પારસી બેનીવોલંટ ઇનસટીટયુટનાં ગરીબ જરથોસતી વીધ્યારથીઓને મુફત જમાડવાના ભોજન ફંડમાં પોતાના મરહુમ બેન ગુલબાઇના પુણ સારૂ રૂ૫૦૦ નું બોંડ વયાજ વાપરવા, લડાઇમાં રોકાયલા સોલજરોને માટે કપડાંઓ ગરીબ જરથોસતી બાઇઓ પાસે સીવરાવવા મદદ કરવાના ફંડમાં રૂ૧૦૦, સર જમશેદજી જીજીભાઇની સકુલનાં ગરીબ જરથોસતી છોકરાઓને મુફત જમાડવાના "ભોજન ફંડમાં" રૂ૧૦૦, ઝોરાસટરીયન બીલડીંગ સોસાયટીના નીભાવ ફંડના ચાલુ ખરચમાં રૂ૧૦૦, ધી નશરવાનજી માણેકજી પીટીટ ચેરીટી ફંડ હસતકના ગરીબ જરથોસતી દીવાનાઓને મદદ કરવાના ફંડના ચાલુ ખરચમાં વાપરવા રૂ૧૦૦, અને ડાૅ હારમજી માણેકજી માસીનાની હાસપીટલના નીભાવ ફંડમાં રૂ૧૦૦.

સુરતના મુગલીસરામાં ખા૦ બા૦ ડોશાભાઇના મકાનની પાસેની ખુલ્લી જમીન પલેગ્રાઉંડ માટે ત્યાંની મયુનીસીપાલીટી વાપરવા સારૂ ખરીદ કરે તો એક પારસી ગ્રહસ્થે રૂ૧૦૦૦ ની રકમ આપવાની કરેલી માંગણી ત્યાની મ્યુનીસીપાલીટીની જનરલ સભામાં રજુ થતા નામદાર સરકારે પલેગ્રાઉંડ માટે રૂ૫૦૦૦ની રકમ આપવા ઠરાવવાથી ઉપલી જમીન ખરીદ કરવાનો ઠરાવ થયો હતો.

શેઠ મેરવાનજી નવરોજી ગોભાઇએ સુરતના જરથોસતીઓના આરામગાહમાં સુધારો વધારો કરવા રૂ૧૦૦૦ ની રકમ આપી હતી.

લાહોરના બારીસ્ટર શેઠ પેશતનજી દાદાભાઈ શેકારી વરસ બે ઉપર ભોપાલ ખાતે રેલવેની મુસાફરી કરતાં અકસમાતથી ગુજર પામ્યા હતા. મરહુમની નઇયતે એમના પુનય માટે એવણના ધણીયાણી તથા ખેસીઓએ રૂ૧૦૦૦ ની કીમતની એક એલ્યુમીનયમની ગાડી શેઠ પેસતનજી પ્રેસને તયાં મુંબઇ મધે બનેલી ત્યાંની અનજુમનનાં વપરાશ માટે આરામગાહના ત્રસ્ટીઓને મરહુમની બીજા વરસની બાજ રોજ ૧૦ મો માહા ૧૨ માને દીને ૫ડી તે દીવસે સાંજે જશન કરી ભેટ આપી હતી. જે વખતે અગયારી મધે એક મેળાવડા શનમુખ બાઇ ડોશીબાઇ પેસતનજી દાદાભાઇ શેકારી તથા તેમના ખેશીઓએ હાજર થઈ ગાડી અંજુમનના વપરાશ માટે આપી તે માટે ભુમીદાહ ફંડનાં ત્રસટીઓ માંહેલા એક ત્રસટી તથા સેકરેટરીએ બાઇ ડોશીબાઇનો ઉપકાર માની મરહુમ શેઠ પેસતનજીની ટુંક કારકીરદી કહી સમજાવી હતી.

હોંગકોંગવાળા મરહુમ શેઠ હોરમસજી નશરવાનજી કુપરનાં ધરમખાતાંના ત્રસ્ટીઓ લેફ્ટનંટ કરનલ મેરવાનજી પે. ખરેઘાટ, શેઠ બરજોરજી કા. કુપર તથા શેઠ મેરવાનજી કા. કુપર તરફથી મરહુમ કુપરના ધરમખાતાંમાંથી સર જમશેદજી જીજીભાઇની સ્કુલના બાળકોને ભોજન જમાડવાના ફંડમાં વયાજ વાપરવા રૂ૫૦૦ અને શેઠ નશરવાનજી માણેકજી પીટીટવાળા ગરીબ દીવાનાઓને મદદ કરવાના ફંડમાં રૂ૩૦૦ મલી રૂ૮૦૦ આપવામાં આવયા હતા.

શેઠ દાદાભાઈ બેરામજી શરાફ તથા ધણીઆણી બાઇ નવાજબાઈ તે મરહુમ શેઠ જમશેદજી ફરામજી કથોકની દીકરીએ પોતાના એકપુરા દીકરા મરહુમ શેઠ પીરોશાના પુણને માટે મરહુમના દીકરા ફરેદુનની નવજોત રોજ ૨૧મો માહા ૬ઠાને દીને થઇ તે વખતે રૂ૫૦૦ ના લોન નવસારીની દાબુ પારસી જેનરલ હાસપીટલના એનડાઉમેંટ ફંડમાં આપી કે એનું વયાજ ચાલુ ખરચમાં વાપરવું તથા રૂ૨૫ નવસારીની બજમે જશને રોજે બેહરામમાં મરહુમ પીરોશાનું નામ કીયાકામમાં લેવા આપ્યા હતા.

શેઠ ફરામરોઝ સી. બાટલીવાળાને દેવલાલી લોજ નંબર ૩૭૧૦ ઈ. સી. ના માસ્તર તરીકે તા૦ ૧૮ મી મારચે ઇનસટોલ કીધા તે વખતે શેઠ ફરામરોઝે લોજને એક બેનર ભેટ આપી પોતાના મરહુમ બાવાને નામે લોજના ચેરીટી ફંડમાં રૂ૫૦૦ વયાજ વાપરવા આપયા હતા.

શેઠ કાવસજી હોરમસજી ડાકટરે બીલીમોરાની જરથોસતી અંજુમનને રૂ૫૦૦ નો પોરટ ત્રસ્ટ બોંડ આપયો હતો કે એવણના મરહુમ બાવા શેઠ હોરમજી મોટાભાઈ બીલીમોરીઆ તથા દલાલને નામે થતાં ગંહમબારમાં આગલ આપેલા રૂપીઆ પુરતા નહી હોવાથી એ રૂ૫૦૦ નાં અને આગલ આપેલા રૂપીઆનાં વયાજમાંથી દર વરસે ગંહમબાર એક કરવો.

શેઠ ખરશેદજી ફરામજી દારૂવાલાએ પોતાના મરહુમ માતાજી બાઇ નવાજબાઇ અને બાવાજી શેઠ ફરામજીની નઇયતે ભરૂચ ખાતે સ્થાપવામાં આવનારા પારસી સુવાવડખાનામાં રૂ૫૦૦ આપયા હતા.

મરહુમ શેઠ ફરરજી એદલજી ગજડરનાં પુણ માટે મરહુમના દીકરા તથા ભત્રીજાએ ભરૂચ ખાતે સ્થાપવામાં આવનારા પારસી સુવાવડખાનામાં રૂ૫૦૦ આપયા હતા.

શેઠ બાપુજી હોરમજી સકલાતવાળા અને બાઇ વીરબાઇજી બા. સકલાતવાલાએ નવસારીના ચીમનાબાઇ સેનીટરી એન્ડ નરસીંગ એશોસીએશનનાં ફંડમાં રૂ૫૦૦ આપયા હતા.

શેઠ પેસતનજી ડોસાભાઇ મારકરે વેસુ ગામની પેસતનજી ડોસાભાઈ મારકર સ્કુલમાં જરથોસ્તી ધરમની કેળવણી આપનાર મોબેદ શીક્ષકના પગાર માટે સુરતની પારસી પંચાયતને રૂ૫૦૦ આપયા હતા.

એક ઇરાની જરથોસતી બાઇએ પોતાના નબીરા માદગીમાંથી સારા થયા તેની ખુશાલીમાં ભાયખલા ખાતેની મરહુમ શેઠ મેવાવાલાની દરેહમેહરમાં આશરે રૂ૩૨૫ ની કીમતની રૂપાની તોરણ ભેટ આપી હતી.

સુરતના સીટી મેજીસ્ટ્રેટ શેઠ એ. એફ. દલાલે પોતાના મરનાર ભાઇ શેઠ બહેરામજીની યાદમાં રૂ૨૫૦ ની કીમતનું ચાંદીનું શીલ્ડ સુરતની અંગ્રેજી હાઈસકુલો વચ્ચે ક્રીકેટની હરીફાઈ કરાવવાની શરતે સુરતની કોરોનેશન ફેસટીવલ કમીટીને ભેટ આપયું હતું.

લાનોલી ખાતેની લોજ બારટનના નવા માસતર તરીકે બીરાદર અરદેશર બમનજી શરાફને તા૦ ૧૨ મી ફેબરવારીએ બેસાડવામાં આવયા હતા એ દીને શેઠ અરદેશરે રૂ૨૦૦ લોડજના બીલડીંગ ફંડમાં આપયા હતા.

શેઠ દારા એમ. વાછાએ નામદાર સર જમશેદજી જીજીભાઇ અંગ્રેજી સ્કુલના ફંડમાં સુરતની પારસી પંચાયતને રૂ૧૫૧ આપયા હતા.

મેસોપોટેમીયા ખાતે લડાઇપર ગયલા કેટલાક જરથોસતી ભાઇઓએ જમશેદી નવરોજને દીવસે એકઠા મલી ખાણીપીણી કીધી હતી અને પોતપોતામાં રૂ૧૧૦ એકઠા કરી મુંબઇ ખાતેના ૭ જુદા જુદા ફંડોમાં મોકલાવી આપયા હતા.

અહમદનગરની દરેહમેહરનાં પંથકી એરવદ ફરામજી બેરામજી નવદરે પોતાના બેટા દીનશાહની શેહાડીની ખુશાલીમાં જુદા જુદા ૫ ફંડોમાં રૂ૧૦૧ ની રકમ આપી હતી.

શેઠ જમશેદજી રૂસતમજી મેંગુસી કોલંબેવાલાએ બીલીમોરા ખાતેના આદરીઆનના ફંડમાં રૂ૧૦૦ આપયા હતા.

ડા૦ અરદેશર જમશેદજી કેળાવાળાએ પોતાના દીકરા જહાંગીરની શેહાદીની ખુશાલીમાં રૂ૧૦૦ ની લોન ભરૂચની પારસી પંચાયત હસ્તકના એવણના માતાજી ડોશીબાઈ તથા બાબાજી જમશેદજીના પુણ્ માટે અગાઉ પડાવેલાં ખાતામાં આપી હતી.

ડા૦ સોરાબ ખ. નરીમાન એમ. ડી. એ પોતાના છોકરાંઓની નવજોતની ખુશાલીમાં રૂ૫૧ ની રકમ શેઠ રતનજી લી. માસતર હસતક ચાલતી બજારગેટની બોયઝ સ્કુલ તથા ફોરટ ઝોરાસટ્રીયન ગરલસ સ્કુલમાં શીખતાં ગરીબ વીદયારથીઓને મુફ્ત કેળવણી આપવામાં વાપરવા માટે મોકલાવી હતી.

શેઠ શાપુરજી રૂ. પારખે મઉ ખાતે દખમાનો રસતો મરામત વગર ઘણો કઢંગો થઇ ગયો હતો અને રૂવાનની ગાડી ચલાવવાની તકલીફ પડતી હતી તેથી પોતાને ખરચે મરામત કરાવી આપી હતી.

શેઠ હોરમજી શેહેરીયાર ઇરાનીએ પુણાની સરદાર દસતુર નોશેરવાનની છોકરીઓની નીશાળમાં વાપરવા માટે ૨૦ ટેબલો અને ૫૦ ખુરશીઓ ભેટ આપી હતી.

કલકતાવાળા બાઇ માણેકબાઇ પેશતનજી ગજડરે પોતાના મરહુમ દીકરા શેઠ કાવશજી ધનજીભાઈ ગજડરના પુણ્ માટે ગણદેવીની જરથોસ્તી અંજુમનને ધરમશાળામાં જશન વખતે તથા સર અવસરે વાપરવા માટે જરમન સીલવરનો સટ તથા સેતરંજી ભેટ આપી હતી.

શેઠ બીખાજી નવરોજજી ભાઠેના (પ્લમબર) એ પોતાના ખરચે મુંબઇની ચોપાટી ખાતેની મરહુમ શેઠ ફરદુનજી સોરાબજી પારખ ધરમશાળાનાં અશકત મરદો અને ઓરતોના ઓરડાઓમાં ફ્લશીંગ સીસતમનાં એકેક જાજરૂની બેઠક કરી બનાવી આપી હતી.

મરહુમ શેઠ નવરોજી માણેકજી વાદાડયા, સી. આઇ. ઇ. પોતા પાછલ ગંજાવર દોલત ટ્રસ્ટીઓને સોપી ગયાં છે, જેઓ દર વરસે લગભગ ત્રણથી સાડાત્રણ લાખ રૂપયાની નાદર રકમ જુદાં જુદાં ધરમખાતાંઓ, ફંડો વગેરેમાં આપયા જાય છે. આ વરસે મરહુમ શેઠ ન. મા. વાદાડયા

ચેરીટી ફંડના ટ્રસ્ટી સાહેબોએ કરેલી મદદની કેટલીક વીગત નીચે મુજબ છેઃ—નવા દીલહી ખાતે તા૦ ૧૭ મી ફેબરવારીને દીને નામદાર વાઇસરૉય લોરડ હારડીંગે ધી લેડી હારડીંગ મેડીકલ કૉલેજ એંડ હાસપીટલ ફોર વીમેન એંડ ધી ટ્રેનીગ સ્કુલ ફોર નરસીસ યાને સ્ત્રીઓ માટેની મેડીકલ કોલેજની બીલડીંગ ખુલ્લી મુકી હતી, તેના ફંડમાં રૂ૨૫૦૦૦ અને યરોડાની સેંટ્રલ લયુનેટીક એસાઇલમને એક બીલીયરડ ટેબલ ખરીદવા અને ટેનીસ કોરટ બાંધવા રૂ૨૦૦૦ આપયા હતા. દેવલાલીની ડા૦ બાહાદુરજીવાળી સેનીટરીયમને આગલા સાલોમાં કરેલી રૂ૯૦૦૦ ની મદદ ઉપરાંત આ વરસે રૂ૬૦૦૦ ની રકમ બે વરસ માટે આપી છે, એમાંથી ડાકટર, દવાદારૂ વગેરેનો ખરચ કરવામાં આવે છે. અહમદનગર ખાતે રૂવાનોને લઇ જવા સારૂ એક ગાડી ભેટ આપી હતી, જે જમશેદી નવરોઝના દીવસે ઇજી ખુલ્લી મુકી છે. તેમજ અહમદનગરની દરેહમેહરના કંપાઉડમાં એક નવું નસાખાનું બંધાઇ ગયા જમશેદી નવરોઝને દીવસે ખુલલું મુકાયું છે, એ માટે થયલા ખરચમાં અરધો ફાલો એ ધરમખાતાંના ટ્રસ્ટી સાહેબોએ આપયો છે. જ્યારે અરધો ફાલો અહમદનગરના જરથોસ્તીઓ વગેરેનો છે. નામદાર મુંબઇ સરકારને મુંબઈમાં સ્થાપાયલી કોલેજ ઓફ કોમરસ એંડ ઇકોનોમીકના સંબંધમાં વેપારની કોઇ શાખા અથવા સાખાઓમાં એક ચેર માટે જાથુકના એનડાઉમેંટ ફંડ તરીકે રૂ૧૨૦૦૦૦ ની કીંમતના પોરટ ટ્રસ્ટ બોંડોમાં છ ચાલુ વારસીક રૂ૨૦૦૦૦ ના હપતાથી ટ્રસ્ટી સાહેબોએ મરહુમ શેઠ ન. મા. વાહાડયાના ધરમખાતામાંથી સને ૧૯૧૨ ના સાલમાં આપવા જણાવયું હતું તે મુજબ પેહલા બે વારસીક હપતાઓથી રૂ૪૦૦૦૦ની રકમના બોંડો તા૦ ૨૨ મી ડીસેમબર ૧૯૧૩ અને તા૦ ૩ જી મારચ ૧૯૧૫ ને દીવસોએ આપયા હતા. આ ડોનેશનને "મુંબઈની સીડનહેમ કોલેજ ઓફ કોમરસના સંબંધમાં એક ચેરના એનડાઉમેંટ માટેનું નવરોજી માણેકજી વાહાડયા ફંડ" તરીકે ઓલખવામાં આવશે.

એન. એમ. વાહાડયા ચેરીટીઝના સ્થાપકની યાદગારીનો મહોત્સવ એ ધરમખાતાંના ટ્રસ્ટી સાહેબો તરફથી તા૦ ૨૧ મી મારચને દીવસે પરેલ ખાતેના મરહુમ શેઠ નવરોજીના જાંગીર બાગના બંગલામાં નામદાર ગવરનર લોરડ વીલીંગડનના પ્રમુખપણા હેઠલ એક મોટા મેળાવડા સનમુખ કરવામાં આવયો હતો. શરૂઆતમાં મુંબઇની જુદી જુદી વરણની પારસી, હીંદુ, મોહમેદન અને ક્રીસ્ચી મળી ૧૯ શાળાઓ અને ૧૭ કન્યાશાળામાંથી આવેલા લગભગ ૨૦૦ બાળકો અને ૧૪૦ બાળકીઓની પાસે કસરત વગેરેની જુદી જુદી રમત ગમતો કરાવીયા બાદ એ ધરમખાતાના ટ્રસ્ટી સર જમશેદજી જીજીભાઇએ એ ખાતાનો છેલ્લા બે વરસનો રીપોરટ વાંચતા જણાવ્યું કે આજથી બરાબર બે વરસની વાત ઉપર આવોજ મેળાવડો અત્રે નામદાર ચીફ જસ્ટીસ સર બેસીલ સ્કોટનાં પ્રમુખપણા હેઠલ કરીને મરહુમ શેઠ વાડીઆ ગુજરી ગયા પછીના ચાર વરસનો ઇંતેખાબ આપયો હતો. ગયે સાલ શેઠ વાડયાજીના વીધવા બાઇ હીરાંબાઇની બીમારીના સબબે આ મેળાવડો કરી શકયા ન હતા. શેઠ વાડીઆજીએ પોતાની ચોકસ ઇચ્છા મુજબની કેટલીક સખાવત કરવા જણાવ્યું કે તે ઉપરાંત પોતાની કરોડોની પુંજીની તમામ આવક કોઇપણ દેશ કોમ કે નાતજાતના તફાવત રાખયા વીના, સખાવત કરવાને પોતાના વસીયતનામામા ફરમાવી ગયા છે. છેલ્લા બે વરસોમાં જે સખાવતી ખાતાંઓમાં નાણાની મદદ કીધી છે, તેમાં ગરીબ છોકરીઓને પરણાવી આપવા માટે રૂ૩૮૨૫ અને રૂ૪૦૫૬, પારસી છોકરાઓ અને છોકરીઓને નવજોત કરી આપવા માટે રૂ૬૭૫ અને રૂ૫૦૫, માબાપ વગરના આરફન બાળકોના નીભાવ અને કેળવણી પાછળ ૧૯૧૩–૧૪ માં રૂ૧૨૦૧૧ અને ૧૯૧૪–૧૫ માં રૂ૧૩૭૫૭ ખરચયા તેમાં સુરતનાં વનીતા વીશ્રામને રૂ૫૦૦૦, સુરતની હીંદુ આરફનેજને રૂ૧૦૦૦, પુનાના આરફન છોકરાઓને કેળવણી આપનારાં નેટીવ ઇનસ્ટીટયુટને બે વાર મલી રૂ૩૦૦૦, બોંબે સકોટીસ આરફનેજ સોસાયટીને રૂ૨૦૦૦, સેંટ જોસફ ફાઉનડલીંગ હોમને રૂ૪૦૦૦ અને પુનાના મીસ હર્ચીંગસ આરફનેજને રૂ૫૦૦૦ ની મદદ આપી હતી. વળી પારસી આરફન છોકરાઓ અને છોકરીઓના નીભાવ અને કેળવણી માટેની મદદ ૧૯૧૩–૧૪ના

સાલમાં રૂ૩૨૧૭ અને ૧૯૧૪-૧૫ માં રૂ૩૨૫૭ની મદદ આપી હતી. હાસપીટલો અને મેડીકલ રીલીફ (વઇદક મદદ) પાછળ ૧૯૧૩-૧૪ માં રૂ૯૩૮૪૨ અને ૧૯૧૪-૧૫ માં રૂ૯૧૪૦૦ ખરચ્યા હતા, જેમાં બમનજી પીટીટ પારસી જનરલ હાસપીટલને રૂ૩૦૦૦૦ લેખે બે વરસના ફાળાના રૂ૬૦૦૦૦, મુંબઇની કીંગ એડવરડ મેમોરીયલ આસપીટલનાં મકાન માટે રૂ૩૦૦૦૦, ડા૦ માસીના આસીપટલને રૂ૧૫૦૦૦, કાઉંટેસ ઓપ્ ડફરીન નરસીંગ ફંડને રૂ૧૪૦૦૦, હીંદ અને પુરવના રગતપીતયાઓનાં મીશનને રૂ૧૦૦૦૦, કુમાનના કીંગ એડવરડનાં ખહીને લગતાં હોમને રૂ૧૦૦૦૦, બોંબે સેનીટરી આસોસીએશનને રૂ૬૦૦૦, પુનાની એન. એમ. વહાડયા હાસપીટલના નીભાવ માટે રૂ૧૦૦૦૦, આણંદની મુક્તીફોજની 'એમરી' હાસપીટલને રૂ૮૦૦૦, ફરેંચ રેડ કરોસ ફંડને રૂ૭૦૦૦, બેલજીયન રેડ કરોસ ફંડને રૂ૫૦૦૦ આપયા હતા. દક્ષીણ આફ્રીકાના સંકટ નીવારણ ફંડમાં રૂ૫૦૦૦, મુંબઇની લીગ ઓફ મરસીને રૂ૫૦૦૦, સરવંટસ ઓફ ઇંડયા સોસાયટીને રૂ૫૦૦૦, લડાઇને લીધે બેરોજગાર થયલા પારસીઓને મદદ કરવા માટે જરથોસ્તી એસોસીએશનને રૂ૬૦૦૦ અને મુંબઇનાં તથા પુનાના સેવાસદનને રૂ૫૦૦૦ આપયા હતા. મરહુમની સખાવતનો એક મુખ્ય હેતુ કુદરતી સંકટો જેવાં કે આગ, રેલ, દુકાળ સમયે સંકટમાં મદદ કરવા માટેનો હતો અને છેલ્લાં બે વરસમાં રૂ૬૪૫૦ અને રૂ૪૫૫૦ આપયા હતા તેમાં રૂ૩૦૦૦ શોલાપુરને, રૂ૨૫૦૦ સંયુકત પ્રાંતોને, રૂ૧૦૦૦ સાલસેટમાં કોલીવાડા ખાતેની આગ વખતે, રૂ૭૦૦ થાણામાં બરલાપોરની તેમજ રતનાગીરીમાં નીરગુંડી ખાતેની આગ વખતે રૂ૫૦૦ આપયા હતા. મુંબઇ ઈલાકામાં સીવીલ વેટરનરી હાસપીટલો સ્થાપવા માટે સરકાર સાથે પત્ર વેહેવાર ચાલયો હતો અને એકંદરે રૂ૬૦૦૦૦ ટ્રસ્ટીઓએ આપયા હતા અને સરકાર પણ તેટલીજ રકમ આપશે, આમાંથી અહમદનગર, ભરૂચ, દાદર, અમલસાડ, ગડગ, વીરમગામ, આનંદ અને સતારા ખાતે આઠ સીવીલ વેટરનરી હાસપીટલો બંધાઇ છે અને બીજી આઠ હજુ જુદે જુદે ઠેકાણે બંધાનાર છે. કેળવણી પાછળ ખરચ કરવાનું મરહુમે વીલમાં અમુક માટે લખયું ન હતું પણ ટ્રસ્ટીઓએ ૧૯૧૩-૧૪ માં રૂ૮૨૧૨૬ અને ૧૯૧૪-૧૫ ના સાલમાં રૂ૯૫૪૪૫ ખરચ્યા હતા, આમાં વધારે અગતયનો ફાલો વાંદરાની સંટ જોસફ કોનવેનટ સકુલને રૂ૧૫૦૦૦, એલેકઝાંડરા ગરલસ ઇનસટીટયુટને રૂ૧૦૦૦૦, નારગોલની વહાડીયા સકુલને રૂ૧૨૦૦૦, સાગરની સેંટ જોસફ કોનવેંટ સ્કુલને રૂ૧૦૦૦૦, વનીતા વીશ્રામના સુરતનું મકાન બાંધવાને રૂ૫૦૦૦ અને સીડનહેમ કોલેજ ઓફ કોમરસને રૂ૪૦૦૦૦ આપયા હતા. એ સીવાય કેળવણીને લગતાં જુદાં જુદાં ખાતાંઓને માસીક મદદ તરીકે એ બે વરસોમાં રૂ૨૨૦૦૦ અને રૂ૨૬૦૦૦ ખરચયા હતા. ઇંગલંડમાં અભયાસ કરનારા ચાલાક વીદયારથીઓને સકોલરશીપો તરીકે બે વરસમાં રૂ૧૯૦૧૪ અને રૂ૧૯૫૬૩ આપયા હતા, જેના પરીણામે મી૦ એસ. એચ. વહાડયા સનદી નોકરીની પરીક્ષામાં પસાર થઇ સીલોનમાં નોકરી રહયા છે, જયારે કેપટન સોરાબ ડી. રતનાગર હીંદી તબીબી નોકરીની પરીક્ષામાં ફતેહ મેળવી મસકત ખાતે ફીલ્ડ સરવીસમાં જોડાયા છે. ડા૦ એફ. ડી. બાના નોરથકોટ આરફનેજમાં આનરરી ફીઝીશીયન અને પોરસ ટ્રસટમાં મેડીકલ આફીસર છે. ડા૦ એરચ પી. ધડીઆલી એમ. આર. સી. એસ. થઇ અત્રે પાછા ફરયા છે. ડા૦ (મીસીસ) સહસ્ત્રબુધે ફીલાડેલફીયા ખાતે એમ. ડી. થયાં છે અને થોડુંકમાં હીંદ પાછા ફરશે. મેસરસ આર. ડી. રતનાગર, માણેકજી જે. એમ. ખરશેદજી અને બી. એસ. સંજાના સીવીલ એનજીનીયરીંગનો અભયાસ પુરો કરી પાછા ફરયા છે. મી૦ સંજાણાએ ગલાસગો ખાતે બી. એસ. સી. ની ડીગ્રી લઇ સ્વતંત્ર ધંધો શરૂ કરયો છે અને ઇંગલંડ અને સકોટલંડમાં વહેવારૂ અનુભવ મેળવે છે. ઇંગલંડ ખાતે ડા૦ મંગળદાસ ખાંડવાળાને હીંદી તબીબી નોકરીમાં કામચલાઉ લેફટનંટ તરીકે, ડા૦ નરીમાન જે. ગાઇને ઇનડીયન મેડીકલ સરવીસના કામચલાઉ લેફટનંટ તરીકે અને ડા૦ એસ. કે. વઇદ એમ. આર. સી. પી. થવા પછી વધુ ચઢતી જરાહી શીખવાના કામમાં મદદ આપે છે. લડાઇ જાગતાં દેશને માટે લોહી રેડતા અને ઘાયલ થયલા

[illegible] ફંડુ'ઓને મદદ આપવા રૂ૧ લાખ આપયા હતા. મરહુમ શેઠ વહાડયાનો હેતુ પોતાની [illegible] વેચી નહી નાંખતાં તેની આવકમાંથી ખરચ કરવાનો હતો તેથી તેમની એ મીલકતોને [illegible] રાખવામાં આવી છે. અમારા ફંડના હીસાઓ શેઠ મંચેરશા મે. મેહતા તપાસતા હતા, [illegible] તેઓના અકાળ મરણ પછી એ કામ ખા૦ બા૦ જમશેદજી અરદેશર દલાલ કરે છે. છેવટે [illegible] જમશેદજીએ ઉપલા પ્રસંગની ખુશાલીમાં નામદાર ગવરનરની મુનસફી ઉપર રૂ૫૦૦૦ ની રકમ મુકવાનું ત્રસ્ટીઓએ ઠરાવેલું જાહેર કરયું હતું, કે જે રકમનો તેઓ નામદાર અને લેડી વીલીંગડન પોતાને મરજીમાં આવે તેવાં ધરમખાતાંમાં ઉપયોગ કરે. એ પછી નામદાર ગવરનરે જીતનારા છોકરાઓને ઇનામો આપયા બાદ પ્રસંગને અનુસરતું ભાષાણ કરવા પછી મેલાવડો વીસરજન થયો હતો.

નામદાર સર જમશેદજી જીજીભાઇ પારસી બેનીવોલંટ ઇનસ્ટીટયુશનને તા૦ ૧ લી આગસ્ટ ૧૯૧૫ થી તા૦ ૧૪ મી આગસ્ટ ૧૯૧૬ સુધી મલેલી રકમની વીગતઃ—જનરલ ફંડમાં ભરાયલા રૂ૧૮૫૦ માં શેઠ દીનશા ફરદુનજી મુલ્લાં એડવોકેટ રૂ૨૫૦, શેઠ હોરમશજી જાહાંગીરજી ભાભાએ શને ૧૯૧૬ નાં સબસ્ક્રીપશનના રૂ૧૦૭, શેઠ ધનજીભાઇ પરાંમજી બાટલીવાલા રૂ૫૦૦, મરહુમ શેઠ માણેકશાહ કેખશરૂ નાદરશાહની યાદગારી માટે તેમની પુંજીમાંથી શેઠ અરદેશર કેખસરૂ નાદરશાહે પોરટ ત્રસ્ટ બોંડ ટકા ૪ નું રૂ૫૦૦ નું તેનું વ્યાજ ઇનિસ્ટીટયુશનના કેલવણી ખાતાંનાં ખરચમાં વાપરવા માટે આપ્યું, મરહુમ શેઠ જમશેદજી ખરશેદજી જમશેદજીની યાદગારી માટે શેઠ રૂસતમજી જમશેદજી ખ. જમશેદજીએ સરકારી નોટ ટકા સાડાત્રણની રૂ૫૦૦ની તેનાં વ્યાજની આવક આએ ધરમખાતે વાપરવા આપી, એ ઉપરાંત ગરીબનાં છોકરાંઓને ચોપડીઓ અપાવાનાં કામમાં વાપરવા માટે શેઠ હીરજીભાઇ મા. એનજીનીયરે રૂ૧૨ તથા બાઇ મોટીબાઇ હીરજીભાઇ દલાલના ઉઠમણામાં ભરાયલામાંથી શેઠ હીરજીભાઈ કા. દલાલે રૂ૫૦ મલી રૂ૬૨ મલ્યા હતા.

નામદાર સર જમશેદજી જીજીભાઈની સ્કુલોના લાચાર, કમગુંજાસનાં છોકરા તથા છોકરીઓને બપોરના જમાડવાને લગતાં 'ભોજન ફંડ' ખાતે તા૦ ૧ લી આગસટ ૧૯૧૫ થી તા૦ ૧૪મી આગસટ ૧૯૧૬ સુધી રૂ૧૭૧૬૪–૯ ની મદદ મલી હતી, તેમાં રોકડા મલેલા રૂ૫૭૬૪–૯ ની વીગતઃ—એક જરથોસતીએ મરહુમ પીતાની યાદમાં રૂ૨૦૦, બાઈ માણેકબાઇ અરદેશર કા. ઓમીઆરે મરહુમ બેટા એરચનાં પુણ સારૂ બે વીદયારથીઓને વરસ ૧ સુધી જમાડવા રૂ૧૦૧, અમારા બહેસતનશીન પીતાજીની યાદમાં દુઃખી બેટા અને કુટુંબે રૂ૧૦૧, બાઈ માણેકબાઇ તથા શેઠ દાદીબા કાવસજી પાંડેએ મરહુમ બાવાજી એદલજી મેરવાનજી દુબાશના પુણ સારૂ બે વીદયારથીઓને વરસ ૧ સુધી જમાડવા રૂ૧૦૦, એક પારસી ભલુ ઇચ્છનાર તરફથી બાઇ શીરીનબાઇની યાદમાં રૂ૭૫, મરહુમ શેઠ શાપુરજી જીવાજી વાછા તથા તેવણુનાં ધણીઆણી ખરશેદબાઇ તે. શેઠ રૂસતમજી જમશેદજી જીજીભાઇનાં બેટીનાં પુણ શારૂ હયુજીસ રોડપર બંધાવેલાં મકાનનાં પંચાયતમાં પડાવેલાં ખાતાં મધેથી એ મરહુમના છોકરાઓએ કીધેલી ગોઠવણ મુજબ ૬ છોકરાઓને હંમેશાં જમાડવા સારૂ એક વરસના પંચાયત તરફથી આવેલા રૂ૨૩૭, મરહુમ બાવાજી, કાકાજી તથા માતાજીનાં પુણને માટે એક જરથોસતીએ રૂ૧૫૦, નવાબ સોરાબ નવાઝજંગે વરસ ૧ સુધી બે વીદયારથીઓને જમાડવા રૂ૧૨૦, બાઇ જીલુબાઇની યાદમાં શેઠ રૂસતમજી ધ. પટેલે રૂ૧૦૦, શેઠ નવરોજજી બાપુજી તચકરાએ બે વીદયારથીઓને વરસ ૧ સુધી જમાડવા રૂ૧૦૦, મરહુમ બાઇ ડોસીબાઈ અરદેશર દોરાબજી બંગાલીની બીજા વરસની બાજંને દીને તેઓનાં પુણ સારૂ તેઓના રૂપીઆમાંથી તેવણના એકઝીકયુટરોએ બે વીદયારથીઓને વરસ ૧ સુધી જમાડવા રૂ૧૦૦, મરહુમ બાઇ હીરાબાઇ રતનજી કાંગાના પુણ માટે જમાઇ નશરવાનજી રતનજી નરીમાને ઉઠીઆણામાં ભરેલા રૂ૭૫, અને રૂ૭૫ની અંદરની જુદી જુદી રકમો મલી જુદા જુદા ધણીઓ પાસેથી આવેલા તેના રૂ૪૩૦૫–૯, ઉપલી રોકડ રકમ ઉપરાંત નીચે જણાવેલા ધણીઓએ ખાતાં પડાવી જાથુકની થાપણ દાખલ રૂ૧૧૪૦૦ ની નોટો બોંડો આપી તેનું ફકત વયાજ "ભોજન ફંડ" ખાતે વાપરવા સારૂ આપેલાની વીગતઃ—મરહુમ શેઠ મેહેરજીભાઇ શાપુરજી દાંતરાનાં વીલના એકઝીકયુટરોએ મરહુમની પુંજીમાંથી ઝોરાસ્ત્રીઅન બીલ્ડીંગ સોસાયટીના શેરો ૧૦ દર રૂ૧૦૦ લેખેના રૂ૧૦૦૦ ના ટકા ૪ નાં વયાજના આપયા, હોંગકોંગવાળા મરહુમ શેઠ હોરમસજી નશરવાનજી કુપરનાં ધરમખાતાંના ત્રસટીઓએ મરહુમનાં પારસીઓ માટેનાં ધરમખાતાંના વહીવટમાંથી ઈમપરૂવમેંટ ત્રસટનું બોંડ એક રૂ૫૦૦ નું ટકા ૪ નું આપયું, બાઈ હીરાંબાઈ જમશેદજી પીટીટે મરહુમ ભાઈ કાવસજીની છોકરી વીરબાઇજીની છોકરી તેહમીના નશરવાનજી મનચેરજી કામાના પુણ સારૂ રોકડા રૂ૧૦૦ મોકલેલા તેનું પોરટ ત્રસટ બોંડ ટકા ૪ નું રૂ૧૦૦ નું ખરીદેલું, મરહુમ બાઇ પીરોજબાઈ દાદાભાઇ આલબલેસની પુંજીમાંથી ઉઠમણામાં ભરેલાની નોટ રૂ૧૦૦૦ ની ટકા ૩॥ ની એ મરહુમ બાઇનાં વીલના એકઝીકયુટરો તરફથી આવેલી, દખણ સીકનદરાબાદ ખાનેથી શેઠ હોરમસજી જહાંગીરજી હોરમસજીએ પોતા તરફના એક જરથોસતીની ખાએશ મુજબ બીજી રકમ ભેગી રોકડા રૂ૭૫૦ ડા૦ જહાંગીર ખ. દાજી ઉપર મોકલેલી તેવણે એ રકમની રૂ૮૦૦ ની નોટ ટકા ૩॥ ની ખરીદ કરી મોકલેલી તે, મરહુમ શેઠ કાવસજી બેજનજી બનાજીનાં આતશબેહરામના ધહમબાર ફંડના ત્રસટીઓએ એ ફંડના વધારાના રોકડા રૂ૫૦૦ મોકલેલા તેની નોટ ૧ રૂ૫૦૦ની ટકા ૩॥ ની ખરીદેલી, બાઇ ધનબાઇજી ફરામજી પાલખીવાળાનાં પુણ માટે શેઠ ફરામજી બમનજી પાલખીવાળાએ પોરટ ત્રસ્ટ બોંડ ૧ રૂ૫૦૦ નું ટકા ૪ નું આપેલું, બાઈ બચુબાઇ પીરોજશા ફ્રેન્ચમેને મરહુમ બાઇ ખરશેદબાઈ રૂસ્તમજી બોગાની બાજને દીને સ્કુલના ગરીબ વીધ્યાર્થીઓને જમાડવા તથા તે શાથે આપના ધરમનાં ફરમાન મુજબ શીયાવ સુધા બાજ આફરીનગાન ફરોખશીની ક્રીયા કરાવવા શારૂ રૂ૩૦૦૦ નાં પોરટ ત્રસ્ટ બોંડ ટકા ૪ ના આપેલા, મરહુમ શેઠ હોરમજી મનચેરજી કામાનાં પુણ શારૂ તેવણનાં કુટુંબીઓએ રૂ૨૦૦૦ નો પોરટ ત્રસ્ટ બોંડ ટકા ૪ નો આપેલો, શેઠ અરદેશર પેસ્તનજી નવશારીવાલાએ મરહુમ બાવાજી પેસતનજી તથા માતાજી બચુબાઇનાં પુણ શારૂ રૂ૧૦૦૦ ની સરકારી ટકા ૩॥ ની નોટ આપી, મરહુમ

શેઠ જમશેદજી ખરશેદજી જમશેદજીનાં પુણ્ય સારૂ દાવેજર લેડી જરબાઇ જમશેદજી જીજીભાઇએ રૂ૫૦૦ નો ટકા ૪ નો ઇમપરૂવમેંટ ત્રસ્ટનો બોંડ આપ્યો, મરહુમ બાઈ જીલુબાઇ દોરાબજી એશબરનરનાં પુણ્ય સારૂ માતાજી નવાજબાઈ તથા બાવા દોરાબજી હો. એશબરનરે રૂ૫૦૦ નો ટકા ૪ નો ઇમપરૂવમેંટ ત્રસ્ટનો બોંડ આપ્યો. એ ંઅરશામાં એક ધણી તરફનું નવજોતની ખુશાલીનું ખાણું તથા ૮ ધણી તરફના પોતાના વ્હાલાની બાજનું જમણ આપવામાં આવીયું હતું. ૩૬૧ વીધ્યાર્થીઓને હાલ જમાડવામાં આવે છે તે મધે જણ ૧૦૦ ને મરહુમ શેઠ ન. મા. વાડીયા ત્રસ્ટ ફંડ ખાતેથી તથા જણ ૬૫ ને સર શાપુરજી બરજોરજી ભરૂચા તરફથી તથા બાકીના ૧૯૬ ને આ ખાતાનાં ભોજણ ફંડ ખાતેથી જમાડવામાં આવે છે.

બેરામજી જીજીભાઈ પારસી ચેરીટેબલ ઈનસ્તીત્યુશનના એનડાઉમેંટ ફંડમાં ભરાયલા રૂ૨૯૦૯ માની મુખ્ય રકમો:—એક બેરખાહે માતાજીની યાદમાં રૂ૫૦, શેઠ સી. એચ. કેપતને મરહુમ બાઇ રૂસતમજી એદલજી કાતરક (કેપતન) ની યાદમાં રૂ૫૦, શેઠ દાદાભાઈ જીવનજી વરીયાવા રૂ૧૦૦, મરહુમ શેઠ હોરમસજી મનચેરજી કામાના કુટુંબીઓએ મરહુમ શેઠ હોરમસજી મનચેરજી કામાના પુણ્ય માટે રૂ૧૦૦૦ નો પોરટ ટરસ્ત બોન્ડ આપ્યો, દીકરા માણેકજીની ત્રીજાં વરસની સાલગ્રેહની ખુશાલીમાં એક પારસી બાઇએ રૂ૫૦, એક બેરખાહે બેટીના લગનની ખુશાલીમાં રૂ૫૦, બાઇ માણેકબાઈ નશરવાનજી ખંબાતાએ મરહુમ બાઇ રૂસી નસરવાંનજી જા. ખંબાતાની યાદમાં રૂ૫૦૦ ની લોન આપી, શેઠ પીરોજશાહ પી. ઉનવાલાએ પોતાના સસરા પેસતનજી ખરશેદજી કાપડયાનાં ઉઠમણામાં ભરેલામાંથી રૂ૨૫ અને શેઠ રૂસતમજી બેરામજી જીજીભાઇ તથા ધણીયાણીએ મરહુમ શેઠ જમશેદજી ખરશેદજી જમસેદજીનાં ઉઠમણામાં ભરેલા રૂ૧૦૦૦ નો પોરટ ટરસ્ત બોંડ આપ્યો; એ ઉપરાંત ભોજન ફંડમાં પરચુટન રકમોના રૂ૧૩ ભરાયા હતા.

જરથોસ્તી છોકરીઓની નિશાળ મંડલીને તા૦ ૨જી સપટેમબર સુધીમાં મદદ તરીકે મલેલા રૂ૧૧૫૪૦માની મુખ્ય રકમો:—મરહુમ શેઠ નસરવાનજી જહાંગીર વહાડયા ચેરીટી ફંડના ટરસ્ટીએ, ડા૦ સર ટેમુલજી ભીખાજી નરીમાન તથા શેઠ દીનશાહ સોરાબજી મોદીએ ચાલુ ખરચમાં વાપરવા માટે રૂ૨૦૦૦, બાઇ ગુલબાઇ દાદાભાઇ રાણીનાએ મંડલી હસ્તકની ચંદનવાડી ખાતાંની નિશાળનાં નવા મકાનમાં એક કસરતશાળા અથવા પુસ્તકખાનું સ્થાપવા અને તેના નીભાવ ખરચમાં વાપરવા માટે આપ્યા રૂ૧૫૦૦, મરહુમ શેઠ નવરોજજી માણેકજી વહાડયા ચેરીટી ફંડના ટરસ્ટીઓએ શિક્ષકોના પગારમાં વધારો કરવાના વગેરે ખરચમાં વાપરવા આપ્યા રૂ૧૫૦૦, મરહુમ શેઠ અરદેશર હોરમસજી વહાડયા ચેરીટી ફંડમાંથી એ ફંડના ટરસ્ટીઓએ આગસ્ટ ૧૯૧૫ થી આગસ્ટ ૧૯૧૬ સુધીના હફતાના ચાલુ ખરચમાં વાપરવા આપયા રૂ૧૩૦૦, મરહુમ બાઈ બચુબાઈ દારાશાહ પટેલનાં વીલમાં ફરમાવ્યા મુજબ એમનાં વીલનાં એકઝીક્યુટરેસ બાઇ નવાજબાઈ પેસોતન સ્પેનસરે ચંદનવાડીની નિશાળના વિધ્યારથીઓને ઈનામો આપવામાં વ્યાજ વાપરવા આપ્યા રૂ૧૦૦૦, શેઠ એદલજી ફરામજી દાવરે મરહુમ શેઠ ફરામજી એદલજી દાવરની યાદમાં ગરીબની છોકરીઓને મુફત કેળવણી આપવામાં વ્યાજ વાપરવા આપ્યા રૂ૧૦૦૦, બાઇ શીરીનબાઇ કાવશજી મહેતા તથા બાઇ જરબાઇ પેસતનજી પાંડે તરફથી મરહુમ શેઠ એદલજી મહેરવાનજી દુબાસને નામનું ખાતું પાડી ગરીબ વિધ્યારથીઓને મુફત કેળવણી આપવા અથવા જનરલ ખરચમાં વ્યાજ વાપરવા આપ્યા રૂ૧૦૦૦, શેઠ જહાંગીર હોરમસજી કામા તથા કુટુંબીઓ તરફથી મરહુમ શેઠ હોરમસજી મનચેરજી કામાની યાદમાં ફ્રી શિક્ષણ આપવા અથવા જનરલ ખરચમાં વ્યાજ વાપરવા આપ્યા રૂ૧૦૦૦, બાઇ મહેરબાઇ હોરમસજી પેસતનજી કોહલાએ મરહુમ શેઠ હોરમસજી કોહલાની યાદમાં ઇનામ આપવા તથા જનરલ ખરચમાં વ્યાજ વાપરવા આપ્યા રૂ૧૦૦૦, બાઇ મહેરબાઈ હો. કોહલાએ મરહુમ બાઈ જાઇજી ભાભાનાં પુણ્ય માટે ચાલુ ખરચમાં રૂ૫૦ અને શેઠ નવરોજજી બાપુજી ટચકરાએ ગરીબ વિધ્યારથીઓ યા શિક્ષકોના લાભ અરથે વાપરવા આપયા રૂ૫૦.

સુરત જીલ્લાના માંડવી ખાતેની એંગ્લો વરનાક્યુલર સ્કુલનાં મકાનના તથા નીભાવનાં ફંડમાં પારસીઓના ભરાયલા રૂ૬૮૦ માની મુખ્ય રકમો:-શેઠ બેહેરામજી ફરામજી વાડીઆ રૂ૪૫, શેઠ પેસતનજી ડોશાભાઈ મારકર રૂ૨૫, શેઠ ફકીરજી નવરોજજી એલાવીયા રૂ૪૦૦, શેઠ મનચેરજી ભીમજીભાઇ કરંજીયા રૂ૧૦૦, શેઠ એમ. ટી. માદન રૂ૨૫ અને શેઠ માણેકજી ધનજીભાઈ ધનભુરા રૂ૬૫.

ઇગતપુરીની બાઈ માણેકબાઇ ડોશાભાઇ રૂસતમજી ઉમરીગર પારશી બોયઝ એનડ ગરલસ સકુલના બાળકોને કેળવણી આપવા માટે પરચુટન રકમો મલી રૂ૫૦ ભરાયા હતા.

ઉડવાડાના જરથોસતી છોકરાઓને કેળવણી હુનર અને ઉદ્યોગની તાલીમ આપવાનાં ફંડમાં ભરાયલા રૂ૪૭૩ માની મુખ્ય રકમો:-શેઠ માણેકજી મનચેરજી ભરૂચા રૂ૫૫, ડા૦ કેખશરૂ રૂ૫૦, બાઇ હમાબાઈ ફરામજી પીટીટ રૂ૪૦, ખા૦ બા૦ બરજોરજી દોરાબજી પટેલ રૂ૫૦, એ. બી. જી. રૂ૪૫ અને શેઠ ધનજીશાહ પેસતનજી રાગીના રૂ૫૧.

મટુંગાની ડેવીડ સાસુન ઉદ્યોગશાળામાંથી તાલીમ લઈ બાહાર પડતા છોકરાઓને ધંધે લગાડી બંદોબસ્ત લેનારા ફંડમાં પારસીઓના ભરાયલા રૂ૩૧૦૦ માની મુખ્ય રકમો:-શેઠ જમશેદજી અ. વાહાડયા રૂ૧૦૦, સર દોરાબ અને લેડી તાતા રૂ૭૫, શેઠ એ. જે. બીલીમોરીયા રૂ૭૫, શેઠ જે. ગજડર રૂ૫૦, શેઠ એફ. ઇ. દીનશાહ રૂ૧૦૦, સર દીનશાહ મા. પીટીટ રૂ૫૦, પારસી રૂ૫૦, ખા૦ બા૦ બી. ડી. પદમજી રૂ૧૦૦, કરનલ એમ. પી. ખરેગાટ રૂ૧૦૦, શેઠ એચ. એન. ખંબાતા રૂ૫૦, શેઠ એસ. આર. બમનજી રૂ૫૦, સર જમશેદજી જીજીભાઇ રૂ૧૦૦, શેઠ સી. એન. વાહાડયા રૂ૧૦૦, શેઠ ફીરોઝ સી. શેઠના રૂ૫૦, શેઠ એન. એન. વાહાડયા અને ધણીયાણી રૂ૨૦૦, શેઠ રૂશતમ ડી. વાહાડયા રૂ૫૦, સર શાપુરજી બી. બરૂચા રૂ૧૦૦, બાઇ હમાબાઇ ફ. પીટીટ રૂ૩૦૦, શેઠ સી. ડી. દાદી રૂ૫૦, શેઠ નશરવાનજી જા. વાહાડયા ચેરીટી ફંડમાંથી રૂ૩૦૦, શેઠ એમ. સી. ખંબાતા રૂ૫૦, શેઠ એમ. પી. ખરેગાત રૂ૫૦, શેઠ જાહાંગીર એચ. કામા રૂ૫૦ અને શેઠ ધનજીભાઈ બમનજી રૂ૫૦. આ ફંડમાં બધી ગ્નાતના મલી કુલે રૂ૨૦૨૫૪-૧૨ ભરાયા હતા.

વીકટોરીયા મેમોરીયલ અંધશાળાને મદદ તરીકે પારસીઓના મલેલા રૂ૫૪૦-૪ માની મુખ્ય રકમો:-શેઠ એચ. પી. પાવરી રૂ૫૦, ડા૦ કાવશ લાલકાકાની યાદમાં રૂ૩૦, શેઠ એમ. એન. બરજોરજી રૂ૨૯ અને શેઠ નશરવાનજી રતનજી બી. નરીમાને શેઠ બેજનજી રતનજી નરીમાનની યાદમાં રૂ૨૫.

સુરતની નાનપરાની શેઠ કાવશજી રૂ. તમનાની ધરમશાળા નવેસરથી બાંધાવાના ફંડમાં બેલગામના જરથોસતીઓ રૂ૧૧૬૦, બાઈ આઇમાયએ ખાવીંદ સોરાબજી જમશેદજી સોદાવાટરવાળાના પુણ માટે રૂ૫૦૦ નું ચાર ટકાનું પોરટ ટ્રસ્ટ બોંડ, માંડવી તથા બારડોલી તાલુકાના જરથોસ્તીઓ રૂ૧૦૮, બાઈ સુનાબાઇ નરીમાન હો. ડાકટરે મરહુમ સસરા હોરમઝદીયાર અને મરહુમ સાસુ દીનબાઈના પુણ માટે રૂ૫૧ મલી કુલે રૂ૧૮૧૯ ભરાયા હતા. એ ઉપરાંત બાઇ આઇમાયએ પોતાના મરહુમ ધણી સોરાબજી જ. સોદાવાટરવાળા અથવા આંમરીઆના પુણ માટે એ ધરમશાળાનો બીશમાર થએલો કુવો તથા સાથે અબારો પોતાની તરફથી આશરે રૂ૩૫૦ ને ખરચે બંધાવી આપયો હતો તે મરહુમની ત્રીજા વરસની બાજને દીવસે નાહનપરાની જરથોસ્તી અનજુમનના વપરાશ માટે ખુલ્લો મુકવામાં આવયો છે. એ કુવા ઉપર નીચલી તખ્તી મારેલી છે,-"શ્રી દાદાર અહુરમજદની મદદ હોજો. આ કુવો મરહુમ શેઠ સોરાબજી જમશેદજી સોદાવાતરવાલાનાં પુણને માટે તેઓના વીધવા બાઇ આઇમાયે મરહુમની ત્રીજા વરશની બાજને દીને સુરતના નાહનપરાની જરથોસતી અંજુમનનાં વપરાસને માટે દરૂસત કરાવી આપયો છે. રોજ ૨૩ મો દેપદીન માહા ૨ જો અર્દીબેહેસત સને ૧૨૮૫ યઝદેજરદી, તા૦ ૩ જી નવેમબર ૧૯૧૫."

કલીકટની ધરમશાળા તથા આરામગાહના ફંડમાં ભરાયલા રૂ૬૬૦ માની મુખ્ય રકમો:-ખા૦ બા૦ મનચેરજી કાવશજી મરઝબાને મરહુમ જમાઇ જહાંગીર ધનજીભાઇના ઉઠમણામાં ભરાયલામાંથી રૂ૨૦૦, મરહુમ શેઠ જહાંગીર ધ. મુગાશેઠની વરસીના દીવસે બાઈ મીઠીબાઇ જહાંગીર મુગાશેઠે પોતાન

સરવે બચ્ચાંઓને નામે રૂ૧૦૦ ની નોટ વીયાજ વાપરવા, બાઇ ખોરશેદ જમશેદ મુગાશેઠે રૂ૧૦૦ની નોટ પોતાના સસરાની યાદમાં વયાજ વાપરવા, શેઠ જમશેદ જહાંગીર મુગાશેઠે પોતાના પીતાની યાદમાં રૂ૨૦૦ ની નોટ વયાજ વાપરવા આપી હતી.

સુરતની પારસી પંચાયત હસ્તકના હજીરા ખાતેની પારસી સેનીટેરીયમ તથા ધરમશાળાન ફંડમાં પરચુતન રકમો મલી રૂ૫૦ ભરાયા હતા.

ગરીબ જરથોસ્તીઓનાં રહેઠાણ ફંડમાં તા૦ ૪થી સપટેમબર સુધી ભરાયલા રૂ૫૪૯૩૦માં શેઠ ફરામજી હો. બમનજી શેઠનાંએ મરહુમ પીતાજી હોરમસજી બ. શેઠનાની યાદગારી કાયમ રાખવા સારૂ તારદેવ ખાતે ગરીબ તથા મધયમ વરગના જરથોસ્તીઓનાં વપડાશ સારૂ એક મકાન જમીનની કીમત સુધા આસરે રૂ૫૦૦૦૦ની કીમતે બંધાવી આ ખાતાંને ભેટ કરયું છે, શેઠ હીરજીભાઇ દાદાભાઇ આલબલેસ તથા જોડીઆ ત્રસ્ટીઓ તરફથી મરહુમ બાઇ પીરોજબાઈ દાદાભાઇ આલબલેશના ઉઠમણામાં ભરેલામાંથી શેઠ ધનજીભાઈ એદલજી આલબલેશના ધરમના દવાખાનાનાં ફંડમાં વ્યાજ વાપરવા આપેલી રૂ૧૦૦૦ ની નોટ, શેઠ હીરજીભાઇ દાદાભાઇ આલબલેશ તથા ધણીઆણી શીરીનબાઇ અને છોકરાંઓ તરફથી મરહુમ બાઇ પીરોજબાઇ દા. આલબલેશના ઉઠમણામાં ભરેલા રૂ૫૦૦નો બોંડ શેઠ આલબલેશનાં દવાખાનાનાં ફંડમાં વ્યાજ વાપરવા આપયો, બાઇ મોતીબાઈ ફરદુનજી આલબલેશે મરહુમ શેઠ ફરદુનજી ધનજીભાઇ આલબલેશની યાદમાં શેઠ આલબલેશનાં દવાખાનાનાં ફંડમાં રૂ૧૦૦ાં ખા૦ બા૦ મનચેરજી કા. મરઝબાને મરહુમ જમાઇ જહાંગીરજી ધનજીભાઇ મુગાશેઠના ઉઠમણામ ભરેલામાંથી બાઇ રતનબાઈ પાંડેવાલી નીશાળમાં સ્કોલરશીપ આપવા માટે રૂ૫૦૦ ની નોટ વ્યાજ વાપરવા આપી, બાઇ મોતીબાઈ ફરદુનજી આલબલેશે મરહુમ શેઠ હીરજીભાઇ દાદાભાઇ આલબલેશન ઉઠમણામાં ભરેલામાંથી રૂ૫૦, બાઇ દીનબાઇ એદલજી મોદી તથા બેટી પીરોજાએ કાકાનાં દીકર હી. દા, આલબલેશના ઉઠમણામાં ભરેલામાંથી રૂ૫૦, બાઇ ખરશેદબાઇ હો. આલબલેશે કાકાના દીકરા હી. દા. આલબલેશના ઉઠમણામાં ભરેલામાંથી રૂ૫૦, શેઠ કાવશાહ તથા બાઇઓ ધનબાઈ, મીઠીબાઈ અને જમશેદજી બેજનજી આલબલેશે મરહુમ ફુવા હી. દા. આલબલેશના ઉઠમણામાં ભરેલામાંથી રૂ૨૫, બાઈ શીરીનબાઈ હી. દા. આલબલેશે અશો ફરોહરની યાદમાં રૂ૪૫, શેઠ કેખશરૂ અરદેશર મોદીએ શેઠ હી. દા. આલબલેશનાં ઉઠમણામાં પોતે તથા કુટુંબીઓએ ભરેલામાંથી રૂ૫૦, શેઠ નવરોજી દાદાભાઈ આલબલેશે શેઠ હી. દા. આલબલેશના ઉઠમણામાં ભરેલામાંથી રૂ૧૫૦, શેઠ હોરમસજી એદલજી આલબલેશે મરહુમ ભત્રીજા તથા જમાઈ હી. દા. આલબલેશના ઉઠમણામાં ભરેલા રૂ૫૦૦ ની નોટ અને બાઇ દીનબાઈ દોશાભાઇ આલબલેશ હસ્તક મરહુમ શેઠ હી. દા. આલબલેશના ઉઠમણામાં મરહુમનાં ભાઇ દોશાભાઈ દા. આલબલેશના કુટુંબીઓએ ભરેલા રૂ૬૦૦ ની નોટ મલી કુલે રૂ૧૫૨૦ શેઠ ધનજીભાઈ એદલજી આલબલેશના ધરમના દવાખાનામાં આપ્યાં, ભલું ઇછનાર જરથોસ્તીએ આલબલેશના દવાખાણાના ફંડમાં દર માસે રૂ૫ લેખે રૂ૬૦ અને એવણે વાંધામાં પડેલ નફાના રૂ૫૮ આલબલેશનાં દવાખાનામાં આપ્યા અને શેઠ નવરોજી માણેકજી વાડયા ચેરીતી ફંડન ત્રસ્ટીઓએ બાઈ રતનબાઈ પાંડેવાલી નીશાળના ફંડમાં મદદ માટે દર માસે રૂ૧૦૦ લેખે રૂ૧૨૦૦ આપયા હતા.

જરથોસ્તી કોમના લાભ સાચવનારી મંડળી હસ્તકના ઝોરાસ્ત્રીયન બીલડીંગ ફંડમા આ વરસે ભરાયલા રૂ૧૬૮૨૨–૬–૧ માની મુખ્ય રકમોઃ–બાઇ ધનબાઇજી તથા ભાઇ માણેકજી શેઠના તથા શેઠ દીનશાહ પી. શેઠનાએ મરહુમ શેઠ હીરજીભાઇ શેઠના બીલડીંગના ડોનેશનના બાકી રહેલા રૂ૬૫૦૦ના પોરટ ત્રસ્ટ બોંડો તથા બોંડનું વ્યાજ રૂ૭૩ અને રોકડા રૂ૨૬૦૫ મલી રૂ૯૧૭૮ આપ્યા, મરહુમ ડા૦ રૂસ્તમજી પે. ભરૂચાના પુણ માટે ઇમપ્રુવમેન્ટ ત્રસ્ટના બોંડ રૂ૫૦૦૦ના તથા રોકડા રૂ૩૦–૫–૭ મલી રૂ૫૦૩૦–૫–૭, ધી ઝોરાસ્ત્રીયન એસોસીએશનના ત્રસ્ટી સાહેબો તરફથી 'જામે જમશેદ' પત્ર મારફતે મલેલા જુન ૧૯૧૫ થી જુલાઇ ૧૯૧૬ સુધી રૂ૧૪૯૫–૮, મરહુમ બાઇ મોટીબાઇ

હીરજીભાઈ દલાલના ઉઠમણામાં ભરાયલી રકમમાથી રૂ૫૦૦, મરહુમ શેઠ બનાજીના આતશબેહેરામમાંની ધરમની પેટીમાંથી મલેલા રૂ૨૪૬–૨, મરહુમ શેઠ હોરમસજી વહાડીયાના આતશબેહેરામમાંની ધરમની પેટીમાથી મલેલા રૂ૧૨૮–૮–૬, સર શાપુરજી બરજોરજી ભરૂચાએ બીલડીંગ સોસાયટીના શેરના વ્યાજના રૂ૨૦૦, બાઇ હીરાંબાઇ જમશેદજી પીટીટે અશો વહાલા રત્નાંનોની નઇયતે ગરીબ જરથોસ્તીઓના ભાડાંમાં ઘટાડો કરવા સારૂ રૂ૧૦૦, શેઠ કેખશરૂ અરદેશર મોદી તથા ધણીયાણી રતનબાઇએ બેટા રૂસ્તમજીની નવજોતની ખુશાલીમાં ઝોરાસ્ત્રીયન બીલડીંગ સોસાયટીનો શેર ૧ રૂ૧૦૦ નો આપ્યો. અને મરહુમ બાઇ કુવરબાઈ કાવસજી કાંગાના પુણ્ય માટે ઝોરાસ્ત્રીયન બીલડીંગ સોસાયટીનો શેર ૧ રૂ૧૦૦ નો આપ્યો.

જરથોસતી કોમના લાભ સાચવનારી મંડળી હસ્તકના ઇંડસ્ત્રીયલ ઇનસ્ટીટયુટ ફંડમાં ભરાયલા રૂ૧૨૫૬૩–૮ માની મુખ્ય રકમો–શેઠ કાવસજી ઉકરજી ઉમરીગરે બાઇઓ આવાંબાઈ ધનજીભાઇ કરંજીયા તથા ભીખાઇજી કાંનજીભાઈ કરંજીયા તરફથી મરહુમ શેઠ ધનજીભાઇ કાનજીભાઇ કરંજીયાને નામનું એલાહેદુ ખાતું પાડી વયાજ વાપરવા રૂ૭૦૦૦ ના પોરટ ત્રસટ બોંડો આપયા, જામે જમશેદ પત્ર મારફતે મળેલા જુલાઇ ૧૯૧૫ થી જુલાઈ ૧૯૧૬ સુધીના રૂ૨૪૮૧–૮, શેઠ રૂસતમજી નવરોજજી કામાએ મરહુમ બાવા નવરોજજી પે. કામાની યાદમાં રૂ૧૦૦૦ ના ઝોરાસ્ત્રીયન બીલડીંગ સોસાયટીના શેર ૧૦ ખરીદી વયાજ વાપરવા આપયા, શેઠ અરદેશર એદલજી દલાલે રૂ૧૦૦૦ નું પોરટ ત્રસ્ટ બોંડ વયાજ વાપરવા એવણના મરહુમ વહુ જરબાઈ તે ડા૦ ફીરોઝશાહ અ. દલાલના ધણીયાણીની પુંજીનાંથી તેઓના પુણ્ય માટે આપયું, શેઠ સોરાબજી ફરદુનજી ગાંધીએ દીકરા નરીમાનના ઉઠમણામાં ભરાયલી રકમમાંથી રૂ૩૦૦, મરહુમ શેઠ ધનજીભાઇ એન. ગોટલાની યાદમાં રૂ૨૦૦, એક જરથોસ્તીએ કલકતાથી રૂ૧૫૧ અને શેઠ નવરોજજી સોરાબજી બંગાલી તથા ધણીયાણીએ મરહુમ બાઈ જાઈજી ખરશેદજી બેરામજી ભાભાના પુણ્ય માટે રૂ૧૦૦.

જરથોસતી કોમના લાભ સાચવનારી મંડળી હસતકના લંડાઈ બેકારી ફંડમાં ભરાયલા રૂ૬૫૪૭ માની મુખ્ય રકમો:–જામે જમશેદ પત્ર મારફતે મલેલા જુલાઈ ૧૯૧૫ થી જુલાઇ ૧૯૧૬ સુધી રૂ૩૩૦૪, શેઠ હોરમસજી જહાંગીર હોરમસજી મારફતે રૂ૭૫૦; શેઠ જહાંગીર હોરમસજી જહેસ્જી તરફથી કોનસર્ટની નક્કી આવકના રૂ૭૪૧, હોંગકોંગવાલા મરહુમ શેઠ હોરમસજી નસરવાનજી કુપરના ધરમખાતાંના ત્રસટીઓ રૂ૫૦૦, પારસી સીમપથાઇઝર રૂ૪૦૦, નાગપોરની પારસી અનજુમન ફંડના ઓનરરી સેકરેટરી મારફતે નાગપોર તથા કાંમટીની જરથોસ્તી અંજુમન મધે ભરાયલા રૂ૩૮૭, સીકંદરાબાદ ઝોરાસ્ત્રીયન એમેચ્યુર દરેમેટીક કલબના ઓનરરી ત્રેઝરર તરફથી તા૦ ૧૭મી ઓગસ્ટ ૧૯૧૫ ને દીને કીધેલા 'ફરેદુન ઝોહાક'ના ખેલની આવકમાંથી રૂ૨૧૧ અને શેઠ સોરાબજી પાલનજી મસાની તે નાગપુર યંગમેનસ ઝોરાસ્ત્રીયન એસોસીએશનના ઓનરરી સેકરેટરીએ એક ગુજરાતી ખેલની આવકના મોકલી આપયા તે રૂ૧૪૮.

જરથોસ્તી કોમના લાભ સાચવનારી મંડલી હસ્તકના કેળવણી ફંડમાં ભરાયલા રૂ૩૦૪૦ માની મુખ્ય રકમો:–બાઇ હમાબાઇ ફરામજી પીટીટે માસીક રૂ૨૦૦ ના ૨૮ થી ૪૦ માં હપતાના મલીને આપયા રૂ૨૬૦૦, જામે જમશેદ પત્ર મારફતે મલેલા ઓગસ્ટ ૧૯૧૫ થી જુલાઇ ૧૯૧૬ સુધીનાં રૂ૩૮૦ અને એક જરથોસ્તી બાનુએ એક ગરીબ જરથોસ્તી વીધ્યારથીને કોલેજની ફી આપવા માટે રૂ૬૦.

જરથોસ્તી કોમના લાભ સાચવનારી મંડલી હસ્તકના વરક કલાસના ફંડમાં મરહુમ શેઠ નવરોજી માણેકજી વહાડીયાના ટરસ્ટી સાહેબોએ બાઇ મોટલીબાઈ વહાડીયા વરક કલાસ માટે આગસ્ટ ૧૯૧૫ થી આગસ્ટ ૧૯૧૬ સુધીના દર માસે રૂ૧૫૦ લેખે રૂ૧૯૫૦ અને જામે જમશેદ પત્ર મારફતે મલેલા રૂ૮૭ મલી રૂ૨૦૩૭ ભરાયા હતા.

જરથોસ્તી કોમના લાભ સાચવનારી મંડલી હસ્તકના હુનર ઉદયોગ કેળવણી ફંડમાં શેઠ ફેમ્પશાહ હોરમસજી કામાએ મરહુમ શેઠ હોરમસજી મનચેરજી કામાના પુણ્ય માટે રૂ૧૦૦૦ નો પોરટ ટરસ્ટ બોંડ વ્યાજ વાપરવા આપયો અને જામે જમશેદ પત્ર મારફતે મળેલા રૂ૫૦ મલી કુલે રૂ૧૦૫૦ ભરાયા હતા.

જરથોસ્તી કોમના લાભ સાચવનારી મંડલી હસ્તકના શેઠ.એડનવાલાના ગરીબ જરથોસ્તીઓને ધધે રોજગારે લગાડવાના ફંડમાં શેઠ હોરમસજી કાવશજી દીનશાહ એડનવાલાએ ગરીબ પારસી બાઇઓને સીવવાના સાંચા અપાવવા માટે રૂ૨૦૦૦ અને જામે જમશેદ પત્ર મારફતે મળેલા રૂ૧૩૧ મલી રૂ૨૧૩૧ ભરાયા હતા.

જરથોસ્તી કોમના લાભ સાચવનારી મંડલી હસ્તકના જમશેદજી નસરવાનજી પીટીટ બહારકોટ લાઇબ્રેરી ફંડમાં મરહુમ શેઠ નસરવાનજી માણેકજી પીટીટના ધરમખાતાના ત્રસ્ટીઓએ ધી જ. ન. પીટીટ બાહરકોટ ઇમપરૂવમેન્ટ લાઇબ્રેરીના નીભાવ ખરચમાં વ્યાજ વાપરવા બાઈ દીનબાઇ પીટીટે આપેલા રૂ૧૨૦૦૦ ની જામીનગીરીઓનું સને ૧૯૧૫ ના સાલનું ઉપજેલું વ્યાજ રૂ૪૦૨–૧૨ આપયું હતું.

જરથોસ્તી કોમના લાભ સાચવનારી મંડલી હસ્તકના પારસી સ્ટારસ શોપ ખાતે ડા૦ હોરમસજી માણેકજી દારૂવાલાએ જુલાઈથી દીસેમબર ૧૯૧૫ સુધી દર માસે રૂ૨૫ લેખે ડોનેશનના આપ્યા રૂ૧૫૦ અને ડા૦ ફ્રામજી કાવશજી કાવારાણાએ સપટેમબરથી દીસેમબર ૧૯૧૫ સુધી દર માસે રૂ૧૦ લેખે ડોનેશનના આપયા રૂ૪૦ મલી રૂ૧૯૦ ભરાયા હતા.

જરથોસ્તી કોમના લાભ સાચવનારી મંડલી હસ્તકના સખાવત બંધારણ ફંડમાં (Charity Organization Fund) જામે જમશેદ પત્ર મારફતે મળેલા રૂ૩૫ ની રકમ હતી.

જરથોસ્તી કોમના લાભ સાચવનારી મંડલી હસ્તકના જનરલ ફંડમાં મરહુમ શેઠ એદલજી મે. દુબાશની યાદમાં રૂ૨૦ અને જામે જમશેદ પત્ર મારફતે મળેલા રૂ૧૦ મલી રૂ૩૦ ભરાયા હતા.

જરથોસ્તી ધરમ સંબંધી કેલવણી આપનારી અને જ્ઞાન ફેલાવનારી મંડલી હસ્તકનાં ખાતામાં ભરાયલા રૂ૩૦૦૦–૧૨ માની મુખ્ય રકમો:–શેઠો મેરવાનજી તથા હોરમજજી મનચેરજી કામા તે મરહુમ શેઠ ફ્રામજી મનચેરજી કામાનાં ધરમખાતાંના ત્રસ્ટીઓ રૂ૧૦૦, બાઈ હીરાંબાઇ જમશેદજી પીટીટ રૂ૧૦૦, મરહુમ શેઠ નવરોજી માણેકજી વાડીયાની મીલકતના ત્રસ્ટી સાહેબો રૂ૩૦૦, મરહુમ શેઠ નસરવાનજી મનચેરજી કામાના ધરમખાતાંના ત્રસ્ટીઓ રૂ૧૦૦, મરહુમ શેઠ હોરમજજી મનચેરજી કામાના ચેરીટી ત્રસ્ટ ફંડના ત્રસ્ટીઓ રૂ૧૦૦ અને શેઠ હોરમસજી કાવસજી દીનશાહ એમ. વી. ઓ. તરફથી મરહુમ બાઇ માણેકબાઈ હોરમજજી એદનવાલાની યાદમાં પુરાતન ઇરાનનો ઇતીહાસ ભાગ ૧ લો નામની ચોપડી છપાવી તૈયાર કરવાનાં ખરચ માટે રૂ૨૦૦૦ મલ્યા હતા.

અથોરનાન મંડળનાં ફંડમાં ભરાયલા રૂ૧૦૪૦-૮ માની મુખ્ય રકમો:–નામદાર જડજ સર દીનશાહ દાવર રૂ૩૦૦, શેઠ દીનશાહ મેરવાન ઇરાની રૂ૨૦૦, લેફટનંટ એમ. એમ. કાવસજી રૂ૧૦૦, "Abus" રૂ૨૫, એરવદ આદરજી મીનોચેરજી હોજદાર રૂ૨૫, બાઇ ખરશેદબાઈ કે. નરીમાન રૂ૨૫, રંગુનની બઝમે પારસી ઝોરાસ્ત્રીઅનના સભાસદો તથા બીજા રંગુનવાસી બાનુઓ તથા ગ્રહસ્થો તરફથી ભરાયલા રૂ૨૨૦–૮ માં ઓનરેબલ શેઠ મેરવાનજી કાવસજી રૂ૨૫, શેઠ નાનાભાઇ મેરવાનજી કાવસજી રૂ૨૫, "દીલસોઝ" રૂ૨૫ અને શેઠ શેરીઆર ખોદાબક્ષ ઇરાનીના રૂ૨૫ ની રકમો મુખ્ય હતી.

મુંબઈની જરથોસતી જશન કમીટી હસતકના જશન ફંડમાં ભરાયલા રૂ૧૫૬૩–૩ માંની મુખ્ય રકમો:–શેઠ હોરમસજી દીનશાહ એડનવાળાએ મરહુમ ધણીયાણીની યાદમાં ઝોરાસ્ત્રીયન બીલડીંગ સોસાયટીના શેરમાં રૂ૧૦૦૦, શેઠ પેસતનજી દીનશાહ ખાન રૂ૭૩, એક બાનુ રૂ૩૩, ધરમની પેટીમાંથી દીસાના જશનમાં રૂ૫૫–૪ અને ધરમની પેટીમાંથી બહમન અમસાસપંદના જશનમાં રૂ૬૨.

મુંબઈની જરથોસતી જશન કમીટી હસ્તકના દીસા પ્રાઇઝ ફંડમાં ભરાયલા રૂ૩૭૪ માની મુખ્ય રકમોઃ-એરવદ રૂસતમજી બેજનજી રાંનજી રૂ૧૦૧, એક જરથોસ્તી બાનુ રૂ૫૦, મહુના જરથોસ્તીઓ રૂ૪૧ અને ડા૦ દીનશાહ બમનજી માસતર રૂ૩૦.

શેહેનશાહી જશન મંડળીને ડોનેશન તરીકે મલેલા રૂ૪૨૨ માની મુખ્ય રકમોઃ-બાઇ સુના-બાઈ પોચાજી હો. જીજીભાઇએ મરહુમ ભત્રીજી પુતલીબાઇના પુણ્ય માટે રૂ૩૦ અને બાઇ સુનાબાઇએ મરહુમ મામાજી રતનજી સો. પોંચખાનાવાલાના પુણ્ય માટે રૂ૩૦ તથા બાઇ સુનાબાઇએ મરહુમ સસરા હોરમસજી બહમનજીના પુણ્ય માટે રૂ૩૦, બાઈ રૂપાંબાઇ બરજો-રજી પટેલે મરહુમ બેટા લેફ્ટનંટ માણેકજી બ. પટેલના પુણ્ય માટે રૂ૩૦, બાઈ બાઇઆઈ હોરમસજી કાંગાએ મરહુમ ખાવીંદ હોરમસજીના પુણ્ય માટે રૂ૩૦, બાઇ શીરીનબાઈ બમનજી પાલખીવાલાએ મરહુમ ખાવીંદ બહમનજીના પુણ્ય માટે રૂ૩૦, બાઈ બાઇઆઇ હોરમજી કાંગાએ મરહુમ બેટી રતન-બાઇની યાદમાં રૂ૩૦, શેઠ જમશેદજી બેજનજી સુનાવાલાએ મંડળીમાં લાઇફ મેમબર થયા તેની ફીના રૂ૫૧, શેઠ ખરશેદજી સોરાબજી કામાએ મરહુમ પીતાના પુણ્ય માટે રૂ૩૦, એક જરથોસતીએ મરહુમ પીતા રૂસતમજી તથા મરહુમ માતા પીરોજબાઇની યાદમાં રૂ૬૦, બાઈ આઈમાએ સોરાબજી પટેલે મરહુમ માતાજી ડોસીબાઇની યાદમાં રૂ૩૦ અને શેઠ જીજીભાઈ નશરવાનજી ખરેધાટે મરહુમ બેટા જમશેદના પુણ્ય માટે રૂ૩૦.

પારસી એમબયુલંસ ડીવીઝનના નીભાવ ફંડમાં તા૦ ૩૦મી આગસટ સુધી ભરાયલા ૧૪૭૭-૧૦ માની મુખ્ય રકમોઃ-સટેંડરડ ઓઇલ કં. ઓફ નયુયોરક રૂ૫૦, શેઠ આર. એચ. કાવારાણા રૂ૨૫, શેઠ સી. એસ. અડાજનયા રૂ૨૫, બાઈ હીરાબાઇ જમશેદજી પીટીટ રૂ૨૫, આર. એચ. પાટક રૂ૨૫, સર શાપુરજી બી. ભરૂચા રૂ૧૫૦, સર રતન જે. તાતા રૂ૩૦૦, શેઠ પીરોશાહ નશરવાનજી ગ્રાંટ રૂ૫૪, બાઇ મની એન. ડુમસીયા રૂ૩૦, બાઇ સાકરબાઇ એન. સંતોક રૂ૨૫, શેઠો જે. એન. કાપડયાની કં. રૂ૪૦, કોનસરટની આવકનો એક ભાગ ખાનબહાદુર પદમજી મારફતે રૂ૯૦૧, શેઠ રતનશાહ ફ. મોતીવાલા રૂ૫૦ અને ડા૦ કાવશ લાલકાકાની યાદમાં રૂ૩૦.

પુનાની યંગમેનસ ઝોરાસ્ત્રીઅન એસોસીએશનનાં ફંડમાં ભરાયલા રૂ૩૧૭ માની મુખ્ય રકમોઃ-ફંડની પેટી જશનો વખતે મુકેલી તેમાંથી નીકલેલા રૂ૪૨-૮-૪, નયુ ઝોરાસ્ત્રીઅન થીએ-ત્રીકલ કં. રૂ૪૫-૪, શેઠ શાપુરજી મનચેરજી બેકરીવાળા રૂ૨૫ અને સર શાપુરજી બરજોરજી ભરૂચા રૂ૨૫.

સેવા સદન સોસાયટીને તા૦ ૧ લી જુલાઇ ૧૯૧૫ થી તા૦ ૩૦મી જુન ૧૯૧૬ સુધી પારસીઓના મલેલા રૂ૪૪૪૧ માની મુખ્ય રકમોઃ-એક જરથોસ્તી રૂ૧૨૦૦, સર રતન જે. તાતા રૂ૫૦૦, શેઠ બે. મે. મલબારીની યાદમાં ધણીયાણીએ રૂ૫૦૦, સર દોરાબ જે. તાતા રૂ૨૫૦, શેઠ કાવશજી દાદાભાઈ દુબાશ રૂ૧૦૦, બાઇ હીરાબાઈ ફ. પીટીટ રૂ૧૦૦, શેઠ એફ. ઇ. દીનશાહ રૂ૧૦૦, એક જરથોસ્તીએ બાઇ ખરશેદબાઈ નાદીરશાહ એદલજી દીનશાહની યાદમાં રૂ૧૦૦, શેઠ આર. દી. એન. વાહાડયાના ધણીયાણી રૂ૬૪, બાઇ શીરીનબાઇ પી. એશપર રૂ૫૦, શેઠ ડી. તાતા રૂ૩૦, બાઇ રતનબાઇએ કાકી આવાબાઇની યાદમાં રૂ૨૫, શેઠો મેરવાનજી અને હોરમજી કામા રૂ૨૫, બાઇ સી. કે. મેહતા રૂ૨૫, બાઈ હીરાબાઈ ફરામજી કામા રૂ૨૫, શેઠ સોરાબજી બમનજી મોદીની યાદમાં રૂ૫૧, શેઠ એમ. એચ. તાલીયારખાનના ધણીયાણી રૂ૩૦, શેઠ એચ. એ. વાહાડયા રૂ૧૫૦, એક દોસ્ત રૂ૨૦૦, સર શાપુરજી બી. ભરૂચા રૂ૮૪, W. તરફથી રૂ૫૨, પારસી બાનુ રૂ૫૨, શેઠ સી. એમ. ભેસાન્યા રૂ૫૨, શેઠો ગોભાઈની કં. રૂ૫૨, શેઠ એમ. બી. કાશીનાથ રૂ૫૨, શેઠો માણેકજી પાલનજીની કં. રૂ૨૫, શેઠ એન. એમ. પાલીશવાળા રૂ૨૫ અને શેઠ એમ. ઈ. કાવારાના રૂ૨૫.

મુંબઈની ગઉ રક્ષક મંડલીના ફંડમાં પારસીઓના ભરાયલા રૂ૭૭ મા શેઠ પીરોશાહ હોરમજી ગીસ્તાના રૂ૨૫ મુખય હતા.

મુંબઈની પારસી પંચાયતને આગસ્ટ ૧૯૧૫ થી જુલાઇ ૧૯૧૬ સુધી જુદાં જુદાં ધણીઓ તરફથી રૂ૫૦૦ યા તેથી વધુ મલેલા રૂપયાની વીગતઃ- શેઠ નવરોજજી કાવસજી સાહેરે મરહુમ ધણીઆણીને નામે જુદું ખાતું પાડવા રૂ૫૦૦૦, બાઇ ધનબાઇજી પેસતનજી હકીમે જુદું ખાતું પાડવા રૂ૧૨૦૦૦, મરહુમ શેઠ સોરાબજી બેરામજી ભાભાના એકઝીકયુટરોએ જુદું ખાતું પાડવા રૂ૩૮૦૦૦, શેઠો નશરવાનજી જમશેદજી હારદા, પેસતનજી જ. હારદા તથા બાઇ તેહમીના જ. હારદા તરફથી રવાનોને અવલમંજલ પોંહચાડવાના ફંડમાં રૂ૫૦૦ અને મુંબઇની આંધલાં પાંગલાં તથા લાચાર જરથોસતીઓની પરવરસી કરવા માટે પગાર આપવાના ફંડમાં રૂ૫૦૦ મલી રૂ૧૦૦૦, ખાનસાહેબ કુંવરજી ખરસેદજી મેહતાએ ગરીબ પારસી બીમારોને હવાના ફેરફાર માટે જવા કાજે અને હડખાં અથવા બીજાં દરદોના ઈલાજ વીગેરે સબબો માટે મદદ કરવાના ફંડમા રૂ૧૦૦૦, શેઠ ફરામજી બમનજી પાલખીવાલાએ ઝાંબોરડીની જરથોસ્તી અંજુમનનાં ખાતાંમાં રૂ૫૦૦, મરહુમ શેઠ જાંગીરજી હોરમસજી દાદીશેઠનાં વીલનાં એકઝીકયુટરોએ મરનારને નામનું જુદું ખાતું પાડવા રૂ૫૦૦, મરહુમ બાઇ ભીખાઇજી સી. એનડરસનના એકઝીકયુટરોએ પારસી સંકટ નીવારણ ફંડમાં રૂ૧૦૦૦, મરહુમ શેઠ એદલજી મેરવાનજી દુબાશના વીલના એકઝીકયુટરોએ જુદું ખાતું પાડવા રૂ૧૦૦૦૦, બાઇ પુતલીબાઈ ધનજીશાહ કેપટને બાપ વીનાના બચ્ચાં વગેરે માટે રૂ૫૦૦, બમનજી દીનશાહ પીટીટ પારસી જનરલ હાસપીટલના ફંડમા રૂ૫૦૦ અને પારસી પંચાયતના વખતો વખતના ત્રસ્ટીઓએ પોતાની નજરમાં આવે એવા જરથોસ્તીઓના ફાયદાને માટે ચુંટી કહાડેલા સખાવતી કામ યા કામોમા વાપરવા માટેના ફંડમા રૂ૫૦૦ મલી રૂ૧૫૦૦, બાઇ શીરીનબાઈ કાવસજી મેહેતાએ જરથોસ્તી વીદયારથીઓને વીદયા અભયાસ માટે મદદ કરવાના ફંડમાં રૂ૫૦૦, બાઇ રતનબાઇ મેરવાનજી ખરેધાટે પોતે તથા બેહનોએ મળી મરહુમ શેઠ શાપુરજી જીવાજી માણેકજી વાછાએ પોતાના બેશીઓનાં પુણ સારૂ કરેલા ધરમખાતાંમાં રૂ૭૦૦, શેઠો જાંગીર તથા કેખશરૂ હોરમસજી કામાં તરફથી મરહુમ શેઠ હોરમસજી મનચેરજી કામાંને નામનું તેઓનાં કુટુંબીઓ તરફનું ખાતું પાડવા રૂ૫૩૦૦ મરહુમ એરવદ એદલજી કેરસાસ્પજી આંટીયાની યાદગારીનાં ફંડમાં નાણા ભરનારા તરફથી મરહુમને નામનું જુદું ખાતું પાડવા રૂ૩૦૦૦, શેઠ જેહાંગીર બમાનજી પીટીટે કુલ જરથોસ્તી રવાનોને અવલમંજલ પોંહચાડવાના ફંડમાં રૂ૫૦૦, શેઠ બેજનજી હોરમસજી આલબલેસ અને બીજા એકઝીકયુટરો તરફથી ચોપાટીની પારખ ધરમશાળા ફંડના ઉપયોગ માટે રૂ૩૦૦૦, બાઈ જરબાઈ હોરમસજી તરફથી જરથોસ્તી વીદયારથીઓના વીદયઅભયાસ ફંડના ઉપયોગ માટે રૂ૧૦૦૦, શેઠ એદલજી નશરવાનજી દુબાશે ચોપાટી ખાતેની પારખ ધરમશાળા ફંડના ઉપયોગ માટે રૂ૩૦૦૦ તથા ગરીબ પારસી બીમારોના હવા ફેરફાર માટેના ફંડના ઉપયોગ માટે રૂ૫૦૦ મલી રૂ૩૫૦૦, બાઈ જરબાઇ પેસતનજી પાંડે રૂ૫૦૦, બાઇ શીરીનબાઇ બમનજી પાલખીવાલાએ રૂ૫૦૦, શેઠ એંચ.જે. હોરમસજી (સીકંદરાબાદથી) રૂ૧૫૦૦, અને શેઠો જમશેદજી મા. શેઠના, દારાશાહ પા. શેઠનાં, તથા અરદેસર માં. શેઠના તરફથી રૂ૫૦૦ મલી રૂ૩૦૦૦ બમનજી દીનશાહ પીટીટ પારસી જેનરલ હાસપીટલના ઉપયોગ માટે, બમનજી દીનશાહ પીટીટ પારસી જેનરલ હાસપીટલના ઓનરરી સેકરેટરી તરફથી હાસપીટલનાં ખાતા માટે રૂ૧૯૨૦૧, ખેરગામની જરથોસ્તી અંજુમનનાં કારોબારીઓએ પોતાની અંજુમનનાં ખાતાંમાં રૂ૫૦૦, કરંજની જરથોસ્તી અંજુમનના કારોબારીઓએ પોતાના અંજુમનનાં ખાતાંમાં રૂ૧૫૦૦, જહાંબોરદી જરથોસ્તી અંજુમનનાં કારોબારીઓએ પોતાની અંજુમનનાં ખાતાંમાં રૂ૧૧૩૦૦, વેસુગામની જરથોસતી અંજુમનના કારોબારીઓએ પોતાની અંજુમનનું ખાતું પાડવા માટે રૂ૩૦૮૦, નાગપોર તથા કામટીની જરથોસતી અંજુમનનાં ઓનરરી સેકરેટરીએ પોતાની અંજુમનનાં ખાતાંમાં રૂ૫૦૦, દમણના જરથોસતી અંજુમનનાં કારોબારીઓએ પોતાની અંજુમનનાં ખાતાંમાં રૂ૫૦૦૦, માંડવી તાલુકાની જરથોસતી અંજુમનનાં ફંડના ઓ૦ સેકરેટરીએ પોતાની અંજુમનનાં

ખાતાંમાં રૂ૧૦૦૦, મઉની જરથોસતી અંજુમનનાં કારોબારીઓએ પોતાની અંજુમનના ખાતાંમા રૂ૨૦૦૦, ખંબાતની જરથોસતી અંજુમનનાં કારોબારીઓએ પોતાની અંજુમનના ખાતાંમાં રૂ૭૦૦, વડોદરા શેહર તથા કેમપની જરથોસ્તી અંજુમનનાં ફંડનાં કારોબારીઓએ પોતાની અનજુમનનાં ખાતાંમાં રૂ૨૦૦૦, વડોદરા શેહેર તથા કેમપના જરથોસતી રવાનોને અવલમંજલ પોંહચાડવાનાં ફંડનાં કારોબારીઓએ પોતાના ખાતાંમાં રૂ૨૦૦૦, ચીખલી જરથોસ્તી અંજુમન ફંડના કારોબારીઓએ પોતાના ખાતાંમાં રૂ૧૫૦૦, સરોંડા જરથોસ્તી અંજુમન ફંડના કારોબારીઓએ પોતાનાં ખાતાંમાં રૂ૧૦૦૦, શોલાપુર જરથોસતી અંજુમન ફંડના કારોબારીઓએ પોતાનાં ખાતાંમાં રૂ૧૦૦, સુરત પારસી અંજુમનનાં ફંડ ખાતાંમાં નીચલી રકમો મળી હતીઃ—સુરત પારસી અંજુમનના કારોબારી સાહેઓએ પોતાના ખાતાંમાં રૂ૨૦૦૦, શેઠ પેસતનજી ડોશાભાઈ મારકરે વેસુ ગામની મારકર સકુલમાં જરથોસતી ધરમ શીક્ષણની કેળવણી આપવાનાં નીભાવ ફંડમાં રૂ૫૦૦, સુરત પારસી અનજુમનનાં ફંડના સેકરેટરીએ સુરતનાં પારસી સુવાવડખાનાં માટે મળેલા પોતાનાં ખાતાં માટે મોકલેલા રૂ૧૫૦૦૦, શેઠ રૂસતમજી મનચેરજી કુકાએ સુરત પારસી સુવાવડખાતાંમાં રૂ૨૦૦૦, એ ઉપરાંત શેઠ ઉકરજી કાવસજી ઉમરીગરે રૂ૨૦૦૦, શેઠ પેસતનજી ડોશાભાઈ મારકરે રૂ૨૦૦૦, ડા૦ જમશેદ પા. મોતાફ્રામના તથા બાઇ ગુલબાનું જ. પા. મોતાફ્રામનાએ રૂ૨૦૦૦, શેઠ જમશેદજી નવરોજી ગાંધીએ રૂ૧૦૦૦, શેઠ ખરશેદજી અરદેશર દલાલે રૂ૧૦૦૦, શેઠ રૂસતમજી મનચેરજી કુકાએ ૧૨૮૫ ય. નાં નવા વરસ ટાંકણે જરથોસ્તીઓમાં એક લીસ્ટ ફરતું કરી ભરાવેલા રૂપયામાંથી જામીનગીરી ખરીદી સુરતનાં કારોબારીઓએ મોકલેલા રૂ૧૪૦૦, શેઠો કાવસજી ધનજીભાઈ તારાચંદે તથા પેસતનજી ધનજીભાઇ તારાચંદે રૂ૫૦૦૦, શેઠ કાવસજી ધનજીભાઈ ધનભુરાએ રૂ૨૦૦૦, શેઠ નવરોજી બમનજી વકીલે રૂ૧૦૦૦, શેઠ ડોસાભાઇ મેરવાનજી કરાકાએ રૂ૧૫૦૦, શેઠ અરદેશર બમનજી ચોઠીઆએ રૂ૧૫૦૦, શેઠ ધનજીભાઈ બરજોરજી પટેલે રૂ૧૦૦૦, મરહુમ શેઠ દોસાભાઇ ધનજીશાહ નેતરવાલાનાં ધરના ટ્રસ્ટીઓએ રૂ૭૧૦૦, શેઠ રૂસતમજી મનચેરજી કુકાએ રૂ૩૦૦૦, બાઈ જાઇજી શાપુરજી મીસ્રીએ રૂ૧૦૦૦ શેઠ બરજોરજી સોરાબજી ગોદરેજે રૂ૨૦૦૦, બાઇ હીરાંબાઈ જમશેદજી પીટીટે રૂ૫૦૦, અને દાદાભાઈ રતનજી બલસારાએ રૂ૫૦૦ સુરત પારસી આરફ્નેજના ઉપયોગ માટે આપ્યા હતા. બાઇ આબમાય સોરાબજી સોડાવાટરવાળાએ પોતાના મરહુમ ખાવીંદનાં પુણ અરથે ડુંગરવાડી ઉપર વાપરવા સારૂ ત્રાંબાનાં ૧૦૧ ગલાસ (પુલીઆં) ભેટ આપયાં છે.

મુંબઇની પારસી પંચાયત હસતકના હયુઝ રોડ ઉપર નંબર ૧૨ વાલા પલોટ ઉપર મરહુમ શેઠ ખરશેદજી જહાંગીરજી તારાચંદનાં બેટીઓએ પોતાના માતપીતાના પુણ માટે બે ગાળાનું એક મકાન બંધાવયું હતુ તે તઇયાર થવાથી ગયા નવેમબરથી ભાડે આપવામાં આવયું છે. જયારે ઉતર તરફના નંબર ૫ વાલા પલોટ ઉપર શેઠ નવરોજી નસરવાનજી વાડીયા, સી. આઈ. ઇ. ની યાદગારી કાયમ રાખવા તેવણનાં ધણીયાણી જરબાઇ અને દીકરા રૂસતમજીએ એક મકાન ધરમખાતે રૂ૬૦૦૦૦ ને ખરચે બંધાવી આપવા કબુલ્યું છે. એ મકાન બે ગાલાનું ને બે માલનું થશે અને એમાં છ ભાડુતો પુરાં પણ વાજબી ભાડે રાખવામાં આવશે. નંબર ૧૧ વાળા પલોટ ઉપર બે ગાળાનું એક મકાન બાંધવામાં આવનાર છે તેમાંનો એક ગાળો મરહુમ શેઠ દોરાબજી એદલજી મોદીની યાદમાં બાંધવા માટે મરનારનાં માતાજી જરબાઇ એ. મોદી અને બેટાઓ રૂ૧૫૦૦૦ અથવા વધુ આપનાર છે. બીજા ગાળા માટે મરહુમ બાઇ બાઇઆઇ મનચેરજી નસરવાનજી મોદીની યાદમાં બાંધવા કાજે તેમના એકઝીકયુટરો દીનબાઇ નશરવાનજી મોદી વગેરે તરફથી રૂ૧૩૦૦૦ મરહુમ બાઇ બાઈઆઇની મીલકતમાંથી અને બાકી રૂ૨૦૦૦ અથવા વધુ બાઇ દીનબાઇ પોતાની ગીરોથી આપનાર છે. નંબર ૧૩ વાળા પલોટ ઉપર બે ગાળાનું એક મકાન સુમારે રૂ૩૧૦૦૦ થી બાંધવાનું ઠરાવયું છે તેનો એક ગાળો રૂ૧૫૫૦૦ થી બાંધવા માટે બાઇ કું

રૂબાઇ પેસતનજી વકીલે કબુલ્યું છે. નંબર ૧૪ વાળા પલોટ ઉપર મરહુમ બાઇ સુનાબાઇ મેરવાનજી તારાચંદના ત્રસ્ટદીદના ત્રસ્ટીઓ શેઠ જહાંગીર મેરવાનજી તારાચંદ, બાઇ શીરીનબાઇ મેરવાનજી તારાચંદ અને શેઠ જમશેદજી મેરવાનજી તારાચંદે રૂ૧૫૦૦૦ ના ખરચે બંધાવી આપશે. હાસપીટલો વીગેરે ઠેકાણેથી બહારથી આવતા રવાનોને અવલમંજલ પોંહચાડવા આગમચ ક્રીયા કરવાને માટે ડુંગરવાડી ઉપર ધરમશાળાની પડોશમાં એક મકાન હતું. તેની નજદીક હાલ વસવાટ માટે હ્યુઝ રોડ ઉપર નવાં મકાનો બાંધેલા હોવાથી ડુંગરવાડી ઉપર સર જમશેદજી રોડ ઉપર નવું સગવડ ભરયું મકાન બાંધવામાં આવયું છે તેમજ જેઓને ત્યાં રવાનોને મેળવા અને ક્રીયા કરવા પુરતી સગવડ નહી હોય તેઓને સગવડ આપવા કાજે એ મકાનમાં પુરતી સગવડ રાખી છે. ઓટલે આવનારાઓ માટે એની નજદીક એક પેવીલીયન ઉભો કરયો છે. રોજ ૨ જો માહા ૩ જો તા૦ ૧૩મી નવેમબર ૧૯૧૫ ને વાર શનીથી નીચેના મકાનનો વપરાસ બંધ કરી ઉપરનાં મકાનનો વપરાસ ચાલુ કરવામાં આવયો છે.

ઇરાન દેશ મધે રહેનારા ગરીબ જરથોશતીઓની હાલત સુધારનારાં ધર્મખાતાંને તા૦ ૮ મી સપટેમબર સુધી નીચે મુજબ મદદ મળી હતીઃ—સર દોરાબજી જે. તાતા નાઇતે દર માસે રૂ૧૦૦ લેખે રૂ૧૨૦૦, સર રતન જે. તાતા નાઇતે દર માસે રૂ૧૦૦ લેખે રૂ૧૨૦૦ અને શેઠ ન. મા. વાડીયં સી. આઇ. ઇ. ના ધરમખાતાના ત્રસટીઓએ દર માસે રૂ૧૦૦ લેખે રૂ૧૨૦૦ આપયા હતા તે મળી રૂ૩૬૦૦ તેહરાનની સ્કુલોમાં કેળવણી પાછળ ખરચવા મળયા હતા, શેઠો રૂસતમ ખુશરોની કં. રૂ૧૦૦, શેઠ બેહરામ રૂસતમ બેહરામ રશીદ રૂ૩૬ અને શેઠ શાહમરદાન ઇરાન ખોરમશાહી રૂ૩૬ મળી રૂ૭૨ ખોરમશાહની સ્કુલને વાર્ષીક મદદ તરીકે મળયા હતા, શેઠ અરદેશર ખરશેદજી ઇરાનીએ રૂ૧૭૫ ખોરમશાહ મધે ધહમબાર કરવા માટે આપયા, શેઠ બેરામ રૂસતમ બેરામ રશીદ ખોરમશાહીએ ખોરમશાહ બામની દરેમેહરમાં કાઠી સુખડ આપવા માટે વ્યાજ વાપરવા રૂ૧૦૦૦, પુનાવાળા શેઠ ખોદાદાદ રૂસતમ ખોરમશાહીએ ખોરમશાહ સ્કુલની મરાતમ માટે આગળ આપેલા રૂ૧૦૦૦ માં બીજા રૂ૧૦૦૦ આ વરસે આપયા કે રૂ૨૦૦૦નું વ્યાજ વાપરવું, નવજોત માટે રૂ૧૦૦૦, ખોરમશાહની સ્કુલ માટે સ્કોલરશીપ આપવા રૂ૨૦૦૦, ખોરમશાહ મધે ધહમબાર કરવા રૂ૨૦૦૦, બાજ અને આંધળાં લુલાંને અનાજ આપવા રૂ૨૦૦૦, ખોરમશાહની નિશાળ મધે અંગ્રેજી કેળવણી આપવાના ફંડમાં રૂ૩૦૦૦ અને ખોરમશાહ ગામ મધે કોઇ ગરીબ જરથોશતીઓનાં લગન કરવા માટે રૂ૧૦૦૦ મળી કુલે રૂ૧૨૦૦૦ તેનું વ્યાજ વાપરવા આપયા હતા, શેઠ હોરમઝદ શેહરયાર મારફતે ધહમબાર માટે વ્યાજ વાપરવા રૂ૫૦૦, શેઠ ફરેદુન શેહરયારે ધહમબાર માટે વ્યાજ વાપરવા રૂ૫૦૦૦ અને શેઠો બસ્તત તથા સોરાબ અરદેશર ઇરાનીએ મોરયાબાદની અગીયારી મધે તેલ કાઢી આપવા માટે વ્યાજ વારવા રૂ૫૦૦ આપયા હતા. આ ફંડમાં અગાઉ મળેલા સાથે લેતા કુલે જામીનગીરીઓ રૂ૪૩૩૦૦ ની મળી છે.

સુરતના આસો જરથોસ્ત સ્પેન્તમાનના શહેનશાહી દીશાના ફંડમાં ભરાયલા રૂ૪૩૬ આની મુખ્ય રકમોઃ—શેઠ બરજોરજી રતનજી વાહાડીયાએ મરહુમ શેઠ રતનજી નશરવાનજી વાહડીઆના પુણ્ય માટે રૂ૧૦૦, શેઠ કાવશજી જમશેદજી એંટીએ બાવાજી જમશેદજીના પુણ્ય માટે રૂ૧૦૦, બાઇ જરબાઇ માણેકજી આદરજી તાડીવાલાએ માતાજીના પુણ્ય માટે રૂ૧૦૧, બે જરથોસતી બાઇઓએ મરહુમ બા૦ બા૦ બહમનજી એદલજી મોદીની યાદમાં રૂ૨૫, અને શેઠ શહેરયારજી બરજોરજી મોદીએ માતાજી ધનબાઇજીના પુણ્ય માટે રૂ૧૦૦.

સુરતના ગોપીપુરાના જરથોશ્તી અંજુમનના ગાહમબાર તથા જશન ફંડમાં ભરાયલા રૂ૮૦માં શેઠ જમશેદજી દાદાભાઈ શીગણપોરવાલાએ પોતાના ધણીયાણીનાં પુણ્ય માટે લાકડાની ખુરસીઓ ખરીદવા આપેલા રૂ૪૫ ની રકમ મુખ્ય હતી.

ઓનરેબલ જસટીસ સર દીનશાહ ધનજીભાઈ દાવરના મરણના દીવસે અથોરનાન અંજુમને તરફથી બાજ કરી ધારમીક ક્રીયાઓ કરવા માટે ઉઘાડેલા ફંડમાં ભરાયલા રૂ૯૫ માંની મુખ્યં રકમો:—એરવદ પેસતનજી રતનજી ઈચ્છાપોરયા રૂ૨૫, અને એરવદ જામાસપજી મોટાભાઇ બીલીમોરયા રૂ૨૫.

સુરત નજદીક આવેલાં વેસુ ગામના મુકતાદ ફંડમાં ભરાયલા રૂ૨૯૪ માંની મુખય રકમો:—વેસુ ગામના જરથોસતીઓ રૂ૫૧, અને મરહુમ શેઠ રૂશતમજી દોરાબજી વેસુનાનાં ઉઠમણામાં ખેશીઓએ ભરેલા રૂ૪૨. એ ઉપરાંત કેટલાંક જરથોસતીઓએ લાઇટ માટે દીવેલ મોકલ્યું હતું.

જામે જમશેદ આશીસ હસ્તકના ગરીબ જરથોસતીઓને મદદ કરવાનાં ફંડમાં ભરાયલા રૂ૨૮૬૫ માંની મુખ્ય રકમો:—મરહુમ બાઇ ધનમાય પીરોશાહ ગોઇપોરીયાની યાદમાં શેઠ પાલનજી નવરોજી કાપડયા તથા કુટુંબે રૂ૧૦૦, મઉના જરથોસતી રૂ૧૦૧, બાવાજી પાલનજી નશરવાનજી ફરેંચમેનની યાદમાં છોકરાઓએ રૂ૫૦, દીકરા બમનજીની નવજોતની ખુશાલીમાં શેઠ અરદેશર બમનજી દુબાશ અને ધણીયાણીએ રૂ૧૦૧, મરહુમ માતાજી શીરીનબાઈના પુણ માટે બેટા નસરવાનજી સોરાબજી ગજદરે રૂ૫૦, મરહુમ મામાજી રૂસતમજી માણેકજી મુલ્લાં ફીરોઝની યાદમાં ભાઇઓ હોમી માણેકે રૂ૧૦૦, એક જરથોસતી રૂ૫૦, From Badrida રૂ૫૦, માતાજી ખરશેદબાઇ નાદીરશાહ એ. દીનશાહની યાદમાં ડા૦ ફીરોઝ સી. ભરૂચાએ રૂ૫૦, બાઇ માણેકબાઈ સોરાબજી મોદીના ઉઠમણામાં એવણની પુંજીમાંથી ભરેલા એવણના એકઝીકયુટરો તરફથી રૂ૧૦૦, મરહુમ બાઈ ખોરશેદબાઈ નાનજીના ઉઠમણામાં મરહુમની પુંજીમાંથી રૂ૧૦૦, અને બાઇ ખરશેદબાઇની યાદમાં રૂ૫૦.

જામે જમશેદ આશીસ હસ્તકના ડા૦ બાહાદુરજી દેવલાલી સેનેટરીયમના દરદીઓને ખોરાકી માટે ઉઘાડેલાં રૂ૨૦૦૦૦ વાળા જાથુકના ફંડમા આ વરસે ભરાયલા રૂ૫૨૨૯ માની મુખય રકમો:—મરહુમ બાઇ ધનમાય પીરોશાહ ગોઇપોરીયાની યાદમાં શેઠ પાલનજી નવરોજી કાપડયા તથા કુટંબે રૂ૧૦૦, બાઇ મીઠીબાઇ સોરાબજી પી. દુબાશ મારફતે ભરાયલા રૂ૭૪૩ માં શેઠો કાવશજી એંડ સનસ રૂ૭૫, શેઠો જીવણજી પેસતનજી એંડ સનસ રૂ૫૧, શેઠ બરજોરજી કાવશજી દુબાશ રૂ૫૦ અને શેઠ પેસતનજી ભીખાજી દુબાશના રૂ૫૦ ની રકમ મુખ્ય હતી, Badrida રૂ૫૦, શેઠ નશરવાનજી સોરાબજી ગઝડર રૂ૫૧, મરહુમ બાઈ મોતીબાઇ હીરજીભાઈ દલાલનાં ઉઠમણામાં ભરાયલામાંથી રૂ૫૦; મરહુમ બાઇ આઇમાય નશરવાનજી બાઇસની યાદમાં રૂ૫૦, મરહુમ ભાઈ ધનજીભાઇ રૂસતમજી બેક્ષતરની યાદમાં ભાઇ ખરશેદજી રૂ. બેક્ષટરે રૂ૨૫૦, મરહુમ ભાઇ ધ. રૂ. બેક્ષતરની યાદમાં બેન પીરોજબાઇ કેખશરૂ દાવરે રૂ૨૫૦, મરહુમ ભાઈ ધ. રૂ. બેક્ષતરની યાદમાં બેન શીરીનબાઇ દીનશાહ દારૂવાળાએ રૂ૨૫૦, મરહુમ બાવાજી અરદેશર પેસતનજી શેઠનાની નઇયતે બાઇ આલીબાઇએ રૂ૫૦, Badrida રૂ૧૦૦, બાઇ માણેકબાઇ સોરાબજી મોદીના ઉઠમણામાં એવણની પુંજીમાંથી ભરેલા એવણના એકઝીકયુટર તરફથી રૂ૧૦૦, મરહુમ શેઠ કેખશરૂ હોરમજી પટેલની પુંજીમાંથી મરહુમ શેઠ માણેકશા પીરોશાહ આંટના પુણ માટે રૂ૨૫૨, મરહુમ શેઠ કે. હો. પટેલની પુંજીમાંથી ડા૦ મેરવાનજી જ. હકીમના પુણ માટે રૂ૧૦૧, Love તરફથી રૂ૫૦, મરહુમ બેન કુવરબાઈ ફરામજી શા. મેહતાની યાદમાં મરહુમના ભાઇઓએ રૂ૫૦, ધણી બેજનજી નાનાભાઇ કાપડયાના પુણ માટે રૂ૫૦, લોડજ દેવલાલી નંબર ૩૭૧૦ ઇ. સી. ના સેક્રેટરી શેઠ આર. એમ. ફરામરોઝ તરફથી રૂ૫૦, મરહુમ મોહોરદારની યાદમાં જરથોસતીએ રૂ૫૦, બોંબે મેડીકલ સરવીસવાળા ડા૦ દીનશાહ હોરમસજી મોતીવાળાએ રૂ૧૦૦૦ ની કીમતના ઝોરાસ્ત્રીયન બીલડીંગ સોસાયટીના ૧૦ શેર મોકલી આપયા છે કે એનું વયાજ દરદીઓને ખોરાકી દવા વગેરેના કામમાં વાપરવું એ ઉપરાંત બે વરસનું ચહડી ગયલું વયાજ રૂ૮૦ પણ ઉપલાંજ કારણ માટે આપયું, (મજકુર શેઠે શેરો ત્રસટીના નામપર ત્રાનસફર કરવા માટે રૂ૧૦ ની નોટ બીડી હતી), દીકરા બમનજીની નવજોતની ખુશાલીમાં શેઠ અરદેશર બમનજી દુબાશ અને ધણીયાણીએ રૂ૧૦૧, મરહુમ બેન મીઠીબાઇ નશરવાનજી શરાફના પુણ માટે એવણની પુંજીમાંથી એકજીકયુટરો

ભાઇઓ હોરમજી તથા વીકાજી ન. શરાફે રૂ૧૦૦, મરહુમ ભાઇ કામાજી બેરામજી નવરોજી કામાની યાદમાં રૂ૫૦૦ ની લોન વ્યાજ વાપરવા શેઠ તે. રૂ. ન. કામાએ આપી, બાઇ સુનાબાઇ અરદેશર કુપરની અસકયામત મધેથી તેઓના એડમીનીસ્ટ્રેટરો અરદેશર એદલજી કુપર તથા માણેકજી બમનજી મેહેતા તરફથી રૂ૫૦, મરહુમ બાઇ ધનબાઇજી જમશેદજી બાઇસની યાદમાં રૂ૫૧, ડા૦ કાવસ લાલકાકાની યાદમાં રૂ૫૦, મરહુમ પીતા બરજોરજી માણેકજી પટેલની નઇયતે રૂ૫૦૦, મરહુમ બાઇ માણેકજી બરજોરજી પટેલની નઇયતે રૂ૧૦૦, મરહુમ ડા૦ કાવસ લાલકાકાની યાદમાં શેહેંગાઇથી એક દોસતે રૂ૫૦, From Bandra રૂ૫૦ અને મરહુમ બેન કુવરબાઇ ફરામજી મેહતાની યાદમાં ભાઇઓએ રૂ૫૦. આ ફંડમાં બધા મલી કુલે રૂ૧૫૬૨૨ ભરાયા હતા.

જામે જમશેદ આફીસ હસ્તકના મરહુમ ડા૦ કે. એન. બહાદુરજી દેવલાલી સેનેટરીયમના ફંડમાં ભરાયલા રૂ૧૮૮૪ માંની મુખ્ય રકમોઃ—મરહુમ ખા૦ બા૦ ધનજીશાહ હોરમજી કરાકાની યાદમાં ધણીયાણી માણેકબાઇએ રૂ૧૦૦ અને તીજોરીમાંથી મળેલા રૂ૯૧–૬.

જામે જમશેદ આફીસ હસ્તકના મરહુમ શેઠ ન. મા. પીટીટવાળા દીવાનાઓના ફંડમાં ભરાયલા રૂ૧૫૭૨ માંની મુખ્ય રકમોઃ—Love તરફથી રૂ૧૦૦, મરહુમ બાઇ ધનમાય પીરોજશાહ ગોઇ-પોરયાની યાદમાં શેઠ પાલનજી નવરોજી કાપડયા અને કુટુંબે રૂ૧૦૦, જરથોસતીની યાદમાં રૂ૫૦, જરથોસતીઓનો અદના હીસ્સો રૂ૫૧, શેઠ નશરવાનજી સોરાબજી ગજદર રૂ૫૧, મરહુમ બાઇ ધનબાઇજી જમશેદજી બાઇસની યાદમાં રૂ૫૧, હું જલદી સારી થાઉં એવી દુવા સાથે રૂ૧૦૦, અને મરહુમ બાઇ નાજાંમાય કાવશજીમા. દારૂવાલાના પુણ માટે બાઇ આવાબાઇ માણેકજી દારૂવાલાએ રૂ૧૦૧.

જામે જમશેદ આફીસ હસ્તકના ખંડાલા સેનેટરીયમ ફંડમાં ભરાયલા રૂ૧૫૦ માં Love તરફના રૂ૧૦૦ ની રકમ મુખ્ય હતી.

પુણા ખાતેના પારસી વીધ્યારથીઓને મદદ કરવાના ફંડમાં ભરાયલા રૂ૩૮૩૧ માંની મુખ્ય રકમોઃ—સર શાપુરજી બી. ભરૂચા રૂ૫૦૦, કલકતાના જરથોસતી રૂ૧૦૧, શેઠ શાપુરજી રાંદેરીયાએ દીકરી બચુબાઈ તે શેઠ ડોશાભાઇ મે. કરાકાના ધણીઆણીના ઉઠમણામાં ભરાયલા રૂ૫૦, શેઠો રૂસ-તમજી તથા નશરવાનજી નાનાભાઇ બાઇસ રૂ૫૦, કલકતાના બે જરથોસતી ભાઇઓ રૂ૨૫૦, કલકતાના જરથોસતી અહસથે ૧૯૧૬ નો લવાજમ રૂ૧૨૦, નેપીયર સીનેમા કંપનીના ખેલની આવક શેઠ એ. કે. પટેલ તરફથી રૂ૧૩૯–૮, સર રતન જે. તાતા રૂ૨૦૦, શેઠ રૂસતમજી અરદેશર વહાડયાના પુણ માટે રૂ૫૦, મરહુમ શેઠ ન. મા. વાહડયાના ટરસટીઓ રૂ૬૦૦, શેઠ ખોજેસતા કે. સીરવાઇ રૂ૫૦, મરહુમ ભાઈ અરદેશર નવરોજી કપટાનની યાદમાં બહેન મહેરાં ફીરોઝશાહ મહેતાએ રૂ૫૦, મરહુમ શેઠ નાનાભાઈ કાવશજી મરચંટના ઉઠમણામાં ભરેલા ધણીયાણી હીરાબાઇએ રૂ૫૦ તથા દીકરા બર-જોરજીએ રૂ૨૫, શેઠ ખુદાદાદ રૂશતમ ઇરાની રૂ૧૦૧ અને મરહુમ ભાઈ પીરોઝશાહ હોરમજી જીવણજીની યાદમાં વ્યાજ વાપરવા રૂ૨૫૦.

મુંબઇની પારસી પંચાયત હસ્તકના પારસી સંકટ નીવારણ ફંડમાં ભરાયલા રૂ૧૨૩૨ માંની મુખ્ય રકમોઃ—બાઇ ભીખાઇજી સોરાબજી એન્ડ સનના એકઝીક્યુટરો તરફથી રૂ૧૦૦૦ ની સરકારી નોટ, પારસી બાનુ રૂ૨૫, ભાણેજ દારા રૂ૨૫, મરહુમ બાઇ સુનાંબાઈ અરદેશર કુપરની અસકયા-મતનાં એડમીનીસ્ટ્રેટરો અરદેશર એદલજી કુપર અને માણેકજી બમનજી મેહેતાએ રૂ૫૦ અને એક પારસી રૂ૪૫.

શેઠ નશરવાનજી માણેકજી પીટીટવાળા ગરીબ જરથોસ્તી દિવાનાઓને મદદ કરવાના ફંડમાં એ ફંડની હારીસમાં તા૦ ૮ મી સપટેમબર સુધી ભરાયલા રૂ૩૭૫૦ માંની મુખ્ય રકમોઃ—ડેંગ-ડોંગવાલા મરહુમ શેઠ હોરમસજી નશરવાનજી કુપરના ધરમખાતાંના ટ્રસ્ટીઓએ વ્યાજ વાપરવા રૂ૭૦૦ અને શેઠ નવરોજી માણેકજી વાડીઆના ધરમખાતાંના ટ્રસ્ટીઓ રૂ૧૦૦૦.

મુંબઇના નાવારેસ ઇરાંની જરથોસ્તીઓને વાસતે કીધલાં ધરમ ખાતાંના લાભ માટે ધરમના મકાનોમાં મેલેલી પેટીઓ તા૦ ૬ ઠી આગસટે ઉઘાડી તેમાં મરહુમ શેઠ કાવસજી બેહેરામજી બનાજીનાં આતશબેહેરામની પેટીમાંથી રૂ૭૧-૮-૩, મરહુમ શેઠ હોરમસજી બમનજી વાડીયાજીનાં આતશબેહેરામની પેટીમાંથી રૂ૧૩-૧૫ અને મરહુમ શેઠ દાદીભાઈ નશરવાનજી દાદીશેઠનાં આતશબેહેરામની પેટીમાંથી રૂ૧૨-૧૩-૬ મળી જુમલે રૂ૯૮-૪-૯ મળ્યા હતા.

સર શાપુરજી બરજોરજી ભરૂચા દલાલ ફંડમાં ભરાયલા રૂ૧૯૭૦ માં સર શાપુરજી બી. ભરૂચા રૂ૧૫૦૦૦, શેઠો બાટલીવાળા અને કરાણીની કં. રૂ૫૦૧, એક જરથોસ્તી દલાલ રૂ૫૦૧, શેઠ દી. આર. દાદી રૂ૫૦૧, શેઠ શાપુરજી માહીમવાલા રૂ૫૦૧, શેઠ ફરામજી પાલનજી બાટલીવાળા રૂ૩૦૧, શેઠ રતનજી પે. શરાફ રૂ૨૫૧, શેઠ દી. દી. કાંગા રૂ૨૦૧, શેઠ ડોસાભાઇ ખ. સુનાવાળા રૂ૧૦૧, શેઠ દાદાભાઈ સો. માદન રૂ૧૦૧, શેઠ જાંગીરજી બીખાજી રૂ૧૦૧, શેઠ દાદીબા હોરમસજી બીલીમોરીઆ રૂ૧૦૧, શેઠ ડોસાભાઈ અ. કામા રૂ૧૦૧, શેઠ જાંગીર મંચેરજી લાલી રૂ૧૦૧, શેઠ અરદેશર રૂ. ઇજનેર રૂ૧૦૧, શેઠ કાવસજી રે. કરાકા રૂ૧૦૧, શેઠ કાવસજી મા. કુપર રૂ૧૦૧, શેઠ અરદેશર ખ. નીકલસન રૂ૧૦૧, શેઠ બાપુજી નશરવાનજી રૂ૧૦૧, શેઠ કેખસરૂ અરદેસર પેચ રૂ૧૦૧ અને શેઠ અરદેશર બી. કાંગાએ રૂ૧૦૦ ભરયા હતા.

સુરત તથા તેને લગતા ગામો ખાતેનાં આંધળાં પાંગળાં તથા લાચાર જરથોસ્તીઓને મુસારો આપવાના ફંડમાં ભરાયલા રૂ૩૯૨માંની મુખ્ય રકમો:-એરવદ પાલણજી શેહેરીયારજી માડનના છોકરાઓ રૂ૧૦૨, શેઠ પાલણજી રૂસ્તમજી દોટીવાલા રૂ૭૫, શેઠ ખરશેદજી ફરદુનજી કરાકાના છોકરાઓ રૂ૫૦ અને શેઠ કાવશજી જમશેદજી એંટી રૂ૧૦૦.

ખા૦ બા૦ બહમનજી પદમજી અને બાઈ બાઇઆઇ પાલમકોટ હસતક બે પારસી ધરમાદા ખાતાંઓનાં લાભ માટે તા૦ ૨૫ મી મારચે થયલા કોનસરટ વખતે મદદતરીકે મલેલા રૂ૨૭૪માની મુખ્ય રકમો:-શેઠ હોરમજી કાવશજી દીનશાહ રૂ૧૦૦, શેઠ શીયાવક્ષ અ. રૂ. કનફેકશનર રૂ૫૦, બાઇ જરબાઈ ન. વહાડયા રૂ૨૫ અને શેઠ બેજનજી અ. કામદીને મરહુમ ધણીયાણી શીરીનબાઇની યાદમાં રૂ૨૫.

કરાંચી ખાતે ઉંઘાડેલાં પારસી બેકારી ફંડમાં ખા૦ બા૦ નસરવાનજી રૂ. મેહતા રૂ૧૦૦, એક જરથોસ્તી રૂ૧૦૦ અને મરહુમ બાઇ ખરશેદબાઇ નાદીરશાહ એ. દીનશાહની યાદમાં એક જરથોસ્તી બાનુ અને એક જરથોસ્તી ગ્રહસ્થે રૂ૪૦ મલી રૂ૨૪૦ ભરાયા હતા.

હીંદી નેશનલ કોનગ્રેસ જે ગયા ડીસેમબર માસમાં નાતાલ ટાંકણે મુંબઇમાં ભરાઇ હતી, તેના ફંડમાં સર દોરાબ જે. તાતા અને સર રતન જે. તાતા રૂ૨૦૦૦, શેઠ હોરમજી અરદેશર વહાડીઆ રૂ૧૦૦૦, શેઠ એસ. આર. બમનજી રૂ૭૫૦, શેઠો કે. એન્ડ એ. એસ. ફરામજી રૂ૩૦૦, શેઠો મેરવાનજી બાના, દાદાચાનજી અને કં. ૧૦૧, શેઠ દાદાભાઇ ફરામજી કામા રૂ૭૫ મલી પારસીઓના રૂ૪૨૦૧ ભરાયા હતા.

બાંકુરા, રજપુતાના, ગુજરાત, વગેરેના દુકાળ ફંડમાં પારસીઓના ભરાયલા રૂ૫૫૫૦ માની મુખ્ય રકમો:—લેડી તાતા રૂ૫૦૦, બાઇ સુનાબાઇ એમ. વકીલ રૂ૫૦, શેઠો જમશેદજી અરદેશર વાડીયા ખરશેદજી અ. વાહાડયા અને બીજાઓ રૂ૨૦૦, શેઠો કાવસજી ફરામજીની કં. રૂ૧૦૧, ઓ૦ શેઠ ફીરોઝ સી. શેઠના રૂ૧૦૦, શેઠ એમ. પી. ખરેઘાત રૂ૧૦૦, શેઠો કાવશજી દીનશાહ અને બાઇઓ રૂ૨૦૦, શેઠ સાલુકશાહે આફ્રીકાથી રૂ૧૬૫, મીસીસ જે. જે. પીટીટ રૂ૧૦૦, બાઈ હમાબાઇ પીટીટ રૂ૩૦૦, શેઠ દાસુબશા બમનજી દુબાશ રૂ૨૦૦, મીસીસ આર. ડી. વાડયા રૂ૧૦૦, શેઠ કાવશજી રતનજી પટેલના ફંડમાંથી રૂ૧૨૬, શેઠ સોરાબજી માણેકજી શેઠના રૂ૫૦, બાઇ શીરીનબાઇ બી. પટેલ રૂ૫૦, એક પારસી બાનુ રૂ૨૦૦, શેઠ પાલનજી એદલજી પલમબર રૂ૧૦૦, શેઠ સોરાબજી દાદાભાઇ શેઠ રૂ૫૦, મહાબલેશ્વર પારસી જીમખાનાના કોનસરટની આવક રૂ૭૪૧, પારસી જીમખાના રૂ૧૧૫, મીસીસ

એચ. ટી. પીટીટ રૂ૧૦૦, મીસીસ ટી. એસ. જમશેદજી રૂ૧૦૦, પારસી સુભેચ્છક રૂ૧૦૦, પારસી દીલસોઝ રૂ૧૦૦, શેઠ કે. એસ. પાઉવાલા રૂ૫૦, મીસીસ જે. એમ. પીટીટ રૂ૫૦, મીસીસ પી. ડબલ્યુ. જીજીભાઈ રૂ૫૦, શેઠ બી. એફ. ખાન રૂ૫૦, શેઠ એચ. એ. વાડીઆ રૂ૫૦, બાઈ માણેક-બાઇ અરદેશર દુબાશ રૂ૫૧, અને શેઠ ફરામજી ભીખાજી ખાન રૂ૫૦. આ ફંડમાં બધી ગ્નાતના મલી લગભગ રૂ૨૧૦૦૦ ભરાયા હતા.

ભાવનગરના સીહોર ગામના દુકાળ ફંડમાં શેઠ નસરવાનજી ખરશેદજી ભેસાનયાએ રૂ૨૫, અને શેઠ મનચેરજી રતનજી તાતાએ રૂ૨૫ અને જંબુસર તાલુકા રીલીફ ફંડમાં શેઠ દીનશાજી માણેકજી કાપડયાએ રૂ૨૫ આપયા હતા.

અમદાવાદ જીલ્લાના કાસંદરા ગામના ગઉરક્ષક ફંડમાં ભરાયલા રૂ૪૫૫ માંની મુખ્ય રકમોઃ—શેઠ હોરમજી માણેકજી બીલીમોરીયા રૂ૫૧, બાઈ ગુલચેહર સોરાબજી દરાબવર રૂ૪૫, શેઠ ખરશેદજી જમશેદજી શેઠના રૂ૫૧, એક જરથોસ્તી રૂ૨૫, શેઠ ફરામજી મેરવાનજી અને કુટુંબ રૂ૨૫; જરથોસ્તી રૂ૧૦૦ અને ડા૦ રૂ. એ. હકીમ રૂ૨૫.

કાઠીયાવાડના વળા ગામની ગોઉરક્ષક મંડળીને શેઠ એદલજી શાપુરજી ઉમરીગર રૂ૫૧, જોડ્યા બંદર ખાતેની ગઉશાલાને શેઠો જાંગીરજી ૫રદુનજી કરાકાની કંપનીએ રૂ૨૫૧ અને રાજકોટની પાંજરાપોલને શેઠો નશરવાનજી ખરશેદજીની કંપનીએ રૂ૭૫ આપયા હતા.

ઇમપરીયલ ઈંડીયન રીલીફ ફંડની મુંબઇ ઇલાકાની શાખાના ફંડમાં આ વરસે પારસીઓના ભરાયલા રૂ૬૫૦૦ માંની મુખ્ય રકમોઃ—શેઠ કાવશજી ડી. બેંકર રૂ૧૦૦૦, શેઠ કે. આર. બમનજી રૂ૪૦૦૦ અને શેઠો પાલનજી એદલજી એંડ સનસ રૂ૫૦૦. આ ફંડમાં બધી ગ્નાતના મલી કુલે રૂ૪૬૫૯૨૨૯–૭–૧ ભરાયા હતા.

મુંબઈ ઇલાકાના બાનુઓના વોર અને રીલીફ ફંડમા આ વરસે પારસીઓના ભરાયલા રૂ૧૦૨૦૦ માંની મુખ્ય રકમોઃ—સર શાપુરજી બી. ભરૂચા રૂ૫૦૦૦, ૩૦ પારસી બાઇઓનો પહેલો ફાળો રૂ૧૫૦, ૩૮ પારસી બાનુઓનો બીજો ફાળો રૂ૧૯૦, મીસીસ સોરાબજી એન. વાડયા રૂ૫૦, ૪૫ પારસી બાનુઓનો ૪ થો હપતો રૂ૨૨૩, ૪૪ પારસી બાનુઓ રૂ૨૧૮, હીંદી પંચના માલેક રૂ૫૪, શેઠ રૂશતમ કે. આલબલેસ રૂ૩૦, ૪૦ પારસી બાનુઓ રૂ૨૦૦, સુરતથી એક જર-થોસતી રૂ૮૭૫, શેઠો આદરજી અને રતનજી મ. દલાલ રૂ૫૦૦, શેઠ બેજનજી હોરમજી કબીર રૂ૧૦૦, ૩૬ પારસી બાનુઓ રૂ૧૭૮, ૩૩ પારસી બાનુઓ રૂ૧૬૩, મીસીસ અને મીસ ભીવંડીવાલા રૂ૪૦૦, શેઠ કાવશજી બેજનજી શેઠના રૂ૨૫૦ અને શેઠ મેરવાનજી બમનજી કાશીનાથની આગેવાની હેઠળના કોનસરટના રૂ૮૫૦. આ ફંડમાં બધી ગ્નાતના મલી કુલે રૂ૫૯૮૫૧૧૬ ભરાયા હતા.

લડાઇમાંથી ઘાયલ થઇ આવેલા સીપાહો માટે સુખચેનની ચીજો પુરી પાડવા માટે મુંબઈના કલેકટર મીં૦ સીમકોકશે ઉઘાડેલા ફંડમાં પારસીઓના ભરાયલા રૂ૧૦૬૭૭ માંની મુખ્ય રકમોઃ—શેઠો કાવશજી માનેકજી અને નશરવાનજી કાવસજી રૂ૨૫૦૮, શેઠ બમનજી ધનજીભાઇ રૂ૧૩૦૦, ખા૦ બા૦ આર. જે. દુબાશ રૂ૭૦૦, સર ડી. જે. તાતા રૂ૩૦૦, શેઠો ધનજીભાઇ કાવશજી ઉમરીગરની કં. રૂ૩૦૦, શેઠો ફરામજી સન્સની કં. રૂ૩૦૦, શેઠ દાજીભાઇ દાદાભાઇ બારીયા રૂ૨૫૧, શેઠો મેરવાનજી અને હોરમજી કામા રૂ૨૫૦, શેઠો એન. સી. ભેસાનીયાની કં. રૂ૨૫૦, શેઠો કુવરજી તથા બેરામજી એદલજી ઉમરીગરની કં. રૂ૧૨૫, શેઠો પી.સી. શરોફ એન્ડ સન્સ રૂ૧૦૧, સર દીનશાહ મા. પીટીટ રૂ૧૦૦, સર જમશેદજી જીજીભાઇ બારોનેટ રૂ૧૦૦, શેઠો સોરાબજી અને કાવશજી દા. દુબાશ રૂ૧૦૦, શેઠ એન. જે. ગામડ્યા રૂ૧૦૦, શેઠ આર. ડી. શેઠના રૂ૧૦૦, શેઠ બમનજી પ. કાશીનાથ રૂ૧૦૦, શેઠ એન. એફ. મુસા રૂ૧૦૦, શેઠો અસપંદીયાર અને શેરીયાર કે. ઇરાની રૂ૧૦૦, શેઠો પી. એ. હોરમજીની કં. રૂ૧૦૦, શેઠો બી. મેરવાનજીની કં. રૂ૧૦૦, શેઠો એમ. ટી. માદનની કં. રૂ૧૦૦, શેઠો ખુરશેદજી ખરશેદજીની કં. રૂ૧૦૦, શેઠો ગોદરેજ બોઇસની કં. રૂ૧૦૦, શેઠો કાવશજી દીનશાહ અને ભાઈઓ

રૂ૧૦૦, ખા૦ બા૦ હોરમજી માનેકજી બીમડીવાલા રૂ૧૦૦, શેઠ રૂસતમજી પાલનજી બેસાનીયા રૂ૧૦૦, અને શેઠો તાતા એન્ડ સનસ રૂ૧૦૦.

લડાઈના પારસી કેદીઓનાં સંકટ નીવારણ માટેના ફંડમાં ભરાયલા રૂ૧૧૮૩ માની મુખ્ય રકમોઃ—શેઠ એન. એમ. વાડયાનાં ત્રસટીઓ રૂ૭૫૦, શેઠ નસરવાનજી સોરાબજી ગઝદર રૂ૧૦૦, બાઈ હીરાબાઇ જમશેદજી પીટીટ રૂ૧૦૦, સર જમશેદજી જીજીભાઇ બારોનેટ રૂ૧૦૦, શેઠ ધનજીભાઇ બમનજી રૂ૫૦ અને મરહુમ માતાજીની યાદમાં રૂ૫૦.

લંડન અને દરીઆ પારના સંસથાનોમાં સથાપવામાં આવેલાં પેત્રીયેટીક લીગને સેહેંગાહીખાતેના જરથોસતીઓએ ભરેલા ડાલર ૧૨૪૭ માની મુખય રકમોઃ—શેઠ પીરોજશાહ જમશેદજી પેટીગરા ડા૦ ૫૦૦, શેઠો સી. એસ. દસતુર ડા૦ ૧૫૦, શેઠ બી. સી. શેઠના ડા૦ ૧૫૦, શેઠ એસ. એસ. કરંજીયા ડા૦ ૧૫૦, શેઠ જે. સી. ચીનાઈ ડા૦ ૧૦૦, શેઠ બી. પી. લાલકાકા ડા૦ ૭૫, અને શેઠ એમ. પી. તલાટી ડા૦ ૩૫.

વીમેનસ પેત્રીઓટીક લીગની કરાંચીની શાખા જયારે પહેલાં સથપાઈ તયારે પારસીઓએ તેમાં મોટો ફાળો આપયો હતો. ગયા જાનેવારીમાં નામદાર લેડી વીલીંગડન કરાંચી ખાતે પધારયાં તયારે બીજી વખત ઉઘાડેલાં ફંડમાં પારસીઓએ ભરેલા રૂ૯૭૭૦ માની મુખ્ય રકમોઃ—ખા૦ બા૦ નશરવાનજી રૂ. મેહતા રૂ૧૦૦૦, શેઠ નાદરશા એદલજી દીનશાહ રૂ૫૦૦૦, શેઠ કાવસજી હો. કાત્રક રૂ૧૦૦૦, શેઠ અરદેશર હો. મામા રૂ૧૦૧, શેઠ ધનજીશા જમશેદજી માસતર રૂ૧૦૦, શેઠ બરજોરજી દુબાશ રૂ૧૦૦, શેઠ ફકીરજી કા. વરીઆવા રૂ૫૧, શેઠ હોરમજી જી. દુબાશ રૂ૫૧, શેઠ બેરામજી એદલજી રૂ૨૫૦, શેઠ ડોસાભાઈ મીનવાળાના બેટાઓ રૂ૫૦ અને શેઠ કાવસજી બમનજી શેઠના રૂ૫૦.

દખન હેદરાબાદ ખાતે લડાઇ ફંડમાં પારસીઓના ભરાયલા રૂ૧૨૩૬ માની મુખય રકમોઃ—શેઠ જમશેદજી ચીનાઇના ધણીયાણી રૂ૫૦, શેઠ એદલજી ફરામજી દાવર રૂ૫૧, નવાબ બરજોરજંગ રૂ૫૦, નવાબ સોરાબજંગ રૂ૪૦૦, શેઠ પેસતનજી સો. દેબારા રૂ૭૫, ખા૦ બા૦ એદલજી સો. ચીનાઇના ત્રસટ ફંડમાંથી રૂ૫૦, શેઠ શાપુરજી ચીનાઈના ધણીયાણી રૂ૧૦૦ અને પારસી બાનુઓ તરફથી રૂ૩૦૦.

બેલજીઅમ રેડ ક્રોસ અને રીલીફ ફંડમાં પારસીઓના આ વરસે ભરાયલા રૂ૧૦૦ માની મુખય રકમોઃ—પારસી રૂ૩૦ અને બાઇ મેરબાઇ સો. વહાડીયા રૂ૨૫. આ ફંડમાં બધી ગ્નાતના મલી કુલે રૂ૩૭૮૩૨૧ ભરાયા હતા.

બેલજીયમ બાળકો માટેના ફંડમાં પારસીઓની જુદી જુદી સ્કુલો તરફથી લગભગ રૂ૫૦૦ ભરાયા હતા.

પ્રીનસેસ મેરી જીમખાનામાં લડાઇમાં ઘાયલ થયલા સોલજરોને તથા હીંદી સોલજરોને મેજબાની આપવા માટે ઉઘાડેલાં ફંડમાં પારસીઓના ભરાયલા રૂ૫૯૮ માની મુખ્ય રકમોઃ—મીસ બેપસી જેહાંગીર રૂ૩૦૨, મીસ પુતલી દેશાઈ રૂ૧૮૬, લેડી જમશેદજી જીજીભાઇ રૂ૫૦ અને મીસીસ એફ. લાલકાકા રૂ૩૫. આ ફંડમાં બધી ગ્નાતના મલી કુલે રૂ૧૧૩૯—૧૩ ભરાયા હતા.

પંજાબ એરોપલેન ફંડમા ખા૦ બા૦ નશરવાંનજી રૂ. મહેતા રૂ૧૦૦૦ અને શેઠ સોરાબજી ધનજીભાઇ કામાદોરે રૂ૧૦૦૦ મલી રૂ૨૦૦૦ ભરાયા હતા.

શેઠ બમનજી દીનશાહ પીટીટ મેમોરીયલ ફંડમાં ભરાયલા રૂ૮૩૩૨ માંની મુખ્ય રકમોઃ—સર શાપુરજી બી. ભરૂચા રૂ૧૦૦૦, સર કાવસજી જહાંગીર બેરોનેટ રૂ૫૦૦, શેઠો કાવસજી દીનશાહ એંડ બ્રધરસ રૂ૩૦૦, બાઇ જરબાઇ નવરોજી વહાડીયા રૂ૨૦૦, શેઠો હોરમસજી માણેકજી અને દોરાબજી ડોસાભાઇ બીમડીવાળાની કં. રૂ૨૦૦, શેઠ સોરાબજી મનચેરજી ભરૂચા રૂ૧૦૧, શેઠ રૂસતમજી નશરવાનજી સો. જમશેદજી રૂ૧૦૧, શેઠ કામાજી પેસતનજી કામાજી એંડ સનસ રૂ૧૦૧, શેઠ બરજોરજી પીરોજશાહ રીપોરટરના છોકરાઓ રૂ૧૦૧, શેઠ દાદાભાઇ એમ. જીજીભાઇ રૂ૧૦૦, શેઠ કાવસજી દોરાબજી પાંડે રૂ૧૦૦, શેઠ જાહાંગીર ધનજીભાઇ વાહાડયા રૂ૧૦૦, મરહુમ એરવદ

ક્યાંશજી કાંવશજી મોદીના કુટુંબે રૂ૧૦૦, જરથોસતી વખાણનાર રૂ૨૦૦, શેઠ અરદેશર એસ. નારીયલવાલા રૂ૧૨૫, શેઠ નવરોજી જે. ગામડયા રૂ૧૨૫, શેઠ ફરામજી દોરાબજી પાંડે રૂ૧૦૧, શેઠ ધનજીભાઈ બમનજી રૂ૧૦૦, શેઠો મેરવાનજી અને હોરમજી મનચેરજી કામા રૂ૨૫૦, કોબી અને ચેકોહામાના જરથોસતીઓ રૂ૧૫૩, શેઠ બાપુજી હોરમસજી સકલાટવાળા રૂ૧૨૫, શેઠ મનચેરજી પેસતનજી ખરેઘાટ રૂ૧૦૦ અને શેઠો મેરવાનજી એંડ સનસ રૂ૧૦૦.

મરહુમ સર ફીરોઝશાહ મહેતાની યાદગારીના ફંડમાં પારસીઓના ભરાયલા રૂ૩૦૪૭૮ માની મુખ્ય રકમોઃ–સર દોરાબ જે. તાતા નાઇટ રૂ૫૦૦૦, શેઠ રૂસતમજી બી. જીજીભાઇ અને ધણીયાણી રૂ૧૫૦૦, શેઠ ડી. સી. શરાફ રૂ૧૫૦૦, સર દીનશાહ એમ. પીટીટ બેરોનેટ રૂ૧૦૦૦, શેઠો મહેરવાનજી અને હોરમજી મનચેરજી કામા રૂ૧૦૦૦, સર રતન જે. તાતા રૂ૧૦૦૦, સર શાપુરજી બી. ભરૂચા રૂ૧૦૦૦, સર કાવસજી જેહાંગીર બેરોનેટ રૂ૧૦૦૦, બાઇ હમાબાઇ ફરામજી પીટીટ રૂ૧૦૦૦, શેઠ શયાવકશાહ ડી. શરાફ (નાટકની આવક) રૂ૫૦૧, સર જમશેદજી જીજીભાઇ બેરોનેટ રૂ૫૦૦, શેઠ બી. એન. કરંજીયા રૂ૫૦૦, શેઠ એમ. એન. ગોભાઇ રૂ૫૦૦, શેઠ એફ. ઇ. દીનશાહ રૂ૫૦૦, શેઠ હોરમજી અરદેશર વાડીયા રૂ૫૦૦, શેઠ એસ. આર. બહમનજી રૂ૫૦૦, શેઠ એ. જે. બીલીમોરીયા રૂ૩૦૦, શેઠ અરદેશર એસ. પટેલ રૂ૩૦૦, શેઠ કાવસજી જેહાંગીર (જુનીયર) રૂ૩૦૦, શેઠ કાવસજી જાલભાઇ શેઠ રૂ૨૫૦, શેઠ આર. ડી. શેઠના રૂ૨૫૦, સર બેજનજી દાદાભાઈ નાઇટ રૂ૨૫૦, ઓનરેબલ શેઠ એમ. બી. દાદાભાઇ સી. આઇ. ઇ. રૂ૨૫૦, શેઠ આર. પી. મસાણી રૂ૨૫૦, શેઠ કે. એસ. પાંઉંવાળા રૂ૨૦૦, શેઠ એચ. સી. કોયાજી રૂ૨૦૦, લેડી સી. જેહાંગીર રૂ૨૦૦, શેઠ વી. એફ. તારાપોરવાલા રૂ૨૦૦, શેઠ એફ. એમ. કાંગા રૂ૧૫૦, શેઠ બી. જે. વાડીયા રૂ૧૫૦, શેઠ એન. એન. સાહેર ૧૫૦, ખા૦ બા૦ બહેરામજી પેસતનજી રૂ૧૨૫, શેઠ એન. એમ. ડુમસીઆ રૂ૧૦૦, શેઠ સોરાબજી ઇ. વોરડન રૂ૧૦૦, નવાબ સર ફરેદુનજંગ કે. સી. આઈ. ઈ., સી. એસ. આઇ. રૂ૧૦૦, શેઠ ફીરોઝ એમ. દલાલ રૂ૧૦૦, શેઠ આર. એન. રાણીના રૂ૧૦૦, શેઠ બાપુજી એસ. પટેલ રૂ૧૦૦, શેઠ પી. સી. શેઠના રૂ૧૦૦, શેઠ અરદેશર ફરામજી રૂ૫૦૦, શેઠ જેહાંગીર બી. પીટીટ અને ધણીયાણી રૂ૫૦૦, શેઠ પી. એ. હોરમસજી રૂ૫૦૦, શેઠો કાવસજી દીનશાહ અને ભાઇઓ રૂ૫૦૦, શેઠ એમ. સી. મરઝબાન રૂ૩૦૦, શેઠો વાડીયા અને ગાંધી રૂ૩૦૦, શેઠ એન. જે. ગામડયા રૂ૨૫૦, ડા૦ અરદેશર પેસતમજી કામા રૂ૨૦૦, શેઠ ડી. ઈ. વાચ્છા રૂ૨૦૦, શેઠ એસ. એન. ગઝદર રૂ૧૦૦, શેઠ માણેકશાહ કાવસશાહ તાલ્યારખાન રૂ૧૦૦, શેઠ એન. બી. સકલાટવાલા રૂ૧૦૦, ડા૦ કે. ઇ. દાદાચાનજી રૂ૧૦૦, શેઠ કાવસજી બી. શેઠના રૂ૧૦૦, શેઠ ધનજીભાઇ મે. મહેતા રૂ૧૦૦, શેઠ જે. બી. કાંગા રૂ૧૦૦, શેઠ આર. ડી. એન. વાડીયા રૂ૧૦૦, શેઠ એમ. એચ. સંજાના રૂ૩૦૦, શેઠ કાવશજી ન. છોઇ રૂ૨૦૦, શેઠ રૂસતમજી મ. કુકા રૂ૨૦૦, શેઠ ધનજીભાઇ બા. દેશાઇ રૂ૨૦૦, શેઠ જહાંગીર એચ. કામા અને બીજાઓ રૂ૧૯૧, શેઠ જમશેદજી અરદેશર વાડયા રૂ૧૫૦, શેઠ સી. એમ. ખરશેદજી રૂ૧૫૦, શેઠો ખરશેદજી બમનજીની કં. રૂ૧૫૦, શેઠ એચ. જે. ભાભા રૂ૧૦૦, શેઠ કેરસાસપ રૂસતમજી દાદાચાનજી રૂ૧૦૦, શેઠ એફ. એમ. ગરડા રૂ૧૦૦, શેઠ ફીરોજ સી. ભરૂચા રૂ૧૦૦, શેઠ ડી. બી. પીટીટ રૂ૧૦૦, શેઠો મેરવાનજી એંડ સનસ રૂ૧૦૦, ડા૦ એચ. એમ. માસીના રૂ૧૦૦, ડા૦ બરજોરજી બેહેરામજી રૂ૧૦૦, શેઠ જહાંગીર જે. ગજદર રૂ૧૦૦, શેઠ આર. બી. બમન–બેહેરામ રૂ૧૦૦, એચ. એમ. રૂ૧૦૦, બાઇ શીરીનબાઈ એન. જે. દાદી રૂ૫૦૦, કલકતાના જરથોસતી ભાઇઓ રૂ૩૦૧, કેપટન અને વઇદય રૂ૩૦૦, શેઠો મેરવાનજી કોલાહની કં. રૂ૩૦૦, બાઇ હીરાંબાઈ જમશેદજી પીટીટ રૂ૩૦૪, કલકતાના એક જરથોસતી રૂ૨૫૧, શેઠો મુલ્લા અને મુલ્લા રૂ૧૫૦. શેઠો જહાંગીર મેહતા અને સોમજી રૂ૧૫૦, શેઠ શરોફ દીનશા અને ધરમસી રૂ૧૫૦, શેઠો ઉનવાલા અને ફીરોઝશાહ અને બીજા રૂ૧૦૦ અને બાઇ કુંવરબાઈ ફરામજી પાંડે રૂ૧૦૦. આ ફંડમાં બધી જ્ઞાતના મલી રૂ૫૯૧૬૮ ભરાયા હતા.

ભરૂચની પારસી પંચાયતના મેનેજીંગ ટ્રસ્ટી ખાં૦ બાં૦ આદરજી મનચેરજી દલાલની યાદગીરી જાળવી રાખવાના ફંડમાં ભરાયલા રૂ૩૨૩૨ માંની મુખ્ય રકમોઃ—શેઠ અરદેશર શાપુરજી નારીએલવાલા રૂ૧૦૧, શેઠ હોરમજદયાર કુંવરજી કોયાજી રૂ૫૧, શેઠ એરચશા બમનજી ગીમી રૂ૧૦૧, શેઠ દીનશાજી બમનજી ભાવનગરવાલા રૂ૨૦૦, શેઠો પી. ઈ. ગઝદરની કં. રૂ૧૦૧, શેઠ મનચેરશા સોરાબજી વખારીયા રૂ૨૦૦, શેઠો દીનશાહ ફરદુનજી એંડ બ્રધરસ રૂ૩૦૦, શેઠ શાપુરજી હોરમજી જંબુસરીયા રૂ૨૦૦, ડા૦ હોરમસજી પેસતનજી કામાકાકા રૂ૧૦૦, ડાં૦ બરજોરજી સોરાબશાહ રૂ૧૦૦, શેઠ સોરાબશા દાદાભાઇ મુનસીફના રૂ૫૧, શેઠ પી. જે. તાલીઆરખાન રૂ૧૦૦, શેઠો પીરોજશાહ અને દારાશાહ રૂસતમજી વખારીયા રૂ૧૦૦, શેઠ જામાસજી હોરમસજી જંબુસરીયા રૂ૨૦૦, શેઠ બમનશાહ જામાસજી રૂ૧૦૦, શેઠ રૂસતમજી ફરદુનજી જીનવાલા રૂ૩૦૦, શેઠ દારાશાહ મનચેરજી કાપડયા રૂ૧૦૧, અને શેઠ શાપુરજી ધનજીશા વખારીયા રૂ૧૦૦.

સુરતના શાહેનશાહી દસતુર રૂસતમજી જમશેદજીની યાદગારીના ફંડમાં પરચુટણ રકમો મલી રૂ૭૫૦ ભરાયા હતા.

સુરતની શેઠ કુકાવાળી આરફ્નેજમાં અગીયારીનું બંધાયલું મકાન ખુલ્લું મુકવાની થયલી ક્રીયા—સુરતની શેઠ કુકાવાળી આરફ્નેજમાં બાઈ બાનુબાઇ ફ્રામજી હો. કોમીસરીયટવાલાએ ફકત ક્રીયા કામ માટે બંધાવેલી દરેહમહેરનું મકાન ખુલ્લું મુક• વાની ક્રીયા સુરતની પારસી પંચાયતના ટરસ્ટી સાહેબો તરફથી એક મેલાવડા સનમુખ રોજ ૯ મો માહા ૫ માને દીને સાંજે સાડા ચાર વાગે કરવામાં આવી હતી. જશનની ક્રીયા કરવા પછી સુરતની પંચાયતના બોરડના સરનશીન ખા૦ બા૦ બરજોરજી નશરવાનજી વકીલે લંબાણથી વીવેચન કરતાં જણાવ્યું કે આ મકાન બંધાવનાર બાઇ સાહેબ બાનુબાઇ જેવણુ સુરતના વાંકી બોરડી આગળના રહીશ મરહુમ શેઠ બમનજી કેખશરૂ મોદીના દીકરી થાય છે અને એવણુના ખાવીંદ મરહુમ શેઠ ફ્રામજી કોમીસરીયેટવાળાબી સુરતના નાનપરાના વતની હતા. એવણુ બાઇને સુરત માટે ઘણી લાગણી હોવાથી લગભગ રૂ૫૦૦૦ ને ખરચે આ મકાન બંધાવી આપી એમાં જોઇતા વાસણો વગેરેની ભેટ કીધી છે. બાઇ બાનુબાઇના એક પુત્ર શેઠ હોરમસજી ફ્રામજી કોમીસરીયટવાળા અતરે પધારયા છે તેવણુનો ઉપકાર માનયે છીએ. બાજ વગેરેની થતી ક્રીયા કામો કરવા માટે આ મકાનની જરૂર જણાઇ હતી અને હમણા લગભગ ૧૫૦ બાજોના ક્રીયાકામો કરવામાં આવે છે. અને બાજ કરાવનાર પાસેથી રૂ૧૦૦૦ લેવામાં આવે છે. એ મકાનમાં ક્રીયા કરવા માટે ત્રણ હીંડોળા રાખ્યા છે અને રાંધણી માટે એક ઓરડી છે તથા પાણી સારૂ એક કુવો બાંધેલો છે. આરફ્નેજના છોકરાઓ પાસે ધરમની ક્રીયા કરાવવાનું કારણ એ કે છોકરાઓને ધરમ નીતીનું શીક્ષણ કેવું આપવામાં આવે છે તે આ પરથી માલમ પડશે. સ્કુલમાં અગાઉ ૭૫ છોકરાઓ હતા તે વધીને ૨૦૦ ઉપર થયા છે અને દર વરસે ત્રણથી સવા ત્રણ હજારનો આગળ ખરચ હતો તે હાલમાં વધીને રૂપયા દશ હજાર સુધીનો થયો છે. આ ખરચ વધારવાનો હેતું એ છે કે ગરીબ વરગના બચાંઓને તેને છાજતી કેળવણી આપવી જેથી તેઓ કમાતા થાય. ૫૦ થી ૬૦ છોકરા- ઓ એ વેપારી કેળવણી લઇ સારે ઠેકાણે પડયા છે અને રૂ૩૦ થી રૂ૧૦૦ સુધીનો પગાર કમાય છે. વળી જે છોકરાઓ હીસાબ કીતાબની કેળવણી લઈ નહી શકે તેઓને આરટ સ્કુલમાં મોકલવામાં આવે છે અને ત્યાં ૩ વરસ સુધી કેળવણી લીધા પછી રૂ૪૦ થી રૂ૫૦ કમાય છે. અત્યાર સુધીમાં ૭૫ છોકરાઓએ કેળવણી લઇ કામ ધંધે લાગયા છે. હમારી બોરડના ત્રસ્ટી ડા૦ નશરવાનજી નવરોજી ખંબાતા જેઓ સુરતના આદરીયાન બાગે પારશાંનો વહીવટ કરે છે અને જે મોબેદો એ આદરીયા- નમાં ક્રીયા કામ કરે છે તેઓ પાસેજ અત્રેના બધાં ક્રીયા કામો કરાવવામાં આવ્યાં છે. બાઈ બાનુ- બાઇએ કરેલી સખાવત માટે ઉપકાર માની એવણુના બેટા શેઠ હોરમજીને અને તેમના નાના બેટાને એકેકી શાલ ખા૦ બા૦ બરજોરજીએ એનાયત કીધી હતી. શેઠ હોરમજી કોમીશરીએટવાળાએ

પોતાને આપેલા માન માટે ઉપકાર માનયા પછી શેઠ બેજનજી માણેકજી જખુંસરીઆ વકીલે પ્રસંગને અનુસરતું લંબાનથી વીવેચન કરતાં જણાવ્યું કે ખા૦ બા૦ બરજોરજીની ખંતીલી મેહનતથી તેમજ શેઠ રૂશતમજી મનચેરજી કુકાની ઉદાર સખાવતથી બધા કામો પાર પડયા છે તે માટે એવોની સ્તુતી કરી સેવટે આપણા રાજ કરતાની ફતેહ થાય એમ દુવા ગુજારી સરવેનો ઉપકાર માનયા બાદ મેલાવડો વીસરજન થયો હતો. અગયારીના મકાન ઉપરની તખતીનું લખાણુ નીચે મુજબ છે:– "પાક દાદાર અહુરમઝદની મદદ હોજો. પાક દાદાર અહુરમઝદ જે બંને જહાનનો પેદા કરનાર છે અને અશોઇ અને રાસ્તીને પસંદ કરનાર છે તેના નામની બરકતથી પાક રાહબર પયગમબર અશોસ્પીતમાન જરથોસ્તની દીનના ફરમાન મુજબ બંદરે મુબારક સુરત મધે આ યોજદાથરેગીરીની પાકીજેહ કીયા કરવાનું મકાન સુરતની પારસી પંચાએતની બોરડને હસ્તક તેઓની દેખરેખ નીચે બનાવવામાં આવ્યું છે. આ મકાન બેહશતનશીન શેઠ ફરામજી હોરમસજી કોમીસેરીએટવાલા, જેઓએ રોજ ૯ મો આદર માહે ૫ મો અમરદાદ શેહેનશાહી સને ૧૨૫૭ યઝદેજરદી તા૦ ૨૪ મી જાનેવારી સને ૧૮૮૮ ઇ૦ સ૦ ને રોજે આ ફાની દુનયા છોડી મીનોઈ જેહાનમાં પોતાનો હમેશનો વાસો કીધો છે, તેવણુની નઇયતે તેવણુનાં ધણીઆણી બાઈ બાનુંબાઇ તે સુરતવાલા બેહશતનશીન શેઠ બમનજી કેખશરૂ મોદીનાં બેટીએ ધી સુરત પારસી ઓરફનેજના ઉપયોગને માટે રૂ૫૦૦૦ અંકે પાંચ હજારને ખરચે બંધાવી હંમેશને માટે સુરતની પારસી પંચાએતની બોરડના સંપુરણુ અખત્યાર અને વહીવટમાં ત્રસ્ત તરીકે સોપયું છે. આ મકાનનો પાયો રોજ ૪ થો શેહેરેવર માહા ૧૧ મો બહમન શહેનશાહી સને ૧૨૮૪ યઝદેજરદી તા૦ ૧૨ મી જુલાઇ સને ૧૯૧૫ ને વાર સોમને રોજ નાંખી પાક દાદાર અહુરમજદની બક્ષેશથી તે પુરૂં કરી પાક જરથોશતી દીનના ફરમાન મુજબની તેના ઇજવાની સઘળી ઘટતી કીયાઓ કરાવી રોજ ૯ મો આદર માહા ૫ મો અમરદાદ શહેનશાહી સને ૧૨૮૫ યઝદેજરદી તા૦ ૧૮ મી જાનેવારી સને ૧૯૧૬ ને વાર મંગળને દીને જશનકીયા કરી હંમેશના વપરાશમાં લીધું છે. આરકીટેકટ મી૦ પેસ્તનજી બરજોરજી વાડીયા."

માંડવીની સ્કુલનું ખુલ્લુ મેલાયલું મકાન—સુરત જીલ્લાના માંડવી ગામની અંગ્રેજી સ્કુલનું રૂપ્યા વીસ હજારને ખરચે બંધાયલું નવું મકાન ખુલ્લું મેલવાની અને એને લગતા બોરડીંગનો પાયો નાંખવાની કીયા એક મેલાવડા સનમુખ રોજ ૧૦ મો માહા ૫ માને દીને સુરતના કલેકટર મી૦ હડસને કરી હતી. શરૂઆતમાં સ્કુલને મોટી મદદ આપનાર ખા૦ સા૦ કાવશજી ધનજીભાઈ ધનભુરાને એક માનપત્ર સુખડના દાબરા સાથ કલેકટરના હાથે એનાયત કરવામાં આવ્યું હતું. ખા૦ સા૦ કાવશજીએ પોતાને આપેલા માન માટે ઉપકાર માન્યો હતો. એ પછી કલેકટર મી૦ હડસને મકાન ખુલ્લું મેલાયલું જાહેર કરવા બાદ બોરડીંગને લગતા મકાનનો પાયો નાખવાની કીયા કરવા પછી ખા૦ સા૦ કાવશજીએ કરેલી સખાવત માટે સ્તુની કરી પ્રસંગને અનુસરતું વીવેચન કરવા બાદ મેલાવડો વીસરજન થયો હતો.

ખુલ્લુ મેલાયલું ધરમનું મકાન-આબકારી મોટા કંટરાકટર મરહુમ શેઠ દોરાબજી ડોશાભાઈ ભીમડીવાળાએ પોતાની હઇયાતીમાં પોતાના માતાજી પીતાજીના પુણુ સારૂ, મધયમ વગરના ગરીબ જરથોસતીઓ માટે મધયમ ભાડાનું બે માળનું ઘર તારદેવ નવરોજી વહાડયા રોડપર બાંધયું હતું જે તા૦ ૧ લી ફેબરવારીથી ભાડે આપવામાં આવ્યું છે, તેમાં નવ ભાડુતો રહી શકે એવી ગોઠવણુ કીધી છે અને દરેકને બબે ઓરડા ને રાંધણી મળશે.

નવસારીની દાબુ હાસપીટલને લગતી સીરવાઇ બીલડીંગનો પાયો નાખવાની થયલી કીયા—નવસારીની શેઠ રતનજી ફ. દાબુ પારસી જનરલ હાસપીટલની મુલ્લાવાલી બીલ્ડીંગ પુરતી નહી હોવાથી બાઇ ડોશીબાઇ આદરજી કોટવાલે રૂ૨૫૦૦૦ મરહુમ શેઠ બેરામજી નશરવાનજી સીરવાઇની યાદમાં એવણુને નામે બીલડીંગ બાંધવા આપયા હતા, તેનો પાયો નાખવાની કીયા તા૦ ૨૫ મી ફેબરવારી યાને રોજ ૧૭ મો માહા ૬ ઠાને દીને નવસારીના સુબા ગોવીંદભાઇ હાથીભાઇ દેશાઇએ એક મોટા મેળાવડા સનમુખ કીધી હતી. શરૂઆતમાં શેઠ પેસતનજી

રતનજી દાબુએ રીપોરટ વાંચતા જણાવયું હતું કે આ શેઠ રતનજી દાબુ પારસી હાસપીટલ અને એને લગતું રતનબાઈ મુલ્લાં બીલડીંગનું આ મકાન તા૦ ૯ મી જુન ૧૯૧૩ ને દીને ખુલ્લા મુકાયા હતા. આ હાસપીટલની શરૂઆત શેઠ રતનજી ફરામજી દાબુના સાહેબજાદાઓએ આપેલી રૂ૨૫૦૦૦ની કીમતની જમીન અને રોકડ રૂ૧૪૦૦૦ ની બક્ષેશથી થઇ હતી અને ૭ દરદીઓની સારવાર કરવાની ગોઠવણ રાખી હતી પણ દીનપરદીન દરદીઓની સંખયા વધવા લાગવાથી બીજાં મોટા કુસાદે મકાનની જરૂર જણાવાથી આ મકાનની બાજુની જમીન રૂ૭૧૫૦ માં કમીટીએ ખરીદી છે. આ નવું મકાન બાંધવા રૂ૨૫૦૦૦ બાઇ ડોશીબાઇ કોટવાલે આપયા છે પણ આ નવા મકાનનો પલાન નવશારીના એકઝીકયુટીવ એનજીનીયર રા૦ બા૦ મોતીભાઇ પટેલે કરી આપયો છે તે મુજબ રૂ૪૫૦૦૦ નો ખરચ થવા જશે તેથી બાકીની રકમ ફંડમાંથી આપવામાં આવશે. એમાં ૨૦ દરદીઓની ગોઠવણ રાખેલી છે. અતીઆર શુધીમાં નીભાવ ફંડમાં રૂ૮૭૦૦૦ ભરાયા છે ને લગભગ રૂ૨૬૦૦૦ નો ખરચ થયો છે અને નીભાવ ફંડ પુરતું નહી હોવાથી તેને વધારવાની ઘણી અગત છે. ગરીબ દરદીઓની મુફત સારવાર કરવામાં આવે છે. તા૦ ૧૬ મી જુન ૧૯૧૩ થી તા૦ ૩૧ મી ડીસેમબર ૧૯૧૫ સુધીમાં ૬૮ મરદો, ૧૦૬ ઓરતો અને ૧૪ છોકરાં મલી ૧૮૮ દરદીઓએ લાભ લીધો છે તેમાં ૧૫૬ નવસારી કસબાના અને ૩૨ બહાર ગામના છે. એ પછી હાસપીટલના વડા ડાકટર સોરાબજી આદરજી પાતરાંવાળાએ પ્રમુખને પાયો નાખવાની અરજ કરતા ટુંક ભાષણ કરવા બાદ પ્રમુખ સુબા સાહેબ ગોવીંદભાઇએ પાયો નાખવાની કીયા કરી દાબુ બીરાદરોએ હાસપીટલ સ્થાપવા આપેલી મદદ માટે તથા એરવદ એદલજી મુલ્લાએ આપેલા મકાન માટે તથા બીજા મદદ કરનારાઓનો તેમજ બાઈ ડોશીબાઇ કોટવાલે કરેલી સખાવત માટે ઉપકાર માની પ્રસંગને અનુસરતું લંબાનથી વીવેચન કરયા પછી શેઠ રતનજી ફરામજી દાબુની તથા મરહુમ એરવદ એદલજી બરજોરજી મુલ્લાની સબીઓ હાસપીટલમાં ખુલ્લી મુકવાની અરજ શેઠ સોરાબજી મનચેરજી દેશાઇએ કરી મરહુમોના ગુણોની સ્તુતી કરી હતી. સેવટે પ્રમુખે સબીઓ ખુલ્લી મેલાયલી જાહેર કરવા બાદ મેળાવડો વીસરજન થયો હતો. આ શુભ પ્રસંગે બાઇ ડોશીબાઇએ બધા આતશબેહરામોમાં માચી ચડાવી નવસારીની સ્કુલોના બાળકોમાં મીઠાઈ વેહેંચાવી હતી.

ગરીબ જરથોસ્તીઓના રહેઠાણ ફંડ હસ્તક ખુલ્લું મેલાયલું મકાન— ખા૦ બા૦ મનચેરજી કા૦ મરઝબાન હસ્તકના ગરીબ જરથોસ્તીઓના રહેઠાણ ફંડ હસ્તક ગયા સાલમાં તારદેવ વાહડીઆ રોડ ઉપર બે મકાનો બાર ગરીબ જરથોસ્તીઓના કુટુંબના વપરાસ સારૂ બંધાયા હતા, તે પછી એ બે મકાનોની સામે હાલ એક બીજું નવું મકાન શેઠ ફરામજી હોરમસજી શેઠનાએ પોતાના મરહુમ પીતાજી શેઠ હોરમસજી બહમનજી સો૦ શેઠનાની યાદગારી કાયમ રાખવા સારૂ જમીનની કીમત સાથે આશરે રૂ૫૦૦૦૦ ના ખરચે પોતાના આરકીતેકટ શેઠ મનચેરશાહ નશરવાનજી ચાંદાભાઇ હસ્તક બંધાવી ઉપલા ફંડના ત્રસ્ટીઓને સ્વાધીન કરયું છે, જે મધે બીજા નવ કુટુંબોનો સમાવેશ થયો છે અને ગરીબ તથા મધયમ વરગના જરથોસ્તીઓને તે તા૦ ૧ લી મારચથી ભાડે આપવામાં આવ્યું છે. આ મકાનની અંદર દરેક કુટુંબને બે મોટા રૂમો એક કુશાદે સગવડભરી રાંધણી તથા બાથરૂમ અને પ્રીવી અલાહેદાં મલે એવી સગવડ રાખવામાં આવી છે. તથા ભાડુતોને છુટથી પાણી રાત દીવશ મલતું રહે એવી ગોઠવણ કરવામાં આવી છે. દરેક ભાડુતને પોતાનાં ચાલુ વપરાશ માટે એક મોટી "કબાટ" દેવાલ મધેજ બનાવી આપવામાં આવી છે. સર અવસરે વાપરવા સારૂ ભોંયતળીએ એક અલાહેદો રૂમ રાખવામાં આવયો છે. આવાં એક નાદર મકાનની ભેટ માટે એ ફંડની કમીટી તરફથી એ ખાતાંના ત્રસ્ટીઓ શેઠ ફરામજી શેઠનાનો ઉપકાર માને છે. એજ વાહડીઆ રોડ ઉપર હજી બીજાં બે મકાનો બાંધી શકાય એટલી ખાલી જમીન એ ફંડનાં ત્રસ્ટીઓ પાસે છે અને તે ઉપર મકાનો બાંધવાની જોગવ [illegible] આપવાને કોઇબી

સખીવજીદ જરથોસ્તી બાહેર પડશે. આ ફંડ હસ્તીમાં આવ્યાને લગભગ ત્રીસ વરસની લાંબી મુદત થઈ છે જેની શરૂઆત ખાન બાહાદુર મનચેરજી મરઝબાને પારસી કોમમાં ગરીબોની આ ઘણી ઉપયોગી હાજત પુરી પાડવાને એક મકાનથી કરી હતી, જે ખાતાંની કારોબાર મંડલીએ અતયાર તુલીકમાં તારદેવ મધે ૨૯ તથા લેમીંગટન રોડ ઉપર બીજાં મોટાં પાંચ મકાનો મલી કુલે ૩૪ મકાનોની સગવડ પારસી કોમનાં ગરીબ તથા વચલે વાંધેના વરગને કરી આપી છે, જે મધે ૨૧૫ કુટુંબો યાને ૧૦૦૦ ઉપર જરથોસ્તી નર-નારીઓ અને બાળકો સારી તંદરોસ્તી ભોગવી સુખશાંતીમાં રહી શકે છે.

બેલગામની દરેમેહરનું મકાન તથા હોલો ખુલ્લા મેલવાની થયલી ક્રીયા—બેલગામની મરહુમ શેઠ પેસતનજી ખુરશેદજી બોઇસવાલી દરેહમેહરનું જુનુ મકાન બીસમાર થવાથી બાંધવામાં આવેલું નવું મકાન નવેસરથી પરથવાની તથા તે સાથે મરહુમ ડા૦ ખુરશેદજી પેસતનજી બોઇસની યાદમાં બંધાયલો "ખોરશેદ હોલ" તથા તેનું કેતાબખાનું તેમજ મરહુમ શેઠ રતનજી નાનાભાઇ બોઇસની યાદમાં બંધાયલો "રતન હોલ" રોજ ૨૪ મો દીન યઝદ માહ ૬ ઠો શહેરેવર શેહેનશાહી સને ૧૨૮૫ યઝ૦ તા૦ ૩ જી મારચ અને શુકરવારને દીને સવારે ૧૦ કલાકે તયાંની પંઠકના અને દખણના વડા દસતુરજી સમશુલ ઓલમા સરદાર કેકોબાદ આદરબાદ દસતુર નોશીરવાનની આગેવાની હેઠળ ખુલ્લા મુકવાની ક્રીયા એક મેળાવડા સનમુખ કરવામાં આવી હતી. ક્રીયા પુરી થવા પછી દસતુરજીને બેલગામની જરથોસતી અનજુમન તેરફથી તથા બોઇસ શેઠે તરફથી શાલો એનાયત કરવામાં આવી હતી. ત્યારબાદ અગયારીના કમપાઉંડમાં દસતુરજીનાં માનમાં એક "એટહોમ"નો મેળાવડો અનજુમને કીધો હતો.

વલસાડ ખાતે ખુલ્લો મેલાયલો સાયનસ હોલ—મરહુમ શેઠ બમનજી શાપુરજી ચોઠીઆએ સ્થાપેલી બાઇ આવાંબાઇ હાઈ સ્કુલમાં બાંધવામાં આવેલો નવો સાયનસ હોલ ખુલ્લો મેલવાની તેમજ મરહુમ શેઠ બમનજીની તથા તેઓના ધણીઆણીની અને બાઇ આવાંબાઇ જેવણના નામથી આ સ્કુલ ચાલે છે તેવણની સબીઓ ખુલ્લી મેલવાની ક્રીયા ઓનરેબલ મી૦ ડબલ્યુ. એચ. શારપના પ્રમુખપણા હેઠળ તા૦ ૮ મી મારચે યાને રોજ ૨૯ મો માહ ૬ ઠા ને દીને એક મોટા મેળાવડા સનમુખ કરવામાં આવી હતી. શરૂઆતમાં શેઠ મનચેરશાહ બમનજી ચોઠીયાએ સાયનસ હોલ ખુલ્લો મેલવાની અરજ કરતાં સ્કુલ કેવી રીતે હસ્તીમાં આવી તે વીશે વીવેચન કરતાં જણાવયું કે ૧૮૯૭ માં મી૦ ગોપાલજી ખંડુભાઇ એક નવી સ્થાપેલી સ્કુલ ચલાવતા હતા. એ વખતે વલસાડ કસબામાં એક હાઈ સ્કુલની મોટી જરૂર વીશે શેઠ જાહાંગીરશાહ કોલાભાઇ માણેકશાહનાએ મારી ખાતરી કરવાથી શેઠ બમનજીને જણાવતાં એવણે હાઇ સ્કુલ માટે કબુલ કીધું હતું. એ સ્કુલ પાછળ રૂપયા દશ હજારનો ખરચ થશે એમ ધારતા હતા પણ તે પાછળ એક લાખ રૂપયાનો ખરચ થવા ગયો છે. મારા પીતાજી પછી મારા માતાજીએ રૂપયા બાવીશ હજારના ખરચે આ સાયનસ હોલ બંધાવી આપયો છે. જેમાં મુંબઇવાળા મેસરસ મીસ્ત્રી અને ભેદવાર જેવા જાણીતા આરકીટેકટની મલેલી મદદ માટે ઉપકાર માનું છું. અને આ ટકે કસબાવાસીઓને પોતાનો સખાવતનો ઝરો આ સ્કુલ તરફ લંબાવવાને અરજ કરૂં છું આ સ્કુલ ૯૭ છોકરાઓથી શરૂ થઇ હતી અને તેમાં આજે ૨૩૮ છોકરાઓ છે. આ સ્કુલમાં મેટ્રીકયુલેશન અને સ્કુલ ફાઇનલના પરીણામો ઘણા સારા આવે છે. આ સ્કુલને મદદ કરનારાઓનો એવણે ઉપકાર માનયો હતો તેમજ શેઠ એદલજી દોરાબજી તલાટી જેવણ વખતો વખત મદદ આપતા રહયા છે તેવણનોબી આભાર માનયો હતો. એ પછી પોરટ્રેટ કમીટીના ચેરમેને હાઈ સ્કુલની સ્થાપના કેમ થઇ તે વીશે કેટલુંક વીવેચન કરી શેઠ બમનજીની સખાવત માટે ઉપકાર માની એવણે કસબાવાસીઓની સેવાઓ બજાવી હતી તે માટે સબીઓ મુકવા માટે એક ફંડ ઉભું કરવામાં આવયું હતું. તેમાં લગભગ રૂપયા પંદરસો ભરાયા હતા, એમાંથી શેઠ બમનજી ચોઠયાની અને તેમના ધણીઆણી બાઈ જીવણબાઇની

અને તેમના છોકરી બાઇ આવાંબાઇની સખીઓ બનાવવામાં આવી છે. એ સખીઓ પ્રમુખે ખુલ્લી મેલ્યા પછી તેમજ સાયનસ હોલ ખુલ્લો મેલાયલો જાહેર કરવા બાદ ફતેહમંદ છોકરાઓને ઇનામો વહેંચી આપવામાં આવયા હતા. એ પછી પ્રમુખ મી૰ સારપે પ્રસંગને અનુસરતું ભાશણ કરતાં જણાવયું કે આ સ્કુલને આબાદ હાલતમાં લાવવાને માટે સ્કુલના સ્થાપકે લાયકાત ઉપર મોટું ધ્યાન આપયું છે અને તેમણે તથા તેમના કુટુંબે ગમે તેટલો ખરચ કરવાને કદી પણ વાંધો લીધો નથી અને જરૂરજોગું સઘળું કરયું છે. તેમના ધણીયાણી તથા છોકરાઓ પણ તેમનેજ પગલે ચાલ્યા છે. ચોઠયા કુટુંબે આ ખાનગી સ્કુલ માટે ઘણું સારૂ કામ કરી બતાવયું છે અને આ સાયનસ હોલ પેહેલી હરોલમાં આવે છે, જે સરકારના મુકરર કરેલા નીયમ પ્રમાણે બાંધવામાં આવયો છે. આ સ્કુલના મેનેજર શેઠ મનચેરશાહ ચોઠયાને તેઓએ બતાવેલા સાહસીકપણા અને ઉલટ માટે અને તેને સંતોશકારક રીતે જોઇતી ચીજોથી ભરપુર કરવા માટે મુબારકબાદી આપું છું. એ પછી મેળાવડો વીસરજન થયો હતો.

બીલીમોરા ખાતે શેઠો ટાટાવાલી હાઇ સ્કુલની ખુલ્લી મુકાયલી ઇમારત–બીલીમોરાના જાણીતા શેહેરીઓ શેઠો મનચેરજી તથા રતનજી શાપુરજી ટાટા તરફથી બીલીમોરા ખાતે બાંધવામાં આવેલી હાઇ સ્કુલની ઇમારત ખુલ્લી મેલવાની ક્રીયા તા૰ ૧૦ મી મારચે યાને રોજ ૧ લો માહ ૭ માને દીને એક મોટા મેલાવડા સનમુખ નામદાર ગાયકવાડના કુંવર પ્રીનસ જયસીંહરાવના હાથે કરવામાં આવી હતી. પ્રીનસ જયસીંહરાવને બીલીમોરા ખાતે થયલી પધરામની પ્રસંગે એ નામદારને મોટો આવકાર આપવામાં આવયો હતો. શરૂઆતમાં સ્કુલની છોકરીઓએ આવકાર આપનારૂ ગાયન ગાઇ સંભલાવયા બાદ કેળવણી ખાતાના પ્રધાન શેઠ આદરજી મહેરનોશજી મસાનીએ ગાયકવાડી પ્રાંતોમાં કેળવણીના ફેલાવા બાબે લંબાણથી ભાષણ કરી શેઠો તાતા બીરાદરોએ બંધાવી આપેલી આ નાદર ઇમારત માટે કેટલુંક વીવેચન કરી ઉપકાર માનયો હતો. શેઠો તાતા બીરાદરો તરફથી શેઠ પેસતનજી રતનજી તાતાએ નામદાર પ્રીન્સ જયસીંહરાવને મકાન ખુલ્લું મુકવાની અરજ કરતાં જણાવયું કે આ ધી મનચેરજી અને રતનજી તાતા હાઈ સ્કુલનું મકાન ખુલ્લું મુકવા તમો નામદારે તસ્દી લીધી તેથી અમો ઘણા આભારી થયા છીએ. આજનો બનાવ ઇતીહાસમાં હમેશા યાદગાર રહેશે. અમારી અરજને સ્વીકારી શ્રીમંત માહારાજાએ અમોને જે માન આપયું છે તે માટે અમો તે નામદારના તેમજ આપના મોટા આભારી થયા છીએ અને અમારી તથા બીલીમોરાની પ્રજા તરફથી આપ સાહેબને ઉપકારની ઉંડી લાગણીથી આવકાર આપયે છીએ. આ સકુલ ૧૮૭૩ માં મરહુમ શેઠ રૂશતમજી પેસતનજી બીલીમોરીયાએ પોતાના ખરચથી ચાલુ કરી હતી અને ૧૮૮૭ થી નામદાર માહારાજા તરફથી ગ્રાંટ મળવી શરૂ થઇ હતી. મરહુમ શેઠ રૂશતમજીનો સંબંધ ૧૮૯૨ થી છુટો થયો હતો અને ત્યારથી ૧૯૧૨ સુધી આ સકુલનો તમામ કારોબાર નામદાર ગાયકવાડ સરકાર તરફથી ચાલતો આવેલો છે. શરૂઆતથી તે ૧૯૧૨ સુધી ચોથા ધોરણ સુધીના કલાસો ચાલુ હતા પણ ૧૯૧૩ થી પાંચમા ધોરણનો કલાસ તેનો અરધો ખરચ મરહુમ શેઠ દાદાભાઇ ધનજીભાઈ ગબાના વારસોએ આપવાથી ચાલુ થયો હતો અને છઠા ધોરણનો અરધો ખરચ એ બદલનો કાયમનો બંદોબસત થાય ત્યાં સુધી અમોએ આપવાથી સને ૧૯૧૪ થી છઠા ધોરણનો કલાસ ચાલુ થયલો છે. શ્રીમંત સરકારના ઉતેજનથી વેપાર ઉદયોગ અને વસતીમાં આ કસબો દીનપરદીન વધતો જાય છે. અને આગળ કરતાં લોકો હાલમાં કેળવણીના ફાયદા અને લાભ વધુ સમજવા લાગા છે. તેનો પુરાવો એ સકુલમાં શીખતા વીદયારથીઓની આજે વધી પડેલી સંખયાથી જણાય છે. કેળવણીનો લેવામાં આવતો વધુ લાભ શ્રીમંત માહારાજાની કેળવણી માટે અથાગ કાળજીનું પરીણામ છે. આ સકુલમાં ઉપલા ધોરણની સગવડ નહી હોવાથી છોકરાઓને અભીયાસ માટે બહારગામ જવું પડતું હતું અને જેઓના વાલીઓની શકતી નહી હોય તેઓ જઈ શકતા નહી હતા આથી હાઇ સકુલની ઘણી જરૂર જણાઈ હતી. હાઇ સકુલ થાય

તે અગાઉ એક સારા મકાનની જરૂર માલમ પડવાથી અને નામદાર માહારાજાએ એવી ખાહેશ જણાવી હતી કે મકાન બાંધવા રઈયત તરફથી અરધો ખરચ મલે તો બાકીનો અરધો ખરચ સરકાર તરફથી આપવામાં આવશે. જેથી અમોએ અરધો ખરચ આપવાની ખુશી જણાવી હતી. ૧૯૧૦ નાં સાલમાં આ મકાનની યોજના ગડવામાં આવી હતી તે વખતે મકાન બાંધવાનો રૂ૧૨૦૦૦ નો ખરચ ધારવામાં આવયો હતો પણ પાછળથી આ કસબાને શોભા આપે એવું નમુનેદાર અને મોટુ હાઈ સ્કુલને લાયકનું મકાન બાંધવા પાછળ કુલે ખરચ રૂ૪૨૦૦૦ નો થયો છે. જેના અરધા રૂ૨૧૦૦૦ નામદાર માહારાજા સરકારે આપયા છે અને અરધા રૂ૨૧૦૦૦ અમોએ આપયા છે. આથી આ કસબાની હાઇ સ્કુલના મકાંનની ખુટ પુરી પડી છે, એટલુંજ નહી પણ તે સાથે બીલીમોરામાં ચાલુ સાલથી એટલે ૧૯૧૬ થી પહેલાથી સાતમા ધોરણ સુધીના કલાસો કાયમને માંટે ચાલુ થશે અને રહેશે અને તેના નીભાવ ફંડને માટે અમારા તરફથી અમારા હીસ્સાના રૂ૨૫૦૦૦ અને સ્કુલના ફરનીચર માટે રૂ૨૦૦૦ મલી રૂ૨૭૦૦૦ આપયા છે. આ સ્કુલ હવેથી "ધી મનચેરજી અને રતનજી ટાટા હાઇ સ્કુલ" એ નામથી ઓળખાશે. વળી એ સ્કુલના પાંચમાં ધોરણના નીભાવ માટે મરહુમ શેઠ દાદાભાઈ ધનજીભાઇ ગબબાના વારસોએ પણ રૂ૭૫૦૦ આપયા છે. આ મકાન અમોએ અમારી દેખરેખ નીચે બાંધી તઈયાર કરયું છે અને એ કામમાં આ પ્રાંતના માજી સુબા માણેકલાલ સાકરલાલ દેશાઈ, હાલના સુબા રાવ બહાદુર ગોવીંદભાઇ હાથીભાઇ દેશાઈ, મીનીસટર ઓફ એજયુકેશન શેઠ મસાણી, સર સુબા વેણીશંકર અને પ્રાંત એનજીનીયર મોતીભાઇ ભીખાભાઇ એઓએ અમોને જે જે મદદો અને કીમતી સલાહો આપેલી છે તે માટે તે સરવે સાહેબોનો આ તકે ઉપકાર માનીએ છીએ. આપ નામદારે અતરે હાજર થવા લીધેલી તસદી માટે તેમજ નામદાર માહરાજા સાહેબનો મોટો ઉપકાર માનયે છીએ. એ પછી નામદાર રાજકુમારે સ્કુલનું મકાન ખુલ્લું મેલાયલુ જાહેર કરી જણાવયું કે નામદાર માહારાજાની તબીયત ઠીક હતે તો તે નામદાર આ કીયા કરવાને ઘણાજ ખુશી થતે. તે નામદારે મને અતરે મોકલાવતા ફરમાવ્યું છે કે તમારા શહેરીઓ પઇકી બંને ટાટા બીરાદરોએ જે જાહેર સખાવતી જુસ્સો દેખાડયો છે તેની પીછાણ નામદાર ગાયકવાડ કરે છે એવો સંદેશો તમુને પુગાડવો. શ્રીમંત માહરાજા કેળવણી અરથે અથાગ કાળજી રાખે છે એ જાણીતી બીના છે. પારસી કોમ સખાવત માટે દુનયામાં મશહુર છે અને તેજ પારસી કોમના તમારા ગામના એ માનવંત શેહેરીઓ જેઓએ આ સખાવતી કામમાં પોતાની કોથલીના મોહ તમારી આગળ ખુલ્લાં મેલયા છે તેવા શેહરીઓ ધરાવવા માટે તમુને હું મુબારકબાદી આપુ છું. આ હાઇ સ્કુલનું મકાન બંધાવી આપી શેઠો તાતા બીરાદરોએ બીલીમોરાની પ્રજાનો પોતાના ઉપકાર હેઠલ દાબી છે અને શેઠો તાતા બીરાદરોએ બતાવેલા સખાવતી જુસ્સા માટે તેમનો ઉપકાર માનું છું. આ નવી હાઇ સ્કુલને આબાદ હાલતમાં લાવવાનું કામ તમારા હાથમાં છે અને આશા છે કે તમારા આશરા હેઠલ તે કાંઇક ધરખમ પરીણામ લાવી બતાવશે. સેવટે શ્રીમંત રાજકુમારે લીધેલી તકલીફ માટે ઉપકાર માનવા બાદ શેઠો મંચેરજી અને રતનજી તાતા તરફથી શેઠ નાદરશાહ તાતાએ બે સકોલરશીપો માટે રૂ૩૦૦૦ ની રકમ આપેલી જાહેર કરી હતી. શ્રીમંત રાજકુમારે શેઠો તાતા બીરાદરોને શાલ ઓઢાડયા બાદ મેલાવડો વીસરજન થયો હતો. સ્કુલના આગલાં દરશને બંને બાજુએ ઇંગ્રેજી તથા ગુજરાતી તખ્તી લગાડેલી છે. "શ્રી પાક દાદાર હોરમઝદની મદદ હોજો. ધી મનચેરજી અને રતનજી તાતા હાઇ સ્કુલનું આ મકાન શ્રીમંત સરકાર મહારાજાશ્રી સયાજીરાવ ગાયકવાડ જી. સી. એસ. આઇ. શેના ખાસ ખેલ સમશેર બહાદુર એઓ સાહેબના શુભ હસ્તે શુકરવાર તા૦ ૧૦ મી મારચ સને ૧૯૧૬ ને દીને ખુલ્લું મુકવામાં આવયુ છે. નેક નામદાર વી. પી. માધવરાવ સી. આઈ. ઇ. વડોદરા રાજયના દીવાન, રા૦ બા૦ ગોવીંદભાઇ હાથીભાઇ દેસાઇ બી. એ., એલ. એલ. બી. નવસારી પ્રાંત સુબા, મે. રા. રા. આદરજી મેહેર-

નોશજી મસાણી એમ. એ. વીદયાધીકારી, રાજ્ય વડોદરા. કુલ ખરચ રૂ૪૨૦૦૦ થયો તે પઇકી નીમે રકમ મી૦ મનચેરજી શાપુરજી તાતા તથા મી૦ રતનજી શાપુરજી તાતાએ બંને ભાઇઓએ આપી છે બાકી નીમે રકમ તથા મકાનની જમીન શ્રીમંત નામદાર મહારાજા ગાયકવાડ શ્રીએ કરૂપાવંત થઈ બક્ષીશ આપી છે. વધારામાં તાતા ભાઇઓ મેશરસ મનચેરજી તથા રતનજીએ બીલીમોરા એ. વ. સ્કુલને એક હાઇ સ્કુલમાં ફેરવી નાંખી તેના નીભાવ સારૂ બીજી રૂ૨૫૦૦૦ ની ઉદાર રકમ આપવા ઉપરાંત લાયક ફરનીચર ખરીદ કરવા સારૂ રૂ૨૦૦૦ ની રકમ આપી છે. આ મકાનનો પાયો નાખવાનું મુહુરત તા૦ ૧૮ એપ્રીલ ૧૯૧૩ ને દીને તે વેળાના નવસારી પ્રાંત સુબા મે. રા. રા. માણેકલાલ શાકરલાલ દેસાઇ એમ. એ. ના હાથે કરવામાં આવયું હતું, રા. બા. મોતીભાઇ ભીખાભાઇ પટેલ એલ. સી. ઇ., એ. એમ. આઈ. એમ. ઈ., નવસારી પ્રાંત એકઝીકયુટીવ એનજીનીયરે એમણે યોજેલા પલાન મુજબ અને એમની દેખરેખ હેઠળ બંધાવયું છે. ઈસ્વી સન ૧૯૧૫." એ ભવય મકાનનાં મુખય દરશનમાં પેહેલા મજલા ઉપર શેઠ મનચેરજી શાપુરજી તાતાનુ અરધા કદનું સંગેમરમરનું બાવલું મુકેલું છે, જે આબેહુબ છે.

શેઠો મનચેરજી અને રતનજી શાપુરજી તાતાએ બીલીમોરામાં એક હાઇ સકુલ સથાપવા માટે કીધેલી કીમતી સખાવત માટે બીલીમોરાની સમસત મહાજન (સરવે કોમ) તરફથી તેઓનો ઉપકાર માનવા માટે અને માનપત્ર આપવા માટેનો મેળાવડો તા૦ ૧૨ મી મારચે યાને રોજ ૩ જો માહા ૭ માને દીવસે સવારના તાતા હાઇ સકુલનાં કમપાઉંડ મધેના મંડપમાં દીવાન બહાદુર સમરથના પ્રમુખપણા હેઠળ કરવામાં આવયો હતો. શરૂઆત ઇશવર–સતુતીનાં ગાયન પછી શેઠો મનચેરજી અને રતનજી શાપુરજી તાતાને એનાયત કરવાનું માનપત્ર શેઠ બરજોરજી મેંગુસીએ નીચે મુજબ વાંચી સંભલાવયું હતું :–શેઠજી સાહેબો શેઠો મનચેરજી શાપુરજી તાતા અને રતનજી શાપુરજી તાતા, બીલીમોરા. અમો બીલીમોરાની સમસથ મહાજનના નીચે સહી કરનાર આગેવાનો તમો શેઠોને જણાવવાની રજા લઈએ છીયે કે તમો શેઠોએ અત્રે એક એંગલો વરનાકયુલર હાઈ સકુલ બંધાવી આપીને તેનાં નીભાવ ફંડમાં મોટી રકમ ભરી આપી, આપના ગામનાં લોકો ઉપર મોટો ઉપકાર કીધો છેજી. અત્રે ઇંગ્રેજી હાઈ સકુલની ખાસ જરૂર હતી તે તમો બંને સાહેબોએ મોટા ખરચ કરીને પુરી પાડીછે તેથી બીલીમોરા કસબાના તથા આજુબાજુના વીદયારથીઓને મોટો લાભ થયો છે અને તેનો બદલો આપ સાહેબોને તે કીરતાર તરફથી મળશેજી. ગામની દરેક કોમના રહીશોની આભારની લાગણી તરીકે અમો આ માનપત્ર આપ સાહેબોને અરપણ કરયે છીએ અને આશા રાખયે છીએ કે જેવી ભલી લાગણીથી આપ સાહેબોએ આ ભલું અને પરમારથનું કામ કીધું છે, તેવીજ ભલી લાગણી બીલીમોરાના કસબાનાં ભલાં ખાતર આપ સાહેબો રાખતા રહીને હવે પછી પણ ગામની જોઈતી બીજી હાજતો ઉપર આપ સાહેબો ધયાન આપતા રહેશો. છેવટે તમે બંને સાહેબો તન, મન, ધનથી હંમેશા સુખી રહો અને આબાદી ભોગવો એવી ભલી દુવાઓ અમો આપ સાહેબોને ઇચછીએ છીયે, જે ઇશ્વર પાર પાડો, આમીન! આમીન!!, આમીન!!! લી૦ સેવકો, ડોસાભાઇ લીમજીભાઈ, ભાણાભાઇ ભુત્તરાજી, સોરાબજી શાપુરજી, તે બીલીમોરા મહાજનનાં આગેવાનો. આ માનપત્ર ચાંદીની એક સુંદર કાસકેટમાં મુકીને શેઠો મનચેરજી અને રતનજી શાપુરજી તાતાને પ્રમુખ સાહેબે તાલીઓના મોટા અવાજો વચે એનાયત કરયું હતું. આ માનપત્રનો જવાબ શેઠો મનચેરજી અને રતનજી શા. તાતા તરફથી શેઠ નાદીરશાહ મ. તાતાએ વાંચયો હતો તેમાં જણાવયું હતું કે તમોએ આપેલા માન માટે ઉપકાર માનયે છીએ અને અમોએ જે કાંઈ કીધું છે તે કરવામાં અમારી ફરજ બજાંવવા સીવાય વધુ કાંઇ પણ કીધું નથી અને હમારા વતનીઓ તરફથી પીછાણ કરવામાં આવે છે તેથી અમારી મહેનતનો બદલો સમજયે છીએ. અમોએ રૂ૫૦૦ મહાજનમાં આપવા નકી કરયા છે કે એના વ્યાજમાંથી દર વરસે ધી મનચેરજી અને રતનજી તાતા હાઈ સકુલમાં દરેક કલાસમાં જે છોકરા પહેલા નંબરે પાસ થાય તેને અમારા નામનો મેડલ આપવો.

એ પછી શેઠ બરજોરજી મેંગુસીએ શેઠ ધનજીભાઇ કુવરજી ગબબાને એનાયત કરવાનું માનપત્ર વાંચી સંભલાવ્યું હતું. તેમાં જણાવ્યું હતું કે શેઠો મનચેરજી અને રતનજી શાપુરજી તાતા હાઇ સકુલના પાંચમા ધોરણના ખરચ માટે તમોએ મોટી રકમ આપી ગામના લોકો ઉપર ઉપકાર કીધો છે અને બીલીમોરાના કસબાના તથા આજુબાજુના વીદયારથીઓને એથી મોટો લાભ થશે અને તેને બદલો તે કીરતાર તરફથી તમોને મલશે. ગામની દરેક કોમના રહીશોની આભારની લાગણી તરીકે આ માનપત્ર અરપણ કરીએ છીએ. એ પછી આ માનપત્ર ચાંદીના કાસકેટ સાથે પ્રમુખે શેઠ ધનજીશાહ ગબબાને એનાયત કરવા બાદ દીવાન બહાદુર સમરથે વીવેચન કરતાં જણાવયું કે આ ગામમાં પીવાના પાણીની આપદા છે, જે ખામી શેઠો તાતા બીરાદરો પોતાની જગયા ઉપર પાણી માટે સગવડ કરી આપીને દુર કરે છે, જે તેઓને ઘણું શાબાશીભરયું છે. હું ૩૦ થી ૩૫ વરસ થયાં તાતા ભાઇઓના સમાગમમાં આવ્યો છું અને તેઓનું દીલ કેવું ઉદાર અને સખી વજુદ છે તે હું બરાબર પીછાનું છું. શેઠો મનચેરજી અને રતનજી તાતાએ ઘણાક પ્રસંગોએ સરકારને ઘણી કીમતી મદદ કરી છે. આંબકારી બાબદ વીશે જયારે કાંઇબી ખટપટ ઉભી થતી ત્યારે તાતા ભાઇઓએ ખુશીથી બહાર આવી આપણી શ્રીમંત સરકારની મોટી સેવા બજાવી છે અને તેવી વખતે એવોએ પોતાના લાભનો ભોગ વટીક આપયો છે. એઓ શેઠો પોતાની સકમાઇના પઇસાનો ઘણો સદઉપયોગ કરે છે જે ઘણું સતુતીપાત્ર છે. આ તાતા હાઇ સકુલની સુંદર ઇમારત જેવી બીજી સકુલની ઇમારત કદાચજ હશે. જેમ છોકરાઓ માટે હાઇ સકુલ થઇ તેમ છોકરીઓ માટે હવે હાઇ સકુલની ઘણી જરૂર છે જે ભવીશયમાં પાર પડે એમ ઇચછુ છું. સેવટે શેઠો મનચેરજી અને રતનજી શાપુરજી તાતાને લાંબી જીંદગી પુરતું સુખ અને તંદરોસ્તી ઇચ્છુ છું અને ઉમેદ રાખું છું કે તેઓ પોતાની બુધી વડે પોતાની દોલત વધારીને આવાં ભલાં અને નેક કામો હમેશા કરતા રહે. એ પછી મેળાવડો વીસરજન થયો હતો. શેઠો મનચેરજી અને રતનજી તાતા તરફથી સકુલના બાળકોને મીઠાઇની ભેટ આપવામાં આવી હતી.

અહમદનગર ખાતે ખુલ્લુ મેલાયલું નસાખાનું—અહમદનગર ખાતે એક નવુ નસાખાનું અહમદનગરની દરેમેહેરની સાથના કમપાઉંડમાં બાંધવામાં આવયું હતું જેના ખરચમાં મરહુમ શેઠ નવરોજી વહાડયાના ત્રસ્ટી સાહેબો તરફનો અરધો હીસ્સો તેમજ અહમદનગરની અને દેશાવરોની અંજુમનો તરફનો અરધો હીસ્સો છે. એ નસાખાનું અહમદનગરની દરેમેહેરમાં બાનુઓ તેમજ ગ્રહસ્થોના એક મેળાવડા સનમુખ અંજુમનને નામે ઘટતી કીયા સાથે જમશેદી નવરોજના દીવસે યાને રોજ ૧૨ મો માહ ૭ માને દીવસે સવારના ૯ વાગતે જશન કરી ખુલ્લું મુકવામાં આવયું હતું. તેમજ મરહુમ શેઠ નવરોજી માણેકજી વહાડયાના ત્રસ્ટી સાહેબોએ અહમદનગર મધે રૂવાનની નવી ગાડી માટે રૂપીઆ ત્યાંની અંજુમને આપયા હતા, તે ગાડી એ મરહુમ શેઠની નઇયતે નવરોઝના દીવસે ઘટતી કીયા સાથે ઇજી ખુલ્લી મુકવામાં આવી હતી.

ગરીબો માટે ખુલ્લી મેલાયલી ચાલી—મેશરસ બરૂએલ કંપનીના જાણીતા ભાગીયા મરહુમ શેઠ સોરાબજી મનચેરજી નીકલશન પોતાના છેલ્લા વીલમાં જણાવયા પ્રમાણે પોતાના ગરીબ કુટુંબીઓ માટે એક ચાલી બંધાવવાને પોતાના વારેસોને ફરમાવી ગયા હતા, તે મુજબ તેઓના હાલના ચારે બેટાઓએ સાથે મલીને એક કુશાદે ચાલીનું મકાન તારદેવ ખાતે વાડીયા સ્ટ્રીટમાં બાંધીને તઇયાર કીધું છે, તેનું મુહુરત જમશેદી નોરોજને દીને યાને રોજ ૧૨ મો માહા ૭ માને દીવસે રાબેતા મુજબ કરવામાં આવયું હતું.

ભરૂચમાં ખુલ્લો મેલાયલો વખારીયા હોલ—ભરૂચના રૂના વેપારી શેઠ રૂશતમજી હોરમશજી વખારીયાએ ભરૂચમાં આવેલા મેરવાન બાગના એક ભાગમાં એક નવો માળ તથા હોલ સરઅવસરે વાપરવા રૂ૧૫૦૦૦ ને ખરચે બંધાવી આપયો છે તે ખુલ્લો મેલવાની કીયા રોજ ૧૦ મો માહા ૮ માને દીને શેઠ ફીરોજશાહ તાલીયારખાનના પ્રમુખપણા હેઠલ કરવામાં આવી હતી. સાંજે ૪ વાગે જશનની

ક્રીયા કરવા બાદ શેઠ રૂશતમજીના દીકરા શેઠ જમશેદજીના બેટા ફ્રરદુનજીની નવજોત કરવામાં આવી હતી. એ પછી ભરૂચની પારસી પંચાયતના ત્રસ્ટી ખા૦ બા૦ આદરજી મનચેરજી દલાલે વીવેચન કરતાં શેઠ રૂશતમજીએ કરેલી સખાવત માટે એવણુની સ્તુતી કરી ભરૂચની જરથોસ્તી અંજુમન તરફથી એમનો ઉપકાર માની જણાવયું કે એવણુ પારસી પંચાયતની ઘણી સેવાઓ બજાવતા આવયા છે અને વખારીયા ખાનદાનની સખાવત જાણીતી છે. એવણુ શેઠ એવા શુભ કામો કરતા રહે એવી દુવા ચાહીયે છીએ. એ પછી શેઠ રૂશતમજીએ પોતાને આપેલા માન માટે ઉપકાર માની જણાવયું કે મેરવાન બાગમાં થતાં જમણો વખતે ઘણીજ અડચણ પડતી હતી તથા રાતે મોડું થતું હતું તેથી આ નવા મકાનથી સગવડ થશે. આ મકાન અંજુમનને એવી સરતે સપુરદ કીધું છે કે દરેક જરથોસ્તીને સરઅવસરે વાપરવા સારૂ આપવું અને મેરવાન બાગનું જે ભાડુ લેવામાં આવે છે તેમાં વધારો કરવો નહીં. આ મકાનના ચાલુ રીપેર સારૂ ભરૂચની પંચાયતના ત્રસ્ટી સાહેબોને રૂ૨૦૦૦ આપ્યા છે તેના વયાજમાંથી મરામત વગેરે કરવી. વળી હમણા નવજોત ક્રીયા વખતે બે સેટરંજી તથા ઘડીયાલ મુકયું છે તે ભેટ આપુ છુ. એ પછી ખાં૦ બા૦ આદરજી દલાલે પોતાના તરફથી એક શીયાલ અને ત્યાંની અંજુમન તરફથી એક બીજી શીયાલ શેઠ રૂશતમજીને એનાયત કીધી હતી તેમજ કુટુંબીઓ તથા દોસ્તો તરફતી બીજી શીયાલોબી એવણુને એનાયત થઈ હતી. મેળાવડાના પ્રમુખ અને ભરૂચના ડીસ્ત્રીકટ જડજ શેઠ ફીરોઝશાહ તાલયારખાને પ્રસંગને અનુસરતું વીવેચન કરતા શેઠ રૂશતમજીની સખાવત માટે ઉપકારમાની દરવાજાનું તાલુ ઉગાડી હોલ ખુલ્લો મેલાયલો જાહેર કરવાબાદ શેઠ રૂશતમજીની સબી જે ભરૂચની પારસી પંચાયત તરફથી ભેટ આપવામાં આવી હતી તેબી ખુલ્લી મુકી હતી. રાતે એવો સાહેબ તરફથી અંજુમનને ખાણુ આપવામાં આવ્યું હતું.

દખણ હેદરાબાદમાં ખુલ્લુ મેલાયલું મુસાફરખાનું—મઉવાળા મરહુમ દસ્તુરજી ખોરશેદજી જમશેદજી જામાસપઆશાના ફરજંદો બાઈ ભીખાઇજી અને શેઠો અરદેશર તથા જાહાંગીરજીએ પોતાના માતપીતાની અશો યાદમાં દખન હેદરાબાદમાં જમીસંતાનપુરમાં બધાયલા નવા દખમાં નજડીક એક મુસાફરખાનું બંધાવી આપયું છે, તે ખુલ્લું મેલવાની ક્રીયા રોજ ૧૪ મો માહા ૮ માં ને દીને યાને મરહુમ દસ્તુરજી ખોરશેદજીના વીધવા બાઇ કુવરબાઇની બાજને દીવસે સાંજે છ વાગે એક મેલાવડા સનમુખ કરવામાં આવી હતી. શરૂઆતમાં દસ્તુરજી ખરશેદજી બેહરામજીએ જશનની ક્રીયા કરવા પછી બાઇ ભીખાઇજી ખોરશેદજી દસતુરે અંજુમન પત્ર વાંચી સંભલાવયો હતો. જેમાં જણાવયું હતું કે આરામગાહ આગળ બહારગામથી આવતાં રૂવાનોનાં ક્રીયાકામો તેમજ તેમના ખેશીઓના ટુંક વખતના ઉતારા અને જરૂર પડવે સથાનીક જરથોસતીની સગવડ માટે વાપરવા સારૂ હમારા મરહુમ બાવાજી ખોરશેદજી જેઓ રોજ ૫ મો માહા ૧૧ મો સને ૧૨૮૧ યઝદેજરદીને દીને મઉમાં બેહસતનશીન થયા હતા અને મરહુમ માતાજી કુવરબાઈ જેઓ રોજ ૧૪ મો માહ ૮મો સને ૧૨૮૨ ને દીને દીને સીકંદરાબાદમાં બેહેસતનશીન થયા ઉતા, એઓ બંનેના ઉઠમણામાં ભરાયલી રકમમાં જોઇતો વધારો કરી આ મકાન બંધાવી આપી વાસણો વગેરે જરૂરી ચીજો મુકી છે. મકાનની મરામત કરવા માટે રૂ૫૦૦ ની સાડા ત્રણ ટકાની લોન સીકંદરાબાદ તથા હેદરાબાદની જરથોસ્તી અંજુમનના ફંડોની કારોબાર મંડળીને વ્યાજ વાપરવા સંપુરદ કરી છે. એ પછી દસ્તુરજી ખોરશેદજી બેહરામજીએ કેટલુંક વીવેચન કરતાં જણાવયું કે કમગુજાસથાલા જરથોસ્તીઓ નાના સંકડાસવાલા મકાનોમાં રહેતા હોવાથી ખોદા ન કરેને કાંઇ માઠો બનાવ બને ત્યારે આ મકાનમાં રૂવાનને લગતી ધારમીક ક્રીયા કરીને અવલમંજલ પહોંચાડી શકશે તેમજ એ મકાનમાં રહીને ચાર દીવસની ક્રીયાઓબી કરી શકશે. એ પછી આ મકાન બંધાવી આપનારાઓનો ઉપકાર માનયા બાદ મેળાવડો વીસરજન થયો હતો. આ મકાનપર નીચલી તખતી મારેલી છેઃ–'અશો અહુરમજદની મદદ હોજો.' આએ મકાન મઉવા[illegible] દસતુરજી સાહેબ

ખોરશેદજી જમશેદજી દસતુર જામાસપ આસાના તથા તેવણનાં ધણીઆણી મરહુમ બાઈ કુવરબાઇ ખોરશેદજી દસતુરના ઉઠમણામાં ભરાયલી રકમમાંથી, તેઓના પુનય માટે પારસી જરથોસતી રૂવાનોને અવલમંજલ પહોંચાડવા તથા બીજી ધારમીક ક્રીયા કરવા માટે બંધાવીને રોજ ૧૯ મો ફ્રવરદીન માહ ૪ થો તીર સને ૧૨૮૫ યજદેજરદી તા૦ ૨૯ મી ડીસેમબર સને ૧૯૧૫ ઇસવી ને વાર બુધને દીને ખુલ્લું મેલી અંજુમનને અરપણ કીધું છે."

વીકટોરીયા સ્વીમીંગ બાથમાં ખોલ્લો મેલાયલો ઇલેક્ટ્રીક પંપ–કેનેડી સી ફ્રેસ બેકબે આગલ આવેલા શેઠો દાદી અને ફરામરોઝ સી. ગોળવાળાના વીકટોરીયા સ્વીમીંગ બાથ મધે દરીયાનું પાણી બાથમાં લેવા માટે એક નવો ઇલેકટ્રીક પંપ તેમજ વીજળીક ઇનસ્ટોલેશન ખુલ્લા મેલવાની ક્રીયા એક મેળાવડા સનમુખ તા૦ ૩૦ મી એપ્રીલે યાને રોજ ૨૨ મો માહ ૮ માને દીને સવારના મુંબઇના કામચલાઉ વડા પ્રેસીડનસી મેજીસ્ટ્રેટ રાવ બહાદુર ચુનીલાલ હરીલાલ સેટલવડે કરી હતી. શરૂઆતમાં શેઠ રૂસતમજી બરજોરજી પેમાસતરે બાથને લગતો ટુંક હેવાલ રજુ કરતાં જણાવયું કે શેઠો ગોલવાળા બ્રધરસે વીસ વરસ ઉપર કોલાબા ખાતે ચંદા રામજી મીલના કમપાઉંડમાં તળાવને મીઠા પાણીના બાથમાં ફેરવી તરવાનો હુનર શીખવાની શરૂઆત કરી હતી. પાંચ વરસ પછી દરીએ કીનારે હાલની જગાએ એક ખાસ બાથ ૧૯૦૧ માં ખુલ્લો મુકાયો હતો. શરૂઆતમાં દરીઆનું પાણી અંદર લેવા હાથનો પંપ હતો તે પછી છ વરસ રહીને ઓઇલ એન-જીનથી પાણી લેવા માંડયું હતું જેથી કલાકે ૧૫૦૦૦ ગેલન પાણી અંદર આવતું હતું. હવે આજથી ઇલેકટ્રીક પંપથી અઢી કલાકમાં જોઇતું અઢી લાખ ગેલન પાણી સાડા આઠ ફીટની ઉંચાઇ સુધી લેવાશે અને પાણી દોઢ કલાકમા ખાલી થઇ શકશે. આ કામ માટે શેઠ ગોલવાળા બ્રધરસે મોટો ખરચ કીધો છે. આ બાથનો ૧૩૦૦૦ પારસી, ૨૦૦૦ હીંદુ અને ૧૦૦૦ મહોમેદનો તથા બીજી કોમનાઓએ મલી ૧૬૦૦૦ જણાઓએ લાભ લીધો હશે. જેઓમાં જડજો, આરીસરો, ડાકટરો, ઈજનેરો, વેપારીઓ વગેરે આવી જાય છે. તેમજ રાજાઓ, ઠાકોરો, ચીફો વગેરેબી તરવાનો હુનર શીખી ગયા છે. વલી ચેલાઓને ઉતેજન માટે વોટર પોલોની રમત શીખવવામાં આવે છે જેની હરીફાઈ કરવા માટે શીલ્ડો તથા શીલવર કપો સખી ગ્રહસ્થોએ આપયા છે. એ પછી રા૦ બા૦ સેતલવડે પંપ ખુલ્લો મેલાયલો જાહેર કરવા બાદ પ્રસંગને અનુસરતું વીવેચન કરતાં જણાવયું કે આ બાથ ખાનગી પારસી સાહસનું પરીણામ છે અને સહાસની બાબદમાં પારસી ભાઇઓ દરેક વાતમાં મુખડે રહેતા આવયા છે તેમ આ બાથના બાબમાંબી છે. તરવાની કસરતથી ઘણા ફ્રાયદા થાય છે. શેઠો ગોલવાલા ભાઇઓએ પોતાના બાથને અપ-ટુ-ડેટ બનાવવા માટે કશુંબી કરવાનું બાકી રાખયું નથી. તે માટે તેઓને ધનયવાદ ઘટે છે. એ પછી ચેલાઓએ તરવાની કસરત કરવા બાદ વોટર પોલો મેચ રમાઇ હતી. સેવટે શેઠો રૂસતમજી પેસતનજી મસાની તથા ખરશેદજી વેસા-વેવલાએ કેટલુંક વીવેચન કરવા બાદ મેળાવડો વીસરજન થયો હતો.

વલસાડ ખાતે ખુલ્લુ મેલાયલુ સુવાવડખાનાનું મકાન–વલસાડ ખાતે ખાન સાહેબ કાવશજી ધનજીભાઇ ધનબુરાની સખાવતથી અને સરકારની ગ્રાંટથી દીનશાહ પીટીટ હાસપીટલના કમપાઉંડમાં સુવાવડખાનાનું યાને વલસાડ મેટરનીટી ઇનસ્ટીટયુટનું બંધાયલું નવું મકાન ખુલ્લું મેલવાની ક્રીયા એક મેળાવડા સનમુખ તા૦ ૩૦ મી એપ્રીલે યાને રોજ ૨૫ મો માહ ૮ માને દીને ઉતર વીભાગના કમીશનર ઓનરેબલ મી૦ એફ. જી. પ્રાટે કરી હતી. સ્કુલની છોક-રીઓએ ગાયનો ગાયા બાદ મી૦ ઉતરામ સુકલ વકીલે રીપોરટ વાંચતા જણાવયું કે સુવાવડ વખતે લોકોને મદદ મેળવવાને ઘણીજ અડચણ અને હાડમારી પડવાથી ખા૦ સા૦ કાવશજીએ પોતાને ખરચે એક પાસ થયલી દાયણને તા૦ ૧૯ મી સપટેમબર ૧૯૦૭ થી પેહલવહેલી નોકરીમાં દાખલ કરી રૂ૮૦૦૦ ની મદદ આપી હતી તેમજ વલસાડ મયુનીસીપાલીટી તરફથી રૂ૩૨૦ અને સુરત ડીસ્ટ્રીકટ લોકલ બોરડ તરફથી રૂ૧૬૦ ની વારસીક ગ્રાંટ મલતી થઇ હતી. સુવાવડખાનું ભાડેનાં

મકાનમાં ચાલુ કરવાથી ઘણીજ અડચણ પડતી હતી તેથી એક મકાન બાંધવાના કામમાં ખા૦ સા૦ કાવશજી જેવણે આ કામમાં પહેલેથીજ મદદ તથા કાળજી રાખતા આવયા છે. એવણે રૂપીઆ ૪૬૭૨ ની વધુ મદદ કરી અને નામદાર સરકારે ૩૪૫૧૯ આપવાથી આ રકમમાંથી નવું મકાન બંધાઇ આજે તઇયાર થયું છે. વલી ખા૦ સા૦ કાવશજીએ વધુ રૂ૩૫૦૦ ની રકમ નીભાવ માટે આપવાથી ફંડ રૂ૧૨૫૦૦ નું થયું છે જેનું વારસીક વયાજ રૂ૫૦૦ આવશે તેમજ વલસાડ મયુનીસીપાલીટીએ વારસીક ગ્રાંટ વધારીને રૂ૫૦૦ અને સુરત લોકલ બોરડે રૂ૨૫૦ ની આપવા જણાવયુ છે. ખા૦ સા૦ કાવસજીએ કરેલી સખાવત માટે તથા બીજાઓએ આપેલી મદદ માટે ઉપકાર માનયે છીએ. આ ઇનસ્ટીટયુટને વલસાડ મ્યુનીસીપાલીટીની દેખરેખ હેઠલ ચલાવવામાં આવશે. એ પછી કમીશનર સાહેબે સુવાવડખાતાંના લાભો લંબાણથી સમજાવયા બાદ આ ખાતાંને ખા૦ સા૦ કાવસજીએ કરેલી મદદની સતુતી કરીયા પછી મકાન ખુલ્લું મેલાયલું જાહેર કરયું હતું. જે પછી કમીશનર સાહેબે તથા બીજાઓએ લીધેલી તકલીફ માટે ખા૦ સા૦ કાવશજીએ ઉપકાર માની જણાવ્યું કે વલસાડની કાવશજી ધનજીરા કન્યાશાળામાં અગવડ ખડતી હોવાથી તેના વધારાના મકાન માટે એવણ પોતાના માતાજીના પુણ માટે વધુ રૂ ૩૦૦૦ ની રકમ આપનાર છે.

ભોપાલની અરામગાહમાં સરઅવસરે વાપરવાનું બંધાયલું મકાન—ભોપાલ ખાતે આરામગાહની જગામાં ધરમ ક્રીયાના કામો કરવા માટે રૂ૪૦૦૦ ના ખરચે આઉટ હાઉસીસ સાથનું એક મકાન લાહોરવાળા બાઇ ડોશીબાઇ પેશતનજી દાદાભાઇએ પોતાના ખાવીંદ શેઠ પેશતનજીની યાદમાં બંધાવી આપ્યું છે. એ મકાન ખુલલું મુકવાની ક્રીયા રોજ ૧૦ મો માહા ૯ માને દીને શેઠ રતનજી દાદાભાઇ ખંબાતાના પ્રમુખપણા હેઠળ કરવામાં આવી હતી. જશનની ક્રીયા મુંબઇવાળા દસતુર ખરશેદજી હોરમસજી દસતુર મેહરજીરાણાએ કરવા પછી એ મકાન બંધાવી આપનાર બાઇ ડોશીબાઇને એવણની સખાવત માટે ભોપાલની અંજુમન તરફથી આપવામાં આવનારો એક ઉપકાર પત્ર અંજુમનના સેકરેટરી ડાકટર અરદેશર દોરાબજીએ વાંચી સંભળાવયો હતો અને તે કાસકેટ સાથે બાઇ ડોશીબાઇને એનાયત કીધો હતો. એમાં જણાવયું હતું કે તમારા ધણી શેઠ પેશતનજી પોતાના વટનથી એક હજાર માઇલ દુર અતરે ભોપાલ ખાતે અકસમાતથી રોજ ૧૦ મો માહા ૧૨ મો ૧૨૮૩ ને દીને મરણ પામ્યા હતા. એવણની યાદમાં તમોએ હુમીદાની જગા આગળ રૂપયા ચાર હજારને ખરચે જોઇતી સામગરી સાથે મકાન બંધાવી આપયું છે તે માટે ઉપકાર માનીએ છીએ અને બેહેશતનશીન નરના અશો ફરોહરને બારે હકતાલા અમરશાંતીનું ગરોથમાન બેહેશત બક્ષે. એ પછી બાઇ ડોશીબાઇએ પોતાને આપેલા માન માટે ઉપકાર માનયાબાદ મેલાવડો વીશરજન થયો હતો. વળી ભોપાલના નામદાર નવાબ સુલતાન જહાન બેગમ સાહેબ જરથોસતીઓ ઉપર હમેશા ઘણી કરમ બક્ષેશની નજરથી જુએ છે અને એ નામવરે આરામગાહની જગાબી મુફત આપી હતી તેમજ એ આરામગાહની જગયા આગળ જવાને માટે એક પાકકી સડક પોતાના ખરચે બંધાવી આપી હતી. એમની ઉદાર દીલની આ સખાવત માટે તા૦ ૧૭ મી મેને દીવસે ભોપાલની પારસી અંજુમન તરફના એક ડેપયુટેશને નામદાર બેગમને તેમના મેહલમાં રેશમ કપડાપર છાપેલું એક માનપત્ર ચાંદીના કાશકેટ સાથે એનાયત કીધું હતું જે માટે નામદાર બેગમ સાહેબે ઉપકાર માનયો હતો.

સુરતની રૂસમતપરાની શેઠ સુખયાવાલી ધરમશાળાની થયલી મરામત—સુરત રૂશતમપરામાંની શેઠ સુખ્યાવાલી દરેહમેહરની પાછળ ભગરસાથ અંજુમનની શેઠ સુખ્યાવાલી ધરમશાળા બીસમાર હાલતમાં આવવાથી એ મકાનમાં જરૂરી સુધારો વધારો લગભગ રૂ૨૦૦૦ ને ખરચે બાઈ જરબાઈ નવરોજી ચમારબાગવાળાએ પોતાના મરહુમ ધણી શેઠ રૂશતમજી બેરામજી દારૂવાલાના પુણ માટે કરાવી આપયો હતો. એ ધરમશાળા તઇયાર થવાથી રોજ ૧૯ મો માહા ૯ માને દીને

જશન કરી જાહેર વપારાશ માટે ખુલ્લી મુકવામાં આવી હતી. એ પછી એ ધરમશાળાને લગતો રીપોરટ વાંચતા દસ્તુરજી બરજોરજીએ જણાવ્યુ કે શેઠ એદલજી દા. સુખ્યાના છોકરાઓએ રોજ ૭ મો માહા ૨ જો શેહેનશાહી ૧૨૩૩ ય. યાને તા૦ ૩૦ મી અકટોબર ૧૮૬૩ ને દીને એ જુની ધરમશાળા જાહેર વપડાસ માટે ખુલ્લી મુકી હતી. બાઇ જરબાઈની ઉદાર બક્ષેશથી આ મકાન તઇયાર થઇ આજે ખુલ્લું મેલાયલું છે. વળી આજના જશન વગેરેનો ખરચ બાઇ જરબાઇએ આપયો છે. આપણી અંજુમનના મેનેજર સાહેબોએ પોતાની કુશળતાથી આ રોનકદાર મકાન બનાવયું છે અને એ મકાનના બાંધકામમાં આપણી પંચાયતની વાડીના કાટમાનું થોડું લાકડકામ બી અંદર વાપરવામાં આવયું છે. ડા૦ નાદરશાહ હો. સુખયા તથા એરવદ કાવશજી હો. રાવને તથા બીજા મદદ કરનારાઓનો ઉપકાર માનયા પછી ડાકટર નાદરશાહ સુખયાએ કેટલુંક વીવેચન કરી શેઠ હોરમજી દાદાભાઈ માડન અંજુમનના કામમાં મદદ આપે છે તે માટે ઉપકાર માનયા બાદ મેળાવડો વીસરજન થયો હતો. એ ધરમશાળામાં ફરનીચર મુકવા રોકડા રૂ૫૦ તથા બીજું કેટલુંક ફરનીચર ડા૦ નાદીરશાહ હોરમજી સુખીયાએ ભેટ આપયું હતું. આ ધરમશાળા ઉપર નીચલી તખતી મારેલી છે:—“ શ્રી પાક દાદાર અહુરમજદની મદદ હોજોજી. આ ધરમશાળાનું મકાન મરહુમ શેઠ એદલજી સુખીયાના વારસો તરફથી રોજ ૭ મો માહા ૨ જો સને ૧૨૩૩ યઝદેજરદીને દીને બંધાયું હતું તેને બાઈ સાહેબ જરબાઈ નવરોજી ચમારબાગવાલાએ પોતાનાં ખાવીંદ મરહુમ શેઠ રૂસતમજી બેરામજી દારૂવાલાનાં પુણને માટે રૂ૨૦૦૦ બે હજારની રકમથી તથા આપણી અંજુમનની વાડીનો કેટલોક જુનો કાટ વાપરીને એ ધરમશાળાને લગતી ધટતી મરામત કરી છે અને રોજ ૧૫ મો માહ ૯ મો શહેનશાહી સને ૧૨૮૫ યઝદેજરદી તારીખ ૨૭ મી મે સને ૧૯૧૬ અંગ્રેજી, સંવત ૧૯૭૨ ના વઇશાખ વદ ૧૧ ને વાર શનેઉના દીને જશનની ક્રીયા કરી સુરત ભગરસાથ અંજુમનને સરવે જરથોસ્તીઓનાં વપરાસને માટે સ્વાધીન કરવામાં આવી છે.”

જાહાંગોરડી ખાતે ખુલ્લી મેલાયલી નવી દરેમેહર-જાહાંગોરડી ખાતે બાંધવામાં આવેલી નવી દરેહમેહરનું મકાન તઇયાર થવાથી એમાં પવીત્ર આતશ આદરીયાન સાહેબને તખતનશીન કરવાની ક્રીયા રોજ ૨૦ મો માહા ૯ માને દીને એક મોટા મેળાવડા સનમુખ કરવામાં આવી હતી. દીવસો આગમચથી પવીત્ર ક્રીયાથી તઇયાર કરવામાં આવેલા આતશને આદરાન સાહેબના મકાનમાં સવારના સાડાનવ વાગે પરથવામાં આવયા હતા અને જશનની ક્રીયા ઉડવાડાના દસતુરજી ખુરશેદજી મીનોચેરજી તથા દસતુરજી પેશોતનજી બરજોરજી મીરજાંની આગેવાની હેઠળ કરવામાં આવી હતી. એ પછી દસ્તુરજી ખુરશેદજી મીનોચેરજી તરફથી એરવદ નેરીઓસંગ બરજોરજી માકુજીએ વાયજ વાંચી સંભલાવી હતી. એમાં જણાવયું હતું કે આપણા જરથોસતીઓના દીની કાયદા મુજબ એબાદતધાહો અને એબાદતખાનાની જરૂર જે ગામમાં જરથોસ્તીઓની વસ્તી હોય ત્યાં જણાતી આવી છે. તેમ જાહાંગોરડીના જરથોસ્તીઓને જરૂર જણાવાથી આ ભવ્ય મકાન તઇયાર કરવામાં આવયું છે. આ મકાન બરપા થવાથી ધારમીક સગવડો સચવાશે. જે ગામમાં આતશકદેહ બરપા થવાથી ગુજર પામેલા રવાનોની ક્રીયાઓ ત્યાં થઇ શકે છે. આદરીયાનનો કેબલો પરથવાને જે સાહેબોએ ભારે મેહનત લીધી તેઓને શાબાશી ધટે છે અને ભવીશયની બેહતરી માટે ધટતાં પગલાં લેતાં રહેશે. આતશના કેબલા સનમુખ નમન કરી અહુરમજદની આરાધના કરી જતી વેળાએ કાંઈક નેકી અને નીતીના વીચારો લઇને જઇયે તેમજ તમો રોજીંદી જીંદગીના વહેવારમાં સાચા જરથોસ્તીને છાજતા કામો કરી અશોઈના તરીકા મુજબ અહુરમજદને ખુશાલ કરનારા નીવડો એવું ચાહું છું. એ પછી ઉડવાડાના દસતુરજી પેશોતનજી બરજોરજી મીરઝા તરફથી વાયજ દીકરા એરવદ કયોસજીએ વાંચી સંભલાવીયા બાદ અંજુમનના એક કારોબારી શેઠ અરદેશર ખુરશેદજી ઈરાનીએ આતશ આદરાનના સંબંધમાં અંજુમન પત્ર વાંચયો હતો, એમાં હાજર રહેવા લીધેલી તસદી માટે ઉપકાર માની જણાવયું હતું કે ૮ વરસ ઉપર જાહાંગોરડીના

જરથોસતીઓએ આતશદાદગાહ કારવાનો વીચાર કીધો હતો. પણ તે વાત ખોરંબે પડી હતી તે પછી બે વરસ ઉપર શેઠો બમનજી શાપુરજી દહેનુંવાળા, બમનજી ભીમજીભાઈ જાંહીવાલા તેમજ મરહુમ શેઠ રૂસતમજી ભીમજીભાઇના છોકરાઓએ પાછી એ બાબદ ઉપાડી લેવાથી એક જરથોસતી અહસથે જમીન હમારે હસતક મેલીયા બાદ ગામવાસીઓ તેમજ બહારગામથી લગભગ રૂપયા દશ હજાર એકઠા કરી આ મકાન બાંધવામાં આવયું છે તેમજ એના નીભાવ માટે રૂ૨૨૦૦૦ એકઠા કીધા છે. આતશ આદરીયાન પરથવામાં આવે તો ભવીશયમાં ઠીક પડે તેથી દોઢ માસની અંદર હમારી અંજુમનના પ્રમુખ શેઠ રતનજી મંચેરજી પટેલે પોતાની જાતી મેહનતઅને કાબેલયતથી આ મકાનના ત્રણુ ઓરડા ગુંબજ સાથે તઇયારી કરી આપયા છે.એવણે નાણું ભરનારાઓના નામો વાચયા હતા જેમાં રૂ૫૦૦અને વધુ ભરનારાઓ નીચે મુજબ છેઃ—બાઇ ધનબાઇ પેસતનજી હકીમજી રૂ૫૦૦૦ત તથા આ આતશઆદરાન પરઠાવવા માટે કરવામાં આવેલી આજ સુધીની સઘળી ક્રીયાઓનો તમામ ખરચ તથા આશોદાદ વગેરે આપયું, શેઠ અરદેશર ખરશેદજી ઇરાની રૂ૧૦૦૧, શેઠ રૂસતમજી પેસતનજી નેતરવાળા રૂ૫૦૦, શેઠ ફરામજી દાદાભાઇ મુકાદમ રૂ૮૦૦, બાઇ દીનબાઈ જમશેદજી કાપડયા રૂ૨૦૦૦, મરહુમ શેઠ પાલનજી રતનજી કંત્રાકટરનાં પુણને માટે શેઠ મંચેરજી પા. કંત્રાકટરે રૂ૫૦૧, શેઠ સોરાબજી રતનજી કંત્રાકટર રૂ૫૨૫, મરહુમ બાઇ સુનાબાઈ હોરમસજી કંત્રાકટરના પુણુ માટે હા. શેઠ ડોસાભાઈ હો. કંત્રાકટર રૂ૫૦૧, મરહુમ બાઈ જાઇજી ટેમુલજી ફરામજી રાજાનાં પુણુ માટે હા. શેઠ નશરવાનજી ટેમુલજી રાજા રૂ૫૦૦, શેઠ પીરોજશાહ અરદેશર ગાંધી ડાકટર ભરૂચ રૂ૫૦૧, શેઠ રતનજી જમશેદજી દુબાશ રૂ૫૦૧, મરહુમ શેઠ ફરામજી મંચેરજી કામાના ફંડમાંથી રૂ૫૦૦, શેઠ કાવસજી દાદાભાઇ દુબાશે પીતાના પુણુ માટે રૂ૫૦૦, મરહુમ શેઠ બમનજી ફરાંમજી પાલખીવાળાનાં પુણુ માટે દીકરા ફરામરોજે રૂ૫૦૦, મરહુમ શેઠ કેખશરૂ બમનજી જીજીભાઈના પુણુ માટે તેઓના એકઝીક્યુટર શેઠ બરજોરજી દાદાભાઇ બમનજી જીજીભાઇએ રૂ૧૦૦૧ અને મરહુમ શેઠ દાદાભાઇ બમનજી જીજીભાઇ તથા મરહુમ બાઇ ગુલબાઇ દાદાભાઇ બમનજી જીજીભાઇ તથા મરહુમ બાઇ વીરબાઇજી દાદાભાઇ બ. જીજીભાઇના પુણુ માટે શેઠ બરજોરજી દાદાભાઇ બ. જીજીભાઇએ રૂ૫૦૦; બીલ્ડીંગ ફંડ ખાતે આ દરેહમહેરની બીલ્ડીંગ બાંધવા માટેની જમીન શેઠ બમનજી ભીમજીભાઇ અને તેવણુના કુટુંબે ૬૫ ફીટ પહોલી અને ૨૩૨ ફીટ લાંબી આશરે રૂ૧૫૦૦ની કીમતની મરહુમ શેઠ રૂસતમજી ભીમજીભાઇ જાઇવાલાનાં પુણુ માટે અનજુમનના સવાધીનમાં આપી છે, તેમજ બીલ્ડીંગ બંધાવા માટે એવણુ અને એઓનાં કુટંબ તરફથી રકમો મળી છે તેમાં શેઠ બહમનજી ભીમજીભાઈ જાંઇવાલા રૂ૧૫૦૧, શેઠ પીરોજશા રૂસતમજી જાંઇવાલા રૂ૧૦૦૧, શેઠ નાદરશાહ રૂસતમજી જાંઇવાલા રૂ૧૦૨ અને બાઇ રૂડીબાઇ પીરોશા જાંઇવાલાએ રૂ૫૦૦ મલી રૂ૪૦૦૪ રોકડા આપયા છે, એ ઉપરાંત બાઈ રૂડીબાઇ પીરોશા જાંઇવાલાએ મરહુમ બાવા મેહરજીભાઇ તથા માતાજી રતનબાઇ તથા મરહુમ દીકરા જહાંગીરજીનાં પુણુ માટે રૂ૪૫૨ ના ખરચે આગલી કીતાલ દરવાજા સાથેની બાંધી આપી છે, શેઠ પીરોજશાહ રૂસતમજી જાંઇવાલાએ પોતાના મરહુમ બાવાજી રૂસતમજી તથા માતાજીના તથા મરહુમ દીકરા જહાંગીરના પુણુ માટે દરેમેહરના ઉપયોગ માટે એક કુવો રૂ૩૨૧ ના ખરચે બાંધી આપયો છે, શેઠ બમનજી ભીમજીભાઇ જાંઇવાલાએ પોતાના મરહુમ બાવા તથા મરહુમ માતાજીનાં પુણુ માટે દરેહમહેરમાં દાદગાહ સથાપવા માટેનો તથા એક યોજદાથરેનાં કામ માટેનો ઓરડો અને હોંદોરા મલીને રૂ૫૭૬ ના ખરચે બાંધી આપયું છે, શેઠ બહમનજી શાપુરજી જાંઇવાલાએ આ મકાન માટે લાંકડાં ઇતરદી તથા મજુરોની મદદ મલી રૂ૪૯૭ ની મદદ આપી છે, અને બાઈ પીરોજબાઇ બાપુજી દુબાશે આ દરેહમહેરના દરયા તરફની જીતલ બેડક સાથની બાંધવા માટે રૂ૩૦૦ આપયા છે; સેવટે શેઠ ઇરાનીએ નાણુ ભરનારાઓનો તેમજ ભેટ આપનારાઓનો ઉપકાર માની જણુવયું કે દસતુરજી ખુરશેદજીએ તથા દસતુરજી પેશોતનજીએ ઉડવાડેથી ક્રીયાકામો કરવા મોબેદો મોકલાવયા તે માટે એરવદ ભીખાજી દીનયારજી ઉનવાળાએ દરેહમેહેર ઇજવાની ક્રીયામાં તથા નવા આતશ બનાવ

વામાં આપેલી મદદ માટે, તેમજ શેઠ બરજોરજી દાદાભાઇ બ. જીજીભાઇએ અને શેઠ પીરોશાહ એદલજી ધામતે તથા બીજાઓએ આપેલી મદદ માટે ઉપકાર માનયો હતો. એ પછી શેઠ પેશતનજી નશરવાનજી પાળરીએ ખાણીપીણી વગેરે કરેલી ગોઠવણ માટે, શેઠ બાપુજી સોરાબજી પસતાકયાએ મોકલેલી ફરૂત માટે, શેઠ પીરોશાહ રૂશતમજી જાઇવાળાએ મંડપ નાખવા આપેલી ખાલી જગા માટે અને શેઠ જાહાંગીરજી બમનજી ઇરાનીએ મકાનને શણગારવા માટે કારોબારીઓ તરફથી શેઠ ફરામજી જાંઇવાળાએ ઉપકાર માનયા બાદ શેઠ કેખશરૂ અરદેશર એંટીએ મરહુમ શેઠ જીજીભાઇ દાદાભાઇના ધરમખાતાના સેકરેટરી તરીકે જણાવયું કે એ ધરમખાતા તરફથી આ ગામમાં એક મદરેસા તા૰ ૧ લી જુનથી ખોલવામાં આવશે. આ કામમાં એરવદ ભીખાજી દીનયારજી ઉનવાળાએ આપેલી મદદ માટે શેઠ બરજોરજી દાદાભાઇ બમનજી જીજીભાઈ તરફથી એક શીયાળ દસતુરજી ખુરશેદજીના હાથે એવણને એનાયત કરવામાં આવે છે. શેઠ કેખશરૂ એંટીએ વધુ જણાવયું કે આ આદરાનના નીભાવ માટે શેઠ બરજોરજી દાદાભાઇ બ. જીજીભાઇ તરફથી રૂ૧૦૦૦ ના બોંડનું વયાજ આપવામાં આવશે. એ પછી દસતુરજી ખુરશેદજી મીનોચેહેરજીને, દસતુરજી પેશોતનજી બરજોરજી મીરજાંને, અને એરવદ ભીખાજી ઉનવાળાને તથા શેઠ રતનજી જમશેદજી પટેલને શાલ ઓઢાડવામાં આવયા બાદ એરવદ દોરાબજી સીધવાએ શેઠ બરજોરજી દાદાભાઇ બમનજી જીજીભાઇ અને તેમના વડવાઓની સખાવતનું લંબાણથી બયાન કરી તેમનો ઉપકાર માનયો હતો, જેનો શેઠ બરજોરજીએ ઘટતા શબદોમાં ઉપકાર માની સરવે ચાશણી ફરી વીદાય થયા હતા; અને મંડપમાં ખાણાં માટે પધારયાં હતાં. બપોરે ત્રણ વાગે હાલની લડાઇમાં નામદાર બ્રીટીશ સરકાર તથા મીત્રો રાજયોને ફતેહ મલે તે માટે બીજું જશન કરવામાં આવયું હતું. આ ધારમીક ક્રીયામાં ભાગ લેવાને મુંબઇથી તેમજ આજુબાજુના ગામમાંથી ઘણા દીનદાર જરથોસ્તીઓ મોટી સંખયામાં હાજર થયા હતા. મુંબઇથી જનારાઓ માટેની એક ખાસ સ્પેશીયલ ત્રેન કોલાબાના સ્ટેશનપરથી સવારના ૭ વાગે ઉપડેલી સાડાનવ વાગે ગોલવડ જઇ પુગી હતી અને સાંજે ગોલવડથી ૫ વાગે ઉપડેલી રાતે નવ વાગે મુંબઈ આવી પુગી હતી. લોકોની સગવડ માટે અગીયારીના કમપાઉંડમાં માંડવાઓ ઉભા કીધા હતા. વલી હાજર રહેલાઓની સગવડ માટે કારોબારીઓ તરફથી ઘટતી ગોઠવણો કરી સારો બંદોબસ્ત રાખયો હતો. મુંબઈવાળા શેઠ પેશતનજી નશરવાનજી પાવરીએ દર માણસ દીઠ રૂપયા એકની ફી લઇ બપોરના જમવાની મેનેજ રાખી હતી. અગીયારીમાં દાખલ થતાં આગલો દરવાજો અને ભરણી ૮૦ ફીટ સુધીની બાઇ રૂડીબાઇ પી. જાંઇવાળાએ બંધાવી છે, તે ઉપર નીચલી તખતી મારી છેઃ—"શ્રી પાક દાદાર હોરમઝદની મદદ હોજો. બાઇ રૂડીબાઈ પીરોશા જાંઇવાળાએ પોતાના મરહુમ મુરંબી બાવા મેહેરજીભાઇ તથા મરહુમ મુરંબી માતાજી રતનબાઇ તથા મરહુમ વહાલા દીકરા જહાંગીરજીનાં પુનને માટે આએ દરેહમેહેરનો આગલો દરવાજો અને ભરણી ફુટ હેંસી સુધીની બંધાવી અંજુમનને સવાધીનમાં આપયા છે. રોજ ૯ મો માહા ૬ ઠો ૧૨૮૩ યઝદેજરદી, સંવત ૧૯૭૦ ના માહા વદ ૭ ને વાર મંગળ તા૰ ૧૭–૨–૧૯૧૪." અગીયારીમાં દાખલ થતાં જમણી બાજુએ દાદગાહનો હોલ છે, અને મોટા વચલા હોલની પડોશમાં આદરયાન સાહેબ છે. આ અગીયારીનાં મકાન ઉપરની તખતી નીચે મુજબ છેઃ—"શ્રી પાક દાદાર હોરમઝદની મદદ હોજો. શ્રી જહાંબોરડીની પારસી જરથોસતી અંજુમનની દરેમેહેર. આ દરેમેહેર બંધાવવા માટે જમીન તથા સારી જેવી રકમ શેઠ બમનજી ભીમજીભાઈ જાંહીવાળાએ અને તેવણના કુટુંબ મરહુમ શેઠ રૂસતમજી ભીમજીભાઇ જાહીવાળાનાં પુનને માટે અંજુમનને સવાધીન આપી છે. દરેમેહેર બાંધવા માટે કુલ પારસી જરથોસતીઓનાં ઉઘરાણાના પઇસાથી બાંધી શ્રી જહાંબોરડીની પારસી જરથોસતી અંજુમનના સવાધીનમાં રખી કુલ પારસી જરથોસતીઓના વપરાસ માટે ખુલલી મુકી છે. રોજ ૨૦ મો બેહેરામ માહ ૯ મો આદર સને ૧૨૮૫ યઝદેઝરદી તા૰ ૨૮ મી મે સને ૧૯૧૬." વચલા હોલની પડોશમાં ગુંબજવાલો ઓરડો તથા બંદગીના બીજા બે

ઓરડા છે, જે શેઠ બરજોરજી દાદાભાઈ બમનજી જીજીભાઈએ બંધાવી આપયા છે. આ ગુંબજવાળા ઓરડા ઉપર નીચલી તખતી મારેલી છેઃ–"શ્રી પાક દાદાર હોરમજદની મદદ હોજો. આ આતશઆદરાન સાહેબવાલો ઓરડો મુંબઈવાસી મરહુમ શેઠ કેખશરૂ બહમનજી જીજીભાઇના પુનને માટે તેઓના ફંડના એક્ઝીક્યુટર શેઠ બરજોરજી દાદાભાઈ બહમનજી જીજીભાઇએ બંધાવી આપી શ્રી જહાંગીરડીની પારસી જરથોસતી અંજુમનને અરપણ કીધો છે. રોજ ૨૦ મો માહ ૯ મો આદર યજદ સને ૧૨૮૫ યજદેજરદી શેહેનશાહી, તા૦ ૨૮ મી મે સને ૧૯૧૬ ઇસવી, વાર રવેઉ." બંદગીના ઓરડાપર નીચલી તખતી મારેલી છેઃ–"શ્રી પાક દાદાર હોરમજદની મદદ હોજો. આતશ આદરાન સાહેબને લગતો બંદગીનો આ ઓરડો મુંબઇવાસી શેઠ બરજોરજી દાદાભાઈ બમનજી જીજીભાઇએ પોતાના પીતા મરહુમ શેઠ દાદાભાઇ બમનજી જીજીભાઈ તથા માતાજી મરહુમ બાઇ ગુલબાઇ દાદાભાઈ બમનજી જીજીભાઈના પુનને માટે બંધાવી આપી શ્રી જહાંગીરડીની પારસી જરથોસતી અંજુમનને અરપણ કીધો છે. રોજ ૨૦ મો બેહેરામ યઝદ માહ ૯ મો આદર યઝદ સને ૧૨૮૫ યઝદેજરદી શેહેનશાહી, તા૦ ૨૮ મી મે સને ૧૯૧૬ વાર રવેઉ." મકાનના પાછલા ભાગમાં મોબેદો માટે રહેવાના બે ઓરડા તથા બાવરચીખાનું છે, અને તયાં એક કુવો શેઠ પીરોશા રૂ. જાંઇવાળાએ બંધાવીયો છે, જે ઉપર નીચે મુજબની તખતી છેઃ–"શ્રી પાક દાદાર અહુરમઝદની મદદ, ભાઈ પીરોશા રૂસતમજી જાંઇવાળાએ પોતાના મરહુમ મુરબ્બી બાવાજી રૂસતમજી તથા મરહુમ મુરબ્બી માતાજી કુવરબાઇ તથા મરહુમ વહાલા બેટા જાંગીરજીનાં પુનને માટે આએ જહાંગીરડીની દરેહમેહેરનો કુવો બંધાવી અંજુમનને સવાધીનમાં આપયો છે. રોજ ૯ માહા ૬. ૧૨૮૩ યઝદેજરદી સંવત ૧૯૭૦ ના માહા વદ ૭ ને મંગલવાર તા૦ ૧૭–૨–૧૪." અગીયારીના પાછલા દરવાજાની દીવાલ ઉપર નીચે મુજબ તખતી મારેલી છેઃ–"બાઇ પીરોજબાઇ બાપુજી દુબાશે પોતાના બેશીઓનાં પુન માટે શ્રી જહાંગીરડીની અગીયારીની દરીયા બાજુની દીવાલ પોતાને ખરચે બંધાવી આપી છે. તા૦ ૨૮ મી મે ૧૯૧૬.

શેઠ દાદીશેઠના આતશબેહેરામને પાછા તખતનશીન કરવાની થયલી કીયા–બહારકોટના મરહુમ શેઠ દાદીશેઠના કદમી આતશબેહેરામ સાહેબના મકાનમાં ચોકસ મરામત કરવાની હોવાથી એ આતશબેહેરામના પાક કેબલાને તેની અસલ જગાએથી ખસેડીને એ મકાનમાં બીજી જગાએ રાખયા હતા અને મરામતનું કામ પુરૂ થવાથી એ નુરી કેબલાને દસ્તુરજી દીનશાજી જીવાજી ગરડાની દેખરેખ હેઠળ ઘટતી કીયા કરી અસલ જગાએ લાવી પાછા રોજ આદર માહ દેહ શેહેનશાહી અને માહ બમન કદમીને દીને તખતનશીન કરવામાં આવયા હતા. એ બનાવની ખુશાલીમાં સવારના એક જશન કરવામાં આવયા પછી દસતુરજી દીનશાહજીએ વાએજ કરતાં જણાવયુ કે આ આતશબેહેરામનું પુરાણુ મકાન મરહુમ શેઠ દાદાભાઇ નોશીરવાનજી દાદીશેઠે રોજ ૧૭ મો માહ ૧ લો કદમી સને ૧૧૫૩ ય૦ યાને તા૦ ૨૯ મી સપટેમબર ૧૭૮૩ ને દીને પરથાવી આતશબેહરામ સાહેબના પવીત્ર કેબલાને તખતનશીન કરયા હતા. આએ મકાનના હોલમાં તથા બાહેરની ફરતા ઓટલા ઉપર કાળા પથરની લાદીઓ અને ગુંબજમાં સફેદ સંગેમરમરની લાદીઓ બેસાડી છે, તેમજ આફરગાનીઆ નીચેનું ખુવાન પણ સંગેમરમરનું બનાવ્યું છે. એ ઉપરાંત બીજો ઘણો ફેરફાર મોટો ખરચ કરીને કીધો છે. આ કામ સંપુરણ કરવા માટે આએ મકાનના ત્રસટી સાહેબોએ તથા સેકરેટરીએ ઉલટ લઇને બીનસવારથે મહેનત લીધી છે તે માટે આપણી પ્રસંશાને લાયક છે. આ આતશબેહરામ સાહેબને તખતનશીન કરેલા સારે ત્રાંબાનું જુનું અફરગાનયું હતું તે બદલીને નવું જરમન સીલવરનું અફરગાનયું શેઠ દાદી નોશરવાનજી દાદીશેઠે પોતાને ખરચે મેલાવયું છે.

કરાંચીના પારસી ઇનસટીટયુટમાં બંધાયલો હોલ–શેઠ જાહાંગીર હોરમજી કોઠારીની રૂ૭૦૦૦ ની સખાવતથી કરાંચીના પારસી ઇનસટીટયુટના કમપાઉંડમાં બાંધવામાં આવેલો "જાહંગીર કોઠારી હોલ" ખુલ્લો મેલવાની કીયા રોજ ૨૪ મો માહ ૧૦ મા ને દીવસે એક

મેળાવડા સનમુખ સીંધના નામદાર કમીશનર મી० લ્યુકસના પ્રમુખપણા હેઠળ કરવામાં આવી હતી. શેઠ જાહાંગીર હોરમશજી કોઠારીએ શરૂઆતમાં જણાવ્યું કે આ હોલ ૧૯૧૪ માં બંધાઈ તઇયાર થયો હતો પણ ન ધારેલી અડચણને લીધે તે હમણા ખુટ્લો મુકાયો છે અને પારસી ઈનસ્ટીટયુટને ઘણો ઉપયોગી થઇ પડશે. આ હોલમાં મીનતન તાઇલો શેઠ હોરમશજી ખજુરીનાએ ઘણી સરસ રીતે નાંખયા છે તે માટે શેઠ હોરમશજીને સોનાનું ઘડીયાળ ભેટ આપુ છું. એ પ્રછી કમીશનરે હોલ ખુટ્લો મેલયા બાદ એ ઈનસ્ટીટયુટના વાઇસ પ્રેસીડંટ શેઠ કાવશજી કાતરકે ઇનસ્ટીટયુટ તરફથી શેઠ કોઠારીનો ઉપકાર માની જણાવ્યું કે આ હોલ બંધાવી આપનાર ગ્રહસ્થનું નામ જાવેદાન સુધી યાદ રહેશે. પારસી ઇનસ્ટીટયુટ તરફથી શેઠ કોઠારીને પરસ આપવાની વીનંતી કીધી હતી. નામદાર કમીશનરે શેઠ કોઠારીને પરસ એનાયત કીધા પછી શેઠ કોઠારીએ પરસ માટે પારસી ઈનસ્ટીટયુટનો ઉપકાર માની પરસમાનું નાણું સોલજરોનાં ફંડમાં આપવા જણાવ્યું હતું. એ પછી કમીશનરે શેઠ હોરમશજી કોઠારીની સખાવત માટે શાબાસી આપી જણાવયું કે એવણ કરાંચીના ભલાં માટે પોતાથી બનતું કરે છે. એવણનેજ સીંધના પારસીઓમાંથી પહેલવહેલા લેજીસલેટીવ કાઉનસીલના મેમ્બર તરીકે નામદાર સરકારે નેની માન આપયું છે. વળી એવણ મોટા મુસાફર છે. એ પછી પારસી બાનુઓ અને છોકરાંઓએ કોનસરટ કરવા બાદ મેળાવડો વીસરજન થયો હતો. આ હોલ ૮૦ ફુટ લાંબો અને ૩૦ ફુટ પોહલો છે અને તેપર નીચલી તખતી મારેલી છે—"The "Jehangir Kothari Hall" This building was erected and presented to the Karachi Parsi Institute, by The Hon. Mr. Jehangir H. Kothari declared open by W. H. Lucas Esq. C. I. E., I. C. S., Commissioner in Sind. May 1916."

મઉની દરેહમેહરનું ખુલ્લુ મુકાયલું મકાન—મઉની દરેહમેહરનું મકાન જુનું થવાથી મઉના દસતુર નોશીરવાન દસતુર કેકોબાદની આગેવાની તળે અંજુમનના ઉઘરાટથી બંધાયલું નવું મકાન રોજ ૯ મો માહ ૧૧ માને દીવસે ઇજીને એક મેલાવડા સનમુખ ખુલ્લું મુકવામાં આવયું હતું. શરૂઆતમાં દસતુરજી નોશીરવાને જશનની કીયા કરવા પછી દસતુરજીએ વાયજ કરી મકાનનો રીપોરટ વાંચતા જણાવયું કે આ મકાન બાંધતા લગભગ રૂ૧૦૦૦૦ નો ખરચ થયો છે. તે માટે શેઠ બેરામસા રૂસતમજી ભાયા તથા તેઓનાં માતાજી બાઈ આવાંબાઈએ રૂ૩૫૦૦, ખા० બા० ધનજીશા કુવરજી પેસતનજીએ રૂ૫૦૦, શેઠ બેરાંમશા કેકોબાદજી ઇલાવયાએ રૂ૧૫૦૦, શેઠ શાપુરજી આદરજી દેબુએ રૂ૨૦૦, શેઠ એદલજી મેરવાનજી કેકોબાદે રૂ૧૦૦, ખા० બા० માણેકજી બેજનજી પારખે રૂ૧૦૦, શેઠ રૂસતમજી શો. પટેલે રૂ૧૪૦, શેઠ શાવકશા એદલજી કુપરે રૂ૨૦૦, ખા० બા० રતનજી બે. પારખે રૂ૫૦૦, મરહુમ બાઇ નવાજબાઇ કુવરજી પેસતનજીનાં ઉથમણામાં ભરાએલી રકમ રૂ૧૭૬, બાઈ હીરાંબાઇ જમશેદજી પીટીટે રૂ૨૦૧, એક જરથોશતીએ રૂ૧૦૦, મરહુમ શેઠ નવરોજી માણેકજી વાડયા સી. આઇ. ઇ. ના ટરશતીઓએ રૂ૫૦૧, મરહુમ શેઠ ફરાંમજી મંચેરજી કામાએ સથાપેલા ધરમખાતામાંથી રૂ૨૦૧, શેઠો મેરવાનજી તથા હોરમસજી કામાએ રૂ૭૫, બાઈ સુનાબાઈ મંચેરશા વકીલે રૂ૧૦૦, દાવેજર લેડીનજરબાઇ જમશેદજી જીજીભાઇએ રૂ૨૦૦, મહુની દરેમેહરમાં મુકેલી ધરમાદા પેટીમાંથી કાઢેલા રૂ૧૨૭, મહુના જરથોસતીઓએ કરેલા નાટકની આવક ખરચ બાદ જતે રૂ૨૪૪, કલકતાનાં જરથોશતીએ રૂ૨૩૦, પુણાનાં જરથોસતીએ રૂ૧૩૦, શીકંદરાબાદનાં જરથોસતીએ રૂ૧૩૫, અને પરચુટન રકમોના રૂ૧૦૦૦ મલી રૂ૧૦૧૭૦ભરાયા હતા. એ ઉપરાંત શેઠ મંચેરજી ફરામજી ખાન તરફથી ભણવાની ચોપડી ૩૦૦, બાઇ મનીજેહ ર. ખેશવાલા તરફથી એક બસરાનો ગલીચો વગેરે ભેટ મળયા હતા. દસતુરજીએ નાણાની મદદ કરનારાઓનો તેમજ બીજા સાહેબોએ આપેલી મદદ માટે સરવેનો ઉપકાર માનયો હતો. એ પછી ખા० બા० ધનજીશાહ કુવરજી પેશતનજીએ ભાષણ કરતાં જણાવયું કે દસતુરજી નોશેરવાનજીએ ઘણી પરેઝગારીથી

આપણી સેવા બજાવી છે અને દરેમેહરમાં ઘણા સુધારા વધારા કીધા છે. એવણે પોતાના વડીલોને પગલે ચાલી અશોઇથી ક્રીયાકામો કીધાં છે તેમજ પોતાની નમરતા સાલેસાઇથી જરથોસતીઓનું દીલ જીતી લીધું છે. એ પછી દસતુરજીને અંજુમન તરફથી એક શાલ તથા પરસ એનાયત કરેવા બાદ શેઠ જમશેદજી હો. ભરૂચાની બીનસવારથી મેહેનત માટે એક ચાંદીનું કપ ભેટ આપ્યું હતું. સેવટે હાજર રહેલાઓને દસતુરજીએ પોતા તરફથી રીફ્રેશમેંટ આપયું હતું. આ મકાન ઉપર નીચલી તખતી મારેલી છેઃ–"આએ દરેમેહરનું પવીત્ર મકાન પ્રથમ રોજ ૯ મો આદર યજદ માહ ૬ ઠો શેહરેવર અંમશાસપંદ સને ૧૨૧૪ ય. ને દીને સથાપવામાં આવયું હતું, પણ તે હાલની જરથોસતીઓની વસતીના વપરાસને માટે સગવડભરયું ન હોવાથી અંજુમનના ઉઘરાટથી અસલ મકાનમાં ઘટતો ફેરફાર કરી પાક આતશ આદરાનનો નવો ગુંબજ બાંધી આજ રોજે માજદયસની જરથોસતી તરીકા પ્રમાણે ઇંજાવી સરવે બસતેકુસતીઆનોને વાપરવા સારૂ ખુલ્લું મુકયું છે. લી૦ અંજુમનનો કમતરીન દોઆગો, નોશીરવાન દસતુર, કેકોબાદ, શ્રી મઉ કાંપ રોજ ૯ મો આદર યજદ માહ ૧૧ મો બહેમન અંમશાસપંદ સને ૧૨૮૫ ય. તા૦ ૧૬ મી જુલાઈ ૧૯૧૬ ઇ. ને વાર રવી.

ધરમપોર ખાતે ખુલ્લા મેલાયલા મકાનો–સીમલા નજદીક ધરમપોર ખાતે આવેલા શેઠ બેરામજી મલબારીવાળા ખહીના દરદીઓના સેનેટરીયમને લગતો એક કોટેજ બાંધવા મરહુમ શેઠ હોરમશજી મનચેરજી કામાના કુટુંબીઓએ રૂ૩૫૦૦ અને શેઠ ફરામજી સી. કુપરે પોતાના મરહુમ ધણીઆણીના નામે એક કોટેજ બાધવા રૂ૪૦૦૦ આપયા હતા. એ કોટેજો આ વરસે બંધાઇ તઇયાર થયા છે. એ ઉપરાંત મરહુમ શેઠ બેરામજી મલબારીની યાદગારી માટે તેમના વીધવાએ ઉપલા સેનીટેરીયમમાં ત્રણ કોટેજો બાંધવા માટે રૂ૧૧૦૦૦ આપયા હતા જેમાંથી કોટેજો બંધાય છે અને ૧૯૧૬ ના અકટોબરમાં તે બંધાઇ તઇયાર થશે. એ સેનેટેરીયમને લગતી કારોબારી કમીટીમાં નીચલા ગ્રહસ્થોને નેમયા હતા–સર જમશેદજી જીજીભાઇ, પ્રમુખ, ખા૦ બા૦ ડા૦ ચોકસી, પ્રોફેસર ડી. ડી. કાંગા, ડા૦ ફીરોઝ ખરશેદજી ભરૂચા, મીસ ભીખાઈજી એનજીનીયર, મીસ મનીજેહ કેપટન, લેફ્ટનંટ એસ. કે. એનજીનીયર, શેઠ બમનજી એસ. બનાજી અને શેઠ એસ પી. વાહડયા આનરરી સેકરેટરી.

સુરતમાં ખુલ્લી મેલાયલી ધરમશાળા–મરહુમ શેઠ પેસતનજી ઉકરજી શેઠનાના વીલના ફરમાન મુજબ મરનારના એકઝીકયુટરોએ સુરત મુગલીસરામાં આવેલું ફીરંગીને લાતીને નામે ઓલખાતુ બાદશાહી મકાન ખરીદયું હતું એના બે માળ સારી રીતે રીપેર કરાવી એ મકાન ધરમશાળા સારૂ તઇયાર કરાવી જાહેર વપડાસ માટે ખુલ્લું મુકવામાં આવયું છે. તેમાં પારસી ઉતારૂઓની સગવડને સારૂં સરવે પ્રકારની પુરતી ગોઠવણ કરવામાં આવી છે, અને એ ધરમશાળામાં એક પારસી મેનેજરને રાખવામાં આવયો છે જે ઉતારૂઓ માટે ખાવા પીવા વગેરેનો તમામ બંદોબસત કરશે. આ ધરમશાળાનું મકાન હવા ઉજાસવાલું તથા તાપી નદીના વયુવાલું છે.

ખેતાબો.

રાજ કરતી કોમના નવા વરસની ખુશાલીમાં અપાયલા ખેતાબોમાં નીચલા પારસીઓને એનાયત થયા હતા:—ખાનબહાદુરનો ખેતાબ અલીબાગ મયુનીસીપાલીટીના પ્રમુખ શેઠ જમશેદજી બમનજી વકીલને, સુરતની સ્મોલકોઝ કોરટના માજી જજ શેઠ તેહેમુરસ નવરોજી સંજાના અને મુંબઇના ઓનરરી પ્રેસીડંસી મેજીસ્ટ્રેટ મરહુમ શેઠ હોરમસજી લીમજીભાઇ બાટલીવાલાને એનાયત થયો હતો, જ્યારે ખાનસાહેબનો ખેતાબ જબલપોરની સેંત્રલ જેલના સુપ્રીનટેનડંટ શેઠ નાદરશાહ ખરશેદજીને, અને સીકંદરાબાદ કેનટોનમેંટ કમીટીના સભાસદ શેઠ રામયાર અરદેશર ઇચ્છાપોરીયાને મળયો હતો.

નામદાર શેહેનશાહ જયોરજ પાંચમાની તા૦ ૩જી જુને પર મા વરસની સાલગ્રેહનો મુબારક દીવસ હતો એની ખુશાલીમાં અપાયલા ખેતાબોમાં નીચલા પારસીઓનેબી એનાયત થયા હતા:—

મુંબઇના જાણીતા સખી શેઠયા અને વેપારી તથા મેસરસ તાતા એંડ સનસના ભાગયા શેઠ રતનજી જમશેદજી તાતાને સર નાઇટનો નામીચો ખેતાબ એનાયત કરવામાં આવયો હતો.

આઇ. એસ. ઓ. યાને ઇમપીરીયલ સરવીસ ઓરડરનો ખેતાબ મુંબઇના રેવનયુ અને ફીનેનશીયલ ખાતાંઓના સીનીઅર,એસીશટંટ સેક્રેટરી ખા૦ બા૦ રૂસતમજી બી. વકીલને એનાયત થયો હતો.

ખાનબહાદુરનો ખેતાબ નીચલા પારસીઓને એનાયત થયો હતો:—એસીસટંટ સરજયન રૂસતમજી જમશેદજી પેટીગરા મુંબઇના સીંધ કોનવીકટ ગેંગના સુપ્રીનટેનડંટ અને મેડીકલ ઓફીસર, શેઠ બેરામજી દોરાબજી બનાજી, મુંબઇની મયુનીસીપાલીટીના એસેસર અને કલેકટર. વાંદરાવાળા શેઠ હોરમશજી ખરશેદજી ભાભા અને ખા૦ સા૦ કાવશજી જમશેદજી પેટીગરા મુંબઇની છુપી પોલીસના ઇનસપેકટર.

કયસરે હીંદનો રૂપાનો ચાંદ નીચલા પારસીઓને એનાયત થયો હતો:—શેઠ રૂસતમજી પેશતનજી મસાની મુંબઇની મયુનીસીપાલીટીના સેક્રેટરી અને ફુડ-પ્રાઇસીઝ કમીટીના ઓનરરી સેક્રેટરી, શેઠ જે. એમ. આંટયા, ઇંડીયન રીલીફ ફંડની મુંબઇની શાખાની હાસપીટલસ સબ કમીટીના ઓનરરી સેક્રેટરી અને મીસીસ એચ. આર. ફરીદુનજી, તે સેંત્રલ પ્રોવીનસીસના ડેપયુટી કમીશનર શેઠ રૂસતમજી ફરીદુનજીના ધણીયાણી.

ખાન સાહેબનો ખેતાબ નીચલા પારસીઓને મલયો હતો:—શેઠ દોરાબ એદલજી નગરવાળા, અહમદનગરના કંત્રાકટર અને આનરરી મેજીસ્ટ્રેટ, શેઠ મેરવાનજી હીરજીભાઇ કોઠાવાલા, પંચમહાલના આબકારી કંત્રાકટર અને શેઠ ફીરોઝશાહ રતનજી કોઠાવાલા, જોધપુર સ્ટેટના સુપરીનટેનડનટ.

ઇંડીયન મેડીકલ સરવીસવાળા કેપટન ફીરોજશાહ બેહરામજી ભરૂચા એફ. આર. સી. એસ. ને લડાઇના મેદાનમાં બહાદુરીભરી સેવા બજાવવા માટે નામદાર શહેનશાહે ડી. એસ. ઓ. યાને કમપેનયન ઓવ ધી ડીસ્ટીનગવીશડ સરવીસ ઓરડરથી નવાજયા છે.

વડોદરાના નામદાર મહારાજા શીયાજીરાવ ગાયકવાડની સાલગરેહ તા૦ ૨૫ મી મારચે પડી તેની ખુશાલીમાં એ નામદાર તરફથી ભરવામાં આવેલી દરબારમાં શ્રીમંતે નવસારી તથા કલકતાના જાણીતા શેઠયા શેઠ મેરવાનજી નાનાભાઇ મહેતાને "દાતાર મંડળ"નો સોનાનો ચાંદ તથા ડા૦ ધનજીશાહ હોરમશજી મેહેતાને "દાતાર મંડળ"નો રૂપાંનો ચાંદ એનાયત કરયો હતો.

ઓધા—નેમણુંક—વગેરે.

સર દીનશાહ માણેકજી પીટીટને નામદાર ગવરનરની ધારા સભા માટે મુંબઈના મીલવાળાઓની મંડળી તરફના પ્રતીનીધી તરીકે ચુંટી કાઢયા હતા.

શેઠ ફીરોઝ ખરશેદજી શેઠનાને નામદાર સરકારે મુંબઈના ગવરનરની ધારાસભાના મેમબર નેમ્યા હતા.

શેઠ દીનશાહ એદલજી વાચ્છાને નામદાર ગવરનરની ધારાસભા માટે મુંબઈની કોરપોરેશન તરફના પ્રતીનીધી તરીકે ચુંટી કાઢયા હતા. એ પછી ઓ૦ શેઠ દીનશાહને નામદાર ગવરનરની ધારાસભામાંથી નામદાર વાઇસરાયની વડી ધારા સભાના એક સભાસદ તરીકે ચુંટી કાઢયા હતા.

ઓનરેબલ શેઠ દીનશાહ એદલજી વાચ્છાને તા૦ ૨૭ મી દીસેમબરે મલેલી ત્રીસમી હીંદી પ્રજાકીય કોનગ્રેસની સ્વાગત કમીટીના પ્રમુખ અને તા૦ ૨૬ મી દીસેમબરે ટાઉન હાલમાં મલેલી પેહેલી હીંદી વેપારી કોનગ્રેસની આવકાર આપનારી કમીટીના પ્રમુખ નેમ્યા હતા. તેમજ એવણ મુંબઈની મીલ માલેકોની મંડળીના ઉપપ્રમુખ અને કમીટી ઓફ ડીરેકશન ફોર ટેકનીકલ એડયુકેશનના એક સભાસદ નેમાયા હતા.

ઓ૦ શેઠ મેરવાનજી કાવસજીને બરમાહની ધારાસભાના એક વધારાના બીનસરકારી સભાસદ તરીકે ફરી નેમવામાં આવ્યા છે.

શેઠ પાલનજી નવરોજી દાવરને સરકારના સામાનય, કેળવણી, દરીયાઈ અને ધર્મને લગતાં ખાતાંઓના કામચલાઉ સેકરેટરી નેમયા હતા.

શેઠ કેખશરૂ અરદેશર મુનશીને સરકારના સામાનય, કેળવણી, દરીયાઈ અને ધર્મને લગતાં ખાતાંઓના કામચલાઉ મદદનીશ સેકરેટરી નેમયા હતા.

શેઠ મનચેરશાહ કાવશજી ગઝદરને નામદાર સરકારના મેહેસુલ અને નાણા ખાતાંના જુનીયર મદદનીશ સેકરેટરી નેમયા હતા.

શેઠ પી. પી. જીનવાલા બેરીસટરને બરમાના એસીસટંટ ગવરનમેનટ એડવોકેટ નેમયા હતા.

શેઠ ડોશાભાઇ ધનજીભાઈ બીલીમોરીયાને અમદાવાદના હજુર ડેપ્યુતી કલેકટર, શેઠ જમશેદજી એજનજી વાછાને પુણાના સીટી મેજીસ્ત્રેટ અને ઇનકમટેકસ કલેકટર, શેઠ ડોશાભાઇ રૂશતમજી મોબેદજીને બીજાપુરના ડીસ્ટીક ડેપ્યુતી કલેકટર, શેઠ શીયાવક્ષ માણેકજી તલાટીને સીંધમાં આવેલા થર પારકર ડીસ્ટીકના ડેપ્યુટી કલેકટર અને શેઠ એરચશાહ જાહાંગીરજી તાલ્યારખાનને અમદાવાદના ડીસ્ટીકટ ડેપ્યુટી કલેકટર અને ફ્રસ્ટ કલાસ મેજીસ્ટ્રેટ, નેમયા હતા.

શેઠ રતનજી દીનશાહ દલાલને સધરન રેજીસ્ટ્રેશન ડીસ્ટીકટના ડેપ્યુટી સેનેટરી કમીશનર નેમયા હતા.

શેઠ ફીરોજ રતનજી કાપડયાને સેંત્રલ ડીવીઝનના કમીશનરના નેટીવ એસીસટન્ટ નેમયા હતા.

શેઠ અરદેશર આર. દલાલને દક્ષીણ વીભાગના જમીનની નોંધણી અને રેજીટ્રેશન ખાતાંના સુપ્રીંટેનડંટ નેમયા હતા.

શેઠ શેરાબજી ફરામજી બીલીમોરીયાને મુંબઈની સમોલકોઝ કોરટના ચોથા જડજ તરીકે મુકરર કરી શેઠ માણેકજી દોરાબજી કાંગા વકીલને પાંચમા જડજ નેમયા હતા.

શેઠ સોરાબજી ફરામજી ખબરદારને નાની દમણના સબસ્ટીટયુટ પોપ્યુલર જડજ નેમયા હતા.

શેઠ હોરમજદયાર ફીરોઝ હોસંગ દસતુરને મુંબઈના ચોથા પ્રેસીડંસી મેજીસ્ત્રેટ નેમયા હતા.

ખા૦ બા૦ ધનજીશાહ કુવરજી પેસતનજીને મઉના કેનટોનમેંટ મેજીસ્ત્રેટ નેમયા હતા.

શેઠ એન. જે. વાડયાને બેલગામના ફ્રસ્ટ કલાસ મેજીસ્ત્રેટ નેમયા હતા.

શેઠ નાનાભાઇ પેસતનજી મહેતાને નવસારી તથા કઠોરની અદાલતોમાં જોડયા નયાયધીશ (ઓનરરી) તરીકે નેમયા હતા.

મુંબઇ શહેર અને ટાપુની હદ માટે ઓનરરી પ્રેસીડંસી મેજીસ્ત્રેટો તરીકે નીચલા પારસીઓને નેમયા હતાઃ—ઓ૦ સર જમશેદજી જીજીભાઇ બારોનેટ, ખા૦ બા૦ જમશેદજી રૂસતમજી દેશાઇ, ડા૦ અરદેશર દાદાભાઇ મોદી, ડા૦ એદલજી માણેકજી મોદી, ડા૦ નાદીરશાહ એચ. સુખીઆ, ડા૦ નાનાભાઇ નવરોજી કાતરક, ડા૦ રૂસતમજી નાનાભાઇ રાણીના, ડા૦ શાવક સોરાબજી બાટલીવાલા, શેઠો બેરામજી નવરોજી ગામડયા, ધનજીભાઇ બમનજી પીટીટ, નવરોજી સોરાબજી બંગાલી, ફરદુનજી જમશેદજી પારખ, ફરામજી દોરાબજી પાંડે, ફરામરોજ રૂસતમજી જોશી, જહાંગીર એદલજી દાવર, જેહાંગીર રતનજી દુબાશ, જમશેદજી માણેકજી ફરામજી પટેલ, ફીરોઝ ખરશેદજી શેઠના, ફીરોઝશાહ બી. આર. મોદી, રૂસતમ પેસતનજી મસાણી, રૂસતમ સોહરાબજી પાંઉવાળા, શાવક રતનજી બમનજી અને સોરાબજી એદલજી વારડન.

મુંબઇ ઇલાકાના જુદાં જુદાં જીલ્લા માટેના જુદા જુદા વરગના ઓનરરી મેજીસ્ટ્રેટો તરીકે નીચલા પારસીઓને નેમયા હતા તેમાં અમદાવાદ જીલ્લાના સરદાર ખા૦ બા૦ રૂસતમજી જહાંગીર વકીલને પેહેલા વરગના; ભરૂચ જીલ્લાના શેઠ જમશેદજી રૂસતમજી વખારીઆને ત્રીજા વરગના અને શેઠો જહાંગીર દીનશાહ દલાલ અને સોરાબજી ફરામજી કાપડીયાને બીજા વરગના, શોલાપુર જીલ્લાના શેઠ એરચશા ફરામજી શેઠનાને પહેલા વરગના, પંચમહાલ જીલ્લાના શેઠ મેરવાનજી હીરજીભાઈ કોઠાવાળાને ત્રીજા વરગના, થાણા જીલ્લાના શેઠો બાપુજી કાવશજી દીવેચા અને મેરવાનજી નવરોજી આંટીયાને બીજા વરગના અને શેઠ બેરામજી જાહાંગીર તારાપોરવાલાને ત્રીજા વરગના, થાણા જીલ્લાના કલ્યાણીના શેઠ કાવશજી નાનાભાઇને ત્રીજા વરગના, અહમદનગર જીલ્લાના શેઠ દારાશાહ એદલજી નગરવાળાને બીજા વરગના, સતારા જીલ્લાના શેઠ ધનજીશાહ બહમનજી કુપરને ત્રીજા વરગના, પંચગનીના શેઠ જમશેદજી ફરામજી ખરાસને બીજા વરગના, બેલગામ જીલ્લાના ખા૦ સા૦ અરદેશર નવરોજીને બીજા વરગના, ગડગના શેઠ ડી. ડી. પદમજીને ત્રીજા વરગના, ધારવાડ જીલ્લાના શેઠ મેરવાનજી સોરાબજી કરાકાને બીજા વરગના, કનારા જીલ્લાના ખા૦ સા૦ દાદાભાઇ રતનજી બલસારવાળાને બીજા વરગના મેજીસ્ટ્રેટ નેમવામાં આવ્યા હતા.

શેઠ હીરજીભાઈ હોરમશજી વાહડયા બારીસટરને હાઈ કોરટના ઇકિવીટીના રેજીસ્ટ્રાર અને માસતર, હીસાબો તથા સથાનીક તપાસ લેનારા કમીશનર અને ટેક્ષીંગ ઓફીસર તેમજ એડમીનીસ્ત્રેટર જનરલ અને ઓફીશીયલ ત્રસ્ટનો કામચલાઉ ઓધો અપયો હતો.

શેઠ કેખુશરો ફરામજી મોદીને હાઇકોરટના ટેક્ષીંગ માસતર, શેઠ ફીરોઝ બેરામજી મલબારીને હાઇ કોરટના પ્રોથોનોટરી, શેઠ એદલજી જાહાંગીર દાવરને હાઇ કોરટના બીજા ડેપ્યુટી રેજીસ્ટ્રાર અને શેઠ અરદેશર ખરશેદજી બરજોરજી મોટીવાળાને જુનીઅર જજીસકલારક નેમ્યા હતા.

નામદાર નીઝામના રાજયના અવલ તાલુકદાર નવાબ સોરાબ જંગબહાદુરને કરોડગીરીના કસટમ કમીશનરનો મોટો ઓધો નામદાર નીઝામે એનાયત કીધો હતો.

જાણીતા ક્રીકેટર મેજર કે. એમ. મીસ્ત્રી જેવણ પતયાલાના નામદાર માહારાજાના ખાનગી સેકરેટરી હતા એવણને નામદાર માહારાજાએ પોતાના બંને રાજ કુમારોનાં ગારડયન તરીકે નેમયા હતા.

શેઠ ફરામરોઝ બરજોરજી ગારડાને ધરમપોર સ્ટેટના દીવાન નેમ્યા હતા.

શેઠ એચ. જે. આંટીયાને જામનગર સ્ટેટના જનરલ સેકરેટરી નેમ્યા હતા.

ખા૦ બા૦ મેરવાનજી પેસતનજીને જોધપુર રાજયના કામચલાઉ દીવાન નેમ્યા હતા.

શેઠ જાલ એ. દાદાભાઇ નવરોજી બેરીસ્ટરને વડોદરા રાજયના નયાય ખાતામાં નેમયા હતા.

શેઠ શયાવક્ષ રૂશતમજી માસતર, બેરીસતરને બાલાસીનોરના નવાબે પોતાના ખાનગી સેકરેટરી નેમયા હતા.

નવા જે. પી. યાને જસનીશ ઓફ ધી પીસ તરીકે શેઠો બરજોરજી સોરાબજી કુપર, દીનશાહ ફરામજી કેમીસરીએટવાલા અને રૂશતમજી એદલજી મોદીને નેમયા હતા.

શેઠ પેસતનજી અરદેશર વાહાડયાને અને શેઠ નાદીરશાહ દોરાબજી મીનોચેહર હોમજીને મુંબઇ યુનીવરસીટીના ઓરડીનરી ફેલોઝ અને ખા૦ બા૦ ફરદુનજી એમ. દસ્તુરને યુનીવરસીટીના રેજીસ્ટ્રાર તરીકે નેમયા હતા.

મુંબઇની પારસી ચીફ મેત્રીમોનીયલ કોરટના ડેલીગેટ તરીકે શેઠ દારાબશાહ બમનજી દુબાશને અને સુરતની પારસી ડીસત્રીકટ મેત્રીમોનીયલ કોરટના ડેલીગેટ તરીકે શેઠ કાવશજી રૂસતમજી દસતુર, શેઠ કેખસરૂ પાલનજી પટેલ અને શેઠ શયાવકશા હોરમશજી ખમ્ભાતાને નેમયા હતા.

શેઠ નાદીરશાહ દોરાબજી મીનોચેહરહોમજીને પુણાની દખ્ખણ કોલેજના ફારસીના લેકચરર, શેઠ કેકોબાદ ભીખાજી દસતુર બેરીસટરને મુંબઇની સરકારી લો સકુલમાં કાયદાના પ્રોફેસર અને શેઠ સોરાબ નાનાભાઇ અ. મુસને પુણાની એનજીનીયરીંગ કોલેજના કેમીસ્ત્રીના પ્રોફેસર નેમયા હતા.

મુંબઇની સીડનહેમ કોલેજ ઓફ કોમરસ એંડ ઇકોનોમીકસમાં શેઠ એસ. આર. દાવર, બેરીસટરને મરકનટાઇલ લો અને બીઝનેસ ઓરગેનીઝેશન ઉપર લેકચરર તરીકે, શેઠ મેરવાનજી જમશેદજી આંટ્યા, બેરીસટરને ઇંગલીશમાં લેકચરર તરીકે અને શેઠ ફરામરોઝ આર. મરચંટને એકાઉનટનસી ડીપલોમાં કલાસના એકાઉનટનસ ઉપર લેકચરર તરીકે નેમયા હતા.

શેઠ જે. એમ. ફરામજી પટેલને રોયલ સોસાયટી ઓફ આરટસના ફેલો અને પંજાબના હીસાર પ્રાંતના એકઝીકયુટીવ એનજીનીયર શેઠ આર. કે. નરીમાનને ઇનટીસ્ટયુટ ઓફ સીવીલ એનજી-નીયરસના મેમબર ચુંટી કાઢયા હતા.

શેઠ રૂશતમજી પેસતનજી કરકરયાને ફ્રસનસ ખાતેની સોસીએટે આરકયોલોજીક દ ફ્રાંસ યાને આરકીયો લોજીકલ સોસાયટી ઓફ ફ્રાનસ નામની મંડળીએ પોતાના મંડળમાં જોડાવાનું આમંત્રણ કીધું હતું તેમજ ઇંગલાંડની રોયલ નુમીસ,મેટીકલ સોસાયટી અને રોયલ સોસાયટી ઓફ આરટસમાં ફેલો તરીકે જોડાવાને ફરમાસ કીધી હતી.

શેઠ જાહાંગીર બમનજી પીટીટ, ઓનરેબલ સર દીનશાહ માણેકજી પીટીટ બારોનેટ અને શેઠ કાવશજી જાલભાઇ શેઠને મુંબઇની પારસી પંચાયતના ત્રસ્ટી નેમવામાં આવયા હતા.

શેઠ બરજોરજી પેસતનજી મેહતાને હોંગકાંગના જરથોસ્તી ધરમ ફંડોના ત્રસ્ટી, શેઠ કુવરજી નાનાભાઈ માલેગામવાલાને કલીકટની જરથોસ્તી અંજુમનના ત્રસ્ટી, ખા૦ બા૦ હોરમસજી માણે-કજી ભીમડીવાળા, શેઠો દોરાબજી ડોસાભાઇ ભીમડીવાલા, સોરાબજી ફરામજી કલ્યાણીવાળા, કુંવરજી નવરોજી અજમેરવાળા, બેરામજી સાગરજી શરાફ તથા બેજનજી જમશેદજી દાવરને કલ્યાણીની જરથોસ્તી અંજુમનના ત્રસ્ટીઓ નેમવામાં આવ્યા હતા.

શેઠો દીનશાહ ફરદુનજી મુલ્લાં, દોરાબજી હોરમસજી એશબરનર અને રૂશતમજી જમશેદજી ખરશેદજી જમશેદજીને સર જમશેદજી જીજીભાઇ બેરોનેટે પારસીઓને વાસતે કરેલી સખાવતના ધરમખાતાંની કારોબાર મંડળીના અધીકારીઓ તરીકે નેમવામાં આવયા હતા.

સર કાવશજી જાંગીર બેરોનેટ, શેઠો કાવસજી જે. શેઠ, અરદેશર બી. દુબાશ અને સોરાબજી એલ. પાંડેને માથેરાનની પારસી આરામગાહના ત્રસ્ટીઓ નેમવામાં આવયા હતા.

શેઠ તેમુરસ કાવશાહ એદલજી મોદી બેરીસટર તથા દસતુરજી કાવશાહ રૂસતમજીને સુરતના શેહેનશાહી આતશબેહરામને લગતા ધંબાર ફંડના મેનેજરો તરીકે નેમયા હતા.

સરદાર દાવર કેખુશરૂ એદલજી મોદી, શેઠ ટેમુરસ કાવસજી મોદીને સુરતના શેહેનશાહી આતશબેહેરામનાં મેનેજીંગ ત્રસ્ટી શેઠ માણેકજી હોરમસજી વહાડીયાએ પોતાના તરફથી વહીવટ ચલાવવાનો કુલ અખત્યાર આપયો છે.

મુંબઇની દેશી વેપારી ચેમબર અને બુરોના પ્રમુખ તરીકે ઓ૦ શેઠ દીનશાહ એદલજી વાચ્છાને અને સભાસદો તરીકે સર શાપુરજી બી. ભરૂચા નાઇટ, શેઠો ફીરોઝ જે. બીલીમોરીઆ, સોરાબજી એદલજી વારડન અને મેહરજીભાઇ પી. માદનને નેમયા હતા.

શેઠ જાહાંગીર બમનજી પીટીટને મુંબઈમાં સ્થાપવામાં આવેલી ઇકોનોમીક બુરોના પ્રમુખ અને રીપન કલબના સેકરેટરી નેમયા હતા.

દુકાળ ફંડની બાનુઓની શાખાના મુંબઇની કમીટીના પ્રમુખ તરીકે લેડી દોરાબ જે. તાતા અને ઉપ–પ્રમુખ તરીકે મીસીસ જાહાંગીર બમનજી પીટીટને નેમયા હતા.

હીંદી ઉદયોગીક કોનફરંસની તા૦ ૨૪ મી દીસેમબરે અગીયારમી બેઠક મલી હતી તેની સ્વાગત કમીટીના પ્રમુખ તરીકે સર દોરાબજી જે. તાતાને નેમયા હતા.

શેઠ એન. બી. સકલાતવાલાને મીલ માલેકોની મંડળીના પ્રમુખ નેમયા હતા.

ઓ૦ સર જમશેદજી જીજીભાઈ બારોનેટને મુંબઈની ઓનરરી પ્રેસીડનસી મેજીસ્ત્રેટોની સોસાયટીના પ્રમુખ અને શેઠ ફીરોઝશાહ બમનજી મોદીને કમીટીના સભાસદ નેમ્યા હતા.

ઓ૦ સર જમશેદજી જીજીભાઇ બેરોનેટને ડેવીદ સાસુન ઈનડસ્ત્રીયલ એ ન્ડ રેફ્રમેટરી ઇનસટીટયુશનની મેનેજીંગ કમીટીના સભાસદ અને રીપન મેમોરીઅલ ફંડના પ્રતીનીધીઓ તરફથી સર જમશેદજીને વીકટોરીયા જયુબીલી ટેકનીકલ ઈનસ્ટીટયુટની બોરડના સભાસદ નેમયા હતા.

શેઠ ફીરોઝ સી. શેઠનાને મુંબઇની મ્યુનીપાલીટી હસ્તકની મહુંગા ખાતેની એકવરથ લેપર એસાઇલમની વ્યવસ્થાપક બોરડના સભાસદ, વાઇસરોય લોરડ હારડીંગની યાદગારી માટેના ફંડનાં જોડયા ઓનરરી ખજાનચી અને મુંબઇના પોરટ ત્રસ્ટના ત્રસ્ટી નેમયા હતા.

શેઠ એચ. એ. વાડયાને મુંબઇ ઇલાકાનાં દુકાળ ફંડની કમીટીના સભાસદ નેમયા હતા.

સમસુલ ઓલમા એરવદ ડા૦ જીવણજી જમશેદજી મોદીને મુંબઈની રોયલ એશીયાટીક સોસાયટીના ઉપ-પ્રમુખ નેમયા હતા.

શેઠ અરદેશર જ. બીલીમોરીયાને, ધી સેંત્રલ બેંક ઓફ ઈંડિયાના સરનશીન નેમયા હતા.

શેઠ ફરામજી રૂસતમજી વાડીઆ સોલીસીટરને શેઠ જમશેદજી નશરવાનજી તાતાં રીસરચ ઇનસટીટયુટને લગતાં ત્રસટની મીલકત ઉપર દેખરેખ રાખનારી કમીટીના એક મેમબર નેમ્યા હતા.

શેઠ મેરવાનજી ડી. એમ. હજીભાઇને ઓડીટરસ કાઉનસીલના મેમબર નેમયા હતા.

શેઠ એન. એન. વાહાડયાને બોંબે સમોક ન્યુસંસ કમીશનના સભાસદ નેમયા હતા.

શેઠ કાવશજી જાહાંગીર રેડીમનીને મુંબઇની મ્યુનીસીપાલ કોરપોરેશન તરફના એક પ્રતીનીધી તરીકે સીટી ટ્રસ્ટના મેમબર નેમવામાં આવ્યા હતા.

શેઠ કેકોબાદ કાવશજી દીનશાહને એડનના પોરટ ટ્રસ્ટના કામચલાઉ ટ્રસ્ટી નેમ્યા હતા.

શેઠ બેહરામ દીનશાહ મેરવાન ઇરાનીને પુણાની ધી યંગમેનસ ઝોરાસ્ટ્રીયન એસોસીએશનના એકટીંગ ઓનરરી સેક્રેટરી નેમયા હતા.

શેઠ શાપુરજી બેજનજી વાનીઆને સુરત રૂશતમપુરા દસ્તુર ખુરશેદ લાયબ્રેરીના આ. સેકરેટરી નેમયા હતા.

શેઠ નશરવાનજી પાલનજી રતનજી પટેલ એડન તરફ પેરીમના કનડેનસર એનજીનીયર તરીકે કામ કરે છે તેમને પેરીમની સરકારી લાઇટ હાઉસના સુપ્રીનટેનડંટ પણ નેમવામાં આવયા હતા.

શેઠ ખુરશેદચેહર ટેહમુરસપ અંકલેસરીયાને ગવરમેંટ સેંત્રલ પ્રેસના કામચલાઉ મેનેજર નેમયા હતા.

શેઠ ગુસતાદ કે. નરીમાનને આરકયોલોજીના ડીરેકટર જનરલ સર જોન મારસલના અંગત મદદનીશ તરીકે ઇમપીરીયલ ગવરમેંટે નેમયા હતા.

શેઠ જાહાંગીર ખરશેદજી મીસતરીને ઓલ સ્કોટીશ ફ્રીમેસનરી ઇન ઇંડયાના ગ્રાંડ સેક્રેટરી નેમયા હતા.

શેઠ નશરવાનજી દીનશાહ ગારડાને પારસી લગનોના રેજીસ્ત્રાર નેમયા હતા.

શેઠ જાહાંગીર બરજોરજી સંજાનાને મુંબઇની મેડીકલ કાઉનસીલના રેજીસ્ત્રાર નેમયા હતા.

મુંબઈની વેટરનરી એસોસીએશનના પ્રમુખ તરીકે ડા૦ નાદરશા હોરમસજી સુખયાને અને સેકરેટરી તરીકે શેઠ એમ. આર. ચીચગરને નેમયા હતા.

શેઠ નવરોજી દોરાબજી ધાકમારવાળાને બોંબે વેટરનરી કોલેજના સીવીલ વેટરનરી ડીપારટમેંટના સુપ્રીનટેનડંટ નેમયા હતા.

ડા૦ નશરવાનજી ફકીરજી સરવેયરને ગ્રાંટ મેડીકલ કોલેજમાં મેટીરયા મેડીકાના પ્રોફેસર તથા જે. જે. હોસપીટલના બીજા ફીઝીશયન, ડા૦ એ. કે. દલાલને જે. જે. હાસપીટલના બીજા સરજયન તથા ગ્રાંટ મેડીકલ કોલેજમાં ઓપરેટીવ સરજરીના પ્રોફેસર, ડા૦ સોરાબ કે. એનજીનીયરને જે. જે. હોસપીટલના ઓ૦ ફીઝીશયન અને ડા૦ જમશેદ આર. જાગોશને જે. જે. હાસપીટલના ઓનરરી એસીસટંટ સરજયન નેમયા હતા.

ડા૦ એન. એફ. સરવેયરને સર જે. જે. હોસપીટલના કનસલટીંગ ફીઝીશયન અને ગોકલદાસ તેજપાલ હોસપીટલના કનસલટીંગ એકટીરીએલોજીશટસ, ડા૦ એચ. એમ. માસીનાને કામા અને એલબલેશ હાસપીટલોના કનસલટીંગ સરજ્યન, ડા૦ સર તેમુલજી ભીખાજી નરીમાનને કામા અને એલબલેસ હોસપીટલોના કનસલટીંગ ઓબસટેટરીક ફીઝીશયન નેમયા હતા.

ડા૦ ડી. એચ. મોતીવાલાને સર જે. જે. હોસપીટલમાં જેનરલ ડયુટી ઉપર નેમયા હતા.

ડા૦ જમશેદ જીવણજી જમશેદજી મોદી, એલ. ડી. એસ. ને ગ્રાંટ મેડીકલ કોલેજમાં ડેનટલ લેકચરર અને સર જે. જે. હાસપીટલમાં એકક્ષ ઓફીશીયો ડેનટલ સરજ્યન અને અતરે લડાઇને લીધે ઉઘાડેલી હોસપીટલમાં ઓનરરી ડેનટલ સરજન નેમયા હતા.

ડા૦ ડોસાભાઈ રૂસ્તમજી બરડીને ગ્રાંટ મેડીકલ કોલેજના લેકચરર તરીકેની ફરજો ઉપરાંત મુંબઇ શહેર અને ટાપુની હદમાં અને કુરલાની મયુનીસીપલ હદમાં આવેલા કારખાનાઓ માટે કામચલાઉ સરટીફાઇંગ સરજ્યન નેમયા હતા.

ડા૦ જાંગીર બેરામજી દોરડી એલ. આર. સી. પી. ને નવસારીની શેઠ દાબુ પારસી જનરલ હાસપીટલના ઓનરરી સરજ્યન અને ડા૦ મેરવાનજી મસાનીને વડા તબીબ નેમયા હતા.

ડા૦ સોરાબજી ફરદુનજી ગાંધીને નામદાર વાઇસરાયના અંગત સ્ટાફમાં ઓનરરી મદદનીશ સરજ્યન નેમયા હતા.

ડા૦ નશરવાનજી ફ્રામજી માસતરને સીમલાના ઇનસપેકટીંગ મેડીકલ ઓફીસર નેમયા હતા.

ડા૦ કેખશરૂ અરદેશર દારૂખાનાવાળાને દટીઆ સ્ટેટના સરજ્યન અને ત્યાંના મેડીકલ ડીપારટમેંટના વડા તથા હેલથ આફીસર નેમયા હતા.

આંખના ડાકટર હોમી કે. ખરાસને લંડનની મુરફીલ્ડસની આંખની હાસપીટલમાં ગયા અકટોબરમાં રીફ્રેકશન એસીસટંટ નેમયા હતા તે પછી તેઓને રેસીડંટ સરજ્યનનો ઓહ્દો આપયો હતો.

કેપટન મેરવાન સોરાબજી ઇરાનીને હીંદી તબીબી ખાતાંમાં મેજરની પદવીએ ચઢાવયા હતા.

શેઠ શીયાવકશા આદરજી ધોલાવાળાને ભાવનગરની, શેઠ જમશેદજી માણેકજી આંટીયાને રાંદેરની, શેઠ ઇ. જે. તાલ્યારખાનને વીરંગામની, શેઠ દીનશાહ રતનજી દાબુને નવસારીની, ખા૦ બા૦ ફ્રામજી અરદેશર મુસને થાણાની, ખા૦ બા૦ હોરમજી માણેકજી ભીવનડીવાળાને ઉરનની અને શેઠ નશરવાનજી નવરોજી અંકલેસરીયાને અંકલેશરની મ્યુનીસીપાલીટીના પ્રેસીડન્ટ નેમવામાં આવ્યા હતા.

મુંબઈની સટેનડીંગ કમીટીના સભાસદો તરીકે ડા૦ એસ. એસ. બાટલીવાલા, શેઠ બેરામજી આર. બી. જીજીભાઈ અને ડા૦ નાદીરશાહ એચ. ઈ. સુખયા નેમાયા હતા.

ડા૦ કેકોબાદ બમનજી દસતુરને ભરૂચના હેલથ આફીસર અને ડા૦ બેરામજી શાપુરજીને પુણાના હેલથ આફીસર નેમયા હતા.

શેઠ એદલજી પેસતનજી મામલતદારને નાશક જીલ્લાના કાલવનની લોકલ બોરડના ઉપ-પ્રમુખ નેમયા હતા.

શેઠ બરજોરજી માણેકજી સુતરીઆને થાણાની બેરામજી જીજીભાઇ હાઈ સ્કુલના હેડ માસતર નેમયા હતા.

શેઠ માલકલ આર. કોઠાવાળાને ભરૂચના ડેપ્યુટી પોલીસ સુપ્રીંટેંડનટ નેમયા હતા.

ખા૦ સા૦ રતનજી રૂશતમજી મીરઝાંને રતનાગીરીના ડેપ્યુટી પોલીસ સુપ્રીંટેંડનટ નેમયા હતા.

શેઠ બરજોરજી એદલજી વાચ્છાને નસરતકરનાલ ડીસ્ત્રીકટના એકઝીકયુટીવ એનજીનીયર નેમયા હતા.

એરવદ જમશેદજી ફ્રામજી રબાદીને સુરતની સર જમશેદજીની છોકરાંઓની પ્રાથમીક શાળાઓમાં ચાલતા ધરમ સંબંધી અભયાસ ઉપર દેખરેખ રાખવાના ઇનસ્પેકટર તરીકે અને રૂસ્તમપરાની સર જમશેદજીની છોકરાંઓની નીશાળના ધરમ શીક્ષક તરીકે નેમયા હતા.

સેંટ જોન એમબયુલનસ એસોસીએશનના ઓનરરી લેકચરરો ડા૦ કેખશરૂ સોરાબજી પટેલ તથા લેફટનંટ સોરાબ કેખશરૂ એનજીનીયરને હીંદ મધેની સેંટ જોન એમબયુલંસ એસોસીએશનના પરીક્ષક તરીકે બજાવેલી સેવાની પીછાણમાં સરટીફીકેટો એનાયત કરવામાં આવી છે.

કેળવણી—પરીક્ષા—સ્કોલરશીપો—વગેરે.

હીંદના માહાન બુઝરગ નર શેઠ દાદાભાઇ નવરોજીને મુંબઇ યુનીવરસીટી તરફથી એલ. એલ. ડી. ની ઉંચી ડીગ્રી તા૦ ૨૮ મી જાનેવારીએ સર કાવશજી હોલમાં ખાસ કોનવોકેશન ભરી એનાયત કરવામાં આવી હતી.

મી૦ કેખશરો પેસ્તનજી સીનોરે મુંબઈમાં એમ. એ., બી. એસ. સી. ની ડીગ્રી મેળવી લંડન જઇ એસોસીએટ ઓફ ધી રોયલ કોલેજ ઓફ સાયન્સ, અને એસોસીએટ ઓફ ધી રોયલ કોલેજ ઓફ માઇન્સ ડીપલોમા ઓફ ધી ઇમપીરીયલ કોલેજ (લંડન)ની ડીગરી મેલવી હતી અને એવણુને ભાવનગર સ્ટેટમાં ખાણો સંબંધી તપાસ ચલાવવાને ગયાં મારચથી રોકવામાં આવ્યા હતા.

મી૦ દીનશાહ મેરવાનજી અમલસાડવાળાને મદરાસની સરકારે વીવીંગના હુનરનો વધુ અભયાસ કરવા માટે ટેકનીકલ સકોલર નેમી ઈંગલાંડ મોકલાવ્યા હતા. બે વરસ સુધી મેનચેસટરની ટેકનોલોજીકલ સકુલમાં અભયાસ કરી કોટન વીવીંગ અને સપીનીંગના આરટની પરીક્ષા આપી પહેલા વરગની સરટીફીકેટ એવણે મેલવી હતી.

મી૦ જેહાંગીર નશરવાનજી શેઠનાને ગલાસગો યુનીવરસીટીની એનજીનીયરીંગને લગતી બી. એસ. સી. યાને બેચેલર ઓફ સાયનસની ડીગ્રી તેમજ એનજીનીયરીંગ સાયનસમાં કુશળતા બતાવવા માટેની સરટીફીકેટ એનાયત કરવામાં આવી હતી.

ડા૦ રૂસતમ નશરવાનજી કુપર મેટ્રીકયુલેટ થયા પછી એલફીનસટન કોલેજમાં અને તે પછી ગ્રાંટ મેડીકલ કોલેજમાં જોડાઇ છ વરસના અભ્યાસ દરમ્યાન વીસ ઇનામ, સકોલરશીપ તથા ચાંદો મેલવી ગયે વરસે એમ. બી. બી. એસ. ની સેવટની તબીબી ડીગ્રી મેલવી હતી. તે પછી હીંદી સરકાર તરફથી રૂ.૧૦૦૦૦ ની સ્કોલરશીપ મળવાથી એવણ માસટર ઓફ સરજરીની ડીગ્રી માટે ગયા આગસ્ટ માસમાં વેલાયત ગયા હતા.

ડા૦ સોરાબ માણેકજી ખંબાતા ગ્રાંટ મેડીકલ કોલેજમાં અભ્યાસ કરી કેટલુંક વેર ટેમલોઇડ બનાવવાના હુનરમાં પડયા હતા. તે પછી ૧૯૧૪ માં વીલાયત જઇ દંત-વીદયા શીખી લંડનની વેસ્ટ એંડ હોસપીટલમાં ડેનટલ એસીસટંટ તરીકે અને તે પછી સેંટ મેરલીબોરન હોસપીટલમાં ડેનટલ સરજ્યન તરીકે કામ કરવા બાદ અમેરીકા જઇ યુનાઇટેડ સટેટસ મધેની ચીકાગોની કોલેજમાં અભ્યાસ કરી છેવટની પરીક્ષા પસાર કરી ડોકટર ઓફ ડેનટલ સરજરી (ડી. ડી. એસ.) ની ડીગ્રી મેળવી હતી. આ ડીગ્રી મેળવનાર ડો૦ સોરાબ પહેલ વેહલ્લાજ પારસી છે. અમેરીકામા વહેવારૂ કામ માટે હરીફાઇની પરીક્ષા સારૂ (છ) ૬ રતલના વજનનું ૧૬ ઈંચની ઉંચાઇવાળું ચાંદીનું કપ જે ડો૦ હેરીસ કપને નામે જણાયલું છે તેમાં એવણ પહેલા આવી તે જીતી ગયા હતા.

મી૦ બમનજી અરદેશર કંટ્રાકટરે બોમબે વેટરીનરી કોલેજની ડીપલોમા માટેની છેવટની પરીક્ષા પસાર કરી હતી.

મી૦ હોમી કાવસજી કાંગાએ લશકરી ખાતાંની તબીબી નોકરીની સેવટની પરીક્ષા પસાર કરવાથી ત્રીજા વરગના સબ એસીસટંટ સરજ્યન તરીકે તેવણુને ઈંડયન સબોરડીનેટ મેડીકલ ડીપાર્ટમેંટની લશકરી તબીબી નોકરીમાં દાખલ કરયા હતા.

એમ. બી. બી. એસ. ની ડીગ્રી માટેની પરીક્ષામાં બધા મલી હાજર થયલા ૫૮ ઉમેદવારોમાંથી ગયા અકટોબરમાં ૩૩ પસાર થયા હતા, તેમાં નીચલા પારસીઓ હતા :—પેહેલા વરગમાં મી૦ રૂસ્તમજી નશરવાનજી કુપર; બીજા વરગમાં મેસરસ દાદાભાઈ બરજોરજી ડોકટર, ફીરોજશાહ રૂસ્તમજી ડોકટર, ટેહમુરસ દીનશાહ એદલબેહરામ, ફ્રામરોજ નાનાભાઇ મુસ, હોમી ફ્રામરોજ પાવરી, એમ. સુખીયા, કેખશરૂ અરદેશર લાલકાકા, નાદીરશાહ સોરાબજી સીધવા, અને શેહેરયાર રૂસ્તમજી વાહડીયા; વરગ વગરનામાં મેસરસ બરજોરજી માણેકજી સરવેયર અને જાંહગીર જમશેદજી કાંગા. એજ પરીક્ષામાં બધા મલી હાજર થયલા ૬૮ ઉમેદવારોમાંથી ગયા મે મહીનામાં ૩૪ પસાર થયા હતા, જેમાં નીચલા પારસીઓ હતા:—બીજા વરગમાં મેસરસ ધનજીશાહ માણેકજી બાટલીવાલા, જાહાંગીર ખરશેદજી ભરૂચા, બરજોર

ફ્રામજી ખંભાતા, મનચેરશાહ જીજીભાઇ નીકલશન, કેખશરૂ દોરાબજી તંબોલી, દાદી વીકાજી વખારીયા, અને રૂશતમ કુંવરજી મેહતા; વરગ વગરનામાં મી૦ હોમી રૂશતમજી ખરશેદજી. આમાં પસાર થયલા મી૦ રૂસતમ નશરવાનજી કુપર પહેલા વરગમાં પહેલે નંબરે આવી ચારલસ મોરહેડ પ્રાઇઝ, જે. સી. લીસઓનો ગોલ્ડ મેડલ અને લોરડ સેંડહરસટ ગોલ્ડ મેડલ જીતી ગયા છે, જ્યારે મી૦ એમ. સુખીયાને બાલક્રીશના પ્રાઇઝ મલ્યું છે.

ઇનટરમીડીએટ એમ. બી. બી. એસ. ની પરીક્ષામાં ગયા અકટોબરમાં પસાર થયલા મી૦ સોરાબ દીનશાહજી અંકલેસરીઆને શેઠ નશરવાનજી જાહાંગીર વહાડયાની સ્કોલરશીપ મલી હતી.

પીલીમીનરી સાયનટીફીક પરીક્ષામાં ગયા અકટોબરમાં પસાર થયલાં બાઈ ગુલબાનુ નરીમાન કોથાવાળાને મીસીસ સતયવંતી લલ્લુભાઇ શામળદાસ સ્કોલરસીપ અને બાઈ શીરીન માણેકજી લાહેવાળાને સર દીનશાહ એમ. પીટીટની તબીબી સ્કોલરશીપ મળી હતી.

એલ. એમ. એંડ એસ. ની ડીગરી માટેની પરીક્ષામાં ગયા અકટોબર માસમાં પસાર થયલાઓમાં પારસીઓમાં મી૦ મીનોચેર એસ. કામા હતા.

મુંબઇની કોલેજ ઓફ ફીઝીસીઅનસ અને સરજયનસની જુદી જુદી પરીક્ષાઓમાં નીચલા પારસીઓ પસાર થયા હતા :—એલ. સી. પી. એંડ એસ. માં મેસરસ દોરાબજી હોરમજી કોયાજી, અને દીનશાહ ફ્રામજી પારખ; જ્યારે એમ. સી. પી. એંડ એસ. માં મી૦ હોમી ફ્રામરોજ પાવરી.

બેરીસ્ટરની પરીક્ષામાં નીચલા પારસીઓ પસાર થયા હતાઃ— મેસરસ ફ્રેદુનજી દાદાભાઇ મુલ્લાં, નવરોજી ભીખાજી દલાલ, હોમી બમનજી માણેકજી મોટાફ્રામ, દારાબ ખુરશેદજી પેટીગરા અને રૂશતમ પેસતનજી થાનાવાલા.

સોલીસીટરની પરીક્ષામાં નીચલા પારસીઓ પસાર થયા હતાઃ—મેસરસ જમશેદજી એન દસ્તુર, જાહાંગીર એચ. મોદી, રૂશતમ એફ. દીવેચા અને પોંચાજી જે. પોંચા.

એલ એલ. બી. ની પરીક્ષામાં બધા મલી હાજર થયલા ૨૨૦ ઉમેદવારોમાંથી ગયા નવેમબરમાં ૮૯ પસાર થયા હતા, તેમાં નીચલા પારસીઓ હતા :—મેસરસ નવરોજી મેરવાનજી દારૂખાનાવાળા, ફીરોઝશાહ હોરમજી દારૂવાળા, શાવકશાહ એદલજી ઇંડિવાળા, અરદેશર ખોદારામ ઇરાની, જમશેદજી મેરવાનજી પાવરી મીનોચેર બરજોરજી સ્પેનસર. એજ પરીક્ષામાં બધા મલી હાજર થયલા ૨૧૮ ઉમેદવારોમાંથી ગયા એપ્રીલમાં ૭૬ પસાર પસાર થયા હતા, તેમાં નીચલા પારસીઓ હતાઃ—મેસરસ કેખશરૂ ડોશાભાઇ ભરૂચા, ફીરોઝ કાવસજી દાવર, ફ્રેદુન અરદેશર દોટીવાલા, જાહાંગીર ખરશેદજી ફોરબસ, અને ફ્રામજી રૂશતમજી વાચ્છા. આમાં પસાર થયલા મી૦ જમશેદજી મેરવાનજી પાવરીને શેઠ મનચેરજી નવરોજજી બનાજી સકોલરશીપ અને મી૦ ફીરોઝ કાવસજી દાવરને શેઠ મનચેરજી નવરોજી બનાજી સ્કોલરશીપ મલી હતી.

એમ. એ. ની પરીક્ષામાં બધા મલી હાજર થયલા ૨૧૪ ઉમેદવારોમાંથી ૮૬ પસાર થયા હતા તેમાં નીચલા પારસીઓ હતા :— બીજા વરગમાં મેસરસ જમશેદ સોરાબશાહ લામ, ફીરોઝશાહ જમશેદજી કાંગા અને રૂશતમજી રતનશાહ વખારીયા; પાસ વરગમાં મેસરસ અરદેશર મેહરજીભાઇ કુકા, પેસતનજી નાનાભાઇ મુસ, કુવરજી રૂશતમજી જશાવાળા, મીનોચેહર રૂશતમજી મુલ્લાં અને તહેમાસ તેમુલજી કોઠાવાળા.

જુની બી. એસ. સી. યાને બેચેલર ઓફ સાયનસની પરીક્ષામાં મી૦ જાલ દીનશાહ એદલબેહરામ પસાર થયા હતા. જયારે નવી બી. એસ. સી. ની પરીક્ષામાં પેહલા વરગમાં મી૦ સોરાબ હેશંગશાહ નાણાવટી પસાર થયા હતા.

ઇનટરમીડીયટ સાયનસની પરીક્ષામાં બધા મલી હાજર થયલા ૧૧૭ ઉમેદવારોમાંથી ૫૪ પસાર થયા હતા, તેમાં નીચલા પારસીઓ હતા :—મેસરસ એરચશાહ જામાસ્પજી બારીઆ, ફ્રામરોઝ એદલજી કુપર, કેરશાસ્પ માણેકજી દસ્તુર, એરચશાહ ધનજીભાઈ મીસતરી, રૂશતમ હોરમજી દસ્તુર અને જાલ દોરાબજી કુમાના.

બી. એ. ની પરીક્ષામાં બધા મલી હાજર થયલા ૭૮૦ ઉમેદવારોમાંથી ગયા જુન માસમાં ૪૮૧ પસાર થયા હતા, તેમાં નીચલા પારસીઓ હતાઃ—બાઇઓ હીરાબાઇ નાનાભાઇ

ક્રાત્રક, આલીબાઇ સોરાબજી કાપડયા, તથા મેસરસ ધનજીશાહ કાવશજી આગા, દીનશાહ પેસતનજી દસ્તુર, ધનજીશાહ જીવનજી પટેલ, ખુરશેદજી જમશેદજી બનાતવાલા, અરદેશર સી. એમ. ખરશેદજી, હકીમજી એદલજી કુમાના, ગુસ્તાદ કાવશાહ ચોકસી, સોરાબ નવરોજી વકીલ, પેશોતન જમશેદજી વાણીયા, જાહાંગીર જીવાજી ગાંધી, કેખશરૂ જાહાંગીર કાબરાજી, ખરશેદજી મેરવાનજી ખરેધાટ, એજનજી પેસતનજી મેહતા, દારાશા રતનશાહ એદીબામ, જમશેદ રૂશતમ ઇરાની, જાલેજર મનચેરશાહ રૂસ્તમફરામ, નરીમાન જે. જાહીના, પેસતનજી દારાબશાહ બીમડીવાલા, ગુસ્તાસ્પ અરદેશર મામા, બરજોરજી નવરોજી દીગરીયા, પીરોજશાહ કે. દુમશીયા, પેસતનજી ધનજીશાહ ગ્રીન, તેહમુરસ્પ રૂશતમજી પારખ, દાદાભાઈ ફીરોઝશાહ પટેલ, ફીરોઝ દારાશાહ દલાલ, કાવશ અરદેશર એંટી, અદી હોરમજી એનજીનીયર, અરદેશર સોરાબજી કાલાપેશી, નોશીરવાન બેરામજી મોતીવાલા, સોરાબજી દાદાભાઇ પટેલ, મીનોચેહર અરદેશર રબાડી, ફરાંમરોજ જીજીભાઇ બીલીમોરયા, કેખશરૂ પાલનજી દાવર, ખોદાબક્ષ નશરવાનજી ફોરબસ, દીનશાહ ફીરોઝશાહ ફરેંચમેન, ફરાંમરોઝ જેહાંગીર ગઝદર, ધનજીશા રતનશા ગીયારા, હોરમસજી કાવસજી ઇટાલીયા, નરીમાન બમનજી લવંગીયા, પીરોજ રૂસતમજી પંથકી, અને જમશેદજી હોરમસજી તુટ. આમાં પસાર થયલા મી૰ હકીમ એદલજી કુમાનાને શેઠ પીરોશાહ મેરવાનજી જીજીભાઈ સ્કોલરશીપ મલી હતી.

મી૰ હોમી બહમનજી માણેકજી મોટાફરામે વેલાતની કેમબ્રીજ યુનીવરસીટીની બી૰ એ૰ ની અને મી૰ ફીરોઝ જમશેદજી પાંડેએ ઓક્ષફરડ યુનીવરસીટીની બી૰ એ૰ ની પરીક્ષા માન સાથે પસાર કીધી હતી.

ઇનટરમીડીએટ આરટસની પરીક્ષામાં બધા મલી હાજર થયલા ૧૬૨૮ ઉમેદવારોમાંથી ૯૫૭ પસાર થયા હતા, એમાં ૭૨ પારસીઓ પસાર થયા હતા, જેમાં નીચલી ૫ પારસી બાનુઓબી પસાર થઇ હતી:—બાઇઓ તેહમીના પેસતનજી સીનોર, ધનબાઈ અરદેશર કુપર, શેરબાનુ જાહાંગીર દોધી, શારીન મેહેરજીભાઈ એનજીનીયર અને ગાયમાય આદરજી કાપડયા. આમાં પસાર થયલા મેસરસ જમશેદજી પેસ્તનજી દોરડી અને જમશેદજી પાલનજી તારાપોર વચે શેઠ ફરામજી શોરાબજી ભાનવનગરી સ્કોલરશીપ વેહેંચી આપવામાં આવી હતી.

મેટીક્યુલેશનની પરીક્ષામાં બધા મલી હાજર થયલા ૪૮૫૩ માંથી ૨૩૨૯ પસાર થયા હતા, તેમાં ૨૪૫ પારસીઓ હતા. બધી મલી હાજર થયલી ૧૪૫ બાનુઓમાંથી ૮૦ પસાર થઇ હતી તેમાં નીચલી ૩૦ પારસી બાનુઓ હતી જે ઉપલા ૨૪૫ પારસીઓમાં સમાઇ જાય છે:—બાઇઓ શેહેરાં સોરાબજી ભરૂચા, પીરોજા દીનશાજી ચીનાઇ, ગુલાં ફરામજી પાવરી, ખુરશેદજી હીરજી એડનવાલા, ગુલેસતાન ધનજીશાહ અંકલેશરયા, ડોસીબાઇ હોરમસજી બાના; દીનબાઇ રૂસતમજી ભપુ, શેહેરબાનુ મેરવાનજી કોલાહ, ખોરશેદ માણેકજી કુપર, દીનબાઇ રૂસ્તમજી ડોકટર, નરગીઝ દોશાભાઇ એનજીનીયર, પુટલીબાઇ મંચેરજી એનજીનીયર, આઇમાય હોરમસજી ઘડીયાળી, જર માણેકજી કાલાપેસી, જરબાનું જમશેદજી ખજુરીના, ગુલબાનુ મેરવાનજી કોટવાલ, જર બરજોરજી મજગામવાળા, મેહેરબાઇ કાવશશા મેહેતા, તેમીના દીનશાજી મીસ્રી, રતી નવરોજી નાયગામવાળા, ફરેની દારાબશાહ પ્રીંટર, જાઇજી દારાશા સંજાના, પરીન હીરજીભાઇ સરવેયર, શીરીન જીવનજી ઉદવાડીયા, આવી આર. એચ. કામા, હમાબાઇ જમશેદજી કામા, નાજાં નવરોજી પાજનીગર, દીનબાઇ પેસતનજી પોચા, મેરી હોમી વાડીયા અને કુંવર બમનશા કામા. આમાં પસાર થયલા મી૰ જાસ ખરશેદજી પાવરીને સર દીનશા માણેકજી પીટીટ પહેલા બેરોનેટ સ્કોલરશીપ મળી હતી.

યુનાઇટેડ પ્રોવીનસીસના જોડયા પ્રાંતોમાં લેવાતી હાઇ સકુલ પરીક્ષા જે હીંદુસ્તાનની સરવે યુનીવરસીટીઓ તરફથી મેત્રીકયુલેશન પરીક્ષા તરીકે સ્વીકારવામાં આવી છે તેનાં ફતેહમંદ ઉમેદવારોમાં બાઇ ગુલબાનુ નાદીરશાહ શાપુરજી કોયાજી છે, જેઓ અજમેર કોનવેંટ સ્કુલમાંથી પોતાની બીજી ભાશા તરીકે ફરેંચ સાથ સેકંડ ડીવીઝનમાં પાસ થયાં છે.

સ્કુલ ફાઇનલની પરીક્ષામાં નીચલા પારસીઓ પસાર થયા હતા:—મેસરસ ફરામરોજ મેરવાનજી મેહતા, જમશેદજી ડોશાભાઇ મોટાફરામ, બાપુજી જમશેદજી ભંડારી, સોરાબજી

શાવકશા ભરૂચા, હોરમજી બમનજી પટેલ, માણેકશાહ બેરામજી ઉદવાડીયા, સોરાબજી દીનશાહ ખંબાતા, બેરાંમજી નશરવાનજી કોટવાલ, મીનોચેહર નશરવાનજી કોટવાલ, પેસતનજી બેરામજી કોટવાલ, મીનોચેહર કાવશાહ ચોકસી અને માણેકજી પેસતનજી દસ્તુર.

બી. ઈ. સીવીલ યાને બેચેલર ઓફ સીવીલ એનજીનીયરીંગની પરીક્ષામાં બધા મલી હાજર થયલા ૭૬ ઉમેદવારોમાંથી ૩૬ પસાર થયા હતા, તેમાં નીચલા પારસીઓ હતા :— મેસરસ માણેકશાહ ડોશાભાઇ ભરૂચા, રૂશતમ કેખશરૂ એનજીનીયર, બેરામશાહ ફીરોઝશાહ કાપડયા અને પેસતનજી રૂશતમજી ઉનવાળા.

બી. એજી. યાને બેચેલર ઓફ એગ્રીકલચરની ખેતીવાડીને લગતી ડીગ્રી માટેની પરીક્ષામાં બધા મલી હાજર થયલા ૨૯ ઉમેદવારોમાંથી ૨૩ પસાર થયા હતા, તેમાં નીચલા પારસીઓ હતા :—મેસરસ ફીરોઝ જાહાંગીરજી ધનજીુરા અને ફ્રામરોઝ જાહાંગીરજી મીઠુજી.

મી૦ મનચેરશાહ બરજોરજી મારફતીયા સબોરડીનેટ રેવન્યુ સરવીસમાં યાને મેહેસુલી ખાતાંની નોકરીની પરીક્ષામાં પસાર થયા હતા.

મુંબઈ યુનીવરસીટીને લગતી ઇનટરમીડીયેટ ઈન કોમરસ યાને વેપારી ઈનતરમીડીયેટની પરીક્ષામાં બધા મલી હાજર થયલા ૯૬ ઉમેદવારોમાંથી ગયા નવમબરમાં ૬૧ પસાર થયા હતા, તેમાં નીચલા પારસીઓ હતાઃ—મેસરસ રૂસી દાદીબા બીલીમોરીયા, માણેકજી દાદાભાઇ દરબારી, દારાબશાહ જમશેદજી દસ્તુર, ખોદાદાદ જાહાંગીર મેહરહોમજી, માણેકશાહ હોરમસજી મેહતા, જમશેદજી સોરાબજી ઉમરીગર, મનચેરશા હોરમસજી ઉંમરીગર, રૂશતમજી નવરોજી દેશાઇ, દોરાબ તેમુલજી જંધાલવાલા, હોરમઝદીયાર ધનજીશાહ કરાકા, ફરેદુનજી પેસતનજી પદર, અને દોરાબ બાપુજી હુઠી. એજ પરીક્ષામાં બધા મલી હાજર થયલા ૮૯ માંથી ગયા એપ્રીલમાં ૪૨ પસાર થયા હતા, તેમાં નીચલા પારસીઓ હતાઃ—મેસરસ નશરવાનજી ડોશાભાઇ ખરીવાળા, જેહાંગીર જમશેદજી મહુડાંવાળા, રૂશતમ હીરજી વાડીયા, જમશેદજી દોરાબજી એશબરનર, મીનોચેર સોરાબજી ચલ્લા, બહાદુરજી કાવશજી ખંબાતા, જાહાંગીર નવરોજી નરસંગ અને મીનોચેર હોરમજશાહ વરીયાવા.

મીકેનીકલ ઇજનેરની ફ્રસ્ટ કલાસની પરીક્ષામાં નીચલા પસાર થયા હતા :—મેસરસ કાવસ રૂસતમજી કાતપીતયા, ગુસતાદજી એદલજી સગુર, દારબશાહ બેરામજી શેરદીવાળા, માણેકજી શેહેરીયારજી અંકલેશરયા, મીનોચેહેર અરદેશર બાબેકાન, બેજનજી જેહાંગીર હીરા અને કેખશરૂ શાપુરજી હોમાવજીર.

મીકેનીકલ ઇજનેરની સેકન્દ કલાસની પરીક્ષામાં નીચલા પસાર થયા હતા :—મેસરસ ફીરોઝ માણેકજી તલાટી, જમશેદ બેહરામ વહાડયા, જમશેદજી સારાબજી પટેલ, અરદેશર રૂશતમજી વજીફદાર, બમનજી જમશેદજી ઇરાની, અને દીનશાહ શેહેરીયારજી અંકલેસરીયા.

મીકેનીકલ ઇજનેરની થરડ કલાસની પરીક્ષામાં નીચલા પારસીઓ પસાર થયા હતાઃ— મેસરસ જાહાંગીર સોરાબજી રાંદેલીઆ, દીનશાહ ધનજીભાઇ સીગનપોરીઆ, કઇખુશરૂ બેરામજી ભેદવાર, અરદેશર કુંવરજી મીસતરી, માણેકજી ફરામજી ફોજદાર, દારાશાહ શાપુરજી વાડયા, આદરજી સોરાબજી ફનીબંદા, સોરાબજી શાપુરજી પટેલ અને બેરામશાહ ખુરશેદજી અંકલેસરીયા.

સ્કુલ ઓફ આર્ટની જુદી જુદી પરીક્ષાઓમાં નીચલા પારસીઓ પસાર થયા હતા, તેમાં ડરોઈંગ ટીચરસ સરટીફીકેટ મેળવનારાઓમાં બાઇઓ નવાઝબાઈ નશરવાનજી બરડી, અને તેહમીના પાલનજી એનજીનીયર હતા, જ્યારે એડવાનસ આરકીટેકચરની પરીક્ષામાં મેસરસ અરદેશર નવરોજી ગીલડર, ફ્રામરોઝ નવરોજી ગીલડર, સોરાબજી બરજોરજી નાદોડવાળા અને જમશેદજી બમનજી તવરીઆ પસાર થયા હતા.

નાસક ખાતેની સેંત્રલ પોલીસ ત્રેનીંગ સ્કુલની પરીક્ષામાં પસાર થયલાઓમાં નીચલા પારસીઓ હતા :—મેસરસ કેખશરૂ દીનશાહ સબાવાળા, રૂશતમજી દાદાભાઇ મોતીશાહ, રૂશતમજી નવરોજી કોડાવાળા અને શયાવકશાહ સોરાબજી કેખુશરો.

દક્ષીણ થાણાના સબ ડીવીઝનલ ફોરેસટ ઓફીસર મી૦ ખરશેદજી એદલજી કોટવાલે તા૦ ૮ મી આગસટે ચહડતાં ધોરણને લગતી મરાઠી ભાશાની પરીક્ષા માન સાથ પસાર કરી હતી.

ગયે વરસે બનેલા પરચુરણ જાણવાજોગ બનાવો.

જરથોસ્તીઓના શેહેનશાહી નવા વરસને દીવસે હમેશ મુજબ મુંબઇ તેમજ જુદા જુદા દેશાવરો ખાતે રમત ગમત વગેરેના મેલાવડાઓ થયા હતા. પુણા ખાતે લેડીઝ કલબમાં સાંજે રૂબી હાલમાં બધી કોમના ગ્રહસ્થો અને બાનુઓનો એક મેલાવડો થયો હતો. એ વખતે નામદાર ગવરનર લોરડ વેલીંગડન અને લેડી વેલીંગડન તરફથી એક પત્ર મલ્યો હતો તેમાં પારસીઓને મુબારકબાદી ચાહી ઇચ્છયું હતું કે આ સાલમાં પારસીઓનું સુખ અને જાહો જલાલી વધે. વળી એ દીને નામદાર ગવરનરની શાલગ્રહે બી પડી હતી. કલકતા ખાતે પારસી એમેચ્યુર કલબે કોરીનથીયન થીએટરમાં ખેલ કરી ઇનામો આપ્યા હતા.

શેહેનશાહી જરથોસ્તીઓના ખોરદાદશાલને દીવસે મુંબઇની જરથોસ્તી જશન કમીટી તરફથી એરામજી જીજીભાઇ પારસી ચેરીટેબલ ઇનસટીટયુશનનાં હોલમાં શેઠ જાહાંગીર જમશેદજી વીમા-દલાલના પ્રમુખપણા હેઠળ જશન અને હમ બંદગી કરવામાં આવી હતી અને શેઠ ડી. એન. પટેલે પોતાનું સંગીત કીરતન રજુ કીધું હતું. તેમજ પારસી વેજીટેરીયન એન્ડ ટેમપરંસ સોસાયટી તરફથી શેઠ બનાજીની દરેહમેહરમાં જશન, હમ-બંદગી કરવા પછી મોનાજાત ગાઇ સમજાવવામાં આવી હતી.

વાલંટીયર કોરવાળા કલર સારજંટ બી. પી. બરડી, લેનસ સારજંટ એમ. ખરશેદજી, લેનસ કોરપોરલ એમ. ભરૂચા, વોલંટીઅરસ ઈ. આર. શેઠના, અને કે. જી. ખંબાતાને વોલંટીઅર તરીકે બજાવેલી લાંબી નોકરી માટે ચાંદ એનાયત કરવામાં આવ્યા હતા.

પુણા વાલનટીયર કોરવાળા સારજંટ જમશેદ કે. ઇરાની, કોરપોરલ જી. ડી. કુપર અને વાલંટીયર આર. ડી. ખંબાતાને લોંગ સરવીસ સીલવર મેડલો આપવામાં આવ્યા હતા.

સેંટ જોન એમબયુલંસ બ્રીગેડના પારસી વીભાગના સભાસદોને લાંબી સેવા બજાવવા માટેના ચાંદો અને સરવીસ બેજ એનાયત કરવાનો એક મેળાવડો તા૦ ૨૮ મી નવેમબરે હીંદી તબીબી નોકરીના વડા અને હીંદ મધેની સેંટ જોન એમબયુલંસ બ્રીગેડ ઓવરસીઝના કમીશનર ઓનરેબલ સર પાર ડી લયુકીસનાં વડપણ હેઠળ ધોબીતળાવપર આવેલી સેકનડરી ટીચરસ ત્રેનીંગ કોલેજ હોસ્ટેલના કમપાઉનડમાં કરવામાં આવ્યો હતો. મુંબઇની પારસી યાહુદી વગેરે એમબયુલંસ ડીવીઝનો અને પારસી અને યુરોપીઅન નરસીંગ ડીવીઝનોના ૧૭૦ સભાસદોએ પરેડ કીધી હતી, જેમાં ૮૮ પારસીઓ હતા. દરદીને ખસેડવાનું અને તેને રેલ્વે ગાડીમાં ચઢાવવાનું કામ, ભાંગેલા હાડકાંની સારવાર, વહેતું લોહી બંધ કરવા વગેરેના પ્રયોગ કરી દેખાડયા હતા અને સર પાર ડી લયુકીસ એ કામ જોઇને ઘણો ખુશી થયો હતો. તે પછી પાંચ લોંગ સરવીસ મેડલ્સ પારસી ડીવીઝનના પાંચ સભાસદો, સુપ્રીન-ટેનડેનટ ડી. ઈ. મહાવા, બીજા અમલદાર (હાલ કોસ્મોપોલીટન ડીવીઝનના સુપ્રીનટેનડેનટ) ડી. એન. મારકર, પહેલા એમબયુલંસ ઑફીસર ડી. એફ. પંથકી, ત્રીજા એમબયુલંસ ઓફીસર જી. એન. ગઝદર અને લેનસ કોરપરલ એ. સી. ડોકટરને વહેંચી આપવામાં આવ્યા હતા. આ ચાંદો હીંદ ખાતે પહેલવહેલા એનાયત થયા છે. વળી પારસી વીભાગના વીસ સભાસદોને તેઓએ બજાવેલી ત્રણ વરસની સેવાઓ માટે સરવીસ બેજ એનાયત કરયા હતા.

મુંબઇની આરટ સોસાયટીના તા૦ ૨૨ મી ફેબરવારીએ ભરાયલા પચીસમાં વરસનાં ચીતરોનાં પ્રદર્શનમાંથી શેઠ મનચેરજી એફ. પીઠાવાલાને સર રતન જે. તાતાનું રૂ ૫૦ નું ઇનામ અને શેઠ જે. એ. લાલકાકાને સર દીનશાહ પીટીટનું ૩૩૦ નું ઇનામ મલ્યું હતું.

શેઠ રૂશતમ સીઓડીયાને દારજીલીંગ ખાતે ગયા અકટોબરમાં ખુલ્લા મુકાયલા ચીત્રોના પ્રદરશનમાંથી એવણના પીકચર માટે પેહલુ ઇનામ મલ્યું હતું.

જાણીતા ક્રીકેટર શેઠ પેસતનજી જામાસ્પજી ભગવાગર વરસો થયાં મેદાનની કલબોમાં બોલીંગની પ્રેકટીસ આપે છે. એવણની આ સેવાના બદલામાં શેહેનશાહી ખોરદાદસાલને દીવસે મેદાનની યંગ ઝોરાસ્ત્રીયન ક્રીકેટ કલબમાં એક મેળાવડો કરી વખાણનારાઓ તરફથી એવણને સોનાના ચાંદની ભેટ કરવામાં આવી હતી.

વોર ફંડને લગતી છેલ્લી ક્રીકેટ મેચમાં સારો દેખાવ કરવા માટે મેજર કેકી મીસતરી, શેઠો સપલ ચોઠીઆ, હોમી મુલ્લા અને સોરાબ ગાંધીને તા૦ ૯ મી જાનેવારીની રાતે ગ્રાંટ-રોડની વીકટોરીયા થીએટરમાં ફાંકડો ફીતુરીનો નાટક કરવા પછી એ નાટક મંડળીના માલેક શેઠ ફરામજી દાદાભાઇ અપ્પુ તરફથી સોનાનાં ચાંદો એ ચારો ગ્રહસ્થની તારીફમાં કેટલુંક વીવેચન કરી એનાયત કરવામાં આવ્યા હતા. તેમજ એઓના વખાણનારાઓ તરફથી ઇનામો આપવામાં આવ્યા હતા. વળી શેઠો સપલ ચોઠયા અને સોરાબ ગાંધીને અતરેના એક જરથોસ્તી વેપારીએ ૩૨૫ ની કીમતનું એકેક બેટ ભેટ આપ્યું. એજ મેચ દરમયાન ઈંડીયા તરફથી વીકેટ જાળવનાર અને પારસીઓ તરફથી વીકેટ કીપર તરીકે કામ બજાવનાર શેઠ એચ. એફ. મુલ્લાંના બેટ ઉપર નામદાર ગવરનરે અને પતયાલાના નામદાર મહારાજાએ પોતાના હાથે પોતાની સહી કીધી હતી. આ બેટની ઉપર ઘણા જાણીતા ક્રીકેટરોની સહી છે. ઈંગલંડ ખાતે શેઠ મુલ્લાં ગયા હતા તયારે તેવણે તયાંના સરવથી ચુનંદા ખેલાડીઓનાં નામ તેઓને હાથે બેટ ઉપર લખાવ્યાં હતાં, જેમાં મરનાર અઠંગ ખેલાડી ડાં૦ ડબલ્યુ. જી. ગ્રેસની પણ સહી છે.

મેદાનની જોન વ્હાઇટ ક્રીકેટ કલબના ઓનરરી સેક્રેટરી શેઠ હોરમસજી સોરાબજી કારડ-માસતર મુંબઇ જાથુકનું છોડી જવાથી એ કલબના સભાસદોએ તા૦ ૫ મી એપ્રીલે એવણના માનમાં શેઠ બાટલીવાલાની વાડીમાં એક ખાનાનો મેળાવડો એ કલબના પ્રમુખ ડા૦ મેહલાશાહના પ્રમુખપણા હેઠળ કરી કલબ તરફથી એક સોનાનો ચાંદ તથા બીજી સોનાની ભેટો એનાયત કરી શેઠ હોરમસજીએ એ કલબની લાંબા વખત સુધી બજાવેલી કીમતી સેવાઓ માટે સ્તુતી કરવામાં આવી હતી.

વીકટોરીયા નાટક કંપનીના માલેક શેઠ હોરમજી તાંતરા રંગુન ખાતે નાટકો કરવા ગયા હતા, તે તકનો લાભ લઇ તા૦ ૧ લી ફેબ્રુઆરીની રાતે કરવામાં આવેલા ખેલ વખતે રંગુનની પ્રજા તરફથી એક હીરાજડીત સોનાનો ચાંદ મી૦ અબદુલ કરીમ જમાલે શેઠ હોરમજીને ભેટ કીધો હતો, તેમજ તા૦ ૧૧ મી જાનેવારીએ સમસત ગુજરાત પઇસાં ફંડના લાભ માટે કરેલા ધરમદા ખેલ વખતે શેઠ હોરમજીને એ ફંડના કારોબારીઓએ એક સોનાનો ચાંદ એનાયત કીધો હતો.

પુણા ખાતે નેપીયર સીનેમા કંપનીના માલેક શેઠ અરદેશર સી. પટેલે એક ખેલ કેંપ એજયુકેશનલ સોસાયટીની સ્કુલના લાભ માટે ગયા ડીસેમબરમાં એગ્રીકલચરલ કોલેજના પ્રીનસીપલ ડાકટર મેનના પ્રમુખપણા હેઠળ કરી એ ખેલની સઘલી આવક સ્કુલનાં ફંડમાં આપવાથી શેઠ પટેલને સોસાયટી તરફથી એક સોનાનો ચાંદ એનાયત કરવામાં આવ્યો હતો.

શેઠ ડોશાભાઇ એદલજી ભરૂચાએ પુણાની યંગમેન ઝોરાસ્ત્રીયન એસોસીએશનના લાભ માટે તા૦ ૧૨ મી મારચે ખા૦ બા૦ શીયાવક્ષ કા. દાવરના પ્રમુખપણા હેઠળ નેપીયર સીનેમામાં ગાયનનો એક જલસો બીજાઓની મદદ સાથે કીધો હતો. એ એસોસીએશન તરફથી શેઠ ડોશાભાઇને એક ચાંદ તેમજ નેપીયર સીનેમાના માલેક શેઠ અરદેશર પટેલને બીજો સોનાનો ચાંદ એનાયત કરવામાં આવ્યો હતો.

ગોંડળ સ્ટેટના પોલીસ સુપ્રીનટેનડંટ શેઠ ફીરોઝશાહ માણેકજી ડમરી વરસો સુધી એ રાજ્યની વફાદારી તથા બહાદુરીથી નોકરી બજાવી રીટાયરડ થયા ત્યારે એવણે નીમક હલાલીથી બજાવેલી સેવાઓ માટે રૂ.૫૦૦૦ ના ઇનામ સાથે એક તલવાર ગોંડળ સ્ટેટ તરફથી ભેટ આપવામાં આવી હતી. વળી એવણના માનમાં ગોંડળની પ્રજા તરફથી આશાપુરા જીનીંગ ફેકટરીના કંમપાઉન્ડમાં ઇવનીંગ પારટીનો મેલાવડો ગોંડળ સ્ટેટના દીવાન મી૦ રણછોડલાલ પટવારીના પ્રમુખપણા હેઠળ તા૦ ૫ મી નવેમબરને દીવસે કરી પ્રજા તરફનું એક માનપત્ર ચાંદીના કાસકેટ સાથે ભેટ આપ્યું હતું. એ વખતે શેઠ પીરોશાહે બજાવેલી કીમતી લાંબી વફાદારી ભરેલી નોકરી માટે પ્રમુખે સ્તુતી કરી હતી. એવણ ગોંડળથી પોતાને વતન સીધાર્યા ત્યારે ઘણું સારૂં આદરમાન આપવામાં આવ્યું હતું. એ ઉપરાંત શેઠ પીરોજશાહની યાદગારી કાયમ રાખવા માટે એ સ્ટેટના બધા પોલીસ ઓફીસરો તરફથી તેઓની આખા કદની એક ઓઇલ-પેઇનટીંગ તસવીર ગયા દીસેમબર મહીનામાં સર ભગવતસીંહજી લાઇબરે-રીમાં મુકવામાં આવી હતી.

ઓંબે સાઇકલ અને મોટર એજંસીની સીકનદરાબાદ ખાતેની શાખાના મેનેજર શેઠ

રામયાર અરદેશર ઇચછાપોરયાને આપણી રાજકરતી કોમના નવા વરસની ખુશાલીમાં ખાન સાહેબનો ખેતાબ એનાયત થયો તે માટે ખુશાલી જાહેર કરવા એવણના માનમાં ખાણાનો એક મેલાવડો સીકનદરાબાદની પારસી મ્યુઝીક કલબના મકાનમાં તા૦ ૫ મી ફેબરવારીએ ખા૦ બા૦ શાપુરજી એદલજી ચીનાઇના પ્રમુખપણા હેઠળ કરી ખાનસાહેબ રામયર એ કલબના સ્થાપક તથા ખજાનચી હોવાથી ચાંદીનું ફ્લાવર વાઝ જે કલબના મેમબરોએ પોતપોતામાં ઉગરાનું કરી તૈયાર કીધું હતું તે એનાયત કીધું હતું. તેમજ શેઠ દીનશાહ દોરાબજી દીતયાએ પોતા તરફથી એક ચાંદીનો ખડયો એવણને ભેટ આપ્યો હતો.

હાંગકાંગ ખાતેની કોલોનીઅલ સેક્રેટરીએટના પેહલા કલારક શેઠ આર. એચ. કોટવાલ હાંગકાંગ મરકનટાઇલ કંપનીના મેનેજરના ઓધાપર જવાથી ગયા જાનેવારી માસમાં કોલોનીયલ સેક્રેટરી મી૦ કલોડ સેવરના પ્રમુખપણા હેઠળ એવણના માનમાં એક મેલાવડો કરી ચાંદીનો એક ટી સેટ, ઉડતા ગરૂડનું ભરત કામનું ચીત્ર તથા માનપત્ર એનાયત કીધાં હતાં.

અતરેના જાણીતા શેહેરી ડા૦ ધનજીભાઇ એન. પટેલ શાહનામાના સંગીત સાથેના વાંચણો કરવા તા૦ ૧૬ થી તા૦ ૨૩ મી દીસેમ્બર સુધી ભરૂચ ખાતે ગયા હતા, ત્યા તા૦ ૨૩ મી દીસેમબરે શર શાપુરજી ભરૂચા હોલમાં ખા૦ બા૦ આદરજી મ. દલાલના પ્રમુખપણા હેઠળ શાહનામાના કરેલા વાંચણ વખતે ભરૂચની પારસી પંચાયત તરફથી કરનલ દાંતરાના ધણીયાણીને હાથે શેઠ પટેલને એક કીમતી શાળ અને રૂપાનું સુંદર ફ્લાવર વાઝ ભેટ આપવામાં આપ્યાં હતાં.

બરોડા રેલવેના ભરૂચ વીભાગના મેડીકલ હાફીસર ડા૦ બરજોરજી સોરાબશાહ મુનસફના ૩૫ વરસની રેલવેની નોકરી બજાવી તા૦ ૨૦ મી જુને રીટાયરડ થવાથી એવણના માનમાં ભરૂચના સ્ટેશન ઉપર એક મેલાવડો રેલ્વેના કામદારો તરફથી સરદાર રા૦ બા૦ મોતીલાલ ચુનીલાલના પ્રમુખપણા હેઠળ કરી એક માન પત્ર તથા સોનાનું ઘડીયાલ એનાયત કરવામાં આવ્યાં હતાં.

વાંસદા સ્વસથાનમાંના કાંસવેલ ગામમાં શેઠ કાવશજી રૂશતમજીની બેટી ધનબાઇની થયલી નવજોતની ક્રીયા વખતે નવસારીના વડા દસ્તુરજી કેકોબાદ દારાબજી દસ્તુર મેહરજીરાણા તેમજ વાંસદાના નામદાર મહારાજા સાહેબ ખાસ આમત્રંણથી કાંટસવેર પધારયા હતા. નવજોતની ક્રીયા ખલાસ થવા પછી વાંસદા સવસથાન તેમજ આસપાસના ગામના જરથોસ્તીઓ તરફથી દસ્તુરજી કેકોબાદને ચાંદીના કાસકેટમાં માનપત્ર, કસબી શેલો તેમજ પરસ અરપણ કરવામાં આવ્યાં હતાં. વલી માહારાજાને બી માનપત્ર એનાયત કીધું હતું. દસ્તુરજી કેકોબાદ નામદાર માહારાજાના ઇજનને માન આપી બીજે દીને વાંસદા ગયા હતા, જ્યાં એવણની મુલાકાત બે કલાક સુધી માહારાજાએ લીધી હતી. દસ્તુરજી વલતી મુલાકાતે પધારયા ત્યારે માહારાજા સાહેબે એવણને કીમતી કસબી શયાલ તથા કસબી શેલો વગેરેનો સરપાવ એનાયત કરયો હતો.

કલકતાની પુરાણી અને જાણીતી શેઠ બરજોરજી ફ્રામજીની પેહેડી કલકતાની જરથોસ્તી અંજુમનના હીસાબો બીન હાંસલે અતી કાળજીથી વરસો થયાં રાખે છે તેમજ એ પેહેડીના કલકતા ખાતે નેમાતા ભાગયાઓને કલકતાની અંજુમનના ટરસ્ટી તથા સેક્રેટરી તરીકે હમેશા નેમવામાં આવે છે જેઓ એ ફંડોની વયવસ્થા ઘણી કાળજીથી કરે છે તેથી એ પેહેડીના વડા શેઠ ફ્રામરોજ અરદેશર મોદી કલકતા ખાતે પધારવાથી કલકતાની જરથોસ્તી અંજુમન તરફથી શેઠ ફ્રામરોજના માનમાં એક માનપત્ર આપવાનો મેલાવડો તા૦ ૩૧ મી મારચે સાંજે શેઠ મોદીની પેહેડીના દીવાનખાનામાં કરવામાં આવ્યો હતો. શરૂઆતમાં શેઠ જમશેદજી રૂશતમજી સકલાતવાળાએ શેઠ ફ્રામરોજનો ઉપકાર માની એવણની પેહેડી વરસો થયા હીસાબ રાખતી આવી છે તેમ એવણની કારકીરદી દરમ્યાન ચાલુ રાખી અંજુમનનું માન અને મહોબત મેલવશે વગેરે વીવેચન કરી એવણને આપવાનું માનપત્ર વાંચી સંભલાવ્યું હતું. એ પછી કલકતાની જરથોસ્તી અંજુમનના ટ્રસ્ટી શેઠ જમશેદજી ફ્રામજી માદને એક કીંમતી શાલ શેઠ ફ્રામરોજ મોદીને ઓઢાડી માનપત્ર તથા ચાંદીનો એક ટીસેટ એનાયત કરી શેઠ ફ્રામરોજની તારીફમાં લંબાનથી પ્રસંગને અનુસરતું વીવેચન કીધું હતું. શેઠ ફ્રામરોજે પોતાને તેમજ એવણની પેહેડીને આપેલા માન માટે અંજુમનનો ઉપકાર માનતા જણાવ્યું કે આ શેહરના આગળા જરથોસ્તી શેઠયાઓએ શોપેલાં કામને સાચા નીવડી એક જરથોસ્તી તરીકેની ફરજ

બજાવી આજ ૪૭ વરસ થયાં અમારી પેહેડી તમારી અંજુમનના ફંડોનો હીસાબ રાખતી આવી છે. એ કામ કરવામાં અમો કશું ઉપકાર જેવું કરતા નથી, પણ અમારી ફરજ સમજીને તે કામ કરતા આવ્યે છીએ.

મુંબઇના અંજુમનના આતશબેહેરામ સાહેબને લગતા છેલ્લા મુકદમાના સંબંધમાં, યોગ્ય ઠરાવો પસાર કરી, અંગત ભાગ લેનારા સાહેબોનો આભાર માનવા, મુકદમાના ખરચમાં નાણું ભરનારા ભગર સાથની અંજુમનના અથોરનાન સાહેબોની એક જાહેર સભા તા૦ ૨૪ મી અકટોબરે સાંજે અંજુમનનાં આતશબેહેરામમાં કંત્રાકટરવાળા હોલમાં શમસુલઓલમા ડા૦ એરવદ જીવનજી જમશેદજી મોદીનાં પ્રમુખપણા હેઠળ મળી હતી. એરવદ ફરેદુન રતનજી કાંગાએ અંજુમનના આતશબેહેરામની ઉતપતીની તવારીખ તથા મુકદમાને લગતો હેવાલ વાંચી સંભળાવયો હતો. એ પછી આપણી પારસી પંચાયતના માનવંત અકાબર અને માજી સીવીલ્યન જડજ શેઠ મનચેરજી પેસતનજી ખરેગાટે એક લવાડ તરીકે બે વરસ સુધી એ કેસ ધીરજથી સાંભલી કાયદા મુજબ પોતાનો ચુકાદો આપ્યો અને એવણે લીધેલી તસ્દી માટે એવણનો ઉપકાર માનવા એક ડેપ્યુટેશન મોકલવાનો તેમજ મેશરસ મુલ્લાં એંડ મુલ્લાં સોલીસીટરોની પેહડીવાળા શેઠો રૂશતમજી ફરેદુનજી મુલ્લા અને દીનશાહ જીજીભાઇ ઇરાનીએ એ કેસમાં સોલીસીટર તરીકે લીધેલી મહેનત માટે એવો સાહેબોનો ઉપકાર માનવા એક ડેપ્યુટેશન મોકલવાનો ઠરાવ થયો હતો. એ પછી એવરદ એરચજી ફરામજી દસ્તુર મેહરજીરાણા અને એરવદ ફરેદુન રતનજી કાંગાએ મેહનત અને કાળજીથી એ કામ હાર પાડયું તે માટે એવો સાહેબોનો ઉપકાર માન્યા બાદ એરવદ ફરેદુનજી કાંગાને આપવામાં આવનારૂં માનપત્ર કેખશરૂ દસ્તુર મેહજીરાણાએ વાંચી સંભલાવ્યા બાદ પ્રમુખ ડા૦ જીવણજી મોદીએ કાશકેટ સાથે માનપત્ર, શીયાલ અને પરસ એરવદ રતનજી કાંગાને એનાયત કરી પ્રસંગને અનુસરતું વીવેચન કીધું હતું.

વડોદરાની વરીપટ કોરટના બીજા જડજ શેઠ જમશેદજી દોરાબજી ખંડાળાવાળા રીટાયરડ થવાથી તા૦ ૧૩ મી જુને વકીલ મંડળ તરફથી સરકારી વકીલ રા૦ રા૦ ગીરધરલાલ ડોસાભાઇએ એવણની વકીલો પ્રતયેની દીલસોજી માટે વખાણ કરી કેટલુંક વિવેચણ કરયું હતું. વલી વકીલ મંડળે એવણના માનમાં તા૦ ૧૪ મી જુને સાજે નયાયમંદીરના હોલમાં ઇવનીંગ પારટીનો મેલાવડો કીધો હતો તથા તા૦ ૧૫ મીએ શેઠ એદલજી ફણીબંદા તરફથી ખાણાનો મેલાવડો થયો હતો તેમજ જુદા જુદા ગ્રહસ્થોએબી મેળાવડાઓ કરી સારૂ માન આપ્યું હતું.

શેઠ એદલજી દોરાબજી તલાતી નારગોળ ખાતે દોઢ મ્હીનો વસવાટ કરી વીદાય થયા ત્યારે એવણના માનમાં નારગોલની વાડયા પારસી સ્કુલના હોલમાં તા૦ ૧૧ મી આગસ્ટે સાજે શેઠ ફરામજી રૂશતમજી હવેલીવાળાના પ્રમુખપણા હેઠળ એક મેળાવડો કરી એ સ્કુલ તરફથી માનપત્ર એનાયત કરવામાં આવ્યું હતું તેમજ તાતા ગરલસ સ્કુલ તરફથી બી એક માનપત્ર આપ્યુ હતું. વળી ગામના લોકો તરફથી એવણના માનમાં ટી પારટીનો મેલાવડો કરવામાં આવ્યો હતો.

શેઠ બરજોર એસ. એન. કુપરને નામદાર સરકારે જે. પી. નેમવાથી અને એવણ અતરેની પારસી એથેનટીકસ કલબના સભાસદ હોવાથી એવણના માનમાં તા૦ ૨૯ મી જાનેવારીએ રાતે ખા૦ બા૦ બમનજી દોરાબજી પદમજીના પ્રમુખપણા હેઠલ મેલાવડો કરી ખાણું આપ્યું હતું, તેમજ કોટમાં આવેલા એ કલબના મકાનમાં એક સભાસદ મરહુમ શેઠ ખરશેદજી ફરામજી ભેસાન્યાની એક મોટી ઓઇલ પેટીંગ તસવીર ખુલ્લી મુકવામાં આવી હતી.

હીંદના દેશ ફકત બુઝરક નર શેઠ દાદાભાઇ નવરોજીને મુંબઇની યુનીવરસીટી તરફથી એલ. એલ. ડી. ની ડીગ્રી એનાયત કરવાનો ખાસ કોનવોકેશનનો એક મેળાવડો તા૦ ૨૮ મી જાનેવારીને દીને યુનીવરસીટીના સર કાવશજી જાહાંગીર હોલમાં મલ્યો હતો. જે વખતે શરૂઆતમાં વાઇસ ચેનસેલરે શેઠ દાદાભાઇની તારીફમાં કેટલુંક વીવેચન કરવા પછી ચેનસેલર નામદાર ગવરનરે શેઠ દાદાભાઇને એલ. એલ. ડી. ની ડીગ્રીની સનદનો દસતાવેજ એનાયત કરી જણાવ્યું કે આજે શેઠ દાદાભાઇને જે માન યુનીવરસીટી તરફથી મલ્યું છે તે સઉથી મોટું છે. આવી મોટી ઉમરે એવણ

આમંત્રણને કબુલ રાખી અત્રે પધારયા તે જોઇને મને ખુશાલી ઉપજે છે. આવુંજ માન સર ફીરોઝ-શાહને બી આપવા ઠરાવ થયો હતો પણ તે એવણ મેલવવા પામે તે અગાઉ એવણનું અકાળ મરણ નીપજ્યું છે. હીંદુસ્તાન અને શેહેનશાહતની સેવામાં તમો બંનેએ જે ભેગી કોશેશો કીધી હતી તેની આ એક પીછાણ છે અને આ ડીગરી એનાયત થવા માટે તમોને તથા યુનીવરસી-ટીને મુબારકબાદી આપુંછું. તમારા દેશની જે સેવા બજાવી છે તે માટે તમારો આભાર માનવાના ચીનહ તરીકે અને તમારા સવદેશીઓ તમારે માટે જે મોટું માન ધરાવે છે તેની ઇધાનીમાં આ માહાન યુનીવરસીટીએ તમોને આ ડીગ્રી એનાયત કીધી છે. એ બાદ મેલાવડો વીસરજન થયો હતો. એ પછી શેઠ દાદાભાઇ અગાઉથી ગોઠવણ કરવા મુજબ શરઘસના આકારમાં શેહેરના લોકોને દરશનનો લાભ આપવા ફરવા નીકલ્યા હતા. મારગમાં યંગ લેડીઝ હાઈ સ્કુલ, સ્વદેશી સ્ટોર્સ, મુલજી જેઠા મારકેટ વગેરે ઘણે ઠેકાણે સરઘસ ઉભું રહયું હતું અને સઘળે ઠેકાણેથી શેઠ દાદાભાઇને મોટું માન આપવામાં આવ્યું હતું. સાંજે મોડેથી શેઠ દાદાભાઇ વેસાવે ખાતેના પોતાના બંગલામાં ગયા હતા. એ મુલાકાતની યાદમાં યંગ લેડીઝ હાઇ સ્કુલ તરફથી શેઠ દાદાભાઇને ચાંદીના કાસકેટ સાથે માનપત્ર એનાયત કરવામાં આવ્યું હતું. વળી શેઠ દાદાભાઇની તા૦ ૪ ઠી સપટેમબરે પડેલી ૯૨ મી સાલગ્રહને દીવસે એવણને અભીવંદન આપવાને અતરેની ગુજરાતી સ્ત્રી મંડળનું ડેપ્યુટેશન સવારના વેસાવા ખાતે એવણને બંગલે ગયું હતું, જયાં લેડી લશમીબાઇ જગ મોહનદાસે મુબારકબાદીનું માનપત્ર અરપણ કીધુ હતું તેમજ અત્રેની યંગ લેડીઝ હાઇ સ્કુલ તરફથી એક ડેપ્યુટેશન મુબારકબાદી આપવા ગયું હતું. વળી ગુજરાતી હીંદુ સ્ત્રી મંડળ તરફથી એક ખાસ સભા સાજે ૫ કલાકે શેઠ દાદાભાઇ નવરોજીની જયંતી ઉજવવાને સેંડહરસટ રોડ પરના વનીતા વીશ્રામના ઝવેરબાઇ હોલમાં લેડી લક્ષમીબાઇ જગમોહનદાસ વરજીવનદાસના પ્રમુખપણા હેઠળ મલી હતી. એજ મુજબ મુંબઇના શેહેરીઓની એક જાહેર સભા એમપાયર થીએટરમાં મી૦ ફઇઝ બદરૂદીન તઇયબજીના પ્રમુખપણા હેઠળ મલી હતી. એ વખતે શેઠ દાદાભાઇને મુબારકબાદી મોકલવાના ઠરાવો થયા હતા.

મુંબઇની અંનજુમનના આતશએહરામના નાયબ દસ્તુરજી મીનોચેહેરજી જામાસ્પજી જામાસ્પઆશાના ગુજરાત, સીધ અને પંજાબના મુખ્ય શેહરેમાં વાએજો અને શાહનામાના વાંચણો કરવા ગયા જાનેવારીની તા૦ ૧૯ મીએ મુંબઇથી ઉપડયા હતા અને એવો સાહેબે જુદા જુદા દેશાવરો ખાતે જઇ જુદી જુદી બાબદો ઉપર વિદ્વતા ભરેલા ભાષાણો કીધા હતા. પેહલવેહલા ઉદવાડા ખાતે દસ્તુરજીએ બે ભાષણો અને એક શાહનામાનું વાંચણ કરી સમજાવ્યું હતું. ભાશનને છેલ્લે દીવસે ઉદવાડાના દસ્તુર ખોરશેદજીએ એ ભણેલા દસ્તુરજીની ઘણી તારીફ કરી અંજુમન તરફથી એક શીયાલ ઓઢાડી હતી. હયાથી દસ્તુરજી બીલીમોરા ખાતે ગયા હતા. ત્યાં તા૦ ૨૪ મીએ બીલીમોરાના ભગર સાથના મોબેદોએ શેઠ ગબ્બાની દરેમેહરમાં એક મેળાવડો એરવદ પાલનજી જમશેદજી પંથકીના પ્રમુખપદ હેઠેલ કરી એક શીયાલ તથા ચાંદીના કાશકેટ સાથે માનપત્ર આપ્યું હતું તેમજ તા૦ ૨૬ મીએ બીલીમોરાની અંનજુમન તરફથી એક શીયાલ તથા પરસ અને શેઠ ધનજીભાઇ ગબાએ એક પરસ ભેટ આપી હતી. હયાંથી નીકલેલા નવસારી થઈ ભરૂચ ખાતે ભાષણો આપ્યા હતા, જ્યાં દસ્તુરજીને તા૦ ૯મી ફેબરવારીને દીવસે કરેલાં ભાષણ વખતે ભરૂચની પારસી અંજુમન તરફથી એક શીયાલ તથા પરસ ખા૦ બા૦ આદરજી દલાલે ભેટ કરી પોતા તરફથી એક શીયાલ અને પરસ એવણને આપી હતી. એજ મુજબ વડોદરા તથા અમદાવાદ ખાતે ભાષણો આપ્યાં હતાં અને ત્યાંની અનજુમન તરફથી શીયાલો તથા પરસ દસ્તુરજીને એનાયત કરવામાં આવ્યા હતા. હયાંથી નીકલેલા માઉન્ટ આબુ અને સીંધ હેદરાબાદ ખાતે ભાષણો કરી કરાંચી ગયા હતા અને આંઠ દીવસમાં બે ભાષણો તથા શાહનામાંના બે વાંચણો કરી સમજાવ્યાં હતાં, જે ઘણા ઉલટથી હાજર રહેલાઓએ સમજ્યા હતા. તા૦ ૫ મી મારચે દસ્તુરજીએ આપેલા ભાષણ પછી કરાંચીની અંજુમનના સરનશીન શેઠ ફ્રામરોજ પંથકીએ દસ્તુરજીએ લાંબે સુધી લીધેલી તસ્દી માટે ઉપકાર માની અંજુમન તરફથી એક પરસ એનાયત કીધી હતી. તેમજ એ દીને રાતે કેટલાક જરથોસ્તીઓએ એવણના માનમાં ખાણાનો મેલાવડો કીધો હતો. સકર ખાતે તા૦ ૯ મીએ શાહનામાના કરેલા વાંચણ પછી સકકરની અંજુમન તરફથી રૂપાંની ત્રે અને રૂપાંની ગોલાબબાશ શેઠો

ડોશાભાઇ પાલનજીની કંપનીવાલા શેઠ હોરમજીએ એનાયત કરી પોતા તરફથી સફરની કારીગરીની એક સુનાની વીટી ભેટ આપી હતી તેમજ શેઠો ભરૂચા ભાઇઓએ એક શીયાલ દસ્તુરજીને ઓઢાડી હતી. વળી એવણના માનમાં રેલવે યારડના બગીચામાં શેઠ હોરમજી મનચેરજી ભરૂચાએ ટી પારટીનો મેલાવડો કીધો હતો. હયાંથી નીકલેલા દસ્તુરજી લાહોર ખાતે ગયા હતા જ્યાં જમશેદી નવરોજને દીવસે લાહોરની દરેહમેહરમાં કરેલા ભાષણ પછી અંજુમન તરફથી એક શીયાલ એવણને એનાયત થઇ હતી તેમજ ત્યાના પારસી એશોસીએશન તરફથી એક પરસ ભેટ આપી એવણના માનમાં ખાણાંનો મેલાવડો કરવામાં આવ્યો હતો. વળી દીહલી ખાતે એવો સાહેબને અંજુમન તરફથી શીયાલ તથા પરસ ભેટ આપવામાં આવી હતી. હયાથી નીકલી જેપુર જઇ છેલ્લે નારગોલ ખાતે દસ્તુરજી ગયા હતા. જયાં કરેલા ભાષણ પછી અંજુમન તરફથી એવણને એક શીયાલ ઓઢાડવામાં આવી હતી તેમજ ત્યાંની જશન કમીટી તરફથી એક પરસ ભેટ આપી હતી. દસ્તુર મીનોચેરજીએ જુદાજુદા દેશાવરો ખાતે કરેલા ભાષણો વખતે ત્યાંના રહીશોએ મોટી સંખ્યામાં હાજર થઈ સારૂ આદરમાન આપ્યું હતું અને એવણ પોતાનો પ્રવાસ પુર ફતેહમંદીથી પાર કરી લગભગ ત્રણ મહીના પછી તા૦ ૯ મી એપ્રીલે મુંબઇ પાછા પધારયા હતા.

શેઠ પાહલનજી બરજોરજી દેશાઇએ રાસ્ત ગોફતાર પત્ર સાથનો પોતાનો બેતાલીશ વરસ જેટલો લાંબો સંબંધ, હમણા છોડયો એવણના સંબધમાં લેખક મંડળની કારોબાર મંડળીએ તા૦ ૧૬ મી ફેબરઆરીને દીને શમસુલઓલમાં ડાકટર જીવણજી જમશેદજી મોદીના પ્રમુખપણ હેઠળ મલેલી સભામાં શેઠ પાલનજીના સાહીતય સેવાના કામો માટે પ્રમુખે કેટલાક તારીફના શબદો કહીયા પછી નીચલો ઠરાવ પસાર કરવામાં આપ્યો હતો :—"શેઠ પાહલનજી બરજોરજી દેશાઇએ 'રાસ્ત ગોફતાર' પત્ર સાથનો અધીપતી તરીકેનો સંબંધ ચાલુ સાલથી છોડયો છે તે તકનો લાભ લઇ એમની સાહીતય સંબંધી સેવાઓ માટેની પ્રશંશાની નોંધ આ સભાને લેતાં ખુશી ઉપજે છે જેમ અધીપતી તરીકે તેમ એક જાહેર લેખક, અભયાસી, ભાષણકર્તા અને ગ્રંથકર્તા તરીકે મી૦ દેશાઇએ પોતાના વીચારોમાં હીમત, પ્રમાણીકપણું અને મધ્યમપણું દેખાડયું છે. એક જર્નાલીસ્ટ તરીકેની ફતેહ ઉપરાંત એક અભ્યાસી–લેખક તરીકે પણ ઇરાની તવારીખ વગેરે સંબંધી ગ્રંથોથી એમણે નામીચું કામ બજાવયું છે. વળી આ મંડળ સાથનો એમનો સંબંધ તેની શરૂઆતનો છે કે જે વખતથી તેનાં કામકાજમાં એવણ ઉલટભર્યો અને આગેવાન ભાગ એક સભાસદ તરીકે અને ઉપ–પ્રમુખ તરીકે લેતા રહયા છે અને તેમ કરીને આ મંડળની સારી સેવા બજાવી છે. આ સર્વ માટે પોતાની પ્રસંશાની ખાસ નોંધ આ સભા લે છે." એ પછી શેઠ પાલનજી દેશાઇએ પોતાની તરફનો ઉપકાર જાહેર કરતાં ૪૨ વર્ષની પોતાની એક લેખક તરીકેની કારકીર્દીમાં બનેલા થોડાક અગત્યના બનાવોની નોંધ લેતાં એક આધીપતી તરીકેનો કેટલોક ચીતાર આપયો હતો.

ધી ન્યુ હાઇ સ્કુલની ૨૫ વરસની સીલવર જુબીલી ઉજવવાના પ્રસંગે એ સ્કુલના જોઇંટ પ્રીનસીપલો શેઠ જાલભાઇ દોરાબજી ભરડા બી. એ. અને શેઠ કેકોબાદ બેરામજી મરઝબાન બી. એ. ને એ સ્કુલના આગલા તથા હાલના વીદયારથીઓ તરફથી એક માનપત્ર એનાયત કરવાનો મેલાવડો તા૦ ૧૬મી જાનેવારીને દીને સવારનાં ૧૦ વાગે કોટમાં એક્ષેલસીયર થીએટરમાં સર વીઠલદાસ ઠાકરસી મુલજીના પ્રમુખપણા હેઠળ કરવામાં આવ્યો હતો. શરૂઆતમા મી૦ સુલતાન એમ. ચીનાઇએ પ્રમુખ તરીકે સર વીઠલદાસની નેમણુક કરવાની દરખાસ્ત કરતા જણાવ્યું કે સર વીઠલદાસ આ સ્કુલની સ્થાપનાંથી તેમાં વીદયારથીઓમાંના એક હતા અને એવણ મુંબઇની ધારાસભા, કોરપોરેશન વગેરે ઠેકાણે દેશોની ઘણી મોટી સેવાઓ બજાવી દરેક જાહેર હીલ-ચાલોમા આગેવાન ભાગ લેય છે. એ પછી સર વીઠલદાસે પ્રમુખસ્થાન લઇ ભાષાણ કરતાં જણાવ્યું કે ૨૫ વરસમાં આ સ્કુલે ઘણું સરસ કામ કરી બજાવ્યું છે. શરૂઆતમાં ૯૦૦ વીદયારથીઓ હતા તે આજે ૨૩૦૦ વીદયારથીઓ ધરાવે છે અને ૧૮૦૦ કરતા વધુ મેત્રીકયુલેટસ બહાર પાડયા છે. શેઠો ભરડા અને મરજબાને પોતાની સઘલી ઉલટ, ખંત અને કાળજીથી આ સ્કુલને ઘણી આગળ વધારી મુકી એક નમુનેદાર સ્કુલ બનાવી છે. તે માટે એ શેઠોને મુબારકબાદી આપી ઘણા વરસો સુધી ફતેહમંદીથી ચલાવે એમ ઇચ્છયું હતું. સેવટે સર વીઠલદાસે હાલના

તથા આગલા વીદયારથીઓ તરફથી પોતાના પ્રીનસીપલોને રૂ ૧૦૫૦૧ ની રકમ તેઓ સ્કુલ માટે સઉથી સરસ સબબ ધારે તેમાં તેનો ઉપયોગ કરવા ભેટ આપી હતી. એ પછી મી૦ ભુલાભાઇ જે. દેશાઇએ શેઠો ભરડા અને મરઝબાનને એનાયત કરનારૂં માનપત્ર વાંચી સંભલાવી એઓ શેઠોની સભયતા, નરમાશપણું, સાલેસાઇ વગેરેના ગુણોની તારીફ કરી કેટલુંક વીવેચન કરવા બાદ રૂપાના કાસકેટ સાથે એ માનપત્ર એઓને એનાયત કરવામાં આવ્યું હતું. પોતાને આપેલા માન માટે શેઠો ભરડા તથા મરઝબાને ઉપકાર માન્યા બાદ મેલાવડો વીસરજન થયો હતો. રાતે આલબલેસ બાગમાં આ સ્કુલના આગલા તથા હાલના વીદયારથીઓ અને શીક્ષકોનું એક ડીનર શેઠ રૂશતમ પેસતનજી મસાનીના પ્રમુખપણા હેઠળ થયું હતું. તેમજ તા૦ ૫ મી ફેબરવારીનો દીવસ સ્કુલના છોકરાઓએ એક ખાસ 'ગેલ ડે' તરીકે પાળયો હતો અને એ સ્કુલના પ્રીનસીપલો તરફથી દરેક વીદયારથીઓને એકેકો સીલવર જ્યુબીલી મેડલ આપવામાં આવ્યો હતો.

સનજાણ શેહર મધે પારસીઓએ ઇરાન સરજમીન છોડીને હીંદ ખાતે આવી પેહલવેહલો મુકામ તીર મહીનાના બમન રોજે કીધો તેને ગયા તીર મહીનાના બહમન રોજે યાને તા૦ ૧૨ મી દીસેમ્બરે બરાબર બાર્સો વરસ પુરા થયલા હોવાથી એ યાદગાર તવારીખી પ્રસંગને ઘટતી રીતે ઉજવવા માટે સાંજે મુંબઇની જરથોસ્તી જશન કમીટી તરફથી એક શુકર ગુજારીનું જશન કરવામાં આવ્યું હતું અને તે પછી શેઠ ધનજીભાઈ ડી. પટેલ તરફથી કીસસે સંજાનનું સંગીત કીરતન બેરામજી જીજીભાઇ ઇનસ્ટીટયુટના હોલમાં એક મેલાવડા સનમુખ શેઠ જાહાંગીર જમશેદજી વીમાદલાલ સોલીસીટરના પ્રમુખપણા હેઠળ કરવામાં આવ્યું હતું. તે વખતે શેઠ જહાંગીર વીમાદલાલે જણાવ્યું કે આજનો દીવસ તીર મહીનો ને બમન રોજ છે તે એક પરભનો દીવસ છે. યઝદેઝરદ શેહેરીયારની હકુમત અટકયા પછી અને નેહાવંદની લડાઇમાં હારયા બાદ ઇરાનથી નીકલેલા પેહલા કોહીસતાન મધે એકસો વરસ સુધી વસવાટ કરયા પછી હોરમઝદ ટાપુ મધે રહયા હતા અને ત્યાંથી સલામતી નહી જણાવવાથી હીંદ આવવા ઉપડયા હતાં. કાઠયાવાડના દીવ બંદરે ઉતરી ઓગણીસ વરસ રહયા હતા, ત્યાંથી ઉપડયા પછી દરયામાં મોટું તોફાન નડવાથી આ તોફાનમાંથી તેઓ બચે તો આતશ બેહેરામ સ્થાપવાના સોગંદ લીધા હતા અને તોફાન નરમ પડી જવાથી પેહલવેહેલું આતશબેહરામ પરઠાવ્યું હતું. પારસીઓ સનજાણમાં લગભગ પાંચસોથી સાતસો વરસ સુધી વસ્યા હતા અને કેટલાક હાંદેસાઓ ખમીયા પછી ઉદવાડામાં ઇરાનશાહની સ્થાપના કરવામાં આવી હતી. એ પછી શેઠ રૂશતમજી પેસતનજી કરકરીઆએ કેટલુંક વીવેચન કરવા બાદ મેલાવડો વીસરજન થયો હતો.

અતરેના જાણીતા લેખક શેઠ રૂશતમજી પેસતનજી કરકરીયાના મુંબઇ શેહર વીષેના પુસ્તકનો દાબાચો મુંબઇના નામદાર ગવરનર લોરડ વીલીંગડને લખ્યો છે. એ નામવરે તેમાં પોતાની પ્રસંશા ઘણા માયાકુલ શબ્દોમાં જાહેર કીધી છે તેને શેઠ કરકરીયા પુરતી રીતે લાયક છે કારણ કે તવારીખ બાબેતું એવણનું ગ્નાન ઘણું ઉંચું છે. એ ચોપડી હવે થોડા વખતમાં બહાર પડનાર છે.

સર ફીરોઝશાહ મેહેરવાનજી મેહેતા માટે પારસી કોમની સભા બોલાવવાને નામદાર સર જમશેદજી જીજીભાઇ ઉપર ગયલા રેકવીઝીશનની રૂયે સર જમશેદજીએ ટાઉન હોલમાં તા૦ ૯ મી એપ્રીલે બોલાવેલી સભા માટે એ કોમના કેટલાક ગ્રહસ્થોએ વાંધો ઉઠાવવા માટે તેઓ તરફથી એક સભા તા૦ ૮ મી એપ્રીલે દાદીશેઠના આતશબેહેરામમાં ડાં૦ કાવસજી એદલજી દાદાચાનજીના પ્રમુખપણા હેઠળ બોલાવવામાં આવી હતી, જે વખતે એવા ઠરાવ થયા હતા કે પંચાયતના નામદાર ટ્રસ્ટીઓ ઉપર રેકવીજીશન નહી મોકલાવતા સર જમશેદજી ઉપર મોકલાવવાથી સર જમશેદજીએ તા૦ ૯ મી એપ્રીલે બોલાવેલી સભા માટે વાંધો જાહેર કરવામાં આવે છે અને સર ફીરોઝશાહના માનમાં બોલાવવામાં આવેલી સભાને કશું બી અપમાન કરવાની મતલબ નથી. એ પછી નામદાર સર જમશેદજીએ તા૦ ૯ મી એપ્રીલે જરથોસ્તી કોમની સભા ટાઉનહોલમાં બોલાવી હતી, ત્યાં થયલાં નાપસંદ દેખાવ સામે પોતાનો ખેદ દેખાડવાને તા૦ ૧૧ મી એપ્રીલે કેટલાક પારસી બાનુઓની જાહેર સભા એકશેલસીયર થીએટરમાં મલી હતી. એજ મુજબ તા૦ ૧૮ મી એપ્રીલેબી કેટલાક જરથોસ્તી ગ્રહસ્થો અને બાનુઓનીબી સભા એજ થીએટરમાં મલી હતી.

સીમલાના મેસરસ મોરટન કંપનીના મેનેજર શેઠ નશરવાનજી નવરોજી મુનશીએ બહુજ બારીક હરફે નામદાર વાઇસરોય લોર્ડ ચેમસફર્ડની જીંદગીનો હેવાલ એક પોસ્ટ કાર્ડ ઉપર લખી તેમની ઉપર ભેટ મોકલ્યો હતો જે માટે નામદાર વાઇસરોયે તેમના એસીસટંટ પ્રાઇવેટ સેક્રેટરી મી૦ મેટકાફ મારફતે તેમનો ઉપકાર માન્યો છે.

રાજકોટની અગીયારીના દસ્તુરજી મરહુમ આદરજી માણેકજી દસ્તુર મેહરજીરાણાની મોટી સબી ત્યાની બઝમે રૂઝે બેહરામની મંડળી તરફથી રોજ ૧ લો માહા ૨ જાને દીને યાને મરહુમના પેહલા વરસની બાજને દીવસે એક મેલાવડા સનમુખ ત્યાંની અંજુમનના સર-નશીન ખા૦ બા૦ બેજનજી દમડીના હાથે રાજકોટની દરેહમેહરમાં ખુલ્લી મુકવામાં આવી હતી. તેમજ એ બઝમ તરફથી જરમન સીલવરના બે કળશીયા અને થીપ્પો ચમચી દરેહ-મેહરના વપરાસ માટે ભેટ આપ્યા હતા. વલી મરહુમની બીજી સબી નવસારીમાં કંપની બંગ-લામાં પણ જશન કરી ખુલ્લી મુકવામાં આવી હતી.

નવસારીના જાણીતા માજી સરકારી વકીલ શેઠ દીનશાહજી દાદાભાઇ મુલ્લાએ ભગર સાથ અંજુમનની બજાવેલી સેવાઓ માટે એવણની એક સબી નવસારીના આતશ બેહરામમાં તા૦ ૧૬ મી નવેમબરે વડા દસ્તુરજી કેકોબાદજીએ ખુલ્લી મુકી હતી.

નવસારીની તાતા હુનરશાળાના મરહુમ માજી વડા શીક્ષક શેઠ જાહાબક્ષ વાછાજી સીબી-નાની મોટા કદની ઓઇલ પેંટીંગ સબી એવણના ચેલાઓએ પોતપોતામાં ઉગરાતું કરી બનાવી હતી, તે મજકુર હુનરશાળામાં તા૦ ૧૭ મી ડીસેમ્બરે નવસારીના સુબા મી૦ ગોવીંદ-ભાઈ હાથીભાઇના પ્રમુખપણા હેઠલ એક મેલાવડા સનમુખ ખુલ્લી મુકવામાં આવી હતી.

ભરૂચની પારસી પંચાતના અકાબર મરહુમ શેઠ દીનસાજી ફરામજી હમાવાલાની તસ્વીર ભરૂચના ડીસ્ત્રીકટ જડજ શેઠ પી. જે. તાલીયારખાનના હાથે તા૦ ૩ જી નવેમબરને દીવસે હમાવાળાની દરેમહેરમાં પારસી અનજુમનના મેળાવડા રૂબરૂ ખુલ્લી મેળવામાં આવી હતી.

સુરતના જાણીતા શેહેરી મરહુમ ખા૦ બા૦ બમનજી એદલજી મોદી એમ. એ.ની આખી ઓઇલ પેનટીંગ સબી મરહુમની ૮ મા મહીનાની બાજ રોજ ૨૦ મો માહા ૪ થાને દીને પડી તે દીવસે સુરતના શેહેનશાહી આતશબેહેરામના હોલમાં ખુલ્લી મેલવામાં આવી હતી.

જાબુધોડાના જાણીતા શેહરી મરહુમ શેઠ સોરાબજી દાદાભાઇની સબી જે શેઠ હોરમશાહ સોરાબજી તરફથી ભેટ આપવામાં આવી હતી તે જાબુધોડા તાબે રેવાકાંઠા એજનસીની ગુજરાતી સ્કુલમાં રેવાકાંઠાના આસીસટંટ પોલીટીકલ એજંટ મી૦ હમીદ અલીના પ્રમુખપણા હેઠળ તા૦ ૧૦ મી ફેબ્રુવારીએ એક મેલાવડો કરી ખુલ્લી મેલવામાં આવી હતી.

નવસારીની હાઇ સ્કુલના શીક્ષક શેઠ ટેમુલજી નશરવાનજી કાંગા રીટાયરડ થવાથી અને એવણે ચાલીસ વરસ સુધી બજાવેલી કીમતી સેવાઓ માટે એવણના શીશયોએ ઉભા કીધેલાં નાણામાંથી એક પરસ શેઠ ટેમુલજીને ભેટ આપી એવણની મોટા કદની સબી તા૦ ૨૮ મી ફેબરવારીએ એ હાઈ સ્કુલમાં ખુલ્લી મુકવામાં આવી હતી.

સર ફીરોજશાહ મેરવાનજી મેહેતા, શેઠ ડોસાબાઇ સોરાબજી મુનસી, એરવદ શેહેરીયારજી દાદાભાઇ ભરૂચા તથા એરવદ તહેમુરસ અંકલેસરીઆ બેહેશતનશીન થયા ત્યારે તેઓના ઉઠમણાની ક્રીયા વખતે ભરૂચની પારસી અંજુમને કીધેલા ઠરાવ મુજબ તેઓની સબીઓ ભરૂચની પારસી પંચાયતના ખરચે તઇયાર કરાવવામાં આવી હતી, તે ખુલ્લી મુકવાની ક્રીયા જમશેદી નોરોઝના દીવસે તા૦ ૨૧ મી મારચે જમશેદબાગ મધે વખારીઆ દરેમેહેરમાં ભરૂચના સેશનસ જજ શેઠ પીરોજશાહ જહાંગીરશાહ તાલીયારખાંએ એક મેળાવડા સનમુખ કરી હતી.

ધી જમશેદજી નશરવાનજી પીટીટ ઇનિસટીટયુટના ઑનરરી સેક્રેટરી મરહુમ શેઠ જીજીભાઇ પેસ્તનજી મીસતરીની સબી એક મેળાવડા સનમુખ ખુલ્લી મેલવાની ક્રીયા તા૦ ૧૪ મી મારચે સર દીનશાહ માણેકજી પીટીટ બાગેનેટના પ્રમુખપણા હેઠળ કરવામાં આવી હતી. એ વખતે ઓનરરી સેક્રેટરી તરીકે મરહુમ શેઠ જીજીભાઇએ બજાવેલી કીમતી સેવાઓ માટે મરહુમની તારીફમાં શેઠ સોરાબજી એદલજી વારડને કેટલુંક વીવેચન કરવા પછી પ્રમુખે સબી ખુલ્લી મુકી હતી.

મરહુમ ખા૦ ખા૦ માણેકજી કાવસજી દોટીવાળા એનજીનીયરની તસવીર જે પુણા પારસી જીમખાનાને ખરચે તઇયાર કરાવી હતી, તે ગયા એપ્રીલ માસમાં ખુલ્લી મુકવામાં આવી હતી તથા જીમખાનાનાં ફંડમાંથી બીલ્યરડ માટે એક રૂપાંનું ચેલંજ કપ મરહુમ શેઠની યાદગારી માટે આપેલું જાહેર કરવામાં આવ્યું હતું.

જાલનાની મેશરસ નશરવાનજી અને સનસની કંપનીના સ્થાપક મરહુમ શેઠ નશરવાનજી પેસતનજી દાવર અને એવણના ધણીયાણી બાઇ સુનાબાઇની તસબીરો જે એવોના એક ખેશી તરફથી ભેટ આપવામાં આવી હતી, તે જાલનાની દરેહમેહરમાં રોજ ૨૯ મો માહ ૯ માંને દીને એક મેલાવડા સનમુખ શેઠ દોરાબજી મેરવાનજી જાલનાવાલાએ ખુલ્લી મુકી હતી.

શેઠ એસ. એ. કાપડીયાએ ફ્રૂટ, તરકારી, અનાજ વગેરે જાળવી રાખવા માટેની સુધારેલી ઢપનું એપેરેટસ શોધી કહાડવા માટે પેટંટ મેળવવાની હીંદી સરકારને અરજી કરી હતી.

મુંબઇની ધી પાયોનીયર ઇલેકટ્રીક કંપનીના માલેક શેઠ અરદેશર કેકોબાદ મોદી ઇલેકટ્રીકલ એનજીનીયરે હાલમાં ચાલતી વીજળીની બતી પંખા વગેરે માટેના ફીટીંગસમાં એક જાણવાજોગ શોધ કરી છે અને તે માટેનું હીંદુસ્તાન તેમજ વેલાતમાં પેટંટ મેળવવામાં આવ્યું છે જે મોદીસ પેટંટ કેશીસ તરીકે ઓળખાય છે.

જાણીતા જરથોસ્તીઓનાં મરણ.

ખા૦ સા૦ બેરામજી સોરાબજી કારડમાસતર ૫૦ વરસની વયે રોજ ૨૮ મો માહા ૧લા ને દીને અહમદનગર ખાતે મરણ પામ્યા હતા. મરહુમે ૧૮૮૫ માં મેત્રીકયુલેશનની પરીક્ષા પસાર કરી વીલસન કોલેજ મધેથી ૧૮૮૯ માં બી. એ. થઇ ૧૮૯૪ માં એલ. એલ. બી. થયા હતા. ત્યાર બાદ એવણ વકીલ તરીકે ધંધો ચલાવવા અહમદનગર જઇ વસયા હતા અને ત્યાં ખંતીલાપણા તથા મીલનસારપણાથી લોકોનો ચાહ મેળવ્યો હતો અને ૧૮૯૫ થી ત્યાંના સ્થાનીક સ્વરાજમાં ઉલટમંદ ભાગ લેતા આવ્યા હતા. ૧૮૯૮ ના મે માસમાં ખાનસાહેબનો ખેતાબ એવણને મળ્યો હતો. વળી એવણને પુનાની તથા અહમદનગરની પારસી ડીસ્ટ્રીકટ મેત્રીમોન્યલ કોર્ટના એક ડેલીગેટ નેમ્યા હતા. ૧૯૧૦ માં એમને નામદાર સરકારે શોલાપુર બીજાપુર વગેરે જીલ્લાઓમાં આવેલી રામદુરગની સરદારની મીલકતોના સંબંધમાં ઉભા થતા મુકદમાઓમાં સરકાર તરફથી લડત ચલાવાને માટે નેમ્યા હતા. આ માન માટે તા૦ ૨૬ મી નવેમ્બર ૧૯૧૦ ને દીને અહમદનગરની પ્રજાએ તેમને એક માનપત્ર ચાંદીના કાસકેટ સાથે આપ્યું હતું. તેમજ તા૦ ૨૮ મી નવેમ્બરને દીને મેશર્સ ખરશેદજી એંડ સનસના હૉલમાં શેઠ નવરોજજી ફરામજીના પ્રમુખપણા હેઠળ મેળાવડો કરી તેમને ચાંદીનો ટી સેટ સાથે માનપત્ર એનાયત કરવામાં આવ્યું હતું.

શેઠ ખરશેદજી મનચેરજી જોશી ૭૯ વરસની વયે રોજ ૭ મો માહા ૨ જાને દીને મરણ પામ્યા હતા. મરહુમ ખેતવાડીની જીજીભાઇ દાદાભાઇ ચેરીટેબલ સ્કુલના હેડ માસ્તર હતા અને મરણની આઠ દીવસ અગાઉ દાદરનાં પગથીઆં સાથ ઠોકર લાગવાથી મરહુમ ગબડી પડયા હતા અને તેમના પગને ગંભીર ઇજા થવાથી મરણ પામ્યા હતા. એવણ એલફીનસ્ટન ઇનસ્ટીટયુશનમાં તાલીમ લઇ ૧૯ વરસની વયે તેજ સ્કુલમાં એક શીક્ષક તરીકે જોડાયા પછી જાણીતા વેપારી શેઠ જમશેદજી નાયગામવાળાનાં કુટુંબમાં ખાનગી શીક્ષક તરીકે રહયા હતા. ત્યાર પછી મરહુમે ખેતવાડીની શેઠ ફરામજી પટેલની સ્કુલમાં મદદનીશ શીક્ષક તરીકે થોડાં વરસ કામ બજાવ્યા બાદ છેલ્લાં વીસ વરસ સુધી ખેતવાડીની જીજીભાઇ દાદાભાઇ ધર્મખાતાં સ્કુલમાં હેડ માસ્તર તરીકે સેવા બજાવી હતી જે દરમયાન તેઓએ એ શાળામાં અનેક સુધારા કર્યા હતા.

માથેરાનનાં "પીનટો હોટેલ" ના માલેક શેઠ બેજનજી પેસ્તનજી ૫૧ વરસની વયે રોજ ૧૧ મો માહા ૨ જાને દીને માથેરાનમાં મરણ પામયા હતા. મરનાર માથેરાનના એક જાણીતા શહેરી હતા, અને ગરીબો તરફ મરનાર સારી લાગણી ધરાવતા હતા. ૧૮૯૨ માં "પીનટો હોટેલ" ની માલેકી મરનારના હાથમાં આવી હતી, અને પોતાના બાપીકા ધંધાની અનુભવી

કળાથી મરનારે એ હોટેલ પોતાના અંત સુધી ફતેહમંદીથી ચલાવ્યું હતું. માથેરાનની દરેક હીલચાલમાં મરનાર ઉલટથી ભાગ લઇ સારી મદદ આપતા હતા. ગયા એપ્રીલ માસમાં માથેરાનની મયુનીસીપાલીટીના એક મેમ્બર તરીકે મરનારને ચુંટી કહાડવામાં આવયા હતા. મરનાર માથેરાનનાં સરકારી અધીકારીઓમાં અચ્છો માનમરતબો ધરાવતા હતા. ત્રણ માસ સુધી જલંડરના દરદથી હેરાન થવાથી માથેરાન લઇ ગયા હતા, જયાં એવણ મરણ પામ્યા હતા.

સુરતના દસ્તુરજી રૂશતમજી જમશેદજી ૭૫ વરસની વયે રોજ ૨૬ મો માહા ૨ જાને દીને સુરત ખાતે મરણ પામ્યા હતા. એવણે ૬ ડાયકા સુધી સુરતના શેહેનશાહી આતશબેહેરામની દસ્તુરી ભોગવી હતી. ૧૮૮૫ ની તા૦ ૧૩ મી સપટેમ્બરે દસ્તુર જમશેદજી બરજોરજીના ઉઠમણાંની મીજલસમાં ત્યાંની અંજુમન તરફથી એવણના બેટા હાલના મરહુમ દસ્તુર રૂશતમજીને શેયાલ ઓઢાડી દસ્તુર ઠેડવ્યા હતા. ભાવનગર ખાતે બંધાયલી શેઠ ઉમરીગરવાળી દરેહમેહર પરથવાની ક્રીયા મરહુમે કીધી હતી. ૧૯૦૩ માં દસ્તુરજી રૂશતમજીને સુરતની પારસી ડીસ્ત્રીકટ મેત્રીમોનીયમ કોરટના ડેલીગેટ નેમ્યા હતા. એવણે અવસ્તા પેહેલવી વગેરે ભાષાઓની તાલીમ મુંબઈની સર જમશેદજી મદરેસામાં લીધી હતી. ગયા શાલમાં એ મદરેસાના થયલા જુબીલીના મેલાવડામાં એ મદરેસાના જુના હૈયાત ચેલાઓને ચાંદો એનાયત થયા હતા તેમાં મરહુમ બી એક હતા. મરહુમ દસ્તુરજી રૂસ્તમજીના થયલા ઉઠમણાની મીજલસમાં એવણના બેટા કાવસજીને સુરતના દસ્તુર નેમવામાં આવ્યા હતા. એ વખતે સરદાર દાવર કેખશરૂ મોદીએ સુરતની અંજુમન તરફથી દસ્તુર તરીકે કાવશજીને એક શીયાલ ઓઢાડી હતી. એજ મુજબ શેહેનશાહી આતશબેહરામના મોબેદોએ, નાનપરાની અંજુમને, શેહેનશાહી આતશબેહરામના મુતલવી શેઠ બમનજી હો. વાહાડયાએ, તથા બીજા કેટલાક ગ્રહસ્થો વગેરે તરફથી શીયાલો દસ્તુરજી કાવશજીને એનાયત કરવામાં આવી હતી. એ પછી દસ્તુરજી રૂશતમજીનું નામ જાહેર ભણતરની ક્રીયામાં લેવાનો ઠરાવ થયો હતો.

ડા૦ કેખશરૂ રૂશતમજી વીકાજી રોજ ૨૬ મો માહા ૨ જાને દીને ૭૫ વરસની વયે મરણ પામ્યા હતા. મરહુમનો જનમ રોજ ૨૦ મો માહા ૧ લો ય. ૧૨૧૦ ને દીને થયો હતો. એવણે ગ્રાંટ મેડીકલ કોલેજમાં જોડાઈ ૧૮૬૨ માં એલ. એમ. ની તબીબી ડીગ્રી મેલવી હતી. એવણ કોલેજમાં હતા તે વખતે સર જમશેદજી ગોલ્ડ મેડલ તથા બીજા ઇનામો અને સ્કોલરશીપો મેલવ્યાં હતાં. એ પછી ૧૮૬૬ માં સરકારી નોકરીમાં જોડાઇ ૧૮૭૯ સુધી ભોગવી એવણ યુરોપ ગયા હતા. ૧૮૬૭ માં એવણને મુંબઈની મ્યુનીસીપલ ખાતાં તરફથી જનમ મરણ નોધવા માટેના રેજીસ્ત્રાર નેમ્યા હતા. એ પછી મરહુમ સરકારી નોકરીમાં મદદનીશ કેમીકલ એનાલાઇઝર તરીકે નેમાયા હતા. ૧૮૭૩ માં એવણને યુનીવરસીટીના ફેલો નેમ્યા હતા તેમજ ૧૮૭૪ થી યુનીવરસીટીના પરીક્ષક તરીકે વારનવાર નેમવામાં આવતા હતા. ૧૮૭૭ માં એવણને લંડનની ઇનસટીટયુટ ઓફ કેમીસ્ત્રી ઓવ ગ્રેટ બ્રીટન એંડ આયરલંડના ફેલો નેમ્યા હતા અને ૧૮૮૦ માં મરહુમે પેરીસની એમ. ડી. ની ડીગ્રી મેલવી હતી. એવણે જુદી જુદી બાબદો ઉપર ભાષાણો આપ્યાં હતાં તેમજ પાણી, હવા, એનો તંદરોસ્તી સાથે સંબંધ નામની ચોપડી તથા ગટર વીષેના ખોલાસાની ચોપડી છપાવી પ્રગટ કીધી હતી.

શેઠ અરદેશર જમશેદજી દસ્તુર ૭૨ વરસની વયે રોજ ૨૭ મો માહા ૨ જાને દીને ભરૂચ ખાતે મરણ પામ્યા હતા. એવણનો જનમ તા૦ ૪ થી સપટેમબર ૧૮૪૧ ને દીને થયો હતો. એવણે ૧૭ વરસની વયે ૧૮૫૮ માં ગુજરાતના રેલવેના ડેપયુ કનસલટીંગ ઇજનેરની હાફીશમાં અને તે પછી ૧૮૬૬ માં ત્યાંની સબ કલેકટરની હાફીશમાં નોકરી બજાવી હતી. ૧૮૭૧ માં નામદાર સરકારે આમોદના મામલતદાર નેમી બીજા વરગના મેજીસ્ત્રેટની સત્તા આપી હતી. ૧૮૭૪ માં એવણને ભરૂચના પેહલા વરગના મેજીસ્ત્રેટ તથા ૧૮૭૭ માં અમદાવાદ જીલ્લાના ડીસ્ત્રીક ડેપ્યુટી કલેકટર નેમ્યા હતા અને તે પછી જુદે જુદે ઠેકાણે એવણની નેમણુક થઇ હતી. ખેડાના ડીસ્ત્રીક ડેપ્યુટી કલેકટરના ઓધા ઉપરથી ૧૮૯૩ માં રીટાયરડ થઇ ભરૂચમાં જઇ રહયા હતા. નોકરી દરમ્યાન એવણને ૧૮૮૩ માં વાંસદાના રાજ્યમાં જોઈંટ એડમીનીસત્રટર તરીકે અને ૧૮૮૫ માં રાધનપુરના દીવાન નેમ્યા હતા. વળી રીટાયરડ થવા પછી

એવણને ૧૯૦૪ માં જુનાગઢ રાજયના નાયબ દીવાન અને ૧૯૦૬ માં માંગરોલ રાજ્યના કારભારી નેમવામાં આવ્યા હતા. મરહુમ પોતાની સાલેસી અને મલતાવડા સ્વભાવથી જ્યાં બી નોકરીએ જતા ત્યાં સરવે જણાઓમાં ઘણા માનીતા થઇ પડતા હતા. એવણની એ ખુબીઓને લીધે એવણ જુદા જુદા દેશી રાજ્યોમાં એક ફતેહમંદ વહીવટદાર નીવડયા હતા.

શેઠ ફરદુનજી મેરવાનજી બનાજી ૭૪ વરસની વયે રોજ ૪ ઠો માસ ૩ જાને દીને મરણ પામ્યા હતા. મરહુમે અતરેની એલફીનસ્ટન ઇનસટીટયુશન મધે કેળવણી લીધી હતી. સને ૧૮૭૫ ના સાલથી માણેકજી પીટીટ મીલના સેક્રેટરી તરીકે એવણની નેમણુંક થઇ હતી. જે ઓધો એવણે મરણ સુધી ભોગવ્યો હતો. ૧૮૬૪ માં ભરૂચ મીલના ડીરેક્ટર, અને ૧૮૭૬ માં મજગામ મીલ અને વીક્ટોરીયા મીલના સેક્રેટરી અને ૧૮૮૬ ની તા૦ ૨૨ મી મારચે મુંબઇના કર ભરનારાઓના હકો જાળવવા માટે ઉભી થયલી મંડલીના સેક્રેટરી તરીકે એવણની નેમણુંક થઇ હતી. ૧૮૭૦ માં નામદાર સરકારે એક સુલેહના અમલદાર અને ૧૯૦૫ માં મુંબઇના ઓનરરી મેજીસ્ટ્રેટ તરીકે મરહુમને નેમ્યા હતા. અતરેની એલફીનસટન કોલેજના પ્રીનસીપલ ડા૦ જોન હારનેસ પોતાના વતન તા૦ ૧૧ મી મે ૧૮૬૨ ને દીને ગયા તે વખતે માનપત્ર આપવા તથા બાવલું ઉભું કરવા ઉઘાડેલાં ફંડમાં મરહુમે સારી જેવી રકમ ભરી હતી, તેમજ મુંબઇની પુરાણી શેઠ બનાજીવાલી દરેહમેહરનું ત્રસ્ટદીદ કરાવવામાં બીજાઓ સાથે સારી મદદ આપી હતી. મરહુમના એક બેટી મીસ પીરોજા ૧૯૦૦ માં એમ. એ. થયા હતાં અને એવણ તારદેવ ખાતેની બાઇ રતનબાઇ પાંડે સ્કુલના પ્રીનસીપલ છે, અને બીજા બેટી ધનબાઇ એક અચ્છા પેનટર આરટીસ્ટ તરીકે જાણીતાં છે.

શેઠ કાવશજી દીનશાહ ખંબાતા વકીલ ૬૭ વરસની વયે રોજ ૧ લો માહા ૪ થાને દીને કરાંચી ખાતે મરણ પામ્યા હતા. મરહુમના વડવા અસલ ખંબાતના વતની હોવાથી એવણની અસલ અટક ખંબાતા છે પણ વકીલનો ધંધો કરવાથી વકીલ તરીકે ઓળખાવા લાગ્યા હતા. મરહુમે ૧૮૬૭ માં મુંબઇની મેટ્રીકયુલેશનની પરીક્ષા પસાર કરી ડીસ્ટ્રીકટ પલીડર થઇ કરાંચી ખાતે વકીલનો ધંધો ચલાવવા ગયા હતા જે મરણ સુધી ચાલુ રાખ્યો હતો. મરહુમ મલતાવડા સ્વભાવના અને મજબુત બાંધાના હતા તેમજ મુસાફરીઓ કરવાનો અને દેશેદેશ ફરવાનો ઘણો શોખ રાખતા હતા. એવણ ન્યુસપેપરોમા અંગ્રેજી લખાણો લખતા હતા.

શેઠ બેજનજી જે. બક્ષી, જેઓ મુંબઇમાં આગળ કમીશન એજંટનું કામકાજ ચલાવતા હતા તેઓ ૭૨ વર્ષની વયે રોજ ૫ મો માહા ૪ થાને દીને લકનો ખાતે હરદયનો ધબકારો બંધ પડવાથી મરણ પામ્યા છે. એઓ મુંબઇમાં મી૦ કોટવાલ સાથે બક્ષી એંડ કોટવાલને નામે કમીશન એજંટ તરીકે વેપાર ચલાવતા હતા. મરીહીલ ઉપર જે દારૂ ગાળવાની બરૂઅરી છે તેના તેઓ વર્ષો સુધી એજંટ હતા. મોટાં લશકરી અમલદારોના પણ તેઓ આડતયા હતા અને કેટલાંક વર્ષ સુધી મુંબઇના માજી કમાનડર સર વીલીયમ લોકહાર્ટના આડતયા હતા.

શેઠ સોરાબશાહ દાદાભાઈ મુનસફ ૮૩ વરસની વયે રોજ ૩૦ મો માહા ૪ થાને દીને ભરૂચ ખાતે મરણ પામ્યા હતા. શરૂઆતમાં ભરૂચના સ્ટેશન માસ્તર નેમાયા હતા. તે પછી વડોદરાના સ્ટેશન માસ્તર થયા હતા અને ૪૫ વરસ ઉપર રીટાયરડ થઈ ખેતી અને વ્યાજ વટાવનો ધંધો કરતા હતા. એવણ અંગ્રેજી તેમજ ગુજરાતી સાહીત્યના જબરા શોખીન હતા અને અંગ્રેજીમાં ઘણા સરસ લખાણો લખતા હતા. ૧૮૬૨ માં હીંદુસ્તાન મધેનું એક ઝુપડું એ નામની ચોપડી છપાવી હતી તેમજ બીજા કેટલાક પુસતકો છપાવી પ્રગટ કીધાં હતાં. ભરૂચ વરતમાન નામના ન્યુસના લાંબો વખત સુધી અધીપતી તરીકે કામ કીધું હતું. ૧૮૭૧ માં સ્થાપાયલી ભરૂચ એસોસીએશનના સેક્રેતરી તરીકે એવણની નેમણુંક થઈ હતી. મરહુમે જુદી જુદી બાબદો ઉપર જાહેરમાં ભાષાણો બી કીધાં હતાં.

શેઠ જીજીભાઇ એદલજી મોદી બેરીસટર ૫૮ વરસની વયે રોજ ૪ ઠો માહા ૫ માને દીને મરણ પામ્યા હતા. એવણનો જનમ તા૦ ૭ મી મે ૧૮૫૭ ને દીને થયો હતો. એવણે ૧૮૭૪ માં મેટ્રીકયુલેશનની અને ૧૮૭૮ માં બી. એ. ની પરીક્ષા પસાર કરવા પછી વેલાત જઇ ૧૮૮૪ માં બેરીસટર થઇ આવ્યા હતા. શરૂઆતમાં બેરીસતર તરીકે ધંધો ચલાવવા પછી મુંબઇની સ્મોલ કોઝ કોરટમાં કામ ચલાઉ પાંચમાં જડજ નેમાયા હતા. એ પછી હાઇ

કોરટના પ્રોથોનોટરીના મદદનીશ અને એફીડેવીટ લેવા માટે કમીશનર નેમાયા હતા. એવણને પાછા ૧૯૦૧ માં સ્મોલ કોઝ કોરટના જાથુકના પાંચમાં જડજ અને ૧૯૧૦ માં ત્રીજા જડજ નેમયા હતા. ૧૯૧૧ માં એવણ હાઇ કોરટના ટેક્ષીંગ માસ્તર નેમાયા હતા, જે ઓધા ઉપર સેવટ સુધી રહયા હતા.

શેઠ હીરજીભાઇ દાદાભાઇ આલબલેસ રોજ ૮મો માહા ૫ માને દીને ૫૪ વરસની વયે મરણ પામ્યા હતા. સખી આલબલેસ ખાનદાનના એવણ નબીરા હતા. એવણે અત્રેની પ્રોપ્રાયટરી સ્કુલમાં કેળવણી લઇ ૧૮૮૧માં મેટ્રીકયુલેટ થયા હતા. એ પછી મુંબઇ બેંકની નજદીક ગ્રીન સ્ટ્રીટમાં આવેલી અને ૧૮૪૫માં સ્થાપાયલી કુટુંબી પેઢી જે એદલજી ફરામજીના છોકરાઓને નામે ચાલતી હતી, તેમાં જોડાયા હતા. મેસરસ ગોળવાળાના વીકટોરીયા સ્વીમીંગ બાથમાં લાઇફ મેમબર તરીકે આઠ વરસ થયા જોડાઇ નીયમીત તરવાની કસરત કરતા હતા અને દરીયે તરવાબી જતા હતા. મરહુમ મોજીલા તથા મીલનસાર સ્વભાવના હતા અને યુરોપ તથા અમેરીકાની મુસાફરીએ જઇ આવ્યા હતા. મરણની ત્રણ દીવસ આગળ માથેરાનથી સીક પડી અતરે આવ્યા હતા. મરહુમ ઘણા ભણનાર ગણનાર હતા.

શેઠ રૂશતમજી ટેમુલજી શેઠના ૫૮ વરસની વયે રોજ ૧૪ મો માહા ૫ માને દીને અકસમાત થવાથી મરણ પામ્યા હતા. એવણના પીતા શેઠ ટેમુલજીએ હાંગકાંગ બેંક મુંબઇમાં જ્યારથી ઉઘડી ત્યારથી શરાફ ખાતાંમાં રહી છેલ્લે દાહેકાઓ સુધી વડા શરાફનો મોટો માનવંત ઓધો ભોગવ્યો હતો. શેઠ રૂશતમનો જનમ તા૦ ૨૯ મી સપટેમ્બર ૧૮૫૮ માં થયો હતો. એવણે સ્કુલની કેળવણી તે વખતને અનુસરતી લઇ ૨૦ વરસની જવાન વયથી યાને લગભગ ૩૮ વરસ ઉપર હાંગકાંગ બેંકમાં પોતાના પીતા શેઠ ટેમુલજી સાથે જોડાયા હતા અને તેવણના કામમાં એક સારા મદદગાર થઇ પડયા હતા. શેઠ ટેમુલજીના રીટાયરડ થવા પછી વડા શરાફના માનવંત ઓધા ઉપર શેઠ રૂશતમજીની નેમણુંક થઇ હતી. એવણે પોતાના પીતાની માફક હાંગકાંગ બેંકની લાંબી સેવા બજાવી હતી અને મોટા જોખમદારીઓના વીશવાસુ ઓધા ઉપર બીરાજી બેંકના સાહેબો તથા તેની સાથે લેવડદેવડ કરનારાઓનો વીશવાશ જીતી લીધો હતો. એવણે પોતાની આખી જીંદગી સુધી એજ બેંકમાં વફાદારીથી તેમજ ઇમનાદારીથી નોકરી બજાવી હતી. એવણ પોતા પાછલ પાંચ છોકરા તથા ૨ છોકરી મેલી ગયા છે. એવણના વડા બેટા શેઠ જાલભાઇ પોતાના પીતા સાથેજ બેંકમાં નોકરી બજાવે છે. મરહુમ અતરેની લોડજ સર લોરેનસ જેનકીનસ મધે એક ફ્રીમેશન હતા અને મરણની થોડા દીવસ અગઉ એવણે તેના "માસતરની" માનવંત ખુરસી છોડી હતી. એ લોડજના મેનસન બીરાદર મરહુમ શેઠ જીજીભાઇ એદલજી મોદીના મરણ માટે એવણના દુખી વીધવાને દીલાસો આપવા સારૂ એવણને બંગલે તા૦ ૨૩ મી જાનેવારીએ બીજા ચાર મેનસન બીરાદરો સાથ જતા હતા પણ મારગમાં હયુઝ રોડ ઉપરથી ખંબાલા હીલના ચઢાણ ઉપર ગાડી આવી પુગતાં ઘોડો ચમકવાથી અકસમાત થવાથી એવણના માથામાં સખત વાગું હતું અને તેના પરીણામે થોડાજ કલાકમાં ચાંપતી સારવાર થવા છતાં એવણનું અકાળ મરણ નીપજયું હતું.

શેઠ હોરમજી આદરજી કાગા ઇજનેર ૬૪ વરસની વયે રોજ ૧૦ મો માહા ૬ ઠાને દીને મરણ પામ્યા હતા. મરહુમે ૧૮૭૦ માં મેત્રીકયુલેશનની પરીક્ષા પસાર કરી પુણાની ઇજનેરી કોલેજમાં જોડાઇ ૨ વરસ પછી પેહેલી એલ. સી. ઇ. ની અને ૧૮૭૩ માં એલ. સી. ઇ. ની સેવટની પરીક્ષા પસાર કરી સનદ મેલવી હતી. તે પછી મુંબઇમાં સીવીલ ઇજનેર તથા શીલ્પશાસ્ત્રી તરીકે ખાનગી ધંધો ચલાવ્યો હતો. ૧૮૭૯ થી મુંબઇની લોડજ રાઇઝીંગ સ્ટાર મધે એક ફ્રી મેશન તરીકે એવણ જોડાયા હતા.

શેઠ પેસ્તનજી ખરશેદજી થાનેવાળા ૬૦ વરસની વયે રોજ ૩૦ મો માહા ૬ ઠાને દીને વડોદરા ખાતે મરણ પામ્યા હતા. એવણે ૧૮૮૨ માં બીજા અને ત્રીજા વરગના દેશી મેજીસ્ત્રેટોની પરીક્ષામાં હાજર થઇ ત્રીજા વરગના દેશી મેજીસ્ત્રેટની પરીક્ષા પસાર કરી હતી. એ પછી વડોદરા રાજ્યની ન્યાયખાતાંની નોકરીમાં જોડાયા હતા અને ૧૮૮૭ ના નવેમબરમાં એવણને વડોદરાના બીજા વરગના મેજીસ્ત્રેટ નેમ્યા હતા. એ રાજ્યના જુદા જુદા જીલ્લાઓમાં ઓધો બજાવ્યા બાદ ૧૮૯૫ માં નવસારીના મેજીસ્ત્રેટ તરીકે અને ૧૯૦૦ માં તેમની અમરેલીના મેજીસ્ત્રેટ

તરીકે નેમણુક થયા પછી બીજા મથકોએ વડા માજીસ્ત્રેટ તરીકે ઓધો ભોગવી આગલે વરસ રીટાયર થયા હતા જે વેળા તેમને ધારા મંડળ તથા રઇયત તરફથી દીવસો વેર માનપાન તથા મેજબાની મળી હતી.

કલકતાના જાણીતા શેઠયા શેઠ કુવરજી એદલજી ગજદર ૬૮ વરસની વયે રોજ ૧૧ મો માહા ૭ માને દીને કલકતા ખાતે મરણ પામ્યા હતા. કુનેહ, બુધીબળ અને સાહસીકપણાથી એવણ વેપારમાં ઘણા ફાવી નીકલ્યા હતા. મેસરસ પી. ઇ. ગજદરની કંપનીને નામે લખ્ખો રૂપ્યાનો વેપાર ચલાવતા હતા. મરહુમ ઘણા સખી તથા ઉદાર દીલના હતા અને સારી સખાવત કરી ગયા છે. મરહુમની પાયદસ્ત તથા ઉઠમણાની ક્રીયા વખતે સારી મીજલસ એકઠી મલી હતી. મરહુમ શેઠ કુવરજીના મરણ માટે તા૦ ૨૦ મી એપ્રીલે શેઠ નવરોજી જામાસપજી અરજાનીના પ્રમુખપણાં હેઠળ મલેલી સભામાં મરહુમના કુટુંબ ઉપર દીલાસા પત્ર મોકલવાનો તથા અંજુમનના દફતરમાં મરહુમના મરણની નોધ લેવાનો ઠરાવ પસાર કરવામાં આવ્યા હતા.

શેઠ પેસતનજી એરામજી કોટવાલ ૭૯ વરસની વયે રોજ ૧૨ મો માહ ૭ માંને દીને કરાંચી ખાતે મરણ પામ્યા હતા. મરહુમ કરાંચી પારસી વીરબાઇજી સ્કુલના સેક્રેટરી તેમજ ઉપરી હતા. એવણે પોતાના પીતાની યાદમાં એ સ્કુલને ૧૮૮૯ માં રૂ. ૧૦૦ ભેટ આપ્યા હતા. ૧૮૬૧ માં કરાંચીના વોલંનટીયર કોરમાં તેમજ ૧૮૬૯ માં કરાંચીની ફ્રીમેશનમાં દાખલ થયા હતા અને ૧૮૮૨ થી એ લોડજના એવણ ખજાનચી હતા. એવણ કરાંચી મ્યુનીસીપાલીટીના વરસો સુધી એક મેમબર હતા અને મ્યુનીસીપાલીટી હસ્તકની ગુજરાતી સ્કુલના ઘણા વરસો સુધી મેમબર તથા ચેરમેન હતા જેથી જ્યારે શેઠ પેસતનજીએ એ સ્કુલ સાથેનો સંબંધ છોડયો ત્યારે એ સ્કુલ સાથની યાદગારી રાખવા માટે ૧૯૦૫ ના મારચ મહીનામાં એ સ્કુલને "ધી પેસ્તનજી એરામજી કોટવાલ સ્કુલ" એવું નામ આપ્યું હતું. એવણે ૧૯૦૭ ના અકટોબરમાં એ સ્કુલની લીધેલી મુલાકાત વખતે ઇનામો આપવા રૂ. ૧૦૦ ની સરકારી લોન આપી હતી. સને ૧૯૧૧ માં એવણને ઓનરરી મેજીસ્ત્રેટ નેમ્યા હતા. એવણ જરથોસ્તીઓને લગતા અંજુમનના કામોમાં આગેવાની ભરીયો ભાગ વારનવાર લેતા હતાં. મરહુમના મરણ માટે તા૦ ૧૬ મી એપ્રીલે કરાંચીની સદરની દરેહમેહરમાં મલેલી સભામાં પ્રમુખ શેઠ ફ્રામરોજ પંથકીએ મરહુમની તારીફમાં કેટલુંક વીવેચન કરવા પછી દફતરે નોંધ લેવાનો તથા મરહુમનાં કુટુંબ ઉપર દીલાસાપત્ર મોકલવાનો ઠરાવ થયો હતો.

શેઠ હોરમજી બમનજી જીજીભાઈ ૭૮ વરસની વયે રોજ ૭મો માહા ૮માને દીને મરણ પામ્યા હતા. મરહુમનો જનમ ય. સને ૧૨૦૭માં થયો હતો. મરહુમે તે વખતને અનુસરતી કેળવણી લઇ નાની ઉમરથી પોતાના પીતાનાં કામકાજમાં મદદ કરતા હતા. તેની સાથે ખાનગી વેપાર તથા દલાલીનુંબી કામ કરતા હતા તેમજ કેટલાંક વરસો સુધી પોતાના ભાઇઓ સાથે ધંધોબી કીધો હતો. એવણના પીતા તરફથી મરહુમ શેઠ હોરમજીને વારસામાં મલેલાં સીલોન મધેના એસટેટ ઉપર મોટી રકમ ખરચી તેમાં મોટો વધારો કરી કાફી—ચાહની વાવણી કરી હતી. એ માટે એવણ ત્રણ વખત ત્યાં જઇ આવ્યા હતા. પણ પાછલથી નબલી તબીયતને લીધે સારી જેવી કીમતે વેચી નાખી હતી. મરહુમને ૧૮૮૪માં સુલેહના અમલદાર અને ૧૮૭૬માં વાંદરા મ્યુનીસીપલીટીના સરકાર તરફના મેમ્બર નેમયા હતા. ૧૮૭૯માં વાંદરા ખાતે હીલપર જવાના રસ્તાપર એવણે પોતાના બાવાને નામે સીડી બંધાવી ખુલ્લી કીધી મેલી હતી. મરહુમે રૂ. ૫૦૦ની સરકારી નોટ એવણના ધણીઆણી બાઇ જાઇજી તરફથી તેમના બાવા શેઠ નવરોજી અ. દાવરની યાદમાં જાનવરો ઉપર ઘાતકીપણું અટકાવનારી મંડલીને આપી હતી. ૧૮૮૪ માં હીંદુસ્તાનના વીદાય થતા નામદાર વાઇસરાય મારક્વીસ ઓફ રીપનને માનપત્રો વગેરે આપવા ઉઘાડેલા ફંડમાં રૂ. ૩૦૦ ભરીયા હતા. તેમજ ઘણાંક જરથોસ્તી અને બીજા જાહેર ધરમખાતાંઓ વગેરેમાં એવણે નાણાની સારી જેવી રકમ આપી હતી.

સુરતના જાગીરદાર શેઠ ખુશરોભાઇ નશરવાનજી બેહરેમંદખાન (ખાન સાહેબ) સુરત ખાતે ૬૧ વરસની વયે રોજ ૭ મો માહા ૮ માને દીને મરણ પામ્યા હતા. મરહુમ ચોરાસી તાલુકામાં મોટી જાગીરો ધરાવતા હતા અને તેનો વહીવટ કરતા હતા. એ જાગીરો પોતાના વારસોને આપી ગયા છે. એવણ સુરતના પારસીઓમાં આગેવાન હતા અને સુરતની પંચા-

યતને લગતા કામોમાં ઉમંગથી ભાગ લેતા હતા. ૧૮૯૮ થી સુરતની મ્યુનીસીપલ બોરડ અંદર એક ચુંટી કહાડેલા સભાસદ હતા અને સુરતની પારસી મેત્રીમોનીયલ કોરટના એ ડેલીગેટ હતા. ગોટીના આદરીઆન કે જે એઓના વડવાઓની જગાપર બંધાયલું હતું તે એઓ વડા ત્રસટી અને કારોબારી હતા તથા એ ગોટીના આદરીઆનની મરામત કરાવવા માટે ફંડ ઉઘરાવવા, વગેરેમાં મરહુમે મોટો ભાગ લીધો હતો. પેગમબર અશો જરથોસ્ત દીશાની ન્યાતના ફંડના તેમજ બીજા ઘણા ધરમખાતાઓના ત્રસ્ટી હતા. એવણ મરણની એ માસ અગાઉ મુંબઈ આવયા હતા અને તાપ લાગુ પડી હતી, તે પછી તેઓ સુરત ગ હતા અને પછવાડેથી એ ડાઇફ્રોઇડ ફીવરથી મરણ પામ્યા હતા. મરહુમ સાદા, મીલનસાર અ મળતાવડા સ્વભાવના હતા.

બાઇ બચુબાઇ ફરામજી મેહતા ૬૪ વરસની વયે રોજ ૨૦ મો માહા ૮ માને દી માથેરાન ખાતે મરણ પામ્યા હતા. બાઇ બચુબાઈ અતરેના જાણીતા કેયસરે હીંદના મા માલેક શેઠ ફરામજી કાવશજી મેહતાનાં ધણીયાણી થતા હતા. મરણની ચાર પાંચ દીવ અગાઉ તાવ આવ્યો હતો અને મરણને દીવસે "સેપટીક પોઇઝન" ની નીશાનીઓ જણાવ પછી અરધા કલાકમાં ગુજર પામ્યા હતા. મરહુમ બાઇને ચાર વરસ ઉપર એવી નીશાનીઓ લીધે ઓપરેશન બી કરવામાં આવ્યું હતું. મરહુમ ઘણા ધીરજવંત અને મીલનસાર સ્વભાવ હોવાથી આસપાસ મોટું મીત્ર મંડળ ભેગું કીધું હતું. આ ગમખાર બનાવ માટે શે ફરામજી તથા મરહુમના ત્રણ બેટીઓ તરફ માથેરાન ખાતે આવેલા જરથોસ્તીઓ તરફથી સાર લાગણી બતાવવામાં આવી હતી અને અત્રેના જાણીતા અથોરનાન સાહેબ એરવદ જામાસ મોટાભાઇ બીલીમોરીઆએ તથા શેઠ નવરોજી લોરડે પોતાની બનતી જરૂરી મદદ આપી હતી બીજે દીવસે માથેરાન ખાતે મરહુમની લાશને અવલમંજલ પોહચાડવામાં આવી હતી.

શેઠ સોરાબજી બેરામજી કોહલા ૮૬ વરસની વયે રોજ ૨૫ મો માહા ૮ માને દી મરણ પામ્યા હતા. ૧૩ વરસની નાધલી ઉમરે ચીન શેઠ દાદીબરજોરની પેહેડી પર ગય હતા, જ્યાં ચાર પાંચ વરસ રહયા પછી અતરે પાછા ફરયા બાદ ૧૮૫૬–૫૭ માં શેરદલાલ નાં ધંધામાં પડયા હતા. એવણ ઘણા સાહસીક હતા અને બીજાઓ સાથે જોઇન્ટ સ્ટો કંપનીઓ ઉભી કરવામાં સારો ભાગ લીધો હતો. ૧૮૬૩ ની અમેરીકન સીવીલ વોર વખ મરહુમે સારૂં નાણું મેળવ્યું હતું. સર કાવસજી જાહાંગીરને મલેલા ખેતાબ વખતે એવણ માનપત્ર આપવા માટે થયલા મેલાવડાની આગેવાની મરહુમ શેઠ સોરાબજીએ લીધી હતી તેમજ એવા બીજા મેલાવડાઓ કરવાનીબી આગેવાની લેતા હતા. ૧૮૭૫ માં ઉભી થયલ બ્રોકર એસોસીએશનના નાયબ પ્રમુખ તરીકે એવણને નેમ્યા હતા. ૧૮૮૩ માં સુરતમ આવેલી મોટી રેલમાં સંકટમાં આવેલાઓને મદદ કરવા મરહુમે બીજાઓ સાથે સુરત જા નાણા તથા કપડાં વેહેચી આપવામાં સારી મદદ કીધી હતી. મરહુમના માનમાં શેર બજા બંધ રાખ્યું હતું.

સુરતના જાણીતા રહીશ શેઠ સોરાબજી મનચેરજી જોશી ૬૬ વરસની વયે રોજ ૨ મો માહા ૮ માને દીને પાછલી રાતે દેવલાલી ખાતે અચાનક ગુજરી ગયા હતા. મરહુ અસલી વિચારના અને દીનચુસ્ત જરથોસ્તી હતા અને અથોરનાન ટોળાની બેહતરી માં ઘણી ઉલટ છેવટ સુધી રાખતા હતા. સુરતના ગોતીના આદરાનના તથા મીનોચેરહોમજીન અગીયારીના ટ્રસ્ટી હતા તેમજ એવા બીજા ઘણા ધરમખાતાઓનાં વહીવટમાં આગેવાન ભરીયો ભાગ લેતા હતા. સુરતના શેહેનશાહી આતશબેહરામના ગહમબાર જશન ફંડમ એવણની મેહનતથી ઘણી સારી રકમ એકઠી થઇ હતી. વળી સુરતના શેહેનશાહી આતશ બેહરામમાં એવણે પોતાની ગીરોથી એક કુવો બંધાવી આપ્યો છે તેમજ બીજા એવા કામે પોતાની શકતી મુજબ કરી આપતા હતા. એવણ સુરત જીલ્લાના જમીનદાર હતા અ સુરતી રેશમી કાપડ વણાવી આફ્રીકાના ફ્રેંચ સંસ્થાનોમાં મોકલવાનો મોટો વેપાર ચલાવત હતા. મરહુમે પોતાના છ દીકરાઓને સારી કેળવણી આપી છે. એવણના બીજા દીકર શેઠ દાદાભાઈ મુંબઇની જ. ન. પીટીટ ઑરફનેજના પ્રીનસીપાલ છે.

શેઠ ખરશેદજી બેરામજી ગાંધી ૪૪ વરસની વયે રોજ ૫ મો માહા ૯ માને દી

દમણ ખાતે ટુંક માંદગી ભોગવી મરણ પામ્યા હતા. મરહુમે મેટ્રીકની પરીક્ષા પસાર કરવા બાદ કોલેજમાં જોડાયા હતા. તે પછી શેઠ બેરાંમજી મલબારીવાલા ઈંડીયન સ્પેકટેટરમાં એડીટોરીયલ સ્ટાફમાં મદદનીશ તરીકે એવણ રહયા હતા. એવણ જામે જમશેદમાં તેમજ બીજા પેપરોમાં બી ઈંગ્રેજી લખાણો લાંબો વખત થયા કરતા હતા. ઘણી સરસ ઝમકદાર ભાષામાં એવણ લખાણો કરતા હતા, અને મરહુમનો ઈંગ્રેજી ભાષા ઉપર કાબુ અછો હતો તેમજ જાહેર સવાલોનો ઉંડો અભ્યાસ કરવાની ઉલટ ધરાવતા હોવાથી એવણના લખાણો જાહેરમાં સારી પ્રસંસા મેલવવા પામ્યાં હતાં. એવણ છેલ્લાં ત્રણ વરસ થયાં દમણ ખાતે વસવાત કરતા હતા. અને પોતાના મમતાવડા સ્વભાવથી પોતા આસપાસ સારૂ મીત્રમંડળ ભેગું કરયું હતું. એવણે આખી જીંદગી એક જરનાલીસ્ટ તરીકે ગાળી હતી.

શેઠ પોચાજી શાપુરજી પોહચાજી ૬૨ વરસની વયે રોજ ૧૨મો માહા ૯માને દીને મરણ પામ્યા હતા. મરહુમ શેઠ પોહચાજીએ અત્રેની મેટ્રીકયુલેશનની પરીક્ષા ૧૮૭૨ના શાલમાં પસાર કરીયા પછી મેશરસ જોસફ સુવારીસની કંપનીમાં ઇનડેન્ટ કલારક તરીકે નોકરી કરવા બાદ પોતાની વેપારી કુશળતા અને બાહોશીથી વેલાતવાળી મેસરસ ફ્રેરમયા લાયનની કંપ-નીના મુંબઇના એજંટ તરીકે કેટલાક વરસ કામ કીધું હતું. લગભગ ૪૦ વરસ ઉપર સ્વતંત્ર રીતે ધંધો કરવા અતરે પી. એસ. પોહચાજીને નામે વેપારી અને કમીશન એજંટ તરીકે કામ કરતા હતા અને એવણની ઑફીસ વરસો થયા કોટમાં બેંક સ્ટ્રીટમાં આવેલી છે. મરહુમ શેઠ ડોશાભાઇ ફ્રામજી કામાના એવણ જમાઇ થતા હતા. મરહુમ પોતાના ધંધા અર્થે બે વખત વેલાત જઇ આવ્યા હતા અને કેટલીક પેહેડી સાથ વેપાર ચલાવવા માંડયો હતો.

એરવદ એદલજી દસ્તુર પેશોતન બેરામજી સંજાણા ૬૬ વરસની વયે રોજ ૧૩ મો માહા ૯ માને દીને મરણ પામ્યા હતા. મુંબઇના વહાડયાજીના આતશ બેહેરામના મરહુમ જાણીતા દસ્તુર પેસોતનજીના વડા બેટા થતા હતા. મરહુમનો જનમ રોજ ૩ જો માહા ૧૦ મો ૧૨૧૯ ને દીને થયો હતો. મરહુમે દુરઅંદેશી વાપરી સાંટા કરૂસ તરફ નજીવી કીમતે મોહટા વીસતારમાં જમીન ખરીદી લીધી હતી, જેની આજે સારી કીંમત ઉપજે તેમ છે. નાવર મરાતબ કરવાની ક્રીયા ફક્ત નવસારી ખાતેજ અસલથી થતી હતી પણ મરહુમ એરવદ એદલજીએ પોતાના બે બેટાઓ રૂશતમજી તથા દીનશાહજીને નાવર કરવાની ક્રીયા પેહેલવેહલી ૧૮૮૪ ના શાલમાં મુંબઇના શેઠ વાહાડયાજીવાલા આતશ બેહરામમાં કરાવી હતી. એવણના વડા બેટા દસ્તુર રૂશતમજીને વાહાડયાજીના આતશ બેહેરામના નાયબ દસ્તુર તરીકે ઠેડવેલા છે. મરહુમ એરવદ એદલજીને હસતક ઘણાં પંથકો હતાં, જે પોતાની એકીનદારીથી સારી રીતે ચલાવતા હતાં.

કોલંબોના જાણીતા વેપારી શેઠ રતનજી પેશતનજી ભરી ૫૧ વરસની વયે રોજ ૧૫ મો માહા ૯ માને દીને મુંબઇમાં મરણ પામ્યા હતા. એવણ અસલ બીલીમોરાના વતની હતા અને ત્યાંથી ૧૮૯૦ માં કોલંબો ખાતે શેઠો ફ્રામજીની કંપનીમાં એકાઉનટંટ તરીકે નોકરીએ ગયા હતા. ૧૮૯૯ થી સ્વતંત્રપણે પોતાનો ધંધો ચલાવવા માંડયો હતો અને કેટલોક વખત થયા પોતાના ધંધામાં વડા દીકરા શેઠ નાદરશાહને સામેલ કીધા છે. એવણ કોલંબો મધે આર. પેસતનજીને નામે જાણીતા હતા અને ત્યા નંબર ૧૬ કેઝર સ્ટ્રીટ પેટા મધે વેપારી તથા કમીશન એજંટ તરીકે પોતાનું બીઝનેસ કરતા હતા. મરહુમ અમેરીકા વગેરે દેશાવરો ખાતેથી અનાજ-દારૂ મંગાવીને વેચતા અને કોલંબોથી ચા, એલચી વગેરે દેશાવરો ખાતે મોકલાવતા હતા. તેમજ એક્ષો બ્રાનડીની એજનસી બી એવણ ધરાવતા હતા, બોમબે ફ્લાવર મીલના કોલંબો ખાતેના એજંટ હતા. કોલંબો મોબેદના નીભાવ ફંડની કારોબાર મંડલીના એક અધીકારી હતા. એવણ મરણની એક માસ અગાઉ મુંબઇ આવ્યા હતા અને તાઇફોઇડ તાવ આવવાથી અતરે મરણ પામ્યા હતા.

શેઠ નાનાભાઇ બરજોરજી વાચ્છા તથા બાટલીવાલા ૭૯ વરસની વયે રોજ ૧૬મો માહા ૯માને દીને મરણ પામ્યા હતા. મરહુમ શેઠ નાનાભાઇ પહેલા બારોનેટ સર જમશેદજી જીજી-ભાઇના કુટુંબી થતા હતા. મરહુમ શેઠ દાદાભાઈ માણેકજી વાછાના વસીયતનામાંના બીજાઓ જોડે શેઠ નાનાભાઇ એક એકઝીક્યુટર હતા અને મરહુમ શેઠ દાદાભાઇની પુંજીમાથી સારી

જેવી રકમ ધરમખાતાઓમાં આપવામાં આવી છે. એવણે અલરેની પેપર કરનસી બેંકમાં ત્રણ દાહેકાથી વધુ મુદત સુધી નોકરી કરી હતી અને એજ બેંકના વડા શરાફ બી નેમાયા હતા, જે પછી પેનશન ઉપર રીટાયરડ થયા હતા. એવો શેઠ ગ્નાન પ્રસારક મંડળીના ઘણા વરસોના સભાસદ હતા અને જાહેર ભાષાણોમાં હમેશા જતા હતા.

શેઠ ખરશેદજી નશરવાનજી પેસતનજી વાહાડયા રોજ ૧૯ મો માહા ૯ માને દીને અમદાવાદ ખાતે લુ લાગવાના સબબે મરણ પામ્યા હતા. ૧૮૭૫ ના એપ્રીલમાં એવણે સબોરડીનેટ જડજ અને હાઈ કોરટ પલીડર તથા ડીસ્ટ્રીકટ પલીડરની પરીક્ષા પસાર કીધી હતી. મરહુમે ઘણા પુસ્તકો લખી પ્રગટ કીધાં હતાં, તેમાં ૧૮૬૭ માં "હેકાયતે દીલપસંદ," તે પછી બે વરસ રહી "નકલીયાત નામું," ૧૮૭૪ માં "જમરૂદે હેકાયત" અને "સમરી ઓફ ધી લો ઓફ લેંડલોરડ અને ટેનંટ" નામનું ધારા સંબંધી પુસતક ગુજરાતીમાં છપાવી પ્રગટ કીધું હતું. ૧૮૮૦ માં એવણ સુરતની મેત્રીમોનીયલ કોરટના ડેલીગેટ નેમાયા હતા. એ ઓધો ૧૮૮૬ માં છોડયો હતો. ૧૮૯૨ ના જુનમાં એવણને અમદાવાદ જીલ્લાના મદદનીશ પબલીક પ્રોસીકયુતર નેમ્યા પછી થોડું કમાં વડા સરકારી વકીલ નેમયા હતા. મરહુમ અમદાવાદની જરથોસ્તી અંજુમનના કામોમાં આગેવાનીભરીયો ભાગ લેતા હતા અને ત્યાંના નસેસાલાર ફંડના ટ્રસ્ટી હતા.

શેઠ જમશેદજી નવરોજજી ઉનવાલા એમ. એ. ૭૧ વરસની વયે રોજ ૨૧ મો માહા ૯ માને દીને બનારસ ખાતે મરણ પામ્યા હતા. મરહુમનો જનમ તા૦ ૧૬ મી મે ૧૮૪૬ ને દીને થયો હતો. એવણ ૧૮૬૨ માં મેત્રીક થઇ ૧૮૬૫ માં એફ. ઇ. થયા પછી ૧૮૬૬ માં બી. એ. થયા હતા અને બીજી ભાષા તરીકે લેટીન લીધી હતી. એ પછી એવણને એલફીનસટન કોલેજમાં ફેલો નેમયા હતા અને ૧૮૬૭ માં એમ..એ. ની પદવી મેળવી હતી. ૧૮૭૧ માં એવણ કોલાપુરના અને તે પછી ધરમપોરના કુવરના શીક્ષક નેમાયા હતા. ૧૮૭૮ માં મુંબઇ યુનીવરસીટીના ફેલો નેમાયા હતા અને પાછળથી એક ઓનરરી ફેલો તરીકે ચાલુ રહયા હતા. ૧૮૯૦ ની તા૦ ૧૫ મી એપ્રીલે ભાવનગરની સામળદાસ કોલેજના કામચલાઉ પ્રીનસીપલ અને ૧૮૯૧ ના મારચમાં એજ ઓધા ઉપર મુકરર થયા હતા. ૧૮૯૪ ના સપટેમબરમાં ચીકાગો ખાતેના ઓરીયેન્ટલ કોનગ્રેસમાં નીબંધ વાંચવાને એવણને મોકલાવ્યા હતા. ૧૮૯૬ ની તા૦ ૮મી જુલાઇએ ભાવનગર સ્ટેટના કેળવણી ખાતાનાં વડા નેમાયા પછી ૧૯૦૫ ની તા૦ ૬ ઠી જુલાઇએ ભાવનગર કોલેજના પ્રીનસીપલના ઓધા ઉપરથી રીટાયર થવા પછી બનારસની સેંત્રલ હીંદુ કોલેજનાં વગર પગારે ઈંગ્રેજી ભાષાના પ્રોફેસર થયા હતા. મરહુમ ૩૫ વરસ થયા એક થીયોસોફીસ્ટ હતા અને એને લગતી તથા બીજી બાબદો ઉપર ઘણા ભાષણો આપ્યા હતા. મરહુમના મરણ માટે શોક પ્રદરશીત કરવા માટે ભાવનગર ખાતે તા૦ ૬ ઠી જુને ભાવનગર રાજ્યના દીવાન મી૦ મુરારજી આણંદજીનાં પ્રમુખપણા હેઠળ હાઇ સ્કુલમાં એક મોટી સભા મલી હતી. જે વખતે મરહુમના વખાણ લાયક કામો તથા ગુણોની સ્તુતી કરી એવણનાં મરણ માટે ખેદ દરશાવવામાં આવ્યો હતો.

શેઠ કાવશજી એદલજી ખંબાતા ૮૯ વરસની વયે રોજ ૨૫મો માહા ૯માને દીને મરણ પામ્યા હતા. મરહુમે એલફીનસ્ટન ઇનસટીટયુટમાં કેલવણી લઈ નોરમલ સ્કોલરની પદવી મેલવી હતી. ૧૮૪૮માં સ્થાપાયલી સ્ટુડંટસ લીટરરી એંડ સાયનટીફીક સોસાયટીના એવણ ઑનરરી સેક્રેટરી હતા અને એ મંડળી તરફથી જાહેર ભાષાણો આપ્યા હતા. વલી રાહનુમાએ માજદીઅસની મંડલીમાં તથા બોંબે એસોસીએશન વગેરેના બીજા ઘણા મંડલોમાં એવણે સારો ભાગ લીધો હતો. મરહુમ અતરેના ન્યુસપેપરોમાં ઘણા ઝમકદાર અંગ્રેજી લખાણોબી કરતા હતા. ૧૮૫૮ માં વેલાત નોકરીએ ગયા હતા જ્યાંથી ૧૮૬૧ માં પાછા આવી શેઠ રતનજી બાટલીવાલાની પેહેડીપર જોડાયા હતા. કલકતાની પ્રોરટ કેનીંગ લેંડ કુંપનીના એજંટ તરીકે મરહુમને ૧૮૭૨માં નેમવામાં આવવાથી એવણ કલકતા ખાતે જઇ વસયા હતા. મરહુમને વેપારી બાબદોને લગતું ગ્નાન સારૂં હોવાથી એ વીશે જાહેરમાં લખાણો કરતા હતા.

ખાનસાહેબ રતનજી ધનજીભાઈ સરવેયર તથા ઇજનેર ૮૪ વરસની વયે રોજ ૬ ઠો માહા ૧૦ માને દીને મરણ પામ્યા હતા. મરહુમ સીગનપોરના રહીશ હતા અને એવણની

અસલ અટક સીગનપોરીયા હતી, પણ પાછલથી સરવેયરનો ધંધો કરવાથી સરવેયર તરીકે ઓળખાતા હતા. સને ૧૮૫૫ માં અતરેની ચીફ ઇજિનેરની ઑફીશમાં સરકારના હુકમથી શેઠ નશરવાનજી ચાંદાભાઇએ ઇમારતોની બાંધણી વગેરે માટે સીવીલ ઇજિનેરનું કામ સીખવવા માટે ઉઘાડેલા વરગમાં શેઠ રતનજી બી જોડાયા હતા. મરહુમ સરકારી નોકરીમાં ઇજનેર ખાતાંમાં રહયા હતા અને નામદાર સરકારે એવણને બીજા વરગના આનરરી મદદનીશ ઇજનેર નેમ્યા હતા. લગભગ પચીસ વરસ થયાં પોરટ ટ્રસ્ટ મધેથી નોકરી પરથી રીટાયડ થઈ કોઇ વખત ખાનગી ધંધો ચલાવતા હતા. ૧૮૯૦ માં એવણને ખાનસાહેબનો ખેતાબ એનાયત થયો હતો અને ૧૮૯૨ માં લંડનની સોસાયટી ઓફ સીવીલ એનજીનીયરસ એસો-સીએટ પોતાના મેમબર નેમ્યા હતા. શેઠ રતનજીને ઘણાંક કુટુંબમાં ટ્રસ્ટી તરીકે નેમયા હતા જેની ઇસ્ટેટનો વહીવટ એવણ ઘણી ઇમાનદારી તથા સાચવતથી કરતા હતા. શેઠ ગોળવાલા બ્રદરસની માલેકીના વીકટોરીયા સ્વીમીંગ બાથનો પલાન બનાવવા તથા તે બાંધી આપવાનું કામ એવણને શોપ્યું હતું તેમજ દેવલાલી ખાતે ય. સને ૧૨૭૭ માં બંધાયલા ત્યા દખમાનો ડીઝાઇન તૈયાર કરી તેના કામ ઉપર એવણે દેખરેખ રાખવાથી દેવલાલીની અંજુમને એક શીયાલ ઓઢાડી હતી. મરહુમ ઘણા સાદા, ભલા ખવાસના અને મળતાવડા સ્વભાવના હતા.

શેઠ દોરાબજી ડોશાભાઇ ભીમડીવાલા ૬૧ વરસની વયે રોજ ૧૩ મો માહા ૧૦ માને દીને મરણ પામ્યા હતા. શેઠ દોરાબજી પોતાના બાવાના વખતના દારૂઓના મકતાનો ઓહોલો વેપાર ખા૦ બા૦ હોરમજી માણેકજી ભીમડીવાલા તથા ભાઇઓ સાથ ચલાવતા હતા. શેઠ દોરાબજીના પીતા શેઠ ડોસાભાઇએ હોશંગાબાદ, હારડા વગેરે જીલ્લાના દારૂના મકતાઓ લીધા હતા, તેમજ અફીમના ઇજારાઓ રાખ્યા હતા જેનો વહીવટ પોતાના ભાગીઆઓ સાથે મરહુમ બાહોશીથી ચલાવતા હતા. મરહુમની પેહેડીએ હમણા નીઝામ સરકારમાના દારૂના મકતા લેવા માડયા છે. ગયે વરસે જંબુસર તરફ એક રૂ દાબવાનું જીન એવણે ઉભું કીધું હતું. ખા૦ બા૦ હોરમજી સાથે એવણે ઘણા ધરમખાતાંઓમાં નાણાની સારી રકમો આપી હતી. તેમજ મરહુમે રૂ. ૫૦૦ ભોપાલની આરામગાહમાં સુધારો કરવા આપ્યા હતા. ૧૮૯૬ માં મરકીના પેહેલા હીંગામ વેળાએ મુંબઇથી ઉરન જઇ વસેલાઓ માટે હેલથ કેંપ વગેરેની સગવડ માટે ખા૦ બા૦ હોરમસજી સાથે એવણે મેહનત લીધી હતી તે માટે મેલાવડો કરી માનપત્રો આપવામાં આવ્યા હતા.

શેઠ ફકીરજી પેસતનજી સરવેયર ૮૧ વરસની વયે રોજ ૨૦મો માહા ૧૦માને દીને મરણ પામ્યા હતા. મરહુમનો જનમ રોજ ૧૨મો માહા ૩જો ય. સને ૧૨૦૪ને દીને થયો હતો. મરહુમે અત્રેની જુની એલફીનસ્ટ ઇનટીટયુશન મધે સ્કુલ તથા કોલેજની કેળવણી લઇ ૧૮૫૪માં ફ્લેર સ્કોલરની પદવી મેળવી હતી. એવણ પહેલા સરકારી નોકરીમાં ઓવરસીઅર તરીકે રહયા પછી સરવેયર થયા હતા. એ પછી એવણ સીવીલ ઇજનેર તથા સરવેયર કંટ્રાકટર તરીકે ધંધો ચલાવવા માડયો હતો અને મ્યુનીસીપાલીટીના તેમજ બીજા કંટ્રાકટો લેતા હતા. ૧૮૭૫માં નામદાર રાજા સાતમાં એરવરડ પ્રીનસ ઓફ વેલસ તરીકે મુંબઇ આવ્યા ત્યારે મરનારની પેહેડીને શેહરમાં રોશની કરવાનું કંટ્રાકટ મલ્યું હતું. મરહુમ ઘણાજ શરમાલ એકમારગી ગ્રહસ્થ હતા.

શેઠ બેજનજી રતનજી કોટવાલ ૭૬ વરસની વયે રોજ ૩૬ મો માહા ૧૦ માંને દીને દેવલાલી ખાતે મરણ પામ્યા હતા. એવણનો જનમ તા૦ ૧૮ મી જુન ૧૮૪૧ ને દીને થયો હતો. એવણે થાણાની સ્કુલમાં કેળવણી લીધા પછી થાણાના સેશનસ જડજની કોરટમાં એક ક્લારક તરીકે રહયા પછી મુંબઇની સર જ. જી. સ્કુલમાં શીક્ષક તરીકે જોડયા હતા. ૧૮૬૦ માં મુંબઇની સ્મોલ કોઝ કોરટમાં જડજના કલાર્ક તરીકે રહયા પછી થોડુંકમાં ઇનટર-પ્રેટર થયા હતા. એ નોકરી છોડી મી૦ મંદન શ્રી ક્રીશણાજી સોલીસીટરને ત્યાં આરટીકલડ ક્લારક તરીકે રહયા હતા પણ પાછલથી સમોલકોઝ કોરટમાં પાછા ચાલુ નોકરીએ રહયા હતા અને ૩૦ વરસ વેર નોકરી કરી હતી. મરહુમનુ કાયદાનું જ્ઞાન સારૂ હતું તેથી એવણે કાયદાને લગતા પુસ્તકો છપાવી પ્રગટ કીધા હતા. મરહુમ એક ફ્રીમેશન હતા. સ્મોલકોઝ કોરટના ચીફ ત્રાનસલેટર તથા ઇનટરપ્રેટર તરીકે નોકરી બજાવી તા૦ ૧ લી એપ્રીલ ૧૯૦૧ થી પેનસન ઉપર રીટાયરડ થઇ દેવલાલી ખાતે રહેતા હતા.

ખા૦ બા૦ હોરમજજી લીમજીભાઇ બાટલીવાલા જે. પી. ૬૨ વરસની વયે રોજ ૭ મો માહા ૧૧ માને દીવસે પંચગની ખાતે મરણ પામ્યા હતા. અતરેની ગ્રાંટ મેડીકલ કોલેજમાં ગુજરાતી વરગમાં એવણે વઇદ્દાની કેળવણી લઇ ૧૮૭૯ માં એ વરગની સેવટની પરીક્ષા પસાર કીધી હતી. મરહુમે તાવની દવા (એગયુ મીક્ષચર) તેમજ ગોલી, મંજન વગેરે બનાવ્યા હતા જે વરસો થયા આખા હીંદુસ્તાનમાં બાટલીવાલાની દવાને નામે ઘણાજ વખણાઇ ગયા છે. એ દવાઓ બનાવવા માટે વરલી તરફ એક કારખાનું કાઢયું છે. વળી એવણ મુંબઇમાં દાદર તરફ તબીબ તરીકે ધંધો પણ કરતા હતા અને તેમાંથી સારી નામના મેળવી હતી. ૧૯૦૬ ના મારચ મહીનામાં એક સુલેહના અમલદાર અને બે મહીના પછી મુંબઇના એક ઓનરરી મેજીસ્ટ્રેટ તરીકે એવણને નામદાર સરકારે નેમ્યા હતા. એવણ ઓનરરી મેજીસ્ટ્રેટ તરીકે દાદરની કોરટમાં હમેશા નીયમીત હાજરી આપતા હતા. સને ૧૯૧૬ ના નવા વરસની ખુશાલીમાં ડા૦ હોરમજીને ખાનબહાદુરનો ખેતાબ મળ્યો હતો. અતરેની પારસી ફ્રીમેસનની લોજ સાયરસમાં ૧૮૮૨ માં એવણ જોડાયા હતા. એવણે બે વખત નાયલી ખોરદેહ અવસ્તા છપાવી ઘણી નજીવી કીમતે વેચવા મુકી હતી. મરહુમના મરણ માટે તા૦ ૧૭ મી જુલાઇએ દાદર ખાતેની ઓનરરી મેજીસ્ટ્રેટની કોરટમાં દલગીરી જાહેર કરવામાં આવી હતી.

શેઠ કાવશજી પાલનજી ખટાઉ ૫૮ વરસની વયે રોજ ૫ મો માહા ૧૨ માને દીને લાહોર ખાતે મરણ પામ્યા હતા. એવણનો જનમ રોજ ૧૪ મો માહા ૧૧ મો યઝદેજર્દી ૧૨૨૭ ને દીને થયો હતો. એવણ પોતાની નાધલી વયથી નાટકનો જબરો શોખ ધરાવતા હતા તેથી તા૦ ૩ જી ડીસેમબર ૧૮૮૬ ને દીનથી એક એકટર તરીકે શેઠ નશરવાનજી આપઅખત્યારવાલી નાટક કંપનીમાં રહયા હતા અને થોડા વરસ પછી મહમદઅલીની આલફ્રેડ નાટક મંડલીમાં અને પાછલથી શેઠ ખરશેદજી બાલીવાલાની કંપનીમાં ભાગ્યા તરીકે જોડાયા હતા. આજથી ત્રણ દહેકા ઉપર એવણે ન્યુ આલફ્રેડ નાટક કંપની મુંબઇમાં સ્થાપી હતી અને કલકતામાં એક નાટકશાળાની માલેકી ધરાવતા હતા. એવણે સર્વથી મોટું નામ "ખુને નાહક" ના ખેલમાં હેમલેટનો અતી બીકટ ભાગ ભજી બતાવીને મેલવ્યું હતું. નાટક તખતા ઉપર એવણની એકટીંગ ઘણીજ વખાણવાલાયક હતી તેમજ એક અચ્છા એકટર તરીકે ઘણા પંકાઇ ગયા હતા. એવણ નવા ખેલ કરતી વખતે સીનેરી, પરદા, દરેસ પાછલ ઘણો ખરચ કરતા જેથી એવણની કંપની જે બી નાટક કરતી તે સારા વખણાતા હતા. એવણ પોતાની નાટકી ટોળીને લઇ ગામેગામ નાટક કરવા જતા ત્યાં સારૂ માન પામતા હતા એવણની નાટક શકતીની પીછાનમાં નામદાર નીઝામે ૧૯૦૪ માં સોનાનો ચાંદ, ૧૯૦૭ નાં અકટોબરમાં સીંગાપોર ખાતે કરેલા ખેલો વખતે ત્યાં રહીશોએ હીરાજડીત ચાંદ તેમજ એજ શાલના એપ્રીલમાં કોલંબોના રહીશોએ હીરાજડીત સોનાનો ચાંદ અને શેઠ મનચેરજી ફરામજી ખાને પોતા તરફથી સોનાનો ચાંદ શેઠ કાવશજી ખટાઉને એનાયત કીધો હતો. એ મુજબ કરાંચી, લાહોર વગેરે ઠેકાણે કરેલા ખેલો વખતે ચાંદો વગેરે એનાયત થયા હતા. શેઠ કાવશજીની નાટકની કારકીર્દીની જુબીલીનો મેળાવડો સર ફીરોઝશાહ મેહતાના પ્રમુખપણા હેઠળ ૧૯૦૮ ની તા૦ ૧૪ મી અકટોબરે રાતે એમપાયર નાટકશાલામાં એવણ માટે કરવામાં આવેલી બેનીફીટ નાઇટ દરમ્યાન કરવામાં આવ્યો હતો. તે વખતે એવણના મીત્રો અને વખાણનારાઓ તરફથી એક સોનાનો ચાંદ અને મોટું રૂપાનું ફ્લાવર વાઝ ભેટ આપવામાં આવ્યા હતા. એવણે કેટલાક ધરમાદા ખેલો કરી તેની આવક ધરમાદા ખાતા તથા ફંડોમાં આપી હતી.

શેઠ શાપુર એન. ભેદવાર ૫૭ વરસની વયે રોજ ૧૯ મો માહા ૧૨ મા ને દીને મરણ પામ્યા હતા. એવણ નવસારીના ભગર સાથ વંશના એક અથોરનાનજાદા હતા. ૧૮૮૬ માં વેલાત ક્રીકેટ મેચ રમવા પેહેલી ટીમ ગઇ તેની સાથે શેઠ શાપુરજી ગયા હતા અને એ વેલાતની મુલાકાતનો લાભ લઇ ત્યાં ઉંચા પ્રકારની ફોટોગ્રાફી શીખ્યા હતા. એવણે ફોટોગ્રાફીના ચઢતા હુનરનો એટલો બધો અભયાસ કીધો હતો તેથી એક ઉંચી શકતી ધરાવનાર ફોટોગ્રાફર તરીકે ઘણાજ પંકાઇ ગયા હતા. એવણને ગ્લાસગો, કારડીફ, અમેરીકા, કલકતા ખાતે ભરાયલા ફોટોગ્રાફીને લગતા એકઝીબીશનોમાંથી બધાં મલી ૩૧ સોનાના ચાંદો મલ્યા હતા. મુંબઇની જ્ઞાન પ્રસારક મંડલી તરફથી ૧૮૯૩ અને ૧૮૯૫ માં ફોટોગ્રાફીને લગતા ભાષાણો આપ્યા હતા તેમજ ૧૮૯૬ માં હક ઇનસાફ નામનો નાટક લખ્યો હતો જે ઘણો વખણાયલો હતો.

ગુજશતે સાલમાં નીપજેલાં નામીચા પારસી જરથોશતી નર નારીનાં મરણો.

——→:o:←——

ખતમ થતું યઝદેજરદી સને ૧૨૮૫ નું સાલ આપણી પારસી જરથોસતી કોમ માટે ઘણું કમનસીબ નીવડયું છે. આપણી નાનકડી કોમમાંથી ઘણાક વીરલાઓ અને નામાકીત નર નારીઓ આ ફાની જેહાંનથી જીંદગીનો અસબાબ ઉઠાવી મીનોઈ તરફ કુચ કરી ગયા છે, જેમની જગયા પુરાતાં લાંબો વખત લાગશે. એઓમાં એક બાનુ બાઈ માણેકબાઈ હોરમશજી કાવશજી એડનવાલા છે. જયારે જાણીતા નામાકીત વીરલાઓમાં પહેલવહેલા દેશભકત અને મહાન રાજદવારી નર સર ફીરોઝશાહ મેરવાનજી મહેતા હતા. તે પછી સખાવતે બહાદુર શેઠ બમનજી દીનશાહ પીટીટ ચાલી ગયા. ત્યારબાદ શેઠ હોરમશજી મનચેરજી કામા, શેઠ જમશેદજી ખરસેદજી જ. જીજીભાઇ, દસતુર કેખશરૂ જામાસપજી જામાસપ આશાના, શેઠ નવરોજી જાહાંગીર ગામડયા અને છેવટે આપણી કોમના કાબેલ બેરીસ્ટર અને હાઇ કોરટના એકપુરા માનવંત પારસી જડજ ઓ૦ સર દીનશાહ ધનજીભાઇ દાવર બેહેસતનશીન થયા છે. વળી મુંબઈ ઉપરાંત દેશાવર ખાતે બીલીમોરાન જાણીતા શેહેરી શેઠ મનચેરજી શાપુરજી તાતા મરણ પામયા. જો કે આ બધા સપુતો અરધી સદીની ઉમર પસાર કરી ગયા છે તોપણ તેઓની ખુટ આપણી કોમ તેમજ દેશને ઘણી ખોટ ગઇ છે. એઓ બધાના મરણો ખાસ નોંધ લેવા જોગ છે તેથી તેઓનાં જન્મ ચરીત્રો તેઓની સબી સાથે આ કેલેંડરમાં પ્રગટ કીધાં છે. એવા નામીચા કોમહીતકારીઓનાં મરણ અત્યાર અગાઉ એવડી મોટી સંખ્યામાં માત્ર એક વરસની ટુક મુદતમાં થયલાં જણાતા નથી. એ બધાં મરણોની નોંધ અત્રે જુદી જુદી આપી છે, પણ તે પહેલાં દુવા ચાહીએ છીએ કે પરવરદેગાર રહેમ કરે અને એવો બનાવ ભવીશયમાં ફરી બનવા નહીજ પામે, અને એમાં કોમને જે ખોટ ગઇ છે.તેનો બદલો તે કીરતાર બીજી કોઇ પણ રીતે વાલી આપે !

બાઈ માણેકબાઈ હોરમજી કાવશજી દીનશાહ એડનવાલા.

ઉમર વરસ ૫૬.



જનમ—રોજ ૩ જે માહા ૧૦ મો શેહેનશાહી સને ૧૨૨૯ યઝદેજરદી
તારીખ ૨૩ મી જુન સને ૧૮૬૦ ઈસ્વી,
સંવત ૧૯૧૬ ના આસાડ સુદ ૫ ને વાર સનેઉ.

મરણ—રોજ ૧ લો માહા ૨ જો શેહેનશાહી સને ૧૨૮૫ યઝદેજરદી,
તારીખ ૧૨ મી અકટોબર સને ૧૯૧૫ ઈસ્વી,
સંવત ૧૯૭૧ ના આસો સુદ ૪ ને વાર મંગળ.

બાઈ માણેકબાઈ હોરમજજી કાવશજી દીનશાહ એડનવાલાનું દુઃખદાયક મરણ અને તેમનું જનમ ચરીત્ર.

ગુજસતે સાલે જે અરધો ડજન કોમહીતકારી તથા લોકરક્ષી નામીચા પારસી જરથોસ્તીઓના કીમતી જીવોનાં ભોગ લીધા છે, તેઓમાં એક તો બાનુ છે, કે જેઓ મુંબઈ તેમજ એડનના શાહુ વેપારી અને અકાબર શેઠયા સખી વજુદ શેઠ હોરમજજી કાવસજી દીનશાહનાં ધણીઆણી બાઈ માણેકબાઇ હતાં. મરહુમ બાઈ માણેકબાઇની કારકીરદી તેમના ભરથાર શેઠ હોરમજજીની ઝલકતી કારકીરદીમાં સમાઈ જાય છે. એવણુની કારકીરદી ટુકી, તોપણ ધરમી, પરમારથી, કોમહીતકારી, અને તેટલા માટે કોમની માતાઓએ તેમજ દીકરી વહુઓએ નકલ કરવા જોગ છે. મરનાર આ જમાનાને બરની કેલવણી પામેલાં હતાં અને પોતાનાં હુમજાતીઓની સેવા સારી બજાવી ગયાં છે. તે સેવા ખાસ કરી ધરમધ્યાન તથા દયાદાનમાં સમાયલી છે. એ સદગુણોનું મંડાણ એ ખાનદાનમાં મરહુમ શેઠ કાવસજી દીનશાહથી થયું હતું, અને તેની ખીલવણી શેઠ હોરમજજી દીનશાહથી થઈ છે, જે હજુ સુધી ચાલુ છે અને ચાલુ રેહશે. મરહુમ બાઇજી માણેકબાઈ જાતે સખી દીલગુરદાનાં હતાં, અને તેમાં વલી તેમના સખી સસરા તથા સુલક્ષણી પતીથી વધારો થયો હતો. એવણે પોતે હજારો રૂપ્યાનાં ધરમ ધ્યાન તથા દયા દાન કીધાં છે, પણ તે મોટે ભાગે ગુપચુપ તથા ખાનગીપણે થયાં છે. ઉપરાંત શેઠ હોરમજજી પોતે જે અસંખ્યાત ધરમ ધ્યાન તથા દયા દાન કરતા આવ્યા છે, તેમાં તેમનાં આ સખીતબે મરહુમ ધણીઆણીની સલાહ, સાહયતા તથા મદદ બહુ ઉતેજન દેનાર થઈ પડયાં હતાં. એટલે જે સખાવતો શેઠ હોરમજજી તરફથી અથવા તેઓને નામે થઇ છે તે એક લેખે બાઇ માણેકબાઇની પણ ગણી શકાય. એઓના બીજા ગુણો પણ વખાણવા તથા અબળા જાતીને જેબ આપે તેવા હતા, જેમાં મુખ્ય સાદાઇ, સાલેસાઈ, નમનતાઈ તથા પાકી પરહેજગારીનો હતો. એવણુ એક લક્ષાપતી બાનુ હોવાથી રાજવંશી ભપકો કરી શકે એવી તેમની હાલત હતી, તોપણ એઓ સાદાઇને પસંદ કરતાં તથા સાદા સણગાર અને પોતાના સદગુણો વડેજ શોભતાં હતાં. તેમનાં મરણથી પારસી જરથોસ્તી કોમમાં, ખાસ કરી એડનની પારસી વસ્તીમાં, જુનાં વખતનાં એક નમુનેદાર તથા નકલ કરવા જોગ બાઈની ખોટ પડી છે, જે માટે આપણે વીલાપ કરીશું, અને તેજ વેલા તેમનાં પાક રૂહ માટે બુલંદ બેહસ્તની રાહત ચાહીશું.

બાઈ માણેકબાઈ હોરમજી કાવશજી દીનશાહ એડનવાળાનો જનમ રોજ ૩ જે અરદીબેહસ્ત અમસાસપંદ માહ ૧૦ મો દેહ દાદાર શેહેનશાહી સને ૧૨૨૯ યઝદેઝરદી, તા૦ ૨૩ મી જુન સને ૧૮૬૦, હીંદુઓના સંવત ૧૯૧૬ ના આસાડ શુદ ૫ ને વાર શની ને દીને મુંબઈમાં થયો હતો અને એવણનું અકાળ મરણ લાનોલી ખાતે રોજ ૧ લો દાદાર હોરમજદ માહા ૨ જો અરદીબેહસ્ત અમસાસપંદ શેહેનશાહી સને ૧૨૮૫ યઝદેજરદી, તા૦ ૧૨ મી અકટોબર સને ૧૯૧૫, હીંદુઓના સંવત ૧૯૭૧ ના આસો સુદ ૪ ને વાર મંગલને દીને નીપજવાથી મરણ વખતે એવણની વય ૫૫ વરસ અને ૪ મહીનાની હતી.

બાઈ માણેકબાઈ કલકતાના જાણીતા શેહેરી શેઠ નશરવાનજી કુવરજી એરશાહીનના બેટી થતાં હતાં. શેઠ નશરવાનજી કલકતા ખાતે પેહલા મોટા પાયા ઉપર વેપાર ચલાવતા હતા તે પછી એવણ મુંબઈ આવી વસીયા હતા અને ૧૮૯૬ ના સાલમાં બેહેસતનશીન થયા હતા. બાઈ માણેકબાઈ પોતાના બચપણમાંજ પોતાના માતાજી મરહુમ બાઈ ડોશીબાઈને ખોહી બેઠાં હતાં તેથી એવણના પીતાજી તથા મમાઈ બાઈ ખરશેદબાઈની કાળજીભરી સંભાલથી પલાઈને મોટાં થયાં હતાં. એવણના ભાઈ શેઠ કુવરજી હાલ હેયાત છે. એવણે કોટની પારસી છોકરીઓની સ્કુલમાં તે વખતને અનુસરતી સારી કેળવણી લીધી હતી.

બાઈ માણેકબાઈની શેહાડી ૧૫ વરસની વયે મુંબઈ તેમજ એડનના જાણીતા શાહ વેપારી મરહુમ શેઠ કાવશજી દીનશાહ સી. આઈ. ઈ. ના વડા બેટા સખી વજીદ શેઠયા શેઠ હોરમજીની સાથે રોજ ૨ જો બહમન અંસાસપંદ માહા ૫ મો અમરદાદ અંસાસપંદ શેહેનશાહી સને ૧૨૪૪ યઝદેજરદી, તા૦ ૨૦ મી જાનેવારી સને ૧૮૭૫ ને દીને તારદેવ ખાતેના જાણીતા એડનવાલા બાગમાં ભારે ધામધુમથી થઈ હતી. એની ખુશાલીમાં લાગત સાત દીવસ સુધી ખાણી પીણી ચાલુ રહી હતી. એવોને ત્યાં ત્રણ બેટાઓ અને એક બેટીની વૃધી થઈ છે. તેમાં વડા બેટા શેઠ ફ્રામરોઝ અને બીજા બેટા શેઠ દીનશાહજીની શેહાડી એવણના મરણની થોડા માસ અગાઉ કરવામાં આવી હતી. જ્યારે એવણના એક પુરા બેટી બાઈ આલામાયની શેહાડી ભારે ધામધુમથી કરનાર હતા તેટલા એવણનું અકાળ મરણ નીપજ્યું છે. એવણના ત્રીજા બેટા શેઠ નશરવાનજી કરીને છે.

બાઈ માણેકબાઈના ધણી શેઠ હોરમજી આપણી કોમના માન પામેલા જાણીતા સખી વજીદ શેઠયા છે. એવો શેઠ મુંબઈ તેમજ એડન શેહરમાં ઓહોળા પાયા ઉપર વેપાર ચલાવતા શાહ સોદાગર શેઠો કાવશજી દીનશાહ તથા ભાઈઓની પુરાણી પેહેડીના આગેવાન ભાગયા છે. શેઠ હોરમજીએ પોતાની કોમના ફાયદા માટે તેમજ સારવજનીક સખાવતમાં દર વરસ હજારો રૂપ્યાની રકમો આપતા રહ્યા છે. શેઠ હોરમજીની કોમી અને સારવજનીક સેવાઓ જગ જાહેર છે અને એવણે પોતાના ઉમદા ગુણો, વેપારી સાહસીકપણ તથા સખાવતી દીલસોજીને લીધે મુંબાઈ ઉપ-

સાંત એડન શેહરના પારસીઓ તેમજ સરવે કોમવાળાઓનું માન તથા ચાહ જીતી લીધો છે. વળી સરકાર દરબારમાં પણ મોટું માન મરતબો તથા વીશવાસ મેળવ્યો છે. એવો શેઠની આવી સેવાઓની કદરસનાશીમાં એમને ૧૯૧૧ ના સાલમાં એમ. વી. ઓ. યાને "મેમબર ઓફ ધી રોયલ વીકટોરીઅન ઓરડર"નો નામીચો ખેતાબ નામદાર બ્રીટીશ સરકારે એનાયત કરયો હતો. શેઠ હોરમજીએ એડન ખાતે પોરચુગલ સરકારની બજાવેલી કીમતી સેવા માટે સને ૧૮૯૨ ના સાલમાં "ધી કમાનડર ઓફ ધી રોયલ મીલીટરી ઓરડર ઓફ આવર લેડી ઓફ કનસેપશન ઓફ વીલા વીકોઝા"નો ખેતાબ પોરચુગલની નામદાર સરકારે એનાયત કરી માન આપ્યું હતું. શેઠ હોરમજી એડનમાં એટલાં બધાં લોકપ્રીય થઇ પડયા છે કે એવણ પોતાના ફરજંદો શેઠો ફરામરોજ તથા દીનશાહની શેહાડી કરવા તા૦ ૭ મી મારચ ૧૯૧૫ ને દીવસે મુંબઇ આવવા એડનથી ઉપડયા તે ટકનો લાભ લઇ એવો સાહેબને મુબારકબાદી આપવા અને સફલ સફર ઇછવા માટે તા૦ ૬ ઠી મારચે એડનની સઘળી કોમે મેલાવડો કરી સારૂં આદરમાન આપયું હતું તેમજ જરથોસ્તીઓ તરફથી એ દીને રાતે મેરવાન બાગમાં એઓના માનમાં ખાણાનો મેલાવડો કરવામાં આવ્યો હતો.

બાઈ માણેકબાઈ ઘણા રાંક તથા માયાલુ હતા અને પોતાના મીલનસાર સ્વભાવથી પોતાના કુટુંબીઓનો નહીંજ પણ સગાવાહલાઓ અને દોસ્ત આશનાઓનો ઘણો ચાહ જીતી લીધો હતો. વળી એવણ પોતાની સાલેશ રીતભાતથી એડનના ખોજા, વોરા, વાણીયા અને આરબ કુટુંબીઓની બાનુઓની ઘાડી મીત્રાચારી અને મોહબત મેલવી શકયા હતા. મરહુમને ગરીબો તરફ ઘણી દાઝ હતી અને તેઓને સારી છુપી મદદ કરતાં હતાં. એવો બાઈ અશલી વીચારનાં હતાં અને પોતાના ધરમ ઉપર ચુસ્ત રહી તેના ક્રીયા કામો તરફ એતેકાદ રાખતાં હતાં.

નામદાર શેહેનશાહ જયોરજ તથા શેહેનશાહબાનુ ડયુક તથા ડચેશ ઓફ કોનકેશતર તથા યારક તરીકે આશત્રેલીયા ખાતે સને ૧૯૦૧ નાં સાલમાં પધારતા મારગમાં એડન ખાતે ઉતરયા હતા, તે વખતે એ નામદારોની મુલાકાતનું માન એવણને મળ્યું હતું અને તેઓને હાર, તોરા મરહુમે ભેટ આપ્યા હતા. વળી નામદાર શેહેનશાહ જયોરજ પોતાના બાનુ શેહેનશાહબાનુ મેરી સાથે ૧૯૧૧ ના સાલમાં હીંદુસ્તાન ખાતે તાજપોશીની ક્રીયા કરવા આવ્યા હતા તે વખતે એડનની બ્રીટીશ રેશીડનસીમાં એ નામદારોના માનમાં થયલા મેલાવડામાં નામદાર શેહેનશાહબાનુ મેરીએ બાઈ માણેકબાઇ સાથે પોતાની બીજી વખત મોલાકાત થઈ તે માટે ખુશાલી દેખાડી પોતાની નજદીક ખુરસી ઉપર બેસવાનું અનુપમ માન મરહુમને આપ્યું હતું.

બાઈ માણેકબાઈ મુસાફરી કરવાનો તેમજ દુન્યાના જુદા જુદા ભાગો જોવાનો ઘણો શોખ ધરાવતા હતા. તેથી પોતાના ધણી શેઠ હોરમજીની સ્ટીમરમાં વારનવાર [illegible] જતાં હતાં અને એડનની આજુબાજુના બરબેરા, ઝેલા, જેદા, મસોવા

વગેરે ઘણા શેહરો તથા ગામોની મુલાકાત લઈ આવ્યાં હતાં. વળી આફ્રીકામાં આવેલા એબીસીનીયાના આશમારા શેહર પોતાના ધણી તથા દીકરા શેઠ નશરવાન સાથે ૧૯૦૪ના સાલમાં જોઈ આવ્યાં હતાં. એ ઉપરાંત તરકી રાજ્યને લગતા કોનશતનતીનોપલ, બેરૂત, દામાશકશ તથા બાઉનત લેબનન જેવા સુંદર શેહેરોની મુલાકાત લીધી હતી. એવણ જયારે કોનશતનતીનોપલમા હતાં તે વખતે ત્યાંની તરકી નવી પારલામેંટ ઉઘડયાનો પેહલા વરસનો મોહોતશવ ધામધુમથી પાલવામાં આવ્યો હતો. એની ખુશાલીમાં થયલા લશકરી કવાયડના મેલાવડામાં મરહુમની હાજરી જોઇ લશકરી અમલદારોએ એવણને સારી જગાપર બેસાડી ઘણી મદારત કરી મોટું માન આપ્યું હતું. વળી બોશફરસની મોટી ખાડી ઉપર આતશબાજી તથા ભભુકદાર રોશની કરવામાં આવી હતી. એ જોવાને પારલામેન્ટના મેમબરો જે સ્ટીમરમાં ફરવા નીકલ્યા હતા, તેમાં પોતા સાથે આવવાને મરહુમને તેમજ એવણના ધણી શેઠ હોરમજીને ઈજન કરી ઘણું સારૂ આદરમાન આપ્યું હતું.

અમેરીકા ખાતેના બોશતન શેહેરમાં ૧૯૧૨ ના સાલમાં દુન્યાના સઘળા વેપારી મંડળોની ભરાયલી કોનગ્રેસમાં મરહુમના ધણી શેઠ હોરમજીને એડનની ચેમબર ઓફ કોમરસ તરફથી હાજર થવાનું મોટું માન મલ્યું હતું તેમજ બાઇ માણેકબાઈ તથા એવણના બેટી બાઇ આલામાયને યજમાન તરીકે નોતરવામાં આવ્યાં હતાં. આ કોનગ્રેસમા એક હજાર પ્રતીનીધીઓના ભરાયલા ગંજાવર મેલાવડામાં એવણ તથા દીકરી બાઇ આલામાય પારસી દરેશમાં ત્યાં પધારવાથી હાજર રહેલા સરવેનું ધ્યાન ખેંચાયું હતું. બધા જણાઓ લગભગ એક માસ સુધી એ કોનગ્રેસના પહેરોનાઓ તરીકે રહયા હતા, તે દરમ્યાન નાએગારા ફોલસ, બફેલો, ફીલાડેલફીયા, દેતરાઇટ, વોસીંગટન, ન્યુ યોરક વગેરે બીજા જોવા લાયક શેહેરોમાં ફરીહરી એડન પાછા ફરીયાં હતાં. એવણની મુશાફરી દરમ્યાન બોશતન શેહરમાં એક જાહેર મોટું ખાણું આપ વામાં આવ્યું હતું, જ્યાં બાઇ માણેકબાઇ, એવણના ધણી તથા દીકરીને અમેરીકાના પ્રેસીડન્ટ મી૦ ટાફ્ત સાથ ઓલખાન કરાવવાનું માન મલ્યું હતું.

બાઇ માણેકબાઈ પોતાના ધણી શેઠ હોરમજી અને દીકરી બાઇ આલામાય તથા દીકરા શેઠ નશરવાન સાથે સને ૧૯૦૨, ૧૯૦૫, ૧૯૦૯ અને ૧૯૧૨ ના સાલોમાં યુરોપની ચાર વખત સફરે જઈ આવ્યાં હતાં. એવણ યુરોપની મુસાફરીએ સને ૧૯૧૨ નાં સાલમાં ગયાં, તે વખતે તે તકનો લાભ લેઈ એવોને મુબારકબાદી આપવા તથા શફળ સફર ઇચ્છવા તા૦ ૩ જી જુનને દીને સઘલી કોમો તરફથી મેલાવડો કરી આદરમાન આપવામાં આવ્યું હતું. તેમજ જરથોસ્તીઓ તરફથી એવણને રાતે એરવાન બાગમાં ખાણું આપ્યું હતું.

બાઈ માણેકબાઇ હાફ્નના દરદથી સીક ચાલવાના સબબે ડાકટરોની સહલાથી એવણને લાનોલી ખાતે મરણની એક દીવસ અગાઉ લઈ જવામાં આવ્યાં હતાં પણ ત્યાં એવણની તબીયતમાં વધુ બીગાડો થઈ લાનોલી ખાતેજ એવણનું અકાળ મરણ

એતે નીપજયું હતું. બાઈ માણેકબાઈનાં રવાનને લાનોલી ખાતે રાખી એવણની પાયદસ્તની ગંભીર ક્રીયા સવારના કરવામાં આવી હતી. એ વખતે મરહુમ બાઇને છેવટનું માન આપવાને લાનોલી તેમજ મુંબઇ વગેરે દેશાવરો ખાતેથી જરથોસ્તી બાનુઓ અને ગ્રહસ્થોની મોટી સંખ્યાએ હાજર થઈ મોટું માન આપ્યું હતું. મરહુમ બાઈ માણેકબાઈના માનમાં એડનના જરથોસતી દુકાનદારોએ પોતાની દુકાનો એ દીવસે બંધ રાખી હતી.

બાઇ માણેકબાઇની થયલી ઉઠમણાની ગંભીર ક્રીયા.

બેહેસતનશીન બાઇ માણેકબાઇ તે શેઠ હોરમસજી કાવસજી દીનશાહ એડન-વાલાનાં ધણીઆણીના ઉઠમણાની ગંભીર ક્રીયા મુંબઈ ખાતે તારદેવ ઉપર આવેલા જાણીતા એડનવાળા બાગમાં પાછલા પોહોરના ૩ કલાકે કરવામાં આવી હતી. એ વખતે જરથોસતી બાનુઓ તેમજ ગ્રહસ્થોની મોટી સંખ્યા હાજર થઇ હતી. તેમજ મોબેદ સાહેબો બી મોટી સંખ્યામાં હાજર થયા હતા. મરહુમના ઉઠમણાની ક્રીયા પુરી થવા બાદ એવણના પુનુ માટે મરહુમની પોતાની પુંજીમાંથી, તેમજ મરહુમના ખાવીંદ, છોકરાઓએ અને કુટુંબીઓ તરફથી રૂ૨૧,૨૩૩ ની નાદર રકમ ધરમ ખાતે આપવાનું જાહેર કરવામાં આવ્યું હતું જેની વીગત નીચે મુજબ છે:—

	રૂપીઆ.
મરહુમ બાઈ માણેકબાઈની પોતાની પુંજીમાંથી	૫૦૦૦
મરહુમના ખાવીંદ શેઠ હોરમસજી કાવસજી દીનશાહ એડનવાલાએ	૧૦૦૦૦
મરહુમના દીકરા શેઠ ફરામરોજ તથા વહુ બાઈ પીરોજાએ....	૧૦૦૦
મરહુમના દીકરા શેઠ દીનશાહ તથા વહુ બાઇ મેહેરબાઈએ	૧૦૦૦
મરહુમના દીકરા શેઠ નશરવાનજીએ	૧૦૦૦
મરહુમના દીકરી બાઈ આવાંબાઈએ	૧૦૦૦
મરહુમના ભાઈ શેઠ કુવરજી નશરવાનજી આસકીને	૫૦૦
મરહુમના દેર શેઠ કેકોબાદ કાવસજી દીનશાહ એડનવાલા તથા તેવણના ધણીઆણી બાઈ ખરશેદબાઇએ	૧૦૦૦
મરહુમના ભત્રીજીઓ બાઈઓ મેહેરબાઈ, જરબાઇ, તથા શેહેરાં કેકોબાદ કાવસજી દીનશા એડનવાલાએ	૫૦૦
મરહુમના દેર શેઠ સોરાબજી કાવસજી દીનશાહ એડનવાલા તથા તેવણનાં ધણીઆણી બાઇ ધનબાઈએ	૧૦૦૦
મરહુમના ભત્રીજાઓ શેઠો દોરાબજી તથા કાવશજી અને બાઈઓ બાનુ-બાઇ, તથા નવાજબાઈ સોરાબજી કાવશજી દીનશાહ એડનવાલાએ....	૫૦૦
મરહુમના દેર શેઠ શાવકશાહ કાવસજી દીનશાહ એડનવાલા તથા તેવણનાં ધણીઆણી બાઇ આવાંબાઈ તથા છોકરાંઓએ	૧૦૦૦

મરહુમનાં નરન બાઈ કુંવરબાઈ રતનજી એડનવાલાએ	[illegible]
મરહુમના ભાણેજો શેઠો કેખશરૂ તથા મેહેરજીબાઇ રતનજી દોરાબજી એડનવાલા અને તેવણુનાં ધણીઆણી બાઇ [illegible]એ....	[illegible]
મરહુમનાં નરન બાઈ [illegible] તથા તેવણુના આવીંદ શેઠ [illegible] બરજોરજી દીનશાહ એડનવાલાએ	[illegible]
મરહુમના ભાણેજો શેઠો નવરોજી, ફરામરોઝ તથા કાવસજી રૂસતમજી એડનવાલાએ	૫૦૦
મરહુમનાં નરન બાઈ શીરીનબાઇ તથા તેવણુના દીકરા શેઠ દીનશા દારાબશા એડનવાલાએ	૧૦૦
મરહુમનાં કાકાનાં દીકરી બાઈ ડોસીબાઇ રૂસતમજી માસતરે....	૨૫
શેઠ હોરમસજી માણેકજી સકલાતવાલાએ	૧૦૦
બાઇ જરબાઈ હોરમસજી સકલાતવાલાએ	૧૫૦
શેઠ એદલજી હોરમસજી સકલાતવાલાએ	૧૦૦
બાઈ ભીખાઇજી દીનશાજી સોપારીવાલાએ	૫૧
મરહુમ શેઠ કાવસજી રૂસતમજી બાટલીવાલાના છોકરાઓએ	૨૫
શેઠ જાલભાઇ કાવસજી બાટલીવાલાએ	૨૫
બાઈ બાઈઆઇ નશરવાનજી બાતલીવાલાએ	૧૫
શેઠો બેજનજી તથાં જમશેદજી રૂસતમજી કરવાએ	૫
શેઠ બરજોરજી સોરાબજી કુપરે	૨૫
મરહુમનાં મીત્રો શેઠ સોરાબજી ફરામજી બેંકર તથા ધણીઆણી બાઇ શીરીનબાઇએ	૫૦
શેઠ એદલજી હોરમસજીએ	૫૧
બાઈ મેહેરબાઈ દોરાબજી ફરદુનજી વાછા તથા કુટુંબે	૧૦૧

ઉપલી રકમમાંથી મરનારની નેયતે એક આરામગાહ ગરીબ પારસીઓ માટે બાંધવાનો વિચાર રાખેલો છે.

ઑાનરેબલ સર ફીરોઝશાહ મેરવાનજી મેહતા, બેરીસ્ટર,

એમ. એ., કે. સી. આઈ. ઈ.

હીંદના જાણીતા દેશભક્ત શેહેરી અને રાજદ્વારી યોદ્ધા.

ઉમર વરસ ૭૦.



જનમ—રોજ ૧૧ મો માહા ૧૧ મો શેહેનશાહી, માહા ૧૨ મો કદમી સને ૧૨૧૪ યઝદેજરદી.
તારીખ ૪ થી આગસ્ટ સને ૧૮૪૫ ઇસ્વી,
સંવત ૧૯૦૧ ના શ્રાવણ શુદ ૧ ને વાર સોમ.

મરણ—રોજ ૨૫ મો માહા ૨ જો શેહેનશાહી. માહા ૩ જો કદમી સને ૧૨૮૫ યઝદેજરદી,
તારીખ ૫ મા નવેમબર સને ૧૯૧૫ ઇસ્વી,
સંવત ૧૯૭૧ ના આશો વદ ૧૩ ને વાર શુકર.

ઓ૦ સર ફીરોઝશાહ મેહરવાનજી મેહતા,

કે. સી. આઈ. ઈ.

તેમની અરધી સદીની ઝલકતી કારકીરદી અને જાણવાજોગ દેશ સેવા.

ગુજસ્તે યઝદેજરદી ૧૨૮૫ નાં સાલમાં જે નામીચા પારસી જરથોસ્તીઓનાં દુઃખદાયક મરણ નીપજ્યાં છે, તેઓમાં હીંદના જાણીતા દેશભકત શેહેરી અને મુંબઇના તાજ વગરના રાજા ઓનરેબલ સર ફીરોઝશાહ મેહરવાનજી મેહતા, બેરીસ્ટર, કે. સી. આઇ. ઈ. નું નીપજેલું અતી ગમખાર મરણ ખાસ નોંધ લેવા જોગ, વધારે દુઃખદાયક તથા વીશેષ અફસોસકારક છે. સર ફીરોઝશાહ પોતાનાં અનુપમ બુદ્ધિ બલ તથા જાહેર હીંમત વડે જન સેવા, પોતાની કોમની તેમજ સામાન્ય રીતે તથા મોટે ભાગે સ્વનગર અને સ્વદેશની, પોતાની આખી જીંદગી દરમ્યાન મરણ તુલીક બજાવી ગયા છે. એવણે બજાવેલી એવી સેવાનો ખુલાસો એમના આ એક મુદ્રાલેખમાં મલે છે કે, "હું પહેલો હીંદી છું, અને પછી પારસી."

આ ઉપરથી એમ નહી સમજવું કે એઓનો પ્રેમભાવ પોતાની કોમ પ્રત્યે કમી હતો, યા એવણે કોમી સેવા બજાવી નથી, કાંકે એ શેઠની સારવજનીક સેવામાં કોમી સેવા પણ સમાઇ જાય છે, અથવા તેનો લાભ કોમને પણ મલેલો છેજ. ઉપરાંત એઓએ કોમની દાઝ હંમેશ દીલે રાખી પ્રસંગોપાટ જ્યારે પણ જરૂર પડી છે ત્યારે ખાસ કરી કેટલાક મુશકેલ સમયમાં, જેવા કે પારસી હુલડ વખતે, પારસી દખમા કેસ વખતે કોમની ખાસ સેવાઓ પણ બજાવી છે. એઓએ સારવજનીક સેવાનો, સ્વદેશ ઉન્નતીનો, રાજદ્વારી જુમબેશનો, જાહેર લડત વગેરેનો જે હીમાલ્યન જુંમો પોતાને માથે ઉથાવ્યો હતો તે જબરો તથા ઠાકવી નાખનારો હતો, તેનો ખરો ખ્યાલ એટલાથીજ આવશે કે, એ બોજાને લીધે તો મરહુમ સર ફીરોઝશાહની દેહ પાછલથી લથડી પડી હતી, અને તેથી એમની અમુલ્ય જીંદગીનો અંત વહેલો આવ્યો હતો. સર ફીરોઝશાહ એક પ્રજાકય માણસ હતા—ના એટલુંજ નહી પણ પ્રજાકય યુધ્ધા હતા. એક યુધ્ધો યા પેહલવાન જેમ લડવા માટે જન્મે, લડવા સાથે જીવે ને લડતો લડતો મરે તેમ એઓની જીંદગી પણ લડત અને લડવામાંજ પસાર થઇ છે. તે લડત કોમનું ભલું કરનારી, દેશ તથા દેશીઓનું કલ્યાણ કરનારી, શેહર તથા શેહરીઓના હકો જાલવનારી, રાજ્ય તથા રાજાની મજબુતી વધારનારી, સરકાર તથા પ્રજા વચ્ચે પ્રીતિ વધારનારી, તથા ન્યાય, નીતિરીતી, સ્વતંત્રતા તથા હકોની જાલવણી કરનારી હતી. એઓ કલમ તથા જીભથી એ બધી લડતો લડયા છે, અને તે એવી હીંમત, એટલી બહાદુરી, અજબ ચીવટપણાં, વખાણવાજોગ સમય સુચકતા તથા કલા કુનેહથી લડયા છે, કે જેવી લડત એ કીસમના બીજા નામીચા લડવઇયાઓએ લડેલી કવચીતજ આપણે જાણી હશે, અને જે લડતે લગભગ સઘળા દાખલામાં ફતેહ મેલવીને ધારેલી નેમો પાર પાડી આપી છે.

સર ફીરોઝશાહની એ લડતો યા સેવાઓ તરેહવાર દીશા તથા બેશુમાર ભાગ વિભાગોમાં વહેંચાઇ ગયલી છે, જેની જરૂર જોગી નોંધ હેઠલ પ્રગટ કરેલાં તેમનાં ટુંક જન્મ ચરિત્રમાં જોવામાં આવશે. અમે "ટુંક જન્મ ચરિત્ર" એમ એટલા માટે કહીએ છીએ કે, તેમની બહોલી કારકીરદી તથા અસંખ્યાત સેવાઓ જોતાં તેમનું પરિપુરણ જન્મ ચરિત્ર આ કેલેન્ડરની સંકોચીત કટારોમાં આપવું બીલકુલ અશકય છે. તે ઉપરથી આપણે જોઇ શકીએ છીએ કે, એમનાં બુધ્ધીબલ, સેવા યા લડતનો મોટો ભાગ મુંબઇની મ્યુનીસીપલ કારપોરેશન, ધારા

સભા તથા યુનીવરસીટી અને નેશનલ કોંગરેસને ફાલે આવે છે. કારપોરેશનમાં બીરાજી એક કારપોરેટર તરીકે એઓએ વરસો સુધી બજાવેલી શેહર તથા શેહરીઓની સેવા એટલી સર્વોપરી હતી કે, તેવી સેવા બીજા કોઇએ બજાવી નથી, એ વિષે હવે બે મત છેજ નહી. વળી એવણુની આવી બાહોશીની પીછાંન કારપોરેશને એવણુને અનેક વાર ફરી ફરીને પોતાના પ્રમુખ તરીકે ચુંટી કાઢીને કરી હતી. ત્યાંની એવણુની લડત એટલી જુસ્સાદાર તથા ફતેહમંદ હતી કે, તેને સિંહની બરાબરની ગણી એવણુને શેહર સમાજના "સિંહ"ની ઉપમાં એવણુની હઇયાતીમાંજ આપવામાં આવી હતી. એથી પણ આગળ વધી એમની ફતેહમંદ લડતોનાં કારણે વલી એવણુને "વગર તાજના રાજા" કહેવામાં આવતા હતા. જે એક પુરૂષ એટલી બધી નામના મેલવવાને ભાયગશાલી થાય તેની ફતેહમંદ કારકીર્દી તથા લોકપ્રિયતા માટે વિશેષ સીફારસ શું જોઇયે ?

મુંબઇની ધારા સભા સંબંધી એવણુની કારકીર્દી પણ એવીજ ઝલકતી છે. એવણુ ધારા સંબંધી પાકટ જ્ઞાન અને ઉંચા અનુભવને લીધે વરસો સુધી બીન હરીફાઇએ ધારાસભામાં બેઠક ધરાવતા રહયા હતા અને પ્રજાના પુર સંતોષ વચ્ચે પોતાનું કામ કરીયા જતા હતા.

સર ફીરોઝશાહ માટે એકલી પ્રજા મગરૂર છે અને એમની કાબેલીયત માટે ઉંચું મત ધરાવે છે એટલુંજ નહી, પણ નામદાર સરકાર એવણુની કાબેલીયત માટે મોટું માન ધરાવે છે. આ બીનાનો એક અચછો પુરાવો, લોરડ સેનડ્હરસ્તના વખતમાં મલયો હતો. મુંબઇમાં મરકીએ ભારે ગભરાટ ફેલાવાથી તે વેળા જે ઉપાયો લેવામાં આવયા તેમાંનો એક શેહેર સુધારાનું ત્રસ્ત હસ્તીમાં લાવવાનો હતો. સર ફીરોઝશાહ માંદગીને સબબે ઈંગલંડ હોવાથી તેને લગતા અગતના ખરડામાં તેમની સલાહનો લાભ સરકારને નહી મળે તો કાયદો જોઇએ તેવો સારો નહીં બંધાય એમ સરકારને લાગવાથી એવણુને જલદીથી મુંબઇ પાછા ફરવા અને શેહેર સુધારાનો કાયદો બાંધવામાં મદદ કરવા તારનો સંદેશો મોકલયો હતો. સર ફીરોઝશાહ જો કે બીકટ વાઢકાપમાંથી થોડા દીવસના ફારેગ થયા હતા, અને આસાયશની જરૂર હતી, પણ પ્રજા સેવાની માગણી થતાં તેઓ તુરત ઇંગલંડથી ઉપડયા હતા. એવણુ અત્રે આવવા બાદ ત્રણ દીવસની ભારે તકરાર પછી તે કાયદો પસાર થયો હતો, જેની આખેરીએ નામદાર ગવરનર લોરડ સેનડહરસ્તે સર ફીરોઝશાહે આપેલી કીમતી મદદ માટે તેમનો ઉપકાર માનયો હતો.

સર ફીરોઝશાહ હિંદુસ્તાનની સરકાર યા નામદાર વાઇસરાયની ધારા સભામાં બીરાજવાનું ચઢતું માન પામ્યા હતા અને ત્યાંબી એવણુ પોતાનાં ઉમદા ગુણો વડે ઘણા દીપી નીકલ્યા હતા. જો, સંજોગ બન્યા હોતે યા તક મલી હોતે તો, એઓ સરકારની એકઝીકયુટીવ (કારોબારી) કાઉનસીલના મેમબર, યાતો ગ્રેટબ્રીટનની પારલામેંટના મેમ્બર પણ થઇ શકતે, પણ એવણુને એટલી બધી ફુરસતજ હતી નહી.

મુંબઇની યુનીવરસીટીનો ચઢતામાં ચઢતો દરજજો, જે ચાન્સેલર બાદ કરતાં, વાઇસ ચાનસેલરનો છે, તે એવણુ પામયા હતા, તો જો કે જીંદગીએ યારી નહી દેવાથી તેનો ભોગવટો એઓ કરી શકયા નહી. તોપણ યુનીવરસીટીના ફેલો તરીકે કેલવણી, ખાસ કરી ચઢતી કેલવણીના સંબંધમાં જે સેવા એઓએ બજાવી છે તે કાંઇ જેવી તેવી નથી. એવણે યુનીવરસીટીની વરસો સુધી બજાવેલી આવી કીમતી સેવાઓની પીછાનમાં એલ. એલ. ડી. ની નામીચી ડીગ્રી એવણુને એનાયત કરવાનો ઠરાવ થયો હતો, પણ કમનસીબે એવણુનું મરણ નીપજવાથી તે એનાયત થઇ હતી નહી.

સર ફીરોઝશાહની દેશ સેવાઓમાંની કલગીર સમાન સેવા, હિંદી પ્રજાકય કોંગ્રેસની છે. એ મંડલને સ્થાપવામાં, તેને વધારવામાં, તેને પ્રજા તેમ સરકારના વિશ્વાસમાં લાવવામાં, અને એક વાર તેને પડી ભાગતું બચાવી તેની હાલની "મોડરેટ" હાલતમાં લાવવામાં એવણે

સિદ્ધને ભાગ ભજવયો છે; અને જો એ મંડલ પોતાની મુલ નેમ જે હિંદને "સ્વરાજ" અપાવવાની છે, તે નેમ પાર પાડવામાં જયવંત નિવડશે, તો તેનાં માનનો એક મોટો હીસ્સો પણ એઓનેજ મલશે, કે જેવો મોટો હીસ્સો "સ્થાનિક સ્વરાજ" નો હક આપણને અપાવવાના બાબમાં એઓ મેલવી ચુકયા હતા.

એવણની સેવાઓ બહુ મોટી અને ઘણી, તરેહવાર છે, તેમ તે એવણે માન ચાનના સેજ પણ લોભ કે સ્વાર્થ વિના બજાવી છે, અને તે તન, મન, ને ધનના ભોગે બજાવી હતી. એવણ એક ચુનંદા બારીસ્ટર હતા, અને એમનો ખરો પેશો ધારાશાસ્ત્રીનો હતો, જેમાં જો એઓ ચાહતે તો, યા તેમાં મચ્યા રહેતે તો, એવણ પોતાની અનુપમ ચાલાકી, અપુર્વ કુનેહ તથા અજાયબ હાજર જવાબી વડે લખ્ખો રૂપ્યા મેલવીને એક શ્રીમંત થઇ જાતે; પણ તેનીબી દરકાર એવણે થોડીજ રાખી છે, અને જન સેવાનાં પૂણ્ય પ્રતાપી કામ માટે એઓએ તેમાં મોટા ભોગો આપ્યા છે. રફતે રફતે એઓ જાહેર જીંદગી, જન સેવા તથા રાજંદવારી વગેરે લડતોમાં એટલા બધા મશગુલ થતા ગયા કે, એક બારીસટર તરીકે કોરટમાં મુકદમા લડતા એઓ કવચીતજ દેખાવા લાગા. એમની વકતાબાજી કીંવા વાકચાતુરી અતીષય છટાદાર, ગરજના કરનારી તથા દીલ જીતનારી હતી, પણ પાછળથી તે કોરટને બદલે જાહેર સભાઓ, મીટીંગો, કોંગ્રેસ, કોન્ફરંસો તથા બીજી કીસમના મેલાવડાઓમાંજ સાધારણ થઇ પડીને જોવા તથા સાંભલવામાં આવતી હતી. એમનાં ભાશણો સાંભલવાં એ શ્રોતાઓની એક મોટામાં મોટી મોજ હતી. જોકે એવણના વખતમાં, એમના જેવા તથા એવણના જોડયા એવા બીજા અનેક નર રત્નો થઈ ગયા છે, ને હજુ છે, પણ મરહુમ સર ફીરોઝશાહ પોતામાં કેટલીક એવી વિશેષતા તથા "પ્રસનાલીટી" ધરાવતા હતા, કે જે વડે એવણ વધારે લોક પ્રિયતા મેલવી ગયા છે, અને એકકી વેલા તથા એક સરખાં માન તથા વિશ્વાસ પ્રજા તેમ સરકાર દરબારમાં મેલવી ગયા છે. એ એમનાં મધ્યમપણા, સમયસુચકતા, દુરઅંદેશી, હાજર જવાબી, સાચવટ, હીંમત, હીકમત, તથા નિઃસ્વારથીપણા, દરગુજર ઇ૰ સદગુણોના પ્રતાપ હતા. વળી સામા ધણીને પોતાના કાબુમાં રાખવાની કુનેહ એમનામાં અજબ જેવી હતી. દરએક બાબતમાં એઓ એક સાવધ સુકાની, દુરઅંદેશ સલાહકાર, ઠરેલ તથા પ્રેકટીકલ મહાપુરૂષ હતા. એવો પુરૂષ ફતેહમંદ નિવડેજ; અને તેમ તેઓ લગભગ પોતાની સઘળી લડતમાં ફતેહમંદ નિવડતા હતા.

સર ફીરોજશાહની લોકપ્રીયતાની મુખય ખુબી તો એ છે કે તેઓ પ્રજાના એક વરગમાં નહી પણ સઘળા વરગોમાં અને સરવે કોમોમાં માન્નીતા હતા. હીંદુ ભાઇઓ તેમને પોતાના હીંદુ આગેવાન જેવા ચાહતા, જયારે મેહોમેદન અને પારસી કોમ એમને પોતાના વડા તરીકે ગણતી. વળી દેશના આ ભાગમાંજ નહી પણ મદ્રાસ, બંગાલ, પંજાબ વગેરે સરવે ઠેકાણે એઓ ઉપર પ્રજા ફીદા થતી હતી. એવણ જયાં પણ ભાષણો કરવા જતા ત્યાં એમને જોતાંને વાર તાળીઓના ગંજાવર અવાજો મીનીટો સુધી લોકો કરતા હતા, કે જેવો આવકાર તેઓ પોતાના વહાલામાં વહાલા આગેવાનનેજ આપી શકે. એવણના મરણ પછી મુંબઈમાં તા૦ ૧૦ મી દીસેમબરને દીને મલેલી સઘલી વરણની જાહેર સભામાં થયલા ઠેરાવ તેમજ મુંબઇ અને જુદા જુદા દેશાવરો ખાતે મલેલી સેંકડો સભાઓમાં મરહુમની દેશ સેવા માટે થયલા વખાણ એવણની લોક પ્રયતાની સાબેતી પુરી પાડે છે. વળી મરહુમ માટે કોમની લાગણી કેવી ઉંડી છે તે એવણના મરણ પછી દીપી નીકલી હતી તે પરથી જણાય છે.

દેશના આવા એક નામીચા નરને દેશની આવી ઉતમ સેવા બજાવવા માટે નામદાર સરકારે મોટું માન આપી નવાજયા હતા. એવણને ૧૮૯૫ માં સી. આઈ. ઈ. નો ખેતાબ અને તે પછી કે. સી. આઈ. ઈ. નો ચહડયાતો ખેતાબ બક્ષી નામદારે સરકારે એવણને સર બનાવ્યા હતા, જેથી આખી હીંદી પ્રજામાં સંતોષ ફેલાયો હતો.

મરહુમ મહાત્મા ફીરોઝશાહના પવિત્ર રૂહ માટે બેહસ્તનું સુખ ચાહી, હેઠલ આપેલી તેમની રૂડી કારકીર્દીમાંથી મલતા ઉતમ બોધો આપણે લઇશું.

ઓનરેબલ સર ફીરોઝશાહ મેરવાનજી મેહતા, કે. સી. આઇ. ઇ. નું જનમ જરીત્ર અને એવણની જાહેર કારકીરદીને લગતી જાણવાજોગ વીગત.

સર ફીરોઝશાહની કારકીરદી.

હીંદના રાજદવારી યોધ્ધા, ચુનંદા વકતા, દેશ હીતકારી રાજભકત ઓનરેબલ સર ફીરોઝશાહ મેરવાનજી મેહતા, બેરીસતર, એમ. એ., કે. સી. આઇ. ઇ. નો જનમ મુંબઈ મધે પારસી રોજ ૧૧ મો ખોરશેદ યઝદ માહા ૧૧ મો બમન અમસાસપંદ શેહેનશાહી, કદમી માહા ૧૨ મો અસપંદાદ અમસાસપંદ સને ૧૨૧૪ યઝદેજરદી, અંગ્રેજી તા૦ ૪ થી આગસ્ટ ૧૮૪૫ ને હીંદુઓના સંવત ૧૯૦૧ ના શ્રાવણ શુદ ૧ ને વાર સોમને દીવસે થયો હતો. એવો સાહેબનું અકાળ મરણ પારસી રોજ ૨૫ મો મીનો અરશેશંગ માહા ૨ જો અરદીબેહેસ્ત અમસાસપંદ શેહેનશાહી, માહા ૩ જો ખોરદાદ અમસાસપંદ કદમી સને ૧૨૮૫ યઝદેજરદી, અંગ્રેજી તા૦ ૫ મી નવેમબર સને ૧૯૧૫ ને હીંદુઓના સંવત ૧૯૭૧ ના આશો વદ ૧૩ ને વાર શુકરને દીવસે નીપજવાથી એવો સાહેબ ૭૦ વરસ ને ૩ મહીનાની ઉમરે નેપીયનસી રોડ ઉપરના પોતાના બંગલામાં બેહેસતનશીન થયા હતા.

એવણનું અકાળ મરણ સાંભળી આ દેશના એક નાકેથી બીજે નાકે સુધી દરેક પારસી તેમજ હીંદીવાન અતીશય દલગીર થયા હતા. પ્રજા તરફથી પ્રમાણીક જુસસાથી, બળતવારીથી લડનાર અને તેની હાજતો સતાવાળાઓના કાને લાવનાર આ માહાન વીરલો ચાલી ગયો છે. એવણ પોતાની અથાગ બાહોશી, જાહેર હીમત, દેશહિતકારીપણું તથા રાજ્ય સેવાને લીધે આખા હિન્દ દેશની સર્વ ન્યાત જાતોમાં તેમજ રાજ્ય તથા રાજકર્તાઓમાં જાણીતા માનીતા થઈ પડયા હતા. એવણ પારસી કોમના તુરા અને દેશી પ્રજાના સરેપરી રાહબર તરીકે ગણાયા હતા અને પોતાના સદગુણો, ઉંચા બુધી બળ તથા લાયકાતથી એક પારસી તરીકે પારસી કોમને નવી ઝલક આપી છે તથા એક દેશી દાખલ દેશી પ્રજાને ઉજવ્યા છે અને એક રાજ્યભક્ત તરીકે રાજ્યની ઉતમ સેવા અરધી સદી સુધી બજાવી ગયા છે. આવું સામટુ પ્રાક્રમ દુન્યામાં થોડાજ વીરલા મહાપુરૂષો કરી શકે. એવણે હીંદી રાજદવારી લડતમાં નવું જોશ, રાજદવારી ઉલટમાં નવી ઉમેદો મેલી ગયા છે. એ બાબદતું એવણનું જ્ઞાન તથા ડહાપણ બહુજ માન અને વખાણ પામ્યા હતા. એવણની મધ્યમસરની લડતો હમેશાં ફાવતી હતી. એક કુનેહબાજ સુકાની તરીકે કોંગ્રેસનાં બાકસને અનેકવાર ખરાબે અથડતું બચાવ્યું છે અને પ્રજાની અનેક મુસીબતો તથા વીટણાં વખતે હમેશાં સાંત મન રાખી દેશના લાભોને આગળ વધારી રઇયતના હકોને વધારવામાં બહુજ કીમતી મદદ આપી છે.

સર ફીરોઝશાહ બહુ ઉચી પંકતીના તકરારબાજ એક તુરરા જેવા હતા અને ભલા ભલા વીદવાનોને પોતાના ઉંચા પ્રકારના બુધી બળને જોરે મહાત કરતા હતા. એવણની મગજ શકતી પેહલા પ્રકારની હતી અને બકતાબાજી ઘણી અથંગ ઝમકદાર હતી. એવણનો બુલંદ અવાજ અને સુંદર ચાતુરયથી ભલામાં ભલા અફલાતુનો વશ થતા હતા. અને એવણની હાજરી આગળ જાણે અજ્ઞાનતાનો અંધકાર નીકળી જતો હતો. આ સબબને લીધે આ બ્રીટીશ રાજના સાયામાં સાચા વખાણનાર તથા હીમાયતી અને સાથે રઇયતના રક્ષકને એક "સીંહની" યોગય ઉપમા આપવામાં આવી હતી.

સર ફીરોઝશાહ જાણીતા વકતા ઉપરાંત એક બાહોશ લેખક હતા. મી૰ રોબરટ નાઇટના સ્ટાર ઓફ ઈંડયા અને સ્ટેટસમેન પત્રોમાં P. M. M. ના તખલ્લુસ હેઠળ એવણ લખાણો કરતા હતા જે તે વખતે ઘણા વખણાયા હતા. એવણની લેખક તરીકેની કારકીરદી દરમ્યાન ટાઇમસ ઓફ ઈંડયામાં આરટીકલો લખતા હતા, તેથી ખુશ થઈ એ પત્રના માલેકે એક સારી રકમનો ચેક એવણ ઉપર મોકલી સ્વીકારવાની માગણી કીધી હતી, પણ મરહુમે એક જાહેર પુરૂષ તરીકે દેશની સેવા બજાવવા માટે તે લેવા સાફ ના પાડી હતી.

સર ફીરોઝશાહ ક્રીકેટની રમતમાંબી સારો ભાગ લેતા હતા અને તે વખતે એક ક્રીકેટર તરીકેબી એવણે સારૂ નામ કાઢ્યું હતું.

સર ફીરોઝશાહે પારસીઓના દખમાના તેમજ હુલ્લડ કેસમાં અને બીજી અનેક વેળા પારસી કોમની ઘણીજ કીમતી સેવા બજાવી છે અને એવણે એક હીંદીવાન તરીકે પોતાના દેશના સામાન્ય લાભને માટે પોતાની સેવા અરપણ કીધી હતી જેનો લાભબી પારસી કોમને મલ્યો હતો. નામદાર સર જમશેદજી જીજીભાઇને જાહેર રીતે કોમના વડા તરીકે સ્વીકારવાની તરફેણમાં એવણે આગેવાન ભાગ લઇ તા૰ ૨૩ મી જુલાઈ ૧૮૭૭ ને દીને ટાઇમસ ઓફ ઈંડયામાં એક પત્ર છપાવ્યો હતો. એવણે ૨૬ વરસની જવાન વયે ૧૮૭૪ નાં પારસી હુલ્લડ વખતે મરહુમ શેઠ જમશેદજી તાતા અને શેઠ નાનાભાઇ રાણીના સાથે હાથમાં રીવોલવર લઇને જાહેર જુસ્સો દેખાડવા શહેરમાં ફરવા નીકળયા હતા. હુલડવાલા લતામાં ફરી ત્યાંના પારસીઓને સધ્યારો આપી સારી મદદ કીધી હતી. એ હુલડને લગતો લંબાન કાગલ મુંબઇ ગેઝટમાં એવણે છપાવ્યો હતો અને તેમાં સતાવાલાઓ વીષે કેટલુંક લખાણ કીધું હતું. એ હુલડના અમલમાં ઇંગલંડમાં હીંદી પ્રધાન તરીકે લોરડ સાલસબરી હતા, તેવણ ઉપર પારસીઓએ જે યાદગાર અરજી મોકલી હતી તે ઘડવામાં મી૰ એનસ્ટી સાથે મરહુમનો પણ મુખય હાથ હતો. શેહેર સુધારા ત્રસટે પારસી પંચાયત હસતકની જમીન સસતામાં પડાવી લીધી તે સામે ઠરાવ રજુ કરવા સર ફીરોઝશાહ પોતે આલબલેસ બાગની અંજુમનની સભામાં હાજર થયા હતા અને ત્યાં પોતે ગુજરાતી મધે અસરકારક અવાજે ઠરાવ રજુ કીધો હતો.

સર ફીરોઝશાહ ઘણી વેળાએ વેલાત તેમજ હીંદુસ્તાનની મુશાફરીએ જઇ આવ્યા હતા અને દરેક રીતે એવોની રીતભાત સુધરેલી દુન્યાને બરની હતી, તોપણ એવો સાહેબ હમેશા પોતાનો પારસી પોસાક પસંદ કરતા અને તેમાં સજ થતા હતા અને મરણ સુધી પારસી પાઘડી તથા દગલામાં પોતાને દીપાવતા હતા. એવણનો ગટમદાર ચેહરો ઘણો દબદબાવાળો, દેખાવદાર તેમજ રોઆબાજ લાગતો હતો અને તેમાં કાબેલ્યતનો ઝળકાત પ્રગટી નીકલયો હતો. એવણ સાહેબ આટલી બધી મહાન કીરતી મેળવવાને નસીબવાન થયા હતા તોબી એવણ ઘણા નમરતાવાલા તથા ભલા ને ટેકવાળા ગ્રહસ્થ હતા. એવણનો હસતો ચેહરો જોનારનું દીલ જીતી લેતો હતો.

સર ફીરોઝશાહે કરેલી સખાવત.

સને ૧૯૦૮ માં સુરતમાં ભરાયલી હીંદી નેશનલ કોંનગ્રેસના ફંડમાં રૂ૨૦૦૦, ધી બમનજી દીનશાહ પીટીટ પારસી જનરલ હોસપીટલના ફંડમાં રૂ૨૦૦૦, મુંબઇના પ્રીનસેસ મેરી જીમખાના ફંડમાં રૂ૫૦૦, નામદાર શેહેનશાહ જયોરજ તથા શેહેનશાહબાનુની સને ૧૯૧૧ માં હીંદની પધરામણી વેળા તે નામદારોને આવકાર આપવાના ફંડમાં રૂ૧૫૦૦, મુંબઇની એલેકઝાંનડરા ગરલસ સ્કુલના ફંડમાં વ્યાજ વાપરવા રૂ૧૦૦૦, સાઉથ આફ્રીકન ઇનડીયન ફંડમાં રૂ૫૦૦, મરહુમ ઓનરેબલ મી૰ જી. કે. ગોખલેના ફંડમાં રૂ૫૦૦ એવણે ભરીયા હતા. એ ઉપરાંત એવણે પોતાના નામ પ્રમાણે અનેક હીંદીવાનોને લાભના જાહેર ફંડોમાં મોટી મોટી રકમો ભરી હતી.

સર ફીરોઝશાહનું કુટુંબ.

સર ફીરોઝશાહના વડવા મરહુમ એરવદ કાવશજી રૂશતમજી કરીને સુરતનાં જાણીતા કદમી મોબેદ હતા. એવણુને બે દીકરાઓ શેઠો નશરવાનજી અને ફરામજી નામે હતા. શેઠ ફરામજીના દીકરા શેઠ હોરમજી તે સર ફીરોઝશાહના બપાવા થતા હતા. એવણુ શેઠ નવરોજી કાવશજી નારીયલવાલાની પેહડીમાં મરણુ સુધી મેહતા હતા, તે ઉપરથી કુટુંબી અટક મેહતા પડી હતી. શેઠ હોરમજીને બે બેટા શેઠો ફરામજી તથા મેરવાનજી હતા. શેઠ મેરવાનજી જેવણુ સર ફીરોઝશાહના બાવા થતા હતા તેવણુ સાહીત્યના ઘણા શોખીન તેમજ અચ્છા ગુજરાતી લખનાર હતા. એવણુ ૨૧ વરસ સુધી શેઠો ખરશેદજી નશરવાનજી કામાની કંપનીમાં એક ભાગયા તરીકે હતા. એવણે કલકતાના જરથોસ્તીઓને લગતા ફંડોમાં નાણાની સારી રકમો આપી અંજુમનના કામોમાં આગેવાન ભાગ લીધો હતો. શેઠ મેરવાનજી તા૦ ૧૫ મી સપટેમબર ૧૮૮૪ ને દીવસે કલકતામાં મરણુ પામ્યા હતા.

સર ફીરોઝશાહ પોતાની પાછળ વીધવા લેડી આઇમાય મેહના તથા એવણુનાં પંહેલાં ધણીઆણી પીરોજબાઇને પેટના પાંચ દીકરાઓ મેલી ગયા છે, જેઓ સરવે ઉંચી યુનીવરસીટીની કેળવણી પામયા છે. તેમના વડા બેટા શેઠ જહાંગીર એક સોલીસીટર છે. બીજા બેટા શેઠ અરદેશર બી. એ., એલ. એલ. બી. થઈ બેરીસટર થઇ આવયા છે અને એવણુને ગયે વરસ હાઈ કોરટના ડેપયુટી શેરીફનો ઓધો મલ્યો હતો. ત્રીજા બેટા ડા૦ સોરાબ બી. એ., એલ. એમ. એંડ એસ. થઈ અત્રે તબીબી ધંધો ચલાવે છે. ચોથા બેટા શેઠ કેખશરૂ એમ. એ. થયલા છે અને મેસરસ તાતા સનસની લંડનની હાઉશના એસીસટંટ મેનેજર છે. પાંચમાં બેટા શેઠ શીયાવક્ષે લંડન ખાતે આરકીટેકની પરીક્ષા પસાર કરી બે ત્રણુ વરસ થયા અતરે આવેલા છે.

સર ફીરોઝશાહે લીધેલી કેલવણી.

સર ફીરોઝશાહે સકુલ કેળવણી મુંબઇની જુની એલફીનસટન ઇનસટીટયુટમાં લઇ તે વેળા સથાપવામાં આવેલી મુંબઇ યુનીવરસીટીની મેત્રીકયુલેશનની પરીક્ષા ૧૮૬૧ ના સાલમાં પોતાની ૧૬ વરસની જવાન વયે પસાર કરી હતી. એ પછી એવણે એલફીનસ્ટન કોલેજમાં જોડાઇ ૧૮૬૩ ના એપ્રેલ માસમાં એફ. ઈ. થઇ ૧૮૬૪માં બીજા વરગમાં બી. એ. ની પરીક્ષા પસાર કરી હતી તે વેળા તેમની બીજી ભાશા ગુજરાતી હતી અને ખાસ પસંદગીની બાબદો લોજીક મોરલ ફીલોસોફી તથા કેમીસ્ત્રી હતી. બી. એ. ની પરીક્ષા આપવા પછી મરહુમને એ કોલેજની ફેલોશીપ આપવામાં આવી હતી. ૧૮૬૫ ના સાલમાં તવારીખ તથા ફીલસુફીમાં એમ. એ. ની પરીક્ષા બીજા વરગમાં પસાર કરી હતી. પણ એવણુ તુરત ઇંગલંડ જવાથી એવણુને તે વેળા સનદ આપવામાં આવી ન હતી તે તા૦ ૧૨ મી જાનેવારી ૧૮૬૯ ને દીને આપી હતી. બી. એ. ની ડીગ્રી મેલવ્યા પછી એમ. એ. ની સનદ મેલવવા માટે દોઢ વરસનો અભીયાસ કરવો પડતો હતો પણ સર ફીરોઝશાહે તો માત્ર છ મહીનામાંજ એ પરીક્ષામાં બેસી ફતેહમંદીથી પસાર કરી હતી. એવણે કોલેજની ફેલોશીપ તેમજ બી. એ. અને એમ. એ. ની સનદ પારસીઓમાં પહેલ વેહેલીજ મેલવી હતી. એવણુની કોલેજની કારકીરદી ભવીશયમાં સારી આશા આપનારી જણાઇ હતી. એવણુની અભયાસ કરવાની ચંચલાઇ અને બાહોશીએ કોલેજના તે વેળાના પ્રીનસીપાલ અને નામીચા ઉસ્તાદ સર અલેકઝાનડર ગ્રાંટનું ધ્યાન ખેંચ્યું હતું તેથી સર ફીરોઝશાહ તેવણુના એક માનીતા ચેલા બનીયા હતા. કોલેજની કારકીરદી દરમેઆન એવણે સંખ્યાબંધ સ્કોલરશીપો તેમજ ઇનામો મેળવ્યાં હતાં.

સર ફીરોઝશાહની આવી બાહોશીને લીધે એવણુને વેલાત બેરીસ્ટરની પરીક્ષા આપવા માટે મોકલાવ્યા હતા. તે વેળા મરહુમ શેઠ રૂશતમજી જમશેદજી જીજીભાઇએ દેશીઓને બેરીસ્ટરનો ધંધો શીખવવા માટે પોતાના ખરચથી ઇંગલંડ મોકલવાની ખાહેશ તા૦ ૧૨ મી ડીસેમબર

૧૮૬૩ ને દીવસે જાહેર કીધી હતી. આવી ઉતમ તકનો લાભ પોતાના માનીતા ચેલાને અપાવવાને સર એલેકઝાનડર ગ્રાંટને ઉલટ થવાથી સર ફીરોઝશાહના પીતાજીને સમજાવીને એવણે શેઠ રૂશતમજીએ સ્થાપેલાં ફંડના સેક્રેટરી ઉપર સર ફેરોઝશાહ માટે ભલામણ કરનારો પત્ર લખ્યો હતો, જેથી એવણુને ચુંટી કાઢી વેલાત મોકલવામાં આવ્યા હતા. સર ફીરોઝશાહ ૧૮૬૮ માં માન સાથે બેરીસ્ટરની પરીક્ષામાં પારસીઓમાં પેહલવેહલાજ પસાર થયા હતા. એવણુને ઇંગલાંડ જવા માટે નાણાની મદદ આપવાની કબુલાત મલી હતી, પણ શેઠ રૂશતમજી વેપારમાં પડી ભાગવાથી તે લાભ મલ્યો હતો નહી, તેથી સર ફીરોઝશાહે પોતાના પીતાજી પાસેથીજ ઇંગલાંડ જવાનો ખરચ મેલવ્યો હતો. વેલાતમાં પોતાના અભીયાસ દરમ્યાણ એવણે ફુરસદનો વખત પ્રજા-ઉપયોગી કામો કરવામાં ગાલ્યો હતો. લંડન ખાતે ૧૮૬૫ માં સ્થાપાયલી ઇંડીયન સોસાયટી જેની નેમ હીંદુસ્તાનને લગતી બાબેદોપર તકરાર ચલાવવાની હતી, તેની પેહલી કમીટીમાં સર ફીરોઝશાહ એક હતા. વળી એવણે ત્યાંની ઇસ્ટ ઇંડયા એસોશીએશન તરફથી તા૦ ૧૭ મી ડીસેમ્બર ૧૮૬૭ ને દીને "મુંબઇ ઇલાકામાં કેળવણી સંબંધી રીતી" વીષે નીબંધ વાંચ્યો હતો. એવણુને મુંબઈ યુનીવરસીટીના ફેલો તરીકે તા૦ ૩ જી જાનેવારી ૧૮૬૭ ને દીને ચુંટી કાહાઢયા હતા.

સર ફીરોઝશાહે બેરીસ્ટર તરીકે મેલવેલી નામના.

સર ફીરોઝશાહ મુંબઇ આવ્યા પછી થોડા વખતમાં પોતાના ધંધામાં સારા પંકાઈ ગયા હતા અને ઘણી બાહોશીથી પોતાના કુલનો કેશ ચલાવવા લાગા હતા જેથી એવણુની પ્રેકટીશ ઘણીજ વધી ગઇ હતી. ૧૮૭૩ ના સાલના પારસી દોખમાના કેસમાં તેમને પોતાનું પાણી બતાવવાની પહેલી તક મલી ગઇ તે કેસમાં એવણ પ્રખયાત મી૦ એનસટી બારીસટર સાથે પારસીઓ તરફથી રોકાયા હતા અને બહુ મહેનત તે કેસ પાછળ લઇ ફતેહ મેળવી. આવા ફોજદારી મુકદમાઓમાં એવણુની સેવાનો લાભ ચોમેરથી લેવામાં આવતો હતો અને એવણે થોડા વખતમાં સારી નામના મેળવી પહેલી પંકતીના ધારાના હીમાયતી દાખલ ગણાવા લાગા. એ પછી સુરતનો હુલડનો કેસ તેમને મળયો. આ કેસ ઘણો બાહોસીથી ચલાવી નીરદોષોને છોડવવાથી એવણુની કીરતીમાં વધારો થયો આથી એવણ હાઇ કોર્ટની ઓરીજીનલ સાઇડ છોડતા ગયા. એવણુને કાઠીયાવાડના રાજાઓ તરફથી મોટી મોટી ફીઓ આપીને રાજદવારી બાબદોમાં રોકવામાં આવયા. કારણકે ફોજફારી કાયદાઓનું તથા રાજદવારી બાબદને લગતા કાયદાની બારીકીઓનું તેમજ દેશી રાજાઓ અને હીંદી સરકાર વચેના વાંધાને લગતા કાયદાનું જ્ઞાન એટલુ બધું પાકટ હતું કે પક્ષકારો તેનો લાભ લેવાને ચુકતા હતા નહી. ખંભાતના વીલસન કેસમાં એવણુને ફરયાદ પક્ષ તરફથી રોકવામાં આવયા હતા, જ્યારે બચાવ તરફના મી૦ ઇનવરેરીટીને એવણ પુરા પડયા હતા.

સર ફીરોઝશાહ પોતાના ધંધામાં એટલા બધા પંકાઇ ગયા હતા, જેથી એવણુને જરાબી અવકાસ મલતો હતો નહી. પણ એવો સાહેબને સ્થાનીક સ્વરાજનો હક ઘણો કીમતી લાગો તે ભોગવવાને માટે તેમજ પોતાની માનીતી મ્યુનીસીપલ કોરપોરેશનમાં અઠવાડયામાં બે વાર હાજરી આપવી જોઇએ અને એજ વખત કોરટનોબી વખત હોવાને લીધે કેસ અધુરો મુકી કોરટ છોડાય નહી તેથી એવણે આવા નામાકીટ ધંધાનો, પૈસાનો તેમજ બીજા અનેક ભોગો આપી પોતાના દેશના કલ્યાણ અરથે જાહેર જીંદગીના કામોમાં મશગુલ રહયા હતા. આ કારણુને લીધે એવણ કોરટમાં ઝાઝા જણાતા નહી હતા અને એક ધારાના હીમાયતી તરીકે પોતાની ચેમબરમાં બેસીને સંખ્યાબંધ રાજ રજવાડા તરફની લડતો ચલાવવા એવણે બાહોશીથી અરજીઓ લખવાનું કામ લગભગ છેલ્લા અઢી દાહેકા થયા ઉપાડી લઇ તેમાં ઘણી સારી નામના મેલવી હતી. એવો સાહેબ કદાચજ જો ઘણી મોટી ફી મલતી તોજ દેશાવર ખાતે બાહોશીથી લડવાને જતા અને ત્યાંથીબી કોરપોરેશન વગેરેની સભામાં બની શકે તો હાજરી આપવાને ચુકતા હતા નહી.

સર ફીરોઝશાહને એનાયત થયલાં માનપત્રો વગેરે.

સર ફીરોઝશાહને તા૦ ૨૦ મી આગસટ ૧૮૮૬ ને દીને કાઉનસીલર તરીકે નેમવાથી તેની ખુશાલીમાં રીપન કલબે સર જમશેદજી જીજીભાઇના પ્રમુખપણા હેઠળ એક જયાફત આપી હતી.

તા૦ ૪ થી મે ૧૮૯૫ ને દીને બેલગામ ખાતે મળેલી ૮ મી પ્રોવીનશીનલ કોનફરંસે એવો ઠરાવ પસાર કીધો હતો કે છેલ્લી વડી ધારાસભા મધે આ૦ સર ફીરોઝશાહે જે ઉમદા સેવાં બજાવી હતી તેની આ સભા નોંધ લે છે અને તે વીશેનું એક માનપત્ર તેમને એનાયત કરવા માટે પ્રમુખને સતા આપે છે. તયાર પછી તા૦ ૧૪ મી મે ૧૮૯૫ ને દીને એ કોનફરંસના પ્રમુખ શેઠ દીનશાહ એદલજી વાછાની સહી સાથ તે માનપત્ર આપવામાં આવયું હતું તા૦ ૨૦ મી એપ્રીલ ૧૮૯૫ ને દીને મુંબઇના રહેવાસીઓની એક જાહેર સભા નોવેલટી થીએટરમાં સર દીનશાહ માણેકજી પીટીટ બેરોનેટના પ્રમુખપણા હેઠળ મલી હતી જયાં સર ફીરોઝશાહે જે કીમતી સેવા બજાવી હતી તે માટે માનપત્ર આપવા ઠરાવ થયો હતો. એવણને તા૦ ૨૯ મી મારચ ૧૮૯૫ ને દીને કલકતાના ટાઉન હોલમાં એક ખાણુ મી૦ મનમોહન ઘોસનાં પ્રમુખપણા હેઠળ આપવામાં આવયું હતું.

સર ફીરોઝશાહને ૧૯૦૪ ના જુનમાં નાઇટ હુડના મલેલા નામીચા ખેતાબ માટે એવણના માનમાં તા૦ ૧૧ મી આગસ્ટ ૧૯૦૪ ને દીવસે રીપન કલબ તરફથી સર જમશેદજી જીજીભાઈ બારોનેટના પ્રમુખપણા હેઠલ મુબારક બાદી આપવા ખાણાનો મેલાવડો કરવામાં આવ્યો હતો. તેમજ મુંબઇની મ્યુનીસીપલ કોરપોરેશને પોતાની ખાસ સભા તા૦ ૧૫ મી જુલાઇ ૧૯૦૪ ને દીને બોલાવી એવણને મુબારકબાદી આપવાનો ઠરાવ કીધો હતો. એ દરખાસત સર ભાલચંદરે રજુ કીધી અને આ૦ મી૦ ઇબ્રાહીમ રહેમતુલાએ તેને ટેકો આપયો હતો અને બીજા ઘણા કોરપોરેટરોએ એવણની સેવાઓના વખાણ કીધા હતા. એ પ્રસંગે દેશના તમામ છાપાએ એક અવાજે પસંદગી બતાવી હતી અને ઇંગલીશ મેલ, ટાઇમસ ઓફ ઇંડીયા, ઇંડીયન ડેલી નયુઝ વગેરેએ એવણને માટે લંબાણ આરટીકલો લખી મુબારકબાદી આપી હતી.

લંડન મધે પ્રગટ થતાં ધી ડેલી ગ્રાફીકમાં તા૦ ૧૭ મી ઓગસટ ૧૮૯૩ ને દીને "મુંબઇનો એક પોલીટીકલ લીડર "ના મથાળા તલે સર ફીરોઝશાહની તસવીર તથા એવણને લગતો હેવાલ આપવામાં આવયો હતો.

મુંબઇની કાઉનસીલના અધીકારી મી૦ ટકરને ફેનસી ડરેસ બોલ તા૦ ૨૪ મી ફેબરવારી ૧૮૭૦ ને દીને આપવામાં આવયો હતો તે પ્રસંગે સર ફીરોઝશાહે સાસાનયન "પાદશાહ ફીરોઝ "નો પોશાક લીધો હતો.

સર ફીરોઝશાહને નામદાર સરકાર તેમજ જાહેર પ્રજા તરફથી મલેલું માન.

સર ફીરોઝશાહને સને ૧૮૭૦ ની તા૦ ૨૩ મી જુને જશતીસ ઓફ ધી પીસ યાને સુલેહના અમલદાર, નેમયા હતા. મુંબઇના નામદાર ગવરનરની ધારા સભામાં ૧૮૮૭ ના સાલમાં નેમ્યા હતા અને તે પછી ૧૮૯૩ થી ૧૯૧૫ સુધી મુંબઇની મ્યુનીસીપાલ કારપોરેશનના પ્રતીનીધી તરીકે એવણની નેમણુક થઈ હતી. નામદાર સરકાર તરફથી સી. આઇ. ઇ. નો માનવંત ખેતાબ ૧૮૯૪ માં એવણને એનાયત થયો હતો. નામદાર વાઇસરાયની વડી ધારામાં એક મેમબર તરીકે સને ૧૮૯૫ માં નેમવામાં આવયા હતા અને પાછા એવણ ૧૮૯૮ માં નેમાયા હતા. "સર ફીરોઝશાહને" તા૦ ૨૪ મી જુન સને ૧૯૦૪ ને દીવસે કે. સી. આઇ. ઇ. યાને સર નાઇટનો નામીચો ખેતાબ એનાયત કરવામાં આવ્યો હતો અને એ ખેતાબની સનદ તા૦ ૭ મી ડીસેમબર ૧૯૦૪ ને દીને આપવામાં આવી હતી.

સર ફીરોઝશાહની મુંબઇની મેલેરીઅલ ફીવર કમીટીમાં તા૦ ૮ મી મારચ ૧૯૦૬ ને દીને અને ઇંગ્લંડ જતા વીદયારથીઓને લગતી મુંબઈ ઇલાકાની સલાહકારી કમીટીમા ૧૯૦૯ માં નેમણુક થઈ હતી અને એજ સાલમાં એવણુને મુંબઇ મધે બાંધનારા પ્રીનસ ઓફ વેલ્સ મયુઝીઅમ ઓફ વેસટરન ઇંડયાના ત્રસ્ટી નેમયા હતા.

સર ફીરોઝશાહને જુનાગઢના મહારાજાએ પોતાના રાજયના જુડીશીઅલ કાઉનસીલર તરીકે તા૦ ૧ લી ડીસેમબર ૧૮૯૨ ને દીને નેમયા હતા અને તા૦ ૧૨ મી સપટેમબર ૧૮૯૩ ને દીને એવણુને જુનાગઢ કમીશનના પ્રમુખ નેમવામાં આવયા હતા.

સર ફીરોઝશાહને કલકતાના બારીસટરોની બાર લાયબ્રેરી કલબના એક આનરરી મેમબર તરીકે તા૦ ૧૧ મી ફેબરવારી ૧૮૯૯ ને દીને ચુંટી કહાડયા હતા.

સર ફીરોઝશાહ મુંબઇની જ્ઞાન પ્રસારક મંડળીના ૧૮૭૦ થી એક અધીકારી અને ૧૮૯૫ થી એના નાયબ સરનશીન અને લાચાર ઇરાનીઓની પરવરશી કરવા વગેરેના ફંડના ૧૮૮૭ થી એક ત્રસ્ટી તેમજ તા૦ ૩૧ મી જાનેવારી ૧૮૮૫ ને દીને મુંબઇમાં સથાપાયલી બોમબે પ્રેસીડનસી એસોસીએશનના જોડયા આનરરી સેકરેટરી નેમાયા હતા અને તે પછી ઘણા વરસો સુધી તેના પ્રેસીડન્ટ થવાનું માન મેલવ્યું હતું.

સર ફીરોઝશાહ પોતાના દેશનાં સ્વદેશી સાહસને હમેશા ઉતેજન આપી મદદ કરતા હતા અને નવા નવા ઉદયોગો બરપા થાય તે જોવાને ઘણા રાજી હતા. એ સબબને લીધે જાહેર કંપનીઓ સ્થાપવામાં નાણાંનીબી સારી મદદ આપી તેની આગેવાની લેતા હતા. એવણે જીંદગીનો વીમો ઉતારનારી એમપાયર ઓફ ઇંડયા લાઇફ એશયુરંસ કંપની સ્થાપી હતી તેમજ બેંકીંગ ધંધાને ઉતેજન આપવા સ્વદેશી બેંક કાઢવાને સેંત્રલ બેંકની સ્થાપનામાં આગેવાની લઈ તેના પ્રમુખ થયા હતા. એવણ મુબઇની ૩ સુતરની ઘાણી મીલોના ડાયરેકટર હતા તેમજ અતરેની સેંટ જોનસ એમબ્યુલંસ એસોસીએશનના ઉપ પ્રમુખ, નેટીવ જનરલ લાયબરેરીના ત્રસ્ટી અને એલેકઝાનડરા ગરલસ સ્કુલના અધીકારી હતા. એ ઉપરાંત સર ફીરોઝશાહ મુંબઈ તેમજ દેશાવરોમાં ભરાયલી સભાઓ, કોનગ્રેસો વગેરેના ચેરમેન યા તેની કારોબારી કમીટીમાં જોડાયલા હતા, જેમાં નીચલા મુખ્ય છે.

ઇંગલંડની જાણીતી ક્રીકેટ કલબોની સાથે મેચ રમવા માટે ઉપડી ગયલી ૧૬ પારસી જવાનોની ટોળીને મુંબઇના કેટલાક પારસીઓએ શેઠ જાલભાઇ અરદેશર શેઠના વાલકેશ્વરના બંગલામાં તા૦ ૧૭ મી એપ્રેલ ૧૮૮૬ ને દીને સર ફીરોઝશાહના પ્રમુખપણા હેઠળ એક જયાફત આપી હતી. એવણુના પ્રમુખપણા હેઠળ સમસુલ ઓલમાં એરવડ ડા૦ જીવણજી જમશેદજી મોદીએ "ભવીષયની જીંદગી" બાબે ફરામજી કાવશજી ઇનસટીટયુટમાં એક જાહેર બાષણ આપયું હતું. મરહુમને ૧૮૯૨ના નવેમબર માસમાં પુનામાં મળેલી પાંચમી મુંબઇની પ્રાંતીક કોનફરંસના પ્રમુખ નેમયા હતા. તા૦ ૪ થી એપ્રીલ ૧૮૯૩ ને દીને મળેલી મુંબઇની ગ્રેડયુએટસ એસોસીએશનના પ્રમુખ તરીકે તેની સાતમી વારસીક સભામાં સર ફીરોઝશાહે એક લંબાણ બાશણ કરી કેળવણીને લગતા સવાલો વીશે કીમતી વીવેચન કીધું હતું. સનદી નોકરી માટેની પરીક્ષા હીંદુસ્તાનમાં પણ ઇંગલંડની જ સાથે ભરવા માટેના આમની સભાના ઠરાવની તરફેણમાં તથા લશકરી ખરચો વીશે મુંબઇના પ્રેસીડનસી એશોસીએશને તા૦ ૧૫ મી જુલાઇ ૧૮૯૩ ને દીને બોલાવી જાહેર સભાનું પ્રમુખસ્થાન સર ફીરોઝશાહને આપવામાં આવ્યું હતું. એવણુના પ્રમુખપણા હેઠળ ૧૮૯૬ ના સપટેમબરમાં મુંબઇમાં મલેલી જાહેર સભામાં દક્ષીણ આફ્રીકાના હીંદીવાનોને પડતી હાડમારી વીશે તે વેળાના સેકરેટરી ઓફ સ્ટેટસ લોરડ જ્યોરજ હેમીલ્ટન ઉપર એક અરજી મોકલવાનો ઠરાવ થયો હતો. એવણ દીસેમબર ૧૯૦૨ માં અમદાવાદ ખાતે ભરાયલા ઉદયોગ હુનરના પ્રદરશાનની વરકીંગ કમીટીના સરનશીન થયા હતા. નામદાર શેહનશાહ અને બ્રીટીશ

રાજય તરફ પોતાની અખંડ વફાદારી અને ફીદાગીરીની લાગણી જાહેર કરી હીંદી પ્રજાના દરેક સાધનો તથા અંગત સેવા તે નામદાર સનમુખ રજુ કરવા માટે મુંબઇના સઘળા રહીશોની એક જાહેર સભા તા૦ ૧૩ મી અાગસ્ટ ૧૯૧૪ ને દીને ટાઉન હાલમાં સર ફીરોઝશાહના પ્રમુખપણા હેઠળ મલી હતી અને એવણે હંમેશની છટાથી પ્રસંગને અનુસરતું ભાષણ કરયા પછી નામદાર સર જમશેદજીએ રાજભક્તી કરવાને લગતો ઠરાવ રજુ કરયો હતો. હીંદુસ્તાનને નામદાર વાઇસરાય લોરડ રીપન અાેધો છોડી ઈંગલંડ ગયો ત્યારે એ નામદારનો હેશાન માનવા તા૦ ૨૯ મી નવેમબર ૧૮૮૪ ને દીને ટાઉન હોલમાં ઓ૦ સર જમશેદજી જીજીભાઇ બેરોનેટના પ્રમુખપણા હેઠળ મુંબઇના રહેવાશીઓની મલેલી જાહેર સભામાં બીજાઓ જોડે સર ફીરોઝશાહને ઓ૦ સેકરેટરી નેમયા હતા અને એવણે એક સુભાષીત ભાષણ કીધું હતું તેમજ એ વખતે ઉભા થયલા યાદગારીના ફંડમાં ૨૮૫૦ ભરીયા હતા. વળી લોરડ રીપને મુંબઇ છોડવા અગાઉ પોતાને આપેલા માન માટે તા૦ ૨૦ મી ડીસેમબર ૧૮૮૪ ને દીને કેટલાક આગેવાન દેશીઓને પોતાની હજુરમાં ખાસ બોલાવી ઉપકાર માનયો હતો જેમાં પારસીઓમાં બીજાઓ સાથ સર ફીરોઝશાહ હતા.

સર ફીરોઝશાહને હીંદના એક ખેરખાહ પ્રોફેસર સર ફાૅસેટની યાદગારી રાખવા માટે સને ૧૮૮૫ માં ઉભા કીધેલા ફંડના સેકરેટરી તરીકે નેમ્યા હતા.

૧૮૮૨ ના જુન માસમાં મુસલમાનો મધે કેળવણીનો પ્રસાર કરવાને સથાપેલી મદરેસાએ અંજુમને ઇસલામના વહીવટ વીશે રીપેાેરટ કરવાને તે મંડળા તરફથી પાંચ હીંદુઓ, ત્રણ પારસીઓની એક કમીટી ઠેરવી હતી તેમાં સર ફીરોઝશાહ હતા.

સર ફીરોઝશાહને શેઠ દાદાભાઈ નવરોજી ૧૮૬૯ ની તાં૦ ૩ જીએ ઈંગલાંડ ગયા ત્યારે એવણને માનપત્ર આપવા નેમાયલી કમીટીના અને શેઠ કાવશજી જાહાંગીર રેડીમની સી. એસ. આઇ. એ કરેલી સખાવત માટે ૧૮૭૧ માં એવણનું બાવલું ઉભું કરવા નેમાયલી કમીટીના તથા ૧૮૭૩ માં મુંબઇ સરકારની ધારા બાંધનારી સભાની હજુરમાં નીમક સંબંધી રજુ થયલા ધારાના બીલ વીરૂધ સરકાર ઉપર અરજી કરવા નેમાયલી કમીટીનાં અધીકારી નેમયા હતા. હીંદુસ્તાનનો વીદાય થયલો ખજાનચી મેજર ધીઓ૦ સર ઇવેલીન બેરીંગ (પાછલથી લોરડ ક્રોમર) જેવણે આ દેશની આબાદી વધારવાને પોતાથી બનતું કીધું હતું. એ નામદાર મીસર ખાતે પોતાનો ઓવો લેવાને તા૦ ૨૮ મી આગસ્ટ ૧૮૮૩ ને દીને મુંબઈ આવ્યો ત્યારે મુંબઇના રહેવાશીઓનું એક માનપત્ર પોહચાડવા ગયલા ડેપ્યુટેશનમાં સર ફીરોઝશાહબી હતા.

સર ફીરોઝશાહે મુંબઇના પ્રીનસેસ મેરી લેડીઝ જીમખાનામાં લેડી ધનબાઈ કાવશજી જાહાંગીરની ઓઇલ પેંટ તસવીર તા૦ ૫ મી એપ્રીલ ૧૯૧૫ ને દીવસે ખુલ્લી મુકી હતી.

સર ફીરોઝશાહે વડી ધારાસભા તથા મુંબઇની ધારાસભામાં બજાવેલી સેવા.

સર ફીરોઝશાહને કલકતાની નામદાર વાઇસરાયની વડી ધારાસભા મધે ૧૮૯૫ ના સાલમાં નેમવામાં આવયા હતા તે વેળા રૂ ઉપરની જગાત, દખણ ખેડુતોના નીવારણને લગતો કાયદો, પોલીસ બીલ વીગેરે ઉપર એવણે મજબુત લડત પ્રજાની પક્ષમાં ખડા રહી કરી હતી. એ પછી એવણની નેમણુક પાછી સને ૧૮૯૮ ના સાલમાં કરવામાં આવી હતી. એવણે આ ધારાસભામાં જાહેર પ્રજાની બજાવેલી આવી કીમતી સેવાઓની યાદમાં મુંબઇ તેમજ કલકતા ખાતેના પારસી ઉપરાંત સરવે કોમના આગેવાન સેહેરીઓ તથા મંડળો તરફથી જાહેર માનપાન તેમજ ખાણાના મેલાવડાઓ કરી એવણને મોટું માન આપ્યું હતું.

સર ફીરોઝશાહને મુંબઇના નામદાર ગવરનરની ધારા સભામાં ૧૮૮૭ ના સાલમાં નેમવામાં આવ્યા હતા અને તે પછી ૧૮૯૩ થી ૧૯૧૫ સુધી એટલે એવણના મરણ તુલીક મુંબઈની મ્યુનીસીપાલ કોરપોરેશનનાં પ્રધીનીધી તરીકે વગર હરીફાઇએ હમેશા વખતો વખત ચુંટી કાઢી માન આપવામાં આવતું હતું. આ સઘળા વરસો દરમ્યાન ધારા સભામાં એવણની ટેકાવદાર

લડત તથા અંદાઝાસરની તકરારો હમેશા દીપી નીકલતી હતી. એવણ કાઉનસીલના ખરા રાહબર અને તેના ભોમીયા મીશાલ હતા અને પ્રજાકય મેમબરોના લીડર જેવા હતા. એવણ પોતાના હમનશીતોને સલાહ અને મદદ આપી તેઓ વચચે સારૂ માન મેળવી પોતાની કીમતી અને ઉપયોગની સાબેતી આપી હતી. ૧૯૦૧ માં ખેડુતોની જમીનના વેચાણ અટકાવવા માટે જે ધારો જમીનનાં મેહેસુલી બીલ ને નામે મુંબઇની ધારાસભામાં લાવવામાં આવયો હતો તેની વીરૂધ સર ફીરોઝશાહે ધારાસભામાં ઘણી લડત ચલાવી હતી અને પાછળથી મુંબઇમાં એક જાહેર સભા પ્રેસીડંસી એસોસીએશને બોલાવી હતી તેમાં એ ધારો ઉતાવળથી નહી પસાર કરવા દેવાનો ઠરાવ થયો હતો. તે સભામાં સર ફીરોઝશાહે પ્રમુખસથાનેથી લંબાણ ભાશણ કીધું હતું. એજ બાબદ ઉપર એવણે જાહેર પત્રદવારે પણ લખાણ કરયાં હતાં. એવણ પોતાની કારકીરદી દરમ્યાન એવા એવા પ્રજાકય સવાલોમાં હમેશા ઉલટથી ભાગ લઈ લડત ચલાવતા હતા. એવણની આવી સેવાની યાદમાં મરહુમના મરણ માટે તા૦ ૧૭ મી ડીસેમબરે મલેલી ધારાસભામાં દલગીરીનો ઠરાવ કરી બેઠક મુળતવી રાખવામાં આવી હતી.

સર ફીરોઝશાહે મ્યુનીસીપાલીટીની બજાવેલી સેવા.

સર ફીરોઝશાહ મુંબઇની મ્યુનીસીપાલ કોરપોરેશનમાં ૫૦ વરસ થયા જાહેર પ્રજાની સેવા બજાવતા આવ્યા હતા. આવી લાંબી મુદત સુધી હીંદની કોઇબી મ્યુનીસીપાલીટીમાં સર ફીરોઝશાહના જેવી ખરેખરી ઉપયોગી સેવા કરી રહેલો કોઇ સભાસદ જણાયો નથી. એવણ મુંબઇની બહાર ગયા હોય યાતો જરૂરી કામ સર રોકાતું પડયું હોય તોબી બનતા સુધી ત્યાંથી કોરપોરેશનની સભામાં હમેશા એવણ હાજર થતા હતા. આપણી કોરપોરેશનને ૧૮૭૨ અને ૧૮૮૮ માં જે બંધન મલ્યું છે તે સર ફીરોઝશાહની લડતોનું પરીણામ છે. ૧૮૭૩ ના સપટેમબરથી મ્યુનીસીપાલ ખાતાનો વહીવટ જે સુલેહના અમલદારો ચલાવતા હતા તે મ્યુનીસીપાલ કોરપોરેશનથી ચલાવવાનું નકકી થયું તેમાં ચુંટાયલા સુલેહના અમલદારો તરફના ૧૬ અધીકારીઓમાં સર ફીરોઝશાહ એક હતા અને તે દીનથી કોરપોરેશનના સભાસદ તરીકે હમેશા વખતો વખત ચુંટી કહડાતા રહયા છે. ૧૮૮૪ માં સર ફીરોઝશાહને કોરપોરેશનના પ્રમુખ નેમયા હતા અને એવણે પ્રમુખ તરીકે હીંદનો નવો વાઈસરાય લોરડ એલગીનને તા૦ ૮ મી દીસેમબર ૧૮૮૪ ને દીને મુંબઇનાં બારામાં ઉતરતાંને વાર કોરપોરેશન તરફનું મુબારકબાદીનું માનપત્ર વાંચી સંભલાવ્યું હતું. તેમજ એજ શાલની તા૦ ૧૯ મી ડીસેમબરે મુંબઇમાં નવી મ્યુનીસીપાલ ઓફીસનો પાયો નાખવાની ક્રીયા લોરડ રીપને કીધી હતી તે વખતે કોરપોરેશન તરફનું માનપત્ર એવણે વાંચી તે નામદારને પાયાની ક્રીયા કરવાની અરજ કીધી હતી. ૧૮૮૫ માં સર ફીરોઝશાહને કોરપોરેશનના પ્રમુખ તરીકે નેમી માન આપયું હતું. પાટવી કુંવર પ્રીનસ જયોરજ પોતાની બાનુ સાથે હીંદુસ્તાનની મુસાફરી માટે આપણા શેહેરમાં તા૦ ૯ મી નવેમબર ૧૯૦૫ ને દીને આવી પુગા હતા. એ નામદારને પાલવા બંદરથી ઉતરતા પહેલવહેલું આવકારનુ માનપત્ર મ્યુનીસીપાલીટીના કોરપોરેશનના પ્રમુખ તરીકે સર ફીરોઝશાહે બુલંદ અવાજે વાંચી સભળાવયું હતું. એજ મીસાલ તા૦ ૨ જી ડીસેમબર ૧૯૧૧ ના દીને એજ નામવર શેહેનશાહ જયોરજ તથા શેહેનશાહ બાનુ પોતાની તાજપોશી જાહેર કરવા માટે દીલ્હી આવવા પધારયા હતા, તે પ્રસંગે આપણી કોરપોરેશને એપ્રીલ માસમાં એક ખાસ બનાવ તરીકે સર ફીરોઝશાહને પ્રમુખ નેમયા હતા અને તે નામદારોને કોરપોરેશન તરફનું માનપત્ર સર ફીરોઝશાહે એમપી થીએટર મધે તા૦ ૨ જી ડીસેમબરને દીને વાંચી સંભળાવયું હતું તથા એ નામદાર સાથ દરેક કોરપોરેટરની ઓળખ કરાવી હતી. જો કે આ પ્રસંગે કોરપોરેશનના પ્રમુખ તરીકેની એવણની વારી ન હતી તે છતાં એ માન આપયું હતું. તેમજ એ કોરપોરેશનના સર ફીરોઝશાહને પ્રમુખ તરીકે વારનવાર નેમીને જે માન આપવામાં આવતું હતું તે ખરેજ તેમની ઝળકતી બીનસવારથી જાતી ભોગ આપનારી મહેનતુ મ્યુનીસીપલ કારકીરદીનો જાણે બદલો વાલી આપવામાં આવતો હતો.

સર ફીરોઝશાહે યુનીવરસીટીની બજાવેલી સેવા.

3 સર ફીરોઝશાહે આપણી યુનીવરસીટી મધ્યે ઉંચી કેળવણીના લાભ માટે ખંતીલો આગેવાન ભાગ છેલ્લા ૩૦ વરસ થયા લેતા આવ્યા હતા અને સેનેટમાં એવણે વરસો સુધી અનેક સેવાઓ બજાવી આપણી યુનીવરસીટીને પેહલો દરજજો આપાવ્યો છે. એવણે યુનીવરસીટીના વહીવટ વચ્ચે સરકાર નહી પડતી તે વીરૂધ બળતવારીથી અનેક વાર લડત ચલાવી હતી અને છેલ્લા યુનીવરસીટી કામના ગોઠવવા વીશેની તકરારમાં જોશ અને જોમથી લડયા હતા. એવણને ૧૮૮૯ માં મુંબઇ યુનીવરસીટીના આરટસના ડીન નેમયા હતા તે આગમજ બીજા કોઇબી હીંદીવાનને એ ઓધો મળયો ન હતો. તેમજ ૧૯૦૧ તથા ૧૯૦૭ માં એવણ કાયદાની ફેકલટીના ડીન નેમાયા હતા. ૧૯૦૨ ના મારચમાં એવણે યુનીવરસીટી કમીશનમાં જુબાની આપી હતી. ૧૯૦૮ માં એવણને યુનીવરસીટીની કાયદાની ફેકલટીના સીનડીક નેમવામાં આવયા હતા. બીજે વરસ એવણને એજ ફેકલટીના સીનડીક તથા ડીન અને તે સાથ આરટસ તથા લોના સીનડીક નેમયા હતા. એજ મુજબ દર વરસે એવણની નેમણુંક કરવામાં આવતી હતી.

સર ફીરોઝશાહને સને ૧૯૧૫ માં યુનીવરસીટીનો વાઇસ ચેનસેલરનો ચઢયાતો ઓધ્ધો એનાયત થયો હતો અને એજ સાલમાં એવણની વીદ્યા અને જાહેર કેળવણી, સુખશાંતી તથા સથાનીક સવરાજને લગતી બાબદોના સંબંધમાં એવણે અરધી સદી સુધી જે જાહેર સેવાઓ બજાવી છે તેની પીછાનમાં એવણને યુનીવરસીટી તરફથી એલ. એલ. ડી. યાને ડોકટર ઓફ લોઝની ઓનરરી ડીગ્રી એનાયત કરવાનો એક મતે ઠરાવ થયો હતો પણ એ ડીગ્રી એનાયત થાય તે અગાઉ એવણનું મરણ નીપજયું હતું.

સર ફીરોઝશાહે નેશનલ કોનગ્રેસની બજાવેલી સેવા.

સર ફીરોઝશાહ નેશનલ કોનગ્રેસના અઠંગ હીમાયતી હતા અને દરેક બાબદમાં હમેશા મધ્યમસર રહીને કામ કરતા હતા. એવણે એક વખતે કોનગ્રેસના બારકસને મુશકેલીઓના મોજાઓમાંથી સહીસલામત રીતે તેરવી કાઢયું હતું. હીંદી પાંચમી નેશનલ કોંગ્રેસ જે ૧૮૮૯ મા મુંબઈમાં ભરાઇ હતી તેના આવકાર દેનારી કમીટીના એવણને સરનશીન નેમયા હતા તે વેળા એવણે સરેશતા મુજબ સુબાખીત ભાશણ કીધું હતું, તેમજ ૧૮૯૦ માં કલકતા ખાતેની છઠી નેશનલ કોનગ્રેસના એવણ પ્રમુખ નેમાયા હતા અને તે વેળા પ્રમુખ તરીકેનું કીમતી ભાશણ કીધું હતું. વળી ૧૯૦૪ ની મુંબઇમાં મળેલી ૨૦ મી નેશનલ કોનગરેસની રીસેપશન કમીટીના સરનશીન તરીકે એવણની નેમણુક થઈ હતી તે ઓધા ઉપરથી પણ એવણે પોતાની પ્રતીશઠાને વધારનાર રાજદવારી સવાલો ઉપર ઝમકદાર વીવેચન સાથનું ભાશણ કીધું હતું.

સર ફીરોઝશાહે જાહેરમાં આપેલા ભાષણો વગેરે.

સર ફીરોઝશાહે ઈસ્ટ ઇંડયા એસોસીએશનની મુંબઇની શાખા તરફથી ૧૮૬૯ માં ઉંચી કેળવણી વીષે ભાષણ આપ્યું હતું અને ૧૮૭૨ માં ફરામજી કાવશજી ઇનસ્ટીટયુટમાં મ્યુનીસીપલ સુધારા વીષે એક રેસાલો વાંચ્યો હતો. એવીજ રીતે એવણે જાહેરમાં જુદી જુદી બાબદો ઉપર ઘણા ભાષણો આપ્યાં હતાં.

મુંબઇની પ્રેસીડનસી એસોસીએશન તરફથી તા૦ ૧૧ મી એપ્રેલ ૧૮૯૦ ને દીને ગવરનર લોરડ રે ને મેદાનમાના શેઠ જમશેદજી નશરવાનજી તાતાવાળા મકાનમાં એક આફટરનુન પારટી આપવામાં આવી હતી. તે વેળા સર ફીરોઝશાહે તે નામદારને વીદાયગીરીનું માનપત્ર વાંચી સંભળાવયું હતું. તેમજ સર વીલીયમ વેડરબરનને પારલામેંટના સભાસદ તરીકે ચુંટી કાઢવા માટે ખુશાલી બતાવવા ૧૮૯૨ માં મુંબઇમાં મળેલી સભામાં એવણે માનપત્ર વાંચી સમજાવ્યું હતું.

સર ફીરોઝશાહે ૧૮૮૬ માં જાહેર નોકરી માટેના કમીશન સનમુખ લંબાણ જબાની આપી હતી અને ૧૮૮૮ ના ડીસેમબરમાં અલાહબાદ ખાતે મળેલી નેશનલ કોંનગરેસમાં એ કમીશન વીશે રજુ થયલા ઠરાવને ટેકો આપયો હતો.

સર ફીરોઝશાહના ભાષણોનો સંગ્રહ અલાહબાદવાળા મી૦ ચીંતામનીએ શને ૧૯૦૫ માં છપાવયો છે જેનો ડીબાચો એવણના જીંદગીભરના મીત્ર શેઠ દીનશાહ એદલજી વાછાએ લખ્યો છે.

સર ફીરોઝશાહની પાયદસ્ત કાઢવાની થયલી ગંભીર કીયા.

આપણા જાણીતા દેશભકત શેહરી મરહુમ ઓનરેબલ સર ફીરોઝશાહ મેરવાનજી મેહતાની પાયદસ્ત સહવારે તેઓના નેપીયનસી રોડ ઉપરના બંગલામાંથી કાઢવામાં આવી હતી જે વેળા મરહુમને સેવટનો સેજદો કરવાને મુંબઇની પચરંગી પ્રજાની અતી ભારે ઠઠ જામી હતી. સર ફીરોઝશાહ પોતાને હમેશ પેહલાં હીંદીવાન તરીકે અને પછીજ પારસી તરીકે ઓલખાવવામાં મોટી મગરૂરી માનતા આવયા હતા અને તેથી તેઓ પારસી કોમમાંજ નહી પણ હીંદની તમામ કોમોમાં કેટલા બધા લોકપ્રીય થઇ પડયા હતા તેનો ઘણો પ્રત્યક્ષ પુરાવો તેઓની પાયદસ્ત વેળાએ હજારો આસામીઓએ આપેલી હાજરી ઉપરથી મળતો હતો. સવારના ૭ વાગતામાં તો આખો કુવાદે કમપાઉડ ચીકાર ભરાઇ ગયો હતો જે પછી આવનારાઓને ઉભું રહેવાની ફરજ પડી હતી. પાયદસ્તમાં ભાગ લેવાને પારસીઓ ઉપરાંત જુદી જુદી કોમોના આગેવાન શેહરીઓ નજરે પડતા હતા. નામદાર ગવરનરના પ્રતીનીધી તરીકે એવણના સેક્રેટરી મી૦ જયુકસ પાયદસ્ત કીયા વેળાએ હાજર થયા હતા. મરહુમની લાસને સેવટનું માન આપવા કેટલાક હીંદુ તથા મોહમેદનો તો ખાસ દેશાવર વેરથી આવયા હતા. રૂવાન સર ફીરોઝશાહના બંગલાના મોટા હોલમાં સગડીને મુકવામાં આવયું હતું કે જે હોલ પારસી બાનુઓથી તમામ ચીકાર ભરાઈ ગયો હતો. પારસી કોમની એટલી મોટી સંખ્યા હાજર હતી કે ગેહસારણાની કીયા પુરી થવા પછી માત્ર સેજદો કરતાંજ લોકોને લગભગ ૧॥ કલાક લાગયો હતો. મરહુમની પાયદસ્ત સાથ પારસીઓ તેમજ બીજી કોમવાલાઓની એક જંગી મોટી સંખ્યા છેક દોખમાં સુધી પગે ચાલીને ગઇ હતી. રસતાઓની ઉપર બંને બાજુએ લોકોની મોટી સંખયા ઉભી હતી, તેઓ મરનારને ગંભીરાઇથી સેઝદો કરતા હતા. મરહુમની પાયદસ્ત પાછળ બીજી કોમવાળાઓ ગયા હતા, જે બનાવ એક પારસી પાયદસ્તમાં પેહલવેહલોજ છે.

રૂવાનને અવલમંજલ પહોંચાડયા પછી સઘળાઓ પાછા ફરયા તે વેળા હીંદુ અને મહોમેદનો ડુંગરવાડીના દરવાજાના મોટા કંમપાઉંડમાં ઉભા રહેલા હતા. જે વખતે સર નારાયણ ગણેશ ચંદાવરકરે સર ફીરોજશાહ માટે લાગણી જાહેર કરી એવણની સથાનીક, પ્રાંતીક અને હીંદી સેવાઓની ભારે સતુતી કરતાં જણાવયું કે મરહુમે પોતાની આખી જીંદગી દેશ સેવામાં ૪૦ વરસ સુધી અરપણ કીધી હતી અને તે સેવાઓ અનેક દીશાએ હતી. તેઓ પારસી કોમના એક હીરા હતા કે જે કોમે સંસાર, ધરમ, વેપાર અને રાજકીય દીશાએ સુધારાઓ કરવાનો જુસશો બીજી કોમને આપયો છે. દરેક સુધારાની હીલચાલ પારસી કોમથીજ થઇ છે અને પારસીઓનેજ પગલે આજે બીજી કોમો ચાલે છે. સર ફીરોઝશાહે ચાલીસ વરસ સુધી હીંદુસતાનની પ્રજાની ઉનતી કરવા માહાભારત કોશેશ કીધી હતી. આજે આપણે એક સરસમાં સરસ શહેરી, એક બાહોશમાં બાહોશ લીડર, એક મહાન દેશભકત ગુમાવયો છે કે જેની જગયા વરસો સુધી ખાલી રહેશે. એવા ભલા નરના આતમાને ખુદા સઘળી શાંતી બક્ષે. એ પછી સઘળાઓ ભારે ગમગીની અને દુઃખ સાથે વીખેરાયા હતા.

સર ફીરોઝશાહ મેરવાનજી મેહતાના ઉઠમણાની થયલી ક્રીયા.

મરહુમ સર ફીરોઝશાહ મેરવાનજી મેહેતાનાં પાછલી રાતનાં ઉઠમણાંની ક્રીયા કદમી પંથના વડા દસતુરજી સાહેબ દીનશાજી જીવણજી ગરડાની આગેવાની હેઠળ કરવામાં આવી હતી. ઉઠમણાની ક્રીયા ખલાસ થવા બાદ દસતુરજી દીનશાજીએ મરહુમનું નામ જાહેર ભણુતરોમાં લેવાની શુચના કરતાં જણાવયું કે સર ફીરોઝશાહનાં દુ:ખદાયક મરણથી એક ઘણીજ કીરતીવંત ઝળકતી કારકીરદીનો અકાળ અંત આવયો છે. પોતાની અસાધારણ બાહોશીથી સવતત્રપણે, ભારે હીંમતથી પોતાના ધીકતા ધંધાની ઓહોલી કમાઇને ભોગે વટીક નાતજાતનો કશો ફરક રાખયા વીના લગભગ ૪૦ વરસની લાંબી મુદત સુધી જે ઉતમ સેવાઓ દેશને અરપણ કીધી છે અને તેમ કરીને આખા દેશમાં જાતપરજાતમાં અનુપમ કીરતી અને નામના મેળવી છે. એઓની પાયદસત વેળાએ જે હમજાત અને પરજાતના હજારો લોકોની ભારે ગંજાવર મીજલસ એઓને છેલ્લું માન આપવાને ભેગી મળી હતી તે ઉપરથી અને એઓના મરણથી આખા દેશમાં જગેજગ જે ગમગીની વયાપી રહી છે, તેથી પોતાના હમકોમ ઉપરાંત, આ દેશની પંચરંગી કોમોમાં, કેટલું બધું માન ધરાવતા હતા તે સમજી શકાશે. અદલ અંગ્રેજી રાજ અમલના પ્રતાપથી આપણ પારસીઓએ અનેક જાહોજલાલી અને કીરતી મેળવી છે, પણ જે નામના અને કીરતી મરહુમ સર ફીરોઝશાહે મેળવી છે અને પારસી નામને જે રીતે જગ આશકારા અને મશહુર કીધું છે તેવું ઘણાજ થોડાઓએ કીધું હશે. મરનાર આપણી કોમના કદીમી પંથના એક અથોરનાનઝાદા હતા અને તે માટે અમો અથોરનાનોને વીશેશ મગરૂરી પેદા થાય છે. પોતાની કીરતીમાં વધારો કરીને ખુદ પારસી કોમની કીરતી વધારી છે. જોકે મરનારે પોતાની કીરતીવંત જીંદગીનો સઉથી મોટો ભાગ દેશભકતી કરવામાં અરપણ કરયો હતો, તે છતાં મરહુમ આપણી કોમને લગતા અગતયના સવાલોમાં વારંવાર આગેવાન ભાગ લઇ પોતાનો પાકટ અનુભવ અને બાહોશીનો લાભ પારસી કોમને આપતા હતા. હું સુચના કરૂં છું કે આપણા જાહેર ભણુતરોમાં એઓનું નામ હંમેશા યાદ કરતા રહેવું જે માનને એઓ દરેક રીતે લાયક છે. પાક પરવરદેગાર એઓના નેક રૂહને શાંતી બક્ષે અને પેલી મીનોઇ જેહાનમાં ગરોથમાન બેહેસતનું સુખ બક્ષે. એ પછી નાયબ દસતુર રૂસતમજી એદલજી સંજાણા અને નાયબ દસતુર મીનોચેહેરજી જામાસપજી જામાસપ આશાનાએ કેટલુંક વીવેચન કરી શેહેનશાહી પંથના મોબેદ સાહેબોને જાહેર ભણુતરોમાં મરનારનું નામ લેવા જણાવ્યું હતું.

મરહુમ સર ફીરોઝશાહના ઉઠમણાની ક્રીયાબી નવસારી, ભરૂચ, બીલીમોરા, નારગોલ, અમદાવાદ અને ઇલાવ ખાતે ત્યાંની અંજુમન તરફથી કરવામાં આવી હતી અને મરહુમનું નામ જાહેર ભણતરની ક્રીયાઓમાં લેવાનો ઠરાવ કરવામાં આવ્યો હતો. એ ઉપરાંત કલકતા, કરાંચી કવેતા, ચીખલી, નાગપુર, ઉડવાડા, ઈડર વગેરે શેહેરોમાંબી મરહુમના ઉઠમણાની ક્રીયા ત્યાની અંજુમને કરી હતી. વળી મરહુમ સર ફીરોઝશાહની તસવીર ભરૂચ તથા અમદાવાદ ખાતે ત્યાંની દરેહમેહરોમાં મુકવાનો ઠરાવ થયો હતો.

સર ફીરોઝશાહના માનમાં બંધ રહેલાં જુદાં જુદાં ખાતાંઓ.

સર ફીરોઝશાહના મરણની ખબર મુંબઇ શેહેરમાં તેમજ દેશાવરો ખાતે ઝડપથી ફેલાઇ હતી અને એ મરહુમ દેશભકતના માનમાં ઘણીક ઓફીસો અને દુકાનો વગેરે બંધ રાખવામાં આવયાં હતાં. મુંબઇમાં સર ફીરોઝશાહના માનમાં મરણને દીવસે મ્યુનીસીપલ હાફીસ, મ્યુની-શીપલ તાબાની પ્રાથમીકશાળાઓ તથા હુનરશાળા, બોંબે સ્ટુડંટસ બ્રધરહુડનો રીડીંગ રૂમ અને લાયબ્રેરી, એમપાયર ઓફ ઇંડયા લાઇફ ઇનસ્યુરંસ કં., વીકટોરીયા સ્વીમીંગ બાથ, બોમબે કોલ ટ્રેડીંગ કં., બોમબે કોટન એક્ષચેંજની હાફીસ, કોલાબાનું રૂનું બજાર, ખાન બજાર, અનાજ અને

બીયાનું બજાર, ફોરટ એંડ પ્રોપ્રાયટરી હાઈ સ્કુલસની કોટ, ગ્રાંટરોડ અને ચંડનવાડી ખાતેની સ્કુલો, ન્યુ હાઇ સ્કુલ, યંગ લેડીઝ હાઇ સ્કુલ, ખેતવાડીની શેઠ ફરામજી નશરવાનજી પટેલ સ્કુલ, અંજુમને ઇસલામ સ્કુલ, બાબુ પનાલાલ પુરનચંદ જઇન હાઈ સ્કુલ, માસ્તર કાનજી કરમસી બોયઝ એંડ ગરલસ સ્કુલ, ગોવાલ્યા તલાવ આગળની કેથોલીક એડયુકેશનલ ઇનસ્ટીટયુટ હસ્તકની સ્કુલ, લેડી નોરથકોટ હીંદુ આરફનેજ અને પ્રભુરામ આયુરવેદીક કોલેજ વગેરે બંધ રાખયાં હતાં.

મુંબઇની શરાફ મહાજનનો, કાપડના દેશી વેપારીઓની મંડળીનો, વીલાયતી રંગીન સાડીઓ તથા છાપેલા માલના કાપડના વેપારીઓની મંડળીનો, પછાત વર્ગના ગુજરાતી વીધ્યારથીઓનો અને ભાટીયા મીત્ર મંડળના મેલાવડાઓ જે હીંદુઓના નવા વરસની ખુશાલીમાં થનારા હતા તે તેમજ દીવાલીના મુહુરતના સોદાબી બંધ રાખ્યા હતા.

મરહુમના મરણની ખબર દેશાવરે ખાતે મલતા મરહુમના માનમાં પુણાની લેડીઝ કલબ અને સર દી. મા. પીટીટ પારસી જીમખાના, ઉમરેઠની નેટીવ જનરલ લાયબ્રેરી, ગણદેવી હાઈ સ્કુલ, નારગોલની એન. એમ. વાહાડયા પારસી સ્કુલ અને તાતા ગરલસ સ્કુલ, વલસાડની બાઇ આવાંબાઈ હાઇ સ્કુલ, ભરૂચની યુનીયન હાઇ સ્કુલ અને કલયાણીની મ્યુનીસીપાલીટીની સ્કુલો બંધ રાખવામાં આવી હતી. એ ઉપરાંત મુંબઇ, ભરૂચ, સુરત વગેરે ઠેકાણેના પારસી દુકાનદારોએ પોતાની દુકાનો પણ બંધ રાખી હતી.

ડા૦ માસીનાની હાસપીટલના પ્રીનસીપલ મેડીકલ હાફીસર અને મેનેજીંગ ટ્રસટી ડા૦ એચ. એમ. માસીનાએ સર ફીરોઝશાહના મરણ માટે નીચલો ઠરાવ હાસપીટલના બોરડ ઉપર મુકયો હતો:—"સર ફીરોઝશાહ એમ. મેહેતા કે. સી. આઇ. ઇ. ના ઘણુંજ દીલગીરી ભરયાં અને કવખતના મરણની નોંધ લેતાં મોટી દલગીરી ઉપજે છે. સર ફીરોઝશાહના મરણથી આ હાસપીટલે એક સઉથી દીલસોજ મીત્ર અને વખાણનાર ખોહયા છે એટલુંજ નહી પણ સથાનીક તબીબી ધંધાદારી મંડળે અને તબીબી કેળવણીએ એક સઉથી ઉતસાહી હીમાયતી ગુમાવયો છે.

સર ફીરોઝશાહના મરણ માટે આવેલા સંખયાબંધ દીલાસાના પેગામો.

સર ફીરોઝશાહના મરણની ખબર આખાં મુંબઈ શહેરમાં ફેલાતાંજ જુદી જુદી સઘળી કોમના આગેવાનો મરહુમ સર ફીરોઝશાહના કુટુંબને દીલાસો આપવાને તેઓને બંગલે ગયા હતા. જેમાં નામદાર ગવરનરના બાનું લેડી વીલીંગડન બી જાતે મલવા આવયાં હતાં. લેડી આઇમાય ઉપર નામદાર ગવરનર અને લેડી વીલીંગડન, કલકતા, મધરાસ, વગેરે શેહરોના જાણીતા કોનગ્રેસમેનો, નાગપુર, કરાંચી વીગેરે શહેરોની જરથોસ્તી અંજુમનો, ઇગલાંડ ખાતેથી તેમજ હીંદના આગેવાન ગ્રહસ્થો અને જાહેર મંડળો અને દેશી રાજવાડાઓ તરફથી સંખ્યાબંધ દીલાસાના તારો મોકલવામાં આવ્યા હતા તેમાં નીચલા મુખ્યા હતા:—

મુંબઇના નામદાર ગવરનર, વેલાતથી હીંદી પ્રધાન અને સર વીલીયમ વેડરબરન, જુનાગઢના બીબી સાહેબ, ગોંડલના નામદાર ઠાકોર સાહેબ અને નાગપોરવાલા ઓ૦ શેઠ એમ. બી. દાદાભાઇ એ તારો મોકલાવ્યા હતા. એ ઉપરાંત કરાંચીની, કવેતાની, ગણદેવીની, નાગપોર તથા કામતીની અને ભરૂચની જરથોસ્તી અંજુમન લાહોર, મદરાસ, ગોંડલ અને પેટલાંદના રહીસો, ત્રીવેનદરમની લો કોલેજના વીદયારથીઓ, કવેતાની યંગમેનસ ઝોરાસ્ત્રીયન એસોસીએશન, સુરત મ્યુનીસીપાલીટી, સુરતની ડીસ્ટ્રીકટ એસોસીએશન, સુરત સીટી કલબ, પુણા મ્યુનીસીપાલીટી, મદરાસ માહાજન સભા, અમદાવાડની ગુજરાત સભા, પુણાની દખણ સભા, મધ્યપ્રાંત અને બીરારની પ્રાંતીક કોનફરનસની રીસેપશન કમીટી, કલકતાની ઈંડીયન એસોસીએશન, નદીયાદની ખેડા ડીસ્ટ્રીકટ એસોસીએશન વગેરે, વગેરે તરફના તારો હતા.

સર ફીરોઝશાહ મેરવાનજી મેહતાના માનમાં મુંબઈ તેમજ દેશાવરો ખાતે મલેલી જાહેર સભાઓના હેવાલ.

સર ફીરોઝશાહના માનમાં મુંબઇમાં મલેલી સરવે કોમની જાહેર સભા.

હીંદના મહાન દેશહીતકારીક શેહેરી મરહુમ સર ફીરોઝશાહ મેહરવાનજી મેહતાના મરણ માટે દલગીરી જાહેર કરવા તથા મરહુમની યાદગારી જાળવવા ઘટતાં પગલાં લેવાનો ઠરાવ પસાર કરવા માટે મુંબઇના નામદાર શેરીફ મારફતે બોલાવવામાં આવેલી જાહેર સભા તા૦ ૧૦ મી ડીસેમબરે સાંજે પોણા ૭ વાગે ચરચગેટ સટેશન આગળના બાંધવામાં આવેલાં કોનગ્રેસ મંડપમાં મળી હતી. મરહુમ સર ફીરોઝશાહની એક આખાં કદની મોટી ઓઇલપેનટીંગ સબી માચડા આગળ મુકી હતી. એ દીને મુંબઇના સઘળા બજારો તેમજ ઘણી વેપારી. હારીશો મરહુમના માનમાં બંધ રાખવામાં આવી હતી. યાદગારી રાખવાની આવી ગંજાવર સભા અગાઉ કવચીત મલી હશે.

સભામાં મુંબઇની પંચરંગી કોમોનો હજારોની સંખ્યામાં મોટો, મેલો ભેગો થયો હતો જેમાં નામદાર ગાયકવાડ નામદાર ગવરનરની કારોબાર કાઉનસીલના સભાસદો, વકીલો, બારના મેમબરો, ડાકટરો, વેપારીઓ અને સઘલી કોમના આગેવાન શેહેરીઓ હાજર થયા હતા, તેમજ બાનુઓ બી મોટી સંખ્યામાં જણાતાં હતાં. નામદાર ગવરનર લોરડ વીલીંગડને પોણા ૭ વાગે આવી લાગતા તેવણુને તથા એવણુના બાનુને ચોમેરથી આવકાર મળયો હતો. સભાનું કામ શરૂ થતાં મુંબઇના શેરીફ ઓનરેબલ સર જમશેદજી જીજીભાઇએ સભા બોલાવવાને લગતું રેકવીઝીશન વાંચી સંભળાવ્યા પછી સર કાવશજી જાહાંગીર બારોનેટે નામદાર ગવરનરને પ્રમુખસ્થાન લેવાની દરખાસ્ત કરતાં જણાવ્યું કે આપણા નામદાર ગવરનર લોરડ વીલીંગડને પ્રમુખસ્થાન સ્વીકારી આજની સભાના કામકાજ તરફ નામદાર સરકારની દીલસોજી દેખાડી આપી છે.

સર કાવશજીની દરખાસ્તથી અને સર સાસુન ડેવીડના ટેકાથી નામદાર ગવરનરે પ્રમુખસ્થાન લેવા પછી એ નામદારે જણાવ્યું કે આજે સવારે નામદાર વાઇસરાય તરફથી સીમલાથી મને એક તાર મળયો છે તેમાં નામદાર વાઇસરાય જણાવે છે કે સર ફીરોઝશાહ એક મહાન પારસી, મહાન દેશાભીમાની નર, મહાન શેહેરી અને મહાન હીંદી હતા. એવણુના મરણુ માટે મુંબઈના શેહેરીઓ દલગીરી જાહેર કરવા તથા તેવણુની યાદગારી જાલવવાને ભેગા મલનાર છે તેમાં હું પણુ સામેલ થાવું છું. સર ફીરોઝશાહની યાદગારી જાળવવાના ફંડમાં મારી તરફથી રૂ૧૦૦૦ મોકલું છું. આ તારનો મેં નીચલો જવાબ મોકલ્યો છેઃ—તમારો સંદેશો હું સભા મધે વાંચીશ અને મારી ખાત્રી છે કે મુંબઇની પ્રજા તમારી દીલસોજી માટે આભારી થઇ છે અને તમારી ઉદાર રકમને માટે ઉપકાર માને છે. સભા તરફ દીલસોજી દર્શાવનારા અને હાજર ન રહી શકવા માટે દીલગીરી દેખાડનારા સંદેશાઓ સર કરીમભાઇ ઇબ્રાહીમ અને હીંદના જાણીતા મહસ્થ શેઠ દાદાભાઈ નવરોજી તથા બીજાઓ તરફથી મલ્યા હતા.

નામદાર ગવરનરનું ભાષણ.

નામદાર ગવરનરે ભાષણ કરતાં જણાવ્યું કે મારા એક જુના મીત્રનાં વખાણ કરવા, અને તેમની યાદગારી જાળવી રાખવા માટે મળેલી સભામાં ભાગ લેતાં મને ખુશહાલી ઉપજેછે. તેમના મરણુથી મને અને તમને ભારે ખોટ ગઇ છે. મારા અઢી વરસના અનુભવ પછી મને માલુમ પડયું છે કે તેઓ એક મજબુત અને બુધીશાળી તથા માનસીક સાધનોવાળા વીરોધી હતા પણ જ્યાં સરકારનું કામ તેમને યોગ્ય માલમ પડતું ત્યાં તેઓ સરકારને ઉલટથી ટેકો આપતા

હતા. જાહેર જીંદગીમાં પડેલી મતફેરી તેઓ ખાનગી જીવનમાં આવવા દેતા નહી. ખાનગી જીવનમાં સર ફીરોઝશાહ મને એક ખરા મીત્ર અને વીવેકી ગ્રહસ્થ તેમજ માણસ જાત તરફ ઉંડી દીલસોજી દર્શાવનારા ગ્રહસ્થ માલુમ પડયા હતા. બ્રીટીશ રાજ્યની સતા નીચે તેઓ હીંદના પ્રજાકીય કારોબારને ખીલવવા માંગતા હતા. આજે આપણે તેમની એક મહાન અને યોગય યાદગારી જાળવી રાખવા માટે ભેગા મળયા છીએ, પણ તેમની સઉથી મોટી યાદગીરી તો એ છે કે આપણે આ મંડપ છોડતી વેળા એક બીજા તરફ આશા અને દીલસોજીથી વરતવાનો, એક બીજાનાં કામ પ્રતયે વધુ વીસવાસથી જોવાનો, એક બીજાનાં કામ પ્રતયે ખરા વીચારો દર્શાવવાનો ઠરાવ કરી તે પ્રમાણે વરતવાનો છે કે જેથી આ દેશની ઉનંતી અને હીત થાય કે જે મરનારને હઇડે હતું.

સર નારાયણ ગણેશ ચંદાવરકરે નીચલો પહેલો ઠરાવ રજુ કરયો હતો.

ઓનરેબલ સર ફીરોઝશાહ મેહરવાનજી મહેતા, એમ. એ., કે. સી. આઈ. ઈ., જેમણે કવચીતજ જોવામાં આવતી રાજદવારી કુનેહથી લગભગ ૪૦ વરસ સુધી આ દેશની નીમકહલાલીથી સેવા બજાવી હતી અને અથાગ શ્રમથી દીવાની, પ્રાંતીક અને રાજદવારી બાબતોમાં પોતાના લોકોમાં એક આગેવાનનો અને સરકારના વફાદાર તથા નીસ્વાર્થી સલાહકારનો દરજ્જો મેલવી પ્રમાણીકપણા અને સ્વદેશાભીમાનમો દાખલો બેસાડયો હતો. તેમના મરણથી સામાનય રીતે આ દેશને અને ખાસ કરીને આ ઇલાકાને જે ખમવું પડયું છે તેની અતયંત દીલગીરીની લાગણીની નોંધ લેવાનો ઠરાવ મુંબઇના શહેરીઓ અને રહેવાસીઓની આ સભા કરે છે.

સર ચંદાવરકરે ઠરાવના ટેકામાં લંબાણથી ભાષાણ કરતાં જણાવ્યું કે સર ફીરોઝશાહ એક મહાન પારસી અને એક મહાન હીંદીજ નહી પણ તેવણ બ્રીટીશ શેહેનશાહતના એક મહાન ઇમપીરીયાલીસટ હતા. આપણે આ મુંબઈ શહેરનોજ નહીં, પણ આખા હીંદનો એક મહાન નર ગુમાવી બેઠા છીયે અને તેવણની જગા ખાલીજ પડી છે. એવણની શરૂઆતથી તે છેવટ સુધીની કારકીરદી ઘણીજ ફતેહમંદ નીવડી હતી. મુંબઈ શેહર, હીંદ અને બ્રીટીશ શેહેનશાહતની એવણે હીમતથી અને ખીન હાંસલે જે સેવાઓ બજાવી છે તે ભવીશયની ઓલાદ હંમેશને માટે યાદ કરતી રહેશે. એ પછી ઓ૦ મી૦ ટી. ડબલ્યુ. બરક્લે, ઓ. સર ઇબ્રાહીમ રહેમતુલાએ અને શેઠ હોરમજી અરદેશર વાહાડયાએ ટેકો આપવા બાદ દરખાસ્ત પસાર થઇ હતી.

ડા૦ સ્ટેનલી રીડ નીચલો બીજો ઠરાવ રજુ કરયો હતો.

મુંબઇનાં શેહરીઓની મલેલી આ જાહેર સભાની દીલગીરી લેડી મહેતા અને મરહુમના કુટુંબના બીજા સભાસદો ઉપર મોકલી આપવાને નામદાર પ્રમુખને અરજ કરવી.

પોતાના ઠરાવના ટેકામાં બોલતાં ડા૦ સ્ટેનલી રીડે જણાવ્યું કે સર ફીરોઝશાહના મરણથી આપણી જાહેર જીંદગીમાંથી એક આગેવાન ગુમ થયો છે. ઉત્સાહથી અને જુસ્સાદાર હીંમતથી પ્રજાને દોરાવનાર એક આગેવાન ગુમ થવાથી મુંબઇને ભારે ખોટ ગઇ છે. એ પછી સર બાલચંદર ક્રીષણાએ અને શેઠ હોરમજી પી. મોદીએ ટેકો આપવા બાદ દરખાસ્ત પસાર થઈ હતી.

સર દીનશાહ માણેકજી પીટીટ બારોનેટે ત્રીજો ઠરાવ રજુ કરતાં જણાવ્યું કે સર ફીરોઝશાહનું મેમોરીયલ અથવા મેમોરીઅલસ ઉભાં કરવાં અને તે માટે જરૂર જોગાં સઘળાં પગલાં ભરવાને તેમજ નાણાં એકઠાં કરવાને એક કમીટી નેમવી. સર દીનશાહે પોતાની દરખાસ્તના ટેકામાં સર ફીરોઝશાહની સીફતમાં ભાષાણ કરી પ્રસંગને અનુસરતું વીવેચન કરવા બાદ રેવરંડ ડા૦ મેકીકને, ઓ૦ સર ફાઝલભાઇ કરીમભાઇ ઇબ્રાહીમે અને ઓ૦ મી૦ સી. એચ. સેતલવડે ટેકો આપ્યા બાદ દરખાસ્ત પસાર કરવા પછી સભા બોલાવવા માટે મુંબઇના શેરીફ ઓ૦ સર જમશેદજીનો ઉપકાર માન્યા બાદ નામદાર ગવરનરે સર ફીરોઝશાહની યાદગારીના ફંડમાં ભરાયલા રૂપ્યા જાહેર કરવા પછી નામદાર ગવરનરનો ઉપકાર માન્યાબાદ સભા વીસરજન થઇ હતી.

સર જમશેદજીએ બોલાવેલી પારસી કોમની સભા.

મરહુમ સર ફીરોઝશાહ મેરવાનજી મેહતાના મરણ માટે દલગીરી દેખાડવાને નામદાર સર જમશેદજી જીજીભાઇ બારોનેટ ઉપર એક રેકવીઝશન મોકલવામાં આવવાથી સર જમશેદજીએ તા૦ ૯ મી એપ્રીલે ટાઉન હોલમાં જરથોસ્તી કોમની એક સભા બોલાવી હતી. જયા લેડી આઇ-માય ફીરોઝશાહ મેહતા ઉપર દીલાસાનો પત્ર મોકલવાનો ઠરાવ થયો હતો. સર જમશેદજીએ એક કાગલ લખી એ ઠરાવની એક નકલ લેડી આઇમાય ઉપર મોકલાવી હતી જેનો જવાબ લેડી આઇમાયે તા૦ ૨૨ મી એપ્રીલે લખી મોકલાવ્યો હતો.

પારસી પંચાતના નામદાર ત્રસ્ટીઓએ બોલાવેલી અંજુમનની સભા.

સર ફીરોઝશાહ મેરવાનજી મેહતાના મરણ માટે દલગીરી જાહેર કરવા અને મુંબઇની પારસી પંચાયતના દફતરમાં નોંધ લેવા સારૂ નામદાર ત્રસ્ટી સાહેબો ઉપર ગયલા રેકવીઝીશનની રૂહે ત્રસ્ટી સાહેબોએ મુંબઇની પારસી અંજુમનની બોલાવેલી સભા આલબલેસ બાગમાં તા૦ ૩૦ મી જુલાઇને દીને સર કાવસજી જાહાંગીર બેરોનેટના પ્રમુખપણા હેઠળ મલી હતી.

નામદાર ગવરનરની ધારાસભામાં સર ફીરોઝશાહના મરણ માટે થયલો દલગીરીનો ઠરાવ.

મુંબઇના નામદાર ગવરનરની ધારાસભાની એક બેઠક તા૦ ૭ મી ડીસેમબરે બપોરે ૧૨ કલાકે મુંબઇના સેકરેટરીએટ મધેના કાઉનસીલ હોલમાં નામદાર ગવરનર લોરડ વીલીંગડનના પ્રમુખપણાં હેઠળ મળી હતી. એ વેળાએ નામદાર ગવરનરે નીચલો ઠરાવ રજુ કરયો હતોઃ—આ કાઉનસીલના સઉથી નામીચા સભાસદો માહેલા એક સર ફીરોઝશાહ મેહેતાનાં મરણથી કાઉન-સીલને જે ભારે ખોટ ગઈ છે તે બાબેની ઉંડી લાગણી દફતરે નોંધવાની અને ઈલાકા, દેશ અને શેહેનશાહત તરફની તેમની ઝમકદાર સેવાથી ભરેલી કારકીરદીની ભારે પીછાન કરવાની ખાહેશ આ કાઉનસીલ દરશાવે છે. આ ઠરાવની નકલ લેડી મેહેતા ઉપર મોકલી આપવી.

આ ઠરાવના ટેકામાં બોલતાં નામદાર ગવરનરે જણાવયું કે સર ફીરોઝશાહે આ કાઉન-સીલની નમુનાદાર મોટી સેવા બજાવી હતી અને સઘળાઓનો સંપુરણ વીશવાસ મેળવ્યો હતો તેમજ દરેક બાબતમાં એવણ ઝમકી રહેતા હતા. સર ફીરોઝશાહની શીફતમાં નામદાર ગવરનરે લંબાણથી વીવેચન કરવા પછી નામદાર સર જમશેદજી જીજીભાઇ બારોનેટે દરખાસ્તને ટેકો આપી મરહુમ વીષે કેટલુંક વીવેચન કરવા બાદ આ ઠરાવ એક મતે પસાર કરવા પછી એ દીવસની ધારા-સભાની બેઠક મરહુમના માનમાં બંધ રાખવામાં આવી હતી. તે બાદ સભા વીસરજન થઈ હતી.

સર ફીરોઝશાહ માટે નામદાર વાઇસરાય લોરડ હારડીંગે જણાવેલી દલગીરી.

નામદાર વાઇસરાય લોરડ હારડીંગ તા૦ ૪ થી એપ્રીલે ઈંગલંડ પધારવા હીંદનો કીનારો છોડી ગયા એ વખતે મુંબઇમાં મ્યુનીસીપલ કોરપોરેશને એ નામદારને આપેલા માનપત્રનો જવાબ આપતા સર ફીરોઝશાહ વીષે જણાવ્યું કે મહાન શેહરી સર ફીરોઝશાહનો મીત્રાચારી ભરેલો અને જાણીતો ચેહરો હું જોવા પામ્યો નથી તે માટે ઘણી દલગીરી ઉપજે છે અને એવા એક જાણીતા શેહેરીને ખોવાથી મુંબઇને ગયલી નુકસાનીથી મને લાગી આવે છે.

હાઇ કોરટ વગેરે તરફથી દેખાડવામાં આવેલી દલગીરી.

હાઇ કોરટના નામદાર વડા જડજ સર બેસીલ સ્કોટ જેવણ એપલેટ સાઇડની પેહેલી કોર-ટમાં નામદાર જડજ મી૦ હીટન સાથ આશન ઉપર બીરાજયા હતા, એવણે તા૦ ૫ મી નવેમબરે કોરટ તરફથી મરહુમ સર ફીરોઝશાહના મરણ માટે દલગીરી બતાવી જણાવ્યું કે મરહુમ મુંબઇના બારના એક સીનીયર મેમબર હતા અને બારે હીંદુસ્તાનનો એક મજબુત ચેમ-

પીયન આપ્યો હતો જે જોઈ બારને મગરૂર થવાનું કારણ છે વગેરે વીવેચન કરવા પછી બાર તરફથી એડવોકેટ જનરલ ઓ૦ મી૦ જારડીને મરહુમની કારકીરદી વીષે કેટલુંક વીવેચન કીધું હતું. જ્યારે ઓરીજીનલ સાઇડ ઉપર બીરાજેલા નામદાર જડજ સર દીનશાહે દલગીરી દેખાડતા મરહુમ વીષે કેટલુંક વીવેચન કરવા પછી બાર તરફથી ઓ૦ મી૦ સેતલવડે જવાબ આપ્યો હતો.

સુરત વકીલ મંડળની એક સભા સુરત ડીસ્ત્રીકટ બાર એસોસીએશનના આમંત્રણથી ડીસ્ત્રીકટ લાયબ્રેરીમાં તા૦ ૧૨ મી નવેમબરને દીવસે સરકારી વકીલ મી૦ ચુનીલાલ માણેકલાલ ગાંધીના પ્રમુખપણા હેઠળ મલી હતી, જયાં મરહુમના મરણ માટે દલગીરીનો ઠરાવ પસાર કરી લેડી આઇમાય ઉપર મોકલાવ્યો હતો. એજ મુજબ થાણાની બાર એસોસીએશને તેમજ મુંબઇની વેસ્ટરન ઇંડિયા પલીડરસ એસોસીએશને દીલાસા પત્ર લેડી આઇમાય ઉપર મોકલાવ્યા હતા.

મુંબઇની મ્યુનીસીપાલીટીએ દેખાડેલી દલગીરી.

મરહુમ સર ફીરોઝશાહ મેરવાનજી મેહતાના દલગીરી ભરયા મરણ માટે ખેદ જાહેર કરવાને મુંબઇની મ્યુનીસીપલ કોરપોરેશનની એક ખાસ સભા તા૦ ૧૦ મી નવેમબરને દીવસે સાંજે ૩ કલાકે મ્યુનીસીપલ કાઉનસીલ હોલમાં શેઠ ફીરોઝ સી. શેઠનાના પ્રમુખપણા હેઠળ મલી હતી. સર ફીરોઝશાહની હમેશની ખુરશી ખાલી રાખી તે ઉપર શોકનું કાળુ કપડું ઢાકવામાં આવ્યું હતું. વળી મરહુમ તરફના માનની ઇંધાણી દાખલ મ્યુનીસીપલ હારીશ ઉપરનો વાવટો અરધી કાઠીએ રાખવામાં આવ્યો હતો. પ્રમુખ શેઠ ફીરોઝ શેઠનાએ સર ફીરોઝશાહ માટે લંબાણથી લાગણી ભરયા શબદોમાં વીવેચન કરતાં જણાવ્યું કે એવણે સઉથી વધારે ઉલટ અને ઉતસાહ આપણી મ્યુનીસીપાલીટીમાં દેખાડીયો છે. કોરપોરેશનની ખીલવણી, ઉનંતી અને આબાદી સાથ એવણનું નામ હમેશા જોડાયલું રહેશે. એવણે સઉથી લાંબી અને સઉથી ઝળકતી સેવાઓ બજાવી હતી અને કોરપોરેશને આ બાહોશ સુકાની અને રાહબરની કદર કરીને પોતાના પ્રમુખ તરીકે વખતો વખત ચુંટી કાઢયા હતા. જયારથી કોરપોરેશનને ધારા સભામાં પોતાનો પ્રતીનીધી મોકલવાનો હક મલ્યો ત્યારથી એવણને ચુંટી કાઢવામાં આવતા હતા. એ પછી સર ભાલચંદર કીશણાએ સર ફીરોઝશાહના મરણ માટે દલગીરીનો ઠરાવ રજુ કરવા બાદ ઘણા સભાસદોએ સર ફીરોઝશાહની તારીફમાં ભાષણો કરવા પછી એ દલગીરીનો ઠરાવ સભાસદોએ ઉભા રહીને પુર ગંભીરાઇથી પસાર કીધો હતો. એ ઠરાવની એક નકલ લેડી આઈમાય ઉપર મોકલાવી હતી. મુંબઇની મ્યુનીસીપલ કોરપોરેશનની સ્ટેનડીંગ કમીટીની તા૦ ૧૧ મી નવેમબરે મ્યુનીસીપલ કાઉનસીલ હોલમાં મી૦ એન. વી. મંડળીકના પ્રમુખપણા હેઠળ મલેલી સભામાં સર ફીરોઝશાહના મરણ માટે દલગીરી જાહેર કરવામાં આવી હતી. એજ મુજબ મુંબઇ મ્યુનીસીપલ કોરપોરેશનની સ્કુલ કમીટીની તા૦ ૧૦ મી નવેમબરે મલેલી સભામાં બી દલગીરીનો ઠરાવ થયો હતો. એ ઉપરાંત કરાંચી, સુરત, વડોદરા, વીરમગામ, માથેરાન, મદરાસ, ભરૂચ, પુણા, નડીઆદ વગેરે શેહેરોની મ્યુનીસીપાલીટીની મલેલી સભામાં સર ફીરોઝશાહના મરણ માટે દલગીરીના ઠરાવો પસાર થયા હતા.

મુંબઇની યુનીવરસીટીએ દેખાડેલી દલગીરી.

મુંબઇ યુનીવરસીટીની સેનેટની એક સભા તા૦ ૧૦ મી જાનેવારીને દીને સાંજે યુનીવરસીટીના સર કાવસજી જેહાંગીર હોલમાં વાઇસ ચેનસેલર રેવરંડ ડાકટર મેકીકનનાં પ્રમુખપણા નીચે મળી હતી. જે વખતે મરહુમના અકાળ મરણ માટે દલગીરીનો ઠરાવ પસાર કરી લેડી આઇમાય ઉપર મોકલવામાં આવ્યો હતો.

જુદી જુદી કોનગ્રેસ તથા કોનફરંસમાં દેખાડવામાં આવેલી દલગીરી.

સર ફીરોઝશાહ હીંદી પ્રજાકય કોનગ્રેસના એક સ્થાપક અને સ્થંભ જેવા હતા અને એવણના મરણ માટે સર એસ. પી. સીંહના પ્રમુખપણા હેઠળ મુંબઇમાં ચરચગેટ સ્ટેશન આગળના મંડપમાં તા૦ ૨૭ મી ડીસેમબરે ત્રીશમી હીંદી પ્રજાકય કોનગ્રેસની મલેલી બેઠક વેળાએ ભારે ખેદ જાહેર કરી દલગીરીનો ઠરાવ પસાર કીધો હતો. એજ મુજબ તા૦ ૩૦ મી ડીસેમબરે મલેલી

ઇંડીયન નેશનલ સોશીયલ કોનફરંસમાં, તા૦ ૨૪ મી ડીસેમબરે મલેલી ઈંડીયન ઇનડસ્ત્રીયલ કોનફરંસમાં, તા૦ ૨૬ મી ડીસેમબરે ટાઉન હાલમાં મલેલી પેહેલી હીંદી વેપારી કોંગ્રેસમાં તેમજ ભરૂચ ખાતે તા૦ ૬ ઠી નવેમબરે મલેલી મુંબઈ ઇલાકાની એસલામી કેળવણી કોનફરંનસમાં સર ફીરોઝશાહના મરણ માટે દલગીરી જાહેર કરવાના ઠરાવો થયા હતા.

સર ફીરોઝશાહના મરણ માટે લેડી આઇમાય ઉપર આવેલા દીલાસાના પત્રો.

સર ફીરોઝશાહના અકાળ મરણથી હીંદને જે ભારે ખોટ ગઇ છે તે માટે લેડી આઇમાય ઉપર નામદાર ગવરનરના બાનું લેડી વીલીંગડને પોતાને હાથે દીલાસાપત્ર લખ્યો હતો તેમજ હીંદના દાદા શેઠ દાદાભાઇ નવરોજીએ બી મોકલ્યો હતો. એ ઉપરાંત મુંબઈના જાહેર મંડલો વગેરે તરફથી સભાઓ ભરવામાં આવી હતી, ત્યાં પોતાની દલગીરી જાહેર કરી દીલસોજીના ઠરાવો પસાર કરી લેડી આઇમાય ઉપર દીલાસાના પત્રો મોકલાવ્યા હતા, તેમાં નીચલા મુખ્ય હતાઃ—મુંબઇની પ્રેસીડંસી એસોસીએશન, જરથોસ્તી કોમના લાભ સાચવનારી મંડળી, યંગમેનસ ઝોરાસ્ત્રીયન એસોસીએશન, જરથોસ્તી કોનફરંસ, સ્ટુડંટસ બ્રધરહુડ, બોંબે મેડીકલ એસોસીએશન, બોમબે મેડીકલ યુનીયન, સેંટ જોન એમબ્યુલંસ એસોસીએશન, પારસી એમબ્યુલંસ ડીવીઝનના સભાસદો, ફરસટ એડ એંડ નરસીંગ બ્રધરહુડ, આરયન બ્રધરહુડ, હીંદુ સ્ટુડંટસ ડીબેટીંગ સોસાયટી, પારસી લેખક મંડળ, શરાફ મહાજનની કારોબારી કમીટી, સુરત મહાજન હીંદુ અનાથ બાળાશ્રમને મદદ કરનારી મુંબઇની કમીટી, બોંબે કનત્રી ટોબેકો ત્રેડ એશોસીએશન, કોલાબા કોટન એક્ષચેંજ, બોમબે ક્રોનીકલ પત્રની બોરડ તથા સ્તાફ, ગુજરાત મીત્ર મંડળ, ભાટીયા મીત્ર મંડળ, આરય મીત્ર મંડળ, દશા સોરઠીઆ મીત્ર સંમેલન, ગોરધનદાસ વનમાલીદાસ બોરડીંગ યુનીયન, નેટીવ જનરલ લાયબ્રેરી, વીક્ટોરીયા જ્યુબીલી ટેકનીકલ ઇનસ્ટીટયુટ, શેરફલ લીટેરેર બીબલીઓટેક દીનશાહ પીટીટની કમીટી, પારસી સાઇકલીંગ કલબ, અનાજના વેપારીઓની એસોસીએશન, ઇંડીયન મરચંટસ ચેમબર એંડ બયુરો, કાપડના દેશી વેપારીઓની મંડળી, મારવાડી ચેમબર ઓફ કોમરસ, મારવાડી સંમેલનની સભા, સુતર તથા ત્રાંબા પીતલના દેશી વેપારીઓની મંડળી, વેલાતી, રંગીન તથા છાપેલા માલના કાપડના વેપારીઓની મંડળી, કાપડ બજારના નોકરોની મંડળી, અને માગરોલ યુનીયન કલબ, વગેરે વગેરે.

નીચલા દેશાવરોની જરથોસ્તી અંજુમને સભા ભરી દીલાસાના પત્રો લખ્યા હતાઃ—ક્વેતા, માથેરાન, લંડન, વલસાડ, અજમેર, નારગોલ, પોરબંદર, બેલગામ, રાજકોટ, લાહોર, હાંગકાંગ, ભરૂચ, ઉડવાડા, અમદાવાદ અને ઇલાવ વગેરે.


નીચલા શેહેરોના રહીસોએ સભા ભરી દીલાશાના પત્ર મોકલાવ્યા હતાઃ—લંડન, ઓલપાડ, અમદાવાદ, અલાહબાદ, ઉમરેઠ, કરાંચી, કલીકટ, કાનપોર, કારવાર, કલકતા, ગોંડળ, નારગોલ, નવસારી, પુણા, પોરબંદર, બીજાપુર, બાલાઘાત, બનારસ, ભરૂચ, મોરાદપુર, મહુવા, રાજકોટ, લખનો, લાહોર, વાંસદા, વડોદરા, વલસાડ, સીકનદરાબાદ અને સુરત વગેરે. નીચલા દેશાવરો ખાતેની મંડળીઓએ સભા ભરી દીલાસાના પત્રો લખ્યા હતાઃ— બેહરામપોર શેહરની ગંજામ જીલ્લા એસોસીએશન, નવસારીના વેપારી મંડળ, ભરૂચ ડીસ્ત્રીક એશોસીએશન, લખનોરની ઓલ ઇંડિયા મોસલેમ લીંગ, લાહોરની ઈંડીયન એસોસીએશન, કોચીન બાળ મીત્ર મંડળ, અમદાવાદ સ્ટુડંટસ બ્રધરહુડ, અલાહાબાદ હીંદુ યુનીવરસીટી સોસાયટી, ઈંગલંડના પારસી વીદયારથીઓની મંડળી અને કવેતાની યંગમેનસ ઝોરાસ્ત્રીયન એસોસીએશન વગેરે.

સર ફીરોઝશાહના મરણ માટે એવણની તારીફમાં નીચલા હીંદી પત્રોએ પોતાના ઉંચા અભીપ્રાયો આપ્યા હતાઃ—મદરાસનું ઈંડીયન પેત્રીઅટ પત્ર, ન્યુ ઈંડિયા, હીંદુ, અને મદરાસ ટાઇમસ, નાગપોરનું હીતવાદી પત્ર, કલકતાનું સ્ટેટમેન, અમરીતા બજાર પત્રીકા, ઈંડીયન મીરર અને કેપીટલ, લોકલ સેલફ ગવરમેંટ ગેઝટ અને ડેલી ન્યુઝ એંડ લીડર, વગેરે.

શેઠ બમનજી દીનશાહ પીટીટ,

મુંબઈની પારસી પંચાયતના માનવંત અકાબર અને સખી શેઠયા.

ઉમર વરસ ૫૭.



જનમ—રોજ ૪ થો માહ ૭ મો શેહેનશાહી સને ૧૨૨૮ યઝદેજરદી.
તારીખ ૨૭ મી મારચ સને ૧૮૫૯ ઇસ્વી,
સંવત ૧૯૧૫ ના ફાગણ વદ ૯ ને વાર રવેઉ.

મરણ—રોજ ૭ મો માહ ૪ થો શેહેનશાહી સને ૧૨૮૫ યઝદેજરદી.
તારીખ ૧૭ મી ડીસેમ્બર સને ૧૯૧૫ ઈસ્વી,
સંવત ૧૯૭૨ ના માગસર સુદ ૧૧ ને વાર સુકર.

મરહુમ માનવંત અકાબર અને સખી શેઠીયા શેઠ બમનજી દીનશાહ પીટીટનું દુખદાયક મરણ અને તેમનું જનમ ચરીત્ર.

પારસી કોમના એક માનવંત અકાબર તથા આગેવાન અને જાણીતા સખીવજુદ શેઠીયા શેઠ બમનજી દીનશાહ પીટીટના વારડન રોડ ઉપર આવેલા એઓણુના સાટા પીટીટ બંગલામાં રોજ ૭મે માહા ૪ થાને દીને ૫૬ વરસની વયે નીપજેલા દુખદાયક મરણની નોધ લેતાં ઘણીજ દલગીરી ઉપજે છે. એવણુના નીપજેલા અકાળ મરણથી મુંબઇની સમસ્ત પ્રજાએ અને ખાસ કરીને પારસી આલમે પોતાનો એક હાતમદીલ મદદગાર, ઉદ્યોગી અને પરમાર્થી ખરો મુરબ્બી શેઠીયો ગુમાવ્યો છે, તેમજ આ શેહેર અને દેશે એક વફાદાર, વીશ્વાસુ, ઉતસાહી તથા ઉદાર દેશહીતકારી નર ખોહયો છે.

શેઠ બમનજીની સાર્વજનિક તેમજ કોમી સેવાઓ જગજાહેર છે, જે સેવાઓ કરવા માટેના ઉમદા ગુણો તેમજ વેપારી સાહસીકપણું, શેહેરી તરીકેની આગેવાની અને સખાવતી દીલગુરદો એ સઘળુ એવણુના હાતમદીલ પીતાજી મરહુમ માનવંત નર સર દીનશાહજી તરફથી એઓણુને જાણે વારસામાં મલ્યું હતું. મરહુમ શેઠ બમનજી પોતાના ઉમદા ગુણો, તેમજ જાહેરમાં ભાગ લેવાના જુસાને લીધે કોમને તેમજ આપણા શેહરને ઘણો ફાયદો પોંહચાડી ગયા છે. મરહુમ શેઠ બમનજીએ પોતાની કોમનો અજીત ચાહ જીતી લીધો હતો, એટલુંજ નહી પણ સરવે પરકોમ વાળાઓનું માન, વીસવાસ મેલવવા પામ્યા હતા, તેવીજ રીતે એઓ સાહેબ સરકાર દરબારમાં પણ ઘણું મોટું માન મરતબો તથા વીશવાશ ભોગવતા હતા. શેઠ બમનજીનો દીલગુરદો સખીપણામાં બેહદ હતો અને છેલ્લા ચાર દાયકા દરમ્યાનમાં આ શહેરની પારસી હીલચાલ યા જાહેર કામો માહેલાં એક પણ એવાં નહીં હશે કે જેમાં શેઠ બમનજીએ બહુ ઉતસાહથી ભાગ લીધો નહી હોય; યા તેમને ફતેહમંદ ઉતારવાને પોતાની દોલતનો એક ભાગ હસી ખુશીથી, વગર માંગવે અને ફક્ત રૂડુ કામ કરવાની એકલી નીષ્ટાથી અરપણ કર્યો નહી હોય.

શેઠ બમનજીએ એક લક્ષાપતી કુટુંબમાં જન્મ લીધો હતો, અને જો ચાહતે તો ફક્ત એશ-આરામની સ્વારથી જીંદગી પસંદ કરતે. પણ જેમ મરહુમ શેઠ ફરામજી દીનશાહજી પીટીટે તેમજ શેઠ બમનજી પીટીટે એક એવા કુનેહબાજ, ડાવકા, "મરચંટ પ્રીન્સ" પીતાને હાથે તાલીમ લીધી હતી કે જેના પ્રતાપથી એ બંને શેઠયાઓએ બહુ ઉદયોગી જીંદગી ગુજારી હતી. મરહુમ શેઠ ફરામજી બહુજ એકમાર્ગી સ્વભાવના હતા, તોપણ તેવણે જાહેર હીલચાલોમાં કાંઈ ઓછો ભાગ લીધો નહી હતો અને તેવણે પણ બહુજ ઉદારતાથી સખાવતો કરી હતી.

શેઠ બમનજીએ બજાવેલી જાહેર સેવાઓ જોકે દરેક કામમાં દરેક દીશાએ થઈ છે, તોપણ તે ખાસ કરીને તથા બહુ મોટે ભાગે સખાવત રૂપે થઇ છે. "સખાવત" એ પારસી કોમનું બીજું નામ કહેવાય છે, અને અમે આગલ વધીને કહીએ છીએ કે, "સખાવત" એ ગોયા પ્રસિદ્ધ પીટીટ ખાનદાનનું પણ બીજું નામ છે. એ ખાનદાનમાં તેનું બીજ મરહુમ શેઠ બમનજીના સખીદસ્ત બપાવા મરહુમ સખી શેઠ માણેકજી પીટીટના સખી હાથે વવાયું હતું; મરહુમ માનવંત બમનજીના પુજ્ય પીતાશ્રી મરહુમ સર દીનશાહ પીટીટના ઉદાર હાથે તે બીજે એક ફલદ્રુપ ઝાડનું રૂપ લીધું હતું, અને તે ઝાડપર ઉગેલાં સખાવતી ફલોમાં મરહુમ શેઠ બમનજી એક સઉથી મોટાં, સઉથી પાકટ, સઉથી મીઠાં તથા સઉથી સ્રેષ્ટ ફલ રૂપ થઇ ગયા છે. તેઓ જેમ પોતાના પીતાની મોટી દોલતનો વારસો પામ્યા હતા, તેમ તેમની સખાવતનો વારસો પણ તેવોજ મોટો પામ્યા હતા. "સિંહનું બચ્ચું તે સિંહજ" અથવા "બાપ તેવા બેટા" એ અનુભવ સિદ્ધ જુની કહેવતો તેઓને

બોલેબોલ એટલુંજ નહિ પણ અક્ષરે અક્ષર ખરી પાડી આપી છે. તેઓ પીતા જેવા સખી, પીતા જેવા ધર્મી, પીતા જેવા સકર્મી, પીતા જેવા કોમ અભિમાની, પીતા જેવા દીનચાશીદાર, પીતા જેવા દુરઅંદેશ, પીતા જેવા પૂજ્ય, પીતા જેવા પ્રતાપી, પીતા જેવા કીર્તિવાન અને પીતા જેવા પુણ્યશાલી થઈ ગયા છે. હમકોમ હમદીનોને જે વહાલથી મરહુમ સર દીનશાહ ચાહતા અને તેના બદલામાં સરવે જણાઓ જાનફેશાની તથા કુરબાનીથી સર દીનશાહને નમતા હતા, તેવાંજ વહાલથી મરહુમ શેઠ બમનજી પણ કોમને ચાહતા, અને તેના બદલામાં અનુપમ કોમી માન હાંસલ કરી ગયા છે.

આ સખાવતે બહાદુર પીટીટ ખાનદાન મધેના બહુ દુલ્લા દીલના આ ઉદાર મહેસય શેઠ બમનજીએ પોતાની સખાવતોથી કોમની કીરતી જાળવી રાખી છે તેથી એઓ શેઠની યાદ હાંમેશ વખતવેર વીસરાવાની નથી. પોતાના પાદશાહી સખાવત કરનાર સખી બાવા અને પીટીટ ખાનદાનના ઝળકતા તારાની હયાતીમાં તેમને પગલે ચાલી તેમની સાથે સાથે સખાવતનાં કામ કરતા રહી પોતાના મુરબ્બીના મરણ બાદ તેમનેજ પગલે ચાલી સાર્વજનીક તેમજ પોતાની કોમને ઉપયોગી સખાવત કરતા રહી શેઠ બમનજીએ પારસી કોમની સખાવતી કીરતીનો ઝુંડો ઉડતોજ રાખયો હતો. પીટીટ ખાનદાન તેની સખાવતો માટે મશહુર છે અને તેનાં પાંચ સાત સભાસદોએ મળી ગયા ત્રણ ચાર દાહેકામાં રૂપ્યા દોઢ કરોડથી પણ વધુની રકમ સખાવત અને પરમાર્થનાં કામો પાછળ ખરચી છે. તેમાં મરહુમ શેઠ બમનજીએ પણ હાતમદીલ અને સખી દીલગુરદો બતાવી અતી ઉત્તમ અને નાદર હીસ્સો આપ્યો છે. વરસો વરસની ચાલુ સખાવતોથી એ પરમાર્થી ખાનદાનની કીર્તી ઉંચી ટોંચે જાળવી રાખવામાં એ મરહુમે જે અતી ઉમદા ફાળો આપ્યો છે તે સહેલાઈથી ભુલી જવાય તેવો નથી.

શેઠ બમનજીની જાહેરમાં આવેલી સખાવતોનો જુમલો રૂપ્યા સાડા તેર લાખથી પણ વધુનો થાય છે, પણ તેમની ખરી સખાવતનું પ્રમાણ એવણના બેશુમાર ખાનગી દયાદાન સાથે સાથે ગણતાં એ કરતાં અતીશય વધારે મોટી બાદશાહી રકમનું ગણાવું જોઇએ. રૂપ્યા સાડાસાત લાખની મોટી રકમ–કુલ સખાવતનો અરધથી વધુ ભાગ તેમની યાદગારીની "ધી બમનજી દીનશાહ પીટીટ પારસી જેનરલ હાસ્પીટલ"ને ફાલે આવી છે. તેમની સામટી સખાવતનો વેહતો ઝરો કેલવણી ખાતાં, દવાખાનાં, લાયબ્રેરીઓ, ગરીબ હમજાતીઓનાં રેહઠાણ માટેની ચાલીઓ, ધાર્મીક ખાતાંઓ વગેરે સર્વ કીસમનાં લાભકારી ખાતાંઓ કિંવા કામોને પહોંચી વળી તેમને સાહયકાર થઇ પડયો છે. ઉપરાંત દુકાલ, આગ, રેલ વગેરે આફતોમાં ફસેલાં લોકોને રાહત આપવાથી પણ તે પછાત પડયો નથી.

શેઠ બમનજીની નાની નાની સખાવતોની સંખ્યા સેંકડોની થવા ગઈ છે, જે માટે એ સખી શેઠે હજારો રૂપ્યા કાઢી આપ્યા હતા; પણ એની યાદ અતરે થઇ શકે નહી તેમ છે. પણ એઓ સાહેબ તરફથી જાહેરમાં જે લખ્ખો રૂપ્યાની મોટી મોટી રકમોની સખાવતો થઇ છે, તેમાં સઉથી મોટી, સર્વથી ઝલકતી, સઉથી યાદગાર, એક મહાન સ્થંભ સમાન સખાવત, તેમની પોતાની ખાસખાહેશ, યોજના, કારસાજી તથા દોલતના પ્રતાપે સ્થાપન થયલી અને એમના સપુત શેઠ જાહાંગીરની કુનેહભરી દીલસોજ આગેવાનીથી પાર પડેલી "ધી બમનજી દીનશાહ પીટીટ પારસી જેનરલ હાસ્પીટલ" છે, કે જે તેમની મોટામાં મોટી અને અતિ કીર્તિવંત સખાવત કિંવા સખાવતી સ્થંભ તરીકે રોજે રસ્તાખેજ સુધી તેમની નેકનામીની યાદ આપવા સાથે બરપા ને બરકરાર રહેશે. હજારો દુખી દર્દી પારસીઓની તંનદરૂસ્તી તથા જીંદગીનાં રક્ષણ માટે ઘણા વરસો થયા એવી એક હાસ્પીટલની જે મોટી હાજત યા અનિવાર્ય ખુટ હતી, અને જે ખુટ પુરી પાડવાને આગલા હાતમ દીલ પારસી શ્રીમંતોમાંનો કોઈ એક ભાગયસાલી થઇ શકયો નહી, તે ખુટ પોતાની દોલત તથા તન મન ધનની મદદ વડે પુરી પાડીને એ શેઠજી હજારો હમજાતી દુખી દર્દીઓના આશીર્વાદ જાવેદાન સુધી મેળવી ગયા છે.

એઓ શેઠ પોતાની કોમના ફાયદા માટે લખો રૂપ્યાની સખાવત કરવા ઉપરાંત તમામ મનુષ્ય જાતના ફાયદા માટેના કામોમા વાપરવા સારૂબી હજારો રૂપ્યાની મોટી મોટી રકમો આપી ગયા છે. એમાં પુરવ તરફના દરદો માટેની લંડનની સ્કુળ ઓફ ત્રોપીકલ મેડસીનના ફંડમાં પોતાને નામની એક ઇમારત બાંધવા માટે રૂપ્યા એક લાખની નાદર રકમની મદદ કરી પારસી સખાવતનું નામ યુરોપ મધે પણ ફરી આશકારા કરી ગયા છે. તેમજ માહાબલેશ્વરમાં સ્થાપવામાં આવેલી "ધી બમનજી દીનશાહ પીટીટ નેટીવ જેનરલ લાયબ્રેરી" માટે આપેલી રૂપ્યા બાવીશ હજારની રકમ પણ ખાસ નોધવા જોગ છે.

જો તંદરોસ્તી ભરેલી જીંદગીએ વધુ વરસ જીવવાની યારી તેઓ નામદારને દીધી હોતે, તો શેઠ બમનજી જેટલી બધી સેવા તથા સખાવત કરી ગયા છે તે કરતાં ઘણી વધારે કરતે. એવણ શેઠે કેવી કેવી સેવાઓ બજાવી છે, કેવી અને કેવડી મોટી પાદશાહી સખાવતો કીધી છે, સખાવત ઉપરાંત પોતાની સલાહોથી, લાગવગથી, મીલ વગેરેના પોતાના ગંજાવર ધંધા રોજગારથી, જાહેર હીલચાલોમાં લીધેલા ભાગથી, પોતાના સદગુણ તથા સદવર્તનના દાખલાઓ વગેરેથી, શેહરીઓ તથા સ્વદેશીઓને, ખાસ કરી પોતાની કોમને કેવા ફાયદાઓ પહોંચાડી ગયા છે તે, તેમનું જન્મચરિત્ર તથા તેમની કારકીર્દીનો હેવાલ, જે અમે હેઠલ આપીએ છીએ, તે વાંચતાં વિગતવાર જણાશે.

સખાવત ઉપરાંત તેમની બીજી ખુબી તેમનાં ધર્માચુરતપણાની હતી, કે જેનો વારસો પણ તેઓ પોતાના ધર્મચુરત વંશ પ્રંપરા દાદાની દીનદારી તથા પાકી પરહેજગારીથીજ પામ્યા હતા. મરહુમ દીનચાશીદાર શેઠ બમનજી તે ચીજોને પોતાના પીતા તથા દાદાની પેઠે ખરા ભકતીભાવ તથા પુર વફાદારીથી ચીવટપણે વળગી રહયા હતા અને પોતાના એ પુરાણા મોતેબર મઝહબ ઉપર અપુર્વ આસ્થા બતાવતા હતા. તેનાં પુરાતન ક્રીયાકામો તરફની એવણની જાનફેસાની વીશેષ હતી બલકે તેના પાસબાન તથા નેગેહબાન થઇ પડયા હતા. ખાસ કરી એજ કારણે તેઓ આપણા અથોરનાન ટોલા તરફ પુર માન તથા ઉંડી દીલસોજી ધરાવતા, એટલુંજ નહી પણ તેઓની તથા તેમના પવિત્ર પેશાની બેહતરી તથા મોતેબરી જાલવવાની કોશેશ તથા સુચના કરતા રહયા હતા. હાલમાં એજ રૂડી નેમથી આપણા ટોળામાં જે 'અથોરનાન મંડળ' બરપા થયું છે તે, જોકે તેવણે પોતે સ્થાપ્યું નથી, તોપણ તે તેમની ઉપલી કીસમની સુચનાના પ્રતાપે જન્મ પામ્યું છે એમાં કાંઇ શક નથી.

પારસીઓમાં સંગીન કેળવણીનો ફેલાવો કરાવવાને શેઠ બમનજી બહુજ આતુર હતા અને ઉધરતી પારસી ઓલાદને વેપાર, ઉદયોગ, સાયન્સ વગેરે લાઇનોમાં પડેલા જોવા ચાહતા હતા. પારસી કોમના લગભગ દરેક ધરમખાતાંઓની કારોબાર મંડળીના ઉમંગી મેમ્બર તરીકે જોડાઇને શેઠ બમનજીએ પોતાની જીંદગી દરમ્યાન તેમને ઉછેરવા, ખીલવવા તથા સુધારવા વધારવામાં જે કીંમતી મદદ કરી છે તે પારસી કોમ સેહલમાં ભુલશે નહીં. પારસીઓ પ્રત્યેની તેવણની એ અનુપમ પ્રીતી તથા માયા મહેરબાનીને લીધેજ શેઠ બમનજીનું નામ દરેક પારસી કુટુંબમાં એક માંનવંતા ઘરગતુ બોલ સમાન યાદ થતું આવ્યું છે, અને સઇકાઓ સુધી તે અતી માન આદર સહીત યાદ થતુંજ રહેશે. પરકોમમાં પણ તેવણ કાંઈ ઓછા પ્રીય નહી હતા. દરેક સારવજનીક હીલચાલોમાં શેઠ બમનજીનું નામ આગેવાન જગ્યા રોકતું હતું, અને દરેક જાહેર ફંડમાં એમનો ફાળો ટીપને મથાલેની આગેવાન રકમો માંહે જોવામાં આવતો હતો.

શેઠ બમનજી એક કસાયલા અને અનુભવી મીલ માલેક હતા અને પોતાની આખી જીંદગી એ ઉદ્યોગનેજ ગોયા અર્પણ કરી તેની ખીળવણીમાં એઓએ ઉપ્યોગી અને અગતનો હીસ્સો આપ્યો હતો. એઓએ એ ઉદ્યોગ સાથે સંબંધ ધરાવતા અનેક બારીક સવાલોનો સારો અભ્યાસ કર્યો હતો અને તેમની આડે આવતી મુશ્કેલીઓ દુર કરાવવામાં થોડો જાતી હીસ્સો આપ્યો નહી.

હતો. એઓએ બૉમ્બે કૉટન ઍકસચેન્જ અને બોમ્બે ફાયર ઇનસ્યુરન્સ કંપની સરખી સંસ્થાઓની રથાપના કરવામાં આગેવાન ભાગ લીધો હતો અને તેમ કરી માત્ર પોતાના મીલ ઉધોગનાંજ નહી પણ રૂ અને વીમામાં લાભ ધરાવતા તમામ દેશી વેપારી ભાઇઓના લાભો એકસરખા જાળવ્યા હતા. તેથી તેમની આ સેવાની બહુ ઉંચી કદર કરવામાં આવી હતી. વળી વીમા કંપનીઓએ પોતા સામેની હરીફાઇની ગેરહાજરીમાં વીમાના દરો એવી હદ સુધી વધારી દીધા હતા કે તે દેશી વેપારી ભાઇઓના વેપાર ઉધોગને ગુંગળાવી નાખનારા થઇ પડવાનો ભય ઉભો થયો હતો. તેની અસર નીમુંળ બનાવવામાં મરહુમ શેઠ બમનજીએ જે શ્રમ ઉઠાવ્યો હતો તે આ ઉદ્યોગીક શેહેરનાં ઉધોગીક ઇતીહાસમાં નોંધી લેવા સરખોજ ગણાશે. આ ઉપરાંત એક મોટા મીલ માલેક તરીકે મીલકામદારોના હીતમાં તેઓ સદા ઉલટ લેતા હતા. તેઓની હાલત સુધારવા, તેઓને સુધરેલા દેશોના તેમના ભાઇબંધોની ઉંચી પકતીએ આણવા અને હાલ વખતને ભોગે ઓછું કામ ઉતારી તેઓ પોતાને અને ઉધોગને જે નુકસાન પુગાડે છે તેમાંથી તેમને ઉગારવા સારૂ એવણે ઘણી ખંત અને કાળજીથી કામ લીધું હતું. વળી તેઓ પાસે દીવસના ચઉડ કલાકો સુધી અગાઉ સખત વહીતરૂ કરાવવામાં આવતું હતું, તે માટે એવો સાહેબે મજબુત લડત ચલાવવાથી દીવસના બાર કલાક સુધીજ કામ લેવું એવો બંદોબસ્ત થયો છે. એ માટે એવો શેઠે મુંબઇમાંજ લડત ચલાવી હતી એટલુજ નહી પણ છેક વેલાત સુધી ઘણી બાહોશીથી ભારે લડત ચલાવવાથી તેનું સારૂ પરીણામ આણ્યું હતું.

શેઠ બમનજી હાલના જમાનામાં એક શાહ સખીમરદ તથા કોમ રક્ષક "શેઠીયા" થઇ ગયા છે, કે જે ઉમદા "ટાઇપ"ના શેઠિયા હાલમાં થોડા નજરે પડે છે, અને એ ખોટ કિંવા ખુટને માટે, આખી કોમ આજે વીલાપ કરે છે, કે જે વીલાપમાં અમે ભીંજાયલી આંખો સાથે ભાગ લઇયે છીએ. કોમનો એ ખરાં જીગરનો વીલાપ ગઇ તા૦ ૧૨ મી મારચને દીને સાંજે આલબ્લેસ બાગ મધે એમનાં મરણની દીલગીરી તથા એઓ પ્રત્યે કોમની ઉપકારની લાગણી જાહેર કરવા માટે, કોમીઓની અરજથી આપણી પારસી પંચાયતના માનવંત ત્રસ્ટી સાહેબોએ બોલાવેલી અંજુમનની જાહેર સભામાં અચુક રીતે પ્રગટી નીકલ્યો હતો, અને તેજ યાદગાર સભામાં આપણા કોમ હીતકારી વકતા શેઠ જેહાંગીર જમશેદજી વીમાદલાલે તે વેલાનાં પોતાનાં સુભાષિત ભાષણમાં, પારસી શેઠયા કેવા હતા અને હોવા જોઇએ, તે સર દીનશાહજી તથા શેઠ બમનજી પીટીટના ટાઇપનાજ હોવા જોઇએ, એ વાત બહુજ અસરકારક રીતે સમજાવી હતી.

શેઠ બમનજીના ધણીયાણી બાઇ સાહેબ ગુલબાઇ બી પોતાના ધણી જેવા સખી તેમજ હાતમ દીલના બાનુ છે અને પોતાની કોમ તરફ હમેશા સારી લાગણી ધરાવી જરૂર પડવે મદદ કરતાં રહ્યા છે. વળી એવણના વડા સાહેબજાદા શેઠ જાહાંગીર બમનજી પીટીટ એક એવા પીટીટ બચ્ચા છે કે જેઓ પોતાના પીતા સમાન ઉદાર મનોવૃતીના, દીરઘદ્રષટીવાલા, કોમની અસલીઅત, તેની પવિત્રાઇ, તેનાં કદીમ બંધારણો તથા તેની ધરમી તરીકતો જાલવવાને ઉતસુક છે; અને તેઓ પોતે ચઢતી કેળવણી પામેલા તથા સુધારાને ચાહનારા એક સુધા ગ્રહસ્થ છે, વળી તેમની વલન પોતાની કોમની તેમજ દેશની જાલવણી કરનારી યા જોડનારી છે. સારવજનીક લાભનાં કાર્યો ઉપરાંત કોમની બેહતરીનાં કાર્યોમાં તેઓ તન મન ધનથી આગેવાન ભાગ લેતા રહે છે, તે એમને માટે સ્તુતીપાત્ર છે. શેઠ જાહાંગીર જાહેર સેવામાં ઘણો આગેવાન ભાગ લેતા રહે છે તેથી કરીને ગોયા પોતાના બાપ બપાવાની ગેરહાજરીની ખુટ પુરી પાડે છે. તેમની એ સેવા માટે કોમ વાજબી રીતે મગરૂર છે અને તેમના બેહસ્તનશીન વડીલો પણ ખુશી થતા હશે. મરહુમ શેઠ બમનજી દીનશાહ પીટીટનું આ જન્મચરિત્ર વાંચતાં આપણે જ્યારે તે અશો નરને માટે બુલંદ બેહસ્તનું અમર સુખ ચાહીશું ત્યારે તેજ વેલા તેમના આ કીર્તીવાન સપુત માટે પણ દુવા ચાહીશું કે, શેઠ જાહાંગીર બમનજી પીટીટ જુગ જુગ જીવો, સુખ સંપતી સાથે જીવો, અને કોમની સેવા બલતવારીથી બજાવતા રહી, તેનાં દીલમાંથી મરહુમ સર દીનશાહજી પીટીટ તથા મરહુમ શેઠ બમનજી પીટીટની ગેરહાજરીની ખોટ તથા ગમખારી ભુલાવતા રહો, અને એવીજ રીતે મરહુમ શેઠ બમનજીના બીજા સાહેબજાદાઓ શેઠો ધનજીશાહ અને ફીરોઝશાહબી જાહેર મામલોમાં ભાગ લઇ માન પાન આબરૂ ઇજત પામતા રહો—આમીન !

પારસી કોમના માનવંત અકાબર અને સખી વજુદ શેઠયા શેઠ બમનજી દીનશાહ પીટીટનું જનમ ચરીત્ર અને એવો શેઠની ઉપયોગી તેમજ જાહેર કારકીરદીનો જાણવાજોગ હેવાલ.

શેઠ બમનજી દીનશાહ પીટીટનું ખાનદાન.

શેઠ બમનજીના વડવા શેઠ નશરવાનજી કાવસજી પીટીટ સવા સદી ઉપર ય. સને ૧૧૫૪ માં સુરતથી મુંબઈ આવી યુરોપથી આવતાં ફરેંચ તથા બીજા વહાણોના દુબાશ તરીકે કામ કરવા માડયું હતું. શેઠ નશરવાનજી કદે ઠીગણા હતા અને ફરેંચ સટીમરના અમલદારોનું કામ કરતા હોવાથી તેઓ તેમને ફરેંચ બાશામાં "પીટી" કરી કહેતા હતા, જે ઉપરથી એ નામાંકીત ખાનદાનની ઓળખ "પીટીટ" તરીકે પડી હતી. શેઠ નશરવાનજી કલકતા ખાતેબી ગયા હતા અને ત્યાં થોડાં વરસ રહી અતરે પાછા આવી એ શેહેર સાથે ધંધો ચલાવવા માંડયો હતો. એવણ ૫૦ વરસની વયે બેહસ્તનશીન થયા હતા. શેઠ નસરવાનજીને બે બેટાઓ શેઠો બહમનજી અને માનેકજી કરીને હતા.

શેઠ માણેકજી તે મરહુમ શેઠ બહમનજીના બપાવા ય. ૧૧૭૨ ના શાલમાં જનમયા હતા અને મરહુમ શેઠ જીજીભાઇ દાદાભાઇની વડી દીકરી સાથે એવા શેઠના લગન થયાં હતાં. ઇરાન દેશથી આવતા જરથોસતીઓની સંભાળ સારૂ સથાપેલી મંડળીના શેઠ માણેકજી પ્રમુખ હતા અને અત્રેની પારસી પંચાયતના એક અધીકારી હતા. કોલાબા લેંડ પ્રેસની કંપનીના એવણ એક આગેવાન હતા અને ઓરીયેંટલ મીલને બરાબર ૬૦ વરસ ઉપર હસતીમાં લાવનાર પણ એવણ હતા, જેના ભાગીદારોએ એમનું બાવલું એક ફંડ કાઢી ઉભું કીધું છે. મરહુમ શેઠ માણેકજી એક સુલેહના અમલદાર તથા ગ્રાંડ જુરીનો અધીકાર ભોગવતા હતા અને સુમારે ત્રણથી ચાર લાખની સખાવત એવણે કીધી હતી. એવો સાહેબ ૧૨૨૮ મા બેહેસ્તનશીન થયા હતા. મરહુમ શેઠ માણેકજીને બે બેટાઓ સર દીનશાહજી પીટીટ પેહલા બારોનેટ અને શેઠ નશરવાનજી હતા.

માનવંત સર દીનશાહ માણેકજી પીટીટ બારોનેટ જેમનો જનમ રોજ ૩૦ મો માહા ૯ મો ય. સને ૧૧૯૨ યાને ઇસ્વી ૧૮૨૩ ના સાલમાં થયો હતો. એવો પોતાની દોલતનો સદ ઉપયોગ કરી ધરમ ખાતે પોતાની હૈયાતી દરમ્યાન લગભગ પાંતરીશ લાખ રૂપ્યાની મોટી બાદશાહી રકમ આપી ગયા હતા. એવો સાહેએ સને ૧૮૮૬ માં મુંબઇના શેરીફ તરીકે કામ બજાવ્યું હતું અને એક ખાસ માન તરીકે એઓને નામદાર વાઇસરાયની ધારાસભાના સભાસદ નેમવામાં આવ્યા હતા. જે માંન પારસીઓમાં મેલવનારાઓમાં એવણ પેહલાજ હતા. મરહુમ મહારાણી વીકટોરીયાની જુબીલીનાં વરસમા એઓએ શેરીફના ઓધાની મુદત પસાર કરતાં એવણને સર નાઇટનો નામીચો ખેતાબ સને ૧૮૮૭ ના સાલમાં બખશવામાં આવ્યો હતો. સને ૧૮૯૦ માં સર દીનશાહજીને બેરોનેટના વંશપરંપરા ખેતાબનું મોટું માન મળયું હતું. આવું માન મેળવનાર એઓ બીજા હીંદી હતા. એ માનવંત ખેતાબની જાલવણીને માટે નામદાર સર દીનશાહજીએ રૂપ્યા પચીસ લાખના પાંચ ટકાના મ્યુનીસીપલ બોંડો સરકારમાં અનામત મેલ્યા છે કે જેનું બ્યાજ એઓનાં બારોનેટ વારસને દર વરસે મલ્યું જાય છે.

સર દીનશાહજીએ ૧૮૫૫ માં રૂની મીલ ઉભી કરવામાં ઘણી આગેવાની લીધી હતી. આ મીલનું નામ ધી ઓરીએનટલ સ્પીનીંગ એનડ વીવીંગ કંપની લીમાટેડ હતું. એ સરસ રીતે ચલાવવામાં આવી હતી તેને પરીણામે બીજા થાપણદારોને એઓને પગલે ચાલવાની લાલચ થઈ હતી અને તે મુજબ હાલમાં થઈ પડેલા હીંદની પશ્ચીમ બાજુના આ સરવેથી અગતના ઉદયોગનો પાયો

નાખનારા એઓ થઈ પડયા હતા. મીલ ઉદયોગની અને ખાસ કરીને કાપડ બનાવવાનાં વીણાટની પહેલ કરનાર તરીકેનું બધું માન સર દીનશાહજીને ઘટે છે કે જે ઉદયોગને પરીણામે મુંબઈ એશીયાટીક લેનકેશાયરમાં ફેરવાઈ ગયું છે. પોતાના બહોળાં ધંધાનાં કામકાજથી અને તેમાં પોતાની સારી સમજશક્તી અને વેપારની ઉંચી ફતેહથી એઓએ મોટી દોલત જમા કીધી હતી. સને ૧૯૦૧ માં એઓનાં નીપજેલાં મરણ વેળા તેમના હાથમાં ૭ જુદી જુદી મીલોનો કારોબાર હતો. મોટી ખંતથી અને ચાલુ કોશેશથી એઓ એવા મોભા ઉપર ચહડવાને શકતીવાન થયા હતા કે જેવી સ્થીતીએ થોડાજ હીંદીઓ આવ્યા છે. એવો સાહેબ ૭૮ વરસની વયે રોજ ૨૩ મો માહા ૮ મો સને ૧૨૭૦ યઝદેજરદીને દીને બેહેસતનશીન થયા હતા.

શેઠ બમનજી નામદાર સર દીનશાહજીના ત્રીજા બેટા થતા હતા અને એવણુના બે ભાઈઓ શેઠો કાવસજી તથા ફરામજી પોતાના પીતાજી સર દીનશાહજીની હૈયાતીમાજ બેહેસતનશીન થયા હતા. શેઠ કાવસજી તા૰ ૨૩ મી અકટોબર ૧૮૭૮ ને દીને ગુજરીયા હતા અને એવણુના માતાજી લેડી સાકરબાઈ ૧૮૯૦ ના સાલમાં હક થયાં હતાં. ત્યાર પછી એવણુના ભાઈ મરહુમ શેઠ ફરામજી તા૰ ૮ મી આગસટ ૧૮૯૫ યાને રોજ ૨૭ મો માહા ૧૧ મો ૧૨૬૪ યઝદેજરદીને દીવસે ૪૮ વરસની વયે ગુજરયા પછી મરહુમ સર દીનશાહજી માણેકજી પીટીટનું દુઃખદાયક મરણ નીપજ્યું હતું.

શેઠ બમનજીની કારકીરદી.

શેઠ બમનજી દીનશાહ પીટીટનો જનમ પારસી રોજ ૪ થો શેહરેવર અમસાસપંદ માહા ૭ મો મેહર યઝદ શેહેનશાહી સને ૧૨૨૮ યઝદેજરદી, અંગ્રેજી તા૰ ૨૭ મી મારચ ૧૮૫૯ અને હીંદુઓના સંવત ૧૯૧૫ ના ફાગણ વદ ૯ ને વાર રવેઉ ને દીને થયો હતો, અને શેઠ બમનજીનું અકાળ મરણ પારસી રોજ ૭ મો અમરદાદ અમસાસપંદ માહા ૪ થો તેશતરતીર યજદ શેહેનશાહી સને ૧૨૮૫ યજદેઝરદી, અંગ્રેજી તા૰ ૧૭ મી ડીસેમબર ૧૯૧૫ અને હીંદુઓના સંવત ૧૯૭૨ ના માગશર શુદ ૧૧ ને વાર સુકરને દીને નીપજ્યું હતું તેથી એવણુની મરણ વખતે વય ૫૬ વરસ ૮ મહીના ને ૨૦ દીવસની હતી.

શેઠ બમનજી પુણા ખાતે ૧૯૧૧ના અકટોબર માસમાં ભયભરેલી માંદગીએ પડયા હતા. તે વખતે એવણુ જલદીથી સારા થાય તે માટે મુંબઇ તેમજ ઉદવાડા ખાતે દુવા ગુજારીનઃ જશનો કરી તંદરોસ્તી ચાંહવામાં આવી હતી. એ વખતે ગરીબોની દુવાથી એવણુ ભયભીત માંદગી ભોગવી ઉઠયા હતા. પણ છેલ્લી લથડેલી દેહે એમની જીંદગીને યારી આપી નહી અને એઓ સમસ્ત પારસી અને ભાઇબંધ કોમોની એકસરખી દલગીરી વચ્ચે બેહેસતનશીન થયા હતા. એઓનાં મરણુથી સઘળી પ્રજાએ અને ખાસ કરીને પારસી કોમે પોતાનો એક સખાવતે બહાદુર નર, ખેરખાહ અને દેલસોઝ દોસ્ત અને નીરધનોનો ખરો મદદગાર ગુમાવ્યો છે.

શેઠ બમનજીએ પારસી કોમના એક માનવંત અકાબર તરીકે, વેપારી આલમના એક અગ્રેસર તરીકે અને જાહેર કામોમાં એક આગેવાન તરીકે કીમતી જાહેર સેવા બજાવી છે. એવણુ હમેશાં સંકટના સમયમાં એણુની વખતે પહેલા બાહેર પડી પોતાના જાતભાઇઓ તરફની ફરજ અદા કરતા હતા. એવણુ સવભાવે ગરીબ તથા રાંક હતા અને એવણુના સમાગમમાં આવનારા તરફનો એવણુ પોતાની સાલેસાઇ તથા નમરતાથી ચાહ મેળવતા હતા. શેઠ બમનજીએ પોતાની સાલેસાહીથી હમકોમનું માન, પરકોમોની પ્રીતી જીતી હતી તથા માનવંત સરકારનો સંપુર્ણ વીશ્વાસ મેલવયો હતો. એવા એક સખી શેઠયાના ગુજરવાથી પારસી કોમને એક મોટી ખોટ ગઇ છે, જે ગાંબો વખતવેર પુરાવાની નથી. એમનાં કુટુંબ તરફ આખી કોમનીજ નહી પણ હીંદુસતાનની પચરંગી કોમોની દીલસોજી છે એજ મોટા સંતોશાની વાત છે.

શેઠ બમનજી ઇસ્વી સને ૧૮૯૦ માં પેહેલી વાર તેમજ સને ૧૯૦૬ ના સાલમાં બીજીવાર યુરોપની મુસાફરીએ જઇ આવ્યા હતા, જ્યાંથી વેપારને લગતો વધુ અનુભવ મેલવી શક્યા હતા.

શેઠ બમનજી મુંબઈ તેમજ તેની આસપાસ ઘણી સારી કીમતી જમીનો ધરાવતા હતા. એવણની માલેકીનો સઉથી સરસ બંગલો મહાલક્ષ્મી, વોરડન રોડ ઉપર આવેલો છે જે "શાંટો પીટીટ" ને નામે જગજાહેર છે. એમાં રમત ગમત માટે ખાલી બીશયાર જગા તેમજ એક સુંદર બગીચો બનાવેલો છે. બંગલાને વીજળીક બતીઓ અને પંખાથી આરાસ્તે કરવામાં આવ્યાથી તેની શોભામાં ઘણો વધારો થયો છે. એ બંગલાનો સઉથી ખેંચાણકારક વીભાગ તેની મોટી લાયબ્રેરી છે જેની અંદર અસલના વખતના તેમજ હાલના જમાનાના ઘણાજ કીમતી પુસતકોનો મોટો સંગ્રહ કરવામાં આવ્યો હતો જે પાછલ મરહુમે રૂપ્યા દશ હજાર કરતાં વધુ રકમ ખરચી હતી. એ લાયબ્રેરીમાની બધી ચોપડીઓ ય. સને ૧૨૮૪ માં મુંબઇની સેંટ ઝવીયર લાયબ્રેરીને ભેટ આપી દીધી છે. એ શાંટો પીટીટ બંગલામાં તા૦ ૧૨ મી જાનેવારી ૧૯૦૦ ના દીવસે શેઠ બમનજીએ મુંબઇના નામદાર ગવરનર લોર્ડ સેનડહરસ્ટ જેવણ પોતાના ઓધાની મુદત પુરી કરી વેલાત સીધારતા હોવાથી એ નામદારને એક મોટી જયાફત આપી હતી. નામદાર ગવરનર સાથે તેવણનાં બાનુ લેડી સેનડહરસ્ટ અને ઘણા આગેવાન યુરોપીઅનો અને દેશી ગ્રહસ્થોને તે પ્રસંગે મેજબાની આપવાને નોટરીયા હતા. એ પારતી મુંબઈ શેહરમાં થયેલી સંખ્યાબંધ પારતીઓમાં સઉથી સરસમાં સરસ પારતી થઈ હતી એમ જાંણીતું છે.

શેઠ બમનજીનું કુટંબ.

શેઠ બમનજીની શેહાદી ૧૩ વરસની નાંધલી વયે અતરેના જાણીતા જીજીભાઈ ખાનદાનનાં નેક બખત બાનુ બાઇજી સાહેબ બાઇ ગુલબાઇ તે મરહુમ સખી શેઠયા નાનાભાઇ બેરામજી જીજીભાઇના વડા બેટી સાથે રોજ ૭ મો માહા ૬ ઠો શેહેનશાહી સને ૧૨૪૧ યજદેઝરદી, તા૦ ૨૫ મી ફેબરવારી સને ૧૮૭૨ને દીવસે થઇ હતી. તેની ખુશાલીમાં એવણના માનવંત પીતાજી મરહુમ સર દીનશાહ મા. પીટીટે ૩૭૫૦૦ ની રકમ મુંબઇની પારસી પંચાયતનાં ફંડમા આપી હતી.

શેઠ બમનજીના નેક બખત ધણીયાણી બાઇજી ગુલબાઇ બી એવણના સખી વજુદ ઘણી શેઠ બમનજીના જેવા હાતમ દીલના તેમજ પોતાની કોમની ગરીબો તરફ સારી લાગણી ધરાવનારા બાનુ છે. એવો બાઇ શેઠ બમનજીને દરેક રીતે ઘણા મદદગાર થઈ પડયાં હતાં. બાઈ ગુલબાઇનો દીલગુરડો સખીપણામાં ઘણો મોટો છે અને એવણ જાહેર તેમજ ખાનગી સખાવતોમાં વારનવાર નાણાની સારી મદદ કરતાં આવ્યાં છે. બાઈ ગુલબાઇએ વલસાડ નજદીક તીથલ ખાતે પારસી સેનેટરીયમમાં એવણના મરહુમ બપાઇજી બાઇ માણેકબાઈ બેરામજી જીજીભાઇને નામે એક બલોક લગભગ ૩૩૫૦૦ ને ખરચે બંધાવી આપ્યો હતો, જે ખુલ્લો મેલવાની ક્રીયા એવણના મરહુમ બપાઈજી માણેકબાઈની બાજને દીવસે યાને રોજ ૧૦ મો માહા ૭ મો ય. સને ૧૨૮૦ ને દીને વલસાડ અંજુમનની તેમજ મુંબઈના જાણીતા શેઠયાઓની હાજરીમાં કરવામાં આવી હતી. એ ઉપરાંત બાઇ ગુલબાઇએ પોતાના મરહુમ બપાવા શેઠ બેરામજી જીજીભાઇનુ સફેદ મારબલના પથરનું આખા કદનું બાવલું ખાસ વેલાતથી લગભગ ૧૬૦૦૦ ને ખરચે બનાવી મંગાવ્યું હતું તે એવો શેઠને નામે ચાલતી બેરામજી જીજીભાઈ પારસી ચેરીટેબલ સ્કુલને ભેટ આપ્યું છે.

શેઠ બમનજીને ત્યાં ત્રણ બેટાઓ તથા બે બેટીઓની વરધી થઇ છે. તેઓમાં વડા બેટા શેઠ જાહાંગીર જેવણનો જનમ તા૦ ૨૧ મી આગસ્ટ સને ૧૮૭૫ ને દીવસે થયો હતો,

એવણ સારી કેળવણી પામેલા અને પારસી કોમને લગતા તેમજ સારવજનીક કામોમાં ઘણો આગેવાન ભાગ લેનારા છે. એવો શેઠને મુંબઇની પારસી પંચાયતના એક ટ્રસ્ટી તરીકે હમણાં નેમી મોટું માન આપવામાં આવ્યું છે. શેઠ જાહાંગીર એક સુલેહના અમલદાર, ઓનરરી મેજીસ્ટ્રેટ, મુંબઇની મ્યુનીસીપલ કોરપોરેશનના એક સભાસદ, પારસી મેટ્રીમોનીઅલ કોર્ટના એક ડેલીગેટ અને બીજી અનેક રીતે ઉપયોગી શેહેરી તરીકેની જીંદગી ગાળે છે. શેઠ બમનજીના બીજા પુત્ર શેઠ ધનજીભાઈ જેવણનો જનમ તા૦ ૧૨ મી સપટેમબર સને ૧૮૮૧ ને દીવસે થયો હતો, એવણ પણ એક વેપારી અને સુલેહના અમલદાર છે. જ્યારે તેમના ત્રીજા પુત્ર શેઠ ફીરોઝશાહ જેવણનો જનમ તા૦ ૧૩ મી નવેમબર ૧૮૮૪ ને દીવસે થયો હતો, એવણે પોતાનો સ્વતંત્ર ધંધો શરૂ કીધો છે. શેઠ બમનજીના આ પુત્રો પોતાના સ્વતંત્ર ધંધાઓ ચલાવવા ઉપરાંત મેસરસ બી. ડી. પીટીટ સન્સની કંપની નામની જાણીતી પેઢીના ભાગીદારો છે.

શેઠ બમનજીની બે બેટીઓમાં વડાં બેટી બાઇ દીનબાઇ, જેવણનો જનમ તા૦ ૨૭ મી સપટેમબર સને ૧૮૮૨ ને દીવસે થયો હતો, જ્યારે બીજા બેટી બાઈ માણેકબાઈ, જેવણનો જનમ તા૦ ૧૧ મી નવેમબર સને ૧૮૮૭ ને દીવસે થયો હતો, એવો બંને જણાઓ પોતાના માતાજી સાથે રહે છે.

શેઠ બમનજીએ કરેલી રૂપીઆ સાડા તેર લાખની બાદશાહી સખાવત.

શેઠ બમનજી ખરેખર પરગજુ સખાવતી નર થઇ ગયા છે, એવણે પોતાની જીંદગી દરમ્યાન હજારો રૂપ્યાની ખાનગી સખાવતો કીધી છે જેની વીગત મલવી મુશકેલ છે. એ ઉપરાંત એવો શેઠ દર વરસે હજારો રૂપ્યા પોતાની કોમના ગરીબ લાચારોને મુગે મોહડે કાઢી આપતા હતા અને એવણનું હાતમ દીલ એટલું બધું મોહટું હતું કે કોઇપણ ગરીબ મદદ માગનાર એવણ તરફની કાંઇબી મદદ મેલવ્યા વગર પાછો ફરતો હતો નહીં. એવણ ગરીબોના છોકરાંઓની નવજોત કરવા, લગન કરવા તથા કેળવણી માટે મદદ આપવાની કાળજી રાખતા હતા. મરહુમના પીતાજી સર દીનશાહજી જયારેબી કાંઇ સખાવત કરતા ત્યારે પોતાના દીકરાઓને નામેબી રકમ ધરમ ખાતે આપતા હતા તેથીજ શેઠ બમનજીએ નાનપણથીજ એવણના પીતાજીના વખતથીજ સખાવતો કરવાનું ચાલુ કીધું હતું.

શેઠ બમનજીનો દીલગુરદો ઘણોજ સખી હતો, તેમજ ઉમદા ગુણ એ ધરાવતા હતા કે એવણ શેઠને પોતાની કોમના ફાયદા માટે યાતો સારવજનીક તેમજ પ્રજાલાભ માટે જણાવવામાં આવતું તો તરત તે ઉપર ધ્યાન આપી પોતાના હમેશના હાતમદીલ મુજબ સારી જેવી રકમ કાઢી આપતા હતા. દાખલા તરીકે "લંડનની સ્કુલ ઓફ ટ્રોપીકલ મેડીસન " નામની મંડળી જે ગરમ દેશોના દુ:ખદરદોના ઇલાજોની શોધખોળ કરી આપણા દેશના લોકોના ફાયદા માટે ઘણું કરે છે તેને આપેલી એક લાખ રૂપ્યાની રકમ તેજ મુજબ પોતાની કોમનાં દુ:ખી દરદીઓને રાહત આપવાના કામ માટે સ્થાપાયલી બમનજી દીનશાહ પીટીટ પારસી જનરલ હાસપીટલ માટે આપેલી સાડા સાત લાખ રૂપ્યાની નાદર રકમ છે જે ભવીષ્યમાં શેઠ બમનજીની યાદ વરસો સુધી જાલવી રાખશે.

સખીવજુદ શેઠ બમનજી પોતાની હૈયાતી દરમ્યાન લખો રૂપ્યાની બાદશાહી સખાવત કરી ગયા છે. જે ઘણા બહોળા પ્રકારની અને તે ઝરાનો લાભ સેંકડો બલકે હજારો ખાતાંઓ જેવાં કે હાસપીટલો, ધરમના મકાનો, કેળવણી ખાતાંઓ, યાદગારીના ફંડો, પારસી તેમજ પરકોની સખાવતી ખાતાંઓ અને મજાહીય કામોને મલ્યો હતો. એવણની સખાવત જે જાહેર રોશની જેવા પ્રાગી

છે તે લગભગ સાડા તેર લાખ રૂપ્યાની નાદર રકમની થવા જાય છે, જે નીચે આપેલા આંકડાઓ ઉપરથી માલુમ પડશે.

એ સખાવતોની છુટી છુટી વીગતો આપવાનું ન બને તે માટે નીચે પ્રમાણે મુખ્ય મથાલાંઓ હેઠલ તે આપી છે. એ ઉપરાંત એવણુની ખાનગી સખાવતનો આંકડોઓ એટલો બધો મોટો થવા જાય છે.

સખી શેઠ બમનજીએ મુંબઇ મધે સ્થાપવામાં આવેલી ધી બમનજી દીનશાહ પીટીટ પારસી જનરલ હાસ્પીટલના ફંડમાં ય. સને ૧૨૭૫ યાને ઇસ્વી સને ૧૯૦૬ ના મારચ માસમાં લગભગ રૂપીઆ પાંચ લાખની કીંમતની ખંબાલા હીલ ઉપર આવેલી ખંબાલા ફેમીલી હોટલવાળી ૪૮૦૭૫ ચોરસવાર જેટલી જમીન તેમાં આવેલા અમલા સાથે ભેટ આપવા ઉપરાંત રૂપ્યા પચાસ હજારની સરકારી સાડાત્રણુ ટકાની લોન આપી હતી, જેના લાગતના રૂ૫૧૦૮૫ થયા હતા. એ હાસ્પીટલનો પાયો તા૦ ૧૧ મી ડીસેમ્બર ૧૯૦૭ યાને પારસી રોજ ૨૯ મો માહા ૩ જો ય. સને ૧૨૭૭ ને દીને નખાયો હતો. એ પછી તા૦ ૨૭ મી મારચ ૧૯૧૨ યાને પારસી રોજ ૧૭ મો માહા ૭ મો ય. સને ૧૨૮૧ ને દીને મુંબઇના નામદાર ગવરનર સર જયોરજ કલારકે એક મોટા મેલાવડા સનમુખ ખુલ્લી મુકી હતી.

એ હાસપીટલને ઉપર પ્રમાણે તથા વખતો વખતે આપેલા તે મલી જુમલે ...	રૂ	૭,૫૦,૦૦૦
લંડનની સ્કુલ ઓફ ત્રોપીકલ મેડસીનને	રૂ	૧,૦૦,૦૦૦
કેલવણી, લાયબરેરી, શાળા, ઓરફનેજ વગેરેને	રૂ	૬૦,૦૦૦
હાસ્પીટલો અને અસાઇલમોને...	રૂ	૨૫,૦૦૦
માહાબલેશ્વરમાં બી. ડી. પીટીટ નેટીવ જનરલ લાયબરેરી સ્થાપવા માટે ...	રૂ	૨૧,૫૦૦
દુકાલ અને આગના સંકટ નીવારણુ ફંડોમાં	રૂ	૧૩,૦૦૦
ગરીબ જરથોસ્તીઓ માટે મકાન બાંધવા સારૂ	રૂ	૧૦,૫૦૦
ફ્રીમેસન લોજમાં એકવેટીંગ હોલ સ્થાપવા માટે	રૂ	૧૦,૧૦૦
સેંટ ઝેવીયરસ કોલેજમાં બી. ડી. પીટીટ લાયબરેરી સ્થાપવા માટે	રૂ	૧૦,૦૦૦
નયાત, જાત, કે ધરમના તફાવત વગર માણુસ જાતના સંકટ ટાલવા માટે ...	રૂ	૧,૮૫,૦૦૦
પરચુટણુ ફંડોમાં	રૂ	૧,૬૫,૦૦૦
	કુલે રૂપ્યા	૧૩,૫૦,૧૦૦

શેઠ બમનજીએ લીધેલી કેલવણી અને કરેલો ધંધો વેપાર.

શેઠ બમનજીએ અત્રેની સકુલ તથા સેંટ જેવીયર કોલેજમાં ઉંચી તાલીમ લીધી હતી અને એફ. ઈ. સુધીનો અભીયાસ કીધો હતો. એ પછી ૧૮૭૮ માં એવણુના વડા ભાઇ શેઠ કાવશજીના અકાળ મરણુથી વીધ્યા અભયાસ છોડી દઈ એવણુ પોતાના પીતા તે વેળાના શાહ વેપારી આગેવાન મીલ માલેક સર દીનશાહ માણેકજી પીટીટ સાથ તેવણુના ગંજાવર ધંધામાં જોડાયા હતા અને બીજા ભાઈ મરહુમ શેઠ ફરામજી સાથે મલી સર દીનશાહ માણેકજી પીટીટ સનસની કંપનીને નામે ૭ મીલોનો વહીવત તે વખતે ચલાવતા હતા. મરહુમ શેઠ ફરામજીના બેહેશતશીન થયા પછી શેઠ બમનજી ઉપર જાહેર જીંદગીમાં વધુ ભાગ લેવાની ફરજ પડી હતી. પણુ તે કરતા એવણુના પીતાજી સર દીનશાહજીના અકાળ મરણુ પછી શેઠ બમનજીની જાહેર ફરજોમાં ઘણોજ વધારો થયો હતો જે એવણે ઘણી ખુશી તથા ઉલત સાથે ઉપાડી લીધો હતો.

શેઠ બમનજીને તેમના મરહુમ પીતા સર દીનશાહજીના હાથ નીચે વેપારની ઉંચી તાલીમ ૨૫ વરસ સુધી મળી હતી, અને આવી રીતે મેળવેલું એમનું ગ્નાન પાકું અને ઊંડું હતું.

નાણાંને લગતા સવાલો અને અર્થશાસ્ત્ર સંબંધી એમની સલાહ ઘણી ઉપયોગી થઈ પડતી હતી. એઓ એક કુશળ નાણાંશાસ્ત્રી ગણાતા હતા, અને મીલોનાં કારોબારમાં પોતાના મોટા અનુભવને સબબે એઓ આ દેશના મીલ એજંટોમાં પહેલે નંબરે આવતા હતા. મેસર્સ ડી. એમ. પીટીટ સન્સ એન્ડ કંપનીના શેઠ બમનજી મરહુમ સર દીનશાહજીના ગુજરવા પછી વડા ભાગીયા થયા હતા કે જેની એજંસી નીચે માણેકજી પીટીટ, દીનશાહ પીટીટ, બમનજી પીટીટ અને ફરામજી પીટીટની મીલો હાલ છે અને આગલ વીકટોરીઆ મીલ હતી. એ ઉપરાંત મેસરસ બી. ડી. પીટીટ સન્સ એન્ડ કંપનીના પણ એવણ વડા ભાગીઆ હતા અને એની એજંસી નીચે એમ્પરર એડવરડ મીલ, ગોદાવરી વેલી, પરભાની તથા ઉમરી જીનીંગ એન્ડ પ્રેસીંગ કંપની અને ધી સધરન મરાઠા જીનીંગ એંડ પ્રેસીંગ કં. લીમીટેડના પ્રેસો તથા જીનો છે.

શેઠ બમનજીને નામદાર સરકાર તરફથી નેમી આપવામાં આવેલું માન.

શેઠ બમનજીને તા૦ ૨૪ મી આગસ્ટ ૧૮૯૯ ને દીને મુંબઇની નામદાર ગવરનરની ધારા સભાના એક અધીકારી તરીકે નામદાર ગવરનર લોર્ડ સેન્ડહર્સ્ટના વખતમાં નેમવામાં આવ્યા હતા.

શેઠ બમનજીને તા૦ ૨૬ મી મે ૧૯૦૪ ને દીને મુંબઇના આનરરી માજીસ્ટ્રેટ નેમવામાં આવ્યા હતા.

શેઠ બમનજીને મારચ ૧૮૮૦ માં મુંબઇના એક સુલેહના અમલદાર યાને જસતીસ ઓફ ધી પીસ નેમવામાં આવ્યા હતા.

શેઠ બમનજીને જુન ૧૮૯૬ માં મુંબઇની પારસી ચીફ મેત્રીમોનીયલ કોરટના ડેલીગેટ તરીકે નેમયા હતા, જે ઓધ્ધો એવણે નાદરૂસત તબીયતને લીધે ગયે વરસ છોડી દીધો હતો.

શેઠ બમનજીને સને ૧૯૦૧ માં મીલ માલેકોની મંડળીનાં એક પ્રતીનીધી તરીકે તેમજ તા૦ ૨૪ મી મારચ ૧૯૦૩ ને દીને નામદાર સરકાર તરફના એક અધીકારી તરીકે મુંબઇના ઇમપ્રૂવમેંટ ટ્રસ્ટના સભાસદ નેમવામાં આવ્યા હતા.

શેઠ બમનજીને ખાસ જુરર તરીકે આપણી હાઇ કોરટમાં ભરાતી શેશન કોરટમાં ઘણા વરસો સુધી બીરાજવાનું માન મલયું હતું.

શેઠ બમનજીની જાહેર કારકીરદી અને એવણની જુદા જુદા ખાતાઓમાં થયલી નેમણુકો વગેરે.

શેઠ બમનજી વેપારી બાબદો ઉપર હમેશા પુરતું ધ્યાન આપતા હતા. એવણે આ ઇલાકાના વેપારને ખીલવવામાં પોતાનો ઘણો સારો જેવો ફાળો આપ્યો હતો. મુંબઇના દેશી વેપારીઓના લાભોનું રક્ષણ કરવા ઓમણે કોટન એકસચેંજ કંપની અને ઓમણે ફાયર ઇંસુરંસ કંપનીની સ્થાપના કરી હતી. આ બંને કંપનીની સ્થાપનાથી એવણે આ શેહરના વેપારીઓ અને દેશીઓ ઉપર મહાન ઉપકાર કીધા છે. એ ઉપરાંત એવણની જાહેર કારકીરદી પણ ઘણી ઝળકતી હતી, તે નીચે જણાવેલી વીગત પરથી માલમ પડશે.

શેઠ બમનજીને તા૦ ૧૫ મી જુન ૧૯૦૧ ને દીવસે મુંબઇની પારસી પંચાયતના ધરમ ખાતાનાં એક ત્રસટી તરીકે મરહુમ સર દીનશાહ માણેકજી પીટીટ બેરોનેટની જગાએ નેમવામા આવ્યા હતા. આ ઓધ્ધા ઉપર એવણે કોમના એક અકાબર તરીકે કીમતી સેવા બજાવી હતી, જેથી એવણને ૧૯૦૮ ના સાલમાં પંચાયત કેસ ચુકવતાં આ૦ જસટીસ સર દાવરે તથા જસટીસ બીમને એજ ઓધ્ધા ઉપર કાયમ કીધા હતા અને તેમ કરતાં પંચાયતના ત્રસટીઓ કોમનાં નાણાંની જે સાચવટ તથા ઇમાનદારી ભરી પાસબાની કરતા હતા તેનાં વખાણ કીધાં હતાં. એ ઓધ્ધો એવણે તા૦ ૧૧ મી નવેમબર ૧૯૧૪ ને દીવસે પોતાની નાદરૂસત તબીયતને લીધે છોડયો હતો.

શેઠ બમનજીએ પંચાયતના ટ્રસ્ટી તરીકે રાજીનામું આપવાથી તે દલગીરી સાથે બહાલ રાખતાં ટ્રસ્ટી સાહેબોએ પોતાની તા૦ ૨૪ મી નવેમબર ૧૯૧૪ ની મીટીંગમાં એવણુની સેવાની પીછાણુમાં નીચલો ઠરાવ પોતાને દફતરે નોધયો હતો.—"પારસી પંચાયતના ટ્રસ્ટીઓની આ સભા શેઠ બમનજી દીનશાહ પીટીટનું ટ્રસ્ટી તરીકેનું રાજીનામું ઘણી દલગીરી સાથ કબુલ રાખે છે, અને એવણુ સાહેબની આ ખાતાંના સંબંધની ૧૩ વરસની કીમતી સેવાની કદર પીછાણી તેની નોંધ લે છે. તા૦ ૧૫ મી જુન ૧૯૦૧ ને દીને એવણુ સાહેબની નેમણુંક કરવામાં આવી હતી, તે દીનથી અતયાર સુધી એવણુ આ ખાતાના કામમાં ઉલટમંદ ભાગ લેતા આવ્યા છે. એવા ઉલટમંદ, ઉમંગી અને કાળજીવાળા હમશરીક અને કોમના ખેરખાહની સેવા ખોહવા માટે ટ્રસ્ટીઓ દલગીર છે."

શેઠ બમનજીને ૧૯૦૫ ના સાલમાં લંડનની રોયલ કોલોનીયલ ઇનસટીટ્યુટના ફેલો તથા તયાંની નોરથબરૂક સોસાયટીના ઓનરરી મેમબર નેમવામાં આવ્યા હતા તેમજ રોયલ એશીઆટીક સોસાયટીની મુંબઇની શાખાના એવણુ એક સભાસદ હતા.

શેઠ બમનજીને તા૦ ૩ જી આગસટ ૧૮૯૪ ને દીને મુંબઇની સર જમશેદજી જીજીભાઇ પારસી બેનીવોલેનટ ઇનસટીટયુટનાં અધીકારી તરીકે નેમવામાં આવ્યા હતા.

શેઠ બમનજીને તા૦ ૧૮ મી મે ૧૮૯૯ ને દીને મુંબઇની મીલ ઓનરસ એસોસીએશનના અધીકારી તરીકે ચુંટી કહાડયા હતા અને તે પછી સને ૧૯૦૩ માં તેના પ્રમુખ નેમાયા હતા; તેમજ એવણુને ચેમબર ઓફ કોમર્સના સભાસદ થવાનું બી માન મલ્યું હતું.

શેઠ બમનજીને જાનેવારી ૧૮૯૨ માં મુંબઇના કોલાબા કોટન એક્ષચેંજના ડાયરેકટર નેમવામાં આવ્યા હતા અને તેના ઘણા વરસો સુધી ચેરમેન હતા.

શેઠ બમનજીને તા૦ ૩૦ મી આગસટ ૧૮૯૫ ને દીને મુંબઈ બેંકના એક ડાયરેકટર નેમવામાં આવ્યા હતા અને એ ઓહ્દો આઠ વરષ સુધી ભોગવ્યા પછી એવણુને સને ૧૯૦૩ માં એના પ્રમુખ નેમયા હતા.

શેઠ બમનજીને સુરતના નવાપરા ગોલવાડમાં ૧૮૯૫ ના સાલના મારચ માસમાં લાગેલી આગમાં નુકશાન પામેલાંઓને મદદ કરવા થઇ મુંબઇમાં ઉભાં કીધેલાં ફંડના એક આનરરી સેકરેટરી નેમવામાં આવ્યા હતા.

શેઠ બમનજીને ૧૯૦૦ ના ફેબરવારી માસમાં મુંબઇના માજી ગવરનર લોરડ સેંડહરસટની વીદાયગીરી વેળા તેમની યાદગારી જાળવવાના ફંડનાં જોડયા આનરરી સેકરેટરી નેમવામાં આવ્યા હતા.

શેઠ બમનજી વીકટોરયા જુબીલી ટેકનીકલ ઇનસ્ટીટયુટની બોરડ ઉપર મીલમાલેકોની મંડળીના એક પ્રતીનીધી તરીકે લાંબો વખત થયા બીરાજતા હતા તેમજ હીંદુ ગાયન સમાજના પ્રમુખ હતા. એ ઉપરાંત એઓએ સખાવત, સાહીત્ય અથવા ધરમને લગતાં મુંબઇ શેહરનાં લગભગ બધા અગતનાં ખાતાંઓની કમીટીઓના એક સભાસદ તરીકે બીરાજી પોતાના અનુભવ અને જ્ઞાનનો તે ખાતાંઓને ઘણો લાભ આપયો હતો. જે જે ખાતાંઓની કમીટીઓના એક સભાસદ તરીકે મરહુમ બીરાજ્યા હતા તેઓમાં નીચલા મુખ્ય હતાઃ—સર દી. એમ. પીટીટ જીમનેશીયમ, જે. એન. પીટીટ પારસી ઓરફનેજ, ઇરાનમાંના ગરીબ જરથોસ્તીઓની હાલત સુધારનારી મંડળી, જાનવરો ઉપર ઘાતકીપણું ગુજરતું અટકાવનારી મંડળી, જાનવરો માટેની લેડી સાકરબાઇ દીનશાહ પીટીટ હાસ્પીટલ, ઝોરાસ્ત્રીયન એસોસીએશન, ધી બોંબે રેટ પેયર્સ એસોસીએશન, જરથોસ્તીઓને સસ્તા અને સુખાકારી મકાનો પુરા પાડનારી મંડળી, વીકટોરીયા મેમોરીયલ સ્કુલ ફોર ધી બલાઇનડ, કાઉનટેસ ઓફ ડફરીન ફંડ, સર ડી. એમ. પીટીટનાં ચેરીટી ફંડો, પુના પારસી જીમખાના, ધી બમનજી દીનશાહ પીટીટ મહાબળેશ્વર લાયબ્રેરી અને બીજાં ઘણા ખાતાંઓની કમીટીઓમાં જોડાયલા હતા.

શેઠ બમનજીને કાંતવાના અને વણવાની મીલોના કામને લગતું એટલું બહોળું જ્ઞાન હતું કે એવણને તે જ્ઞાનને પરીણામે ઘણી જોઇનટ સ્ટોક કંપનીઓની ડીરેકટરોની બોરડના એક ડીરેકટરની જગા લેવા માટે લાયક ગણવામાં આવ્યા હતા. તેથી એઓ નીચલી કંપનીઓની ડીરેકટરોની બોર્ડપર જગા લઇ શકયા હતાઃ-કયસરે-હીંદ ગોલ્ડ માઇનીંગ કંપની, રીપન પ્રેસનીંગ કંપની, વેસ્ટરન ઇનડીઆ સ્પીનીંગ એનડ વીવીંગ કંપની, જુબીલી મેન્યુફેક્ચરીંગ કંપની, ટેક્સ-ટાઇલ મેનયુફેકચરીંગ કંપની, બોંબે ડાઈંગ કંપની, હઇદ્રાબાદ સ્પીનીંગ એનડ વીવીંગ કંપની, સાસુન એનડ એલાયનસ સીલ્ક મીલસ. એ ઉપરાંત બીજી કંપનીઓ તેમજ મેસરસ ડી. એમ. પીટીટ સન્સની કંપની હસ્તકની મીલો. ઉપલી કંપનીઓમાંની ઘણીખરી કંપનીઓના ડીરેકટરો હોવા ઉપરાંત મરહુમ તેઓના ચેરનશીન પણ હતા.

શેઠ બમનજીએ તા૦ ૧૪ મી નવેમબર ૧૮૯૯ ને દીવસે રેલવે કમીશન આગળ જબાની આપી હતી.

મુંબઈ મધે સાંચાથી કપડાં ધોવાતું "ધી એમપાયર સટીમ લોંડરી બલીચીંગ એંડ ડાઇંગ કંપની" નામનું નવું કારખાનું પારસી ભાગીદારોએ ઉઘાડયું હતું તે શેઠ બમનજીએ તા૦ ૨૩ મી નવેમબર ૧૯૦૨ ને દીને ખુલ્લું મુકયું હતું.

શેઠ બમનજીની તબીયત છેલ્લા કેટલોક વખત થયો બહુ લથડતી ચાલતી હતી અને તબીબી સલાહ અનુસાર તેઓ પોતાની બહોળી ઉદ્યોગી જીંદગીની જંજાલોમાંથી છેલ્લા કેટલોક વખત થયા ફારેગ થયા હતા અને લગભગ સઘલાં જાહેર ખાતાઓ સાથનો પોતાનો સંબંધ પણ તેજ કારણે છોડી દીધો હતો.

શેઠ બમનજીને નામદાર સરકાર તથા જાહેર પ્રજા તરફથી મલેલું અનુપમ માન.

શેઠ બમનજીને ૧૮૯૦ ના સાલમાં લંડન ખાતે ભરાયલી મરહુમ નામદાર મહારાણીજી વીકટોરીયાની લેવીમાં એવણના પાટવી કુંવર નામદાર પ્રીનસ ઓફ વેલસ તે નામદાર શેહેનશાહ એડવરડ સાતમા સાથ ઓળખાણ પાડવાનું માન મળયું હતું.

શેઠ બમનજી ય. ૧૨૬૦ માં યાને ઇસ્વી સને ૧૮૯૦ માં યુરોપની મુસાફરીએ પેહલવેહલા ગયા હતા ત્યારે મુંબઇમાં જમશેદી નવરોઝને દીને ધી માણેકજી તથા દીનશાહ પીટીટ મીલોના માણસો તરફથી શેઠ બમનજીના માનમાં મેલાવડો કરી એવણને એક માનપત્ર, રૂપાનો વાંઝ અને ખડગો એનાયત કરવામાં આવ્યાં હતાં. એવો સાહેબ યુરોપની મુસાફરીથી પાછા ફરીયા તેની ખુશાલીમાં ય. સને ૧૨૬૧ માં પીટીટવાળા શેઠો હસ્તકની સઘળી મીલોના માસતરોને સોનાની અને કલારકો, જોબરો વગેરેને રૂપાના છેડા સાથની અકેક પેનસીલો ભેટ આપવામાં આવી હતી.

શેઠ બમનજીએ મહાબળેશ્વરમાં નેટીવ જનરલ લાયબ્રેરી માટે રૂપયા બાવીશ હજારને ખરચે બંધાવી આપેલું ફરનીચર સુદ્ધાંનું નવું મકાન નામદાર ગવરનર લોરડ નોરથકોટે ૧૯૦૨ માં ખુલ્લું મુકયું હતું, એ માટે શેઠ બમનજી તેમજ એવણના ધણીયાણી બાઇ ગુલબાઇના માનમાં તા૦ ૨૬ મી મે ૧૯૦૨ ને દીવસે મહાબળેશ્વર ખાતે એક મેલાવડો કરી મીરજના સરદારના હાથે શેઠ બમનજીને રૂપાના કાસ્કેટ સાથે માનપત્ર એનાયત કરવામાં આવ્યું હતું. એ વખતે શેઠ બમનજીને આપેલા માન માટે પ્રસંગોપાત જવાબ એવણના વડા બેટા શેઠ જાહાંગીર બમનજી પીટીટે આપ્યો હતો.

શેઠ બમનજી સને ૧૯૦૨ ના દીસેમબર માસમાં દીહલી દરબારમાં પધારયા હતા ત્યાંથી હીંદુસ્તાનની મુશાફરીએ પોતાના કુટંબ સાથ નીકલેલા કલકતા ખાતે જઇ પુગતા એવણના માનમાં કલકતાના જરથોસ્તીઓએ શેઠ બરજોરજી ફરામજીના મકાનમાં ય. સને ૧૨૭૨ માં યાને તા૦ ૯ મી ડીસેમબર ૧૯૦૨ ને દીને એક મેળાવડો કરી માનપત્ર એનાયત કીધું હતું.

શેઠ બમનજી પોતાની તબીયતના સુધારા અરથે એવણના ધણીયાણી બાઈ ગુલબાઈ તથા છોકરાંઓ સાથે કોલંબો ખાતે હવા ફેર કરવા સને ૧૯૦૫ ના ડીસેમબર માસમાં ગયા હતા. તે વખતે શેઠ બમનજીને તથા એવણના કુટંબને સ્ટીમર ઉપર આવકાર દેવાને કોલંબોના જાણીતા વેપારી શેઠ મનચેરજી ફરામજી ખાનની આગેવાની હેઠળ તેમજ વોરા કોમ તરફથી શેઠ કરીમજી જાફરજીની આગેવાની હેઠળ એક ડેપ્યુટેશન ગયું હતું. કોલંબોના વસવાટ દરમયાન શેઠ બમનજીની મુલાકાતે સીલોન ટાઇમસના પ્રતીનીધી આવ્યા હતા તેવણે પોતાના પત્રમાં શેઠ બમનજીની તારીફમાં એવણની સખાવત તથા પ્રજા સેવા વીષે લંબાણથી લખાણ કીધું હતું.

શેઠ બમનજીએ લંડનની સ્કુલ ઓફ ટરોપીકલ મેડીસન નામના પાઠશાળાને ઇમારટ બાંધવા રૂપીઆ એક લાખની નાદર બક્ષેશ સને ૧૯૦૨ માં કરી હતી, જેથી લંડનમાં પ્રગટ થતાં 'જરનલ ઓફ ટરોપીકલ મેડસીન"ના જાણીતાં વઇદક ચોપાનીઆંના ૧૯૦૩ ના સાલના નવેમબર માસના અંકમાં એવણની એક સુંદર તસવીર આપવામાં આવી હતી. વળી એ સ્કુલ ઓફ ટરોપીકલ મેડસીન તરફથી તા૦ ૧૧ મી જુન ૧૯૦૬ ને દીને શેઠ બમનજીના માનમાં મેલાવડો કરી એક ખાણું સર ફ્રાનસીસ લોવેલના પ્રમુખપણા હેઠળ આપવામાં આવ્યું હતું જે વેળા પ્રમુખે આ બાદશાહી મદદ કરનાર શેઠ બમનજીની સ્તુતી કરી વખાણ ગાઇ હતી.

શેઠ બમનજીએ લંડનની ત્રોપીકલ સ્કુલને લાખ રૂપ્યાની કરેલી નાદર બક્ષેસની પીછાનમાં એવણની મોટી ઓઇલ પેંટીંગ તસ્વીર એ સ્કુલના મકાનમાં સને ૧૯૦૭ ના જુલાઈ માસમાં એક મોટા મેલાવડા સનમુખ સ્કુલ કમીટીના સરનશીન મી૦ નેરના હાથે ખુલ્લી મુકવામાં આવી હતી, જે વખતે મી૦ નેરને શેઠ બમનજીએ કરેલી સખાવત માટે લંબાનથી સ્તુતી કરી હતી.

શેઠ બમનજી દીનશાહ પીટીટ, સર દીનશાહ માણેકજી પીટીટ બીજા બારોનેટ અને શેઠ જાહાંગીર બમનજી પીટીટ ૧૯૦૬ ના સાલમાં વેલાયતની મુસાફરીએ ગયા હતા. એ તકનો લાભ લઇને એવા શેઠોના માનમાં શેઠ નશરવાનજી માણેકજી પીટીટના બંગલામાં એક મેલાવડો કરી મુંબઇની ગાયન ઉતેજક મંડળીએ તા૦ ૨ જી એપ્રેલ ૧૯૦૬ ને દીને એક ખાણું આપયું હતું અને એ પ્રસંગે શેઠ બમનજીએ પોતાના પીતા સર દીનશાહની સબી મંડળીને ભેટ કીધી હતી તે શેઠ હોરમસજી મનચેરજી કામાએ ખુલ્લી મેલી હતી. વળી એ ત્રણે શેઠોના માનમાં એલફીનસ્ટન કલબ તરફથી એક મેજબાની તા૦ ૪ થી એપ્રીલને દીવસે આપવામાં આવી હતી, જે વખતે ખાણા ઉપર એ ત્રણે શેઠોની તારીફમાં શેઠ જાહાંગીરજી બેરામજી મરઝબાને કેટલુંક વીવેચન કીધું હતું.

શેઠ બમનજી પોતાના ધણીઆણી બાઈ ગુલબાઇ તેમજ છોકરાંઓ સાથે વેલાત જવા અગાઉ ઉડવાડાના પાક આતશબેહરામ સાહેબને સેજદો કરવાને તા૦ ૨૦ મી મારચ ૧૯૦૬ ને દીને ગયા હતા, જે વખતે એઓ સાહેબોને ઉડવાડાના સ્ટેશન ઉપર આવકાર આપવાને ત્યાંની જરથોસ્તી અંજુમન ભેગી મલી હતી. તેમજ તા૦ ૨૧ મી ને દીવસે દસ્તુરજી ખુરશેદજી તથા દસ્તુરજી પેશોતનજી મીરજા અને શેઠ એદલજી ભરડાની આગેવાની હેઠળ ઉડવાડાની જરથોસ્તી અંજુમન તરફથી શેઠ બમનજીને બંગલે એક મેલાવડો કરી એવા શેઠને કાસકેટ સાથે માનપત્ર એનાયત કીધું હતું. શેઠ બમનજી પોતાના કુટંબ સાથ આતશબેહરામને સેજદો કરવા ગયા હતા ત્યારે આખા ગામના લોકોને ઇજન કરી રૂપા નાણું વેહચ્યું હતું અને પોતાના બંગલા ઉપર આવેલાં ગરીબોનેબી નાણાની સારી મદદ આપી હતી.

શેઠ બમનજી એવણના ધણીયાણી બાઈ ગુલબાઈ તથા બેટા શેઠ જાહાંગીર અને બીજા કુટંબીઓ સાથે મુંબઇથી તા૦ ૧૪ મી એપ્રીલ ૧૯૦૬ ને દીને વેલાત જવા બેલારડ પીયર ઉપરથી વીદાય થયા હતા, જે વેલા પારસી બાનુઓ અને ગ્રહસ્થો ઉપરાંત બીજી કોમના ઘણા આગેવાનોએ હાજર થઇ એઓ સાહેબોને સફળ સફર ઇછ્છીને હાર તોરા પેહરાવ્યા હતા.

નામદાર શેહેનશાહ એડવરડે પોતાના સેંટ જેમસીસ મેહલમાં તા૦ ૨૮ મી મે ૧૯૦૬ ને દીને ભરેલી ચોકી લેવીમાં શેઠ બમનજી દીનશાહ પીટીટ અને શેઠ જાહાંગીર બમનજી પીટીટને બીજા પારસીઓ સાથે હાજર થવાનું માન મલ્યું હતું. વળી નામદાર શેહેનશાહ એડવરડ તથા શેહેનશાહ બાનુએ તા૦ ૧ લી જુન ૧૯૦૬ ને દીને બકીંગહામના મેહલમાં ભરેલી દરબારના મેલાવડામાં બાઇ ગુલબાઇ બમનજી પીટીટ તથા બેટીઓ અને બાઇ આવાંબાઇ ફરામજી પીટીટ તથા બેટી હાજર થયાં હતાં. એ મેલાવડામાં પીટીટ કુટુંબના બાનુઓની ઓલખાણ નામદાર શેહેનશાહ તથા શેહેનશાહ બાનુ જોડે કરાવવામાં આવી હતી.

શેઠ બમનજી લંડન ખાતે હતા ત્યારે તા૦ ૨૯ મી જુન ૧૯૦૬ ને દીને નામદાર શેહેનશાહ એડવરડ સાતમાંની સાલગ્રેહની ખુશાલીમાં ગ્રેટ બ્રીટનમાં વસતા સઘળા પારસીઓને લંડનના હોટલ સેસીલમાં એક મોટી જયાફત આપી હતી. જે વેળા શેઠ દાદાભાઈ નવરોજીએ શેઠ બમનજીની વખાણ કરી એવણની સલામતી લેવડાવી હતી.

શેઠ બમનજી લંડન ખાતે હતા તે ટકનો લાભ લઇ લંડન ખાતે પ્રગટ થતા પારસી ક્રોનીકલમાં એવણની સુંદર તસવીર અને જનમ ચરીત્રનો હેવાલ આપવામાં આવ્યો હતો, જેમાં નામદાર શેહેનશાહ એડવરડની શાલગ્રેહને દીને આપેલા ખાનાનો તેમજ લંડનની સ્કુલ ઓફ ટ્રોપીકલ મેડસીનને આપેલી નાદર મદદ તથા એઓ શેઠની બીજી બોહોલી સખાવતો માટે કેટલુંક વીવેચન કરવામાં આવ્યું હતું.

શેઠ બમનજી વેલાતથી સહીસલામત પાછા ફરવા પછી કુટુંબ સાથે ઉડવાડાના આતશબેહરામ સાહેબને સેજડો કરવા ય. સને ૧૨૭૬ ના તીર મહીનામાં ગયા હતા, ત્યાંથી જાહાંબોરડી સીધારયા હતા, એ તકનો લાભ લઇ જાહાંબોરડીની જરથોસ્તી અંજુમને એક સુંદર ચાંદીના કાસકેટ સાથ માનપત્ર એનાયત કીધું હતું.

મુંબઇની ગાયન ઉતેજક મંડળીના પ્રમુખ શેઠ બમનજી દીનશાહ પીટીટ અને ઉપપ્રમુખ શેઠ જાહાંગીર બમનજી પીટીટે પારસી જનરલ હાસપીટલ માટે આપેલી કીમતી મદદની પીછાનમાં એ મંડળી તરફથી તા૦ ૨૮ મી મારચ ૧૯૦૭ ને દીવસે રાતનાં મરહુમ શેઠ ન. મા. પીટીટના બંગલામાં ખાણાનો મેલાવડો કરી માનપત્ર એનાયત કરવામાં આવ્યું હતું.

શેઠ બમનજી એવણના મોહરદાર બાઈજી ગુલબાઈ તથા કુટુંબ સાથે ઉદવાડે ૧૯૦૮ ના ડીસેમબરમાં ગયાં હતાં તયાં તેમને જરથોસતીઓ તરફથી ભારે માન મળયું હતું. તયાંથી નવસારી પધારયા હતા, એ તકનો લાભ લઇ ત્યાંની બઝમે રૂઝે અહુરમજદની મંડળી તરફથી તા૦ ૨૬ મી ડીસેમબરે એક મેલાવડો કરવામાં આવયો હતો તથા એઓને મુબારકબાદીનું માનપત્ર આપયું હતું. વળી બોરશેદ વાડીમાં વડા દસતુરજી કેકોબાદજીનાં પ્રમુખપણા હેઠળ નવસારીની પારસી અંજુમન તરફથી એક મેલાવડો કરી તેમજ માન આપયું હતું અને તા૦ ૨૮ મીએ દસતુર હોલમાં શેઠ બમનજીને પ્રમુખસ્થાન આપી જુદા જુદા ધણીઓએ જુદી જુદી બાબદોપર લખેલા રેસાલા માટે ઇનામો વહેંચી આપવાનો મેળાવડો થયો હતો.

શેઠ બમનજીના બેટા શેઠ જાહાંગીરની નવજોત મારચ ૧૮૮૭ માં કરવામાં આવી હતી, તેની ખુશાલીમાં ૨૫૦૦૦ ધરમ ખાતે આપ્યા હતા. એ નવજોતની કીયા જોવાને તે વેળાના નામદાર ગવરનર લોરડ રે તથા બાનુ, એડમીરલ સર ફ્રેડરીક રીચરડસ, લોરડ બકીંગહામ, સર મેક્ષવેલ મેલવીલ તથા બીજા ઇંગ્રેજ બડેખાંઓ તથા બાનુઓ સર દીનશાહજીનાં નોતરાંને માન આપી હાજર થયાં હતાં અને નવજોતની ઇંગ્રેજીમાં સમજ આપનારી દસતુર જામાસપજી મીનોચેરજી જામાસપ આસાનાએ રચેલી એક ચોપડી સરવેને આપવામાં આવી હતી.

શેઠ બમનજીને ત્યાં તા૦ ૭ મી મે સને ૧૮૯૮ ને દીવસે એવણના વડા દીકરા શેઠ જહાંગીરના થયલાં લગન મધે તે વેળાના મુંબઇના નામદાર ગવરનર લોરડ સેનડરસતે પોતાની હાજરીનું માન આપયું હતું.

શેઠ બમનજી દીનશાહ પીટીટની પાયદસ્તની તેમજ ઉઠમણાની થયલી ક્રીયાનો હેવાલ.

શેઠ બમનજી દીનશાહ પીટીટની પાયદસ્ત કાઢવાની થયલી ગંભીર ક્રીયા.

પારસી કોમના માનવંત અકાબર મરહુમ શેઠ બમનજી દીનશાહ પીટીટની પાયદસ્ત બીજે દીવસે સહવારે તેઓનાં વોરડન રોડ ઉપરના શોટા પીટીટ બંગલામાંથી કાઢવામાં આવી હતી, જે વેળા મરહુમને સેવટનું માન આપવાને પારસી કોમના મોટા ભાગે હાજરી આપી હતી અને બંગલાનો કુશાદે કમપાઉંડ પણુ ભરાઇ ગયો હતો તેમજ મોબેદો પણુ એક મોટી સંખયામાં હાજર થયા હતા. એ વખતે સરવે કોમના લોકોની ઠઠ સારી જમાં થઈ હતી. મરહુમનું રવાન બંગલાનાં કુશાદે હોલમાં મુકવામાં આવ્યું હતું જ્યાં બાનુઓની સંખ્યા પણુ આ વેલા અસાધારણુ મોટી એકેલી હતી. મરહુમના બંગલા આગળથી ગાડી ઘોડા અને મોટરોની લાંબી હાર લાગી હતી અને મહાલક્ષમીનાં દરયાની પાળ આગળ પણુ બીજી કોમનાં લોકોની મોટી સંખ્યા ઉભેલી જોવામાં આવતી હતી અને પોલીસ પણુ બંદોબસ્ત જાળવવા આખે રસ્તે ઉભી હતી. મીજલસમાં હાજર રહેલાઓમાં જાણીતા ગ્રહસ્થો ઉપરાંત પારસી અકાબરો અને દરેક વરગના પારસીઓ પણુ નજરે પડતા હતા અને હીંદુ વેપારીઓ પણુ સારી સંખ્યામાં હાજર હતા.

ગેહસારણાની ક્રીયા (સ. ટા.) સવાઆઠ વાગે શરૂ થઇ હતી જે સવાનવ વાગે ખતમ થતાં સરવે હાજર રહેલાઓ સેઝદો કરવા ઉઠયા હતા જેમ કરતાં લગભગ એક કલાક નીકલી ગયો હતો. પોણાદશ વાગે ધીમે કદમે પાયદસ્ત નીકળી હતી જેમાં લગભગ બધા હાજર રહેલાઓ આવ્યા હતા અને મરનારનાં બંગલાથી તે છેક ડુંગર સુધી આખો રસ્તો પાયદસ્તે આવનારાઓથી ચીકાર થઇ ગયો હતો અને બીજો બધો ત્રાફીક બંધ પડેલો જણાતો હતો. મરહુમની પાયદસ્ત પારસી જનરલ હાસ્પીટલ આગળ આવતાં સરવે જણાઓએ મરનારને યાદ કરી એઓએ કીધેલી આ ઉદાર બખશેશ માટે એઓને ગરૂથમાન બહેસ્ત ઇચછયું હતું. દરેક બંગલાની બારીઓ રહેનારાઓથી ભરાઈ ગઈ હતી અને સરવે જણાઓ એઓને સેઝદો કરવાં ઉભાં હતાં. ખંબાલા હીલની પીટીટ સેનેટરીઅમની બારીઓ પણુ શું નાનાં કે મોટાં, ઓરતો કે મરદો સરવેથી ભરાઇ ગઇ હતી. કેંપ કંપનીની પાસેના દરવાજામાંથી ડુંગર ઉપર પાયદસ્ત દાખલ થઇ હતી અને ડુંગરનો આખો કંપાઉંડ એક નાકેથી બીજા નાકા સુધી ચીકાર ભરાયલો જણાતો હતો. ડુંગર ઉપર દસ વાગે રવાન જઈ પુગું હતું અને સરવે જણાઓએ સેઝદો કીધો હતો જે માટે લગભગ અરધો કલાક લાગ્યો હતો. મરહુમના બેટાઓ તરફથી ડુંગર ઉપર મોબેદો અને ગરીબ જરથોશતીઓને આશીદાદ વેહેંચવામાં આવી હતી અને સરવે જણાઓએ હળવે હળવે વીખરાવા માંડયું હતું.

શેઠ બમનજી દીનશાહ પીટીટના ઉઠમણાની થયલી ગંભીર ક્રીયા.

મરહુમ શેઠ બમનજી દીનશાજી પીટીટના ઉઠમણાની ક્રીયા પાછલા પોહોરે મરહુમના બંગલામાં કરવામાં આવી હતી. જે વેળાએ પારસી કોમની એક ઘણી મોટી સંખ્યાએ હાજરી આપી હતી. એ ઉપરાંત વળી હીંદુ તેમજ ઇસલામી આગેવાન ગ્રહસ્થો પણુ હાજર રહેલા જણાતા હતા. ઉઠમણાની ક્રીયા બંગલાના મોટા હોલમાં દસ્તુરો તેમજ મોબેદોની હાજરીમાં કરવામાં આવી હતી, એ વખતે એ હોલમાં જરથોસ્તી બાનુઓ પણુ મોટી સંખયામાં હાજર થયાં હતાં. એ ક્રીયા ખતમ થવા પછી જરથોસ્તી અંજુમનના આતશબેહરામના દસ્તુરજી કેખશરૂ જામાસજી જામાસપ આશાનાએ મીજલસીઓ વચે કેટલુંક વીવેચન કરતાં જણાવ્યું કે આપણી કોમના

મુખીવજુદ શેઠયા શેઠ બમનજી દીનશાહ પીટીટનાં અકાળ મરણથી આપણી પારસી કોમને મોટી ખોટ ગઈ છે. એવણ પોતાના મરહુમ પીતાજી સર દીનશાહજીની માફક અમીરી ખવાસના અને હાતમદીલના હતા અને ગરીબો તેમજ પોતાની કોમ તરફ ઉંડી લાગણી ધરાવતા હતા. પારસી તેમજ બીજી કોમ માટે એવણે રૂપ્યા સાડાતેર લાખની જાહેર સખાવત કરી હતી, તે ઉપરાંત ખાનગીમાં પારસીઓમાં બીજી ઘણી મદદ કરી હતી. એમની મુખ્ય સખાવતમાં એમના નામે સથાપવામાં આવેલી પારસી જનરલ હાસપીટલ છે કે જે પાછળ રૂ૭ા લાખ એવણ સાહેબ અને એમના કુટુંબ તરફથી અતયાર આગમજમાં આપવામાં આવ્યા છે અને હાલ રૂ૧ા લાખ જેટલી રકમ અપાઇ છે. પોતાની હયાતીમાંજ એજ સખી શેઠે પોતાનું નામ કાયમ રાખ્યું છે. એ શેઠની કારકીરદી વીશે ઘણું લખાયું છે એટલે આ ગમીના પ્રસંગે હું તમો સાહેબોનો વખત નહી રોકતાં મારા અથોરનાન બાઇઓને એલતેમાસ કરૂં છું કે આપણા મુંબઈ તેમજ દેશાવરો ખાતેના નયાયાગાનોની યાદ ધુપ નીરંગની કીયામાં દઇયે છીયે તેમની સાથ શેઠ બમનજીનું નામ પણ દેવું. આ દરખાસ્તને કદમી અંજુમનના દસ્તુર દીનશાહજી જીવાજી ગારડાએ ટેકો આપતાં મરહુમના ગુણોની તારીફ કરી પોતાંના કદમી ટોળાના મોબેદોને મરહુમનું નામ ધુપ નીરંગની કીયાકામોમાં બીજા ન્યાયાગાનોની સાથે દેવાની ફરમાસ કીધી હતી. આ દરખારત મીજલસીઓએ પુર ગંભીરાઈ વચ્ચે પસાર કીધા પછી, દસ્તુરો અને મોબેદોને સારી આસોદાદ આપવામાં આવી હતી.

ઉઠમણાની મીજલસમાં જાહેર કરવામાં આવેલી મોટી બાદશાહી સખાવત.

મરહુમ શેઠ બમનજી દીનશાહ પીટીટના ઉઠમણાની કીયા પુરી થયા પછી મરહુમના પુણ્ય અરથે મરહુમની પોતાની પુંજી મધેથી તથા મરહુમનાં વીધવા, બેટાઓ, બેટીઓ, બેનો તથા બીજાં ખેશીઓએ સખાવતમાં ધરમ ખાતે આપવા કહાડેલા રૂપીઆની નીચલી વીગત એરવદ કાવસજી બમનજી કાતરકે વાંચી સંભળાવી જાહેર કરવામાં આવી હતીઃ—

	રૂપીઆ.
મરહુમની પોતાની પુંજી મધેથી મરહુમના ફરમાન મુજબ	૫૦૦૦૦
મરહુમનાં વીધવા બાઇ સાહેબ બાઇ ગુલબાઇએ	૧૨૦૦૦
મરહુમના દીકરા શેઠ જાહાંગીર તથા તેવણનાં ધણીઆણી બાઇ જાઇજી તથા દીકરી બાઇ હીરાંબાઇ તથા દીકરાઓ શેઠો એરામજી અને દીનશાએ મલી	૧૦૦૦૦
મરહુમના દીકરા શેઠ ધનજીભાઇ તથા તેવણનાં ધણીઆણી બાઇ હમાબાઇ તથા દીકરા શેઠ માણેકજી તથા દીકરીઓ બાઇઓ રતનબાઇ તથા કુંવરમાઇએ ...	૫૦૦૦
મરહુમના દીકરા શેઠ પીરોજશાહે	૧૦૦૦૦
મરહુમનાં દીકરીઓ બાઇ દીનબાઇએ રૂ૫૦૦૦ તથા બાઇ માણેકબાઇએ રૂ૫૦૦૦ મળી ...	૧૦૦૦૦
મરહુમનાં બેન બાઈ હમાબાઈ ફરામજી કામાએ રૂ૧૫૦૦ તથા તેવણના દીકરા શેઠ દાદાભાઇએ રૂ૧૦૦૦ તથા દીકરી બાઇ હીરાંબાઇએ રૂ૫૦૦ મળી	૩૦૦૦
મરહુમનાં બેન બાઈ હીરાંબાઈ જમશેદજી પીટીટે	૩૦૦૦
મરહુમનાં બેન બાઈ માણેકબાઇ પીરોજશા બમનજી તથા દીકરાઓ શેઠો જીજીભાઈ અને દાદાભાઈ તથા દીકરીઓ બાઇઓ ધનબાઇ અને શીરીનબાઇએ મળી ...	૧૫૦૦
મરહુમનાં બેન બાઈ બચુબાઇ મેરવાનજી સોરાબજી જમશેદજીએ	૩૦૦૦
મરહુમનાં બંધેવી શેઠ દાદી નશરવાનજી દાદીશેઠે	૫૦૦
મરહુમના ભાણેજો શેઠો ખરશેદજી અને નશરવાનજી તથા બાઇઓ મેરબાઇ અને બચુબાઇ દાદી નશરવાનજી દાદીશેઠે મળી	૫૦૦
મરહુમના ભાણેજ શેઠ નશરવાનજી દાદી દાદીશેઠે	૧૦૦૦

મરહુમનાં બાણેજો બાઇઓ બચુબાઇ તથા કુંવરબાઇ તથા મેરબાઈ ફરામજી દોરાબજી પાંડેએ મળી ...	૫૦૦
મરહુમના ભત્રીજા સર દીનશાહ માણેકજી પીટીટ, બેરોનેટે ...	૧૦૦૦
મરહુમનાં ભત્રીજી બાઈ હમાબાઇ ફરામજી પીટીટે ...	૧૫૦૦
મરહુમનાં ભોજાઇ મરહુમ બાઇ આવાંબાઇ કાવસજી પીટીટ તરફથી ...	૫૦૦
મરહુમના ભત્રીજા શેઠ માણેકજી કાવસજી પીટીટે ...	૧૦૦૦
મરહુમના ભત્રીજા શેઠ સોરાબજી કાવસજી પીટીટ તથા તેવણનાં ધણીઆણી બાઈ જરબાઇએ મળી ...	૨૦૦
મરહુમના ભત્રીજા શેઠ ફરદુનજી કાવસજી પીટીટે ...	૧૦૦૦
મરહુમના સાળા શેઠ રૂસતમજી બેહેરામજી જીજીભાઇ તથા તેવણનાં ધણીઆણી બાઇ આવાંબાઈ તથા છોકરાંઓએ ...	૧૦૦૦
મરહુમનાં સાળી બાઈ માણેકબાઈ તથા તેવણના ધણી શેઠ ફરામજી હોરમસજી આલબલેસે ...	૨૫૦
મરહુમનાં સાળી બાઇ જીજુબાઇ તથા તેવણના ધણી શેઠ નાનાભાઈ અરદેશર મુસ તથા છોકરાંઓએ મળી ...	૨૦૦
મરહુમનાં સાળી બાઇ જીજુબાઇના દીકરા શેઠ સોરાબજી નાનાભાઇ અરદેશર મુસે ...	૧૦૦
શેઠ કાવસજી ધનજીભાઇ ધનભુરાએ ...	૧૦૦
ડા૦ બેહેરામજી સોરાબજી પોસટવાળાએ ...	૨૫
શેઠ જાહાંગીરજી રૂસતમજી ડાકટરે ...	૨૧
શેઠ બરજોરજી જાહાંગીરજી વહાડયાએ ...	૨૧
શેઠ હોરમસજી દાદાભાઇ શરાફે ...	૨૫
ડા૦ ધનજીશાહ હીરજીભાઈ પટેલ તથા ધણીઆણી બાઇ જાઇજીએ ...	૧૫૧
શેઠ ધનજીભાઇ મેરવાનજી મેહેતા ...	૨૧
જુમલે......	૨૧૧૭૧૧૪

ઉપલા ૨૧૧૭૧૧૪ ની રકમ શ્રી મુંબઇની પારસી પંચાએત હસતક મરહુમ શેઠ બમનજીને નામે જુદું એલાહેદું ખાતું પડાવી આપવામાં આવશે, તે એવી શરતે જે મુદલ રૂપીઆ અનામત રાખી તેનાં વ્યાજની તમામ આવક ધી બમનજી દીનશાહ પીટીટ પારસી જનરલ હાસપીટલના એનડાઉમેંટ ફંડમાં જમે આપે.

શેઠ બમનજીના પુણ માટે પાછલા પોહરે અત્રેના બાહારકોટમાં આવેલા શેઠ દાદીશેઠના આતશબેહરામમાં મુંબઇ શેહરના તમામ મોબેદ તથા ગરીબ બેહદીનોને આમંત્રણ કરી ત્યાં તેઓને રૂપાનાણાંની તેમજ અકેક સદરાની આશોદાદ આપવામાં આવી હતી.

પાછલી રાતના ઉઠમણામાં જાહેર થયલી સખાવત

મરહુમ શેઠ બમનજી દીનશાજી પીટીટનાં પાછલી રાતનાં ઉઠમણાની કીયા વખતે એવણ સાહેબનાં પુનય અરથે એવણનાં વીધવા તથા દીકરાઓએ ધરમ ખાતે આપેલા રૂપીઆની વીગતઃ—

મરહુમનાં વીધવા બાઇ ગુલબાઇએ શ્રી મુંબઇની પારસી પંચાયત હસ્તકનાં "શ્રી ચોપાટીની ધરમશાળા મધે આંધળાં, પાંગળાં તથા લાચાર જરથોશતીઓને રાખીને પરવરસી કરવાનાં ફંડ"નાં ખાતાંમાં રૂ૫૦૦૦ આપયા છે, તે એવી શરતે જે મુદલ રકમ અનામત રાખી તેનાં વ્યાજની આવક દર સાલ જે થાય તે મધેથી મરહુમની વરસ

દહાડાની બાજ રોજ અમરદાદ, માહ તીરને દીને પડશે તે દીને દર સાલ શીઆવ આથે આફરગાન, બાજ, ફરોકશી, સતુમ, ઇજશને વીગેરે ક્રીયાકામ કરાવી ત્યાં વસતાં આંધળાં, પાંગળાં તથા લાચાર જરથોશતીઓને બપોર તથા રાત જમાડવું. ... ૫૦૦૦

મરહુમના દીકરા શેઠ જાહાંગીરે શ્રી મુંબઇની પારસી પંચાયત હસ્તક રૂ૫૦૦ આપ્યા છે, તે એવી શરતે જે મુદ્દલ રકમ અનામત રાખી તે મધેથી રૂ૨૫૦ નાં વ્યાજની આવક કુલ જરથોશતી રવાનોને અવલમંજલ પહોંચાડવાનાં ફંડમાં તથા રૂ૨૫૦ નાં બ્યાજની આવક દોખમાંઓવાળાં ડુંગર ઉપરની સગડીમાં ભણુતર ચાલુ રાખવાના ફંડમાં વાપરવા આપવી ૫૦૦

મરહુમના દીકરા શેઠ પીરોજશાહે ૫૦૦

(એ રૂ૫૮૦ કયાં ધરમ ખાતામાં આપવા તે પાછળથી જાહેર કરવામાં આવશે.)

દેશાવરો ખાતે મરહુમ શેઠ બમનજીના ઉઠમણાની થયલી ક્રીયા.

મરહુમ શેઠ બમનજી દીનશાહ પીટીટના ઉઠમણાની ક્રીયા પાછલા પોહરે મુંબઇ ઉપરાંત ઉદવાડા, પુણા, ભરૂચ વગેરે દેશાવરો ખાતે ત્યાંની અંજુમનો તરફથી કરવામાં આવી હતી. મરહુમ શેઠ બમનજીના અકાળ મરણની ખબર દેશાવરો ખાતે મલતાં ત્યાં ઘણીજ ગમગીની ફેલાઈ હતી અને એવણના કુટંબ તરફ દીલસોજી દેખાડવામાં આવી હતી અને દીલાસો બતાવનારા તારોખી મોકલાવ્યા હતા.

પુણા ખાતેની શેઠ પટેલની દરેહમેહરમાં તેમજ અંજુમનની દરેહમેહરમાં ઉઠમણાની ગંભીર ક્રીયા કરવામાં આવી હતી જેમાં ઘણા જરથોસ્તીઓએ ભાગ લીધો હતો. પુણાની અંજુમનની દરેહમેહરમાં દસ્તુરજી ખુરશેદજી ડોશાભાઇ ભપુ તરફથી ઉઠમણાની ક્રીયા કરાવવા પછી દસ્તુરજી ખુરશેદજીએ મરહુમ શેઠ બમનજીએ પારસીઓ સારૂ તેમજ પરકોમવાલાઓ માટે કરેલી મોટી સખાવતો માટે મરહુમ શેઠની તારીફમાં કેટલુંક વીવેચન કરી મરહુમ શેઠ બમનજીનું નામ જાહેર ભણુતરોમાં લેવાનો ઠરાવ કરવામાં આવ્યો હતો.

ઉડવાડા ખાતેની શેઠ પીટીટવાલી દરેહમેહરવાલાં મકાનમાં સરોશની તથા ઉઠમણાની ક્રીયા અંજુમન તરફથી કરવામાં આવી હતી, જેમાં દસ્તુરજી પેશોતનજી બ. મીરજાં તથા મોબેદો અને બેહેદીનોની મોટી સંખ્યાએ હાજરી આપી હતી વળી મરહુમના કુટુંબ તરફથી પણ ઉઠમણા વગેરેની ક્રીયા કરાવવામાં આવી હતી. ઉઠમણાની ક્રીયા પુરી થયા પછી મરહુમ શેઠ બમનજીએ ઉડવાડા અંજુમન ઉપર કરેલા ઘણા ઉપકારોને લીધે એવોની યાદ હમેશાં જાળવાઈ રહે તે માટે અંજુમન તરફથી મરહુમ શેઠ બમનજીનું નામ ધુપ નીરંગની ક્રીયામાં લેવાનો ઠરાવ કરવામાં આવ્યો હતો અને ઉડવાડાના રવાનોને અવલમંજલ પોહોચાડવાનાં ફંડમાં અને ઈરાનશાહ આતશબેહરામના ફંડમાં અંજુમન તરફથી મરહુમ શેઠ બમનજીની નૈયતે રૂ૫૦ ભરવામાં આવયા હતા. ઉડવાડેવાળા દસ્તુરજી ખુરશેદજી મરહુમના કુટંબપર પડેલી આ આફતમાં ભાગ લેવા મુંબઇ અવ્યા હતા.

તારાપોર ખાતે ત્યાંની દરેહમહેરમાં મરહુમ શેઠ બમનજીના ઉઠમણાની ક્રીયા અંજુમન તરફથી કરવામાં આવી હતી અને ભણુતરની ક્રીયામાં મરહુમનું નામ લેવાનો ઠરાવ અંજુમનના સરનશીન શેઠ જાહાંગીરજી દાદાભાઇની દરખાસ્તથી કરવામાં આવ્યો હતો.

બીલીમોરાની દરેહમેહરમાં મરહુમ શેઠ બમનજીના ઉઠમણાની ક્રીયા અંજુમન તરફથી કરવામાં આવી હતી અને અંજુમનના ટ્રસ્ટી શેઠ બરજોરજી મેગુસીએ દીલાસાનો તાર મોકલાવ્યો હતો.

વલસાડ ખાતે શેઠ મોટા શાપુરની દરેહમેહરમાં મરહુમ શેઠ બમનજીના ઉઠમણાની ક્રીયા ખા૦ સા૦ કાવસજી ધનજીભાઇ ધનબુરા તરફથી કરવામાં આવી હતી.

શેઠ બમનજીનાં માનમાં બંધ રાખવામાં આવેલાં જુદાં જુદાં ખાતાંઓ.

એહેશતનશીન શેઠ બમનજીના મરણુની ખબર મુંબઈ તેમજ દેશાવરો ખાતે પડતાં એવણુના માનમાં એવો શેઠ સાથ સંબંધ ધરાવતી હારીશો, મીલો તેમજ જાહેર ધરમખાતાંઓ વગેરે બંધ રાખવામાં આવ્યાં હતા તેમાં નીચલાં મુખ્ય છે.

કોટની શેઠો પીટીટવાળી મીલોની હારીસ તેમજ સરકલની શેઠો જાહાંગીર, ફીરોઝશાહ અને ધનજીભાઇ પીટીટની હારીસો અને પીટીટ ખાનદાન સાથ સંબંધ ધરાવતાં બીજાં ખાતાંઓ બંધ રાખવામાં આવ્યાં હતાં.

મેસરસ ત્રીભોવનદાસ વરજીવનદાસ એનડ સનસની હારીસ બંધ રાખવામાં આવી હતી.

મુંબઇનું શેર બજાર આખો દીવસ બંધ રાખવામાં આવ્યું હતું.

તારદેવની ગાયન ઉતેજક મંડળીના શેઠ બમનજી પેતરન હોવાથી મંડળીનું સઘલું કામકાજ તથા બાનુઓના ગાયનના વરગ તથા વાજીંત્રના વર્ગ બંધ રાખવામાં આવ્યા હતા.

મેશરસ ગોળવાલા બ્રધરસનો કોલાબા ખાતે આવેલો વીકટોરીયા સવીમીંગ બાથ બંધ રાખવામાં આવ્યો હતો.

મુંબઇનાં પારસી જીમખાનાનાં શેઠ બમનજી પ્રેસીડંટ હોવાથી એ જીમખાનું બંધ રાખવામાં આવ્યું હતું.

પ્રભુરામ આયુરવેદીક કોલેજની સથાપનાથી વીસ વરસ થયાં તેના શેઠ બમનજી પ્રમુખ હોવાથી એ કોલેજ બંધ રાખવામાં આવી હતી.

ખેતવાડીની સર કાવસજી જાહાંગીર રેડીમની કન્યાશાળા બંધ રાખવામાં આવી હતી.

ધી જમશેદજી નશરવાનજી પીટીટ પારસી ઓરફનેજ બંધ રાખવામાં આવી હતી.

પુણા ખાતે સર દીનશાહ માણેકજી પીટીટ પારસી જીમખાનું બંધ રાખવામાં આવ્યું હતું

બીલીમોરા ખાતેની ધી જાહાંગીર બમનજી પીટીટ નેટીવ જનરલ લાયબ્રેરી બંધ રાખવામાં આવી હતી.

શેઠ બમનજી દીનશાહ પીટીટના માનમાં મલેલી સભાઓનો હેવાલ.

શેઠ બમનજીના મરણ માટે દલગીરી જાહેર કરવા અંજુમનની મલેલી જાહેર સભા.

પારસી કોમના માન પામેલા અને સખીવજુદ શેઠયા મરહુમ શેઠ બમનજી દીનશાહ પીટીટનાં અકાળ મરણથી પારસી કોમને જે મોટી ખોટ ગઇ છે, અને જે મરહુમ શેઠે પોતાની ઉપયોગી જીંદગી દરમયાન કોમની બેહેતરી માટે લખો રૂપીયાની સખાવત કરી હતી, તેમજ એક ધરમચુસત તથા કોમહીતકારી તરીકે પોતાનું મુબારક નામ મશહુર કીધું હતું, તેવા એક ભલા જરથોસ્તીનાં અકાળ મરણ માટે કોમનો ખેદ જાહેર કરવા, તથા મરહુમે પારસી કોમની જે અમુલ્ય સેવાઓ બજાવી હતી, તેની યોગય નોંધ પારસી પંચાયતનાં દફતરો ઉપર લેવા અને એઓની યાદગારી કાયમ રાખવા ઘટતાં પગલાં ભરવા સારૂં જરથોશતી અંજુમનની એક જાહેર સભા બોલાવવા માટે એક રેકવીઝીશન પારસી પંચાયતનાં ધરમ ફંડો તથા મીલકતોના ટ્રસ્ટીઓ ઉપર મોકલવામાં આવ્યું હતું, તેની રૂએ માનવંત ટ્રસ્ટી સાહેબોએ બોલાવેલી જાહેર સભા રવીવાર તા૦ ૧૨ મી મારચે સાંજે પાંચ વાગે નામદાર સર જમશેદજી જીજીભાઇના પ્રમુખપણા હેઠળ ગીરગામ આલબલેસ બાગમાં મળી હતી. આલબલેસ બાગનો દરયા તરફનો હોલ જરથોશતીઓથી ભરાઇ ગયો હતો, બાનુઓ તેમજ સભામાં ખાનદાની જરથોશતીઓ, દસ્તુરો, બેરીસ્ટરો,

સોલીસીટરો, વકીલો, ડાકટરો, ઈન્જીનેરો, વેપારીઓ વગેરેની હાજરી હતી. સર જમશેદજીના આવી પુગતાં તેમને સભા તરફથી સારો આવકાર મળ્યો હતો. તેવોજ આવકાર સર દીનશાહ કાસ્ત્રને પણ આપવામાં આવ્યો હતો.

સભાનું કામ શરૂ કરતાં પંચાયતના સેક્રેટરી શમસુલ્ઉલમાં ડાο જીવનજી જમશેદજી મોદીએ સભા બોલાવવાની જાહેર ખબર વાંચી સંભળાવી હતી. સભાનાં કામ તરફ દીલસોજી દેખાડનારા સંદેશાઓ વાંચવામાં આવ્યા હતા તેમાં ઉદવાડાથી દસતુર ખરશેદજી મનચેરજી અને શેઠ રૂશતમજી બેરામજી જીજીભાઇએ તેમજ બ. દી. પીટીટ પારસી જનરલ હાસપીટાલમાં રહેલા દરદીઓ તરફથી મોકલવામાં આવ્યા હતા.

પ્રમુખ સર જમશેદજી જીજીભાઇ બારોનેટનું ભાષણ.

સર જમશેદજી જીજીભાઇએ નીચે મુજબ ભાષણ કરયું હતું:—મરહુમ ભલા નરનાં માનમાં આપણે ભેગા મળયા છીએ એવણનાં કામ માટે સીફારસના ઘણા શબ્દો બોલવાની જરૂર નથી. મરહુમ શેઠ બમનજી દી. પીટીટ બે પેઢીથી આપણી કોમનાં ભલાં કાજેની કાળજીનો વારસો લઈ જનમયા હતા. એવણના બપાવા મરહુમ શેઠ માણેકજી નશરવાનજી પીટીટે આપણી કોમનાં ભલાંનાં સરવ કામોમાં ભાગ લઈ પીટીટ ખાનદાનની કીરતીનો પાયો નાખ્યો હતો. ત્યાર પછી તેવણના બંને બેટાઓ સર દીનશાહ અને શેઠ નશરવાનજીએ પોતાના પીતાની એ કીરતી આગળ વધારી. સર દીનશાહજીએ પોતાના પીતા માફક પારસી પંચાયતના ત્રસ્ટી બની પોતાની કોમની લાંબો વખત સેવા બજાવી હતી અને પોતાની સખાવતથી કોમની નામનામાં વધારો કીધો હતો. આ બાપબપાવા તરફથી કોમની સેવા બજાવવાનો તેમજ મોટાં દીલની સખાવત કરવાનો સદગુણ વારસામાં મેળવી, શેઠ બમનજી આપણી કોમને ઘણા ઉપયોગી નીવડયા છે. પોતાના પીતાનાં મરણ બાદ પારસી પંચાયતના ત્રસ્ટી નેમાઇ એવણે આપણી કોમની ઘણીક સેવાઓ બજાવી છે. પારસી પંચાયતનાં ખાતાંઓમાં એવણ સાહેબની આશરે રૂ૬॥ લાખની સખાવત નોંધાઇ છે. આ સખાવતોમાં ધી બમનજી દીનશાહ પીટીટ પારસી જનરલ હાસ્પીટલ માટેની એવણની પાદશાહી સખાવત આપણું ખાસ ધયાન બે સબબે ખેંચે છે. એક તો તે માટેના પાંચ લાખ પચાસ હજારની પાદશાહી સખાવત માટે અને બીજો સબબ આ કે આ હાસ્પીટલ આપણી કોમ માટે બરપા કરી એવણ પોતાના સખી વજુદ પીતાની મોરાદ જાણે બર લાવયા છે.

શેઠ બમનજીની સખાવત પેલી કહેવત પરમાણે સખાવત ઘરથી શરૂ થાય છે, તેમ પોતાને ઘરેથી, પોતાની કોમથી, શરૂ થઈ હતી પણ તે તેમજ અટકી રહી નહી હતી. તે ઘરથી ઘર બાહેર, કોમથી કોમ બાહેર પણ ફેલાઇ હતી. શેહર યા દેશની સારવજનીક સખાવતની હીલચાલોમાં એવણ હમેશા પોતાનો હીસ્સો આપવાને ખુશી થતા હતા. એવી સારવજનીક સખાવતોમાં એવણની સ્કુલ ફોર ટ્રોપીકલ મેડીશીન માટે અપાયલી રૂપ્યા એક લાખની સખાવત ઘણી અગતની છે. આવા પ્રકારની જાહેર સખાવતો ઉપરાંત એવણને હાથે ઘણીક ખાનગી સખાવતો થઇ છે. વળી એવણને બારણેથી ઘણાં દુખાયારાંઓ રાહત મેળવી પાછાં ફરતાં હતાં.

એવણે પોતાના સરવ ભલા ગુણો પોતાના મરહુમ પીતાના વખતથીજ, ખુદ પોતાની જવાનીથી દેખાડવા માંડયા હતા. તેમજ જાહેર પ્રજા સેવા એવણ બજાવતા આવયા હતા અને એવણની હયાતીમાંજ આપણા ઇલાકાની લેજીસલેટીવ કાઉનસીલમાં એવી સેવા બજાવવા માટે નેમાયા હતા. આપણાં શેહેર અને દેશના ઉદયોગના સુધારા વધારામાં એવનનો જવાન વયથીજ આગેવાન ભાગ હતો. એવણ સાહેબ ઘણા સદગુણી હતા અને હમેશાં ઉદયોગી નમાના અને મીલનસાર રહેતા હતા. એવા એક ઉદયોગી, ઉપયોગી, ભલા, સદગુણી પુરૂષનાં મરણથી, આપણી કોમ પ્રમાણમાં જાણે ગરીબ બની છે. એવણ જેવા પુરૂષોનું મરણ કોમ માટે એક સામાન્ય ખોટ સમાન છે. એવણનાં

ભલાં કોમોની કદરશનાસી કરવી અને આપણું એહસાન જાહેર કરવું એ આપણી ફરજ છે. આજનું આપણું કામ એવણનાં શેઃકજનક મરણ માટે આપણી દલગીરી નોંધવાનું છે, એટલુંજ નહીં પણ એવણની યાદ કોઇ પ્રકારે આપણા તરફથી જળવાય તે કાજે પગલાં લેવાનું છે. આપણી કોમ એ હીલચાલને મજબુત ટેકો આપી એક સારી રકમ એકઠી કરશે. હું દસ્તુરજી દારાબજી પેશોતનજી સંજાણાને પેહેલી દરખાસ્ત રજુ કરવાને એલતેમાસ કરૂં છું.

મરહુમને માટે દલગીરી જાહેર કરવાનો રજુ થયલો પેહેલો ઠરાવ.

સમસુલ ઓલમાં દસ્તુર દારાબ પેશોતન સંજાનાએ પેહેલો ઠરાવ રજુ કીધો હતોઃ—

"મરહુમ શેઠ બમનજી દીનશા પીટીટ જેવણ રોજ ૭ મો માહ ૪ થો શેહેનશાહી માહ ૫ મો કદમી સને ૧૨૮૫ યઝદેજરદી ને વાર શુકર, તા૦ ૧૭ મી દીસેમબર ૧૯૧૫ ને દીને હક થયા છે. એવણનાં દુખદાયક મરણથી આપણી અનજુમનને જે ખોટ ગઇ છે તે માટે આ સભા પોતાની દલગીરી જાહેર કરે છે. પોતાના મરહુમ પીતા સર દીનશાહ માણેકજી પીટીટ પેહેલા બેરોનેટનાં મરણથી ખાલી પડેલી જગાએ એવણ સાહેબ તા૦ ૧૫ મી જુન ૧૯૦૧ ને દીને પારસી પંચાયતના એક ત્રસ્ટી નેમાયા હતા, તે ઓધો પોતાની બીમારીના સબબે એવણે તા૦ ૨૦ મી નવેમબર ૧૯૧૪ ને દીને છોડયો ત્યાં સુધીનાં સાડાતેર વરસના અરસામાં એવણ સાહેબે ત્રસ્ટી તરીકેના પોતાના ઓધાની ફરજ પોતાની કોમનાં માન અને વીશવાશ સાથે સંતોશકારક રીતે બજાવી હતી. એવણ સાહેબે પોતાની કોમને માટે તેમજ બીજી કોમો માટે મોટી સખાવતો કરી પારસી કોમની સખાવત કાજેની નામણા ઘણી વધારી છે. એવણ સાહેબની રૂપયા સાડાતેર લાખની તરેહવાર પ્રકારની સખાવતોમાં પારસીઓ કાજે બરપા કરેલી ધી બમનજી દીનશાહ પીટીટ પારસી જનરલ હાસપીટલ માટેની સખાવત પેહેલી જગા રોકે છે. એ હાસપીટલ બરપા કરવામાં એવણ સાહેબે તન, મન અને ધનથી ઘણો આગેવાન ભાગ લીધો હતો. રૂપયા પાંચ લાખ પચાસ હજારની પાદશાહી સખાવતથી એ હાસપીટલનાં ફંડની શરૂઆત કરી એવણ સાહેબે ખેશકુટુંબ અને પીછાન મંડળ તરફથી તેનું ફંડ વધારવા માટે ઘણી કાળજી દેખાડી હતી. તે ઉપરાંત, હાસપીટલ સ્થાપવા પછી પણ તેના કારોબાર માટે ઘણો કાળજીભરયો ભાગ એવણ લેતા રહયા હતા. એવણ સાહેબની સરવે કોમો કાજેનાં ભલાં માટેની સખાવતોમાં લંડન ખાતેનાં ગરમ દેશોનાં દુખ દરદોના ઈલાજો માટેનાં ખાતાં (સ્કુલ ઓફ ટ્રોપીકલ મેડીસન) નાં ફંડમાં રૂપયા એક લાખની સખાવત અગતની જગા રોકે છે. પારસી કોમનાં ભલાં માટેની સરવે હીલચાલોમાં એવણ સાહેબ આગેવાની ભરયો દીલસોજ ભાગ લેતા રહયા હતા. તે ઉપરાંત શેહેર યા દેશના લોકોની સરવે સારવજનીક હીલચાલોમાં એવણ સાહેબ અગતનો ભાગ લેતા હતા. નમનતાઇ ભરયો, મીઠો, સાલેસ, સ્વભાવ એવણનો ખાસ સદગુણ હતો. એવા એક સાદા, ભલા, ધારમીક વીચારના, નમાના અકાબરનાં મરણ માટે અંજુમનની આ સભા પોતાની દલગીરી જાહેર કરે છે."

પોતાની દરખાસ્તના ટેકામાં દસ્તુર દારાબે જણાવયું કે, સર દીનશાહ પીટીટનાં ખાનદાને પારસી કોમનાં ભલાં માટે સખાવત કીધી છે અને શેઠ બમનજીએ કોઇબી સખાવત કરવામાં બાકી રાખયું નથી. શેઠ બમનજીએ પોતાની કોમને ચાહવા, વધારવામાં હમશરીક થવામાં જે કાળજી દેખાડી છે, તેવીજ કાળજી હવે પછી જરથોશતીઓ દેખાડે. ગરીબો તરફ લાગણી, અથોરનાન તરફ માન દેખાડવું, તે તેમની નમનતાઈ હતાં. એ માનવંત અકાબરે ત્રસ્ટી તરીકે ઘણું સારૂં કામ કીધું છે. વળી દીનને સાચવવાની અને દીનવાળાઓને સુખી કરવાનીજ એવણની નેમ હતી. તેવા નરો ઉપર આફરીન છે અને હું દુવા માગુછું કે તેવાં રવાન બેહેશત અમર રહે.

શેઠ જાહાંગીર જમશેદજી વીમાદલાલે પહેલા ઠરાવને ટેકો આપતાં જણાવયું કે દેશ છોડી અહીં આવી વસયા પછી કોમને આગળ વધારવા જે જે અહસથોએ સેવા બજાવી છે, તેઓને યાદ

કીધા છે અને તેવા એક શેઠયા શેઠ બમનજીને યાદ કરવા આપણે ભેગા મળયા છીયે. કોમના મુરબી તરફ માનભરી ફરજ બજાવવા આપણે ભેગા મળયા છીયે. પીટીટ નામજ કોમના જીગરમાં મોટી જગા રોકે છે. શેઠયો તે હોય છે કે જે કોમ અને મહજબ તથા પુરાતન ક્રીયાઓ તરફ મુસતકીમ રહી જરથોસતી ધરમમાં જનમવા માટે માન અને મગરૂરી લે છે, કોમ ઉપર આફ્રત આવે તો હાથ લાંબા કરી તેનું રક્ષણ કરે છે. પોતાનું તન અને દોલત કહાડી આપે છે. એવા એક કોમ હીતકારી નરને આપણે શેઠયો કહીએ છીએ અને તે શેઠયામાં શેઠ બમનજી એક હતા. આગલા વખતમાં સર જમશેદજી કોમ ઉપર આમંત્રણ મોકલતા તેમાં તેઓ પોતાને સેવક તરીકે ઓળખાવતા હતા. આ નમ્રતા શેઠ બમનજી પોતે પણ ધરાવતા હતા. તેઓ મોટો દરજ્જો ધરાવતા પણ સવારથ ધરાવતા નહી પણ સાચા જરથોસતી તરીકે કોમમાં ફરતા અને તેમને આપણું માન આપતા. શેઠયો તે કે જેના ઘરના દરવાજા ગરીબ માટે ખુલ્લા રહે અને તેને તે પોતાનાં બચાં તરીકે ગણે. શેઠ બમનજી આ સઘળા ગુણ ધરાવતા. શેઠ બમનજી આપણી તરફ ફરજ બજાવી ગયા છે અને તેમના તરફની ફરજ બજાવવા આજે આપણે ભેગા મળયા છીયે. એ પછી ઠરાવ એકમતે પસાર કરવામાં આવ્યો હતો.

મરહુમનાં કુટુંબ ઉપર દીલાસાપત્ર મોકલવાનો અને પંચાયતના દફતરમાં નોંધ લેવાનો થયલો ઠરાવ.

શેઠ હોરમસજી દાદાભાઇ જજે નીચલો બીજો ઠરાવ રજુ કીધો હતો:—

"અનજુમનની આ સભા પોતાના સરનશીન ધી ઓનરેબલ સર જમશેદજી જીજીભાઈ બારોનેટને અરજ કરે છે કે એવણ સાહેબે મેહેરબાની કરી ઘટતા પત્રો સાથે પસાર કરેલા પેહેલા ઠરાવની એકેક નકલ આ સભા તરફથી પારસી પંચાયતનાં ધરમખાતાનાં ફંડ તથા મીલકતોના ટ્રસ્ટી સાહેબો ઉપર અનજુમનનાં દફતરમાં નોંધવા માટે અને મરહુમના વીધવા બાઇ ગુલબાઇ ઉપર તેવણ અને કુટુંબની વાકેફી માટે મોકલી આપવી."

શેઠ હોરમસજીએ જણાવયું કે મરહુમ શેઠ બમનજી હાલના વખતમાં પારસી કોમના શેહેનશાહ હતા. એવણે પોતાની બાદશાહી સખાવતથી, પોતાના નામથી, જેહેમતથી કીરતી મેળવી છે. આપણી કોમના અસલના શેઠયાઓ કોમનું ભલું જોવાને આતુર હતા. આપણી કોમની રાહબરી ફાયદો જોવો એજ ખરો ધરમ છે. મરહુમ શેઠ બમનજી આપણા અસલી વડવાઓની ઢબ ઉપર કામ લેતા હતા. એવણ તે માટે ખાસ ખુબી, દીલશોજ, હોંશ અને અંતકરણ ધરાવતા હતા.

દરખાસ્તને શેઠ કેકોબાદ કાવસજી દીનશાહ એડનવાળાએ ટેકો આપતાં કહયું કે પરમુખે જણાવ્યું તેમ સખાવત ઘરથી શરૂ થવી જોઇયે. એજ ધોરણે પીટીટ કુટુંબે સખાવત કરી છે અને તેવીજ સખાવત હંમેશાં આપણી કોમવાળા કરયા જશે એવી આપણે આશા રાખીશું. એ પછી દરખાસ્ત એકમતે પસાર થઈ હતી.

મરહુમની યાદગારી રાખવાનો થયલો ઠરાવ.

ડાકટર સર ટેમુલજી બીખાજી નરીમાને નીચલો ત્રીજો ઠરાવ રજુ કીધો હતો:—

"અનજુમનની આ સભા ઠરાવ કરે છે કે મરહુમ શેઠ બમનજી દીનશાહ પીટીટની યાદગારી આપણા વચે જાળવી રાખવા કાજે યાદગારીનું એક ફંડ ઉભું કરવું. તેમ કરવા કાજે અને તે ફંડ માટે સરવે કારસાજી અને વયવસ્થા કરવા કાજે આ સભા એક કમીટી પોતાની સંખ્યામાં વધારો કરવાની સતા સાથે નેમે છે."

દરખાસ્તના ટેકામાં બોલતાં ડાકટર સર તેમુલજીએ કહયું કે મરહુમના સદગુણો, તેમની સાલેસાઈ અને સખાવત વીશે ઘણું બોલાયું છે. હું મરહુમના સમાગમમાં ઘણીવાર આવયો છું, અને ઘણીવાર સખાવત માટે સારી રકમ મેળવવા ફતેહ પામ્યો હતો. મારી મારફતે લંડન ખાતે

સોપીકલ સ્કુલ માટે એક લાખ રૂપયા આપયા હતા. એવણે સાડાપાંચ લાખ રૂપયાની રકમ પારસી હાસપીટલ માટે કહાડી આપી હતી જે એમની યાદગારી કાયમ રાખવા માટે પુરતી છે. ડાકટર સોરાબ નરીમાને દરખાસ્તને ટેકો આપયા બાદ તે પસાર થઇ હતી.

શેઠ ફરામજી બમનજી જીજીભાઇએ પંચાયતના ત્રસ્ટીઓએ જરથોશતી અંજુમનની સભા બોલાવવા માટે તેમનો ઉપકાર માનવાની દરખાસ્ત કીધી હતી, જેને શેઠ ખરશેદજી ધનજીભાઇ શરાફે ટેકો આપયા બાદ તે પસાર થઇ હતી.

અનજુમનની સભા ભરવા માટે આલબલેસ ખાનદાને આલબલેસ બાગ વાપરવાની રજા આપી તે માટે તેમનો ઉપકાર માનવાની દરખાસ્ત પસાર કરવામાં આવી હતી.

સેવટે સરનશીનનો ઉપકાર માનતાં ડાકટર કાવસજી એદલજી દાદાચાનજીએ કહયું કે સર જમશેદજીનાં ખાનદાને પારસી કોમને જાણીતી કીધી છે. હાલના સરનશીન પોતાના મુરબીઓને પગલે ચાલનારા છે. પંચાયતનાં કામના વહીવટ પર'થી માલમ પડેચ કે તેઓ સઘળા એકજ હોય તેમ કામ કરે છે અને હું આશા રાખું છું કે ભવીશમાં કોમને જયારે કામ પડે ત્યારે એ એખલાસ તેઓ જાળવી રાખશે. આ દરખાસ્ત પસાર કરયા પછી નામદાર સર જમશેદજીએ પોતાને આપવામાં આવેલા માન માટે વળતો ઉપકાર માનયો હતો. જે પછી સભા બરખાસત કરી હતી.

બાઇ ગુલબાઇ બમનજી પીટીટ ઉપર મોકલવામાં આવેલો અંજુમનની સભાએ પસાર કરેલો ઠરાવ અને તેનો બાઇ ગુલબાઇએ લખેલો જવાબ.

મરહુમ શેઠ બમનજી દીનશાહ પીટીટનાં મરણ માટે મળેલી અંજુમનની સભામાં થયલા ઠરાવની નકલ મોકલતાં સભાના સરનશીન નામદાર સર જમશેદજી જીજીભાઇ બારોનેટે બાઇ સાહેબ ગુલબાઇ બમનજી પીટીટ ઉપર પત્ર લખ્યો હતો, અને તેનો બાઇ ગુલબાઇજીએ જવાબ મોકલાવ્યો હતો, જે નીચે મુજબ છેઃ—

મજગામ કાસલ, મુંબઇ, તા૦ ૧૫ મી મારચ ૧૯૧૬.

બાઇ ગુલબાઇ બમનજી પીટીટ જોગ,

શાટો પીટીટ, વારડન રોડ, મુંબઇ.

બાઇ,

આપના ખાવીંદ મરહુમ શેઠ બમનજી દીનશાહ પીટીટનાં શોકજનક મરણ માટે આપણી અંજુમનની એક સભા રોજ ૩ જો, માહ ૭ મો શેહેનશાહી સને ૧૨૮૫ યઝદેજરદી ને રવીવાર, તા૦ ૧૨ મી મારચ ૧૯૧૬ ને દીને "આલબલેસ બાગ" માં મળી હતી, તે સભામાં મરનારનાં મરણ માટે અંજુમને પોતાની દલગીરી દેખાડવા કાજે જે ઠરાવ પસાર કરયો હતો તે ઠરાવની એક નકલ આપ અને કુટુંબની વાકેફી માટે અંજુમનની સભાના એક ઠરાવની રૂએ મોકલું છુંજી. એ ઠરાવ ઉપરથી આપ જોશોજી કે એવણ સાહેબનાં મરણથી આપણી અંજુમનને મોટી ખોટ ગઇ છે અને તે માટે તે ઘણી દલગીર છેજી. અંજુમનની દલગીરીમાં મારી દીલસોજી જાહેર કરી રહું છુંજી.

લી૦ સેવક, (સહી) જમશેદજી જીજીભાઇ,

તે રવીવાર, તા૦ ૧૨–૩–૧૬ ને દીને મળેલા અંજુમનની સભાના સરનશીન.

શાટો પીટીટ, વારડન રોડ, મુંબઇ, તા૦ ૧૭ મી મારચ.

સર જમશેદજી જીજીભાઇ બારોનેટ,

તે રવીવાર તા૦ ૧૨–૩–૧૬ ને દીને મળેલી અંજુમનની સભાના સરનશીન, મુંબઇ.

શેઠ,

મારા નેક ને વહાલા ધણી બમનજીનાં દુઃખદાયક મરણનાં સંબંધમાં દલગીરી જાહેર કરવા

આર પારસી અંજુમનની એક સભા તા૦ ૧૨ મી મારચને દીને તમારા સરનશીનપણાં હેઠળ આલ-બલેસ બાગમાં મળી હતી, તે સભામાં પસાર થયલા ઠરાવની એક નકલ તમારા તા૦ ૧૫ મીનાં કાગળ સાથે મને મળી છે, જે માટે તમારો મોટો ઉપકાર માનું છુંજી.

મારા મરહુમ વહાલા ધણી બાબે એ સભામાં જે જે ઇસારાઓ થવા પામયા છે તેની મારી ઉપર ઘણી ઉમદા અસર થઇ છે અને અંજુમનને મરહુમનાં મરણથી જે ખોટ ગઈ છે તેના સંબંધમાં બતાવેલી દલગીરી માટે હું અંજુમનની મોટી એહસાનમંદ થઈ છું, તેમજ મારા દુઃખમાં તમારી દીલસોજી માટે હું તમારો ખરા અંતઃકરણથી આભાર માનું છુંજી.

લા૦ દુવાગીર બેન, (સહી) **ગુલબાઇ બમનજી પીટીટ.**

શેઠ બમનજી દીનશાહજી પીટીટે કોલાબા કોટન એકસચેંજની સથાપનામાં પોતાના માનવંતા પીતાજી સાથ ઘણો આગેવાન ભાગ લેતા હતા અને જેઓએ ઘણાં વરસ સુધી એકસ-ચેનજના ચેરમેનનો માનવંત ઓધો ભોગવયો હતો, તેમના નીપજેલા અકાળ મરણ માટે દલગીરી જાહેર કરવા કોલાબા ખાતેના રૂના વેપારીઓ, મુકાદમો અને દલાલો કોલાબા કોટન એકસચેનજ રૂમમાં મરહુમના મરણને દીવસે તા૦ ૧૭ મી દીસેમબરે સાંજે એકસચેનજના વાઇસ ચેરમેન શેઠ પરશોતમદાશ ઠાકોરદાસના પ્રમુખપણા હેઠળ ભેગા મલ્યા હતા. તે વખતે પ્રમુખે લાગણીભરયા શબ્દોમાં મરહુમ ગ્રહસથના ઉમદા ગુણો માટે વીવેચન કરયા બાદ મરહુમના વીધવા તથા કુટુંબ ઉપર એક દીલાસાપત્ર મોકલવાનો ઠરાવ થયો હતો.

કોટન એકસચેનજના ડાયરેકટરોની મલેલી એક ખાસ સભામાં પણ એક ઠરાવ પસાર કરી મરહુમ ગ્રહસથના માનમાં એકસચેનજ રૂમ બંધ રાખવામાં આવ્યો હતો.

શેઠ બમનજીના અકાળ મરણ માટે જરથોશતી કોમના લાભ સાચવનારી મંડળીની મેનેજીંગ કમીટીની મંગળવાર તા૦ ૨૧ મી દીસેમબર ૧૯૧૫ ને દીને મલેલી સભામાં તેમજ અથોરનાન મંડળની કારોબાર કમીટીની તા૦ ૧૫ મી મારચ ૧૯૧૬ ને દીવસે મલેલી સભામાં મરહુમના વીધવા બાઇજી ગુલબાઈ તથા કુટંબ ઉપર દીલાસાપત્રો મોકલવાના ઠરાવ થયા હતા.

શેઠ બમનજીના વીધવા બાઈ સાહેબ ગુલબાઇ તેમજ બેટાઓ શેઠો જાહાંગીર, ધનજીભાઇ અને ફીરોઝશાહ તથા કુટુંબ ઉપર સંખ્યાબંધ તારના સંદેશા તેમજ દીલાસાપત્રો મુંબઇ, યુરોપ અને હીંદનાં જુદા જુદા દેશાવરો ખાતેથી આવ્યા હતા, જેમાં નામદાર ગવરનર લોર્ડ વીલીંગડન અને એવણના બાનુ, મીરજના ચીફ, નામદાર ગવરનરની કાઉનસીલના સભાસદો, સેંટ ઝવીયરસ કોલેજ, બોમબે મેડીકલ યુનીયન, સર દી. એમ. પીટીટ જીમનેસીયમ, બોમબે મીલ ઓનરસ એસોસીએશન, જાનવરો ઉપર ઘાટકીપણું ગુજારનારી મંડલી, સાકરબાઈ દી. પીટીટ જાનવરોની હાસપીટલ, જરથોસ્તી બાગ્બંધોની મંડલી, ગાયન ઉત્તેજન મંડળી. બીલીમોરા, ઉડવાડા, માંડવી, રાજકોટ, નાગપેર તથા કામતી, ઇનડોર, ભરૂચ નાટાલ વગેરે શેહેરોની જરથોસ્તી અંજુમન, બીલીમોરા જાહાંગીર બ. પીટીટ નેટીવ જનરલ લાયબરેરી, મહાબલેસ્વરની બી. ડી. પીટીટ નેટીવ જનરલ લાયબરેરી, પારસી એસોસીએશન ઓફ યુરોપ. એ ઉપરાંત જાહેર મંડળો તથા બીજા આગેવાન યુરોપીઅનો તેમજ હીંદી ગ્રહસ્થો તરફના હતા.

શેઠ હોરમજી મનચેરજી કામા,

મુંબઈના સખાવતી શેઠયા અને મોટા મીલકતદાર.

ઉમર વરસ ૬૪.



જનમ—રોજ ૨૩ મો માહ ૧ લો શેહેનશાહી. માહ ૨ જો કદમી સને ૧૨૨૧ યઝદેજરદી,

તારીખ ૧૯ મી અકટોબર સને ૧૮૫૧ ઈસ્વી,

સંવત ૧૯૦૭ ના આસો વદ ૯ ને વાર રવેઉ.

મરણ—રોજ ૨૫ મો માહ ૬ ઠો શેહેનશાહી, માહ ૭ મો કદમી સને ૧૨૮૫ યઝદેજરદી,

તારીખ ૪ થી મારચ સને ૧૯૧૬ ઈસ્વી,

સંવત ૧૯૭૨ ના માહ વદ ૩૦ ને વાર સની.

શેઠ હોરમજી મનચેરજી કામાનું ખેદભર્યું મરણ અને તેમની જીંદગીનો હેવાલ.

ગુજરસ્તે સાલમાં જરથોસ્તી કોમમાં જે મહા પુરૂષોનાં મરણ થયાં તેઓમાં એક સખી વજુદ શેઠયા શેઠ હોરમજી મનચેરજી કામાનું પણ છે. એઓ પણ આપણી કોમના એક સખી, ધર્મી, ઉપ્યોગી તથા કોમની દાજ ધરાવનારા શેઠયા થઇ ગયા છે. માતબર તથા સખાવતી ગણાતાં કામા ખાનદાનના એઓ એક નબીરા હતા, અને એ ખાનદાને જે કેટલાક ઝળકતા સેતારા પેદા કીધા તેમનામાં એવણ પણ એક હતા. મરહુમ પોતાની સખાવત વગેરેથી સામાન્ય રીતે સરવે શેહરીઓને તથા ખાશ રીતે પોતાની કોમને ઘણા ઉપયોગી થઈ પડયા હતા, તેથીજ એઓ જાહેરમાં સારી પ્રસીધી પામ્યા હતા. એઓ જાતે એકમાર્ગી, તથા થોડું બોલનારા અને જાહેર માનપાનના શોખથી તદન મુકત હતા. થોડું બોલવું ને ઘણું બજાવવું એ નિયમ એમની ઉપયોગી જીંદગીમાં દીપી નીકલે છે. મરહુમ શેઠ મનચેરજી ફરામજી કામાના બે સપુતોમાંનાં એવણ એક અને નાધલા હતા, જ્યારે એવણના વડા ભાઈ શેઠ મેરવાનજી ખોદાની મેહરબાનીથી હજુ હઈયાત છે અને તેઓમાં જાહેર જુસ્સો અને જાહેર ચર્ચા તથા કાર્યમાં ભાગ લેવાની ઉલટ ઘણી છે. આ બંને કામા ભાઇઓ વચે જીંદગી પરયંત એક અજબ જેવી એકસંપી આ જમાનામાં ચાલુ રેહી હતી. આ બંને ભાઇઓ એકદીલી તથા લગભગ એકમતીથી રહી શકયા હતા, એટલુંજ નહી, પણ વેપાર વહેવારમાં, કામકાજમાં તથા ધરમદાન વગેરેમાં પણ એવો સાહેબો સાથેના સાથેજ વરતતા હતા. એટલે એમ કહી શકાય કે જે કારકીરદી એક ભાઇની તેજ કારકીરદી પણ બીજા ભાઇની અને એઓ તરફથી સંખ્યાબંધ સખાવતના કામો થયાં છે, તે લગભગ સઘલાં બંને ભાઇઓનાં મીશ્ર નામેજ. આ એક અજબ દાખલો છે, જે વખાણવા લાયક તથા ખચીતજ નકલ કરવા જોગ છે. મરહુમ શેઠ હોરમજીની એક વિશેષ ખુબી આ હતી કે, એઓ જાતે અસલી વિચારના, ધરમચુસ્ત, પરહેજગાર તથા કીયા ભણતરોમાં માનનારા હતા. એવણ ગોયા અસલી ધરમચુસ્ત શેઠયાઓના એક નમુના સમાન હતા. તોપણ મરહુમ ઘણા વીવેકી, તથા દુરઅંદેશ હતા અને વાજબી, સંગીન તથા ફાયદેમંદ સુધારાને ચાહનારા ગ્રહસ્થ હતા. ટુકમાં, મરહુમ શેઠ હોરમજી કામા, ખરેખર એક પારસી “ શેઠયા ” થઈ ગયા છે, અને એ ટાઇપના શેઠયાઓમાં કદાચ હવે થોડા હશે તેથી તેમના મરણમાં જરથોસ્તી કોમે પોતાનો એક એવો નમુનેદાર શેઠયો ખોહયો છે કે જેની જગા પુરાવી હવે મુંશકેલ લાગે છે. તેની સાબેતી, હેઠળ પ્રગટ કીધેલાં એમની જીંદગી તથા કારકીરદીના હેવાલમાં જોઈ શકાશે.

શેઠ હોરમજીનું કુટુંબ.

મરહુમ શેઠ હોરમસજીનું કુટુંબ અસલ શેઠ કામાજી કુંવરજીના નામથી શરૂ થાય છે. કામાજી સુરતની પશચીમે પેલેપાર આવેલા ટેણા ગામના રહેવાસી હતા. તેવણ આજ ૧૮૧ વરસ ઉપર વાડીયા ખાનદાનના વડા શેઠ લવજી સાથે પોતાના ખાનગી કારણે વતન છોડી મુંબઇ આવ્યા હતા અને મુંબઈમાં સરકારી તીજોરી ખાતાંમાં નોકરીએ રહયા હતા. શેઠ કામાજીને બે દીકરાઓ શેઠો એદલજી અને મનચેરજી કરીને હતા. શેઠ મનચેરજી ચીન સાથ મોટા પાયા ઉપર વેપાર ચલાવતા અને એવણને બી ત્રણ દીકરાઓ શેઠો ફરામજી, હોરમજી તથા નશરવાનજી કરીને હતા. શેઠ ફરામજી મનચેરજી કામા તા૦ ૧૪ મી જુન ૧૮૨૩ ને દીને ૪૩ વરસની વયે ગુજરયા હતા. એવણે સને ૧૮૦૦ ના સાલની આગમજ ચીન ખાતે બગ્રેવાર સફર કરી મુંબઇ આવી ચીનના વેપાર તથા આડતનું કામ બોહળા પાયા ઉપર ચલાવવા માંડયું હતું. શેઠ ફરામજીના પ્રણ માટે

એવણુના બેટા શેઠ મનચેરજીએ તે મરહુમ શેઠ હોરમસજીના બાવાએ મુંબઇની પારસી પંચાયતને દોખમાની જમીનની લગોલગ ૮૩૫૯ વાર જમીનનો ટુકડો તથા ૨૩૦૦૦ ની સરકારી લોન ૧૮૮૪ ના સાલમાં આપી હતી.

શેઠ ફરામજીને ચાર દીકરાઓ, શેઠો મંચેરજી, પેસ્તનજી, બમનજી તથા ડોસાભાઈ કરીને હતા. તેઓ મધેના વડા શેઠ મંચેરજીના બે દીકરાઓ શેઠો મહેરવાનજી તથા હાલ ગુજરનાર શેઠ હોરમજજી હતા.

શેઠ મનચેરજી ફરામજી કામાજી પોતાના સાદાપણુ, કરકસર નીયમીતપણાને માટે એટલા જાણીતા હતા કે તેવણુને "મનચેરજી ભાટયા" ને નામે તેમના જમાનામાં લોકો ઓળખતા અને તેમના જેવાજ ગુણો તેમના બેટાઓ શેઠ મહેરવાનજી તથા મરહુમ શેઠ હોરમસજીમાં હતા.

શેઠ મનચેરજીએ ૧૮૩૨ નાં સાલમાં "મનચેરજી ફરામજી કામાને" નામે વેપારી પેહડી સ્થાપી હતી. એવણે ૧૮૯૨નાં સાલમા પોતાનાં બાવાની યાદમાં ફરાંમજી મનચેરજી કામાંના ધરમખાતાના નામથી એક પકકુ ત્રસટ કરી પોતાની બે કીમતી જમીન જેવું ફરજનદારીનું વારશીક ભાડું ૨૬૯૦૦ ઉપજતું હતું અને હાલબી ઉપજે છે તે ત્રસટીઓને સ્વાધીન કીધી હતી. તેનાં ત્રસ્ટીઓ તરીકે શેઠ મનચેરજી પોતે, શેઠો રૂસતમજી પેસતનજી કામાં તથા મરહુમ શેઠ હોરમજી બેહરાંમજી કામાં ઉપરાંત તેવોનાં બેતાઓ શેઠ મેરવાનજી તથા મરહુમ શેઠ હોરમજી પણ હતા. એ ફંડનો વહીવત મુખીય કરીને એ બે ભાઇઓ કરતા હતા. આ ફરામજી મનચેરજી કામાના ધરમાદા ખાતાનાં ફંડમાંથી સરવ જ્ઞાતના ગરીબોને મદદ કરવા, ધરમના મકાનોને આશરો આપવા તથા ગરીબના નાવારેસ જરથોસ્તીઓને નવજોત, લગન અને મરણ વખતે મદદ કરવાનું ફરમાવયું હતું. એ ફંડની નેમ કોઇબી જરથોસ્તી જમાનાની ગીરદેશીથી દબાણમાં આવી ગયો હોય તેને નાણાંની તથા બીજી હર કોઇ મદદ આપવાની વીગેરે છે, પણ તેની મુખય ખુબી એ છે કે તેનો હીસાબ જે ઓછામાં ઓછા પાંચ વરસે તુલોતવીલ છાપવાને ફરમાવયું છે તેમાં મદદ લેનારાઓના નામ આપવા નહી એવી ફરમાશ કીધી છે.

કામા બીરાડરો શેઠ મેરવાનજી તથા મરહુમ શેઠ હોરમજીએ કરેલો વેપાર.

સખીવજીદ શેઠયા શેઠ મેરવાનજી તથા એવણુના સખી ભાઈ મરહુમ શેઠ હોરમજી મનચેરજી કામા, એ બંને બીરાદરો વચેનો સંપ ઘણોજ વખાણવા જોગ હતો. એઓ બંને ભાઇઓ સાથેજ ધંધો રોજગાર કરતા હતા અને એકમેકના મતને ટેકો આપતા તેમજ દરેક કામમાં બંને બીરાદરો હમશરીક હતા. એઓ સાહેબો શરાફી ધંધાનું કામ કરતા હતા. એ બંને ભાઇઓને પોતાના પીતાની મોટી મીલકતોનો વારસો મળ્યો હતો જે પોતાના કરકસરીયા કારભારથી તેમાં ઘણો સારો વધારો થયો છે. આ કામા બીરાડરો શેઠો મેરવાનજી તથા હોરમજીએ વેપાર ઉધ્યોગને ઉતેજન આપવા ખાતર ઘણાક દેશોઉપ્યોગી સાહાશો માટે મદદ તરીકે હજારો રૂપ્યાની રકમ ધીરી તેઓને હાર પાડયા હતા. એવો સાહેબો જેને ।। નાણા ધીરતા હતા, તેઓને બનતા સુધી નાણા પાછા વસુલ કરવા માટે કદીબી દુખ દેતા હતા નહી જે એવોના સખી દીલગુરદાની સાબેતી પુરી પાડે છે. મુંબઇની નજદીક કુરલા ભણી પવાઈ બાજુ તરફ અગાવ (agave) ફાઇબરની ખેતીની અજમાયશ કરવા અને આપણી તરફ એ રેશાનો ઉપયોગ થાય તે માટે તેને ઉતેજન આપવા સારૂં એક યુરોપીયનને ઘણી મોટી રકમ એક દાહેકાની વાત ઉપર ધીરી હતી. એ સાહાસમાં તે ઘણી ફતેહમંદ નહી થવાથી કામા બીરાડરોએ પોતે કીફાયત સરતોએ આપેલી રકમનો મોટો ભાગ ખોહવો પડયો હતો. એજ મુજબ મેસરસ ગોદરેજ એંડ બોઇસ એમની ઉદાર મદદના ટેકાથી આજની ફતેહની ટોચે એક નવા સાહાશને લાવી શકયા હતા.

કામા બીરાદરોએ કરેલી બોહોલી સખાવત.

આ બંને ભાઇઓ શેઠ મેરવાનજી તથા મરહુમ શેઠ હોરમજીએ મુંબઈ તેમજ હીંદના જુદા જુદા દેશાવરો ખાતેનાં સંખ્યાબંધ ધરમખાતાંઓમાં અને સખાવતી ફંડોમાં સેંકડો બલકે હજારો રૂપીઆની રકમ કાઢી આપી છે. એ દરેક રકમ બંને ભાઇઓના ભેગા નામેજ આપવામાં આવી છે તેથી જેબી નાણા સખાવતમાં આપ્યા હતા તે બંને ભાઇઓની સામટી સખાવત કહી શકાય. દરેકની જુદી વીગત આપવી અશકય છે કેમકે એવો શેઠની સખાવતના ઝરાનો લાભ સેંકડો ખાતાંઓને મલ્યો છે પણ તેમાની મુખ્ય જાહેરમા આવેલી સખાવતોની વીગત હેઠળ આપવામાં આવી છે. એવો સાહેબો દર વરસે નાંધલી મોટી રકમો મલી હજારો રૂપ્યા જાહેર ધરમખાતાંઓમાં ચાલુ આપયા જાય છે એ ઘણુ સ્તુતીપાત્ર કહેવાય. એ ઉપરાંત એઓ સાહેબોની ખાનગી સખાવતનો લાભ સંકડો આશામીઓને મલ્યો છે જેનો આંકડો બી હજારો રૂપયાનો થવા જાય છે.

૧૮૯૬ ના સાલની આખેરીએ મુંબઈ ખાતે ગાંઠયા મરકીએ પગપેસારો કીધો તે વેળા મરહુમ ડા૦ કેખશરો ન. બહાદુરજીની માંગણી ઉપરથી પારસીઓએ પહેલી હાસ્પીટલ જે વીકટોરીયા ગારડનસની સામેના કુશાદે બંગલામાં ઉઘાડી હતી તે શેઠ મહેરવાનજી તથા મરહુમ શેઠ હોરમસજી કામાની માલેકીનો હતો. પહેલાં થોડાક મહીના એ બંગલો પંચાયતે ભાડે રાખયા પછી મજકુર કામા બીરાદરોએ તેનો મુફત ઉપયોગ કરવા પોતાની કોમને આપયો હતો. એજ મીસાલ બીજે વરસ ૧૮૯૭ ના સાલમાં મુંબઇની પારસી પંચાયતના ફંડના ત્રસ્ટી સાહેબોએ પરેલ મધેની પારસી હોસપીટલ તા૦ ૧૭ મી ડીસેમ્બર ૧૮૯૭ થી ચાલુ કીધી અને તે માટે શેઠો મહેરવાનજી તથા હોરમસજી મનચેરજી કામાજીએ પોતાનો પરેલનો કુશાદે બગલો મુફત વાપરવા આપયો હતો. એ રીતે શેઠો મહેરવાનજી અને હોરમશજીએ પોતાનો પરેલનો મોટો બંગલો પારસી ફીવર હાસ્પીટલ માટે મરકી વેળા જ્યાં સુધી તે બંગલો સરકારે લીધો ત્યાં સુધી એટલે કુલ્લે ૭ વરસ અને ૯ મહીના સુધી મહેરબાની કરી મુફત વાપરવા આપી પારસી કોમ ઉપર મોટો આભાર કરવા વીશેની નોંધ તેના રીપોરટમાં પંચાયતના ત્રસ્ટીઓ તરફથી લેવામાં આવી છે. શરૂઆતમાં થોડાજ મહીના એ બંગલાનું ભાડું રૂ૨૭૫ આપવામાં આવયું હતું તે મુજબ ગણતાં એ બંને સાહેબોએ એ ભલાં કામમાં રૂ૨૫૫૭૫ ની બક્ષેશ કરેલી ગણાય અને તે ઉગાલા ઉપરાંત વધુ એ હતું કે એ કુશાદે અને ખુલ્લાં મકાનથી હાસ્પીટલનાં કામમાં અતી સગવડ કરી હતી.

શેઠો મેરવાનજી તથા હોરમજીએ પોતાના બેહેસતનશીન બાવા શેઠ મનચેરજીના પુણ માટે મુંબઈની પારસી પંચાયતને ૧૯૦૫ ના સાલમાં રૂ૫૦૦૦ રોકડા અને યઝદેજરદી શને ૧૨૭૭ યાને સને ૧૯૦૬–૦૭ ના સાલમાં ઝોરાસ્ત્રીયન બીલડીંગ સોસાયટીના દર રૂ૧૦૦ ની કીંમતના રૂ૨૦૦૦૦ ના ૨૦૦ શેરો મુંબઈની પારસી પંચાયતને આપયા હતા કે એની વારસીક આવક ધી બમનજી દીનશાહ પીટીટ પારસી જનરલ હાસપીટલના ફંડમાં દર વરસ આપયા જવી.

આ બંને કામા બીરાદરોએ અરધા લાખ રૂપયાની નાદર રકમ ગરીબ જરથોસ્તીઓને માટે સસતાં ભાડાનાં મકાન બાંધવા માટે ગરીબ જરથોસ્તીઓના રહેઠાણોનાં ફંડની કારોબાર મંડળીને ૧૮૯૫ ના સાલમાં કદમી મુકતાદ ટાંકણે આપી હતી; એમાંથી એ મંડળી હસ્તક મરહુમ શેઠ મનચેરજી ફરામજી કામા તથા તેવણના વીધવા બાઈ આવાંબાઇના નામથી બંધાયલું મકાન તા૦ ૨૭ મી નવેમ્બર ૧૮૯૮ ને દીને જાહેર વપડાસ માટે ખુલ્લું મુકવામાં આવ્યું હતું.

બાઈ શીરીનબાઇ મનચેરજી કામા હસ્તકના વાંદરેના કોનવેલેસંટ હોમમાં વરસો થયાં એક બીછાનાના નીભાવ માટે રૂ૩૬૦ દર સાલ આપવામાં આવે છે. એજ પરમાણે ડા૦ માસીના હાસપીટલને દર સાલ રૂ૫૦૦ અને મરહુમ શેઠ ફરામજી મનચેરજી કામાનાં ધરમખાતાના ફંડમાંથી દર સાલ રૂ૧૦૦ ની મદદ વરસો થયા મલે છે અને એજ હાસપીટલના ચાલુ ખરચમાં ગયે વરસે રૂ૨૫૦ આપ્યા હતા.

નામદાર શહેનશાહ પાંચમાં જયોરજ તથા શહેનશાહબાનુ મેરીની ૧૯૧૧ ની હીંદુસ્તાનની પધરામણી વેળા તેમને આવકાર દેવા માટે મુંબઇમાં ઉભાં કરવામાં આવેલા ફંડમાં રૂ૧૫૦૦, મરહુમ મી૦ જી. કે. ગોખલેના ફંડમાં રૂ૬૦૦, નામદાર સર જમશેદજી જીજીભાઇ પારસી બેનીવોલંટ ઇનસટીટયુશનના ફંડમાં ૧૯૦૯માં રૂ૫૦૦, દખણ હેદરાબાદમાં એજ સાલમાં રેલથી ભયભરેલી ખુહારી થઈ હતી તેના ફંડમાં રૂ૫૦૦,અંકલેસરની દરેમહેરમાં રૂ૫૦૦, ઇરાનના જરથોસ્તીઓની કેળવણીના ફંડમાં રૂ૫૦૦, જરથોસ્તી કોમનાં લાભ સાચવનારી મંડળી હસ્તકના લડાઇ બેકારી ફંડમાં રૂ૫૦૦, નવસારીની શેઠ રતનજી ૫. દાબુવાળી પારસી જેનરલ હારપીટલના ફંડમાં રૂ૩૦૦ એ કામા બીરાડરોએ આપ્યા હતા. એ ઉપરાંત સુરતના પારસી સુવાવડખાનાના ફંડમાં, કલકતાની અંજુમનને લગતા ધરમખાતાના ફંડમાં દોખમાની જમીનને લગતા મુકદમાં સંબંધી ૧૮૭૫ વાળા ફંડમાં, અમદાવાદની રેલના ફંડમાં, લોરડ રીપનની યાદગારીનાં ફંડમાં વીગેરે અનેક ફંડોમા બંને કામા બીરાદરો તરફથી નાણાની નાની મોટી રકમો ભરવામાં આવતી હતી. વળી યઝદેજરદી ૧૨૭૯ માં ભરૂચની કોટ કાંઠા ઉપરની જુની દરેમહેરનો પુસ્તો બીસમાર હાલતમાં આવવાથી તે ફરીથી બાંધી આપવાને મરહુમ શેઠ ફરામજી મંચેરજી કામાજીના સ્થાપેલા આતશબેહરામને લગતા ફંડમાંથી રૂ૫૫૦ આપવામા આવ્યા હતા.

શેઠ હોરમજીની જાહેર કારકીરદીનો હેવાલ.

શેઠ હોરમજીનો જનમ રોજ ૨૩ મો દેપદીન દાદાર માહા ૧ લો ફરોખ ફરવરદીન શેહેનશાહી, માહા ૨ જો અરદીબેહસત અમસાસપંદ કદમી સને ૧૨૨૧ યઝદેજરદી, તા૦ ૧૯ મી અકટોબર સને ૧૮૫૧, હીંદુઓના સંવત ૧૯૦૭ ના આશો વદ ૯ ને વાર રવેઉ ને દીને મુંબઇમાં થયો હતો અને એવણનું અકાળ મરણ મુંબઇમાં પેડર રોડ ઉપર આવેલા એવણના પોતાના બંગલામાં રોજ ૨૫ મો મીનો અરશેશવંગ માહા ૬ ઠો શેહરેવર અમસાસપંદ શેહેનશાહી માહા ૭ મો મહેર યઝદ કદમી સને ૧૨૮૫ યઝદેજરદી, તા૦ ૪ થી મારચ સને ૧૯૧૬, હીંદુઓના સંવત ૧૯૭૨ ના માહા વદ ૩૦ ને વાર શનીને દીને નીપજવાથી મરણ વખતે એવણની વય ૬૪ વરસ ને ૪ મહીના ઉપરની હતી.

શેઠ હોરમજીની શેહાડી ૩૦ વરસની વયે બાઈ જાઇજી તે મુંબઈના જાણીતા શેહેરી શેઠ ફરામજી મનચેરજી પટેલની બેટી સાથે રોજ ૮ મો દેપાદર દાદાર માહા ૯મો આદર યઝદ શેહેનશાહી સને ૧૨૫૧ યઝદેજરદી, તા૦ ૨૪ મી મે સને ૧૮૮૨ ને દીને યાને નામદાર મરહુમ માહારાણી વીકટોરીયાની સાલગ્રહને દીવસે મુંબઇમાં ધામધુમથી થઈ હતી. એઓ સાહેબના હાલ બે બેટાઓ અને ચાર બેટીઓ છે. એવણના બેઉ સાહેબજાદાઓ પોતાના બાવા તથા કાકાજી શેઠ મેરવાનજી સાથેજ ધંધો વેપાર ચલાવે છે.

શેઠ હોરમજી જુના વીચારના અને ઘણા ધરમી તથા પરેહજગાર હતા. એવણ જો કે પઈસે ટકે ભરપુર અને લખેપતી હતા તોપણ એવણમાં જરાએ ગુમાન ન હતું અને ઘણા નમાના, સાદા અને સાલેસાઇ ભરેલા ગ્રહસ્થ હતા. મરહુમ હમેશા ગરીબોની કદર ખાતા હતા અને તેઓને માન આબરૂ આપવાને ચુકતા નહી. વળી એવણ પોતાના વડીલ ભાઈની માફક પોતાની હમકોમના ગરીબો માટે તેમજ સારવજનીક સખાવત કરવા માટે હમેશા તૈયાર રહેતા હતા. એવો શેઠ પારસી કોમને લગતા દરેક સવાલમાં મોટી ઉલટ લેતા અને ઘણાક મંડળોને પોતાની કીમતી સેવાનો સારો લાભ આપી એવો સાહેબ પોતાના પાકટ અનુભવથી ઘણા ઉપયોગી થઇ પડતા હતા.

શેઠ હોરમજી ક્રીકેટની રમત તરફ ઘણો શોખ રાખતા હતા તેથી જયારેબી મુંબઇમાં મોટી મેચો યા બીજી મેચો રમાતી તે જોવામાં ઘણી ઉલટ બતાવતા હતા તે એટલા સુધી કે છેક પુણે વેર જઈ એ વારસીક અંગબળના અખાડા જોવામાં ઘણી મોજ લેતા હતા.

શેઠ હોરમજીએ પોતાના ફરજંદોની સગાઇ પોતાની જીંદગીના છેલ્લા દીવસોપર જાતે કરાવી હતી પણ તેઓની સાજવારી પોતાના ભલા હાથે કરવાને જીવ્યા નથી એ ખરેજ દલગીરી ભરયું છે.

એવણુને સુપરનો બુરો મરજ કેટલોક વખત થયા લાગુ પડયો હતો તેથી મરહુમ શીક ચાલતા હતા અને એજ મરજથી છેલ્લુ અઠવાડયું ધાસ્તી ભરયું બીમારીનું ભોગવી એવણુ બેહેસ્તનશીન થયા હતા. એવણુના મરણુથી આપણી જરથોસ્તી કોમે એક સખી અને દીલશોજ પરગજુ શેઠયો ગુમાવ્યો છે. એવો સાહેબના મરણથી એમના વડીલ ભાઈ શેઠ મેરવાનજી અને એમના સાહેબજાદા તથા કુટુંબને જે ભારે ખોટ ગઇ છે તે પ્રત્યે હમારી સંપુર્ણ દીલસોજી છે અને તેજ વેલા મરહુમના રૂહને પેલી દુન્યામાં અમર બેહસ્તનું સુખ ઇચ્છીશું.

શેઠ હોરમજીની પાયદસ્તની ક્રીયા એવો શેઠના પેદરરોડ ઉપર આવેલા બંગલામાં કરવામા આવી હતી, તે વખતે મરહુમ શેઠને સેવટનું માન આપવાને જરથોસ્તી બાનુઓ તેમજ ગ્રહસ્થોની મોટી સંખ્યા હાજર થઇ હતી. એજ મુજબ એવણુના થયલા ઉઠમણાની ક્રીયા વખતેબી ઘણા જાણીતા શેહેરીઓએ હાજર થઇ માન આપ્યું હતું.

શેઠ હોરમજીને નામદાર સરકાર તરફથી તેમજ જાહેર ખાતાઓમાં થયલી નેમણુક.

શેઠ હોરમજી મુંબઇની પારસી ચીફ મેત્રીમોનયલ કોરટના ડેલીગેટ તરીકે આજ વરસો થયા નેમાયા હતા. મરહુમને જસતીસ ઓફ ધી પીસ યાને સુલેહના અમલદાર તરીકે નામદાર સરકારે નેમયા હતા અને સાત વરસ થયાં મુંબઇ શેહર માટે નેમાયલા ઓનરરી મેજીસ્ત્રેટોની બેનંચમાં બેઠક ધરાવતા હતા.

શેઠ હોરમજી મુંબઈની ગાયન ઉતેજક મંડળીના એક અધીકારી તથા વરસો થયા તેના પ્રમુખ હતા અને તેના કારોબારમાં ઘણો ઉતસાહ બતાવી આગેવાન ભાગ લેતા હતા. વળી એવણુને નામદાર સર જમશેદજી જીજીભાઇએ પારસીઓને માટે કરેલી સખાવતના ધરમખાતાંનાં કારોબાર મંડળીના તેમજ ધી બમનજી દીનશાહ પીટીટ પારસી જનરલ હાસપીટલના અધીકારી તરીકે નેમવામાં આવ્યા હતા. એ ઉપરાંત બીજા ઘણા ખાતાંઓ તેમજ મંડળો સાથ મરહુમ શેઠને સંબંધ હતો અને તેના એક અધીકારી તરીકે એવણ સારી સેવા બજાવી ગયા છે.

શેઠ હોરમજીના સાચવટ અને ઈમાનદારી ઉપર લોકોને પુર વીસવાસ હોવાથી ઘણા જણાઓએ પોતાની મીલકત વગેરેના ત્રસ્ટી તરીકે એવણુને નેમતા હતા. મરહુમ તેનો વહીવટ ઘણી ઈમાનદારીથી તથા કરકસરથી કરી તેને સારો ફાયદો કરતા હતા.

શેઠ હોરમજીના મરણ માટે દેખાડવામાં આવેલી દલગીરી.

મરહુમ શેઠ હોરમજીના મરણ માટે જરથોસતી કોમના લાભ સાચવનારી મંડળીની મેનેજીંગ કમીટીની તા૦ ૮ મી મારચ બુધવારને દીને મલેલી સભામાં નીચલો ઠરાવ પસાર કરવામાં આવયો હતો:—

" શેઠ હોરમસજી મનચેરજી કામા જેવણ આ જરથોસ્તી કોમના લાભ સાચવનારી મંડળીની શરૂઆતથી મંડળીના એક પેટરન તરીકે જોડાઇને તેમજ પોતાના મરણ સુધી મંડળીના એક ત્રસ્ટી તથા કારોબારી અને બીજી કમીટીઓના સભાસદ તરીકે કીમતી સેવા બજાવીને મંડળીને સંગીન ટેકો આપયો હતો, તેવણુના ગયા રોજ અસીસવંગ માહા શેહેરેવર શેહેનશાહી યઝદેજરદી સને ૧૨૮૫ તા૦ ૪ થી મારચ ૧૯૧૬ ને સનીવારને દીને ૬૪ વરસની વયે નીપજેલાં અકાળ મરણને માટે આ મંડળી પોતાની ભારે દલગીરી જાહેર કરે છે અને તેવણુન મરણથી આ મંડળીએ તેમજ પારસી કોમે એક નરમાસ ભરયો દીલસોઝ તથા ઉદાર સભાસદ ખોહયો છે, કે જેવણુની જગા પુરાવી મુશ્કેલ છે એવી નોંધ મંડળીના દફતરમાં ભારે દુ:ખની લાગણી સાથ લે છે.

આ ઠરાવની અકેક નકલ મરહુમના ભાઇ શેઠ મેરવાનજી તથા મરહુમના બેટાઓ શેઠો કેખશરૂ તથા જહાંગીર ઉપર મોકલવામાં આવી હતી અને આ મંડળીનો જમશેદી નવરોઝ ટાંકણે કરવા ધારેલો સંસારી મેળાવડો મરહુમના માન ખાતર માંડી વાળયો હતો.

સહુવાર સાંજનું એક દીલખુશ પીણું.

મારશલસ પ્યોર મોખા કૉફી

રૂપીયા એકમાં
પુરે
૧ રતલ
વજનની ગેરંટી સાથે

દરરોજ
તાજી તાજી
ભુંજવામાં તથા
દલવામાં આવે છે
તદન ભેલસેલ વગરની.

વાપરવાની સમજણ દરેક ટીન ઉપર
આપવામાં આવી છે.

નાતવાનો અને સાજા આદમીઓને એક સરખી ઉપયોગી ને ગુણકારી છે.

દરેક ફેમીલીઓમાં અને હોસપીટાલોમાં છુટથી વપરાય છે.

દરેક વેપારીને ત્યાંથી મળશે.

ફેરેદુન અને બરજોર,

મલબારીજ સુખડ, કસ્તી, તથા જરમણ સીલવર ને ચાંદીના વાસણોના વેપારી

તે

મારશલસ પ્યોર મોખા કોફીના એકલા એજંટો અને ઇમપોરટરો,

આતશબેહેરામની સામે, ધોબીતલાવ—મુંબઇ.

શેઠ જમશેદજી ખરશેદજી જમશેદજી જીજીભાઇ,

મુંબઇની પારસી પંચાયતના માનવંત અકાબર.

ઉમર વરસ ૫૬.



જનમ—રોજ ૧૨ મો માહા ૧૨ મો શેહેનશાહી સને ૧૨૨૯ યઝદેજરદી,
તારીખ ૩૧ મી આગસ્ટ સને ૧૮૬૦ ઇસ્વી,
સંવત ૧૯૧૬ ના ભાદરવા શુદ ૧૫ ને વાર શુકર.

મરણ—રોજ ૨૮ મો માહા ૮ મો શેહેનશાહી સને ૧૨૮૫ યઝદેજરદી,
તારીખ ૬ ઠી મે સને ૧૯૧૬ ઇસ્વી,
સંવત ૧૯૭૨ ના વઈશાખ શુદ ૪ ને વાર સની.

શેઠ જમશેદજી ખરશેદજી જમશેદજી જીજીભાઇનું દુઃખદાયક મરણ અને તેમની જાહેર કારકીરદી.

ગુજશ્તે સાલ મધે પારસી જરથોસ્તીઓમાં નીપજેલાં નામાંચા નરોનાં મરણોમાં એક મુંબઇની પારસી પંચાયતના માનવંત આદાબર મરહુમ શેઠ જમશેદજી ખરશેદજી જમશેદજી જીજીભાઇ પણ છે. એઓ મરહુમ મહાત્મા પેહલા બેરોનેટ સર જમશેદજીના નબીરા, તથા મરહુમ બીજા બેરોનેટ શેઠ ખરશેદજીના (ત્રીજા) બેઠા અને હાલના આપણા પાંચમા બેરોનેટ નામદાર સર જમશેદજીના કાકા થતા હતા. આ એમની ખાનદાની પીછાન તથા મોટાઈ છે, જે માટે કોમ તેમના તરફ માન મોહબત ધરાવે એ કુદરતી છે; પણ તે ઉપરાંત એઓ પોતાના જાતી સદગુણો, આહોશી, કારય કુશળતા, શેહેરીઓ તથા હમકોમીઓની સેવા બજાવવાની ખંત, થોડું બોલીને સંગીન કામ બજાવવાની વળણ એ વગેરેથી એઓ ખરેખર કોમ પરકોમમાં માનીતા થઇ પડયા હતા. સ્વભાવે એઓ એકમારગી, નમાના તથા થોડું બોલા હતા. એવણે લોકસેવા પોતાની યથાશક્તી મુજબ તનમન ધનથી બજાવી હતી, તેમાં એમની સેવાનો મોટો હીસો પારસી કોમને મલ્યો હતો, કે જે સેવા મુખ્યતવે પારસી પંચાયતના ટ્રસ્ટી તરીકેની હતી. એ અધીકાર ઉપર લાંબી મુદત, અને મરણની ઘડી સુધી એઓ રેહવા પામ્યા હતા, જે દરમીઆન એવણે એ મંડળમાં રજુ થતા સવાલોમાં કોમના મોટા ભાગના ધાર્મીક વિચાર આચારોને અનુસરતી રીતેજ કામ લઇ કોમનાં બંધારણ, અસલીઅત, જુના ધાર્મીક રેવાજો, ક્રીયા ભણતરો વગેરેની ઘણી જાલવણી કીધી હતી. એ રીતે એઓ જેમ કોમ સાથ હમદીલ ને હમસાજ રહયા હતા, તેમ પોતાના ભાઇબંધ ટ્રસ્ટીઓ સાથ પણ તેવોજ દીલોજાનીભર્યો એખલાસ ચાલુ રાખી તેમનાં કારયને સરલ તથા આસાન કરી આપવામાં મદદ કીધી હતી. બારીકીથી તપાસતાં એઓ અસલી વીચારના, ઓરથોડોકસ વળણના, જુના શેઠયાઓની દપના એક ખરા પારસી શેઠયા હતા, અને જેમ બીજા માનવંત અકાબરોના તથા મરણોથી પારસી જરથોસ્તી કોમે પોતાના જુના ટાઇપના બાકી રહેલા શેઠયા ગુમાવ્યા છે, તેમ આ મરહુમ શેઠ જમશેદજી ખરશેદજી જમશેદજીનાં મરણથી પણ એવીજ ખોટ તેમને ખમવી પડી છે. એવણની મોટી ખુબી એમની લાયકી, અશરાફી, નમ્રતા, દયા માયા, પાકી પરહેજગારીમાં હતી, અને તેમની જાહેર કારકીરદી ઘણી વખાણવા લાયક હતી તેથી એઓ કોમ તથા શેહરીઓમાં બહુ માનીતા તથા પ્રેમી થઇ પડયા હતા, તથા મોહજું મીત્રમંડળ ભેગું કરી શકયા હતા. એવા એક નામીચા, ખાનદાની, દીનચાસીદાર અકાબર પારસી જરથોસ્તી શેઠયાનાં અકાળ મરણ માટે આજે પારસી કોમ વાજબી રીતે વીલાપ કરે છે, જેમાં અમારો અદના હીસ્સો આપવા સાથે મરહુમના રૂહને શાંતી સાથ બેહસ્ત મુકામ ઇચ્છી એ મરહુમની જીંદગી તથા કારકીરદીનો હેવાલ નીચે મુજબ રજુ કરીએ છીએ.

શેઠ જમશેદજી ખરશેદજી જમશેદજી જીજીભાઇનું ખાનદાન.

મરહુમ શેઠ જમશેદજી ખરશેદજી જમશેદજી જીજીભાઈ જેવણ માનવંત મરહુમ સર જમશેદજી જીજીભાઇ બીજા બારોનેટ સી. આઇ. ઈ. ના સરવથી નાના યાને ૩ જા બેટા થતા હતા અને હાલના નામદાર સર જમશેદજી જીજીભાઈ પાચમાં બેરોનેટના કાકા થતા હતા. મરહુમ શેઠ જમશેદજીના બપાવા મરહુમ નામાકીટ સર જમશેદજી જીજીભાઇ પેહલા બેરોનેટનાં મુળ વડવા માપાજી નાયાના હતા. તેમના દીકરા શેઠ જસાજીના નબીરા શેઠ નસંગજી બામાજી મહીયારજીના દીકરા શેઠ લક્ષ્મણજીનાં દીકરા શેઠ રામજીના દીકરા શેઠ વાછાજીના દીકરા શેઠ રતનજીના દાકરા શેઠ આનજીના દીકરા શેઠ જીજીભાઇના બખતાવર ત્રીજા બેઠા જેવણ પહેલા બેરોનેટ સર જમશેદજી હતા.

શેઠ જમશેદજીની શેહાદી ૨૨ વરસની વયે મુંબઇમાં એવણુના પુઇ બાઈ પીરોજબાઈ (સરના પીરોજબાઇના) બેટી બાઈ આવાબાઈ સાથે રોજ ૨૧ મો મીનોરામ માહ ૫ મો અમરદાદ અમસાસપંદ શેહેનશાહી ૧૨૫૧ યઝદેજરદી, તા૦ ૬ ઠી ફેબ્રુવારી ૧૮૮૨ ને દીને ઘણી ધામધુમથી થઇ હતી. એવણુના ધણીયાણી બાઇ આવાબાઇની ઉમર તે વખતે ૨૦ વરસની હતી અને એવણુ બાઇજી મુંબઇના જાણીતા શેહેરી શેઠ શાપુરજી ધનજીબાઈ બાટલીવાળાના દીકરી થાય છે. મરહુમ શેઠ જમશેદજી પોતા પાછલ વીધવા બાઇ આવાબાઈ તથા બે દીકરાઓ શેઠ રૂશતમજી અને શેઠ ખરશેદજી તથા બે દીકરીઓ બાઈ જરબાઇ અને બાઇ ખરશેદબાઇને મેલી ગયા છે.

શેઠ જમશેદજીના વડા દીકરા શેઠ રૂશતમજી એવણુનો જન્મ રોજ ૧૬ મો મેહર યઝદ માહ ૮ મો આવા શેહેનશાહી ૧૨૫૩ યઝદેજરદી, તા૦ ૧ લી મે ૧૮૮૪ ને દીને થયો હતો, તેવણુની શેહાદી બાઈ સુનાબાઇ તે મુંબઇના જાણીતા લખેશી શેહેરી શેઠ રૂશતમજી ના. બેરામજી જીજીભાઇના બેટી સાથે રોજ ૩૦ મો મીનો અંદેરામ માહ ૮ મો આવા શેહેનશાહી ૧૨૭૭ યઝદેજરદી, તા૦ ૧૦ મી મે ૧૯૦૮ ને દીને થઈ છે. એજ મીસાળ મરહુમ શેઠ જમશેદજીના વડા દીકરી બાઇ જરબાઇના લગન શેઠ રૂશતમજી ના. બેરામજી જીજીભાઇના બેટા શેઠ બેરામજી સાથે રોજ ૨૭ મો આસમાન યઝદ માહા ૬ ઠો શરેહવર અમસાસપંદ શેહેનશાહી ૧૨૭૭ યઝદેજરદી, તા૦ ૮ મી મારચ ૧૯૦૮ને દીને તેમજ બીજા દીકરી બાઈ ખરશેદબાઇની શેહાદી શેઠ રૂશતમજી ના. બેરામજી જીજીભાઈના બેટા શેઠ જીજીભાઇની સાથે પુનામાં રોજ ૧૨ મો મોહર યઝદ માહા ૧ લો ફરોખ ફરવરદીન શેહેનશાહી ૧૨૮૧ યઝદેજરદી, તા૦ ૨૪ મી સપટેમબર ૧૯૧૧ ને દીને થઇ હતી.

શેઠ જમશેદજીની જાહેર કારકીરદી.

મુંબઇની પારસી પંચાયતના માનવંત અકાબર અને જાણીતા શેઠીઆ શેઠ જમશેદજી ખરશેદજી જમશેદજી જીજીભાઇનો જનમ રોજ ૧૨ મો મોહર યઝદ માહા ૧૨ મો અસપંદાદ અમસાસપંદ શેહેનશાહી ૧૨૨૯ યઝદેજરદી, તા૦ ૩૧ મી આગસ્ટ સને ૧૮૬૦, હીંદુઓના સંવત ૧૯૧૬ ના ભાદરવા શુદ ૧૫ ને વાર સુકરવારને દીને મુંબઇમાં થયો હતો અને એવો શેઠનું શોકજનક દુઃખદાયક મરણ રોજ ૨૮ મો જમીયાદ યઝદ માહા ૮ મો આવા અરદવીશુર શેહેનશાહી ૧૨૮૫ યઝદેજરદી, તા૦ ૬ ઠી મે સને ૧૯૧૬, હીંદુઓના સંવત ૧૯૭૨ ના વઇશાખ સુદ ૪ ને વાર સનીને દીને અધરાતે નીપજવાથી એવો સાહેબ ૫૫ વરસ ને ૮ મહીના અને ૧૭ દીવસની ઉમરે કોટમાં હોરનબી રોડ ઉપર આવેલા નામદાર સર જમશેદજી જીજીભાઇના મોટા ઘરમાં બેહેશતનશીન થયા હતા.

શેઠ જમશેદજી ખરશેદજી જમશેદજી જીજીભાઇએ મુંબઈની સેંટ મેરી સ્કુલમાં તથા ખાનગી ઉસતાદોના હાથ હેઠળ કેળવણી લીધી હતી. ૧૮૮૧ ના સાલમાં એવણે મેત્રીકયુલેશનની પરીક્ષા પસાર કરી હતી. ત્યાર પછી મુંબઇની એલફીનસટન કોલેજમાં તેમજ પુણાની દખણ કોલેજમાં એવણે કેટલોક વખત અભ્યાસ કીધો હતો અને તે વખતને અનુસરતી ઉંચી કેળવણી લેવા પછી વેપાર કરવા માંડયો હતો.

શેઠ જમશેદજી પારસી પંચાયતના ધરમ ફંડોમાં એક ત્રસ્ટી તરીકે તેમજ પારસીઓને લગતા બીજા અનેક ફંડો તથા ખાતાંઓ અને મંડળોમાં જોડાઇ તેમના વહીવટમાં બહુ ઉલટથી કામ બજાવી પારસી કોમને પોતાની સેવાનો બની શકતો લાભ આપવાને હમેશા તત્પર રહેતા હતા. વળી સર જમશેદજીનાં ખાનદાનની કીરતી વધારવામાં અને કોમ પરકોમમાં તેનો ઉંચો દરજજો જાળવી રાખવામાં એવો સાહેબે પોતાનો મોટો હીસ્સો આપયો હતો. એવણુના કાકા મરહુમ નામદાર શેઠ રૂસતમજી જમશેદજી જીજીભાઈનાં એવણુ પાલક થયા હતા તથા તેવણુનાં કેટલાંક કીમતી દસતાવેજો, સનદ તથા ચાંદ વગેરે હાલના મરનાર શેઠ જમશેદજીના સવાધીનમાં હતાં.

શેઠ જમશેદજી સખીતબેહના હતા અને પોતાની ગુંજાશ મુજબ ગરીબોને મદદ કરવાને હમેશ તત્પર રહેતા હતા અને આશ્રાને લાયક માલુમ પડતા ગરીબ આસામીને કદી ખાલી હાથે ફેરવતા હતા નહી. એવણ અમીરી ખવાસના તથા બહુ દયાળુ દીલના અને સરભાવે ઘણા રાંક તથા આલેશ હતા તેથી બહુ મોટું મીત્ર મંડળ ભેગુ કીધું હતું. એવણની તબીયત નબલી ચાલયા કરતી હતી અને છેલ્લા ૩ માસ દરમ્યાન લકવાની અસરથી બીમારી ભોગવતા હતા તેમાં એ દરદનો બીજો હુમલો થતાં એવણનું મરણ લગાર અચમુચ નીપજયું હતું. મરહુમના મરણથી પારસી કોમે પંચાયતનો એક ઉપયોગી વીસવાસુ અકાબર ખોહયો છે.

શેઠ જમશેદજીએ કરેલી સખાવત.

શેઠ જમશેદજી ખરશેદજી જમશેદજીએ તથા તેમના ધણીઆણી બાઈ આવાંબાઇએ મરહુમ બાઈ પીરોજબાઇ જમશેદજી જીજીભાઇની નઇયતે ગરીબ પારસી બીમારોને હવા ખાવાના તથા હડખાં અથવા બીજાં દરદોનાં ઇલાજના ફંડમાં પારસી પંચાયતને સને ૧૮૧૨ ના સાલમાં ૩૨૦૦૦ની રકમ આપી હતી. ખાનદેશ તથા દખણ માહારાસ્ટ્રમાં સને ૧૮૭૬ ના સાલમાં પડેલા દુકાળથી સંકટમાં આવી પડેલાંઓને મદદ કરવા ઉઘાડેલાં ફંડમાં મરહુમ સર જમશેદજી જીજીભાઇ બીજા બેરોનેટ તથા એવણના બેટાઓ શેઠો માણેકજી, કાવશજી તથા હાલના મરનાર શેઠ જમશેદજીએ ૩૧૦૦૦ આપ્યા હતા. તા૦ ૧ લી ફેબરવારી ૧૮૮૩ ને દીને મુંબઇ મધે પાંજરાપોળ આગળના ઉન સાફ કરવાના એક કારખાનામાં ભયંકર અકસમાતથી ૨૩ કામ કરનાર મજુરોના જીવ ગયા હતા તેમના નાચાર કુટુંબોને વહેંચી આપવા માટે ૩૪૦૦ ની રકમ મુંબઇના પોલીસ કમીશનર ઉપર સરના પીરોજબાઇએ તથા તેમના ભત્રીજા તે હાલના મરહુમ શેઠ જમશેદજીએ તા૦ ૨૫ મી એપરેલ ૧૮૮૩ ને દીને મોકલી આપી હતી. એ મીસાલ મરહુમ શેઠ જમશેદજીએ અનેક જાહેર ખાતાંઓમાં તથા ફંડોમાં પોતાનો હીસો આપયો હતો. તેમજ પોતાના નામાકીત બાપ કાકાઓ સાથે મલી ઘણા સખાવતી કામોમાં નાણાની સારી મદદ કીધી હતી.

નામદાર સરકારે શેઠ જમશેદજીને નેમી આપેલું માન.

શેઠ જમશેદજીને નામદાર સરકારે તા૦ ૧૪ મી ફેબરવારી સને ૧૮૮૩ ને દીને મુંબઇ શહેરના જસતીસ ઓફ ધી પીસ યાને સુલેહના અમલદાર નેમયા હતા અને ૧૯૦૪ ના સાલના મે મહીનામાં એવણની એક ઓનરરી મેજીસ્ટ્રેટ તરીકે નેમણુક કરી હતી. મુંબઇની હાઈ કોરટની પારસી ચીફ મેત્રીમોનીયલ કોરટના એક ડેલીગેટ તરીકે ૧૮૯૦ ના સાલના મે માસમાં મરહુમ શેઠ જમશેદજીને નેમી માન આપયું હતું. મુંબાઈ શેહરના જસટીસ ઓફ ધી પીસના મંડળે ૧૮૯૬ ના સાલમાં એવણને મુંબઇની મ્યુનીસીપલ કોરપોરેશનના એક સભાસદ તરીકે ચુંટી કાઢયા હતા અને ફરીથી ૧૮૯૮ ના ફેબરવારી માસમાં એજ મંડળ તરફથી કોરપોરેશન માટે એવણને ચુંટી કાઢવામાં આવ્યા હતા. એવણ મ્યુનીસીપલ કોરપોરેશનના લગભગ નવ વરસો સુધી તેના સભાસદ હતા.

શેઠ જમશેદજીની જુદા જુદા ખાતાઓમાં થયલી નેમણુક.

શેઠ જમશેદજી ખરશેદજી જમશેદજીને મુંબઇની પારસી પંચાયતના એક ત્રસ્ટી મરહુમ નામદાર સર જમશેદજી જીજીભાઈ ત્રીજા બેરોનેટની જગાએ તા૦ ૩ જી આગસ્ટ ૧૮૯૮ ના દીવસથી પંચાયતના માનવંત ત્રસ્ટી તરીકે નેમવામાં આવ્યા હતા જે ઓધો એવણે મરણ સુધી ભોગવ્યો હતો. મુંબઈની પારસી પંચાયતના ત્રસ્તીઓ સામે હાઈ કોરટમાં માંડવામાં આવેલા મુકદમાને પરીણામે કોરટ તરફથી ત્રસ્તને લગતી જે નવી યોજના ઘડવામાં આવી હતી અને તેમાં જુના ત્રસ્તીઓની પાછી નેમણુંક કરવામાં આવી હતી તે જુના ત્રસ્ટીઓમાંના મરનાર એક હતા અને હાલની પંચાયતની બોરડમાં એઓ સરવેથી જુના ત્રસ્ટી હતા.

શેઠ જમશેદજીને તા૰ ૨૫ મી માર્ચ ૧૮૯૩ ના દીવસથી સર જમશેદજી જીજીભાઇ પારસી બેનીવોલંટ ઇનસ્ટીટયુશનની કમીટીના એક કારોબારી તરીકે નેમયા હતા, તેમજ બોંબે પ્રેસીડનસી એસોસીએશનની સ્થાપનાથી એવણ તેના સભાસદ હતા. ૧૮૮૬ ના સાલમાં શેઠ જાહાંગીરજી બેરામજી મરઝબાનના પ્રમુખપણા હેઠળ મુંબઇમાં ઉભી થયલી અંદર ગ્રેજ્યુએટસ એસોસીએશનના ઉપપ્રમુખ તરીકે મરહુમ શેઠ જમશેદજીની નેમણુક થઇ હતી. નામદાર વાઇસરાયની ધારા બાંધનારી સભામાં લગભગ ત્રણ વરસની વાત ઉપર 'બાસુ બીલ' દાખલ કરવામાં આવયું હતું કે જેની રૂએ કોમ કોમ વચે લગન થઇ શકે તે બીલની સામે પારસીઓએ ધોબીતલાવના ફરામજી કાવસજી ઇનસટીટયુટ મધે ભરેલી સભાનું પ્રમુખસથાન મરહુમ શેઠ જમશેદજીને આપવામાં આવયું હતું. એ ઉપરાંત બીજાં જાહેર ખાતાંઓ તથા મંડળોમાં જોડાઈ મરહુમ જાહેર સેવા બજાવવાની મોટી ઉલટ રાખતા હતા.

શેઠ જમશેદજી ખરશેદજી જમશેદજી જીજીભાઇની પાયદસ્ત તથા ઉઠમણાની થયલી ક્રીયા.

શેઠ જમશેદજી ખરશેદજી જમશેદજી જીજીભાઇની પાયદસ્તની ક્રીયા બીજે દીવસે સાંજના કોટેકોટ હોરનબી રોડ ઉપરનાં નામદાર સર જમશેદજી જીજીભાઈ બારોનેટનાં ઘરમાંથી કાહાડવામાં આવી હતી, જે વેળાએ એ મરહુમને સેવટનું માન આપવાને પારસીઓમાં દસ્તુરો તથા જાણીતા કુટુંબનાં બાનુઓ તેમજ ગ્રહસ્થોની એક મોટી મીજલસ ભેગી મલવા ઉપરાંત પરકોમવાળાઓ બી સારી સંખ્યામાં હાજર થયા હતા.

મરહુમ શેઠ જમશેદજી ખરશેદજી જમશેદજી જીજીભાઇના ઉઠમણાની ક્રીયા કોટેકોટના સર જમશેદજીના ઘરમાં કરવામાં આવી હતી, તે વખને મોટી મીજલસ ભેગી થઇ હતી. ક્રીયા પુરી થવા પછી મરહુમની પોતાની પુંજીમાંથી તેમજ મરહુમના કુટુંબીઓ, બેશીઓ અને મીત્રો તરફથી મરહુમના પુણ માટે રૂ૧૨,૩૨૫ નીચે પ્રમાણે આપવામાં આવ્યા હતા:—

	રૂપીઆ.
મરહુમની પોતાની પુંજીમાંથી	૩૦૦૦
મરહુમના વીધવા બાઇ આવાંબાઇ જમશેદજી ખરશેદજીએ	૨૦૦૦
મરહુમના દીકરા શેઠ રૂસતમજી જમશેદજી ખરશેદજી તથા તેવણનાં ધણીઆણી બાઈ સુનાબાઇ તથા બેટાઓ શેઠો માણેકજી તથા કાવસજીએ	૧૫૦૦
મરહુમના દીકરા શેઠ ખરશેદજી જમશેદજી ખરશેદજીએ...	૫૦૦
મરહુમનાં દીકરી બાઇ જરબાઇ તથા તેવણના ખાવીંદ શેઠ બેરામજી રૂસતમજી બેરામજી જીજીભાઇ તથા બેટાઓ શેઠો નાનાભાઇ તથા જાહાંગીરજીએ ...	૧૫૦૦
મરહુમના દીકરી બાઈ ખરશેદબાઇ તથા તેવણના ખાવીંદ શેઠ જીજીભાઇ રૂસતમજી બેરામજી જીજીભાઈ તથા બેટા શેઠ જમશેદજીએ	૧૫૦૦
મરહુમના બનેવી શેઠ રૂસતમજી બેરામજી જીજીભાઇ તથા તેવણનાં ધણીઆણી બાઇ આવાંબાઇ તથા છોકરાંઓએ	૧૦૦૦
મરહુમના ભોજાઇ દાવેજર લેડી ગુલબાઇ જમશેદજી જીજીભાઇ તથા તેવણના બેટા ઓનરેબલ સર જમશેદજી જીજીભાઇ બારોનેટે	૫૦૦
મરહુમના ભોજાઇ દાવેજર લેડી જરબાઇ જમશેદજી જીજીભાઇએ	૫૦૦
મરહુમના બેન બાઈ જાઈજી હીરજીભાઇ પારખે	૨૦૦
મરહુમના બેનના દીકરા શેઠ ફરદુનજી હીરજીભાઈ પારખે	૨૫
મરહુમનાં સાળી બાઈ બચુબાઇ શાપુરજી ધનજીભાઇએ	૧૦૦

એ રૂપયા કયાં આપવા તે હવે પછી જણાવવામાં આવશે.

શેઠ જમશેદજીના મરણ માટે જુદી જુદી સભાઓએ મોકલેલા દીલાસાના પત્રો.

"મુંબઇની પારસી પંચાયતના ત્રસટી સાહેબોની તા૦ ૧૬ મી મે ૧૯૧૬ મંગળવાર ને દીને મળેલી મીટીંગમાં મરહુમ શેઠ જમશેદજી ખરશેદજી જમશેદજીના મરણ માટે ત્રસટી સાહેબોએ નીચલો ઠરાવ કરયો હતો:—"પારસી પંચાયતના ત્રસટીઓની આ સભા પોતાના હમશરીક શેઠ જમશેદજી ખરશેદજી જમશેદજી એવણ રોજ ૨૮ મો માહા ૮ મો શેહેનશાહી સને ૧૨૮૫ યઝદેજરદી ને સનીવાર તા૦ ૬ ઠી મે ૧૯૧૬ ને દીને ગુજર થયા છે તેવણના મરણની નોંધ દલગીરી સાથે લે છે. એવણ સાહેબની નેમણુક તા૦ ૩ જી આગસ્ટ ૧૮૯૮ ને દીને કરવામાં આવી હતી. તે જમતથી નજદીક ૧૭ા વરસના અરસામાં મરનાર આ ખાતાના સરવે કામકાજમાં જે ખંતીલો અને ઉલટભરયો ભાગ લીધો હતો તેની ત્રસટીઓ પીછાન કરે છે અને નોંધ લે છે. એવણ જેવા સાલેસ, અશુરાદ, ઉમંગી, ભલા હમશરીકના મરણથી ત્રસટીઓ ઘણા દલગીર છે."


નામદાર સર જમશેદજી જીજીભાઇ પારસી બેનીવોલંટ ઇનસટીટયુશનની કારોબાર મંડળીની તા૦ ૫ મી જુલાઈ ૧૯૧૬ ને દીને મળેલી મીટીંગમાં મરહુમ શેઠ જમશેદજી ખરશેદજી જમશેદજીના દલગીરી ભરેલા મરણની નોંધ એ ખાતાના દફતરમાં નીચે મુજબ કીધામાં આવી હતી:— "શેઠ જમશેદજી ખરશેદજી જમશેદજી એવણ રોજ ૨૮ મો જમીઆદ માહા ૮ મો આવાં શેહેનશાહી શને ૧૨૮૫ યઝદેજરદી, તા૦ ૬ ઠી મેએ ૧૯૧૬ ને વાર શનીને દીને વરસ ૫૬ ની ઉમરે મુંબઇ મધે બેહેસ્તનશીન થયા તેવણને તા૦ ૨૫ મી માર્ચ ૧૮૯૩ ને દીને આએ ખાતાનાં એક અધીકારી મરહુમ શેઠ પેશતનજી હોરમસજી કામાની ખાલી પડેલી જગાએ નેમીઆ હતા, જે દીનથી એવણ આએ ખાતાની કારોબાર મંડલીમાં સામેલ થયા તે બેહેસ્તનશીન થયા ત્યાં સુધી ૨૩ વરસ વેર મેહેનત લઇ ઘણો ઉલટ ભરીઓ ભાગ આએ ખાતાનાં કારોબારમાં લેતા હતા. એવા એક ઉમંગી કારોબારીનાં ગુજરવાથી આએ ખાતાનાં મીજલસીઓને તેમજ તેવણના હમશરીક અધીકારીઓને ઘણી ગમગીની ઉપજી છે."

જરથોસ્તી કોમના લાભ સાચવનારી મંડળીની મેનેજીંગ કમીટીએ મરહુમ શેઠ જમશેદજી ખરશેદજી જમશેદજીના મરણ માટે નીચલો ઠરાવ પસાર કીધો હતો:—"શેઠ જમશેદજી ખરશેદજી જમશેદજી એવણ આ જરથોસતી કોમના લાભ સાચવનારી મંડળીની શરૂઆતથી પોતાના મરણ તુલીક એક લાઇફ મેમબર તરીકે મંડળી સાથ જોડાયા હતા અને એક્ષ–ઓફીસીયો કારોબારી હતા, તેવણના રોજ ૨૮ મો માહા ૮ મો યઝદેજરદી સને ૧૨૮૫ તા૦ ૬ ઠી મે ૧૯૧૬ ને વાર સનીને દીને ૫૬ વરસની ઉમરે નીપજેલાં અકાળ મરણ માટે આ મંડળી પોતાની ભારે દલગીરી જાહેર કરે છે, અને તેવણના મરણથી પારસી કોમ એક નરમાસવાળો, ભલો દીલસોઝ સભાસદ ખોહયો છે, એવી નોંધ મંડળીના દફતરમાં લે છે."

અથોરનાન મંડળની કારોબાર મંડળની તા૦ ૨ જી આગસ્ટ ૧૯૧૬ ને દીને મળેલી સભામાં મરહુમ શેઠ જમશેદજી ખરશેદજી જમશેદજીના મરણ માટે ખેદ દરશાવનારો નીચલો ઠરાવ પસાર કરયો હતો:—"અથોરનાન મંડળની કારોબાર મંડળની આ સભા શેઠ જમશેદજી ખરશેદજી જમશેદજી જીજીભાઇ, તે મરહુમ નામદાર પહેલા સર જમશેદજી જીજીભાઇના નબીરાનાં મરણથી કોમને જે ખોટ ગઇ છે, તે માટે પોતાનો ભારે ખેદ જાહેર કરે છે. એઓ સાહેબ એક ખરા ધરમચુસત શેઠયા હતા, અને ધરમને લગતા અનેક સવાલો ઉપર પંચાયતના ત્રસ્ટી તરીકે ધારમીક વીચારવાળાને પડખે રહી એઓ સાહેબે ઘણા વરસો સુધી કોમની ઘણી સરસ સેવા બજાવી હતી. એક ધારમીક વીચારવાળા શેઠયા તરીકે એઓ સાહેબ ખચીત અથોરનાન વરગનાં માન અને આદને લાયક હતા, તમના રૂહને પરવરદેગાર શાંતી અને મીનોઈ જહાનમાં નેક જગા બક્ષે! મરહુમનાં કુટુંબ તરફ આ સભા પોતાની ઉંડી દીલસોજી જાહેર કરે છે, અને ઠરાવે છે કે આ ઠરાવની નકલ પ્રમુખ સાહેબે તેમના ઉપર મોકલી આપવી."

મુંબઇના નામદાર ગવરનરની ખાસ નેમણુંક હેઠળ

તથા મહારાજા ગાયકવાંડના ખાસ આશરા હેઠળ.



ફીરોઝ એમ. દસ્તુરની કુંપની.

ગવર્નમેંટ ટેલીગ્રાફ ઓફીસ સામે

નં. ૭ હોરનબી રોડ, કોટ, મુંબઇ.

મુંબઇમાં **ફકત અમારેજ** એક સંપુરણ ખાતું છે કે જ્યાં **ઇંગલીશ ડીગ્રી** ધરાવનારા અને **વીલાયતની** તથા **વીયેનાની આંખની** ઇસ્પીટાલમાં કામ કરી આવેલા ૨૬ વરસના અનુભવી ડાકટરની આંખના દરદો માટે **સલાહ મફત મલે છે.**

વળી અમારે ત્યાં ૨૬ વરસના **રતીનોસ્કોપથી** તથા **ઓફથેલ-મોસ્કોપથી** આંખ તપાસવાનો ચાલુ અનુભવ ધરાવનાર **મી૦ ફીરોઝ** પોતે આંખ તપાસી ચસમાં લાગુ કરી આપે છે કે જે કામ બાહેર મોટી ફી ખરચતાં પણ જવલેજ સંતોષકારક રીતે બની શકે છે.

મી૦ **ફીરોઝને** ગવાલીઅરના મહારાજા સીંધીયા, ઓનરેબલ **સર લોરેનસ જેનકીનસ,** ઓનરેબલ **મી૦ જસ્ટીસ બેટી, મીસીસ બેટી,** ઓનરેબલ **સર એન. ચંદાવરકર,** ઓનરેબલ **મી૦ જસ્ટીસ બીમન,** ઓનરેબલ **સર એસ. એલ. બેચેલર,** કરનલ **શેરમન** P. M. O. R. A. M. C. **કરનલ પુર** M. D., I. M. S. કરનલ **પીટરસ,** M. B., I. M. S. મુંબઇના **માજી** પોલીસ કમીશનર **મી૦ જેલ** M. V. O. અને બીજા કેટલાએક નામાંકીત ડાકટરો તથા ગ્રહસ્થો તરફથી એમને કાબેલીયતપણાંની ઉમદા સર્ટીફીકેટો મળી છે.

વળી હમો પોતે અમારા **વીજલીથી** ચાલતા **યંત્રોમાં** છેલ્લામાં **છેલ્લી શોધના "કાપટીક"** બાઇફોકલ **(દુર તથા નજીક જોવા માટે સાંધા વગરનાં)** લેનસીસ તેમજ **ઉંચી કવાલીટીના** આંખને ઠંડક આપનારા સફેદ તથા રંગીન **કરાઉન ગલાસના સીલીન્ડ્રીકલ** તથા **કંપાઉંડ સીલીન્ડ્રીકલ પ્રીઝમેટીક** વગેરે દરેક જાતના લેનસીસ બનાવી આપીએ છીએ. **ઉતમ માલ છતાં ભાવ** ઘણાજ કીફાયત.

આંખની સંભાળને લગતી **કીંમતી નુસખાઓ** સાથની **ચોપડી મુફત મળશે.**

દસ્તુર કએખુશરૂ જામાસ્પજી દસ્તુર જામાસ્પઆશાના,
જે. પી.

મુંબઇના અંજુમનના આતશબેહરાંમના વડા દસ્તુર.

ઉમર વરસ ૫૦.



જનમ રોજ ૧૭ મા માહા ૧૨ મો શેહેનશાહી, સને ૧૨૩૫ યઝદેજરદી,
તારીખ ૪ થી સપટેમબર **સને** ૧૮૬૬ ઇસ્વી,
સંવત ૧૯૨૨ ના શ્રાવણ વદ ૧૦ ને વાર મંગળ.

મરણ-રોજ ૧૬ મા માહા ૧૦ મા શેહેનશાહી. સને ૧૨૮૫ યઝદેજરદી,
તારીખ ૨૩ મી જુન સને ૧૯૧૬ ઇસ્વી,
સંવત ૧૯૭૨ ના જેઠ વદ ૮ ને વાર શુક્ર.

દસ્તુર કએખુશરૂ જામાસ્પજી દસ્તુર જાંમાસ્પ આશાના, જે. પી. નું દુઃખદાયક મરણ.

મુંબઇના અંજુમનના આતશ બેહરામના વડા દસ્તુરજી સાહેબ દસ્તુર કએખુશરૂ જામાસ્પજી જામાસ્પઆસાના પણ ગુજસ્તે સાલમાં બેહસ્તનશીન થયા છે, જે દુઃખદાયક બનાવની નોંધ દલગીરી સાથ લેવામાં આવે છે. એઓએ યોજદાથરેગરીની તેમ જરથોસ્તી ધરમને લગતા અવસ્તા, પેહલવી તથા ફારસીની કેળવણી લીધી હતી, અને તેનો લાભ કોમને સારો આપી શકયા હતા. જાતે એઓ ભલા, રાંક, નમનતાઇવાલા, પરહેજગાર, ક્રીયા ભણતર કરનારા તથા દીનદાર હતા, અને પોતાના એ ગુણો તથા લાયકાત સાથે એઓ મજકુર આતશબેહરામના વડા દસ્તુરનું પદ પામ્યાથી તેમનાં માનમાં કોમ મધે વધારો થયો હતો; એવણ પોતાની કાબેલીઅત તથા પરહેજગારીથી અને જાહેરમાં સારો ભાગ લેવાથી કોમ તરફનાં વધુ માન અકરામ ભોગવી શકયા હતા. મરહુમનું દસ્તુર જામાસ્પઆસાનું ખાનદાનજ પ્રથમથી જેમ પોતાની દીનદારી માટે તેમ એલમદારી માટે વખણાતું આવ્યું છે. મરહુમના પીતા માનવંત દસ્તુરજી ડોકતર જામાસ્પજી મીનોચેહરજીએ પોતાનાં એ ખાનદાની માન મરતબામાં પોતાની પાકી પરહેજગારી, લાયકી, ઉંચી કાબેલીઅત વગેરેથી સંગીન તથા વખાણવા જોગ ઉમેરો કર્યો હતો, અને અંજુમનના આતશબેહરામની વડી દસ્તુરીના જેવું અનુપમ માન પણ તેઓજ પોતાની કારસાજીથી મેલવવાને ભાયગશાલી થયા, અને વળી તેનો વારસો પોતાની ઓલાદ દર ઓલાદને આપી ગયા છે. તેનો પેહલો લાભ મરહુમ દસ્તુર કેએખુશરૂ, તેમના બીજા બેટા થાય તે છતાં મેલવી શકયા, કારણ દસ્તુર જામાસ્પજીના વડા બેટા મરહુમ દસ્તુર ફીરોજજી જેવણ રોજ ૨૨ મો માહા ૯ મો ય. ૧૨૫૮ ને દીને પોતાના પીતાની હઇયાતીમાંજ બેહસ્તનશીન થયા હતા. દસ્તુર ફીરોજજી અંગ્રેજી ચઢતી કેળવણી સાથે એક દસ્તુરને બરની તમામ ઉંચી કેળવણી પામેલા હતા, પણ તેનાં ફુલ તેઓ ચાખે અને કોમને ચખાડે તે અગાઉ કજાએ તેમની જીંદગીપર તરાપ મારી હતી. મરહુમ દસ્તુરજી કેએખુશરૂનાં અકાળ મરણથી પારસી જરથોસ્તી કોમને એક કાબેલ તથા દીનદાર ધરમગુરૂની ખોટ ગઇ છે, કે જે ખોટ પુરાવાની આશા તેમની જગે દસ્તુર તરીકે નેમાયલા એવણના ભાઈ દસ્તુર મીનોચેહર જામાસ્પજી પોતાની કાબેલીઅત, દીનદારી તથા લાયકીથી પુરશે એવી આશા આપણે રાખીશું, અને તેજ વેળા મરહુમ દસ્તુરજી .કએખુશરૂનાં પાક રૂહ માટે બુલંદ બેહસ્તનું સુખ ઇચ્છીશું.

દસ્તુર કએખુશરૂનું કુટુંબ.

નવસારીના જાણીતા દસ્તુરજી જામાસ્પ આશાનાના નબીરા દસતુર ખુરશેદજી જમશેદજી જામાસ્પ આશાના (પેહલા) એ નવસારીથી સને ૧૮૦૧ ના મે માસમાં મુંબઈ આવી શહેનશાહી પંથની દસ્તુરીની ગાદી સ્થાપી હતી, તે પછી તે આજ દીન સુધી નીચલા દસતુરો થઇ ગયા છેઃ—

૧. દસતુર ખુરશેદજી જમશેદજી (પેહલા), ૨. દસતુર દારાબજી જમશેદજી, ૩. દસતુર એદલજી દારાબજી, ૪. દસતુર મીનોચેહરજી એદલજી, ૫. દસતુર ડાકટર જામાસ્પજી મીનોચેહરજી એમ. એ., પી એચ. ડી., ડી. સી. એલ. (ઓક્ષન), ૬. દસતુર કએખુશરૂ જામાસ્પજી જે. પી. અને ૭. દસતુર મીનોચેહર જામાસ્પજી.

પેહલા દસતુરજી ખુરશેદજી જમશેદજીના ગાદી વારસ દીકરા દસતુર રૂસતમજી કમનસીબે પોતાના પીતાની હૈયાતીમા ગુજર પામવાથી દસતુર ખુરશેદજી પછી તેવણના નાહલા ભાઇ દસતુર દારાબજી જમશેદજી તે મરહુમ દસતુર કએખુશરૂના બપાવાના બપાવા શહેનશાહી પંથના દસતુર નેમાયા હતા કે જેવણના વંશમાં દસતુરી આજ સુધી ચાલુ રહેલી હોવાથી મરનાર દસતુર કએખુશરૂ શહેનશાહી ટોલાંનાં છઠ્ઠા દસતુર થઇ ગયા છે.

દસ્તુર કએખુશરૂની શેહાદી ૨૪ વરસની વયે બાઇ ખરશેદબાઇ બાપુજી પોરટ્શાલાની સાથે સને ૧૮૯૦ ના શાલમાં યાને રોજ ૧૩ મો માહા ૩ જો ય. ૧૨૫૯ ને દીને થઇ હતી. એવો સાહેબને ત્યાં એક પુરા બેટા મીનોચેહરની વરૂધી થઇ છે. જેવણુની વય હાલમાં ૨૧ વરસની છે અને આ નાયબ દસ્તુર મીનોચેરજીએ આ સાલમાં મેત્રીકયુલેશનની પરીક્ષા પસાર કરી વીલસન કોલેજમાં વધું અભયાસ હમણા કરે છે.

દસ્તુર કએખુશરૂએ લીધેલી કેળવણી.

દસ્તુર કએખુશરૂનો જનમ રોજ ૧૭ મો માહ ૧૨ મો ય. ૧૨૩૫, તા૦ ૪ થી સપટેમબર શને ૧૮૬૬, હીંદુઓના સંવત ૧૯૨૨ ના શ્રાવણ વદ ૧૦ ને વાર મંગલને દીને મુંબઇમાં થયો હતો અને એવણનું અકાળ મરણ રોજ ૧૬ મો માહ ૧૦ મો ય. ૧૨૮૫, તા૦ ૨૩ મી જુન સને ૧૯૧૬, હીંદુઓના સંવત ૧૯૭૨ ના જેઠ વદ ૮ ને વાર સુકરને દીને નીપજવાથી એવણની વય મરણ વખતે ૪૯ વરસ અને ૧૦ મહીનાની હતી.

દસતુર કએખુશરૂએ શુરૂઆતની નાવર મરાતબની તાલીમ લઇ રોજ ૪ થો માહ ૭ મો ય. ૧૨૪૯, તા૦ ૨૧ મી માર્ચ સને ૧૮૮૦ ને દીને નવસારીની વડી દરેમેહરમાં હેરબદની .પદવી મેલવી હતી. એવણે મેટ્રીકયુલેશન સુધી ઇંગ્રેજી કેળવણી મુંબઇની પ્રોપ્રાયટરી હાઇ સ્કુલમાં તેમજ ઝંદ, પહેલવી અને ફારસીની તાલીમ મુલાં ફીરોઝ મદરેસામાં લીધી હતી. ૨૩ વરસની જવાન વયથી પોતાના બુઝોરગ પીતાજીને તેઓના દસ્તુરી કામમાં એક સારા મદદગાર થઈ પડયા હતા.

કએખુશરૂની દસ્તુર તરીકેની તથા જુદા જુદા ખાતાંઓમાં થયલી નેમણુકો.

મુંબઇમાં નવા બંધાયલા અંજુમનના આતશબેહરામ સાહેબના નુરી કેબલાને તખતનશીન કરવાની ક્રીયા રોજ ૩ જો માહા ૨ જો ય. ૧૨૬૭, તા૦ ૧૭ મી અકટોબર સને ૧૮૯૭ ને દીને મરહુમના પીતાજી દસતુર દોકતર જામાસપજીનાં ઉપરીપણા હેઠળ થઈ હતી જે વેળા દસતુર કએખુશરૂએ ઉપલી ક્રીયામાં ભાગ લીધો હતો. બામદાદમાં સરવે ભેગા કરેલા આતશો ઉપર છેલ્લી ઇજશને કરીને તે એક અફરગાનયામા મેલી સવારના ૯ વાગતે દસતુર કએખુશરૂ તથા એરવદ ફરદુનજી એ. વજીફદારે અફરગાનયાનું એકેકું કડું પકડી આતશને તેના યોગય તખત આગળ લઇ જવાને ઉંચકયું હતું અને એ ક્રીયા પુરી થવા બાદ આતશબેહેરામ સાહેબની પહેલી બોય પણ દસ્તુર કએખુશરૂએ દીધી હતી. એજ દીને એવણને એ આતશબેહરામ સાહેબના નાયબ દસ્તુર ઠેઠવ્યા જે પ્રસંગે દસતુર કએખુશરૂને ૯ શાલો ઓઢાડવામાં આવી હતી.

દસ્તુર કએખુશરૂના પીતાજી દસ્તુર દોકતર જામાસ્પજી બેહેસતનશીન થવાથી રોજ ૧૪ મો માહા ૧ લો ય. ૧૨૬૮, તા૦ ૨૮ મી સપટેમબર ૧૮૯૮ ને દીને મરહુમ દસ્તુર દોકતર જામાસ્પજીના થયલા ઉઠમણાની મીજલસમાં એવણની જગાએ દસ્તુર કએખુશરૂને અંજુમનનાં આતશબેહરામ સાહેબના વડા દસ્તુર ઠેઠવવામાં આવ્યા તેની મુબારકબાદીમાં એવણને ૨૩ સીઆલો જુદા જુદા ગ્રહસ્થો અને દરેહમેહરોના પંથકી વગેરે તરફથી ઓઢાડવામાં આવી હતી. એ આતશબેહરામની કમીટીના મેમબર તરીકે એવણને તા૦ ૧૧ મી નવેમબર ૧૮૯૯ ને દીને નેમવામાં આવ્યા હતા. અંજુમનના આતશબેહરામની બીજા વરસની સાલગ્રહ રોજ ૩ જો માહા ૨ જો ય. ૧૨૬૮ ને દીને પડી તેની ખુશાલીમાં થયલા જશન પછી દસ્તુર કએખશરૂએ આતશબેહરામના નુરી કેબલા ઉપર વાયજ કરી હતી. એવીજ રીતે દર વરસે એ આતશબેહરામની સાલગ્રહને દીવસે જુદી જુદી બાબદો ઉપર એવણ વાયજ કરતા હતા. એ અંજુમનના આતશબેહરામ સામે નીકલેલા ચોપાન્યાનો રદ જવાબ એવણે ૧૮૯૮ ના સાલમાં છપાવી પ્રગટ કીધો હતો.

દસ્તુર કએખુશરૂને હુબલીના જરથોસ્તીઓએ સને ૧૯૦૪ માં પોતાના વડા દસ્તુર ઠેઠવીને સીયાલ ઓઢાડી હતી.

દસ્તુર કએખુશરૂને મુંબઇના શેઠ કાવશજી બેરામજી બનાજીના કદમી આતશબેહરામના વડા દસ્તુરજી તરીકે તા૦ ૯ મી મારચ ૧૯૧૬ ને દીને ઠેડવવામાં આવ્યા હતા. એ કદમી આતશબેહરામને પરઠવાની ક્રીયા એવણના વડીલ કુટુંબી મરહુમ દસ્તુર જમશેદજી એદલજી જામાસ્પ આશાનાની આગેવાની હેઠળ થઈ હતી તેથી એ શેહેનશાહી દસ્તુરજીને મોટું માન મલેલું કહેવાય.

દસ્તુર કએખુશરૂને તા૦ ૨૧ મી મારચ ૧૯૦૧ ને દીને નામદાર સરકારે જસટીસ ઓવ ધી પીસ યાને સુલેહના અમલદાર નેમી માન આપ્યું હતું, જેની મુબારકબાદીમાં જરથોસ્તી ધરમ અને ક્રીઆ ઉપર એતેકાદ વધારનારી મંડળી અને મુંબઇની ભગર સાથ અંજુમન તરફથી એવણને માનપત્રો આપવામાં આવ્યાં હતાં.

દસ્તુર કએખુશરૂને ૧૮૯૯ ની તા૦ ૧૮ મી જાનેવારીએ જરથોસ્તી ધરમ અને ક્રીયા ઉપર એતેકાદ વધારનારી મંડલીના સરનશીન અને ત્રસ્ટી તથા એજ સાલની તા૦ ૪ થી ફેબરવારીએ મુલ્લાં ફીરોજ મદરેસાની કારોબાર મંડલીના એક અધીકારી તેમજ તા૦ ૧૩ મી મે ૧૮૯૯ ને દીને પારસી મ્યુચ્યુઅલ લાઇફ એસ્યુરંનસ એશોશીએશનના ત્રસ્ટી અને મેમબર નેમ્યા હતા.

દસ્તુર કએખુશરૂને મુલ્લાં ફીરોઝ મદરેસાનું ફંડ વધારવા માટે તા૦ ૩ જી સપટેમબર ૧૮૯૯ ને દીને નેમાયલી કમીટીના મેમબર, જરથોસ્તી કોમના લાભ સાચનારી મંડળીના મેમબર, જરથોસ્તી ધરમ જ્ઞાન પ્રશારક મંડળીના મેમબર, પારસીઓની ધરમી અને સંસારી સ્થીતી તરફ જોતા જુદદીનોને આપણા ધરમમાં લેવા રવા છે યા નહી તેની તપાસ કરી બંદોબસ્ત કરવા તા૦ ૨ જી આગસ્ટ ૧૯૦૩ ને દીને નેમાયલી કમીટીના મેમબર અને પારસીઓ ઇરાનથી પેહલવેહલા સંજાણ આવી વસ્યા તેની યાદગારીમાં ઉભો કરવામાં આવનારા સ્થંભની કમીટીના મેમબર તરીકે નેમવામાં આવ્યા હતા. એ ઉપરાંત બીજી અનેક યાદગારીની કમીટીના તેમજ મંડળીના મેમબર હોવાનું માન એવણ મેલવવા પામ્યા હતા.

દસ્તુર કએખુશરૂની જાહેર કારકીરદીનો હેવાલ.

દસ્તુર કએખુશરૂને ૧૮૮૯ ના સાલમાં મોત ઉપર સરસ રેસાલો લખવા માટે મરહુમ શેઠ અરદેશર શેરાબજી દસતુર કામદીનના તરફથી મુલ્લાં ફીરોઝ મદરેસાની કમીટી મારફતે રૂપાંનું "કપ સોસર" ઇનામમાં મલ્યું હતું. ૧૮૯૫ ના સાલમાં સુરત મધે જરથોસ્તી બચ્ચાંઓને ધર્મ કેળવણીની જરૂર અને નીરંગદીન એ વિષયો ઉપર વાએજો કરી હતી જે પુરી થવા પછી એવણને એક સીઆલ એનાયત કરવામાં આવી હતી.

નામદાર મહારાણી વીકટોરીયાની ૮૧ માં વરસની સાલગ્રહ તા૦ ૨૪ મી મે ૧૮૯૯ ને દીને પડી તેની ખુશાલીમાં એક જાહેર બંદગી કરી એ નેક ખસલત શેહનશાહ બાનુના હકમાં દુઆ ચાહવા માટે કલકતાના લોરડ બીશપ ડાકટર વેલ્ડને દરેક કોમના લોકોને અરજ કરી હતી. એ મુજબ દસ્તુર કએખુશરૂએ સરવે જરથોસ્તીઓને અંજુમનના આતશબેહરામમાં ઉપલે દીને એકઠા મલી જશન ભેગી બંદગી કરવાની એલતેમાસ કરી હતી. જશન અને બંદગી પુરી થવા પછી એવણે વાએજ કરી મહારાણી વીકટોરીયાને લાંબી જીંદગી, કુટુંબની આબાદાની તથા બ્રીટીશ અદલ રાજ્યની કાયમી ઇચ્છી હતી.

મુંબઈ અને દેશાવરો ખાતેથી નાશકારક મરકી અને દુકાલનું સંકટ જલદીથી દફે થાય અને ત્રાનસવાલમાં ચાલતી લડાઇમાં બ્રીટીશ સરકારની ફતેહ થાય તે માટેની દુવા ચાહવા માટેનુ જશન અને બંદગી તા૦ ૧૧ મી મારચ ૧૯૦૦ ને દીને અંજુમનના આતશબેહરામમાં એવણની આગેવાની હેઠલ કરવામાં આવી હતી.

દસ્તુર કએખુશરૂએ અંજુમનના આતશબેહરામમાં રોજ ૬ થો માહ ૧ લો ય. ૧૨૭૦ ને દીને ખુરદાદ સાલ ઉપર વાએજ કરી હતી.

મરહુમ શેઠ ખરશેદજી રૂસતમજી કામાજીની ૭૦ મી વરસગાંઠ રોજ ૧૧ મો માહ ૩ જો કદમી સને ય. ૧૨૭૦, તા૦ ૨૫ મી અકટોબર ૧૯૦૦ ને દીને પડી તેની ખુશાલીમાં કામા મેમોરીઅલ વર્ક નામનું પુસ્તક છપાઇ બહાર પડયું હતું જેમાં દસ્તુર કએખુશરૂની કલમથી અંગ્રેજીમાં લખાયલો ખોરદાદશાલ નામનો વિષય દાખલ કરવામાં આવયો છે

દસ્તુરજી કએખુશરૂએ અમેરીકાથી પધારેલા અવસ્તાના અભીયાસી પ્રોફેસર જેકશનની તા૦ ૨૪ મી ફેબરવારી ૧૯૦૧ દીને મુલાકાત લીધી હતી અને એ પ્રોફેસરે એવણુને વળતી મુલાકાત આપી એવણુના પીતાના કીમતી કેતાબખાનાની મોહટી ઉલટ સાથ તપાસ કરી હતી. તેમજ એજ વિદ્વાન પ્રોફેસરે તા૦ ૧૪ મી એપ્રીલ ૧૯૦૧ ને દીને એવણુની ફરીથી મુલાકાત લીધી હતી. એ બેઉ મુલાકાતની યાદગારીમાં દસતુરજીએ એ પ્રોફેસરને પહેલવી તરજુમા સાથનો યઝશનેનો પુરાણો હસ્ત લેખ અને "યાદગારે જરીરાન" નામના પહેલવી પુસતકના બીજા ભાગના પુરૂફો ભેટ આપ્યા હતા. એ ઉપરાંત કોલંબીઆ યુનીવરસીટીને ભેટ આપવા માટે એવણે બીજા કીમતી હસ્ત લેખો એ પ્રોફેસરને હવાલે કીધા હતા અને બીજાઓ પાસેથી મેલવી આપવાને એ દસ્તુરજીએ પુશકલ મેહનત કરી હતી. એ બધા હસ્ત લેખોના ફોતોગરાફો તા૦ ૧૪ મી એપ્રીલ ૧૯૦૧ ના ન્યુયોરક હેરલ્ડ પત્રમાં ઘટતા ખુલાસા સાથ પ્રોફેસર જેકસને છપાવ્યા હતા. તેમજ પ્રોફેસર લુઈ ગ્રે નામના અમેરીકન અભીઆસીએ સનડે હેરલ્ડ નામના પત્રમાં એ હસ્ત લેખોનો સાર છપાવી છેવટે એવું જણાવ્યું હતું કે દસતુરજી કએખુશરૂ જામાસ્પજીની ઉદારતાથી અત્રે એ ખજાનો આવ્યો છે અને જેઓ કદીમ ઇરાની સાહીત્ય અથવા ધર્મમાં લાભ લેતા હોય તેઓને આ નાદર દસ્તાવેજો પોતાનો અભ્યાસ આગલ વધારવાને સારી ઉલટ આપશે. આ નાદર બક્ષેશો માટે દસતુરજીનો ઉપકાર માનવા માટે કોલંબીઆ યુનીવરસીટીના ટ્રસ્ટીઓની એક સભા તા૦ ૪ થી નવેમબર ૧૯૦૧ ને દીને મલી હતી અને એ સભામાં પસાર થયલા ઠેરાવની એક નકલ એવણ ઉપર મોકલી આપવામાં આવી હતી. દસ્તુર કએખુશરૂએ ૧૯૦૨ ના આગસ્ટ માસમાં તેમજ ૧૯૦૩ ના જાનેવારી માસમાં વધુ કીમતી દસ્તાવેજો એ યુનીવરસીટીને ભેટ આપવાથી તેની કદરશનાસીમાં એવણુની એક સુંદર તસવીર યુનીવરસીટીના હોલમાં એવણુના મરહુમ પીતાજીની તસવીર પાસે મુકવામાં આવી છે.

નામદાર શહેનશાહ એડવરડની લંડન ખાતે તા૦ ૯ મી આગસ્ટ ૧૯૦૨ ને દીને તાજપોશીની કીયા થઇ હતી. તેની ખુશાલીમાં હિંદના તમામ શહેરોના લોકોએ એ દીવસ તહેવાર તરીકે ધામધુમથી પાલી પોતાની ઇબાદતગાહમાં બંદગી કરી એ નામદાર શહેનશાહને ભલી દુઆ ચાહી હતી. એ મુજબ મુંબઈના જરથોસ્તીઓએ અંજુમનના આતશબહેરામમાં બંદગી કરી હતી અને જશનની કીયા પુરી થવા પછી એ દસતુરજીએ પ્રસંગને અનુસરતી જંદમાં જોડેલી ખાસ બંદગી વાંચી સંભલાવી હતી.

દસતુરજી કએખુશરૂએ અરદાવીરાફ નામુ તેના પહેલવી તેક્ષ્ત-દીબાચા સરેહ અને તેનો ગુજરાતી તરજુમો તથા જરથોસ્ત બહેરામે ફારસી બેતોમાં રચેલાં વીરાફ નામા સાથ સને ૧૯૦૨ ના અકટોબર માસમાં છપાવી બહાર પાડયું હતું, જે માટે વરતમાન પત્રોએ સારાં મતો આપયાં હતાં. તેમજ પોતાના મરહુમ પીતાએ પહેલવી વંદીદાદનો ગુજરાતીમા કીધેલો તરજુમો એવણે સને ૧૯૦૮ માં છપાવી પ્રગટ કર્યો હતો.

શેઠ પેશતનજી ખુરશેદજી તારાપોરવાલાએ અપંગ દેશીઓને વિદયા-હુનરની કેળવણી આપવા માટે એક યોજના સને ૧૯૦૩ ના જાનેવારી માસમાં ઘડી કહાડી હતી. એ યોજનાને ફતેહમંદ બનાવા માટે ઘણા જાણીતા ગૃહસ્થોએ મદદનો હાથ લંબાવ્યો હતો તેમાં દસ્તુરજી પણ હતા.

શેઠ રતનજી દાદાભાઇ તાતા પેરીસથી એક ફ્રેંચ બાનુને પોતાની મોહરદાર તરીકે લાવ્યા હતા તેણીને સુદરેહ કસ્તી પહેડાવી અને એ બાનુના મજકુર શેઠ સાથ પારસી રસમ મુજબ લગન સારવાની કીયા દસ્તુરજીએ તા૦ ૮ મી ફેબરઆરી ૧૯૦૩ ને દીને કરી હતી.

નામદાર શહેનશાહ જ્યોરજ સને ૧૯૦૫ ના નવેમબર માસમાં મુંબઇ પધારયા હતા અને તા૦ ૧૦ મી નવેમબરે શેઠ વહાડયાજીના આતશબેહરામ આગલ તે નામદારને આવકાર આપવા માટે એકઠી મલેલી મીજલસ સનમુખ દસતુર કએખુશરૂએ અને દસતુર દારાબ સંજાણાએ નામદાર શહેનશાહ અને શહેનશાહ બાનુને અવસ્તાઇ કલામોમાં દુઆ દીધી હતી.

દસ્તુર કએખુશરૂએ ૧૯૦૮ ના આગસ્ટ માસમાં ડોકતર સ્પીગલ મેમોરીઅલ વોલ્યુમમાં A new translation of two passages from the Bundeish નામનો રેસાલો લખયો હતો.

મુંબઈના નામદાર ગવરનર લોરડ સીદનહામ કલારકની બેટી પોતાની માતાના મરણ પછી ટુંક વખતમાં ચીંતાતુર માંદગીને બીછાણે પડવાથી મુંબઇના લોકોએ પોતપોતાના ધરમના મકાનોમાં બંદગી કરી હતી. તે મુજબ દસ્તુર કએખુશરૂની આગેવાની હેઠલ અંજુમનના આતશબેહરામમાં બંદગી કરવામાં આવી હતી જે પુરી થવા પછી એ ઉમરાવજાદીના હકમાં અસરકારક શબ્દોમાં દુઆ ગુજારી હતી.

દસ્તુર કએખુશરૂની આગેવાની તળે પરથાયલા ધરમના મકાનો.

દસ્તુર કએખુશરૂએ પોતાના વડીલોની માફક કેટલાંક ધરમના મકાનો પોતાની દસ્તુરી દેખરેખ હેઠલ પરઠાવ્યાં હતાં. દસતુરપદ પામવા પછી સઉથી પહેલું ધરમનું મકાન જે પરઠાયું હતું તે લાનોલી ખાતે શેઠ કાવશજી દીનશાહ એદનવાલાએ બંધાવેલી દરેમેહર હતી. એ દરેમેહર રોજ ૨૨ મો માહા ૯ મો ય. ૧૨૬૮ ને દીને એવણુના ઉપરીપણા હેઠલ પરઠાઈ હતી જે વખતે એવણુને સીઆલો ઓઢાડી દરેમેહરના વડા દસતુર ઠેરવવામાં આવ્યા હતા. એજ શહેરમાં અંજુમનના દુખમાનો તાણો પુરવાની ક્રીઆ રોજ ૧૬ મો માહા ૪ ઠો ય. ૧૨૭૧ ને દીને અને એ દુખમાને પરઠવાની ક્રીઆ રોજ ૨૦ મો માહ ૫ મો ય. ૧૨૭૨ ને દીને એવણુના ઉપરીપણા હેઠલ થઇ હતી જે વખતે અંજુમન તરફથી એવણુને સીઆલો ઓઢાડવામાં આવી હતી.

રાજકોટનું દુખમુ રોજ ૧૨ મો માહ ૪ ઠો ય. ૧૨૭૦ ને દીને એવણુના ઉપરીપણા હેઠલ પરઠાયું હતું જે વખતે અંજુમને એવણુને પોતાના વડા દસતુર ઠેરવી સીઆલ ઓઢાડી હતી અને માનપત્ર આપ્યું હતું. મોરા ઉરનમાં શેઠ બેહરામજી એદલજી ઉમરીગરે બંધાવેલી દરેમેહર રોજ ૨૩ મો માહ ૨ જો ય. ૧૨૭૪ ને દીને એવણુના ઉપરીપણા હેઠલ પરઠાઇ હતી જે વખતે મજકુર શેઠે એવણુને એક સીઆલ ઓઢાડી હતી. કલકતામાં અંજુમનના દુખમાનો તાણો પુરવાની ક્રીઆ રોજ ૧૪ મો માહા ૪ ઠો ય. ૧૨૮૦ ને દીને કદમી મોબેદોએ એવણુના ઉપરીપણા હેઠલ કરી હતી જે વખતે અંજુમને એવણુને એક સીઆલ એનાયત કરી હતી.

એવી રીતે મરહુમ દસતુરજી કએખુશરૂએ ૧૭ વરસ સુધી સારી ઇજત અને માન સાથ દસતુરી ચલાવી પોતા સાથ સંબંધમાં આવનારાઓનો ચાહ તથા વીશવાસ મેલવી આ ફાની દુન્યામાંથી પોતાનો અસબાબ ઉઠાવી હમેશગીની દુન્યામાં કુચ કરી ગયા છે. મરનાર પોતાના માનવંત પીતા દસતુર દોકતર જામાસ્પજી જેવા ભોલા અને ભલા હતા તેટલાજ એક દસતુરને છાજે તેવો ટેક અને દરજ્જો જાલવનારા હતા. એવણુ ટુંક વયે પુર ઉમેદો વચચે બેહસ્તનશીન થવાથી જરથોસ્તી ટોળો દીલગીર થાય અને તેઓની દીલસોઝ લાગણી મરહુમ દસતુરજીના દુઃખી કુટુંબ તરફ ખેંચાય એ કુદરતી છે. મરહુમ નેક નઇયત દસતુરજીના પાક રૂહ ઉપર હઝારો હઝાર દરૂદ ઇચ્છી અને એવણુના જાયનશીન ભાઈ દસ્તુર મીનોચેહર જામાસ્પજીને તેમજ એવણુના બેટા નાયબ દસ્તુર મીનોચેહરજી કએખુશરૂને લાંબી જીંદગી અને યશવંતી કારકીરદી ભોગવે એમ ઇચ્છીશું.

દસ્તુરજી કએખુશરૂના ઉઠમણાની થયલી ગંભીર ક્રીયા.

દસ્તુર કએખુશરૂ જામાસ્પજી જામાસ્પઆશાનાના ઉઠમણાની ક્રીયા પાછલા પોરે અંજુમનના આતશબેહરામના હોલમાં કરવામાં આવી હતી, એ વેળાએ દસ્તુરો, મોબેદો અને બેહેદીન સાહેબોની એક મોટી મીજલસ ભેગી થઈ હતી, શરૂઆતમાં દસતુર કેકોબાદ આદરબાદે જણાવ્યું કે જામાસપઆસાનાના ખાનદાનમાં ચાલતી રૂઢી મુજબ મરહુમ દસતુરજી નોશરવાનજીએ મરહુમ દસતુરજી જામાસપજી મીનોચેહરજીને શેઆલ આપી હતી. તયારબાદ મરહુમ એરવદ બમનજી દસતુરે મરહુમ દસતુર કએખુશરૂને શેઆલ ઓઢાડી હતી અને આજે એ ફરજ મને બજાવવાની છે એમ કહી દસતુર મીનોચેહેરજીને શેઆલ ઓઢાડયા બાદ ઉઠમણાંની ક્રીયા દસતુર મીનોચેહેર જામાસપજીની આગેવાની હેઠળ કરવામાં આવી હતી. એ ક્રીયા પુરી થત્રા બાદ આતશબેહરામની કારોબાર મંડળી તરફથી અનજુમન પત્ર શેઠ શાપુરજી બેરામજી કાત્રકે વાંચતા જણાવ્યું કે માનવંત દસ્તુરજી સાહેબ કએખુશરૂ જામાસ્પજી જામાસ્પઆશાનાનાં દુખભર્યાં મરણની નોંધ લેતાં અમારી મંડળીને દલગીરી ઉપજી છે. દસ્તુરજી કએખુશરૂને અનજુમનનાં આતશબેહેરામના વડા દસ્તુરજી તરીકે તા૦ ૨૮ મી સપટેમબર ૧૮૯૮ માં એઓનાં મરહુમ પીતાજી દસ્તુર ડા૦ જામાસ્પજીની જગા ઉપર નેમયા હતા, અને આ મકાન ઉપર તથા ધરમ સંબંધી બાબદો અને ક્રીયાઓ ઉપર દેખરેખ રાખવાને એત્રણને પુરતી સતા આપી હતી જે કામો એઓ સાહેબે ૧૮ વરષ સુધી બાહોશીથી બજાવી કારોબાર મંડલીને સંપુરણ સંતોષ આપયો હતો. મરહુમ દસ્તુરજી કએખુશરૂના અકાળ મરણથી કારોબાર મંડલીએ એક સાચો રાહબર ખોહયો છે અને એઓનાં કુટુંબપર જે દુખ આવી પડયું છે તેમાં ભાગ લીએ છે તથા દુવા ગુજારે છે કે મરહુમનાં રૂહને નેક જગા બક્ષે તથા એઓનાં કુટુંબને આ દુખ સોસવાને તે બારેહકતાલા પુરતી શકતી બક્ષે.

આતશબેહરામનાં ત્રસ્ટ દીડની રૂયે અને તેમાં ફરમાવયા મુંજબ આજની મીજલસમાં દસતુર કએખુશરૂના ભાઇ દસતુર મીનોચેહરજી જેઓ આએ પાક મકાનના નાયબ દસ્તુર છે તેઓને વડા દસ્તુરજી તરીકે ઠરાવયે છીએ. આ પાક મકાનના નાયબ દસ્તુર તરીકે મરહુમ દસ્તુરજી કએખુશરૂના બેટા એરવદ મીનોચેહેરજીની નેમણુક કરાએ છીએ. એરવદ મીનોચેહેરે મેત્રીકની પરીક્ષા પસાર કરી છે અને એઓના હવે પછીના અભયાસપર અમારી કારોબાર મંડલી દેખરેખ રાખશે. એઓ પોતાનો કોલેજનો અભયાસ ચાલુ રાખશે અને અમો ઉમેદ રાખયે છઇએ જે મજકુર બંને સાહેબો પોતાના માનવંત મુરંબીજીઓને પગલે ચાલી આ પાક મકાનની પ્રતીપઠા તથા માન જાલવવાને અને જરથોસ્તી આલમનો સંપુરણ વીશવાસ મેળવવાને ભાગયશાલી થશે. અમારા સરનશીન શેઠ કાવસજી જાલભાઈ શેઠને પોતાના મુબારક હાથે દસતુરજી સાહેબ મીનોચેહરજી જામાસ્પજીને તથા નાયબ દસ્તુર મીનોચેહર કએખુશરૂને અકેકી શાલ ભેટ કરવાને હું અમારી કારોબાર મંડલી તરફથી માનપુરવક અરજ કરૂંછું.

ઉપલો અંજુમન પત્ર વંચાયા બાદ શેઠ કાવશજી જાલભાઈ શેઠે આતશબેહરામના નવા દસ્તુર તરીકે દસતુર મીનોચેહરને એક શાલ તથા નાયબ દસ્તુર તરીકે એરવદ મીનોચેહરને એક શાલ એનાયત કીધી હતી.

દસ્તુર મીનોચેહરજી જામાસ્પજીને જુદી જુદી અગીઆરીના ત્રસ્તીઓ અને જરથોસ્તી બાનુઓ તથા ગ્રહસ્થો તરફથી નીચે મુજબ શાલો અરપણ કરવામાં આવી હતીઃ—

અનજુમનના આતશબેહરામના ભગર સાથના મોબેદો, દસ્તુર કેકોબાદ આદરબાદ, દસ્તુર નોશેરવાન કેકોબાદ આદરબાદ, શેઠ રૂસ્તમજી બેરામજી જીજીભાઈ, ઓ૦ સર દીનશા મા. પીટીટ બીજા બારોનેટ, શેઠ મેરવાનજી ફરામજી બરડી, શેઠ શાપુરજી ફરામજી બરડી, શેઠ કાવશજી

દીનશાહ એડનવાળા અને ભાઇઓ, બાઈ હીરાંબાઈ જમશેદજી પીટીટ, બાઈ ગુલબાઈ બમનજી દી. પીટીટ, શેઠ અરદેશર શાપુરજી નાળીએરવાળા, એરવદ ડોસાભાઇ સોરાબજી પાવરી (મદરાસવાળા), એરવદ મીનોચેહર હોરમજી દસ્તુર મેહરજીરાણા, દસ્તુર ખરશેદજી બેરામજી સીકંદરાબાદવાળા, એરવદ નવરોજી સોરાબજી રાવ લેનોલીવાલા, એરવદ દોરાબજી જે. સીધવા, શેઠો અરદેશર અને દારાબશા બમનજી દુબાશ, એરવદ માણેકજી ફરદુનજી વાછા, શેઠ મેરવાનજી ધનજીભાઇ મે. જીજીભાઈ, શેઠ કાવશજી જાલભાઇ શેઠ, મઉવાલા મરહુમ દસ્તુર ખોરશેદજી જમશેદજી જામાસ્પઆશાનાના બેટાઓ, બનાજી લીમજી દરેમેહેરના ત્રસ્તીઓ, કામાબાગની દરેમેહરના ત્રસ્તીઓ, લેનોલીની દરેગેહર તરફથી એદનવાળા ભાઇઓ, જરથોસ્તી ધરમ ક્રીયાં ઉપર એતેકાદ વધરાવનારી મંડલી અને આંટરોડની રાનજીની અગીઆરીના મોબેદો.

નાયબ દસ્તુર મીનોચેહર કએખુશરૂને નીચે મુજબ શાલો એનાયત થઈ હતી:–આતશબેહરામના ભગર સાથના મોબેદો, દસ્તુર કેકોબાદ આદરબાદ, બાઇ હીરાંબાઇ જમશેદજી પીટીટ અને શેઠો અરદેશર તથા દારાશા બમનજી દુબાશ.

દસ્તુર મીનોચેહર જામાસ્પજીએ પોતાને આપેલા માન માટે ઉપકાર માનતા જણાવ્યું કે આ આતશબેહરામના વડા દસ્તુર તરીકે મારા મરહુમ વડા ભાઇજીની ગાદીએ મારી જે તેમણુંક કીધી છે તે માટે તેમનો હું ઉપકાર માનું છું, આજના પ્રસંગે મને જે જે બાનુઓએ અને ગ્રહસ્થોએ શાલો અરપણ કરીને વધુ માન આપયું છે તે માટે તેઓ સઘલાઓનો પણ હું આભાર માનું છું. તમો સાહેબોને હું ખાત્રી અને કબુલાત આપું છું કે જેમ બને તેમ મારા આ નવા ઓધાને હું જેબ આપીશ, અને મારી ૧૭ વરસની નાયબ દસ્તુર તરીકેની કારકીરદીમાં જેમ તમો સઘલાઓ સંતોશ પામયાં હતાં, તેવોજ સંતોશ હું વડા દસ્તુર તરીકે તમોને આપીશ. એ બાદ નાયબ દસ્તુર મીનોચેહર કએખુશરૂએ પોતાને મળેલાં માન માટે આભાર માનતા બોલ્યા કે, મને આતશબેહરામના નાયબ દસ્તુર નેમી આપેલા માન માટે હું આતશબેહરામની કારોબારી કમીટીનો ઉપકારી થયો છું. મારા ઓધાના દરજ્જાને જેબ આપવા હું મારેથી બનશે એટલી કોશેશ કરીશ. તેમજ જે સાહેબોએ શાલો એનાયત કીધી છે તે માટે તેઓનો પણ હું આભાર માનું છું. એ પછી મરહુમ દસ્તુર કએખુશરૂ જામાસ્પજીનું નામ આપણા જાહેર ભણતરોમાં લેવાનો ઠરાવ થવા બાદ મીજલસ બરખાસ્ત થઈ હતી.

દસતુર કએખુશરૂને લાહોરની બાઇ આવાંબાઇ કુપરવાળી દરેહમેહર સાથે ૧૮ વરસનો સંબંધ વડા દસ્તુરજી તરીકેનો હોવાથી એવણના ઉઠમણાની ક્રીયા એ દરેહમેહરમાં કરવા પછી મરહુમનું નામ જાહેર ભણતરમાં લેવાનો તેમજ મરહુમના કુટુંબ ઉપર દીલાસાપત્ર મોકલવાનો ઠરાવ થયો હતો. એજ મુજબ નવસારી ખાતે બઝમે રોઝે અહુરમઝદની મંડળી તરફથી મરહુમના ઉઠમણાની ક્રીયા નવસારીની વડી દરેહમેહરમાં કરવામાં આવી હતી અને બઝમના થતા જશનોમાં મરહુમ દસ્તુરજી કએખુશરૂનું નામ લેવાનો ઠરાવ કરી મરહુમનાં કુટંબ ઉપર દીલાસાપત્ર મોકલાવ્યો હતો. વળી લાનોલીની શેઠ કાવશજી દીનશાહ એડનવાળાની દરેહમેહરમાં બી મરહુમના ઉઠમણાની ક્રીયા કરવામાં આવી હતી.

મુંબઈની શેઠ મેળાવાળાની દરેહમેહરમાં શેહેનશાહી દેહ મહીનાના સરોસ રોજે મેદીઆરેમ ગહમબારનું જશન કરવા પછી દસ્તુર કએખુશરૂ એ દરેહમેહરના દસ્તુરજી હોવાથી મરહુમના અકાળ મરણ માટે એરવદ બ. એ. બજાંએ કેટલુંક વીવેચન કરવા બાદ મરહુમના કુટુંબ ઉપર દીલાસાપત્ર મોકલવાનો ઠરાવ થયો હતો. તેમજ મુંબઇની જરથોસ્તી જશન કમીટી, જરથોસ્તી ભાઈબંધોની મંડલી, શેહનશાહી જશન મંડલી, અંજુમનના આતશબેહરામની કારોબાર કમીટી વીગેરે તરફથી દીલસોજી દેખાડનારા ઠરાવો પસાર કરી મરહુમના કુટુંબ ઉપર મોકલવામાં આવ્યા હતા.

શેઠ નવરોજી જાહાંગીર ગામડયા,

મુંબઇની પારસી પંચાયતના માનવંત અકાબર અને મોટા મીલકતદાર.

ઉમર વરસ ૭૧.



જનમ—રોજ ૧૩ મો માહા ૫ મો શેહેનશાહી, માહા ૬ ઠો કદમી સને ૧૨૧૪ યઝદેજરદી,
તારીખ ૭ મી ફેબરવારી સને ૧૮૪૫ ઇસ્વી,
સંવત ૧૯૦૧ ના માહા શુદ ૧ ને વાર શુકર.

મરણ--રોજ ૧૪ મો માહા ૧૧ મો શેહેનશાહી. માહા ૧૨ મો કદમી સને ૧૨૮૫ યઝદેજરદી,
તારીખ ૨૧ મી જુલાઇ સને ૧૯૧૬,
સંવત ૧૯૭૨ ના આસાદ વદ ૭ ને વાર શુકર.

શેઠ નવરોજજી જાહાંગીર ગામડયાનું અકાળ મરણ તેમની બોધ લેવાલાયક જીંદગીનો હેવાલ.

ગુજસ્તે સાલમાં આપણી પારસી જરથોસ્તી કોમમાં જે અરધો ડજન નામીચા નર રત્નોનાં મરણ નીપજ્યાં છે, તેઓમાંના એક શેઠ નવરોજજી જાહાંગીર ગામડયા પણ છે. જે ટાઇપના શેઠયા તથા અકાબર આપણી કોમમાં જોઇએ તેજ ટાઇપના શેઠયા તથા અકાબર મરહુમ શેઠ નવરોજજી ગામડયા પણ થઈ ગયા છે, અને તેથી કોમને જે ખોટ બીજા મરહુમ અકાબરોના મરણથી ગઇ છે, તેવીજ ખોટ એમનાં મરણથી પણ ગઈ છે. એઓ એક લક્ષાપતી તથા મોટા જાગીરદાર ઉપરાંત સખી દસ્ત, ધરમ ચુસ્ત, ક્રિયા ભણતરોપર પુરણ ભકતીભાવ રાખનારા, કોમની પડખે રહી તેનાં સુખદુખમાં ભાગ લેનારા, અતી સાવધ, કુનેહવાલા, ગણત્રીબાજ, સહબર સમાન શેઠયા હતા. કોમના સંબંધમાં એમની સર્વથી મોટી અને ખાસ સેવા, પારસી પંચાયતનાં ધરમખાતાં તથા મીલકતોના ત્રસ્ટી તરીકેની હતી. જેમ પોતાની દીનદારીથી તેમ બાહોશી તથા કુનેહ કારસાજીથી એઓ પોતાના ગોઠયા ત્રસ્ટી ભાઇબંધોના એક સરસ સલાહકાર તથા મદદગાર થઇ પડયા હતા, અને એ લખ્ખો રૂપ્યાનાં ધરમખાતાંનો વહીવત તેનાં સંબંધમાં સખાવત કરી ગયલા ધરમચુસ્ત પારસી જરથોસ્તીઓનાં ધાર્મીક એતેકાદને અનુસરતી રીને ચાલે તેની જબરી કાલજી રાખતા હતા. એટલી હદ સુધી ધરમચુસ્ત હોવા છતાં એવણ ખરા સંગીન સુધારાને ચાહનારા હતા, અને જરથોસ્તી છોકરીઓની નીશાળ મંડળીના પ્રમુખ તરીકે વરસો સુધી તેની સેવા કોમના સરવે વરગના લોકનાં માન તથા વીસ્વાસ સાથ બજાવી હતી. જુદદીનને લગતી તેમજ તેવી બીજી જોશ-ભરી ચર્ચાઓ વેલા એવણ હમેશ કોમની તરફેનમાં બલકે તેની પીઠે રહી તેના રક્ષણહાર જેવા થઈ પડયા હતા. કહો કે, શેઠ નવરોજજી ગામડયા રગેરગ ને ઈંચેઇંચ પારસી ખરા "શેઠયા" થઇ ગયા છે, કે જેવા શેઠયાઓની આજે પારસીઓને દુઃખદાયક ખુટ પડી છે. શેઠ નવરોજજી ગામડયાની એવી કોમી સેવા, કોમી લોકપ્રિયતા તથા કોમી રાહબરી ઉપરાંત એમની શેહરી સેવા તથા દેશ હીતકારીપણું પણ વખાણવા તથા નકલ કરવા જોગ હતું. જેમ ઘણાંખરાં પારસી જરથોસ્તી ખાતાંઓ તથા સંસ્થાઓના એઓ પ્રમુખ, ત્રસ્ટી યા મેમ્બર હતા, તેમ શેહરના ઉદયોગોને લગતાં ખાતાંઓ, મીલો, પ્રેસો, બેંકો, બીજી જાહેર કંપનીઓ વગેરેના પણ હતા. પોરટ ત્રસ્ટ જેવાં નામીચાં ખાતાંના એક ત્રસ્ટી તરીકે નામદાર સરકારે તેમને આઠ વખત નેમી એમની યોગ્યતાની પીછાન કીધી હતી. આપણી મ્યુનીસીપાલ કારપોરેશનના એવણ લોકરસી તથા લોકપક્ષી મેમ્બર હતા, અને વલી એ શેહર સમાજે એવણને શેહર સુધારા ત્રસ્ટના મેંબર તરીકે અનેકવાર ચુંટી કાઢયા હતા. એઓની જેટલી ખુબી એમનાં ધરમચુસ્ટપણામાં હતી, તેટલીજ એક ફીનાનસીઅર યાને હીસાબી તથા નાણુંશાસ્ત્રી તરીકે પણ હતી, અને એ બાબતમાં એવણ તેવા ખાતાંના યા તેવાં વ્યકતીના રાહબર સમાન ગણાતા હતા. એમની એવી લાયકાતોને લીધે એઓ યુરોપ્યન વેપારીઓ તથા તેમનાં મંડળોમાં પણ જબરા માનીતા તથા વીશવાસુ થઇ પડયા હતા, કે જેવું માન બીજા દેશીઓ કવ-ચીતજ મેલવી યા ભોગવી શકે છે. એ સઘલું છતાં, અને પોતે લક્ષાપતી શ્રીમંત છતાં, એઓ સાહેબ દેખાવમાં, વહેવારમાં, રીતભાતમાં તથા સઘલી બાબતમાં સાદા તથા નમાના હતા. ટુંકમાં મરહુમ શેઠ નવરોજજી ગામડયા પોતાના સદગુણો, બાહોશી, કારસાજી તથા મોટાં દીલથી કોમ તથા શેહ-રની એક મગરૂરી સમાન થઇ ગયા છે. એમની જીંદગી કેટલી ઉપયોગી તથા એમની કારકીરદી કેટલી બહોલી છે તેનો ખરો ખ્યાલ હેઠલ આપેલી તેની વીગત ઉપરથી વાંચકો મેલવી શકશે.

શેઠ નવરોજજીનું કુટુંબ.

શેઠ નવરોજજીના વડવાઓ શેઠ જમશેદજી ભીમજીભાઈ પટેલ કરીને હતા, તેવણના બે દીકરાઓ શેઠો દાદાભાઇ અને બેહેરામજી હતા જેઓ મેસરસ બેહરામજી દાદાભાઇની કંપનીના નામથી ઈંગ્રેજી અસબાબ તથા દારૂકામનો વેપાર કરતા હતા અને ૧૭૯૨ ના સાલમાં શેઠ દાદાભાઈના મરણથી શેઠ નવરોજજીના બપાવા શેઠ બહેરામજીએ એકલાએ તે વેપાર ચાલુ રાખ્યો હતો. શેઠ બેહેરામજી તા૦ ૩ જી ડીસેમ્બર ૧૮૦૩ ને દીને ૭૪ વરસની વયે મરણ પામ્યા હતા. તેવણના નાના દીકરા શેઠ જાહાંગીરજીના મરહુમ શેઠ નવરોજજી દીકરા થતા હતા.

શેઠ જાહાંગીરજી તા૦ ૩ જી અકટોબર ૧૮૪૭ ને રવીવારે સવારે થોડા દીવસની માંદગી ભોગવી મુંબઇમાં ૫૬ વરસની વયે મરણ પામ્યા હતા. તેવણ ઘણાજ ધરમાતુ મીલનશાર ને સખી હતા અને ૧૮૧૮ ના શાલમાં વેપાર અરથે કલકતા ખાતે જઇ આવ્યા હતા. એવણના પેહેલીવારના સસરા શેઠ નવરોજી મેહરજીએ પોતાના દીકરા તરીકે પોતાના જમાઇ મજકુર શેઠ જાહાંગીરજીને ઠરાવી પોતાની મીલકતોના વારસ ઠરાવી ગયા હતા. એ મીલકતો હજુર સુધી શેઠ નવરોજજીના હાથમાં રહેલી હતી. મરહુમ શેઠ નવરોજજી ગામડયાના પોતાના માતાજી બાઈ ગુલબાઇ તા૦ ૨૩ મી જુલાઇ ૧૮૯૩ ને દીને મરણ પામ્યાં હતાં. શેઠ નવરોજજી ગામડયા ક્રીથના ફરામરોજ નશરવાનજી પટેલનાબી કુટંબી થતા હતા.

શેઠ નવરોજી જાહાંગીર ગામડયાની શેહાદી ૧૫ વરસની વયે મુંબઇમાં અતરેના જાણીતા શેહેરી શેઠ કાવશજી અરદેશર સાહેરના બેટી બાઈ માણેકબાઇ સાથે સને ૧૮૫૯ ના સાલમાં થઇ હતી. એવણ પોતાની પાછળ પાંચ દીકરાઓ શેઠો બેહેરામજી, જમશેદજી, જાહાંગીર, સોરાબજી અને કુંવરજી તથા એક બેટી બાઇ નવાજબાઇ મેલી ગયા છે. એઓ સરવે જણાઓએ યુનીવરસીટીની ઉંચી કેળવણી લીધી છે. એવણના વડા બેટા શેઠ બેહેરામજી મુંબઇની યુનીવરસીટીમાંથી ૧૮૯૦ ના સાલની આખેરીએ લેટીન ભાશા સાથે બી. એ. થયા હતા, અને તેવણ હાલ પારસી મેત્રીમોનીયલ કોરટના ડેલીગેટ તેમજ અનેક ખાતાંઓમાં પોતાના પીતાની જગાએ જોડાયા છે. એવણના બેટા શેઠ જાહાંગીર ઇંગ્રેજી અને ફ્રેંચ સાથે ૧૮૯૮ ના સાલની શરૂઆતમાં એમ. એ. થયા હતા; જ્યારે એક બેટા શેઠ સોરાબજીએ પણ ૧૯૦૭ ના સાલમાં એમ. એ. ની પદવી ફ્રેંચ ભાશા સાથે મેલવી હતી.

શેઠ નવરોજજીની જાહેર કારકીરદી.

મુંબઈની પારસી પંચાયતના એક માનવંત ત્રસ્ટી અને જાણીતા લખેસરી શેહેરી શેઠ નવરોજજી જાહાંગીર ગામડયાનો જનમ રોજ ૧૩ મો તીર યઝદ માહ ૫ મો અમરદાદ અમસાસપંદ શેહેનશાહી માહા ૬ ઠો શેરેહવર અમસાસપંદ કદમી ૧૨૧૪ યઝદેજરદી, તા૦ ૭ મી ફેબરવારી સને ૧૮૪૫, હીંદુઓના સંવત ૧૯૦૧ ના માહા શુદ ૧ ને વાર શુકરને દીને થયો હતો અને એવણનું અકાળ મરણ રોજ ૧૪ મો ગોશ યઝદ માહ ૧૧ મો બહમન અમસાસપંદ શેહેનશાહી માહા ૧૨ મો અસપંદાદ અમસાસપંદ કદમી ૧૨૮૫ યઝદેજરદી, તા૦ ૨૧ મી જુલાઈ સને ૧૯૧૬, હીંદુઓના સંવત ૧૯૭૨ ના અસાડ વદ ૭ ને વાર શુકરને દીને નીપજવાથી એવા સાહેબ ૭૧ વરસને ૬ મહીનાની ઉમરે મહાલક્ષમી વોરડન રોડ ઉપરના પોતાના બંગલામાં બેહેશતનશીન થયા હતા. એવણ હારટ ડીઝીઝથી છેલ્લા કેટલોક વખત થયા પીડાતા હતા અને ઘણા ચાંપતા ઉપાયો છતાં એવણનું મરણ નીપજ્યું હતું.

શેઠ નવરોજજીએ પોતાના વખતને અનુસરતી ઉંચી કેળવણી લેવા પછી એવણ પોતાને વારસામાં મલેલી એસ્ટેટનો વહીવટ ચલાવવા લાગા હતા, જેમાનો માહાલક્ષમીનો ડુંગર એવણના સાહસીકપણાથી આજે લખો રૂપ્યાની કીંમતનો ગણાય છે. પોતાની બોહોલી એસ્ટેટનો વહીવટ કરવા સાથે મોટા પાયા ઉપર વેપાર કરવાનો શરૂ કીધો હતો અને તેજ વખતથી જાહેર જીંદગી ગુજારવા લાગા હતા.

શેઠ નવરોજજી જમાનાને અનુસરતા વીચારો ધરાવવા છતાં ધરમની બાબદમાં ચુસત વીચારના દીનઆઇનની ફરજ તરફ મુસતકીમ અને પોતાના પાક મહજબ તરફ ઉંડુ આકીન ધરાવતા હતા. એવણ પાકટ, ઠરેલ વીચારોના અનુભવી અને દુરઅંદેશ હતા. મરહુમ લક્ષાપતી અને મોટા જાગીરદાર ઉપરાંત આપણાં શેહેરના એક કુનેહબાજ વેપારી અને જાહેર શેહેરી હતા. અનેક પારસી તથા બીજાં જાહેર ખાતાંઓ સાથે સંબંધ ધરાવીને એવણે કોમની તેમજ શેહેરની ઉપયોગી સેવા બજાવી હતી. એ ભલા જરથોશતીના મરણથી પારસી કોમે પોતાનો એક માનવંત આગેવાન, મુંબઇની કોરપોરેસન, પોર્ટ ત્રસ્ટ અને સીટી ત્રસ્ટે પોતાનો એક અનુભવી, કાબેલ અને ગણત્રીબાજ ગોઠીઓ, પારસી પંચાયતે એક ધરમચુસ્ત ત્રસ્ટી અને બેંક, લીમીટેડ કંપનીઓ અને બીજા ધંધાદારી ખાતાંઓએ પોતાનો કીમતી મીત્ર, સલાહકાર, મદદગાર ગોઠીઓ ખોહયો છે. એવા એક ઉધ્યોગી અને ઉપ્યોગી શેહેરીના મરણથી મુંબઇને ખરેખર ખોટ ગઈ છે.

શેઠ નવરોજજી ઘણી ખરતલ અને સખત મેહનત કરનારા હતા અને પોતાના બોહોલા અનુભવને લીધે એવણે ૨ તથા જીન કાંટવાના તથા દાબવાના કારખાનાઓ પોતાની ખાનગી માલેકીના તેમજ જોઇંટ સ્ટોક કંપનીઓ હસ્તક કાઢી વરસોવરસ પોતાના સાહસમાં સારો ઉમેરો કરતા જતા હતા. વળી એવણની કામકાજ કરવાની શકતી ઘણીજ તીકશન હતી, જેની સાબેતી એવણે પોતાના મરણ સુધી સંખ્યાબંધ જાહેર ખાતાંઓ, મંડળોમાં ભાગ લઈ આપેલી કીમતી મદદપરથી જણાય છે. એવણનો મુખય નીયમ કરકસરનો હતો તેથી જે જે જાહેર કંપનીમાં એવણ જોડાયલા હતા તેનાં કારોબારમાં બારીક તપાસ કરી તેને ફાયદાકારક રીતે ચલાવતા હતા. જે કામ માટે એવણ મત બાંધતા તે માટે પેહલાથીજ પુખત વીચાર કરીને મત આપતા હતા અને તેને ચીત્રતાઇથી છેલ્લે સુધી સવત્રંત્રપણે વલગી રહીને કામ કરતા હતા. આકોલા, ચેટમાહાલ, નાગપોર તથા નીઝામ સ્ટેટમા જાલના, હેદરાબાદ વગેરે દેશાવરોમાં લગભગ ૨૦ ઉપર મથકો ખાતે શેઠ નવરોજજીએ પોતાના ખાનગી ૨ દાબવાના પ્રેસો તથા જીનના કારખાના ખોલી હજારો ગરીબોને નોકરી ધંધે લગાડયા હતા. એજ મુજબ ભરૂચ, ધુલ્યા વગેરે ઘણા મથકો ખાતે જીનીંગ ફેકટરીઓ ચાલુ કરી નફાકારક રીતે ચલાવતા હતા.

શેઠ નવરોજજીએ કરેલી સખાવત.

શેઠ નવરોજજીએ પોતાના માતાજી તથા પીતાજીના પુણ માટે ૧૮૯૪ના સાલમાં રૂ૮૦૦૦ મુંબઇની પારસી પંચાયત હસ્તકની આંધળા લુલાની ધરમશાળાના અને લાચાર જરથોસ્તી તથા વીધવાઓના ફંડમાં આપ્યા હતા. એવણે પોતાના બાવા શેઠ જાહાંગીરજીના પેહલા સસરા શેઠ નવરોજી મેહરજી તથા સાસુ બાઈ મોટીબાઇના પુણ માટે રૂ૫૦૦૦ ૧૮૯૮ માં મુંબઇની પારસી પંચાયતના ઉપલાજ ફંડમાં આપ્યા હતા. એમના મમાવા મરહુમ શેઠ કુવરજી હોરમજી ભાભા તથા મરહુમ મમાઇ બાઈ નવાજબાઇના પુણ માટે ૧૯૦૨ ના સાલમાં રૂ૫૦૦૦ શેઠ નવરોજજીએ નાચાર આંધળાં લુલા જરથોસ્તીઓની ધરમશાળામાં આપ્યા હતા. એવણે પોતાના મરહુમ બપાવા શેઠ બેરામજી તથા મરહુમ બપાઈ બાઈ માણેકબાઈના પુણ માટે ૧૯૦૩ મા રૂ૫૦૦૦ ઉપલાજ ધરમખાતામાં આપ્યા હતા. શેઠ નવરોજજીના ધણીયાણી બાઇ માણેકબાઈ તા૦ ૭ મી નવેમબર ૧૯૧૦ ને દીને બેહેસતનશીન થયાં ત્યારે એવણનાં થયલાં ઉઠમણામાં શેઠ નવરોજજીએ તથા કુટુંબે રૂ૨૫૦૦૦ આપયા હતા, એમાંથી મરહુમના પુણ માટે ૧૯૧૧ ના જાનેવારી માસમાં શેઠ નવરોજજીએ રૂ૫૦૦૦ નાચાર આંધળા લુલા જરથોસ્તીઓની ધરમશાળામાં આપ્યા હતા. તેમજ વલસાડની શેઠ ચીનાઇવાલી દરેહમેહરનું મકાન બીસમાર હાલતમાં આવવાથી એ મકાન નવેસરથી લગભગ રૂ૧૩૦૦૦ ખરચી રોજ ૩ જો માહા ૨ જો ૧૨૮૨ યઝદેજરદીને દીને બંધાવી આપ્યું હતું.

શેઠ નવરોજજીના એક દીકરા મરહુમ શેઠ રૂશતમજી જેવણે યુનીવરસીટીની ચઢતી કેળવણી લઇ એમ. એ. ની પરીક્ષા પસાર કીધી હતી, તેવણ તા૦ ૨૪ મી ફેબરવારી ૧૯૧૦ ને દીને ૨૭ વરસની

ઉમરે એકાએક હારટ ફેલ થવાથી બેહેસતનશીન થયા ત્યારે એવણુના થયલા ઉઠમણામાં શેઠ નવરોજજી તથા કુટુંબે રૂ૨૫૦૦૦ આપ્યા હતા, એમાંથી મરહુમના પુણ્ માટે શેઠ નવરોજીએ રૂ૫૦૦૦ મુંબઇની પારસી પંચાયતને આપ્યા હતા કે એનું વ્યાજ મરહુમ શેઠ રૂશતમજીની બાજને દીને દરાનબાજ કરાવી ચોપાટીની આંબળાં પાંગલાંની ધરમશાળાના જરથોરતીઓને જમાડી તથા તેઓને તે દીવસે એક જોડ કપડાં આપવામાં વાપરવા તેમજ લાચાર જરથોસ્તી રવાનોને અવલમંજલ પુગાડવાના ફંડમાં આપવા જણાવ્યું હતું.

શેઠ નવરોજજી છેલ્લા ૩૦ વરસથી વધારે મુદત સુધી મુંબઇની જરથોસ્તી છોકરીઓની નીસાળ મંડળીની કારોબાર મંડળીના સભાસદ, ૨૫ વરસ સુધી તેના ઓનરરી ખજાનચી અને છેલ્લાં ઘણાં વરસો સુધી એ ખાતાંના સરનશીન હતા અને તેના કારોબાર ઉપર એવણુ ઉલટથી બારીક ધ્યાન આપી આગેવાન ભાગ લેતા હતા. એ મંડળીની ચંદનવાડી ખાતેની સ્કુલ માટે એક મોટું મકાન બંધાવી આપવા માટે રૂ૫૦૦૦૦ ની. નાદર રકમ ગયે વરસે એવણે આપી છે, એમાંથી હમણા વાડયાજીનાં આતસબેહરાંમ પાસે પ્રીનસેસ સ્ટ્રીટમાં મકાન બાંધવાનું કામ શરૂ થઈ ચુકું છે જે થોડા વખતમાં ખુલ્લું મુકવામાં આવશે.

શેઠ નવરોજજીએ પારસી કોમના લાભ માટે બીજી અનેક નાની મોટી સખાવતો કીધી છે તેમાં નીચલા ફંડો મુખ્ય છેઃ—સ્ત્રી તબીબોની મદદ દેશી ઓરતોને આપવા અને તેઓ માટે એક જુદું દવાખાનું ઉઘાડવા વગેરેનાં ફંડમાં ૧૮૮૩ માં રૂ૨૦૦, એજ સાલના જુલાઈ માસમા સુરતની રેલથી નાશ પામેલાંઓને મદદ કરવાના ફંડમાં રૂ૧૦૦, વાઇસરોય લોરડ રીપનની યાદગારીના ફંડમાં રૂ૨૫૦, કદમીના વડા દસતુરનાં નીભાવ ફંડમાં ૧૮૬૪ માં રૂ૧૦૦, બંગાળ ઇલાકાના દુકાળ ફંડમાં ૧૮૬૬ માં રૂ૨૦૦, મરહુમ શેઠ રૂસતમજી જમશેદજી જીજીભાઇના યાદગારીના ફંડમાં રૂ૧૦૦, પંચાયતના મુકદમાના ફંડમાં ૧૮૭૪ માં રૂ૧૦૧ અને ઇરાનના ધરમના ફંડમાં રૂ૧૦૧. એ ઉપરાંત ભરૂચ ખાતે નદી કીનારે એવણુના મરહુમ સાવકાં માતાજીની નૈયતે જે કુઇ બાંધેલી છે તેનો હવાડો ભરાવવાનો ખરચ આજ વરસો થયાં એવણુ આપતા હતા.

નામદાર સરકારે શેઠ નવરોજજીને નેમી આપેલું માન.

શેઠ નવરોજજીને જસ્તીસ ઓફ ધી પીસ યાને સુલેહના અમલદાર તરીકે નામદાર સરકારે લગભગ ૩૫ વરસની વાત ઉપર નેમયા હતા અને ૧૯૦૪ ના મે માસમાં એવણુની ઓનરરી મેજીસ્ટ્રેટ તરીકે નેમણુક કીધી હતી. મરહુમ તા૦ ૨૩ મી અકટોબર ૧૮૮૪થી મુંબઇની પારસી ચીફ મેત્રીમોનીયલ કોરટના એક ડેલીગેટ તરીકે નેમાયા હતા, જે ઓધો એવણે મરણ સુધી ભોગવ્યો હતો. મરહુમ શેઠ જમશેદજી નશરવાનજી તાતાએ રૂ૩૦ લાખની મીલકતો સાયનસ ઇનસટીટયુટના સંબંધમાં સરકારને સવાધીન કરી છે, તે મીલકતોનો વહીવટ કરવા સરકારે નેમેલી બોરડ ઓફ મેનેજમેંટમાં હીંદી સરકારે એવણુને એક મેમબર તરીકે નેમયા હતા.

શેઠ નવરોજજીની જાહેર ખાતાઓમાં થયલી નેમણુકો.

શેઠ નવરોજજીની મોટામાં મોટી ખુબી એઓની ગણત્રી હતી. વેપાર વણજમાં એવણુના જેવા ખરા ગણત્રીબાજ થોડાજ હશે. એઓની એ ખુબીનો લાભ ઘણાઓએ લીધો હતો અને જાહેર મોટાં ખાતાંઓમાં એઓની સલાહ ઘણી વજનદાર થઇ પડતી હતી. મ્યુનીસીપાલ કોરપોરેશનમાં એઓ હંમેશા પ્રજા તરફથી લડતા હતા અને પ્રજાકીય પક્ષની તરફેનમાજ હંમેશા મત આપતા હતા. કોરપોરેશનની કમીટીઓમાં એઓ એવું સંગીન કામકાજ બજાવતા હતા કે કોઇબી કમીટી ભાગ્યેજ એવી નેમાઇ હશે કે જેમાં શેઠ નવરોજજીનું નામ ન હોય. કોરપોરેશનના મેમબર તરીકે એવણુ જેટલા ઉપેયોગી નીવડયા હતા તેટલાજ મુંબઇના એક પોરટ ટ્રસ્ટી તરીકે આપણી પોરટ ટ્રસ્ટ બોરડમાં મદદગાર થઇ પડયા હતા અને ત્યાં બજાવેલી સેવા લાંબી અને ઝળકતી હતી.

પોરટ ટ્રસ્ટમાં શેહેરની ખીળવણી માટેની અનેક જંગી મોટી યોજનાઓમાં એવણે પોતાની કુનેહ, દુરઅંદેશી, પાકટ બુદ્ધી, ડહાપણ અને અનુભવનો આપેલો હીસ્સો કાંઇ નાનો નથી. ઇમપરૂવમેંટ ટ્રસ્ટ બોરડના એક ટ્રસ્ટી તરીકે એવણે આપણાં શેહેરના સુધારાનાં કામમાં પણ સ્વતંત્ર રીતે ઘણો ઉપ્યોગી હીસ્સો આપયો હતો. શેઠ નવરોજજીને મુંબઇની મ્યુનીસીપલ કોરપોરેશનના મેમબર તરીકે કર ભરનારાઓ તરફથી કોટ વારડમાંથી સને ૧૮૯૨ ના જાનેવારીથી ચુંટી કાઢવામાં આવયા હતા. તેમજ સીટી ઈમપરૂવમેંટ ટ્રસ્ટના વરસો થયા એક મેમ્બર તરીકે અને પોરટ ટ્રસ્ટના તા૦ ૨૯ મી ડીસેમ્બર ૧૮૯૮ થી ટ્રસ્ટી તરીકે એવણની નેમણુક થતી હતી.

શેઠ નવરોજજી હીંદના સ્વદેશી ઉધ્યોગ હુનરને પોતાથી બનતી મદદ કરતા હતા અને એ ઉધ્યોગને ઉતેજન આપવા માટે એવણે સ્વદેશી ધોરણ ઉપર "ધી ઇંડયન મરકનટાઇલ ઈનશયુરંસ કંપની" અને "બોમ્બે મરચંટસ બેંક" સ્થાપ્યાં હતાં અને તેની બોરડ ઉપર એવણ ડીરેકટર તરીકે પોતાના મરણ સુધી ચાલુ રહયા હતા.

શેઠ નવરોજજી પોતાની જાતી મેહનત ઉલટ અને કાળજીથી ઘણી જાહેર ભાગીદારી કંપનીઓને ધીકતી હાલતમાં લાવયા હતા. એ સબબને લીધે એવણ અનેક મોટી કંપનીઓના ડીરેકટર હોવા ઉપરાંત તેના પ્રમુખ હોવાનું બી માન મલ્યું હતું. પ્રીન્સ ઓફ વેલસ પ્રેસ કંપનીના ૧૮૭૭ માં ડીરેકટર નેમાયા હતા અને ૩૦ વરસ થયાં તેના સરનશીન હતા.વળી એવીજ બીજી ફતેહમંદ પ્રેસ અને જીનીંગ કારખાનાઓ ધરાવતી જાણીતી ન્યુ મોરીસીલ કંપનીના ૧૮૭૮ થી ડીરેકટર અને ૨૫ વરસ થયાં તેના સરનશીન હતા. એ કંપનીના હીંદુસ્તાનમા ઘણા જીનો અને પ્રેસો છે જે નોરથ વેસટ પ્રાંતોમાં ઇતાવા, હોડલ, બીરારમાં ખામગામ, શેગામ, કારંજા, મુરતીઝાપોર, મધ્ય પ્રાંતનાં કાંતોલ, રજપુતાનાના કેકારી, કોસી, પંજાબના કારોર, તેમજ ઉમરાવતી, ધુલ્યા, શીરપુર, જલગામ વગેરે ઇલાકાના ઘણા ભાગોમાં આવેલા છે. ધી બોમ્બે બરમાં ટ્રેડીંગ કારપોરેશનના એવણ છેલ્લા ૩૦ વરસ થયા એક ડીરેકટર હતા, કે જે કંપની આજના વખતની એક મોટામાં મોટી સથાનીક કંપની છે અને દર સાલ રૂપ્યા દોઢથી બે કરોડનો વહીવટ કરે છે. મજકુર કંપની સાથે મલીને મરહુમે "ઇસ્ત ઇંડીયા રબર કોરપોરેશન" નામની મોટી રબર કંપની સ્થાપી હતી અને તેના એવણ ડીરેકટર હતા.

શેઠ નવરોજજીએ પારસી કોમને લગતા ઘણા ધરમખાતાંઓ તથા મંડલો વગેરેમાં જોડાઇ પોતાની બાહોશીથી તેને આગળ વધારવામાં સારો હીસ્સો આપ્યો હતો, તેમાં નીચલા મુખ્ય છે.

શેઠ નવરોજજીને મુંબઇની પારસી પંચાયતના એક ટ્રસ્ટી તરીકે તા૦ ૨૪ મી મારચ ૧૯૧૧ ને દીને ચુંટી કાઢવામાં આવ્યા હતા. એવણ પોતાના ખાનદાનમાંથી પારસી પંચાયતના પાંચમાં મેમબર હતા. પહેલા એઓના બાવાના કાકા શેઠ દાદાભાઇ જમશેદજી ગામડીયા આગલી પારસી પંચાયતના અંજુમને ચુંટી કહાડેલા અકાબર હતા. શેઠ દાદાભાઇ ગામડીયા તે વેળાએ દાદા ગામડીયાના નામથી ઘણા જાણીતા હતા અને ૧૭૫૨ માં મરણ પામ્યા હતા તેથી એ ખાનદાનને પંચાયત સાથે ઘણો જુનો સંબંધ છે. એઓ પછી એઓના નબીરા શેઠ ફરામજી નશરવાનજી ગામડીયા જેઓએ પછવાડેથી પટેલની ઓળખ ધારણ કરી હતી તેઓ ઘણા વરસો સુધી પંચાયતના ટ્રસ્તી હતા અને એ શેઠના મરણ પછી એઓની જગાએ એઓના બાયકીવાળા પુત્ર શેઠ સોરાબજીની નેમણુક થઈ હતી. એ મુજબ એ ખાનદાનના ત્રણ સાહેબો થયા હતા. હવે બીજી ગમથી મરહુમ શેઠ નવરોજજી જા. ગામડયાના બાવાના પહેલીવારના સસરા શેઠ નવરોજજી મેહેરજી જેઓએ પોતાના જમાઇ શેઠ જાહાંગીરજીને પોતાના દીકરા ઠરાવી ગયા હતા તેઓ પણ સને ૧૮૦૦ના સાલ આગમજથી મુંબઇની પારસી પંચાયતના ચુંટી કહાડેલા અકાબર હતા. શેઠ નવરોજજી મેહેરજી સને ૧૮૨૧ માં ગુજરયા ત્યારે એઓની જગાએ સને ૧૮૨૩ માં નેકનામ પહેલા બારોનેટ જેઓ તે વેળાએ સાદા જમશેદજી જીજીભાઈ હતા તેઓની ચુંટણી અંજુમને કરી હતી એ ચુંટ;

ણીથી ઠરાવવાનું કામ તે વેળાએ છેલ્લુંજ થયલું હતું. તયાર પછી ચુંટણી પાછી નામદાર જડજ સર દીનશા ધનજીભાઇ દાવરના નામાંકીત ચુકાદાથી થઇ હતી. એ મુજબ શેઠ નવરોજજી ગામડીયા પોતાના બાપીકા ખાનદાન તથા કરી લીધેલા ખાનદાનમાંથી પાંચમાં સભાસદ નેમાયા હતા.

શેઠ નવરોજજી કદમી પંથના એક આગેવાન હતા અને દસ્તુર દીનશાહ જીવણજી ગરડાની નેમણુંક કરવા માટે એવણે મોટો ભાગ લીધો હતો. એવણ અત્રેની મુલ્લાં ફીરોઝ કેતાબખાનાના એક કારોબારી તથા ૧૮૮૫ થી તેના ખજાનચી અને છેલ્લે એ ખાતાના સરનશીન હતા. એજ કેતાબખાનાની પુંજી સાચવવા માટે ૧૮૮૩ ના સાલમાં એક ત્રસટદીડ થયું હતું તેમાં શેઠ નવરોજજીને ત્રસટી નેમયા હતા. વળી મુલ્લાં ફીરોઝ મદરેસાની કારોબાર મંડળીના લાંબી મુદતના સભાસદ તથા સરનશીન હતા. કદમી દસતુર નીભાવ ફંડના એવણને એક ત્રસટી ૧૮૮૬ ના સાલના ત્રસટદીડની રૂએ નેમવામાં આવયા હતા તેમજ કદમી ધરમખાર ફંડના ત્રસ્ટી હતા. તે અગાઉ સુરતના રૂસતમપરાના ગહમબાર મુકતાદ વીગેરેનાં ફંડના એવણને પોતાનાં મમાવાની જગાએ એક ત્રસ્ટી તરીકે ૧૮૭૪ ના સાલમાં ઠેરવવામાં આવયા હતા. શેઠ નવરોજજી મુંબઇના જરથોસ્તીઓના મરણ વખતના અરસપરસ લાભના ફંડના ૨૫ વરસ થયા કારોબારી અને ૧૫ વરસ થયા તેના પ્રમુખ હતા અને એની સભાઓમાં હમેશા નીયમીત હાજરી આપતા હતા. શેઠ મેરવાનજી ફ્રામજી પાંડેના સેનીટેરીયમ તથા ધરમખાતાંના છેલ્લા નજદીક ૨૫ વરસ થવાં ત્રસટી અને નેટીવ જનરલ ડીસપેનસરીની કારોબાર મંડળીના છેલ્લાં ૨૦ વરસ થયાં સભાસદ હતા.

શેઠ નવરોજજીની પાયદસ્ત તથા ઉઠમણાની થયલી ક્રીયા.

શેઠ નવરોજજીની પાયદસતની ક્રીયા એવણના પેડર રોડ ઉપરના બંગલામાં કરવામાં આવી હતી. તે વખતે મરહુમને સેવટનું માન આપવાને પારસી બાનુઓ તેમજ ગ્રહસ્થોની મોટી સંખ્યા હાજર થવા ઉપરાંત બીજી કોમવાળાઓ પણ જણાયા હતા. શેઠ નવરોજજી જે જે ખાતાંઓ તેમજ કંપની સાથ સંબંધ ધરાવતા હતા, તેમાંના ઘણાખરા ખાતાઓ તથા કંપનીઓની હાફીસો મરહુમના માનમાં બંધ રાખવામાં આવી હતી.

મરહુમ શેઠ નવરોજજી જાહાંગીર ગામડીઆનાં ઉઠમણાંની ક્રીયા એવણનાં મકાનમાં કરવામાં આવી હતી, જે વેળા મોટી મીજલસ ભેગી મળી હતી. ઉઠમણાંની શેહેનશાહી ભણતરની ક્રીયા નવસારીવાળા વડા દસતુરજી કેકોબાદજી દારાબજી માહીયારજીએ અને કદમી ભણતરની ક્રીયા કદમી ટોળાના વડા દસતુરજી દીનશાજી જીવનજી ગરડાએ કરી હતી. ક્રીયા પુરી થવા પછી મરહુમ શેઠ નવરોજજીના પુણ માટે એવણની પુંજીમાંથી તેમજ છોકરાઓ અને કુટુંબ તરફથી રૂ૨૮૮૬૫૦ ની નાદર રકમ નીચે મુજબ સખાવતમાં આપવામાં આવેલી જાહેર કરવામાં આવી હતીઃ—

	રૂપીઆ.
મરહુમ શેઠ નવરોજજી જાહાંગીર ગામડીઆની પોતાની પુંજીમાંથી	૨૫૭૦૦૦
મરહુમના દીકરા શેઠ બેરામજી તરફથી	૫૦૦૦
મરહુમના દીકરા શેઠ જમશેદજી તરફથી...	૫૦૦૦
મરહુમના દીકરા શેઠ જાહાંગીરજી તરફથી...	૫૦૦૦
મરહુમના દીકરા શેઠ સોરાબજી તરફથી	૫૦૦૦
મરહુમના દીકરા શેઠ કુંવરજી તરફથી	૫૦૦૦
મરહુમનાં દીકરી બાઇ નવાજબાઇ તરફથી	૨૦૦૦
મરહુમના વહુ બાઇ પુતલીબાઇ તે શેઠ હોરમસજી મનચેરજી કામાના બેટી તરફથી ...	૨૦૦૦
મરહુમના બેન બેહેસતનશીન બાઈ પીરોજબાઇ નવરોજજી શાહેરની પુંજીમાંથી ...	૫૦૦
મરહુમના બેન બેહેસતનશીન બાઇ પીરોજબાઈ નવરોજજી શાહેરના છોકરાંઓ તરફથી મામાના પુણ અરથે	૫૦૦

	રૂપીઆ
મરહુમના ખેશી શેઠ ફરામજી કાવસજી બેનેટ તરફથી	૨૦૦
મરહુમના ખેશી બાઇ સુનાબાઇ રૂસતમજી ઇજનેર તરફથી	૧૦૦
મરહુમના ખેશી નવાબ સાહેબ સોરાબજી જમશેદજી ચીનાઈ તરફથી	૧૦૦
નવાબ સાહેબ સોરાબજી ચીનાઇનાં ધણીઆણી બાઇ ગુલબાઈ તરફથી... ...	૫૦

ઉપર જણાવેલા રૂપ્યા કયા ધરમખાતામાં આપવા તે હવે પછી જણાવવામાં આવશે.

મરહુમના બેન બેહેસતનશીન બાઇ જાઇજી ખરશેદજી બેરામજી ભાભાની પુંજીમાંથી તેવણના છોકરાંઓ તરફથી જરથોસતી છોકરીઓની નીશાળ મંડળીહુંહસતકની બાઇ માણેકબાઈ નવરોજી ગામડીઆ સકુલના ફંડમાં...	૧૦૦૦
મરહુમના જાની મીત્ર ભરૂચવાળા શેઠ રૂસતમજી હોરમસજી વખારીઆ તરફથી રૂ૭૫ પારસી જનરલ હાસપીટલમાં અને રૂ૫૦ ડા૦ માસીના હાસપીટલમાં મળી...	૧૨૫
મરહુમના દોસત શેઠો દીનશાહ ફરદુનજી એંડ બ્રધરસ તરફથી રૂ૨૫ પારસી જનરલ હાસપીટલમાં અને રૂ૨૫ ડા૦ માસીના હાસપીટલમાં મળીને	૫૦
મરહુમના દોસત શેઠ મનચેરશાહ સોરાબજી વખારીઆ તરફથી પારસી જનરલ હાસપીટાલમાં	૨૫

મરહુમ શેઠ નવરોજજી જાહાંગીર ગામડીઆનાં પાછલી રાતના ઉઠમણામાં રૂ૧૪૦૦ ભરાયા હતા તેની વીગત:—

મરહુમ શેઠ નવરોજજીની પુંજીમાંથી	૧૧૦૦
મરહુમના ખેશીઓ બેહેસતનશીન શેઠ નશરવાનજી કાવસજી વાછાગાંધીનાં છોકરાંઓ તરફથી ધી બમનજી દીનશાહ પીટીટ પારસી જનરલ હાસપીટલનાં ફંડમાં ...	૨૦૦
મરહુમના ખેશી શેઠ નવરોજજી સોરાબજી બંગાલી તરફથી પારસી એસોસીએશન હસતકનાં લડાઇ બેકારી ફંડમાં	૧૦૦

મરહુમ શેઠ નવરોજજીનું ઉઠમણું ભરૂચ ખાતે એવણનાં દોસ્ત શેઠ રૂસ્તમજી હોરમસજી વખારીઆએ જમશેદ બાગ મધે વખારીઆ દરેહમહેરમાં કરયું હતું તે વખતે એમના પુણ માટે નીચે મુજબ રૂ૧૨૫ ભરૂચની પારસી પંચાત હસ્તકનાં જુદાં જુદાં ધરમાદા ફંડોમાં આપવામાં આવ્યા હતા:-

શેઠ રૂસતમજી હોરમસજી વખારીઆ	૭૫
શેઠ આદરજી નવરોજજી મારસલ	૫
શેઠ નાનાભાઇ બેજનજી શેઠના...	૫
શેઠો દીનશાજી ફરદુનજી એન્ડ બ્રધરસ	૨૫
શેઠ મનચેરશા સોરાબજી વખારીઆ	૧૫

શેઠ નવરોજજીના મરણ માટે મ્યુનીસીપાલીટીએ મોકલેલો દીલાસાનો પત્ર.

મુંબઇની મ્યુનીસીપલ કોરપોરેશનની એક સભા તા૦ ૩૧ મી જુલાઇ ૧૯૧૬ ને દીને પાછલા પોહોરના ૩ કલાકે મયુનીસીપલ કાઉંસીલ હોલમાં આનરેબલ મી૦ ચુનીલાલ વીજભુખણદાસ મેહેતાના પ્રમુખપણા હેઠળ મળી હતી. શરૂઆતમાં પ્રમુખે મરહુમ શેઠ નવરોજજીની તારીફમાં કેટલુંક વીવેચન કરવા પછી ઓનરેબલ શેઠ દીનશાહ એદલજી વાછાએ મરહુમ શેઠ નવરોજજીના મરણ માટે કોરપોરેશન તરફની દલગીરી બતાવનારો નીચલો ઠરાવ રજુ કરયો હતો:—

૧—"આ કોરપોરેશને આપણા વખણાયલા ગોઠયા મી૦ નવરોજી જાહાંગીર ગામડીયાના ગઈ તા૦ ૨૧ મી જુલાઇ ૧૯૧૬ ના દીવસે નીપજેલાં મરણની ખબર ઘણી દલગીરી સાથે સાંભળી છે. તેવણે આ કોરપોરેશનના ૨૪ વરસવેર એક સભાસદ તરીકે રહી તથા આપણી કોરપોરેશન તરફના મુંબઇના શહેર સુધારા ત્રસટની બોરડ ઉપર એક પ્રતીનીધી તરીકે નવ વરસવેર રહી તેમજ સામાનય રીતે ઘણા કામમાં એક જાહેર જુસસાવાળા ચંચળ શહેરી તરીકે આ શહેરની ઘણી ઉપયોગી સેવા બજાવી હતી.

૨—આ ઠરાવની એક નકલ મરનારના કુટુંબ ઉપર તેઓના ઉપર આવી પડેલાં દુખમાં કોરપોરેશન તરફનો દીલાસો બતાવવા માટે મોકલી આપવી.

૩—મરહુમના સંબંધમાં તેમની તરફના માનની ઇધાણી તરીકે આજની સભા કંઇપણ કામકાજ કરવા વગર મુલતવી રાખવી."

ઓનરેબલ શેઠ વાછાએ દરખાસતના સંબંધમાં બોલતાં કોરપોરેશનના એક સભાસદ તરીકે કોટ વારડના કર ભરનારાઓ તરફની ચુંટણી મધે છેલ્લા ૨૪ વરસ થયાં મરહુમ શેઠ નવરોજજી ચુંટાતા આવયા હતા અને એ કર ભરનારાઓ તરફના એક પ્રતીનીધી તરીકે તેઓના લાભ સંભાળીને કોરપોરેશનમાં ઉપયોગી સેવા બજાવતા રહયા હતા તથા હમેંશા પ્રજા લાભના સવાલોમાં એવણ તેની તરફથી ઉભા રહેતા તે વીશે વીવેચન કરી ઇમપરૂવમેંટ ત્રસટ બોરડમાં કોરપોરેશન તરફના એક પ્રતીનીધી તરીકે એઓએ કોરપોરેશનની પક્ષે ઉભા રહીને ત્રસટની સભાઓમાં બજાવેલી સેવાના, તેમજ એક જાહેર શેહેરી તરીકેની તેમની ઉપયોગી કારકીરદી, પારસી કોમના એક અકાબર તરીકેની સેવા અને એક વેપારી તરીકે તેઓ જે કુનેહ ધરાવતા હતા અને તેથી કેટલાંક વેપારી ખાતાંઓ, પ્રેસો, જોઇંટ સટૉક કંપનીઓના અને બીજા જાહેર ફંડોના એક ડીરેકટર જીંદગીવેર રહયા હતા, તે માટે ભારે વખાણ કરયા હતા. આ દરખાસ્તને આ૦ સર ઇબરાહીમ રહીમતુલાએ તેમજ ડા૦ જહાંગીર જે. ખરશેદજીએ વધુ ટેકો આપ્યો હતો અને મરહુમની જાહેર ઉપયોગી સેવાના વખાણ કરયાં હતાં. એ પછી ઠરાવ સભા સનમુખ પ્રમુખે રજુ કરયો હતો અને સભાએ પુર ગંભીરાઇ વચે તે પસાર કરયો હતો. બાદ કોરપોરેશનનું બીજું કામકાજ મુલતવી રાખી, સભા વીખરાઇ હતી.

શેઠ નવરોજીના મરણ માટે પારસી પંચાયતે લીધેલી દલગીરીની નોંધ.

મુંબઇની પારસી પંચાયતના ત્રસ્ટી સાહેબોની એક મીટીંગ મંગલવાર તા૦ ૮ મી આગસ્ટ ૧૯૧૬ ને દીને મલી હતી, જે વખતે મરહુમ શેઠ નવરોજી જાહાંગીર ગામડયાના મરણ માટે ત્રસ્ટી સાહેબોએ નીચલો ઠરાવ કરયો હતો:—

" શેઠ નવરોજજી જાહાંગીર ગામડીયા જેવણ રોજ ૧૪ મો ગોસ માહ ૧૧ મો બહમન શેહેનશાહી, માહ ૧૨ મો અસપંદારમદ કદમી, સને ૧૨૮૫ યઝદેજરદી, શુકરવાર તા૦ ૨૧ મી જુલાઇ ૧૯૧૬ ને દીને હક થયા છે તેવણના મરણની નોંધ તેવણના હમશરીક ત્રસ્ટીઓ દીલગીરી સાથે લે છે. એવણ સાહેબ ત્રસ્ટીઓની ચુંટણીની નવી યોજના પ્રમાણે તા૦ ૨૫ મી મારચ ૧૯૧૧ ને દીને ચુંટી કઢાયા હતા. તયારથી તેવણ સાહેબે આપણા ખાતાંમાં ઘણી ઉલટ અને ઉમંગથી ભાગ લેવા માંડયો હતો. તેવણ સાહેબ સભાઓમાં નીયમીત હાજરી આપતા હતા. તેવણની એક વેપારી અને જમીનદાર તરીકેની અનુભવી સલાહ તેવણનાં ગોઠીયાઓને નાણાં અને મીલકતની વયવસ્થાની બાબતમાં ઘણી ઉપયોગી માલમ પડતી હતી. એવા એક ભલા અને ખંતીલા ત્રસ્ટીને ખોહોવા માટે તેવણના ગોઠીયા ત્રસ્ટીઓ ઘણા દલગીર છે."

ડા૦ માસીનાની હાસપીટલની ત્રસ્ટીઓની બોરડમાં શેઠ નવરોજજી સરવેથી જુના મેમબર હતા તેથી એવણના નીપજેલાં મરણની દલગીરીભરી નોંધ ડા૦ માસીનાએ પોતાના દફતરમાં લીધી હતી કે મુંબઇના જાહેર ખાતાંઓ સાથના પોતાના બોહોળા અનુભવ અને નાણા સંબંધી સવાલોની તીક્ષણ બુદ્ધીને લીધે શેઠ નવરોજજી આ હાસપીટલના નાણાં સંબંધી કારોબારમાં ઘણી ઉપયોગી અને કીમતી સેવા બજાવી ગયા છે. શેઠ નવરોજજીના મરણ માટે ભરૂચની જરથોસ્તી અંજુમને, મુંબઇના અથોરનાન મંડળે, જરથોસ્તી કોમના લાભ સાચવનારી મંડળીએ તેમજ મરહુમ સાથ સંબંધ ધરાવતા ખાતાંઓ તરફથી દીલાસાના પત્રો મરહુમના છોકરાઓ તેમજ કુટુંબ ઉપર મોકલવામા આવ્યા હતા.

શેઠ મનચેરજી શાપુરજી તાતા,

બીલીમોરાના જાણીતા સખાવતી શેઠીઆ અને કંટ્રાકટર.

ઉમર વરસ ૭૪.



જનમ---રોજ ૧૩ મો માહા ૧૧ મો શેહેનશાહી સને ૧૨૧૧ યઝદેજરદી,
તારીખ ૭મી આગસ્ટ સને ૧૮૪૧ ઈસ્વી,
સંવત ૧૮૯૮ ના શ્રાવણ સુદ ૧ ને વાર રવી.

મરણ--રોજ ૧૫ મો માહા ૧૧ મો શેહેનશાહી સને ૧૨૮૫ યઝદેજરદી,
તારીખ ૨૨ મી જુલાઈ સને ૧૯૧૬ ઈસ્વી,
સંવત ૧૯૭૨ ના આષાઢ વદ ૮ ને વાર સની.

શેઠ મનચેરજી શાપુરજી તાતાનું દુખદાયક મરણ અને તેમનું જનમ ચરીત્ર.

ગુજશતે સાલમાં મુંબઇના અરધો ડજન કરતાં વધુ નામીચા પારસી નરો ગુજર પામ્યા તે ઉપરાંત મુંબઇથી બાહેર પણ એક નામીચા પારસી જરથોસ્તી ગ્રહસ્થનું મરણ નીપજયું છે, જે પણ એક મોટી ખોટ સમાનજ છે. શ્રી બીલીમોરાના સાહસીક વતની અને ત્યાંની પંચાયતના અકાબર શેઠ મનચેરજી શાપુરજી તાતા બુઝરગ ઉમરે બેહસ્તનશીન થયા છે. મુંબઇનાં કરતાં તેમની વિખ્યાતી લગભગ આખાં ગુજરાતમાં, ખાસ કરી ગાયકવાડી રાજયમાં એટલી બધી ફેલાયલી છે, કે જેવી વિખ્યાતીનો બીજો માતબર તથા સખી શેઠયો તે તરફ થોડા મલી આવશે. મરહુમ શેઠ મનચેરજી તાતા એક Self made man એટલે જાતે બનેલા માણસ હતા. એવણે તે વખતને અનુસરતી સારી કેળવણી લઇ પોતાની જુવાની તથા જીંદગીનું મંડાણ નલ્યાં, કાઠો વગેરે જેવી ચીજના નાના વેપારથી કીધું હતું. પણ એમની જાતી બુધ્ધી એવી વિલક્ષણ હતી, તથા પોતે જાતે એવા સાહસીક તથા ગણુતરીબાજ હતા, કે તેના પ્રતાપે લખ્ખોની દોલત મેલવી, લક્ષાપતી બની, તે દોલતનો ઉપયોગ સખાવતમાં કરી એઓ બીલીમોરાના, બલકે તેનાં જોડયાં નવસારી વગેરે મથકોના એક વગવાલા તથા વખણાયલા શેઠયા થઇ ગયા છે. એમનો ખાસ ઉદ્યોગ યા રોજગાર આબકારી ઇજારાનો હતો. પ્રથમ ગાયકવાડી રાજ્યના નવસારી ખાતે અને તે પછી બીજી જગાએ લખ્ખો રૂપયાની ઉથલપાથલના એ ઇજારા રાખી, તે ફતેહમંદીથી ચલાવી એવણ ઇર્ષા કરવા જોગ દોલત તથા વિખ્યાતી મેલવી ગયા છે. એ સાહસ પ્રથમ એવણે બીજા ભાગ્યાઓ સાથે, પણ પાછલથી પોતાના ભાઇ શેઠ રતનજી શાપુરજી તાતા, જેઓ પણ તેમના જેવાજ સાહસિક તથા સખી છે, તેઓ સાથે ભાગમાં પોતાનાં મરંણ કાલ સુધી ચાલુ રાખ્યો હતો, અને જેમ ધંધો રોજગાર બંને ભાઇઓએ સાથે મલી ચલાવ્યા, તેમ સખાવતો પણ મોટે ભાગે બંને ભાઇઓએ સાથે મલીનેજ કીધી છે જે લગભગ પોણા લાખ રૂપ્યાની અંદર થવા જાય છે. બંને તાતા બીરાદરોએ ધંધા રોજગારમાં તેમજ દરેક બાબદમાં એક બીજાના મતને ટેકો આપી હંમેશા સંપમેરથી કામ કરતા રહયા હતા. એવું એકબી કામ નહી હશે જેમાં બંને ભાઇઓની સામેલગીરી સાથે નહીં હોય અને એક બીજાના મદદ વગર કરવામાં આવ્યું હોય. શેઠ મનચેરજીએ પોતાની ગીરોથી જાહેરમાં જે સખાવત કીધી છે જેની વીગત હેઠલ આપેલા એમના જનમ ચરીત્રમાં જણાવેલી છે તે પરથી જોવામાં આવશે કે એમની જાહેર થયલી સખાવતનો સરવાલો લગભગ અરધા લાખની ઉપરનો થવા જાય છે જે એમની પોતાની જાહેર સખાવત છે. તે ઉપરાંત એઓની ખાનગી સખાવત પણ ઘણી હતી, કે જેના પ્રતાપે ઘણાં હાજતમંદોને તરેહવાર રીતે રાહત મલી છે. એમની પોતાની સરવથી ઝલકતી સખાવતો બીલીમોરાના તાતા બાગની તથા ગમબારો કરવાની છે. જયારે શેઠો તાતા બીરાદરોએ કરેલી હાઇ સ્કુલની સખાવત પચાસ હજારથી વધુ રકમની છે, અને તેથી બીલીમોરાની કેળવણી સંબંધી મોટી હાજત ટલી છે, જયારે તાતા બાગ વડે બીલીમોરાના પારસી જરથોસ્તીઓનાં સારે અવસરનાં જમણો, મેળાવડા વગેરે કરવાની, તથા પારસી મુસાફરોને ઉતારો લેવાની મોટી સગવડ થઇ છે. સખી વજુદ શેઠ રતનજી તથા મરહુમ શેઠ મનચેરજી પોતાની સખાવતો વગેરે સેવાઓથી તે તરફના પારસી જરથોસ્તીઓમાં તેમ ગાયકવાડ સરકાર દરબારમાં માનીતા થઇ પડયા હતા. બીલીમોરાની પારસી પંચાયતના મરહુમ શેઠ મનચેરજી ટ્રસ્ટી હતા, અને પાછલથી ત્યાં એક અકાબરના જેવો દરજજો ભોગવવા લાગ્યા હતા. એમનાં અકાળ મરણથી બીલીમોરાએ પોતાનો

એક માનીતો મદદગાર શેઠયો, તથા પડોસનાં મથકોએ એક સાહસીક સખી વીરલો ગુમાવ્યો છે, જે સંબંધી એમની ગમગીનીમાં આપણે ભાગ લઇશું, અને મરહુમના આત્મા માટે શાંતીની દુવા ચાહી મરહુમને ઉમદા બેહેસ્તનું સુખ મલે એમ ઇચ્છીશું.

શેઠ મનચેરજી તાતાનું ખાનદાન.

શેઠ મનચેરજી બીલીમોરાના અસલ હીમ બમન, મેરજીબમન અને કાનજી બમનના અતલગના કુટુંબી વંશના થતા હતા. એવણના વડવાઓ મરહુમ શેઠ ધનજીભાઇના બેટા શેઠ નવરોજજીના વચલા બેટા શેઠ માણેકજીના નાના બેટા શેઠ જીવણજી કરીને હતા. આ મરહુમ શેઠ જીવણજીના બે બેટાઓમાંના વડા શેઠ કુંવરજીના વડા દીકરા શેઠ શાપુરજી તે હાલના મરનાર શેઠ મનચેરજીના બાવા થતા હતા. મરહુમ શેઠ મનચેરજી વડા દીકરા થતા હતા જ્યારે એવણના બીજા ભાઇ શેઠ રતનજી જેવણ ખોદાની મેહરથી હાલ હયાત છે, તેવણ બીલીમોરાના જાણીતા શેહેરી છે અને પોતાની હમકોમના તથા સારવજનીક કામમાં આગેવાન ભાગ લઇ સારી સેવા બજાવે છે.

શેઠ મનચેરજીની શેહાડી ઘણી નાધલી વયે બીલીમોરા ખાતે એવણના ફુઇના છોકરી બાઇ સુનાબાઇની સાથે થઇ હતી. બાઇ સુનાબાઇ ૧૮૯૪ ના સાલમાં બેહેસતનશીન થયા હતા તે વખતે એવણ પોતા પાછલ પાંચ દીકરીઓ બાઇઓ માણેકબાઈ, નવાજબાઇ, ભીખાઇજી, પીરોજબાઇ અને જરબાઇને મેલી ગયા હતા, એઓમાંથી બાઇ પીરોજબાઇ સીવાય સરવે હાલ હૈયાત છે. શેઠ મનચેરજીના બીજી વારના લગન બાઇ માણેકબાઈ બેરામજી મેશમેન સાથે સને ૧૮૯૫ના સાલમાં થયાં હતાં. એ લગનથી એવોને ત્યાં ૭ બેટાઓ અને ૩ બેટીઓની વરૂધી થઇ છે. એવણના વડા બેટા શેઠ નાદરશાહ પોતાના મુરબી પીતાજી તથા કાકા સાથે વેપારમાં જોડાયલા છે જયારે બીજા બેટાઓ શેઠો બરજોરજી, બેરામશાહ બહાદુરશાહ, દાદીબા અને શાપુરજી અને બેટીઓ બાઇઓ ધનબાઈ, નાજામાય અને ખોરશેદબાનુ હાલમાં ચહડ ઉતરતી ઉમરના છે અને એવો સરવે પોતાના માતાજી બાઇ માણેકબાઇ સાથે રહી સ્કુલમાં કેળવણી લેય છે. સઉથી નાધલું બચ્ચુ ત્રણ વરસની ઉમરનું છે.

શેઠ મનચેરજી તાતાની જાહેર કારકીરદી તથા કરેલો વેપાર.

બીલીમોરાની જરથોસ્તી અંજુમનના માનવંત ટ્રસ્ટી અને ત્યાના જાણીતા લખેશરી શેઠયા શેઠ મનચેરજી શાપુરજી તાતાનો જન્મ રોજ ૧૩ મો તેસતરતીર યઝદ માહા ૧૧ મો બહમન અમસાસપંદ શેહેનશાહી ૧૨૧૧ યઝદેજરદી, તા૦ ૭ મી આગસ્ટ સને ૧૮૪૨, હીંદુઓના સંવત ૧૮૯૮ ના શ્રાવણ શુદ ૧ ને વાર રવીને દીને બીલીમોરા ખાતે થયો હતો અને એવો સાહેબનું અકાળ મરણ રોજ ૧૫ મો દેપમેહર દાદાર માહા ૧૧ મો બહમન અમસાસપંદ શેહેનશાહી ૧૨૮૫ યઝદેજરદી, તા૦ ૨૨ મી જુલાઇ ૧૯૧૬, હીંદુઓના સંવત ૧૯૭૨ ના આષાઢ વદ ૮ ને વાર સનીને દીને નીપજવાથી એવણ ૭૪ વરસ ને ૩ દીવસની ઉમરે બીલીમોરા મધે પોતાના રહેવાના મકાનમાં બેહેસતનશીન થયા હતા.

શેઠ મનચેરજીએ તે વખતને અનુશરી ગુજરાતી કેલવણી લઈ જવાન વયથી નાધલા પાયા ઉપર ધંધો કરવાનો શરૂ કીધો હતો અને જાતી મહેનત તથા આપ બલથી ધીમે ધીમે આગલ વધતા જઈ મરહુમ એક મોટા આબકારી કનત્રાકટર અને વેપારી બન્યા હતા. ગાયકવાડી રાજયમાં આબકારી સીસતમ દાખલ થવા પછી શેઠ મનચેરજીએ બીજા ભાગીદારો સાથે નવશારી પ્રાંતનો આબકારી ઇજારો શરૂઆતમા ઇસ્વી શને ૧૮૮૫ ના સાલમાં રાખ્યો હતો. એ ઇજારો લગભગ ત્રીશ વરશ સુધી ચલાવ્યાબાદ એ પ્રાંતમા મદ્રાસ સીસતમ દાખલ થવાથી એ પ્રાંતનું દીશટીલીંગ કોનત્રેટ સને ૧૯૧૦ ના સાલથી એવણે પોતાના ભાઈ શેઠ રતનજી તથા બીજા ભાગીદારો સાથે મલી રાખ્યું હતું જે હજી સુધી ચાલુ છે. શેઠ મનચેરજીએ પોતાના ભાઇ શેઠ રતનજી સાથે ભાગમાં ધરમપુર સ્ટેટનો આબકારી ઇજારો સને ૧૯૦૩ ના શાલથી લઇ તે વરસો થયા ઘણી બાહોશીથી ચલાવતા આવ્યા છે. શેઠ મનચેરજી આબકારી કાયદા તથા તેને લગતી બાબદોમાં એટલી બધી

સમજ અને કુનેહ ધરાવતા હતા કે એને લગતી કાંઇબી સહલા યા મદદ માટે ઘણા હાઈસરો મરહુમ શેઠની મુલાકાત લેવાને આવતા હતા તેઓને પોતાના બોહલા અનુભવનો લાભ આપતા હતા તેથી એવણુની સહલા તેઓને ઘણી કીમતી થઇ પડતી હતી.

શેઠ મનચેરજી અને એવણુના ભાઇ શેઠ રતનજીએ આબકારી કંત્રાકટો ચલાવવા ઉપરાંત મોટા પાયા ઉપર જુદા જુદા વેપારો બી કરવા માંડયા હતા. વરસો થયા કરીયાના વગેરેનો બોહલા પાયા ઉપર જથાબંધ વેપાર ચલાવવા મુંબઇ મધે માંડવીના લતા ઉપર એવોએ પોતાની પેહેડી મેસરસ મનચેરજી અને રતનજી તાતાની કંપની નામે ઇસ્વી સને ૧૯૦૨ ના સાલથી ખોલી છે તેમજ કલકતા, મદરાસ વગેરે શેહેરો ખાતે પોતાની પેહેડીની બ્રાંનચો ઉઘાડી છે. શેઠ મનચેરજી અસાધારણ કુહને અને સમજ શકતી ધરાવતા હતા, તેથી પોતાના ધંધા તથા બીજી દરેક બાબદમા ઘણા ફાવી જતા હતા. વળી નીયમીતપણે જીંદગી ગુજારવાની જુગતી અને ધંધાપરની જાતી દેખરેખ એ મરહુમના મુદ્રા લેખ હતા. આ સબબને લીધેજ એવણુ આપબલથી નાના ધંધાથી શરૂઆત કરીને દુન્યામાં આગલ વધતા ગયા અને લાખો રૂપીયા કમાઈ તેનો સદ ઉપ્યોગ પણ પોતાને હાથેજ કરી પોતાના વતનના રહીશોના ફાયદા માટે સારી સખાવતો કરી ગયા છે. એવો સાહેબ લગભગ પોણોશો વરશની ઉમરે બેહસ્તનશીન થયા છે અને આટલી મોટી ઉમર છતા પણુ પોતાની જીંદગીના છેડા સુધી ઉપ્યોગી જીંદગી ગુજારી હતી. તેમજ કામ કરવાની શકતી એટલી બધી હતી કે તે બીજાઓને હેરત પમાડતી હતી. એવણુ પોતાની પાછલ લાખોના ધીકતા ધંધાઓ અને બહોલા પરીવારને આબાદ હાલતમાં મુકી ગયા છે.

શેઠ મનચેરજીની જુદા જુદા ખાતાઓમાં થયલી નેમણુકો.

શેઠ મનચેરજી બીલીમોરાની જરથોસ્તી અંજુમનના ધરમ ફંડોના ત્રસ્ટી હતા અને ત્રસ્ટીઓની બોરડમા એક આગેવાન કરતા કારવતા જેવા હતા. એવણુ અંજુમનના લાભો તથા હીત માટે ઘણી કાલજી ધરાવી અંજુમનના દરેક કામમા મોટો ભાગ લઇ તે પાર ઉતારવાને હમેશા મથીયા રહેતા હતા. બીલીમોરાના જરથોસ્તીઓના અરશપરશના લાભના ફંડના મરહુમ શરૂઆતથી ઇસ્વી સને ૧૮૯૧ થી પ્રેસીડન્ટ હતા. એ ફંડની એવણે શરૂઆત કરી તેના કામમાં આગેવાન ભાગ લઇ તેને આગળ વધારવા પોતાના કીમતી વખતના ભોગે સારી મદદ આપી હતી તેથી આ ફંડ આજે આબાદ હાલતમાં આવ્યું છે. એવો શેઠ બીલીમોરાની સર જમશેદજી જીજીભાઇવાલી સ્કુલની કમીટીના મેમબર તથા બીલીમોરા મ્યુનીશીપાલીટીના કાઉનસીલર હતા અને દરેક જાહેર હીલચાલમાં તેમજ સારવજનીક કામકાજોમાં આગળ પડતો ભાગ લેવાથી ત્યાની સરવે કોમમા ઘણા ઉપયોગી થઇ પડયા હતા. એમની આવી ઉપયોગી સેવાથી એવણુ પોતાની કોમનું તથા પરજાતનું સારૂ માનપાન મેલવવા ઉપરાંત સરકાર દરબારમાંથી પણુ સારૂ આદરમાન તથા વીસવાસ મેલવવા પામ્યા હતા.

શેઠ મનચેરજીની સખાવતથી બંધાયલાં મકાનો.

બીલીમોરા ખાતે બહાર દેશાવરોથી જરથોસ્તીઓ પોતાના કામકાજે આવતા તો તેઓનાં ઉતારા તથા રહેવા ખાવાની જગા જેવું સાધણુ ન હોવાથી ત્યાં આવનારાઓને ઘણી મુશીબત વેઠવી પડતી હતી, તેમજ પોતાના એ ગામમાં શાદી રામશની જેવા કામ માટેબી મુદલ સગવડ નહી હોવાને લીધે એક સારા મકાનની જરૂર જણાવાથી મરહુમ શેઠ મનચેરજીએ પોતાના હમેશના ઉદાર દીલગુરદા મુજબ પોતાની એખલાની ગીરોથી હજારો રૂપ્યાના ખરચે "ટાટા બાગ" નામે એક કુસાદે મોટું મકાન એવણુના મરહુમ બાવાજી શેઠ શાપુરજીના પુણ્ય માટે રોજ ૨૯ મો માહ ૬ ઠો ૧૨૮૧ યઝદેઝરદી ને દીને બંધાવી જાહેર વપડાસ માટે ખુલ્લું મુકયું હતું જેથી ગામવાસીઓની હમેશની હાજત પુરી પડી હતી. એ બાગમાં એક મેનેજર રાખવા વગેરેના ખરચ માટે તથા બીલડીંગના રીપેર કામ માટે એવણે ચોકશ બંદોબસ્ત કીધેલો છે.

બીલીમોરા ખાતે બીજી સઉથી મોટામા મોટી ખરી અને ઉપ્યોગી હાજત એક હાઇ સ્કુલની હતી જે મરહુમ શેઠ મનચેરજીએ પોતાના ભાઇ શેઠ રતનજી શાથે મલી પુરી પાડી છે. એ હાઇ સ્કુલના મકાન બાંધવા પાછલ રૂ૪૨૦૦૦ નો ખરચ થયો હતો, તેના અરધા રૂ૨૧૦૦૦ નામદાર ગાયકવાદ સરકારે, જ્યારે રૂ૨૧૦૦૦ મરહુમ શેઠ મનચેરજીએ અને એવણુના ભાઇ શેઠ રતનજીએ આપવા ઉપરાંત તેના નીભાવ, ફરનીચર તથા સ્કોલરશીપ વગેરે માટે બીજા વધુ રૂ૩૦૦૦૦ આપ્યા હતા. એ મકાન નામદાર ગાયકવાદના કુવર પ્રીનસ જયસીંહરાવે તા૦ ૧૦ મી મારચ ૧૯૧૬ ને દીને ખુલ્લું મુકી શેઠો તાતા બીરાડરોને શાલ ઓઢાડી હતી. વલી બીજે દીવસે બીલીમોરાની સરવે કોમ (મહાજન) તરફથી એ શેઠોને ચાંદીના કાસકેટ સાથે માનપત્ર દીવાન બહાદુર સમરથના પ્રમુખપણા હેથલ એનાયત કરવામાં આવ્યું હતું. આ બીલીમોરાની "ધી મનચેરજી અને રતનજી ટાટા હાઇ સ્કુલ"ની બીલડીંગ આખા વડોદરા રાજ્યમાની સઉથી સરસ બીલડીંગોમાની એક કહેવાય છે. આવી રીતે હાઈ સ્કુલ સ્થાપી કેળવણીની પ્રસંશા કીધી છે તેથી એઓ બંને ભાઇઓની યાદ બીલીમોરા ખાતે જાવેદાન સુધી જળવાઇ રહેશે.

શેઠ મનચેરજી શાપુરજી તાતાએ પોતાની જીંદગી દરમ્યાન કરેલી ખાનગી સખાવતનો આંકડો હજારો રૂપ્યાનો થવા જાય છે. એ ઉપરાંત એવણે પોતે એખલાએ જાહેરમાં સખાવતો કીધી હતી જે રૂ૫૭૦૦૨ ની થવા જાય છે, જે નીચલી વીગતપરથી માલમ પડશે.

	રૂપીઆ
બીલીમોરા ખાતે આદરીઆન સ્થાપવાના ફંડમા … … … …	૧૦૦૦
બીલીમોરાના તલાવના ફંડમા … … … … … …	૧૦૧
એવણુના માતાજી બાઇ નવાજબાઇના પુણ માટે વીઆરાની અગીઆરીમાં કુવો બાંધી આપ્યો તેના … … … … … … …	૨૦૦
નવસારીના દસ્તુરજી સાહેબના શનમાન ફંડમા … … … …	૧૫૦
એવણુના બહેશતનશીન ધણીઆણી બાઇ સુનાબાઇના પુણ માટે ચીચાઈ ગામમા કુવો અને હવાડો બંધાવી આપ્યો તેના … … … … …	૬૦૦
સુરતની નાનપુરાની તમનાની ધરમશાલાના ફંડમા … … … …	૧૦૦
માંડવી ખાતેની અંગ્રેજી નીશાલના જંનરલ ફંડમા … … … …	૧૦૧
ચીખલી ગામની અંગ્રેજી નીશાલની બીલડીંગ બાંધવાના ફંડમા … … …	૨૨૫૦
બીલીમોરા ખાતે ૧૯૦૮ ના સાલમાં જે "ટાટા બાગ" બંધાવી આપ્યો છે તેના બાંધકામના થયલા ખરચના તથા નીભાવ માટે આપેલા મલી … … …	૩૯૨૦૦
બીલીમોરા ગામમાં બે ગહંબાર કરવા તથા વીઆરા ગામમા એક ગહંબાર કરવા માટે બીલીમોરાની જરથોસ્તી અંજુમનને આપયા … … … …	૧૦૦૦૦
બીલીમોરા ખાતે જરથોસ્તી ધરમ કેલવણી આપવાના ફંડમા એવણુના ધણીઆણી બહેશતનશીન બાઈ સુનાબાઇના પુણુ માટે બીલીમોરાની અંજુમનને આપયા …	૧૦૦૦
બીલીમોરાની સર જમશેદજી જીજીભાઇની નીશાલના વીદ્યારથીઓને ધરમની ચોપડીઓ ઇનામ તરીકે આપવા માટે એવણુની મરહુમ છોકરી બાઇ પીરોજબાઇના પુણુ માટે બીલીમોરાની અંજુમનને આપયા … … … …	૩૦૦
ગરીબ જરથોસ્તીઓના લગણ કરવા વીગેરે પરચુટન કામો માટે આપયા હતા …	૨૦૦૦

શેઠ મનચેરજી શાપુરજી તાતાએ પોતાના ભાઇ શેઠ રતનજી શાથે મલી રૂ૬૭૬૦૩ ની જાહેરમાં સખાવતો કીધી હતી, જે નીચલી વીગતો ઉપરથી માલમ પડશેઃ—

	રૂપીઆ.
બીલીમોરાની જરથોસ્તી અંજુમનનાં ધરમખાતાંમાં રૂ૫૪૦૦ ની નીચલી ત્રણ રકમો ખાતાં પડાવી આપી હતી, તેમાં બીલીમોરાનાં આદરીઆન શાહેબની સાલગરેહ આદર મહીનો ને આદર રોજે પડે છે તે દીવસે ઉજીરન તથા અવેશાયરૂમ ગેહમાં મલી બે સુખડની માંચી ચડાવવા ય. ૧૨૭૭ નાં સાલમાં	૫૦૦
ભાઈ દારબજી રતનજી ટાટાના પુણ્ શારૂ બીલીમોરાની અંગ્રેજી તથા ગુજરાતી સ્કુલોમાં શીખતા ગરીબ જરથોસ્તીઓનાં છોકરા તથા છોકરીઓનો પગાર તથા ચોપડીઓ આપવા માટે	૪૬૦૦
પોતાનાં બેહસ્તનશીન બેન બાઇ ખુરશેદબાઇના પુણ્ શારૂ બીલીમોરાનાં આદરીઆનમાં મુકતાદ માંડવા માટે...	૩૦૦
બીલીમોરા ખાતેના "ધી મનચેરજી અને રતનજી ટાટા હાઇ સ્કુલ" નાં બાંધવામાં આવેલા મકાનના અરધા ફાલાના	૨૧૦૦૦
બીલીમોરાની "ધી મનચેરજી અને રતનજી ટાટા હાઈસ્કુલ"ના નીભાવ ખરચનાં ફાલાનાં તથા ફરનીચર માટે	૨૭૦૦૦
ધી મનચેરજી અને રતનજી ટાટા હાઇ સ્કુલમાં નામદાર સીઆજીરાવ ગાયકવાડ તથા પ્રીનસ જયસીંગરાવ ગાયકવાડનાં નામની સ્કોલરશીપો આપવા માટે	૩૦૦૦
ધી મનચેરજી અને રતનજી ટાટા હાઇ સ્કુલમાં પેહલે નંબરે પાસ થતા વિદ્યાર્થીઓને મેડલ આપવા માટે	૫૦૦
વલસાડ ખાતે ગરીબ જરથોસ્તીઓને કપડાં આપવા માટે એવણના મરહુમ બેન બાઇ ખરશેદબાઇના પુણ્ સારૂ	૫૦૦
માંડવી ગામની અંગ્રેજી સ્કુલના ફંડમાં	૬૦૦
નવશારીના શેઠ મેહતા સુવાવડખાનામાં બીછાનું સ્થાપવા તથા હાસપીટલનાં નીભાવ ફંડમાં	૩૫૦૦
નવશારીની શેઠ ર. ફ. દાબુ પારસી જનરલ હાસપીટલમાં બીછાનું સ્થાપવા માટે ...	૩૦૦૦
વીઆરા ગામનાં રીલીફ ફંડમાં	૫૦૦
વેર રીલીફ ફંડમાં	૧૦૧
નવશારી ખેતવાડીનાં એકઝીબીશનનાં ફંડમાં	૭૫૦
ધરમપુરના જયકર મેમોરીઅલ ફંડમાં	૨૦૧
ધરમપુર રાજનાં, માંડવા, અને શારવણી ગામે બે કુવાઓ સને ૧૯૦૮ ના સાલમાં બંધાવી તેના હવાડા ભરવાનાં નીભાવ ખરચના મલી આપેલા	૧૩૫૦
બીલીમોરા ખાતે ૧૮૯૭ ના સાલમાં કમી ભાવથી ગરીબ લોકોને અનાજ વેચવાનાં ફંડમાં	૨૦૧

ધરમપુર ગામમાં દરરોજ ભીક્ષુકો તેમજ ગરીબોને અનાજ તથા કપડાં આપવાનાં કામમાં દર વરસે રૂ૧૦૦૦ સુધીનો ચાલુ ખરચ આજ વરસો થયા કરવામાં આવે છે.

શેઠ મનચેરજીની પાયદસ્ત તથા ઉઠમણાની થયલી ક્રીયા.

શેઠ મનચેરજી શાપુરજી તાતાની પાયદસ્તની ક્રીયા વખતે મરહુમને સેવટનું માન આપવાને બીલીમોરા તેમજ આસપાસના ગામોમાંથી ઘણાક જરથોસ્તીઓ હાજર થયા હતા. એવણના મરણને દીવસે મરહુમના માનમાં બીલીમોરાના ઘણા જાહેર ખાતાંઓ તથા તાતા હાઇ સ્કુલ અને બીજી સ્કુલો બંધ રાખવામાં આવી હતી તેમજ સરવે દુકાનદારોએ પોતાની દુકાનો બંધ રાખી હતી. મરહુમ શેઠ મનચેરજીના ઉઠમણાની ક્રીયા બીલીમોરા ખાતે એવણના મકાનમાં કરવામાં આવી હતી

જે વેળા મોટી મીજલસ ભેગી મલી હતી. મરહુમના ઉઠમણાની ભણતરની ક્રીયા નવસારીના વડા દસ્તુરજી સાહેબ કેકોબાદ મેહરજીરાણાની આગેવાની હેઠળ કરવામાં આવી હતી તે વખતે ગણદેવી, વલસાડ વગેરેના મોબેદોએ હાજરી આપવા ઉપરાંત નવસારી, વલસાડ, ગણદેવી, સુરત, મુંબઈ વગેરે ઘણા દેશાવરો ખાતેથી પારસીઓ મોટી સંખ્યામાં આવેલા જણાતા હતા. વળી બીલીમોરાના સરવે આગેવાન હીંદુ તથા મુસલમાન વેપારીઓ મરહુમ શેઠના ઉઠમણાની ક્રીયા વખતે એવણના કુટુંબ તરફ દીલસોજી દેખાડવા એવો શેઠના ઘર આગળ હાજર થયા હતા. એજ વખતે હીંદુ મહાજન તરફથી સરવે આગેવાન વેપારીઓની સહીઓ સાથના દીલાસાપત્રો એવણના ભાઈ શેઠ રતનજી શાપુરજી તાતાને અને એવણના બેટા શેઠ નાદીરશાહને આપવામાં આવ્યાં હતાં. એ બનાવ બીલીમોરા ખાતે પેહલવેહલોજ બન્યો હતો તે ખરેખર નોંધ લેવા જોગ છે.

ધરમપોરના નામદાર મહારાજા સાહેબ તરફથી તેમના પ્રતીનીધી તરીકે ઉઠમણાની ક્રીયા વેલા હાજર રહેલા ડાકટર પારડીવાલાએ નામદાર મહારાજા તરફનો દીલાસાપત્ર મરહુમના કુટુંબ આગળ રજુ કીધો હતો અને રૂપયા એક હજારની રકમ મરહુમને નામે એવણના કુટુંબની મરજી પ્રમાણે કોઈપણ સખાવતી ધરમખાતામાં આપવાને સંપુરદ કીધી હતી.

મરહુમ શેઠ મનચેરજીના ઉઠમણાની ક્રીયા બીલીમોરા ઉપરાંત નવસારી, ઉડવાડા અને વ્યારા ખાતે થઈ હતી અને મરહુમના ચહારમને દીવસે ચહારમનું જમણ આખા ગામનું કરવામાં આવયું હતું.

મરહુમ શેઠ મનચેરજી શાપુરજી તાતાના બીલીમોરા ખાતે થયલા ઉઠમણાની ક્રીયા પછી મરહુમના પુણ માટે એવણની પુંજીમાંથી તથા એવણના ભાઇ, દીકરાઓ અને કુટુંબ તરફથી રૂ૩૪૯૫૬ ની રકમ નીચલાં ધરમખાતાઓમાં આપવામાં આવી હતી તેની વીગત:—બેહેસતનશીન શેઠ મનચેરજી શાપુરજી તાતાની પુંજીમાંથી રૂ૧૨૫૦૦, મરહુમના ભાઇ શેઠ રતનજી શાપુરજી તાતાએ રૂ૧૨૫૦૦ મલી રૂ૨૫૦૦૦ ની રકમ "મનચેરજી શાપુરજી તાતા અને રતનજી શાપુરજી તાતા ધરમાદા ત્રસટ ફંડ" નામે ત્રસટીઓને સોંપવામાં આવશે અને મુદલ રકમ અનામત રાખી જે વયાજ આવે તે કયા કયા પારસી જરથોસતી ધરમ ખાતાંઓમાં આપવું તે હવે પછી નકી કરવામાં આવશે.

મરહુમના ધણીયાણી બાઈ માણેકબાઇએ રૂ૫૦૦, મરહુમના દીકરાઓ શેઠો નાદીરશાહ, બરજોરજી, બેરામશાહ, બહાદુરશા, દાદીબા અને સાપુરજી મનચેરજી તાતાએ દરેકે રૂ૫૦૦ મલી રૂ૩૦૦૦, ભોજાઇ બાઇ ધનબાઇ રતનજી સાપુરજી તાતાએ રૂ૫૦૦, મરહુમના ભાઈ શેઠ રતનજી શાપુરજી તાતાના છોકરાઓ મરહુમ શેઠ દોરાબજી તથા ભાઇઓ શેઠો પેસતનજી, શાપુરજી, સોરાબજી અને પીરોશાહ રતનજી શાપુરજી તાતાએ દરેકે રૂ૫૦૦ મલી રૂ૨૫૦૦, અને મરહુમના ભાગીયાઓ નવસારી પ્રાંતના ડીસટીલીંગ કંત્રાકટરો શેઠો રતનશાહ નશરવાનજી ગીયારાની કુંપનીએ રૂ૨૦૦૦ મલી કુલે રૂ૮૫૦૦ નીચે મુજબ ધરમાદા ફંડોમાં આપવામાં આવયા છેઃ—નવસારીની રતનજી દાબુ પારસી જનરલ હાસપીતાલમાં મરહુમને નામનું બેડ સ્થાપવા માટે રૂ૩૦૦૦, વીઆરાની જરથોસ્તી અંજુમનના ફંડમાં રૂ૧૦૦૦ અને બીલીમોરા ખાતે દોખમા આગળ ચોતરા બાંધવા માટે રૂ૫૦૦ મલી કુલે રૂ૪૫૦૦, જ્યારે બાકીના રૂ૪૦૦૦ કયાં ધરમ ખાતાઓમાં આપવામાં આવશે તે હવે પછી નકી કરવામાં આવશે. એ ઉપરાંત મરહુમના ખેશીઓ વીગેરેએ રૂ૧૪૫૬ ભરીયા હતા તે નીચે મુજબ ધરમખાતાંઓમાં આપવામાં આવયા છે:—બીલીમોરા ખાતેની પારસી જરથોસતી અંજુમનના જુદા જુદા ૫ ફંડોમાં રૂ૮૬૬, મધરાસની પારસી જરથોસતી અંજુમનના ફંડમાં રૂ૨૨૫, થાણાની પારસી જરથોસતી અંજુમનના ફંડમાં રૂ૧૦૧, નવસારીના મરહુમ દસતુરજી સાહેબ દારાબજી કેકોબાદજીનાં બાજ જશન ફંડમાં રૂ૧૦૧, ખેરગામની જરથોસતી અંજુમનના ફંડમાં રૂ૫૧, ચીખલીની જરથોસતી અંજુમનના ફંડમાં રૂ૫૧, સુરતના પારસી સુવાવડખાના ફંડમાં રૂ૫૧ અને નવસારી ખાતેની સકુલ ફંડમાં રૂ૧૦,

મરહુમ શેઠ મનચેરજી શાપુરજી ટાટાના મરણ માટે દલગીરી દેખાડવા બીલીમોરાની જરથોસ્તી અંજુમનની મલેલી જાહેર સભા.

બીલીમોરાની પારસી જરથોસ્તીઓની એક અસાધારણ સભા તા૦ ૯ મી આગસ્ટ ૧૯૧૬ને દીને રૂસ્તમ બાગમાં સાંજે ચાર વાગે મેનેજીંગ ત્રસ્ટી શેઠ બરજોરજી નશરવાનજી મેગુશીના પ્રમુખપણા હેઠળ મળી હતી. જે વેળા બીલીમોરામાં વસતા લગભગ દરેક જરથોસ્તીઓ મોટી સંખયામાં હાજર થયા હતા.

શેઠ દાદાભાઈ માણેકજી લાંકડાંવાળાએ દરખાસ્ત મુકી કે આપણી અંજુમનના એક ત્રસ્ટી શેઠ મંચેરજી શાપુરજી તાતા તા૦ ૨૨ મી જુલાઈ ૧૯૧૬ ના રોજે બેહસતનશીન થયા છે જે માટે આ સભા મોટી દલગીરી જાહેર કરે છે. મરહુમે આપણી અંજુમનની ૨૫ થી ૨૭ વરસ સુધી મોટી કીંમતી સેવાઓ બજાવી છે અને એમના મરણથી આ અંજુમનને મોટી ખોટ ગઇ છે. મરહુમના મરણથી તેમના વીધવા અને ભાઇ, છોકરાઓ અને કુટુંબીઓને ઉપજેલા દુખમાં આ અંજુમન ભાગ લેય છે અને એ બાબદની નોંધ અંજુમનનાં દફતરમાં રાખવા અને એમના વીધવા અને ભાઈ અને છોકરાઓપર દીલાસાના કાગળો લખવા. આ દરખાસ્તને શેઠ બરજોરજી લીમજીભાઇ મેધોરાએ ટેકો આપતાં સરવાનુ મતે પસાર થઈ હતી.

શેઠ સોરાબજી રૂસતમજી મેધોરા (ત્રસ્ટી) એ દરખાસત મુકી કે આ અંજુમનના એક ત્રસ્ટી શેઠ મનચેરજી શાપુરજી તાતાએ આપણી અંજુમનની લાંબો વખત સુધી ઘણી કીંમતી સેવાઓ બજાવી છે તેમજ " તાતા બાગ "નું મકાન બંધાવી આપયું છે તે ઉપરાંત અંજુમનમાં મોટી રકમ સખાવતમાં આપી છે માટે અત્રેનાં જરથોસ્તી ક્રીયાકામો વીગેરે દરેક ભણતરમાં મરહુમનું નામ લેવા ત્રસ્ટી સાહેબોએ ગોઠવણ કરવી. આ દરખાસ્તને શેઠ દાદાભાઇ હોરમજી વાસીકુરીએ ટેકો આપતાં સરવાનુ મતે પસાર થઇ હતી.

શેઠ બરજોરજી લીમજીભાઇ મેધોરાએ દરખાસ્ત મુકી કે શેઠ મનચેરજી શાપુરજી તાતાના મરણથી ખાલી પડેલી જગાએ એક ત્રસ્ટી તરીકે તેમના ભાઇ શેઠ રતનજી શાપુરજી તાતાને અંજુમનનાં એક ત્રસ્ટી નેમવા. આ દરખાસતને શેઠ કાવસજી હોરમજી વાડીઆ તથા શેઠ પાલનજી પંચકી તથા શેઠ ધનજીશા ગબા તથા શેઠ સોરાબજી ગબાના ટેકાઓ સાથ સરવાનુ મતે પસાર થઇ હતી.

શેઠ રતનજી શાપુરજી તાતાએ તાળીઓનાં અવાજ વચે ત્રસ્ટીઓની સાથે ખુરસીપર જગા લેવા બાદ પ્રમુખ શેઠ બરજોરજી નશરવાનજી મેંગુસીએ વીવેચન કરતાં જણાવયું કે શેઠ મનચેરજી શાપુરજી તાતાનાં મરણથી આપણી અંજુમનને મોટી ખોટ ગઇ છે. એઓએ અંજુમનની સેવા ઘણા વસ્સો સુધી કુનેહ અને કાળજીથી અને દરેક કામ પોતાનુંજ સમજી બજાવી છે અને શેઠ મનચેરજી માટે આ અંજુમને આજે જે ઠરાવો પસાર કરયા છે તે અંજુમનને ઘણા માન અને શોભા ભરેલા છે. એઓની ત્રસ્ટી તરીકેની જગાએ આજે અંજુમને એમના ભાઇ શેઠ રતનજી તાતાને ત્રસ્ટી તરીકે ચુંટી કહાડયા છે તો આપણે આશા રાખીશું કે એવણની નેમણુકથી એમના ભાઇની ખોટ અંજુમનને પુરી પડશે.

શેઠ રતનજી શાપુરજી તાતાએ અંજુમનનો ઉપકાર માનતાં જણાવયું કે અંજુમન સાહેબોએ મારા મરહુમ ભાઇ માટે જે ઠરાવો આજે પસાર કરી જે લાગણી જાહેર કરી છે અને મરહુમને જે માન આપયું છે તે માટે મારા તરફથી તેમજ આખા કુટુંબ તરફથી અંજુમન સાહેબનો મોટો આભાર માનું છું તેમજ અંજુમન સાહેબે આજે મને ત્રસ્ટી તરીકે સરવાનુમતે ચુંટી કાહડી જે માન આપયું છે તે માટે પણ મોટો આભાર માનું છું અને જગુવીગ્ર કે મારાથી બની શકતી દરેક કાલજીથી ત્રસ્ટી તરીકેનું કામ સંતોશકારક બજાવીશ. એ બાદ શેઠ દાદાભાઇ લાકડાંવાળાની દરખાસ્ત અને શેઠ જમશેદજી વાસણીઆના ટેકાથી પ્રમુખનો આભાર માની સભા બરખાસ્ત થઇ હતી.

ઑનરેબલ જસ્તીસ સર દીનશાહ ધનજીભાઇ દાવર, બેરીસ્ટર,

મુંબઈની હાઇ કોરટના માનવંત જડજ અને પારસી પંચાયતના અફાબર.

ઉમર વરસ ૬૦.



જનમ—રોજ ૧૩ મો માહા ૨ જો શેહેનશાહી, સને ૧૨૨૬ યઝદેજરદી.
તારીખ ૬ ઠી નવેમબર સને ૧૮૫૬ ઇસ્વી,
સંવત ૧૯૧૩ ના કારતક શુદ ૯ ને વાર બેસપત.

મરણ—રોજ ૨૨ મો માહા ૧૧ મો શેહેનશાહી. સને ૧૨૮૫ યઝદેજરદી.
તારીખ ૨૯ મી જુલાઇ સને ૧૯૧૬ ઇસ્વી,
સંવત ૧૯૭૨ ના આષાઢ વદ ૩૦ ને વાર શની.

આનરેબલ જસતીસ સર દીનશાહ ધનજીભાઈ દાવર, નાઈટનું મરણ અને તેમની ઝલકતી કારકીરદી.

સને ૧૨૮૫ યઝદેજરદીનું ગુજસ્તે સાલ આપણુ પારસી જરથોસ્તીઓના હકમાં ખરેજ આફતકારી પસાર થયું છે. આ કેલેંડરમાં નોંધ લીધા પ્રમાણે, તેણે અરધો ડજન કરતાં વધુ નામચીન હમકોમીઓના ભોગ લઇ આપણુને ખોટના ખાડામાં ઉતારયા છે. તેમાં મરહુમ કોમપરવર અકાબર, નામદાર જસ્ટીસ સર દીનશાહ ધનજીભાઇ દાવર નાઇટનાં અકાલ ગમખાર મરણુથી પડેલી ખોટ ચક્રવૃદ્ધિ, અને લાંબા કાલ સુધી નહી પુરાય એવી, વાજબી રીતે સમજવામાં આવે છે. પોતાની અનુપમ કાબેલીઅત, ઉંડાં ધારા જ્ઞાન, સદગુણો, ધરમચુસ્ત વલણુ, ન્યાઇ વરતન, મનુષ્ય જાતીનું કલ્યાણુ કરવાની કુદરતી પ્રેરણા, ગરીબ હાજતમંદોનાં દુખનિવારણુની જીજ્ઞાસા, એ સરવ માટે જાતીભોગ આપવાની તત્પરતા, કશા પણુ બદલાની આશા વિના સેવા બજાવવાની ઉલટ વગેરેથી, એઓ શેહરને તેમ કોમને ભારે ઉપયોગી તથા મદદગાર થઇ પડયા હતા. તેમાં પોતાની કોમ તથા ધરમનાં રક્ષણુ અને ઉન્નતી માટે તો એઓએ ગોયા તન મન ધન ને જાન અરપણુ કરી દીધાં હતાં, અને જો એમ કહીએ કે કોમની એવી સેવામાંજ એઓ પોતાની જીંદગીનો ભોગ આપી ગયા છે, તો તે શરાહગાત ગણાશે નહી. જેવી મોટી અને જેટલી સંખ્યાબંદ કોમ સેવા કોમરક્ષક સર દીનશાહ દાવરે બજાવી છે તેવી, ગુજસ્તે સદીમાં હિંદ સરજમીનપર થોડાઓએ બજાવી હશે; તેમાં છેલ્લી અર્ધી સદીમાં તો એ બાબતમાં એઓ સરવોપરી તથા સર્વ માન્યજ થઇ ગયા છે. એઓ અસાધારણુ કિંવા પહેલા વરગના લખ્ખોપતી શ્રીમંત શેઠયા ન હતા, અને લખ્ખો રૂપ્યાની સખાવત કરી ગયા નથી. પોતાની શકતી તથા દોલતનાં પ્રમાણુમાં એઓએ સારી સખાવત કરી છે, પણુ તે લગભગ સઘલી ખાનગીપણે યા છુપી રીતેજ થઇ છે. તેમની જાતી વલણુ દયાલુ તથા દીલગુરદો સખી હોવાથી ઘણા હાજતમંદોની હાજતો એવણે ટાલી છે અને તેમને દરવાજે ગયલું કોઈ પણુ આશાવંત ઇન્સાન. કાંઇપણુ મદદ મેલવ્યા વગર પાછું ફરયું નથી.

એમની મોટી કોમી સેવાઓ એથી જુદેજ રસ્તે ને ન્યારીજ રીતે થઈ છે. એઓ જો કે સાચા સુધારાને ચાહનારા હતા, અને તે છતાં એઓ અજબ ધરમચુસ્ત, કોમની અસલીઅતને ચાહનારા, કોમી જુના પુજ્ય રેવાજો તરફ માન ધરાવનારા, નયાગાનોની નીતિ રીતિ પાલનાર, કોમી બંધારણુ તથા ધરમનાં અખંડપણાં માટે કાલજી રાખનારા, એક ખરા નમુનેદાર પારસી શેઠયા થઈ ગયા છે અને કીરતારની ગેબી કારસાજીથી એ સરવને અમલમાં મુકવાની તક મલ્યાથી તે તકનો પુરેપુરો લાભ લઇ અજબ હીમત, ઉલટ ને ખંતથી એઓએ તેવાં કામો ઘણી સરસ રીતે બજાવ્યાં છે. જુદદીન સવાલ સામે એઓ માત્ર વિરૂધતાજ નહી પણુ અણુગમો ધરાવતા હતા. જ્યારે પેલો જુદદીન કેસ, નામદાર હાઇ કોરટના ન્યાયમુર્તી તરીકે તેમના તપાસની કસોટી હેઠલ આવ્યો, ત્યારે એઓએ સાક્ષી, ધારા વગેરેનું સંપુરણુ તોલ કરીને તેમજ અપક્ષપાતપણે તથા ન્યાય બુધીથી તેનો ચુકાદો, પોતાના માનવંત વિદ્વાન ગોથ્યા બાઇબંધ ન્યાયમુર્તી જસ્ટીસ મી० બીમનની સંમતી સાગે વિરૂદ્ધમાં આપ્યો હતો. એવણુના એ ચુકાદા પછી તેની કુદરતી તથા વાજબી અસર એ થઇ કે, પારસી કોમે તે વેલાથી જસ્ટીસ સર દીનશાહ તરફ કુરબાની તથા જાનફેશાની બતાવવા માંડી, જે એમનાં મરણુ પરયંત ચાલુ રહી, અને હજુ રોજે

રેસ્તાખેજ સુધી ચાલુજ રેહશે. પારસી જરથોસ્તીઓનાં બાજ રોજગારનાં ત્રસ્ટો રદ કરાવવાના યાદગાર કેસોના ફડચા પણ એવીજ હીંમત, કાબેલીઅત તથા અપક્ષપાટપણાથી તેની વિરૂદ્ધ આપીને આપણા એ નામાકીટ જડજે પોતાની ઉપલી કીર્તીમાં વધારો કરવા જોડે કોમની તે સંબંધીં મુસ્કેલી દુર કીધી છે, તથા ધારમીક ત્રસ્ટ કરનારા દીનદાર નેઆગાનોનાં રૂહને શાદમાન કીધાં છે. માત્ર એન્ય ઉપરથીજ નહી, પણ બીજી અનેક રીતે કોમ તથા કોમીઓ સાથ હમદીલ રહીને, ખાસ કરી પારસી પંચાયતના ત્રસ્ટી તરીકે, એવણે કોમની કીમતી તથા સંગીન સેવાઓ બજાવી છે. સર દીનશાહ દાવરની એવી યાદગાર, અપુર્વ, સંખ્યાબંધ સેવાઓથી, આખી પારસી કોમમાં એવણનું નામ આજે ઘણુંજ વહાલું થઈ પડયું છે. પારસીઓ એમના તરફ માન ધરાવીને કે દેખાડીનેજ અટકતા નથી, પણ તેમનાં મરણની ખબર સાંભલી તે માટે ખરાં જીગરથી વીલાપ કરે છે. તેઓ અંતઃકરણથી તથા વાજબીપણે માને છે કે, સર દીનશાહ દાવરમાં તેઓએ પોતાનો એક સાચો, સુધો, માયાલુ અકાબર, રાહબર, રક્ષક તથા મદદગાર ખોહયો છે. એ કોમી આવાજ સાથ સંમત થઇને, તથા કોમીઓ એવણ માટે જે યાદ આરાધનાના ઉદગારો કાઢે છે તેમાં હમશરીક બનીને, એ નામાંકીત મહાન પારસી વિરલાની અતી ઝલકતી જીંદગી તથા ઉપયોગી કારકીરદીનો સાર અમે અત્રે આપીએ છીએ, અને તેમના દાખલાની નકલ કરવાને આપણી ઉધરતી ઓલાદને ભલામણ કરીએ છીએ.

જસતીસ સર દીનશાહ દાવરનું ખાનદાન.

ઓનરેબલ જસતીસ સર દીનશાહ ધનજીભાઇ દાવર અતરેના પ્રખ્યાત બનાજી ખાનદાનના નબીરા હતા. આ મરહુમ શેઠ નાનાભાઇ ફરામજી નાનાભાઇના બાવાના બપાવા શેઠ બેહેરામજી તે શેઠ બનાજી લીમજી રૂસતમજી અસપંદીઆરજી ખાસાજીના બેટા થતા હતા. આ શેઠ અસપંદીઆરજી તરફથી બનાજી ખાનદાનના વડવાઓ ઉતરી આવેલા છે. એ બનાજી કુટંબનોજ એક ફાંટો શેઠ હીરજી રેડીમનીની તરફનો છે જેમની દીકરીના દીકરા તથા પાલક મુંબઈના જાણીતા સખી શેઠયા સર જહાંગીર કાવસજી જહાંગીર બેરોનેટ ઉતરી આવયા છે. આ નામીચા બનાજી ખાનદાનના નર વારસો ૪૨ વરસની વાત ઉપર ૨૬૧ ગણાયા હતા તે હવે વધીને આશરે ત્રણગણા થયલા હોવા જોઇએ. એજ કુટુંબમાં દાવર ખાનદાન પણ આવે છે. મરહુમ શેઠ બનાજી લીમજી જેવણનો જનમ સુરત શેહરની પાસે આવેલાં ભગવા દાંડી નામના ગામડાંની અંદર યઝદેજરદી સને ૧૦૨૩ ના સાલમાં થયો હતો, તેવણ ૩૬ વરસની વયના થવા બાદ મુંબઈ આવી વાસો કરી તેવણ પારસી પંચાયતની અંદર "દાવર"નો દરજ્જો ધરાવતા હતા. શેઠ બનાજીના વડા દોત્રા શેઠ નાનાભાઈ બહેરામજી દાવર પાકી પરહેજગારી ઉપરાંત ઇનસાફી વાતોમાં ઘણા અપક્ષપાત નીવડયા તે ઉપરથી અંજુમને તેમને તેમનો બાપીકો 'દાવર'નો ખેતાબ આપયો હતો અને તયારથી તેમનો વસીલો નવા એલકાબને આધીન રહયાથી અસલ દરખત માહેલી એક ડાલી છુટી પડેલી કહેવાઇ છે. આ શેઠ નાનાભાઈ દાવર યઝદેજરદી ૧૧૫૭ ના સાલમાં મરણ પામયા હતા. તેમના દીકરા માહેલા વડા શેઠ ફરામજી નાનાભાઇ દેશાવરો સાથે બોહોલો વેપાર ચલાવતા હતા ને તેનાજ ઉપયોગ માટે બે મોટાં સફરી વાહાણોનાં માલેક હતા અને તેવણ યઝદેજરદી ૧૧૯૦ ના સાલમાં બેહેસતનશીન થયા હતા. જસટીસ સર દીનશાહ દાવરના બાવાના કાકા શેઠ કાવશજી નાનાભાઈ દાવર બહુજ સાહસીક હતા, તેવણે મુંબઇમાં બબે બેંક ઉભી કરવા ઉપરાંત રૂ દાબવાનો પ્રેસ તથા સાંચાથી સુતર વણવાની મીલ પહેલવહેલી મેનચેસટરના ધોરણ ઉપર કાહડી હતી. વળી રૂ સાફ કરી સફાઇપર લાવવા માટે કોલાબા તરફ કોટન કલીનીંગ કંપની કાહાડી હતી અને તારદેવ તરફ એલાયનસ સપીનીંગ કંપની પહેલવેહલી ઉભી કરી હતી. પ્રખ્યાત શેઠ કાવશજી બહેરામજી બનાજી મજકુર શેઠ બહેરામજી બનાજીના પાંચમાં બેટા થતા હતા અને તેવણની અટક પોતાના ધોધારી અનાજને લીધે ધોધા કરીને પડી હતી. તેમનાજ બેટા શેઠ ફરામજી કાવશજી બનાજીને નામનું આતશબેહેરામ આજે મુંબઈમાં જાણીતું છે. જયારે શેઠ બહેરા-

મજી બનાજીના વડા બેટા શેઠ નાનાભાઇના વંશના જસટીસ સર દીનશાહ દાવર હતા તયારે પાંચમાં યાને સરવેથી નાના બેટા શેઠ કાવશજીના એક બેટા શેઠ ફરામજી કાવશજી બનાજી હતા. શેઠ કાવશજી બનાજી પોતે બહેલીહોમજીના પેસતનજીની વડી દીકરી બાઇ જાઇજી તે અતરેના જાણીતાં શેહેરી શેઠ દાદી શેઠની બહેનની દીકરી સાથ પરણયા હતા અને તેથી દાદી શેઠના કુટુંબની સગાઈમાં ભેલાયા હતા. તેમની બોહોળા પાયા ઉપર ઇંગ્રેજી ખોરાકીની દુકાન હતી જે મુંબઈનાં કોટમાં વહાડીઆજીના ચકલા ઉપર હાલ જયાં મેશરસ ગ્રેહમની કંપની આવી છે ત્યાં હતી. શેઠ કાવસજી બનાજીના પાંચમા બેટા શેઠ લીમજી કાવશજી બનાજી હતા જેવણે કેટલાક જરથોસતીઓને ધંધે રોજગારે લગાડયા હતા અને શેઠ કાવશજી બનાજીના સાતમાં દીકરા શેઠ રૂસ્તમજી કલકતામાં પ્રખ્યાત થયા હતા, તેમના પછી તેમના બેટાઓ શેઠો દાદાભાઇ રૂશતમજી તથા માણેકજી રૂસતમજી બનાજી હતા જે છેલ્લાને નામદાર ઇરાનના શાહે પોતાના એલચી નેમયા હતા. એવી રીતે જસટીસ સર દીનશાહ દાવરનું કુટુંબ પંકાયલું અને તે સાથે મોટા મોટા ખાનદાન સાથે જોડાયલું છે.

જસટીસ સર દીનશાહ દાવર શેઠ ધનજીભાઇ દીનશાહ નાનાભાઇ દાવરના બેટા થતા હતા, જેવણ પોતાના ખેશી શેઠ નાનાભાઇ ફરામજી નાનાભાઇ બેહેરાંમજીની પેહેડીમાં નોકરીએ હતા. સર દીનશાહના માતાજી બાઈ હીરાબાઇ મુલ્લાં ફીરોઝના અથોરનાન કુટુંબના હતાં અને ચરચગેટ સ્ટ્રીટમાં તેવણના બાવા રહેતા હતા, ત્યાં તેમનો જનમ થયો હતો. સર દીનશાહ દાવર ખચીતજ એક પનોતા પુત્ર હતા અને એવણે પોતાના માત પીતાની અને કુટુંબીઓની તેઓના મરણ તુલીક દરેક સેવા બજાવી હતી. એક ખાવીંદ તરીકે એવણ પુર પ્રેમાળ હતા અને પીતા તરીકે પુજ્ય થઈ પડયા હતા. મરહુમના બેટા અને બેટીઓમાં એમનો એ ઉમદા ગુણ મોટે ભાગે ઉતરેલો જણાય છે.

જસતીસ સર દીનશાહ દાવરની શેહાદી મુંબઇમાં જાણીતા શેહેરી મરહુમ શેઠ માણેકજી સોરાબજી ફરામજી વાહાડયાના બેટી બાઇ પીરોજબાઇ સાથે તારીખ ૬ ઠી નવેમબર ૧૮૭૪ ને દીને એવણની ૧૮ મી સાલગ્રહને દીવસે થઇ હતી. બાઇ પીરોજબાઇ ૪૯ વરસની વયે રોજ ૨૨ મો માહા ૭ મો શેહેનશાહી ૧૨૮૦ યઝદેજરદી, તા૦ ૨ જી એપ્રીલ ૧૯૧૦ ને દીને બેહેશતનશીન થયાં હતાં. એવણના ઉઠમણાની ક્રીયા ઉદવાડાના આતશબેહરામમાં દસ્તુરજી ખુરશેદજીએ કરાવી હતી. સર દીનશાહ પોતા પાછલ એક પુરા બેટા શેઠ જાહાંગીર અને બે બેટીઓ મુકી ગયા છે. એમના વડા બેટી બાઇ મેહરબાઈ મુંબઇની જાણીતી મેસરસ દીક્ષીત અને ધનજીશાહ સૉલીસીટરની પેહેડીનાં ભાગયા શેઠ ધનજીશાહ પાલનજી મીસતરી સોલીસીટર સાથે પરણેલાં છે. જ્યારે બીજા બેટી બાઈ માણેકબાઇની શેહાદી ડાકટર શાવકશાહ પા. મીસતરી સાથે થયલી છે.

શેઠ જાહાંગીર દીનશાહ દાવર જેવણનો જનમ રોજ ૨૯ મો મીનો મારેસપંદ માહા ૪ થો તીર યઝદ શેહેનશાહી ૧૨૪૬ યઝદેજરદી, તા૦ ૧૬ મી જાનેવારી સને ૧૮૭૭ ને વાર મંગલને દીને થયો હતો, એવણ શેઠ પણ અતરેના એક જાણીતા કાબેલ બેરીસટર ઉપરાંત એરોપલેન હાંકનાર પેહેલાજ પારસી અને એક અઠંગ મોટરીસ્ત છે. એવણની શેહાદી મુંબઈના નામાકીટ સર જમશેદજીના ખાનદાનના મરહુમ ચોઠા સર જમશેદજી જીજીભાઇના બેટી બાઇ વીરબાઇજી સાથે રોજ ૧૭ મા સરોસ યઝદ માહા ૯ મો આદર યઝદ શેહેનશાહી ૧૨૭૨ યઝદેજરદી, તા૦ ૨૯ મી મે ૧૯૦૩ ને દીને થઇ હતી. શેઠ જાહાંગીરે અતરેની હાઇ કોરટમાં એક ચુનંદા બેરીસટર તરીકે મોટું નામ કાઢયું છે. એવણના પીતાજી હાઇ કોરટના ન્યાયાશન ઉપર એક જડજ તરીકે નેમાયા ત્યારથી એવણે બારીસટર તરીકેની કારકીરદી હાઇ કોરટમાં શરૂ કરી બહુ ઝડપથી આગળ વધીને આગેવાન ધારાશાસ્ત્રીઓની સફમાં બીરાજી બોહોળી પ્રેકટીશ જીતી શકયા છે.

જસતીસ સર દીનશાહ દાવરની જાહેર કારકીરદી.

પારસી કોમના લોકપ્રીય અને સાચા ખેરખાહ, મુંબઈની હાઇ કોરટના વીદવાન જડજ અને પારસી પંચાયતના માનવંત ટ્રસ્ટી ઓનરેબલ સર દીનશાહ ધનજીભાઈ દાવર નાઇટ, બેરીસટરનો જનમ રોજ ૧૩ મો તીર યઝદ માહા ૨ જો અરદીબેહસ્ત અમશાસપંદ શેહેનશાહી સને ૧૨૨૬

યઝદેજરદી, તા૦ ૬ ઠી નવેમબર સને ૧૮૫૬, હીંદુઓના સંવત ૧૯૧૩ ના કારતક શુદ ૯ ને વાર બરેસપતને દીને મુંબઇમાં થયો હતો અને એવો સાહેબનું દુખદાયક મરણ રોજ ૨૨ મો ગુવાડ યઝદ માહ ૧૧ મો બહમન અમશાસપંદ શેહેનશાહી સને ૧૨૮૫ યઝદેજરદી, તા૦ ૨૯ મી જુલાઇ સને ૧૯૧૬, હીંદુઓના સંવત ૧૯૭૨ ના આસાડ વદ ૩૦ ને વાર સનેઉને દીને નીપજ-વાથી એવો શેઠ ૫૯ વરસ ને ૯ મહીનાની ઉમરે પેડર રોડ ઉપર આવેલા પોતાના ગુલસન બંગ-લામાં બેહેસતનશીન થયા હતા.

જસતીસ સર દીનશાહ દાવર જોકે ઉંચો ઓધો ભોગવતા હતા અને ઘણા ભણેલા તથા વીદવાન હતા, છતા એવો સાહેબ બાપદાદાઓના રીવાજોને તથા જુની રાહ રસમોને ચાહનારા અને તેજ વીચારને છેવટ સુધી ચીવટપણે વલગી રહી પોતાના પવીત્ર મહજબ તરફ હમેશા માન આપી ચાલતા હતા. પોતા। એક પારસી તરીકે ગણાવવાને હમેશા મગરૂર રહેતા હતા તેમજ પારસી પોશાકને હમેશાં મોટું માન આપતા રહયા હતા અને હાઇ કોર્ટના ન્યાયાશન ઉપર અને જાહેર મેળાવડાઓમાં પારસી પોશાકમાંજ સજ થઇને બીરાજવાની હમેશાં જરૂર બલકે પોતાની ફરજ વીચારતા હતા.

જસતીસ સર દીનશાહ જબરા ઠાવકા, વહેવારૂ પ્રકૃતીના અને ઠરેલ હતા. એવણુ દરેક બાબતની વહેવારૂ બાજુ તરત પામી જતા હતા તેથી જેબી કામ હાથ ધરતા તેને ફતેહમંદીથી પાર પાડતા હતા. પારસી કોમને લગતા સવાલોમાં કેટલોક વખત થયા ઉલટથી ભાગ લઇ તેનો હમેશા મન-માનતો નીવેડો લાવી આપતા. આ કારણથી એવણુ હમ કોમમાં ઘણા માનીતા તથા વીખ્યાતી પામ્યા હતા. હાલના પાંચમાં સર જમશેદજીને કોમના વડા બનાવવા વીશેની તકરાર ઉભી થઈ હતી તેનો તા૦ ૯ મી જુલાઇ ૧૯૦૮ ને દીને એવણે ફડચો કરી સર જમશેદજીને તેમના બાપદાદાના ઓધા ઉપર કાયમ કીધા. એવણે કોમમાં જુદદીન સવાલ વીશે તેમજ બીજા એવા તકરારી સવાલો નીકળતા કોમ તરફથી બા હીમ્મતથી પોતાનું મત આપી હમેશા કોમની પીઠે રહી સારી મદદ કીધી હતી. છેક હાંગકાંગવેરથી ત્યાંની જરથોસ્તી અંજુમને પોતાને ત્યાંની ભાંજગડનો નીવેડો લાવવા તથા પોતાને અનુસરતા કાયદાઓ ઘડવાનું કામ સર દીનશાહને સોંપયું જે એવણે તદન બીન હાંસલે બીજી ભારે રોકાણ છતાં બજાવ્યું હતું. એજ મીસાલ ઘણાક ગરીબો પોતાની હાજતો તથા દુઃખ વીષે એવોની સહલા લેવા જતા અને એવણુને ગરીબો વીષે ઘણી દાઝ હોવાથી તેઓને હમેશા સારો રસ્તો દેખાડી છુપી મદદ આપી ઉપયોગી થવાને પોતાથી બનતું કરતા હતા. ઘણાક ગરીબ પારસી છોકરાઓને એવણે કેળવણી લેવાને મદદ આપી સેંકડો જણાઓને પોતાના લાગવગથી નોકરી ધંધે લગાડયા હતા. હમ કોમમાં એઓ શેઠ એટલા બધા લોકપ્રીય થઈ પડયા તેનો પુરાવો જ્યારે એવણુની માંદગી ૧૯૧૬ ના એપ્રીલ મે મહીનામાં જીવસટોસટની થઇ પડી ત્યારે મુંબઇના દસ્તુરો તથા મોબેદ સાહેબોની આગેવાની હેઠળ પારસી અંજુમને દાદીશેઠના આતશ-બેહેરામમાં એવણુની તંદરોસ્તી ચાહવા માટે રોજ ૨૭ મો માહ ૮ મો ય. સને ૧૨૮૫ ને દીને કીધેલાં જશન અને બંદગી વેળા જરથોસ્તી બાનુઓ અને ગ્રહસ્થોની ભેગી મળેલી ગંજાવર મોટી ઠઠ ઉપરથી મળયો હતો. મુંબઇના અથોરનાનોની પોતા તરફની આવી ભલી લાગણીની પીછાણમાં મરનારે પોતાનાં મોતનાં બીછાણાં ઉપરથી પોતાના વડા પાસે શમસુલ ઓલમાં દસ્તુર દારાબ પેશોતન સંજાણા ઉપર એક ઉપકાર પત્ર લખાવી મોકલ્યો હતો, અને તે સાથે મુંબઇમાં સ્થાપવામાં આવેલાં અથોરનાન મંડળનાં ફંડના લાભ માટે પોતાની સહી સાથનો ૩૩૦૦ નો ચેક મોકલી આપયો હતો. મજકુર મીજલસમાં એ ઉપકાર પત્ર તથા ચેકની હકીકત તથા કોમના એ ખેરખા-હની અતી ચીંતાતુર હદ સુધી નાજુક થઇ પડેલી હાલતમાં તે દીવસે કાંઇ સુધારો થયલો હોવાની શુભ ખબર જાહેર કરવામાં આવતાં આખી મીજલસ ભારે હરખમાં આવી ગઈ હતી. વળી ઉદ વાડા, નવસારી, ભરૂચ ખાતેબી એવણુની તંદરોસ્તી ચાહવા બંદગી કરવામાં આવી હતી.

જસતીસ સર દીનશાહ થોડાં વરસની વાતપર રજા ઉપર વીલાયત ગયા હતા પણ સ્ટીમર મધેજ બીમાર થવાથી અત્રે તેમને પાછું ફરવું પડયું હતું, પણ તે પછી બીજી વેલાતની મુસાફરી એવણે ફતેહમંદીથી પાર કીધી હતી. એવણે મુંબઇની યુનીવરસીટી કમીશન સનમુખ તા૦ ૩ જી મારચ ૧૯૦૧ ને દીને સાક્ષી આપી હતી. એવણે બે વરસની વાત ઉપર આખમાં મોતીયા પાકવાથી ડા૦ ફગન પાસે ઓપરેશન કરાવયાથી આંખમાં મોટો સુધારો થયો હતો. મરહુમ ઘણું કરીને મોટી રજાઓ ખંડાલા મધેના પોતાના બંગલામાં સાદાઇથી ગુજારતા. એવણે મરણની ચાર મહીના અગાઉ લાનોલી અને ખંડાલામાં જે ભારે કરો નાખવામાં આવયા હતા તે સામે પોતાનું ટીકા સાથનું પત્ર મોકલી આપયું હતું. તયાર બાદ તેવણની તબીયત વધુ અને વધુ બગડતી ગઈ હતી. એવણે ગયા જાનેવારી માસમાં ધાસતીભરી બીમારી ભોગવી તે વખતે એક માસની રજા લીધી અને મોતને લાત મારી પાછા પોતાનાં નયાયાધીશના કામ પાછળ મંડયા કે જે વીના તેમને કળ પડતી ન હતી, અને બે માસ પછી પાછા બીમાર થવાથી એવણને કોરટમાંથી ગેરહાજર રહેવું પડયું. ન્યાયાસન ઉપરથી ઉતરવા બાદ કોમને ઉપયોગી થવાને ઉમેદ રાખતા હતા તે તેમની ઉમેદ દીલમાજ રહી ગઇ છે. છેલ્લા બે ત્રણ વરસ થયા તેમની દેહ દીનપરદીન લડડવા માંડી અને તેમનું 'સપરૂ' નું દરદ ગાળી નાખતું હતું. અફસોસ કે વડી કોરટના આ પહેલવહેલા જાથુકના પારસી જડજ પોતાની ૬૦ વરસની વય પુરી કરી રીટાયર થઈ પેનશન ભોગવી શકયા નથી અને ઓધાની જંજાળજ ભોગવી છેવટની આસાએશ લેતા થયા છે. એવણના અકાળ મરણથી પારસી કોમે સાચ્ચો જરથોસ્તી, બળતવારીથી પોતાની હમકોમનાં તથા મહઝમના રક્ષણ માટે બાઠ ભીરનાર તથા પોતાના એક સરવથી ચઢતા ઓધેદારને ગુમાવયો છે અને ઓરથોડોક્ષ પક્ષે એક બળવાન હીમાયતી ખોહયો છે. આવા મરહુમ નરને ઉમદા ગરોથમાન બેહસ્તનું સુખ ઇચ્છી એવણના કુટુંબમાં આવી પડેલા દુખમાં ભાગ લઇશું.

જસટીસ સર દીનશાહ દાવરે લીધેલી કેળવણી.

જસટીસ સર દીનશાહ મુંબઇની પ્રોપ્રાયટરી હાઇ સ્કુલમાં અભ્યાસ કરી ત્યાંથીજ ૧૮૭૩માં સોલ વરસની વયે મેત્રીક થયા હતા. ત્યાર પછી એલફીનસટન કોલેજમાં જોડાઈ તયાં ફુટબોલ તથા ક્રીકેટ વગેરેની જુદી જુદી રમતોમાં તથા એમેચયોર નાટકમાં એવણ બહાર પડયા હતા. મુંબઇ આવેલા (અરલ લીસટરના જમાઇ તથા અરલ કલીફરડના ખાવા) ડા૦ એમ. ડી. કેવેરી બેરેશટ-રના લો કલાસમાં જોડાઇ કાયદાનો અભયાસ એવણે કરયો હતો. એ પછી એવણ વેલાત કાયદાનો વધુ અભયાસ કરવા તા૦ ૧ લી આગસ્ટ ૧૮૭૭ને દીવસે ગયા હતા અને તા૦ ૮ મી જુન ૧૮૮૦ને દીને મીડલ ટેમપલમાંથી બારીસટર થઇ બહાર પડયા હતા. એવણ વેલાત હતા ત્યારે તા૦ ૩ જી જુન ૧૮૮૦ ને દીને ઇગલાંડ અને હીંદુસ્તાન વીશે ઇસ્ટ ઇંડીયા એસોસીએશનની એક જાહેર સભા સનમુખ સર આરથર હોબહાઉસ કે. સી. એસ. આઇ. ના પ્રમુખપણા હેઠલ એક શુભાખીત ભાષણ આપ્યું હતું.

જસટીસ સર દીનશાહ દાવરે બેરીસટર તરીકે મેલવેલી નામના.

જસટીસ સર દીનશાહ વેલાતથી બેરીસટર થઇ મુંબઇ આવ્યા પછી એવણે અતરેની સ્મોલ કોઝ કોરટ તેમજ પોલીસ કોરટોમાં ધંધો ચલાવવા માંડયો હતો અને ઘણી સારી નામના મેલવી પોતાની કાબેલીયતથી મોટું નામ કાઢયું હતું. સ્મોલ કોઝ કોરટમાં મુંબઈની આગેવાન યુરોપીઅન તથા પારસી વેપારી પેહેડીઓના એવણ મુખય કાઉનસલ હતા. સાસુનની પેહેડીઓ, વોલકર્ટ બ્રધરસ, ફ્રીસ કંપની વગેરેના બધા વેપારી કેસો એ પેહેડીઓના સ્ટેનડીંગ કાઉનસલ તરીકે એવણ ચલાવતા હતા. એ કોરટોમાં એવણે ૧૮૯૬ સુધી પ્રેકટીસ કરવા પછી ૧૮૯૭ ના સાલથી આપણી હાઈ કોરટમાં ઓરીજીનલ સાઈડમાં એક બેરીસ્ટર તરીકે શરૂઆત કીધી હતી. એવણના હાથમાં પહેલવેહેલો તીલક કેસ આવ્યો હતો. એ કેસ જસટીસ સ્ટ્રેચી આગળ નીકલ્યો ત્યારે એવણે

મી૦ પ્યુ બેરીસટર સાથે તેનો બચાવ કરતા હતા. વળી સર ગ્રીફીથ એવનસ સાથે જાણીતા મુળજી જેઠા કેસમાંબી એવણ હતા. એ કેસો બાહોશીથી ચલાવવાથી એક કુશળ ધારાશાસ્ત્રી તરીકે જાહેરમાં આવીને એવણ પોતાની પ્રેકટીસનું વધુ સારૂ મંડાણ કરી શકયા હતા. જેમાં એવણ ધીમે ધીમે પોતાની એક કાબેલ ધારાશાસ્ત્રી તરીકેની કુશળતા, ચાલાકી અને ચબરાકીથી વધુ અને વધુ પગભર થતા ગયા હતા. હાઇ કોરટમાં કોઈ એવો અગતયનો મુકદમો ન હશે કે જેમાં એવણને રોકવામાં આવ્યા ન હોય. સર દીનશાહ દાવરે હાઈ કોરટમાં જે વખતે પ્રેકટીસ કરવાનું શરૂ કીધું તે વેળા દેશી બેરીસ્ટરને ફાવવાનું બહુજ મુશકેલ હતું જે એવણે પગપેસારો કરી થોડાજ વખતમાં પોતાના દેશી ભાઈબંધ બેરીસ્ટરોને આગળ વધવાને શેહલ કરી આપયું હતું. એવણનું કાયદા સંબંધી જ્ઞાન ઘણા ઉંચા પ્રકારનું હતું તે સાથ સાદી સમજ અને બોહોળો અનુભવ એવણ ધરાવતા હતા તેથી ટુંક મુદતમાં એવણની ધરાકી મુંબઇ તેમજ દેશાવરો ખાતે ઘણી બોહોલી થઇ હતી. એવણની બહુ તીક્ષણ અને તીખી તેમજ રામબાણ ઉલટપાલટ તપાસને માટે એવણની ઘણી વખાણ થતી હતી. પોતાના બેરીસટર તરીકેના ધંધામાં એવણ પોતાના કુલના લાભ સાચવવામાં ઘણા ચીવટ હતા અને તેજ મુજબ વરતવાની એવણે પોતાના એક ભાષાણ વખતે જવાન ધારાના વીદયારથીઓને સલાહ આપી હતી.

જસટીસ સર દીનશાહ દાવરની જડજ તરીકેની ઝલકતી ફતેહમંદ કારકીરદી.

સર દીનશાહ દાવરની બારના ફતેહમંદ બેરીસ્ટર તરીકેની કારકીરદી ઉપર નામદાર સરકારનું ધ્યાન ખેંચાવાથી એવણને મુંબઇની હાઈ કોરટના જડજનો માનવંત ઓધ્ધો ઓફર કરયો હતો. હાઈ કોરટના ન્યાયાસન ઉપર એવણે પોતાની ફરજો બહુ હીંમત તથા કાબેલીયતથી અદા કરી હતી. એવણે કરેલા ઇનસાફો અને વાપરેલી દુરઅંદેશી એવી શરશ નીવડી છે કે તેથી નામદાર સરકાર અને પ્રજાને એક સરખો સંતોષ ઉપજયો હતો. તેમાં કેટલાએક બીકટ સવાલોના મુકદમાઓ જેવા કે સ્પેશી તથા ક્રેડીટ બેંકનો, પેશાવર તરફના હોટી મારદાનના ખાન સામેનો તથા તીલક કેશ વગેરે તો એવી સરસ બાહોશીથી ચુકવ્યા હતા કે તેની ભારે પ્રસંસા થયા વગર રહી નથી. તેમાં અગત કરીને પારસીઓનાં ઘણાં સારાં ભાયગે પારસી કોમને લગતો જુદદીન કેશ, બાજ રોજગારનો તથા પારસી પંચાયતના ત્રસ્ટીઓની નેમણૂંક સંબંધી તેમજ બીજા અનેક પ્રખયાત પારસી મુકદમાઓ ચુકવતા સર દીનશાહ દાવરે એક ન્યાયાધીશ તરીકે પોતાની ફરઝ અપક્ષપાત રીતે બજાવીને ઇનસાફની જાળવણી સાથ કોમની કીંમતી સેવા બજાવી હતી. પારસી અંજુમનને પંચાયતના ત્રસટીઓની ચુંટણી કરવાનો હક આપવાને માટે એવણે જસટીસ બીમન સાથે ઉદાર ધોરણ ઉપર ધડાયલી એક યોજનાને બહાલી આપી હતી. એવણ પારસી કોમના લાભના અનેક સવાલ ઉપર ભારે ઉલટ સાથ ધયાન આપતા હતા અને તેમ કરતાં પોતાની કીમતી સલાહનો લાભ આપવાને એવણ ચુકતા હતા નહી. વળી વરસો સુધી વારડન સખાવત તથા બીજી પારસી સખાવતો જે ખોરંબે પડી હતી, તેનો કેવો ઉપયોગ કરવો તેને લગતા કેટલાક કેશોનો એવણે બાહોશીથી ચુકાદો કરવાથી સારૂં પરીણામ આવ્યું હતું.

જસટીસ સર દીનશાહ દાવરની હાઇ કોરટના જડજ તરીકે નેમણુક થતાંજ એવણને એ કોરટ મધે આવેલી વડી પારસી મેત્રીમોનીયલ કોરટના જડજ પણ સાથે સાથે નેમવામાં આવયા હતા. જે ઓધો એવણે સેવટ સુધી ભોગવયો હતો. મેત્રીમોનીયલ કોરટના જડજ તરીકે એવણે ઘણા અગત્યના પારસી સંસારી મુકદમાઓ જેટલી અપક્ષપાત રીતે તેટલીજ બાહોશીથી અને હીમતથી ચુકવયા હતા. એવા મુકદમાઓની તપાસ બંધ બારણે ચલાવવાની આગળ પડી ગયલી રૂઢી સ્વીકારવા એઓએ ના પાડી હતી. હાઇ કોરટના એક ચેમબર જડજ તરીકે એવણે વીશેશ સંતોશ આપયો હતો અને એમના ઓરડરોમાં પક્ષકારોને ખરચ અને વખતના બચાવની ઉમદા નેમ સમાયલી હતી. નાદારી કોરટના કમીશનર તરીકે નાદારો તરફ જોઇયે તે કરતાં વધુ દયાલુ હતા. વસીયતનામાની બાબદમાં

એવણની ઉંચી સાદી સમજ વધુ ઉપયોગી થઈ પડતી હતી. એક બારીસ્ટર તરીકે તેમજ એક જડજ તરીકે એવણ બનતાં સુધી પક્ષકારો વચ્ચે સમજુતી કરાવવા માટે જાણીતા થયા હતા. એવણે દરેક મુકદમાનું તોલ એક વેહવારૂ દુનયાદારીની ઉંચા પ્રકારની સાદી સમજ ધરાવનાર અનુભવી નયાયાધીશની નજરે કરતા હતા અને તેથી એવણના ચુકાદા અપીલમાં ફરવા મુશકેલ હતા. ઇનસાફના કામમાં થતી નાહકની ઢીલ એમને પસંદ હતી નહી અને વરસોવેર જે મુકદમાઓ પાટી ઉપર સબડી કાટ ખાતા તેમના નીકાળ કહાડવાને કાળજી બતાવી હતી. તેમજ સબ જડજો વગેરે જેઓ થોડે પગારે ઘણો ઘસડબોરો કરે છે તે ધ્યાનમાં લઇને એવણે પોતાનો બળવાન અવાજ તેઓના પગારમાં વધારો કરવા માટે ઉઠાવવાને તક મળવે ચુકતા ન હતા. એવણના વેપારી બાબદના બોહોલા અને બારીક અનુભવને લીધે વેપારી મુકદમાઓમાં રઇયતને ઘણા ઉપયોગી થઇ પડતા હતા. એવા એમના સરસ ઇનસાફની સાથે વલી એવો સાહેબની બીજી કારકીરદી અને નામદાર સરકારની તથા પ્રજાની સેવા બજાવવાની પ્રકૃતી એવી નીવડી કે તેથી એવો સાહેબને પ્રજા અને સરકાર એક સરખી રીતે ચાહવા લાગા તેમજ હાઈ કોરટના નામદાર અંગ્રેજ જડજો પણ એવણને માટે મોટું માન ધરાવતા હતા.

મુંબઇની સરકારી લૉ સ્કુલના વીદયારથીઓને "Hints To Young Lawyers" એ વીશય ઉપર એક ભાશણ તા૦ ૧૫ મી ફેબરવારી ૧૯૧૧ ને દીને એવણે આપયું હતું. એક જડજ તરીકે ઇનસાફ આપવા માટે કેવી કાળજી ધરાવતા હતા તેનો ખયાલ એવણે પોતેજ વીદયારથીઓ સનમુખ કીધેલાં એ ભાશણ ઉપરથી મળે છે. તેમાં એવણે કહયું હતું કે એક મુકદમામાં મોટા બારીસટરની સામે જો કોઇ થોડા અનુભવનો વકીલ યા બારીસટર હોય તો સીનયર પોતાની ધાંધલ ધુંધલથી ફાવી ન જાય તેની એવણ ખાસ સંભાળ લે છે. એ વીશેની એક જડજની ફરજ શી છે તે ઉપલાજ ભાશણમાં સમજાવી હતી.

નામદાર સરકારે જસટીસ સર દીનશાહને નેમી આપેલું માન.

જસટીસ સર દીનશાહ દાવરને તા૦ ૧૦ મી મારચ ૧૯૦૪ ને દીને જસતીસ ઓફ ધી પીસ યાને સુલેહના અમલદાર નેમયા હતા.

સર દીનશાહ દાવરને મુંબઇના હાઈ કોરટનાં એક માનવંત જડજ તરીકે તા૦ ૨૨ મી અકટોબર ૧૯૦૬ ને દીને નેમી મોટું માન આપ્યું હતું. એવણે પોતાની ૫૦ માં વરસની સાલગ્રહને ત્રીજે દીવસે અકટોબરની રજા પછી કોરટ ઉઘડતા તા૦ ૯ મી નવેમબર ૧૯૦૬ ને દીને હાઇ કોરટના ન્યાયાસન ઉપર પેહેલી બેઠક લીધી હતી. એ પછી ૧૯૧૪ ના સાલમાં એવણને આશરે દોઢ માસ હાઇ કોરટના કામચલાઉ ચીફ જસટીસનો ઉંચો ઓધો મળયો હતો. એ ઓધા ઉપર એવો સાહેબ પહેલવહેલાજ પારસી નેમાયા હતા તેથી કોમને બેશક મગરૂર કરનારૂ હતું.

નામદાર શેહનશાહ જ્યોરજ પાંચમાએ પોતાની તાજપોશીની કીયા હીંદુસ્થાનમાં આવીને કીધી અને તેને લગતી એક મોટી દબદબા ભરેલી દરબાર હીંદુસ્થાનનાં પ્રખ્યાત દીલ્લી શેહેરમાં તા૦ ૧૨ મી ડીસેમબર ૧૯૧૧ ને દીને ભરી હતી. તે વેળાએ નામદાર પાદશાહ તરફથી અપાયલા ખેતાબોમાં સર નાઇટનો માનવંત ખેતાબ જસતીસ દીનશાહ દાવરને એનાયત કીધો હતો. એ ખેતાબ એવા એક લાયક ગૃહસ્થને મલ્યો કે જેમનું નામ સમજીને આખી પારસી કોમને મોટો હરખ ઉપજયો હતો. નામદાર શેહેનશાહે મુંબઇ તરફની મજકુર મુલાકાત દરમયાન તેમને સ્ટીમર "મદીના" ઉપર પધારવાને ઇજન કીધું હતું અને તેજ મીશાલ દીલ્હી દરબારમાં હાજર થવાને ઇજન થવાથી એવણ ત્યાં ગયા હતા.

જસટીસ સર દીનશાહ દાવરને ૧૮૯૮ ના સાલમાં મુંબઈના સરકારી લૉ કલાસના પ્રોફેસર તરીકે નામદાર સરકારે નેમયા હતા અને તા૦ ૨૬ મી ડીસેમબર ૧૯૦૦ ને દીને અતરેની સરકારી લૉ સ્કુલનાં કામચલાઉ પ્રીનસીપલ તરીકે એવણની નેમણુક થઇ હતી. એવણને તા૦ ૧૫ મી નવેમબર ૧૯૦૫ ને દીને મુંબઈની હાઇ કોરટના એડવોકેટની પરીક્ષાના એક પરીક્ષક પણ નેમ્યા હતા

જસટીસ સર દીનશાહ દાવરની જુદા જુદા ખાતામાં થયલી નેમણુક.

જસટીસ સર દીનશાહ દાવરને મુંબઇની પારસી પંચાયતના ત્રસ્ટી તરીકે તા૦ ૨૦ મી જાનેવારી સને ૧૯૧૫ ને દીને નેમાયા હતા. એ પંચાયતમાં એમના વડવા પંચાયતની ખુરસીએ 'દાવર' તરીકે બીરાજતા તે પંચાયતના લાખોના ત્રસટ ફંડનો ઓહલો વહીવટ પોતાના હાથમાં આવવા માટે કોમની સામાનય પસંદગીથી એવણ સદાના મગરૂર રહેતા અને એક ત્રસટી તરીકે પોતાની ફરજોનો ઉંચો ખયાલ ધરાવવા લાગયા. એને લગતા કામકાજમાં ઘણો સારો આગેવાન ભાગ લઈ પોતાની કીમતી સહલાનો લાભ આપતા રહેતા હતા.

જસટીસ સર દીનશાહ દાવર ગરીબો તથા દુખીઓની દાદ લેનારાં ખાતાઓમાં જોડાઇ તે પાછળ ઉલટ બતાવતા હતા. એવણને વાંદરેના બાઇ આવાંબાઇ પીટીટ પારસી ઓરફનેજના એક કારોબારી, શેઠ જહાંગીર બેરામજી મરઝબાને ખંડાલામાં સથાપેલી પારસી સેનીટેરીયમના એક જોડયા ત્રસટી અને ધી બમનજી દીનશાહ પીટીટ પારસી જનરલ હાસપીટલની કમીટીના કારોબારી તરીકે નેમવામાં આવયા હતા. આ હાસપીટલનું ખાતું ઘણું ઉપયોગી અને કીમતી જાણી તેના કામકાજમાં ઉલટથી ભાગ લઇને તેના ફંડમાં જાથુકનો વધારો કરવાને મઠયા રહેતા હતા.

જસટીસ સર દીનશાહ દાવરે મરહુમ શેઠ નશરવાનજી જાહાંગીર વાહાડીઆની યાદગારી રાખવા માટે એક મકાન ગીલડર સ્ત્રીટમાં ગરીબ જરથોસ્તીઓના રહેઠાણોના ફંડ તરફથી બાંધવામાં આવયુ હતું તેને ખુલ્લું મેલવાની ક્રિયા તા૦ ૨ જી એપ્રીલ ૧૯૧૧ ને દીને કરી હતી. જે વેલા લાગતા વલગતા સાહેબોનો ઉપકાર માની જસટીસ સર દીનશાહએ જણાવ્યું હતું કે આપણા બાપ દાદાઓના પ્રતાપથીજ આપણ હાલની હાલતે રહયા છીએ અને તેઓની જુની કેટલીક રાહ રસમો સારી છે. એજ મુજબ ઝોરાસ્ત્રીયન બીલડીંગ સોસાયટી તરફથી તારદેવ ખાતે પારસીઓ માટે સસતા ભાડાંની બાંધવામાં આવેલી પહેલી ચાલી ખુલ્લી મેલવાની ક્રીયા જસટીસ સર દીનશા દાવરે રોજ ૧૬ મો માહા ૯ મો ય. ૧૨૭૭ ને દીને કરી હતી, જે વેલા એવણે ઈચ્છા બતાવી કે શ્રીમંત પારસીઓ તરફથી કરવામાં આવતી સખાવતનો લાભ પહેલાં ગરીબ પારસી કોમને મલે તો શારૂં. એ ઉપરાંત સમોલ કોઝ કોરટના જડજ શેઠ હોરમજી દાદાભાઇ આસન ઉપરથી રીટાયરડ થયા ત્યારે તેમને વીદાયગીરીનું માન આપવા સારૂ જસતીસ સર દીનશાહ દાવરના પ્રમુખપણા હેઠળ ખાણાનો મેલાવડો કરવામાં આવ્યો હતો.

જસટીસ સર દીનશાહ દાવરના માનમાં થયલા મેલાવડાઓ.

જસટીસ સર દીનશાહ દાવરની મુંબઇની હાઈ કોરટના પહેલવહેલા એક જાથુકના પારસી જડજ તરીકે નેમણુંક થવાથી એ બનાવની ખુશાલીમાં એવણને મુબારકબાદી આપવાને એલફીનસટન કલબે તા૦ ૨૭ મી અકટોબર ૧૯૦૬ ને દીને રાત્રે એ કલબના મકાનમાં શેઠ હોરમસજી દાદાભાઈ જડજના પ્રમુખપણા હેઠળ એક ખાણાનો મેળાવડો કીધો હતો. એ વખતે પ્રમુખ શેઠ હોરમસજીએ જસટીસ દાવરની સલામતી લેવાડતાં જણાવયું હતું કે એવણ પોતાની ઉંચી બાહોશી અને જાતી લાયકાતથી ધીમે ધીમે આગળ વધી હાઇ કોરટના જડજના માનવંત ઓધા ઉપર આવયા છે. નામદાર સરકારે સર દીનશાહ દાવરની નેમણુંક કરવાથી આખી પારસી કોમને માન મળયુ છે. જસટીસ દાવરે ઉપકાર માનતા જણાવયું કે મને મળેલા ઓધા માટે પારસી કોમ પોતાને માન મળેલું સમજે છે એમ સાંભળી હું ઘણો ખુશી થયો છું. સરકારે મને જે માન આપયું છે તેને લાયક નીવડવાને મારાથી બનતું કરીશ. એ ઉપરાંત અત્રેના પારસી, હીંદુ, યુરોપીયન સોલીસીટરોએ તા૦ ૫ મી નવેમબરની રાતે જસટીસ સર દાવરના માનમાં એક ખાણાંનો મેળાવડો કરયો હતો. વળી અત્રેના દેશી બારીસટરોએ રીપન કલબમાં એમને ટી પારટી આપી હતી. લંડનની પારસી અંજુમને અને એડીનબરોના પારસી યુનીયને તથા મુંબઈ ઇલાકાની નેશનલ મોહમેદન એસોસીએશનના સરનશીને પણ મુબારકબાદીના સંદેશા મોકલાવ્યા હતા.

જસટીસ દીનશાહ દાવરને મલેલા સર નાઇટના નામીચા ખેતાબ માટે તા૦ ૧ લી જાનેવારી ૧૯૧૨ ને દીને પારસી એસોસીએશને મુબારકબાદીનો પત્ર મોકલાવ્યો હતો તેમજ અતરેની સોલીસીટરની પરીક્ષા માટે અભયાસ કરતા આરટીકલ્ડ કલારકોની એસોસીએશને મી૦ ફેયઝઅલી તયબજી બેરીસટરના પ્રમુખપણા હેઠળ તા૦ ૧૦ મી જાનેવારીને દીને મુબારકબાદી આપનારો ઠરાવ પસાર કરી એવણ ઉપર મોકલાવ્યો હતો. વળી એવણને અતરેની એલફીનસ્ટન કલબે તા૦ ૫ મી ફેબરવારીને દીને શેઠ હોરમજી એ. વાહાડયા બેરીસટરના પ્રમુખપણા હેઠળ એક ખાણું આપ્યું હતું. એ ઉપરાંત એવા સાહેબના માનમાં એમના પારસી મીત્રો તથા વખાણનારાઓએ રેડીમની હાઉસના કંપાઉનડમાં નામદાર સર જમશેદજી જીજીભાઇ પાંચમાં બેરોનેટના પ્રમુખપણા હેઠળ તા૦ ૧૭ મી ફેબરવારીને દીને એક દબદબા ભરયો મેળાવડો કરી ખાણું આપ્યું હતું. જે વેળા પ્રમુખે જસતીસ સર દીનશાહની તારીફમાં લંબાણથી વીવેચન કીધું હતું. તા૦ ૬ ઠી મારચે સુરતની પારસી કોમ તરફથી ત્યાના શેઠ દા. ન. મોદીના આતશબેહરામમાં શુકરગુજારીનું જશન કરવા પછી ઓનરેબલ સરદાર દાવર કેખશરૂ એદલજી મોદીએ એવણની તારીફમાં લંબાણથી વીવેચન કરવા બાદ મુબારકબાદીનો સંદેશો મોકલાવ્યો હતો.

જસટીસ સર દીનશાહ દાવરની થયલી પાયદસ્ત તથા ઉઠમણાની કીયા.

જસટીસ સર દીનશાહ ધનજીભાઈ દાવર જેવણની તબીયત લાંબો વખત સુધી નરમ ગરમ ચાલયા કરતી હતી એવણ છેલ્લા થોડા માસ સુધી ગંભીર માંદગી ભોગવી ચાપતાં ઉપાયો તથા ઇલાજો લેવા છતાં આખરે પારસી કોમના ભારે સંતાપ વચે એવણની કીમતી કીરતીવંત જીંદગીનો અકાળ અંત રોજ ૨૨ મો માહા ૧૧ માને દીને સવારના સાત વાગે આવ્યો હતો. એવણના મરણની ગમખાર ખબર મુંબઈ શેહરમાં ઝડપથી ફેલાઈ ગઇ હતી અને કોમ પરકોમમાં ભારે ગમગીની પથરાઇ હતી. કોમના આ માનવંત મુરબ્બીના મરણથી એવણના દુખી કુટુંબીઓને દીલાસો દેવા મરણને દીવસે આખો દીવસ એવણના બંગલામાં શ્રીમંત, મધ્યમ તેમજ ગરીબ વરગના જરથોસ્તીઓનો જબરો રેલો વેહેતો રહેવા ઉપરાંત બીજી કોમના ગ્રહસ્થો પણ મોટી સંખ્યામાં આવતા જતા જણાતા હતા.

જસતીસ સર દીનશાહ દાવરની પાયદસ્ત બીજે દીને સહવારના પેદર રોડ ઉપરના તેમના ગુલશન બંગલામાંથી કહાડવામાં આવી હતી. મરનારનાં રૂવાનને બંગલાના મોટા હોલમાં મેલવામાં આવયું હતું. સહવારના પોહરમાં પારસી બાનુઓથી બંગલાનો હોલ ચીકાર ભરાઈ ગયો હતો. બંગલાની બાહેર હાજર રહેલાઓ માટે બેઠક બનાવવામાં આવી હતી, અને તે માટે વરસાદને લીધે સારી ગોઠવણ કરવામાં આવી હતી. મીજલસમાં હાજર થયલાઓમાં હાઇ કોરટના નામદાર જડજો, એડવોકેટ જનરલ, સરકારી વકીલ, મેજીસ્ટ્રેટો, બેરીસટરો, સોલીસીટરો, વકીલો, જાણીતા વેપારીઓ ઉપરાંત પારસી આલમના તમામ અગ્રેસરો, શેઠયાઓ, મધ્યમ તથા ગરીબ વરગના લોકોની ગંજાવર ઠઠ ભેગી મલી હતી. વળી સઘળા દસ્તુર સાહેબો તેમજ અથોરનાન વરગની મોટી સંખ્યાએ પણ હાજરી આપી હતી. મરહુમની પાયદસ્ત વેળા કોમ તેમજ પરકોમની ભેગી મલેલી ગંજાવર મીજલસ એવણની અસાધારણ લોકપ્રીયતાનો ખુલ્લો પુરાવો પુરો પાડે છે. એવણના બંગલા આગળ ગાડીઓની હારથી તે તરફનો રસતો ચીકાર ભરાઇ ગયો હતો જે માટેની ગોઠવણ બાહેર ઉભેલી પોલીસ તરફથી રાખવામાં આવી હતી. ઘેહસારણાની કીયા પુરી થયા બાદ સઘળા જરથોસ્તીઓ મરહુમના રવાનને સેજદો કરવાને ગયા હતા, જેમાં લગભગ કલાક નીકળી ગયો હતો. તે બાદ મરહુમના રવાનને અવલમંજલ પહોંચાડવાને ડુંગરવાડી ઉપર લઇ જવામાં આવયું હતું, જેની પાછળ પારસીઓની બહુ મોટી મીજલસ વરસાદ છતાં ગઇ હતી. વળી રસ્તામાં પણ લોક ઉભેલું હતું જેઓ મરનારના રૂવાનને સેજદો કરતા હતા.

મરહુમ જસટીસ સર દીનશાહ ધનજીભાઇ દાવરના ઉઠમણાની કીયા પાછળા પોહોરે પેદર રોડ પર આવેલા એવણના ગુલશન બંગલામાં કરવામાં આવી હતી. જે વેળા સઘળા દસતુરજી સાહેબો તથા મોબેદો ઉપરાંત જરથોસ્તી બાનુઓ અને ગ્રહસ્થોની મોટી સંખ્યામાં હાજર થયાં હતાં. ઉઠમ-

ણુની ક્રીયા પુરી થયા પછી મરહુમ જસટીસ સર દીનશાહનું નામ ગુજરેલાં ભલાં જરથોસતી-ઓનાં નામ ગ્રહણમાં લેવાને શમસુલ ઉલમાં દસતુરજી દારાબજી પેશોતનજી સંજાનાએ હીંદુસતા-નના સરવે અથોરનાનોને આગ્રહ કરયો હતો. મરહુમ સર દીનશાહની યાદ ભણુતર ક્રીયામાં કરવા વીષે તેમજ જરથોશતી કોમ અને ક્રીયાને એ કોમ રક્ષક હમદીન કેવા મજબુત પાયા ઉપર મુકી ગયા છે તે વીષે દસ્તુરજીએ કેટલુંક વીવેચન કરી વધુ જણાવ્યું કે અથોરનાન ટોળાના બાહોશ મુરબ્બી અને મદદગારની ખોટ પુરાવી હાલના વખતમાં મુશકેલ છે અને એવણે પોતાની ગેતીની જીંદગીમાં પોતાના ટોળાના ભલાં માટે જે રંજ ખેંચી હતી તેના બદલામાં પાક દાદાર મરહુમને મીનોઇ જેહાંનમાં પુરતું સુખ અને શાંતી બક્ષે એવી દોઆ માહી હતી. સેવટે દસતુ-રજી દારાબજીએ સરવે અથોરનાનોને સુચવયું હતું કે મુંબઇનાં સઘળાં પંથકનાં અથોરના-નોએ એક જાહેર સભા તેઓની ભરીને સર દીનશાહ દાવરના મરણુ માટે દલગીરીનો ઠરાવ પસાર કરવો અને દીલસોજીનાં લખાણુ સાથે તે ઠરાવ મરહુમના કુટુંબીઓને મોકલી આપવો. દસતુરજી દીનશાહજી ગરડાએ કેટલુંક વીવેચન કરીને જાહેર ક્રીયાઓમાં મરનારતું નામ યાદ કરવાને સરવે મોબેદોને ભલામણુ કીધી હતી.

જસ્ટીસ સર દીનશાહ દાવરના ઉઠમણાની ક્રીયા ભરૂચ, નવસારી, નારગોલ, તારાપોર, ઇલાવ, વગેરે દેસાવરો ખાતે ત્યાની જરથોસ્તી અંજુમન તરફથી કરવા પછી મરહુમનું નામ ભણુ-તરની ક્રીયામાં લેવાનો ઠરાવ થયો હતો. જ્યારે ઉડવાડા, અમદાવાદ, ખેરગામ, કલકતા, ઇગતપુરા, વગેરે શેહરો ખાતેબી ઉઠમણાની ક્રીયા ત્યાની જરથોસ્તી અંજુમને કરી હતી.

જસટીસ સર દીનશાહ દાવરના માનમાં બંધ રહેલા ખાતાંઓ અને મરહુમના કુટુંબપર આવેલા દીલાસાના સંદેશાહો.

જસટીસ સર દીનશાહ ધનજીભાઈ દાવરના માનમાં મુંબઇનુ શેર બજાર, કોટ, ગ્રાંટરોડ અને ચનડનવાડી ખાતેની પ્રોપ્રાયટરી હાઈ સ્કુલો, બીલીમોરીયા ત્યુશન કલાસો, ખેતવાડીની સર કાવશજી જાહાંગીર ગરલસ સ્કુલ, ફોરટ મોડલ સ્કુલ, ફોરટ ત્યુશન કલાસ, શેઠો ગોલવાળા બીરાડરોનો વીકટોરીયા સ્વીમીંગ બાથ, શેઠ ફરામરોજ આરીઆનું જરથોસ્તી તાલીમખાનું તેમજ કેટલાક સોલીસીટરો, વકીલ, બેરીસીટરોની હાફીશો, તથા જરથોસ્તી અને બીજી કોમવાલાઓની ઘણીક હાફીસો તથા ખાતાંઓ બંધ રાખવામાં આવ્યાં હતાં. એજ મુજબ નારગોલની વાહડયા સ્કુલ અને તાતા ગરલસ સ્કુલબી બંધ રાખી હતી જ્યારે બીજા શેહેરો ખાતેનાં ખાતાંઓ, સ્કુલો, વગેરે બંધ રાખ્યા હતા.

જસટીસ સર દીનશાહ દાવરના મરણુની ખબર દેશાવરો ખાતે મલતા ત્યાં ઘણી ગમગીની ફેલાઈ હતી અને મરહુમના દીકરા શેઠ જાહાંગીર તથા કુટુંબ ઉપર હીંદના જુદા જુદા શેહરો તથા ગામેગામથી દીલાસાના સંદેશાહો તથા દીલાસાપત્રો મોકલવામાં આવ્યા હતાં તેમાં મુંબઇની જરથોસ્તી કોમના લાભ સાચવનારી મંડળી, તથા નવસારી, ભરૂચ અને અહમદનગરની જરથોસ્તી અંજુમનો, પુણાની યંગમેનસ ઝોરાસ્ત્રીયન એસોસીએશન, રંગુનની બઝમ, વગેરે તરફના હતા.

મરહુમના મરણુ માટે હાઇ કોરટ તથા જાહેર મંડળોએ દેખાડેલી દલગીરી.

૫૦૦) મરહુમ શેઠ દોરાબજી નવરોજીની યાદમાં તેવણના દીકરા શેઠ ધનજીભાઇએ પોતાની અને પોતાના માતાજી અને બેશીઓ તરફથી કીધેલાં ધરમ ખાતે.

૫૦૦) બેહેસતનશીન શેઠ નવરોજી પાલનજી કાતરકના પુણને સારૂ તેવણના દીકરા મરહુમ ભાઇ જાહાંગીરજી નવરોજી કાતરકે કીધેલાં ધરમખાતે.

૫૦૦) બેહેસતનશીન શેઠ જાંગીરજી નવરોજી કાતરકના પુણુ સાર એવણુની પુંજીમાંથી એવણુના માતાજી બાઈ પીરોજબાઇ નવરોજી કાતરકે કીધેલાં ધરમખાતે.
૩૦૦૦) શેઠ ધનજીભાઈ દોરાબજીએ પોતાનાં ધણીઆની બાંઈ ગુલબાઇની યાદગારી સારૂ કીધેલાં ધરમખાતે.
૫૦૦) બેહેસતનશીન શેઠ અરદેશર નશરવાનજી મોદીના પુણુ સાર કીધેલાં ધરમખાતે.
૫૦૦) મરહુમ શેઠ બમનજી ભીમજીભાઇ બાટલીવાળાના પુણુ સારૂ તેવણુના દીકરાઓ રૂશતમજી, કેખશરૂ, શીયાવક્ષ તથા દીકરી બાઇ ખરશેદબાઇએ કીધેલાં ધરમખાતે.
૭૦૦) મરહુમ શેઠ સોરાબજી બેરામજી ભાભાએ પોતાના મરહુમ બપાવા કુવરજી હોરમજી ભાભાના પુણુ સારૂ કીધેલાં ધરમખાતે.
૭૦૦) મરહુમ શેઠ અરદેશર હોરમજી ચીનાઇનાં પુણુ સારૂ તેવણુની પુંજીમાંથી કીધેલાં ધરમખાતે.
૫૦૦) મરહુમ શેઠ હોરમજી નશરવાનજી કુપરના પુણુ સારૂ તેવણુની પુંજીમાંથી કીધેલાં ધરમખાતે.
૫૦૦) મરહુમ શેઠ પેસતનજી એદલજી ખંબાતાનાં પુણુ સારૂ તેવણુની પુંજીમાંથી કીધેલાં ધરમખાતે.
૭૦૦) મરહુમ શેઠ કેખશરૂ અરદેશર ચીનાઇના પુણુ સારૂ તેવણુની પુંજીમાંથી કીધેલાં ધરમખાતે.
૫૦૦) મરહુમ શેઠ ધનજીભાઇ દોરાબજીના પુણુ સારૂ તેવણુના ધણીયાણી બાઇ ગુલબાઇએ કીધેલા ધરમખાતે.
૭૦૦) મરહુમ શેઠ ભીમજીભાઇ ફરામજી કાવારાનાં તથા બાઇ જીવણુબાઈ ભી. કાવારાણાનાં પુણુ સારૂ તેવણુનાં દીકરાઓ ધનજીભાઇ તથા ફરામજી ભી. કાવારાનાએ કીધેલાં ધરમખાતે.
૫૦૦) મરહુમ બાઈ દીનબાઇ વીકાજી સોલીનાના પુણુ સારૂ તેવણુના દીકરાઓ ફરામજી, રૂસતમજી અને રતનશાહે કીધેલાં ધરમખાતે.
૫૦૦) મરહુમ શેઠ શેરાબજી નવરોજી કરંજ્યાનાં પુણુ સારૂ તેવણુની પુંજીમાંથી તેમજ તેવણુનાં બેશીઓએ કીધેલાં ધરમખાતે.
૫૦૦) મરહુમ શેઠ દોરાબજી નાનાભાઇ મેહતાના પુણુ સારં કીધેલાં ધરમખાતે.

૧૧૬૪૬૭)૭૨

ધરમના મકાનો.

હાંગકાંગ મધે જરથોસ્તી અનજુમનના ખરચે એક જાહેર મકાન બાંધવામાં આવેલું છે જેમાં સર અવસરે બેઠકો તથા ધરમને લગતી કીરીઆ કામો વીગેરે કરવામાં આવે છે; તેમજ એ મકાનમાં એક લાયબ્રેરી જરથોસ્તીઓનાં વપરાસ સારં છે.

મરહુમ શેઠ દોરાબજી નશરવાનજી કામાજીએ પોતાના ખરચે વામપુ મધેની જરથોસ્તી અંજુમન હસતકની રવાંનની જગો ઉપર એક બંગલો બંધાવી અંજુમનના વપરાસ સારં બક્ષેશ કીધો છે.

બેહેસતનશીન શેઠ ખરશેદજી શાપુરજી બનાજીના પુણને સારં તેવણુના કેટલાક દોસતોએ કીધેલાં ફંડ મધેથી એ મરનારની યાદગારી કાયમ રાખવા સારં વાડી ૧) શ્રી મકાઉ મધે જરથોસ્તી અનજુમનને એનાયત કીધેલી તે કામમાં નહી આવવાથી તે વેચી તેને બદલે શ્રી મકાઉ મધે વેચાતું લીધેલું પરાઆ ગરામડી ઉપરનું ઘેર ૧) છે. જેમાં જરથોસ્તીઓને પોતાની તબીયતના સુધારા અરથે ઉતારો આપવામાં આવે છે.

લેડી માણેકબાઇ તે સર હોરમસજી નવરોજજી મોદીનાં ધણીયાણી હાંગકાંગ મધે લાંબો વખત રહી સને ૧૮૮૬ માં મુંબઇ સીધારયાં તે સુભ ટાંકણુાંની યાદગારી હાંગકાંગમાં જાલવી રાખવાના હેતુથી હાંગકાંગની અશો રવાનની જગા ઉપર ખુશનુમાં દેખાવનો સફેદ મારબલનો ફુવારો ૧ તથા તેને લગતું પાણીનું બાંધકામ, શોભઇતી લોઢાંની બેઠકો તથા પથરની પાકી બાંધણીનો ગંજાવર મેહેરાબ સાથનો લોખંડનો દરવાજો ૧ મલી સરવે પોતાને ખરચે બાંધી અંજુમનને ભેટ આપ્યું છે.

ઉપર જણાવેલાં સરવે મકાનોની મેનેજ અનજુમનનાં એક ત્રસ્ટી તથા આનરરી સેક્રેટરી હસ્તકથી થાએ છે.

કલકતાની જરથોસ્તી અનજુમનના ધરમના ફંડોની વીગત.

ટરસટીઓ—શેઠ નવરોજી જામાસ્પજી અરજાની, શેઠ ખરશેદજી ડી. મા. રૂશતમજી અને શેઠ એદલજી પેસતનજી ગજડર–એવોને હસતક નીચલાં ફંડો ચાલે છે અને તેની બાકી રકમ સને ૧૯૧૫ ના શાલની નીચે મુજબની છે:—

૨૧૭૩૧) ૧૨) ૬ કલકતાની જરથોસતી અનજુમનના ધરમનું ફંડ.

૧૫૨૩૧) ૩) ૭ કલકતાના દોખમાની આસપાસની તથા તેની બહારના બગીચાવાલી અંજુમનની આખી જગાપર પુરણી કરવા તથા દોખમાં તથા દીવાલ વગેરેની મરામત કરવાનું ફંડ.

૧૯૬૭૫) ૧૧) ૮ મરહુમ શેઠ રૂશતમજી કાવસજી બનાજીના ગહમબારનું ફંડ.

૧૫૫૦૧) ૩) ૨ બેહરામજી જીજીભાઇ શ્રી કલકતાના જરથોસ્તી રવાનોને અવલંમંજલ પહોંચાડવાનું ફંડ.

૮૫૦૦) ૦) ૦ સર દીનશાહ માણેકજી પીટીટ બારોનેટના ધરમ ખાતે.

૧૦૦૦) ૦) ૦ બેહેસતનશીન શેઠ કાવશજી દીનશાજી પીટીટના પુણને સારૂ તેવણના છોકરાઓ શેઠો હોરમશજી, ખરશેદજી, અરદેશર તથા શેરાબજીને નામે તેઓના બપાવા સર દીનશાજી માણેકજી પીટીટ બારોનેટે આપેલી નોટ.

૫૦૦) ૦) ૦ બેહેસતનશીન શેઠ મેરવાનજી કાવશજી દીનશાજી પીટીટના પુનને સારૂ તેવણના બપાવા સર દીનશાજી માણેકજી પીટીટ બારોનેટે આપેલી નોટ.

૧૦૦૦) ૦) ૦ શેઠ બેરામજી જીજીભાઈ સી. એસ. આઇ. ના ધરમ ખાતે.

૧૦૦૦) ૦) ૦ શેઠ ફરામજી મનચેરજી બુમલાએ પોતાની દીકરી બેહેશતનશીન બાઇ ગુલબાનુના પુનને સારૂ આપેલી નોટ.

૧૦૦૦) ૦) ૦ મુંબઇવાલા શેઠ કાવશજી બેજનજી કરાણીએ મરહુમ દીકરી બાઈ જીવનાઇજી તથા તેણીના દીકરા મરહુમ શેઠ બમનજી અરદેશર મોદીના પુણ સારૂ આપેલી નોટ.

૧૦૦૦) ૦) ૦ મરહુમ શેઠ કાવશજી ધનજીભાઈ પાંડેવાલાના પુણ સાર દીકરા શેઠ શેરાબજીએ આપેલી નોટ.

૧૯૭૯૯) ૨) ૦ શેઠ બેરામજી જીજીભાઇ સી. એસ. આઇ. એ આપેલી નોટ.

૧૦૦૦) ૦) ૦ શેઠો અરદેશરજી તથા જાંગીરજી નસરવાનજી મોદીએ પોતાનાં બેહેસતનશીન મુરબીજી નસરવાનજી બમનજી મોદીના પુનને સારૂ આપેલી નોટ.

૧૦૦૦) ૦) ૦ શેઠ કાવસજી બેજનજી દસતુરે આપેલી નોટ.

૧૦૦૦) ૦) ૦ સર દીનશાજી માણેકજી પીટીટ બારોનેટે પોતાના નબીરા બેહેસતનશીન શેઠ અરદેશર કાવસજી પીટીટના પુનને સારૂ કીધેલાં ધરમ ખાતે.

૨૫૦૦) ૦) ૦ હાંગકાંગ, કનતાંન તથા મકાઉનાં જરથોસતી અનજુમનનાં ધરમ ખાતે.

૧૦૦૦) ૦) ૦ સર દીનશાજી માણેકજી પીટીટ બારોનેટે પોતાનાં ધણીઆણી લેડી સાકરબાઇ તે મરહુમ શેઠ ફરામજી ભીખાજી પાંડેનાં બેટીનાં પુનને સારૂ કીધેલાં ધરમ ખાતે.

૧૫૦૦) ૦) ૦ શેઠ ફરામજી મનચેરજી બુમલાએ માતાજી બાઇ રતનબાઇ તે મરહુમ શેઠ મનચેરજી બુમલાખાઉના વીધવાની યાદગારી કાયમ રાખવા કીધેલાં ધરમ ખાતે.

૧૯૨૩) ૪) ૦ ધી ઓનરેબલ સર દીનશાજી માણે૦ પીટીટ બારોનેટ ઝોરાસ્ત્રીયન લાઇબ્રેરીનું ફંડ.

૧૧૯૧૨) ૧) ૧ સર દીનશાજી માણેકજી પીટીટ બારોનેટે લાઇબ્રેરીના આશ્રા માટે આપેલી નોટ.

૩૫૦૦) ૦) ૦ મરહુમ લેડી સાકરબાઇ દીનશાજી પીટીટ તે શેઠ ફરામજી ભીખાજી પાંડેનાં બેટીના પુણ સારૂ ધણી સર દી. મા. પીટીટ બારોનેટે તથા છોકરાંઓએ કીધેલાં ધરમ ખાતે

૧૦૦૦) ૦) ૦ કલકતાની જરથોશતી અનજુમન તરફથી લાઇબ્રેરીનાં ફંડમાં ભરાયેલા નાણાં મધેથી લીધેલી નોટ ખાતે.

૫૦૦) ૦) ૦ મરહુમ શેઠ નશરવાનજી માણેકજી પીટીટના પુણને સાર તેવણની પુંજીમાંથી એવણના વીધવા બાઈ દીનબાઇ તે મરહુમ શેઠ મેરવાનજી જીજીભાઇ મુંગાનાં બેટીએ આપેલી નોટ.

૧૦૨૬) ૦) ૦ બેહેસતનશીન બાઇ નવાજબાઇ તે શેઠ રતનજી પાલનજી મીસતરીનાં બેટીના પુનને સારૂ કીધેલાં ધરમ ખાતે.

૧૨૯૩૯) ૧૪) ૯ કલકતાના જરથોસ્તી રવાનોને અવલમંજલ પહોંચાડવા વધુ માણસો બોલાવી રાખવાના અતરેની અનજુમને ઉભું કીધેલું ફંડ.

૧૦૦૦) ૦) ૦ સર દીનશાજી માણેકજી પીટીટ બારોનેટે કલકતાના જરથોશતી રવાનોને અવલમંજલ પહોંચાડવા વધુ માણસો રાખવાના અનજુમને ઉભા કીધેલાં ફંડમાં આપેલી નોટ.

૫૦૯ ૦) ૦ બાઇ પીરોજબાઇ જમશેદજી માદને પોતાના મરહુમ માતાજી બાઇ દીનબાઇ તે ગુ૦ શેઠ નવરોજી કાવશજી મીનવાલાના ધણીઆણીના પુનને સારૂ આપેલી નોટ.

૧૦૦૦) ૦) ૦ શેઠ મેરવાનજી નાનાભાઇ મેહેતાએ પોતાના બેહેસતનશીન ધણીઆણી બાઈ નાલીબાઇના પુણને સારૂ આપેલી નોટ.

૫૦૦) ૦) ૦ મરહુમ શેઠ રતનજી પાલનજી મીસતરીના પુણને સારૂ તેવણની પુંજીમાંથી તેવણના વીધવા બાઇ ગુલબાઇ તે મરહુમ શેઠ જીવનજી ઉકરજી દારૂવાલાના બેટીએ આપેલી નોટ.

૫૦૦) ૦) ૦ મરહુમ શેઠ રૂસતમજી નવરોજી પટેલની યાદગારી કાયમ રાખવા સારૂ એવણના વીધવા બાઈ ડોશીબાઇએ આપેલી નોટ.

૫૦૯) ૦) ૦ શેઠ જમશેદજી ફરામજી માદને પોતાના મીત્ર મરહુમ શેઠ કુંવરજી બમનજી ગનજદરના પુનને માટે આપેલી નોટ.

૨૩૭) ૧) ૯ કલકતાના જરથોસતી રવાનોને અવલમંજલ પહોંચાડવા સારૂ ગાડી મંગાવી તેનું ફંડ.

૨૦૦૦) ૦) ૦ બેહેશતનશીન બાઈ શીરીનબાઈ તે શેઠ રૂસતમજી ધનજીભાઇ મહેતા સી. આઈ. ઈ. ના ધણીઆણીના પુનને સારૂ આપેલી નોટ.

૫૦૦) ૦) ૦ શેઠો ફરામજી મનચેરજી તથા હીરજીભાઇ મનચેરજીએ મરહુમ માતાજી બાઇ રતનબાઇ તે ગુ૦ શેઠ મનચેરજી બુમલાખાઉના ધણીયાણીના પુણ સારૂ આપેલી નોટ.

૭૦૦) ૦) ૦ મરહુમ શેઠ માણેકજી રૂસતમજી તથા તેવણનાં ધણીઆણી બાઇ સાકરબાઈ માણેકજી રૂસતમજીનાં પુનને સારૂ કીધેલાં ધરમ ખાતે.

૮૧૫) ૦) ૦ મરહુમ શેઠ કેખશરૂ દાદાભાઇ રૂ. બનાજીના પુણ માટે તેવણની પુંજીમાંથી ભાઇ શેઠ ફરામજી દાદાભાઇ બનાજી તથા બેહનો બાઇ શીરીનબાઈ સોરાબજી શાતીન તથા બાઇ જરબાઈ કાવસજી માણેકજી રૂસતમજીએ આપેલી નોટ.

૫૦૦) ૦) ૦ શેઠ ફરામજી મનચેરજી બુમલાખાઉએ પોતાના વહુ મરહુમ બાઈ શીરીનબાઇ તે શેઠ રૂસતમજી ફરામજી બુમલાખાઉનાં ધણીયાણીનાં પુણ સારૂ કીધેલાં ધરમ ખાતે.

૫૯૩૫) ૩) ૧૧ મરહુમ શેઠ માણેકજી રૂસતમજી બનાજીની યાદગારી કાયમ રાખવા કલકતાની ધરમશાળાનું ખાતું.

૨૬૧૫) ૦) ૦ શેઠ જમશેદજી ફરામજી માદને, બેશીઓએ તથા દોસતોએ પોતાના સગા તથા મીત્ર મરહુમ શેઠ રતનજી નવરોજી મીનવાલાના પુનને માટે આપેલી નોટ.

૫૦૦) ૦) ૦ શેઠ અરદેશરજી નશરવાનજી મોદીના પુનને સારૂ કીધેલાં ધરમ ખાતે.

૫૦૦) ૦) ૦ મરહુમ શેઠ અરદેશરજી નશરવાનજી મોદીના પુનને સારૂ ધરમશાળાને માટે કીધેલા ધરમ ખાતે.

૬૩૦) ૮) ૩ બાઇ પીરોજબાઇ જમશેદજી માદને પોતાનાં મરહુમ ભાઇ રતનજી નવરોજી મીનવાલાની યાદમાં આપેલી નોટ.

૧૦૦૦) ૦) ૦ મરહુમ શેઠ દીનશાહ ભીખાજી બામજીનાં પુનને માટે આપેલી નોટ.
૫૯૫૬) ૮) ૬ શેઠ ફરામજી મનચેરજી ખુમલાખાઉ અસલ નવસારી મલેસરવાડી મોહલાના વતની તે હાલ કલકતાના રહીશે મરહુમ સખીવજુદ પરદુખભંજન મુરબીજી રૂસતમજી જમશેદજી જીજીભાઈની યાદગારી કાયમ રાખવા કીધેલાં ધરમખાતે.
૩૭૬૨) ૦) ૦ શેઠ જમશેદજી ફરાંમજી માદને દારજીલીંગની આરામગાહની જગાના ખરચ યાને નીભાવ ફંડ માટે આપેલા રૂ ૩૦૦૦ ના ધરમ ખાતે.
૧૦૧૫) ૦) ૦ શેઠ કાવશજી માણેકજી રૂસતમજી તથા એવણનાં દીકરીઓ બાઇ ભીખાઇજી, ખરશેદબાઈ તથા મેહેરબાઇએ મરહુમ બાઈ જરબાઈ તે શેઠ કાવશજી માણેકજી રૂશતમજીનાં ધણીઆણીનાં પુણ્ સારૂ આપેલી નોટ.
૫૦૦) ૦) ૦ મરહુમ શેઠ હોરમશજી નશરવાનજી કુપરનાં પુણ્ સારૂ આપેલા રૂ ૫૦૦ નું ખાતું.
૩૦૦૧) ૬) ૩ બાલીઆગતાની આરામગાહની જગા ઉપર અશો ફરોહરની આરાધના કરવાનું ફંડ.
૨૦૦૦) ૦) ૦ મરહુમ શેઠ કાવસજી ધનજીમાઈ ગજદરનાં પુણ્ સારૂ આપેલા રૂ ૨૦૦૦ ના ખાતે.
૩૦૦૦) ૦) ૦ મરહુમ શેઠ પેશતનજી એદલજી ગજદરનાં પુણ્ સારૂ આપેલી રૂ ૩૦૦૦ ની નોટ.
૨૦૦૦) ૦) ૦ મરહુમ શેઠ પેશતનજી એદલજી ગજદરનાં પુણ્ સારૂ આપેલી રૂ ૨૦૦૦ ની નોટ.
૫૦૦) ૦) ૦) શેઠ માણેકજી દીનશા માંજુ તથા કુટુંબે મરહુમ શેઠ સોરાબજી દોરાબજી માંજુનાં પુણ્ સારૂ કીધેલા ધરમ ખાતે.
૫૦૦૦) ૦) ૦) મરહુમ શેઠ સોરાબજી દોરાબજી માંજુનાં પુણ્ સારૂ કીધેલા ધરમ ખાતે.
૧૦૦૦) ૦) ૦) મરહુમ શેઠ કુવરજી દોરાબજી માંજુ તથા સોરાબજી દોરાબજી માંજુનાં પુણ્ સારૂ કીધેલા ધરમ ખાતે.
૫૦૦) ૦) ૦) મરહુમ શેઠ સોરાબજી દોરાબજી માંજુની યાદગારી કાયમ રાખવા એઓનાં ખેશાઓએ કીધેલા ધરમ ખાતે.

૧૯૪૯૨૬) ૧) ૫

પારસી પંચાયતના ધરમખાતાંને લગતી જાણવાજોગ વીગતો.

પંચાયતના ધરમખાતાંઓના હાલના ટરશટી સાહેબોના નામ.

સર જમશેદજી જીજીભાઈ પાંચમાં બેરોનેટ, સર કાવસજી જાહાંગીર બેરોનેટ, શેઠ મનચેરજી પેસતનજી ખરેગાત, શેઠ હોરમજી અરદેશર વાહાડયા, શેઠ જાહાંગીર બમનજી પીટીટ, સર દીનશાહ માણેકજી પીટીટ બીજા બારોનેટ અને શેઠ કાવસજી જાલભાઇ શેઠના.

સને ૧૯૧૪ ના સાલનો પંચાયતના હીસાબનો ટુંક ઇનતેખાબ.

આ સાલની શરૂઆતમાં પુંજી ૩૬૧૪૬૨૮૯-૬-૨ ની હતી, તે આ સાલની સેવટે ૩૬૪૮૯૦૬૯-૧૨-૯ થઇ હતી એટલે આએ સાલમાં વધારો ૩૩૪૨૭૮૦-૬-૭ નો થયો છે.

જુદા જુદા ધણીઓએ જામીનગીરી અને શેરો અને જામીનગીરી ખરીદવાને રોકડ મલી ૩૧૮૩૧૦૦ ની રકમ આપી છે. તેની સામટી ટીપ હેઠળ આપી છે. તેપરથી દીસશે કે ૩૨૨૭૫૦૦ પારસી જનરલ હારપીટાલ માટે, ૩૧૪૦૦૦ મુંબઇ શેહેરને લગતાં બીજા ખાતાંઓ માટે, ૩૩૮૭૦૦ સુરતની અનજુમન માટે, અને ૩૨૯૦૦ બાહેરગામના બીજાં ખાતાંઓ માટે છે. હયુજ રોડપર મકાનો બાંધવા માટે ૩૫૮૮૦૦ મલીયા છે. આ સાલ છ નવાં ખાતાં પાડયાં છે.

૫૦૦	શેઠ ફરદુનજી દોરાબજી ઉસ્તાદે જરથોસ્તી રવાનોને અવલમંજલ પોહચાડવાના ફંડમાં.
૧૦૦૦	શેઠ નાનાભાઇ જીવનજી કંત્રાકટરે દોખમાવાળા ડુંગર ઉપરની અગડીમાં ભણતર ફંડમાં.
૫૦૦	શેઠો રૂસતમજી પેસતનજી મીસતરી તથા નશરવાનજી નાનાભાઇ બાઇશ તે મરહુમ શેઠ પાલણજી પેસતનજી લીલાંબવાળાના વસીયતનામામાં એકજીકયુટરોએ ચોપાટીની ધરમ શાળામાં લાચાર જરથોસ્તીઓને રાખીને પરવરસી કરવાના ફંડમાં.
૫૦૦	બાઈ દીનબાઈ માણેકજી કાંગાએ મુંબઇના ગરીબ જરથોસ્તીઓની પરવરસી કરવાના પગાર આપવાના ફંડમાં.
૫૦૦	શેઠ નવરોજી જાહાંગીર ગામડીયાએ ઉપલાજ ફંડમાં.
૧૦૦૦	મરહુમ બાઈ મેહેરબાઇ પાલણજી નવરોજી પાવરીના વારસોએ પારસી જનરલ હાસપીટલમાં.
૫૦૦	બાઈ સુનાબાઇ દીનશાહ તારાપોરવાલાએ ઉપલાજ ફંડમાં.
૫૦૦	મરહુમ શેઠ જાહાંગીર સો૦ ૩૦ દલાલના ઉઠમણામાં મરહુમની પુંજીમાંથી ભરાયલા ઉપલાજ ફંડમાં.
૧૦૦	બાઇ માણેકબાઈ પીરોશાહ બમનજી જીજીભાઇએ ઉપલાજ ફંડમાં.
૧૦૦૦	બાઈ દીનબાઈ માણેકજી એદલજી સકલાતવાલાએ ઉપલાજ ફંડમાં.
૫૦૦	શેઠ ખરશેદજી મનચેરજી ભેસાણીયાએ ઉપલાજ ફંડમાં.
૧૫૦૦	મરહુમ બાઈ શીરીનબાઇ તે શેઠ કાવશજી દારાશા ડેપ્યુટીના ધણીયાણી તથા શેઠ હોરમજજી રતનજી ઉમરીગરના બેટીના ઉઠમણામાં ભરાયલા ઉપલાજ ફંડમાં.
૫૦૦	મરહુમ શેઠ અરદેશર કાવસજી મોદીની યાદમાં તેવણના ભાઇ તથા બેહનોએ ઉપલાજ ફંડમાં.
૨૧૦૦૦	શેઠ પાલણજી દોરાબજી દોલીમેહરજીના ધરમખાતાંમાંથી ઉપલાજ ફંડમાં.
૫૦૦	શેઠ માણેકજી ધનજીભાઇ ધનભુરાએ વલસાડના પારસી અનજુમનના ફંડમાં.
૯૦૦	જંગબારના અનજુમનના કારોબારીઓએ જંગબારની જરથોસતી અનજુમનના ફંડમાં.
૧૦૦૦	શેઠ નશરવાનજી હોરમસજી બે૦ ડાકટર તથા બાઇ બીખાઇજી હોરમજી ખરશેદજી શેઠનાએ સુરત પારસી અનજુમન ફંડમાં.
૩૭૦૦	શેઠ રૂસતમજી મનચેરજી કુકાએ ઉપલાજ ફંડમાં.

૨૫૦૦ બાઈ ખરશેદબાઇ મનચેરજી બેરામજી ગટુ પેમાસ્તરે ઉપલાજ ફંડમાં.
૧૦૦૦ શેઠ ફરામજી નવરોજી મારફતીયાએ ઉપલાજ ફંડમાં.
૨૦૦૦ શેઠ બરજોરજી સોરાબજી ગોદરેજે ઉપલાજ ફંડમાં.
૧૦૦૦ શેઠ બેરામજી નવરોજજી મારફતીયાએ ઉપલાજ ફંડમાં.
૪૫૦૦ શેઠ દાદાભાઇ દાજીભાઇ બારીયાએ ઉપલાજ ફંડમાં.
૧૦૦૦ શેઠ મેહેરજીભાઇ અરદેશર કુકાએ ઉપલાજ ફંડમાં.
૫૦૦ શેઠ કેખશરૂ અરદેશર કુકાએ ઉપલાજ ફંડમાં.
૧૦૦૦ શેઠો બરજોરજી તથા અરદેશર રૂ૦ ભકાએ ઉપલાજ ફંડમાં.
૧૦૦૦ શેઠ એરચશા જમશેદજી હકીમે ઉપલાજ ફંડમાં.
૫૦૦ શેઠો સોરાબજી તથા પેસતનજી ડોસાભાઇ મારકરે ઉપલાજ ફંડમાં.
૩૦૦૦ શેઠ ફરામજી હોરમજી બ૦ શેઠનાએ ઉપલાજ ફંડમાં.
૧૦૦૦ બાઇ ભીખાઇજી હોરમજજી શેઠનાએ ઉપલાજ ફંડમાં.
૧૦૦૦ શેઠ દીનશાજી નશરવાનજી વકીલે ઉપલાજ ફંડમાં.
૧૦૦૦ શેઠ બરજોરજી સોરાબજી ગોદરેજે ઉપલાજ ફંડમાં.
૧૦૦૦ શેઠ નવરોજજી બમનજી વકીલે ઉપલાજ ફંડમાં.
૩૦૦૦ સુરત અનજુમનના કારોબારીઓએ ઉપલાજ ફંડમાં.
૧૦૦૦ બાઇ શીરીનબાઇ અરદેશર કલ્યાણીવાલાએ ઉપલાજ ફંડમાં.
૧૦૦૦ બાઇ આવાંબાઇ પોચાજી શાપુરજીએ ઉપલાજ ફંડમાં.
૫૦૦ શેઠ અરદેશર સોરાબજી ફરામજી પટેલે ઉપલાજ ફંડમાં.
૫૦૦ સુરતના એક જરથોસ્તી સીવીલ એનજીનીયરે ઉપલાજ ફંડમાં.
૨૦૦૦ બાઇ શીરીનબાઇ અરદેશર કલ્યાણીવાલાએ ઉપલાજ ફંડમાં.
૧૦૦૦ શેઠ સોરાબજી ઉંકડજી કાવશજી ઉમરીગરે ઉપલાજ ફંડમાં.
૧૦૦૦ શેઠ મનચેરશા કાવશજી મોટીશાહે ઉપલાજ ફંડમાં.
૨૦૦૦ બાઇ મોતીબાઈ બાપુજી મેરવાનજી દેશાઇએ ઉપલાજ ફંડમાં.
૧૫૦૦ ઝહાંબોરડીની અનજુમનના કારોબારીઓએ ઝહાંબોરડી જરથોસ્તી અંનજુમનનાં ફંડમાં.
૨૦૦૦૦૦ મરહુમ શેઠ નવરોજજી માણેકજી વાડીઆ સી. આઈ. ઇ. ના એસ્ટેટના એકજીક્યુટરો અને ત્રસ્ટીઓએ બાઇ મોટલાંબાઈ વાડીયાનું ધી બમનજી દીનશા પીટીટ પારસી જનરલ હાસ્પીટલના નીભાવ માટેનાં ખાતાંમાં.
૧૧૦૦૦ બાઇ માણેકબાઇ પીરોશા બ૦ જીજીભાઇએ મરહુમ શેઠ પીરોજશાહ બમનજી જીજીભાઈ રોજ મારેસપંદ, માહ બહમન, શેહેનશાહી ૧૨૮૩ ય. તા૦ ૬ ઠી આગસ્ટ ૧૯૧૩ ને દીને વાર બુધે ૫૭ વરસની ઉમરે મુંબઇ મધે હક થયા છે તેવણુનાં પુણને સારૂ તેવણનાં વીધવાં બાઇ માણેકબાઈ દીનશાજી પીટીટ તથા છોકરાઓએ તથા મરનારના સાલાઓ અને સાલીઓના છોકરાઓએ પડાવેલા ધરમખાતામાં.

૨૮૩૧૦૦

પારસી પંચાયતના શેહેનશાહી ધહમબારના ફંડ ખાતેથી આએ સાલમાં નીચલાં બાનુ અને ગ્રહસ્થોનો ધહમબાર કરવાનો વારો હતો અને તેઓએ અનજુમનના ધહમબારનાં ૬ જાહેર જમણો કર્યાં હતાં. બાઈ જરબાઇ નવરોજજી વાડીયા, ધી ઓનરેબલ સર જમશેદજી જીજીભાઇ બારોનેટ, શેઠ માણેકજી કાવશજી પીટીટ, શેઠ માણેકજી શાપુરજી વાચ્છા, શેઠ ફરામજી હોરમજજી બમનજી શેઠના તથા શેઠ જમશેદજી ખરશેદજી જમશેદજી. આ સાલમાં એક વારાદાર શેઠ બેરામજી નશરવાનજી સીરવઇ ગુજરી જવાથી તે વારો શેઠ ફરામજી હોરમજજી બમનજી શેઠનાને આપવામાં આવ્યો છે.

ફુલ જરથોસ્તી રવાનોને અવલમંજલ પોહોંચાડવાના ફંડમાંથી નશેશાલાર અને ખાંધીઆઓ મલી ૫૩ થી ૫૭ જણને રોકવામાં આવ્યા હતા, જેઓના અને એ ખાતાંના મેહેતાજી, માણસો, રામોસીઓ અને માળીઓ વીગેરેનાં પગારના એ વરસે રૂ૨૭૮૧૫-૧૪-૮ થયા હતા. એ ખાતાંમાંથી વફાદારીથી લાંબી નોકરી બજાવનાર નશેશાલાર, ખાંધીઆઓને પેનશન તરીકે તથા તેઓના મરણ બાદ તેઓની વીધવાઓને પગાર તરીકે મલી જણ ૧૯ ને દરેકને રૂ૪ થી રૂ૧૮-૮-૦ સુધીની માસીક રકમ આપવામાં આવી હતી. આ ખાતાંના જુદા જુદા લત્તાના માણસોની સારવાર નીચલા તબીબ સાહેબોએ કીધી હતી અને દવા આપી હતી તે માટે એ સાહેબોને જે આપવામાં આવયું હતું તે એઓએ ધરમખાતે પાછું આપયું છે. એ મેહેરબાની માટે એ સાહેબોનો મોટો આભાર માનવામાં આવે છે. (૧) ડાકટર દાદાભાઈ નવરોજજી સાહેર, (૨) ડાકટર બેજનજી દા૦ કાપડીયા, (૩) ડાકટર ફ્રામજી એદલજી માડન. ડા૦ બેજનજી ડા૦ કાપડીયા એ સાલમાં હક થયા છે તેવણની જગ્યાએ તેવણના બેટા ડા૦ નવરોજી બેજનજી કાપડીયા એ કામ કરે છે.

ચોપાટીની શેઠ ફરદુનજી સોરાબજી પારખની ધરમશાલામાં આ સાલની સેવટે ૪૬ મરદો અને ૧૦ બાઇઓ મલી ૫૬ જણ આશરો લેતાં હતાં. ડા૦ અરદેશર હોરમજજી ધાસવાલાએ એઓની સારવાર કીધી હતી. જરથોસ્તીઓ તરફથી આ સાલ સરઅવસરે આખા દીવસનાં ૧૯૨ અને અરધા દીવસનાં ૩૨ ખાંણાં થયાં હતાં.

મુંબઈના આંધલા, પાંગલા તથા લાચાર જરથોસ્તીઓની પરવરશી કરવા માટે પગાર આપવાનાં ફંડ ખાતેથી આશરો લેનારાં તા૰ ૩૧ મી ડીસેમબર ૧૯૧૪ ના દીને બધા મલી ૫૧૧ હતા તે આસામીઓને મોટે ભાગે રૂ૩ થી રૂ૫ સુધી પગાર આપવામાં આવયો હતો. ખાસ કેસોમાં કોઇકને રૂ૫ થી વધુ આપવામાં આવયો હતો. એ ૫૧૧ જણમાં ૪૫૭ બાઇઓ અને ૫૪ મરદો હતાં. આ ખાતેથી પગારની ૧૨ માસની રકમ રૂ૨૬૨૩૨ થઇ હતી. એ સાલમાં જુનાં પગારદારોમાંથી ગુજરી જવાથી તથા બીજા સબબોને લીધે જણ ૫૬ કમી થયાં હતાં અને જણ ૬૬ ના નવા પગાર કીધા હતા.

મુંબઇના તંગદસ્ત હાલતમાં આવેલા જરથોસ્તીઓને આશરો આપવાનાં ફંડ ખાતેથી આબરૂદાર જરથોસ્તીઓ, જેઓ જમાનાની ગીરદેશીથી તંગદસ્ત હાલતમાં આવ્યાં હોય, તેઓને આશરો આપવામાં આવે છે. તા૦ ૩૧ મી ડીસેમબરે એઓની સંખ્યા મરદ ૧૬ અને સ્ત્રીઓ ૬૩ મલી ૭૯ ની હતી. એ ખાતેથી મદદનાં રૂ૪૮૬૦ આપવામાં આવ્યા હતા.

ગરીબ લાચાર જરથોસ્તી વીધવાઓને આસરો આપવાનાં ફંડ ખાતેથી આશરો લેનારી વીધવાઓની તા૦ ૩૧ મી ડીસેમબર ૧૯૧૪ ના દીને સંખ્યા ૧૪૯ હતી. તેઓને મોટે ભાગે રૂ૩ થી રૂ૫ નો માસીક પગાર આપવામાં આવ્યો હતો. તેની રકમ રૂ૭૩૪૨ ની થઈ હતી. એ સાલમાં જુના પગારદારોમાંથી ગુજરી જવાથી તથા બીજા સબબોને લીધે જન ૨૦ કમી થયાં હતાં અને જણ ૨૪ ના નવા પગાર કીધા હતા.

મુંબઇના ગરીબ લાચાર જરથોસ્તીઓ ગુજરે તેઓનાં રવાંનોને અવલમંજલ પોહોંચાડવા તથા ધરમની ક્રીયા વીગેરેની દીન ૪ નો ખરચ કરવા માટે આશરો આપવાના ફંડમાં નામદાર સર જમશેદજી જીજીભાઇએ પારસીઓને માટે કરેલી સખાવતનાં ધરમ ખાતેથી રૂ૪૦૦ ની મદદ મલી હતી. એ ખાતેથી ૬૧ રવાનો માટે રૂ૧૫૩૪-૮-૬ નો ખરચ આપવામાં આવ્યો હતો.

જરથોસ્તી માએબાપોને પેટે જનમેલાં બાલકોને સુદરો પેહેરાવવાના કારણસર આશરો આપવાના ફંડમાંથી આ સાલ ૧૩ બચ્ચાંઓને સુદરેહ પેહેરાવવા માટે તેઓનાં ગરીબ માબાપોને દરેક બાલક દીઠ રૂ૨૫ આપવામાં આવ્યા હતા.

ગરીબ લાચાર જરથોસ્તીઓની છોકરીઓને પરણાવી આપવા માટે આશરો આપવાના ફંડમાંથી આ સાલમાં ૩૯ છોકરીઓને પરણાવી આપવા માટે મદદ આપી હતી; તેના દરેક છોકરી દીઠ રૂ૭૫ પ્રમાણે રૂ૨૯૨૫ થયા હતા.

મુકતાદને ટાંકણે દેશાવરો ખાતેનાં આંધલાં, પાંગલાં, તથા લાચાર જરથોસ્તીઓને વેહેંચી આપવા સારૂં રૂપીયા વાલવાના ફંડમાંથી એ સાલ દેશાવરોનાં ૬૭૨ ગરીબ જરથોસ્તીઓને રૂ૮૧૫૨–૯–૦ ગામે ગામના મેનેજર સાહેબો હસ્તક વેહેંચી આપ્યા હતા, તથા મુકતાદને ટાંકણે કોઇ પણ ઠેકાણાનાં આંધલાં, પાંગલાં તથા ગરીબ જરથોસ્તીઓને વેહેંચી આપવા સારૂ રૂપીયા વાલવાના બીજા ફંડમાંથી જણ ૩ ને રૂ૨૧૧ આપ્યા હતા. એ ગામોન નામ નીચે પ્રમાણે છેઃ—સુરત શેહેર, તથા સુરતનાં પરાંઓ, સુરતને લગતાં ગામો (વેસુ, ડુમસ, સુમાલી, દામકા, ટેણાં, મંદરોઇ, એલાવ, રાંદેર, ભેસાણ, અડાજણ, સીગનપોર, કુદીઆણાં, ભગવા, ભાઠા, માંડવી, કરંજ, અમરોલી, વરીઆવ, પુણા, ઓરપાડ, રૂઢવાડા, ખજોદ, કુંડી, પાટલદેવી.) ઊદવાડા, દમણ, (નાની તથા મોટી) તારાપોર. વલસાડ, ગણદેવી, સાદરવેલ, દેગામ, અગાશી, બીલીમોરા, ચીખલી, મેમ્રોર, દેહેણું, દેવીયર, નારગોલ, તડગામ, સરોડા, નવસારી, નવસારીને લગતાં ગામડાંઓ (તવડી, બારડોલી, મહુવા, વાડાપોસરા, સરપોર પારડી, વીયારા, શીઓદ, પુની, હાલાવરોલી,) ભરૂચ, ભરૂચને લગતાં ગામડાં, (અંકલેશર, હાંસોટ) ખેરગામ, વડોદરા, ખંભાત, પારડી, સોલાપોર, પુના, બેલગામ. ઉપલાં કારણસર ફરતી કરેલી ટીપમાં રૂ૫૮૩ ભરાયા હતા.

મુંબઇના લાચાર જરથોસ્તીઓને મુફત અનાજ આપવાનાં ફંડમાંથી આએ સાલ ગરીબ જરથોસ્તી જણ ૫૦ ને મુફત અનાજ અપાવ્યો તેના રૂ૫૦૫–૪–૦ થયા હતા.

ગરીબ જરથોસ્તીઓને ધંધે લગાડવાના કામમાં મદદ આપવાના ફંડ માંથી જણ ૧ ને ધંધો કરવા માટે રૂ૧૦૦ ની રકમ આપી હતી.

દીવાના સાલા મધેના ગરીબ લાચાર જરથોસ્તીઓની પરવરશીને લગતાં ખરચને માટે મદદ આપવાના ફંડમાંથી શેઠ નશરવાનજી માણેકજી પીટીટનાં ધરમ ખાતાંને આએ સાલમાં રૂ૧૨૨૫ આપ્યા હતા.

ગરીબ પારસી બીમારોને હવાના ફેરફાર માટે જવા કાજે અને હડખા અથવા બીજા દરદોના ઇલાજ વીગેરે સબબો માટે મદદ કરવાના ફંડમાંથી જણ ૨૬ ને રૂ૧૨૩૫ ની મદદ આએ સાલમાં આપી હતી.

મુંબઇ તથા દેશાવરો ખાતેની જરથોસ્તી જંદ અવસ્તાની નીશાલોના ફંડમાંથી મુંબઇ અને દેશાવરો મલી ૩૨ નીશાલોમાં જંદ અવસ્તા અને જરથોસ્તી ધરમને લગતાં મુલતત્વોનું જ્ઞાન આપવામાં આવ્યું હતું. ઉપરી સાથે એ ખાતાંમાં ૪૦ શીક્ષકોને રોકયા હતા, જેઓના પગારો વીગેરેની વારષીક રકમ રૂ૫૦૨૯–૧૨–૪ ની થાય છે. એ નીશાલોના ઉપરી તરીકે એરવદ બમનજી નશરવાનજી ધાભર એમ. એ. એ કામ કરયું હતું. એ નીશાલો નીચે પ્રમાણે જુદાં જુદાં ગામો ખાતે હતી. ૫ મુંબઈ, ૧ મહુવા, ૧ ભરૂચ, ૧ દેવીયર, ૧ રાજકોટ, ૧ વલસાડ, ૩ નવસારી, ૧ બારડોલી, ૧ નારગોલ, ૧ ભાઠા, ૧ વીયારા, ૧ સરોડા, ૧ ઉદવાડા, ૧ કુદીઆણાં, ૧ ઇગતપોરા, ૧ સોલાપોર, ૧ ખંભાત, ૧ બદનેરા, ૧ તારાપોર, ૧ ગણદેવી, ૧ બીલીમોરા, ૧ ખેરગામ, ૧ ઓરપાડ, ૧ તડગામ, ૧ કરંજ, ૧ ભગવા.

નામદાર સર જમશેદજી જીજીભાઇ પેહેલા બારોનેટની યાદગારીને સારૂ ઉભી કરેલી જરથોસ્તી મદરેસાનું ફંડ. એ મદરેસાના પેહેલવી, અવસ્તા, અને સંસ્કૃત ભાષાઓનાં શીક્ષકો વીગેરેના આ સાલ રૂ૫૭૭૭–૮–૦ થયા હતા અને વીદયારથીઓના સ્કોલરશીપના રૂ૧૨૭૮ થયા હતા. આ સાલની સેવટે મદરેસામાં ૩૬ વીદયારથીઓ હતા. સંસ્કૃત વર્ગનો લાભ એ સાલમાં ૫ વીધ્યારથીઓએ લીધો હતો. એ સાલમાં શેઠ સોરાબજી જમશેદજી બુલસારા એમ. એ; એરવદ બમનજી નશરવાનજી ધાભર એમ. એ; તથા ડા૦ એરચ જાહાંગીર સોરાબજી બી. એ., પી. એચ. ડી. એ પરીક્ષા લીધી હતી.

મદરેસાનાં એક શીક્ષક એરવદ એદલજી કેરશાસ્પજી આંટીયા તા૦ ૨૮ મી ડીસેમબર ૧૯૧૩ ને દીને હક થયા હતા. તેવણનાં મરણની નોંધ ટ્રસ્ટી સાહેબોએ પોતાનાં દફતરમાં તા૦ ૯ મી જાનેવારી ૧૯૧૪ ની મીટીંગમાં નીચે પ્રમાણે લીધી હતીઃ—"સર જમશેદજી જીજીભાઇ જરથોસ્તી મદ

રેસાના અવસ્તા બાશાના શીક્ષક એરવદ એદલજી કેરશાસ્પજી આંટીયાનાં મરણથી ત્રસ્ટીઓ દીલગીર થયા છે. મરનારનો આ કેલવણી ખાતાં સાથે જુદે જુદે પ્રકારે નજદીક ૫૧ વરસનો સંબંધ હતો. એ અરસામાં શીક્ષક તરીકેના ૬૯ વરસનાં એવણનાં કામે વડા શીક્ષક, ઉપરી અને પરીક્ષક સાહેબોને સંતોષ આપયો હતો તેની અને એવણની લાંબી વફાદાર સેવાની અને એવણ જેવા કામના એક ભલા ભણેલા અભ્યાસીનાં મરણની ખોટની ત્રસ્ટીઓ નોંધ લે છે.

નામદાર સર જમશેદજી જીજીભાઈ ત્રાન્સલેશન ફંડ ખાતેથી ૧૨ પુસ્તકોને નાનો મોટો આશરો આપવામાં આવયો હતો. જુદાં જુદાં પુસ્તકોને આશરો આપવા વીગેરે પાછલ એ સાલ કુલે ખરચ ૩૧૫૭૯–૧૨–૦ નો થયો હતો. એઓમાં નીચલાં પુસ્તકો જરથોસ્તીઓની ધરમ તવારીખ, સંસાર અને સાહીત્યને લગતાં હતાં:–Zarathushtra and His Contemporaries in the Rigveda, Light of the Avesta and the Gathas, શાહનામું ભાગ ૩ જો, નાયબ દસ્તુર મીનોચેહેર જામાસ્પજીવાલું, Moral Extracts from Zoroastrian Books, શાહાનામું વોલ્યુંમ ૧ લું, એરવદ મા. તથા ફ. ન. કુટારવાલું, The Zoroastrian Law of Purity, Shah-Name-i Fardowsi Tusi (ફોટો લીથો કરેલું), શાહાનામું વોલ્યુંમ ૨ જું એરવદ મા. તથા ફ. ન. કુતારવાલું, ઇરાંનનું પેશદાદીયનવંશ, Collected Sanskrit Writings of the Parsis Part IV, Sakanda-Gumani-Gujara, Yasna XXIX in its Sanskrit Equivalents, Yasna XXXI in its Sanskrit Equivalents, Dante Papers. ઉપલા તથા ધી વીકટોરીયા જુબીલી પેહેલવી ટેકસટ ફંડ ખાતેથી ખરીદેલી ચોપડીઓમાંથી ૧૩૪ ચોપડીઓ મુંબઈ અને દેશાવરો ખાતેની જંદ અવસ્તાની નીશાલોના બચ્ચાંઓને ઇનામમાં આપી છે અને આશરે ૮૬૦ ચોપડીઓ જરથોસ્તીઓના જાહેર પુસ્તકખાનાંઓ વીગેરેને ભેટ આપી છે.

બાપ વીનાનાં બચ્ચાં તથા વીધવાના ખાતેથી મુંબઇ તથા સુરતની ઓરફનેજમાં ઓરફન છોકરાઓને રખાવ્યા હતા, સર જમશેદજી ઇન્સ્ટીટયુશનના ઓરફન છોકરાઓને ટાઇપ રાઈટીંગ વીગેરે શીખાડવાનો ખરચ કીધો હતો, બાઈ મોટલાંબાઇ વરક કલાસમાં શીખતી છોકરીઓને મદદ આપી હતી, ઓરફન છોકરીઓંને શીવવાના સાંચા અપાવયા હતા, ઓરફન વીધ્યારથીઓને કોલેજની ફી વીગેરેની મદદ આપી હતી, તથા વીધવાઓ અને ઓરફનોને માસીક મદદ આપી હતી. તેનો કુલ ખરચ ૩૩૯૬૦–૯–૯ નો થયો હતો.

પારસી વોલંટીયર ફંડ. આપણી નામદાર સરકારે જાહેર કરેલી લડાઇના સંબંધમાં પારસી વોલંટીયરોની સેવા લેવામાં આવી હતી તે માટે તેઓને ઘટતી ચીજો અપાવવા માટે એક ફંડ ખોલવામાં આવયું હતુ. ત્રસ્ટીઓએ તે માટે પારસી કોમને અરજ કરતાં તેમાં સને ૧૯૧૪ નાં સાલમાં ૩૩૧૩૨ ભરાયા હતા. તે સતાવાલાઓ તરફથી વખતો વખત માગણી થવા મુજબ મોકલવામાં આવયા છે, અને એ ફંડ સને ૧૯૧૫ ના સાલમાં બંધ થયું છે.

આ સાલમાં ત્રસ્ટી સાહેબોની કુલે ૩૪ મીટીંગ મલી હતી, તેમાં ૩૩ ઓફીસ ખાતે, અને ૧ ડુંગરવાડી ઉપર મલી હતી. આ સાલમાં પંચાયતના ખાતાંના કામકાજના સંબંધમાં નીચલા અગતના બનાવો બનયા હતા:—આપણી નામદાર અંગ્રેજ સરકારે જાહેર કરેલી લડાઇમાં તેની ફતેહ થાય, તે માટે પારસી કોમ તરફથી, મરહુમ શેઠ હોરમજજી બ૦ વાડીયાનાં આતશબેહેરાંમના દીવાનખાનામાં તા૦ ૧૧ મી આગસ્ટ ૧૯૧૪ ના દીને બંદગી કરવામાં આવી હતી. એ બંદગી કાજેની ખબર જાહેરમાં આપતાં ત્રસ્ટી સાહેબોએ પોતે પણ સરવ મદદ આપવાની મરજી જણાવી હતી. મુંબઇની જંદ અવસ્તાની નીશાલોનાં બાલકોને ઇનામ આપવાનો મેલાવડો તા૦ ૨૪ મી સપટેમબર ૧૯૧૪ ના દીને કરવામાં આવયો હતો. રંગુનમાં એક જુદદીન બાપની છોકરીની નવજોત કરવામાં આવી તેના સંબંધમાં પંચાયતના ત્રસ્ટી સાહેબોને એક રેકવીઝીશન મલ્યું હતું.

આ સાલમાં શેઠ બમનજી દીનશાહ પીટીટે પોતાની નાદરસ્ત તબીયતને લીધે તા૦ ૧૧ મી નવેમબર ૧૯૧૪ ને દીને ત્રસ્ટી તરીકેના પોતાના ઓધ્ધાનું રાજીનામું આપયું હતું. તે ત્રસ્ટી સાહેબોએ પોતાની તા૦ ૨૪ મી નવેમબર ૧૯૧૪ની મીટીંગમાં નીચલા ઠરાવ સાથ બાહાલ રાખ્યું હતું:–

(ક) પારસી પંચાયતના ત્રસ્ટીઓની આ સભા શેઠ બમનજી દીનશાહ પીટીટનું ત્રસ્ટી તરીકેનું રાજીનામું ઘણી દલગીરી સાથ કબુલ રાખે છે અને તેવણ સાહેબની આ ખાતાં સંબંધની ૧૩ વરસની કીમતી સેવાની કદર પીછાણી તેની નોંધ લેછે. તા૦ ૧૫ મી જુન ૧૯૦૧ ને દીને એવણ સાહેબની નેમણુંક કરવામાં આવી હતી. તે દીનથી અત્યાર સુધી એવણ આ ખાતાંનાં કામમાં ઉલટમંદ ભાગ લેતા આવયા છે. એવા ઉલટમંદ ઉમંગી અને કાલજીવાલા હમશરીક અને કોમના ખેરખાહની સેવા ખોહોવા માટે ત્રસ્ટીઓ દલગીર છે. (ખ) ઉપલા ઠરાવની નકલ શેઠ બમનજી દીનશાહ પીટીટ અને સરવ પારસી વરતમાન પત્રોને પોંહોચાડવી. પારસી પંચાયતના ત્રસ્ટીઓની ચુંટણી કરવા માટે ઘડાયલી યોજનાની રૂએ શેઠ બમનજી દીનશાહ પીટીટનાં રાજીનામાંથી ત્રસ્ટી તરીકેની ખાલી પડેલી બેઠક પુરવા માટેની ચુંટણી તા૦ ૧૬ મી જાનેવારી ૧૯૧૫ ને દીને કરવાનું ઠરાવવામાં આવ્યું હતું. તે પ્રમાણે ચુંટણી થઇ ધી ઓનરેબલ સર દીનશાહ ધનજીભાઈ દાવરને ત્રસ્ટી તરીકે ચુંટી કાઢવામાં આવ્યા છે.

આપણાં વાઇસરોયનાં બાનુ લેડી હારડીંજનાં મરણની દલગીરી માટે દીલસોજી દેખાડવા કાજે ત્રસ્ટી સાહેબોની તા૦ ૧૬-૭-૧૯૧૪ ની મીટીંગના ઠરાવની રૂએ નીચલો તાર સરનશીને તા૦ ૧૬-૭-૧૯૧૪ ને દીને મોકલયો હતો:—THE PRIVATE SECRETARY TO THE VICEROY, SIMLA.—The Trustees of the Parsee Punchayet at their Meeting held to-day record their great sorrow at the sad and premature death of Her Excellency Lady Hardinge and respectfully beg to convey their deep sympathy to His Excellency the Viceroy on his sudden and irreparabl loss.

ઇરાંનના નામદાર શાહની તાજપોશીનાં પ્રસંગે ત્રસ્ટીઓની તા૦ ૨૯-૫-૧૯૧૪ ની મીટીંગના ઠરાવ પ્રમાણે તેઓના સરનશીન ધી ઓનરેબલ નામદાર સર જમશેદજી જીજીભાઈ બારોનેટે તા૦ ૨૧-૭-૧૯૧૪ ને દીને નીચલો તાર મોકલ્યો હતો:-HIS IMPERIAL MAJESTY THE SHAH OF PERSIA, TEHERAN.—On behalf of Zoroastrian Community permit me to offer Your Imperial Majesty our heart-felt congratulations on your Coronation. May God bless Your Majesty and Your Country.

નીચલાં ખાતાઓ તરફ મદદ કાજે જરથોસ્તી સાહેબોનું ખાસ ધ્યાન ખેંચવામાં આવે છે. ૧-પારસી પંચાયતના વખતો વખતના ત્રસ્ટીઓએ પોતાની નજરમાં આવે એવા જરથોસ્તીઓના ફાયદાને માટે ચુંટી કાઢેલા સખાવતી કામ યા કામોમાં વાપરવા માટેનું ફંડ. ૨-ગરીબ જરથોસ્તી બાપ વીનાના બચ્ચાં તથા વીધવાઓને મદદ કરવાનું ફંડ (આ ફંડની મકસદ આ છે કે ગરીબ જરથોસ્તી બાપ વીનાનાં બચ્ચાં તથા વીધવાઓને કોઇપણ રીતે મદદ આપવા અથવા તેઓના લાભને માટે કોઇપણ રીતે ખરચ કરવો; જેમકે બચ્ચાંઓને ઓરફનેજમાં મોકલવાનો, અથવા મા યા વાલી સાથે રહેતાં હોય તો ભરણ પોશણ અને કેલવણીનો ખરચ આપવો, અથવા વીધવાઓને વરક કલાસમાં જવા અથવા નરશીંગ શીખવા અથવા એવો બીજો ધંધો શીખવા અથવા ધંધાના ઓજારો વીગેરે લેવા માસીક અથવા ઉચક મદદ આપવી, અથવા જે ખાતાંઓ એવાં બચ્ચાંઓ અથવા વીધવાઓને મદદ આપતાં હોય તેઓને ઉચક અથવા માસીક મદદ કરવી. ૩-પારસી સંકટ નીવારણ ફંડ. ૪-ચોપાટીની ધરમશાલા મધે આંધલાં પાંગલાં તથા લાચાર જરથોસ્તીઓને રાખીને પરવરશી કરવાનું ફંડ. ૫-મુંબઇનાં આંધલાં પાંગલાં તથા લાચાર જરથોસ્તીઓની પરવરશી કરવા માટે પગાર આપવાનું ફંડ. ૬-મુંબઈ તથા દેશાવરો ખાતેની જરથોસ્તી જંદ અવસ્તાની નીશાલોનું ફંડ. ૭-ગરીબ પારસી બીમારોને હવાના ફેરફાર માટે જવા કાજે અને હડખા અથવા બીજા દરદોના ઇલાજ વીગેરે સબબો માટે મદદ કરવાનું ફંડ.

યુરોપમાં ચાલતી લડાઇમાં પારસીઓએ આપેલી મદદને લગતી વીગતો.

યુરોપ ખાતે ચાલતી લડાઇમાં નામદાર બ્રીટીશ સરકારે તા૦ ૪ ઠી આગસ્ટ ૧૯૧૪ ને દીને લડાઇ જાહેર કરી હતી જે હજી સુધી ચાલુ છે. એ લડાઇ દરમયાન પારસી કોમે નામદાર બ્રીટીશ સરકારની અનેક રીતે સેવા બજાવીને એ નામદાર તરફની પોતાની વફાદારી અને ફીદાગીરી દેખાડી આપી છે. લડાઇના સંબંધમાં નામદાર સરકારને મદદ કરવા માટે પારસીઓએ હજારોની રકમ કહાડી આપવા ઉપરાંત સોલજરો વગેરેના ઉપયોગ સારૂ તરેહવાર ચીજો ભેટ આપી છે. કેટલાક પારસી જવાનો ખુદ લડાઇના મેદાનમાં તબીબો તરીકે, હાસપીટલ સટોરકીપરો તરીકે અને કલારકો તરીકે એ નામદારની સેવા બજાવે છે. એટલુંજ નહી પણ કેટલાક પારસી જવાનો તો મેદાને જંગમાં માનવંત બ્રીટીશ સરકાર તરફથી દુશ્મનો સામે લડવાને પણ ગયા છે. પુણા વાલંટીયર રાઇફલસના કલર સારજંટ રતનશાહ હોરમજી નીમચવાલા ગોરા સીપાહોની રોયલ ડબલીન ફ્યુઝીલીરસ પલટણમાં જોડાયા છે અને આયરલેંડ ખાતે નવા સીપાહોને નીશાનબાજીની તાલીમ આપે છે. શેઠ જમશેદ રૂશતમજી હો. હકીમ બસરા ખાતે ફીલ્ડ સરવીસ ઉપર ઇંડીયન એક્ષપીડીશનરી ફોજ સાથે ગયા છે જ્યારે શેઠ દોલી ફરામરોઝ પાંડે મીડલસેક્ષ રેજીમેંટમાં પ્રાઇવેટ તરીકે જોડાઇ ફરાનસમાં કેથે ત્રેનચીસમાં સાધારણ સીપાહ તરીકે લડે છે. શેઠ દાદાભાઈ નવરોજીના પઉત્ર શેઠ કેરસાસપ અરદેશર દાદાભાઇ નવરોજી કેમબ્રીડજ યુનીવરસીટીમાં તવારીખનો અભયાસ કરતા હતા એવણ મીડલસેક્ષ રેજીમેંટમાં દાખલ થઇ પોતાની ચંચલાઇથી સારજંટની પદવી મેળવી શકયા છે. એવણ એક હાથે જખમી થવા પછી પોતાના અમલદારને મારી નાંખતા દુશમનને જોતા તરતજ તેની તરફ ધસી જઇને તેને મારી નાખ્યો હતો.

કેપીતન ફીરોઝ બેરામજી ભરૂચાને જંગભુમી ઉપર બતાવેલી બહાદુરી માટે ડીસટીંગવીશ શરવીસ ઓરડર (ડી. એસ. ઓ.) બક્ષવામાં આવયો હતો.

શેઠ દારાબશાહ અરદેશર સીગનપોરીયા રોયલ ઈંડયન મરીનના સીનીયર એનજીનીયર તરીકે બસરા ખાતે રાખેલી કારાડેનીસ નામની ટરકીસ પ્રાઇઝ સ્ટીમરપર નોકરીએ હતા, તે વખતે બે આરબ કેદીઓએ પાણીમાં ઝંપાવી નાસવા માડવાથી તેઓને પકડવાને બ્રીટીશ સીપાઓએ પુઠ પકડી પણ બ્રીટીશ સીપાહો ડુબવા લાગવાથી શેઠ દારાબશાહે જીવના જોખમે પાણીમા કુદી પડી સાત સીપાહોને બંચાવવાથી એવણની બહાદુરી માટે નોરફક રેજીમેંટના કમાનડીંગ હારીસરે એક રેજીમેંટલ (રૂપાનો) ચાંદ ભેટ કીધો હતો. વળી એવણને સરકાર તરફથી જુદી જુદી વખતે મનવારો વગેરેમાં બતાવેલી બહાદુરી માટે રોયલ ઈંડયન મરીનનો એક નેવલ બેજ મલ્યો છે.

શેઠ અરદેશર હોરમજી ગોલવાળા બેરનમથની હાસપીટલનાં સ્ટોરકીપર છે એવણને લાંની વેસ્ટ કલીફ બેધીંગ કલબે પોતાના આનરરી લાઇફ મેંમબર નેમ્યા હતા અને દોઢ માઇલની તરવાની રેસમાં બીજા આવવાથી સોનાનો સીગરેટ કેસ અને બેધીંગ કોસટયુમ ઇનામ તરીકે મલ્યાં હતાં.

શેઠ દોરાબજી મેરજીભાઈ વજીફદારે ફરસટ ગ્રેડ હાસપીટલ સ્ટોરકીપર તરીકે ૧૨ મહીના સુધી બાહોસીથી બજાવેલી નોકરી માટે એવણને પ્રોમોશન તથા ઇનામ આપવા માટે ફીલ્ડ મારશલ સર જોન ફરેંચે ભલામણ કરી હતી.

નામદાર બ્રીટીશ સરકારે જોડયા મીત્ર રાજ્યો સાથે ઇનસાફને ખાતર જાહેર કરેલી લડાઇને તા૦ ૪ ઠી આગસ્ટ ૧૯૧૬ ને દીવસે બે વરસ પુરા થયા અને આપણી નામદાર બળવાન બ્રીટીશ સરકાર તથા જોડયા મીત્ર રાજ્યોને પાક દાદાર અહુરમઝદ કીરતીવંત ઝડપી ફતેહપક્ષે અને સઘળે ઠેકાણે સુલેહ, શાંતી પથરાય તે માટે આખા બ્રીટીશ શહેનશાહતમાં બધી કોમો તરફથી મુંબઈમાં તેમજ જુદા જુદા દેશાવરો ખાતે તા૦ ૪ ઠી આગસ્ટે બંદગી કરી દુવા ગુજારવામાં આવી હતી. એ મુજબ મુંબઇમાં જાહેર બંદગી કરવા સારૂ પારસી પંચાયતના માનવંત ત્રસ્ટી સાહેબોની આગેવાની

હેઠળ સાંજે ૫–૩૦ કલાકે શેઠ હોરમજી બમનજી વાહાડયાના આતશબેહરામમાં જરથોસ્તી બાનુઓ તથા ગ્રહસ્થોએ મોટી સંખ્યા હાજર થઇ બંદગી કીધી હતી. જશનની ક્રીયા સમસુલ ઓલમાં દસ્તુર દારાબજી પેસોતનજી સંજાનાની આગેવાની હેઠળ કરવા બાદ સઘળાઓએ ઉભા થઈ અવસ્તામાં હમ બંદગી કરવા પછી દસ્તુરજી દારાબજીએ પ્રસંગને અનુસરની વાયજ કરી હતી. કોટની મરહુમ શેઠ માણેકજી નવરોજી શેઠની દરેહમેહેરમાંની હમ બંદગી કરવામાં આવી હતી. એ ઉપરાંત પુણા, માઉંટ આબુ, રાજકોટ, કલકતા, વડોદરા, ઉડવાડા, ભરૂચ, દખન હૈદરાબાદ, બદનેરા, ઇગતપુરા, ઉરન, નાગપોર, વગેરે હીંદુસ્તાનના ઘણાક દેશાવરો તથા શેહરો ખાતે જરથોસ્તી અંજુમન તરફથી બંદગી કરવામાં આપી હતી.

મુંબઇનાં જાણીતા સખી શહેરી સર શાપુરજી બરજોરજી ભરૂચાએ "બોંબે નંબર વન" નામનું એક એરોપલેન નામદાર સરકારને મુંબઈ તરફથી ભેટ આપયું હતું. આ એરોપલેન સંબંધી મુંબઇના નામદાર ગવરનર લોરડ વીલીંગડનને નીચલો સંદેશો વોર ઓફીસ તરફથી મળયો હતોઃ—દુશમનનું એરોપલેન ૮૦૦૦ ફીટની ઉંચાઇએ ઉડતું આપણી હદમાં આવયાથી "બોંબે નંબર વને" આકાશમાં ચઢી તે સામે મારો ચલાવયાથી તે પાછું શતરૂની લાઇનમાં ગયું હતું તેમજ દુશમનનું બીજુ એરોપલેન ૫૦૦ ફીટની ઉંચાઇએ અને ૭૦૦ ફીટને છેટેં આપણી લાઇન તરફ જણાવાથી "બોંબે વંને" તેની ઉપર હુમલો કરતાં તે નાહસી ગયું હતું.

નીચલા જરથોસ્તી ડાકટરોને કામચલાઉ લેફ્ટનંટની પડવી સાથનું કમીશન આપી તેઓને ઇંડીયન મેડીકલ સરવીસમાં નેમવામાં આવ્યા હતા અને લડાઇના મેડાનમાં તેમજ જરૂર હોય ત્યાં મોકલાવ્યા હતાઃ—ડી. આર. ખરાસ, બી. સોરાબજી ઘોંડી, જાહાંગીર રતનજી વાહાડયા, દાદાભાઈ દીનશાહ વરીઆવા, કે. એચ. માસતર, આર. ઇ. દાદાચાનજી, પેસતનજી રૂશતમજી વકીલ અને પેસતનજી મોગલ; એ ઉપરાંત ડા૦ દારાબશાહ સોરાબજી પંથકી, કેપટન (ડા૦) રૂશતમજી પેસતનજી બીલીમોરીયા, ડા૦ એસ. એચ. કાકા, ડા૦ શાપુરશા સોરાબજી કાપડયા અને જે. કે. નરીમાન લડાઇના મેડાનમાં જુદે જુદે ઠેકાણે નોકરીએ ગયા છે.

શેઠ દીનશાહ કાવશજી નેટરવાળા ૬ ઠા ડીવીઝનના "ડી" ફોરસના મેડીકલ ડીપારટમેંટના ફરસટ ગ્રેડ હેડ સ્ટોરકીપર, શેઠ કાવશાહ સોરાબજી સરકારી કમબાઇનડ ફીલડ એમબ્યુલંસમાં એ કોરના બી. સેકશનના સ્ટોરકીપર, શેઠ આદરજી કાવશજી વેલાતી યુરોપ ખાતે સપલાઈ કોરમાં ફરસટ ગ્રેડ હેડ સ્ટોરકીપર, એરવદ મનચેરશાહ માણેકજી માકુજી નંબર ૫, ઇડીયન જનરલ હાસપીટલમાં સ્ટોરકીપર, શેઠ શાવક એન. મીસતરી નંબર ૫, ઇંડીયન જનરલ હાસપીટલમાં હેડ સ્ટોરકીપર, અને શેઠ પેસુતન દારાબશાહ શેઠના લડાઇના મેદાનમાં ફરસટ ગ્રેડ સ્ટોરકીપર તરીકે કામ કરે છે; જ્યારે પુણા વાલનટીઅર રાઈફલવાળા લાનસ કોરપોરલ મેહરબાન ખુદાદાદ ઇરાની ફરસટ ગ્રેડ સ્ટોરકીપર તરીકે, શેઠ બેરામ જમશેદ ઇરાની સીનીયર ફરસટ ગ્રેડ સ્ટોરકીપર તરીકે અને શેઠ જાહાંગીર એમ. દારાશાહ હાસ્પીટલશીપ 'સીરીયા' પર નોકરી બજાવે છે.

શેઠ દાદી માણેકજી લાંકડાવાળા મેસોપોટેમીઆ ખાતેના હીંદી લશકરના કેમીસરીયેટ ખાતાંની હેડ હાફીસમાં છે, અને શેઠ અરદેશર દાદાભાઇ ગાંધી પોસ્ટ માસતર તરીકે ગયા છે જ્યારે શેઠ સોરાબજી બમનજી પુનેગર, એરવદ સોરાબ પેસતનજી આદરીયાનવાલા અને શેઠ બેરામ સોરાબજી ભમગરા બસરા ખાતે મીલીતરી સપલાઈ ખાતામાં નોકરીએ રહેલા છે. એ ઉપરાંત શેઠો કાવશ દીનશાહ મુલ્લાં, રતનશાહ એફ. ભુરીખાન, દાદાભાઈ એફ. મોદી, એદલજી નશરવાનજી ખરાદી, અને નરીમાન મેરવાનજી હો. કરકરીઆ ફીલ્ડ સરવીસ ઉપર જુદે જુદે ઠેકાણે નોકરીએ ગયા છે.

હાલની ભયંકર લડાઇ મધે પોતાની રાજની સેવા બજાવવાને જે સંખ્યાબંધ પારસી જવાનો બહાદુરીથી બહાર પડયા હતા, તેમાં નીચલાં પારસીઓએ પોતાનો જાન લડાઈના મેદાનમાં ખોહયો હતો.

લફ્ટનંટ માણેકજી બરજોરજી પટેલ રોજ ૧૦ મો માહ ૪ થાને દીને ૩૧ વરસની વયે બસરા ખાતે મરણ પામ્યા હતા. એવણે મેત્રીકયુલેશનની પરીક્ષા આપી મુંબઇની ગ્રાંટ મેડીકલ કોલેજમ. ત્રણ વરસ વેર અભયાસ કરવા પછી વેલાત જઇ એડીનબરોની એલ. આર. સી. પી. એંડ. એસ. ની ડીગરી તથા ડી. પી. એચ નો ડીપલોમાં મેલવ્યો હતો. મરહુમ નમાના તથા સાલેસ હતા. એવણ હીંદી લશકર સાથે મેસોપોટેમીયા ખાતે ગયા હતા અને કોસી ફોન ખાતે તા૦ ૨૩ મી નવેમાં બરે બરડાના હાંડકાપર એક ગોળી લાગવાથી એવણનું મરણ નીપજયું હતું.

લેફટનંટ ગુસતાદજી શાપુરજી એનજીનીયર રોજ ૨૨ મો માહ ૫ માને દીને સવેઝ મધે મરણ પામ્યા હતા. એવણનો જનમ સને ૧૮૮૮ ની તા૦ ૧૧ મી મારચે થયો હતો અને ૧૯૧૩ માં મુંબઈ યુનીવરસીટીની એમ. બી. બી. એસ. ની પરીક્ષા પસાર કરી હતી. મરહુમને ૧૯૧૫ ના જુલાઇ માસમાં લશકરી તબીબ તરીકે ખાસ કમીશન મલ્યું હતું, અને ઈજીપટ ખાતે સ્વેઝ તરફ લડાઇ ઉપર ગયા હતા, જયા કેરોની બ્રીટીશ હાશીસરોની હાસપીટલમાં તાપથી મરણ પામ્યા હતા. મરહુમની પાયદસ્ત લશકરી માન સાથ કાઢવામાં આવી હતી. વળી મરહુમના કુટંબ ઉપર નામદાર શેહેનશાહ અને શેહેનશાહબાનું તરફથી દલગીરી દરશાવનારો સંદેશો મોકલવામાં આવ્યો હતો.

શેઠ કેકોબાદ કુવરજી મહાબળેશવરવાલા ત્રાનસપોરટ સટીમર મારફતે મેસોપોટેમીયા જતા મારગમાં એ સ્ટીમરને ટોરપીડો લગાડવાથી તેની સાથે તા૦ ૧૯ મી સપટેમબરે ડુબી જઇ મરણ પામ્યા હતા. શેઠ કે. સી. કાવશજી મેસોપોટેમીયા ખાતે, જયારે શેઠ હોરમજ રૂશતમ આગા, શેઠ એદલજી જમશેદજી બાટલીવાળા અને શેઠ નશરવાનજી મેરવાનજી મનદરોઇના બસરા ખાતે મરણ પામયા હતા.

ઈંગલંડનો મેલ લઇને લંડનથી મુંબઇ આવવા ઉપડેલી સ્ટીમર પરશીયાને તા૦ ૩૦ મી ડીસેમબર ૧૯૧૫ ને દીને બપોરના એક વાગે દુશમેનોએ ટોરપીડો છોડી ડુબાડવાથી સ્ટીમર પાંચ મીનીટમાં દરયાની તળેતીએ ગઈ હતી. આ સ્ટીમરમાના ઘણા માણસો ડુબી મરણ પામ્યા હતા તેમાં ત્રણ પારસી ઉતારૂઓ શેઠ નશરવાનજી સોરાબજી પદમજી, શેઠ ફીરોઝ બી. ભીખાજી અને શેઠ મનચેરજી નાનાભાઇ બનાજી બી ડુબી અકાળ મોતે મરણ પામ્યા છે. જયારે ચોઠા પારસી શેઠ ગુસતાડજી એમ. કુપર સહી સલામત બચી જવાથી મુંબઈ આવ્યા છે. શેઠ નશરવાનજી પદમજી ૨૯ વરસના જવાનયા હતા અને ઈંગલાંડ બેરીસ્ટર થવા ગયા હતા. શેઠ ફીરોઝ જાણીતા મુસાફર બી. ભીખાજીના એકપુરા બેટા થતા હતા. અને નાનપણથીજ ઘણા ચંચલ હતા. એવણે ચાર વરસ સુધી વેલાતમાં કેળવણી લીધી હતી. મરહુમના પીતાનો વીચાર ઈરાન બોલાવી જરથોસ્તી ટોળાને લાભ થાય એવા કામોમાં રોકવાનો હતો તેથી હીંદુસ્તાન આવવા ઉપડયા હતા. ત્રીજા જવાન શેઠ મનચેરજી બનાજી મુંબઈ યુનીવરશીટીના ગ્રાડયુએટ હતા અને ઇલેકટ્રીક એનજીનીયરીંગનું કામ શીખવા મેનચેસટર ગયા હતા.


લફટનંટ નરીમાન શાપુરજી જોશી અને કેપટન હીરાજી જાહાંગીર માણેકજી ખરશેદજી મેસોપોટેમીયાની લડાઇમાં ઘાયલ થયા હતા, જયારે શેઠ કેકોબાદ દોરાબજી ખંબાતા અને કેપટન ફીરોઝ બી. ભરૂચા અને બીજા કેટલાક જરથોસ્તીઓ દુશમનના હાથમાં કેદ પકડાયા છે.

The Bombay Life Assurance Company, Ld.

Head Office:—APOLLO STREET, BOMBAY.

ધી બૉમ્બે લાઇફ એસ્યુરંસ કંપની, લીમીટેડ.

હેડ ઓફીસ—મુંબઇ.



ધી ઓનરેબલ મી૦ લલ્લુભાઈ સામળદાસ, સી.આઈ. ઈ., જે. પી., ચૅરમેન

ડાકતર આર. રાવ, એમ. ડી., ડી. એસસી. (લંડન), મેડીકલ રેફરી.

શાસ્ત્રિય રીતે અને કરકસરથી અનુભવી એકચ્યુઅરી

મી૦ જયોર્જ કીંગ, એફ. એફ. એ., એફ. આઇ. એ., (લંડન)

ની સલાહ પ્રમાણે આ કંપનીનો કારભાર ચલાવવામાં આવે છે.

સસ્તા દર, ઉદાર શરતો, હીંદીઓને બર આવે તેવી વીમાની ખાસ રીતો.

વધુ માહિતી માટે લખોઃ—

ફરામરોઝ આર. જોશી, જે. પી.

મેનેજીંગ ડીરેક્ટર.


એજન્ટો જોઇએ છે.

સી. એસ. પોચી એન્ડ સન

નોવલ ઇનવરતેડ પોરતેબલ ૫૦૦ કેનડલ્સ પાવર લેંપો.

દુકાનો, હોટલો, થીએટરો, વરનહાઓ, બગીચાઓ, વગેરે જયાં સુર્ય જેવી ભભુકદાર રોશની જોઇતી હોય ત્યાં સંપુરણ જનાયું છે.

એને છુતી તાંકી તથા તારની જરૂર નથી. જયાં જોઇએ ત્યાં તરત ઉપયોગમાં લઈ શકાય છે.



એનો સામાન બગડતો નથી. ફકત બે મહીને ૬ આમાનો ખર્ચ બેસે છે. બીજા પ્રેસર લેંપોની માફક મેનતલની ભાંગતુત થતી નથી ને ૧ મેનતલ બરાબર વાપરવાથી એક મહીનાથી પણ વધુ વખત જવાબ આપી શકે છે.

એ નોવલ લેંપમાં હલકામાં હલકું ઘાસતેલ પણ બલી શકે છે.

વનહર લેંપો–એ લેંપો ૧૦૦૦ કેનડલ પાવર લાઈટ આપે છે અને એમાં ઘાસતેલ તેલ બલે છે. કંપલીત આઉતફીત તેમાં લેંપ, ટાંકી, પંપ, તાર વગેરે સામાન છુટક તેમજ જથાબંધ મલશે.

સતોવ લેંપ દીવસના ચુલા તરીકે ને રાતના કીતસન જેવી રોશની તરીકે કામમાં આવે છે.

ગેસના ઉલટા બરનરો જુદા જુદા મેકરોના જથાબંધ મલી શકશે.

મેનતલો હરેક જાતના છુટક તથા જથાબંધ મલી શકશે.

હમો સપેસીયલ મેનટલો ડાયરેકટ મંગાવ્યે છીએ જે હમેશાં તકાઉ તેમજ લાઈતમાં બીજા કરતાં સરસ માલમ પડશે.

બહારગામના ઓરડરો ઉપર તરત ધીયાન આપવામાં આવે છે.

કેટલગ માટે અરજ કરવાથી મફત મોકલવામાં આવશે.

સી. એસ. પોચી એન્ડ સન,

નં ૩૪–૩૬ અબદુલ રહેમાન સ્ટ્રીટ, ક્રાફર્ડ મારકેટ નજદીક, મુંબાઇ.

TELEPHONE:—OFFICE NO. 264. TELEGRAPHIC ADDRESS—GLORY BOMBAY.
RESIDENCE No. 1398. CODE 5TH EDITION A B. C.

MUNCHERSHAH NUSSERWANJEE CHANDABHOY,

M. S. A., M. S. E. (LON.)

ARCHITECT, ENGINEER AND SURVEYOR.

Office-Raja Bahadur Motilal's Mansions, Apollo Street, Fort, Bombay.

Residence-Gowalia Tank Road, Bombay.

Services rendered on Moderate terms.

In all branches of **Architecture** and **Civil Engineering Viz:—**

1. Designing in various styles of Architecture and preparing Drawings, Detail Plans, an Estimates of large Buildings, Dwelling Houses, Bungalows, Mill Buildings, Godowns, Chawls &c., and superintending the erection of the same.

2. Inspecting, Surveying, Levelling and valuing Estates, Buildings, Lands, Fields &c., an furnishing Reports and Certificates in all matters of dispute connected therewith.

3. Advising on and superintending all works of alterations and improvements (with their plans, estimates, &c.,) including Drainage works, required under the Municipal Act.

4. Advising and Reporting in all disputed questions regarding light and air.

5. Advising, Surveying and Reporting on matters relating to Fire Insurance, and preparing Fire Insurance Statements.

6. Arbitrating either by Private Reference or by an Order of a Court in matter of Dispute regarding contract of Buildings, Valuations, Boundaries of Lands or Estates &c. &c. &c.

7. Advising and preparing valuation Reports of properties, vacant land &c. coming within the Scheme of City Improvement Trust, and giving Evidence & conducting the cases before the Special Collector.

મનચેરશા નસરવાનજી ચાંદાભાઇ,

એમ. એસ. એ., એમ. એસ. ઇ. (લંડન)

આરકીટેકટ, ઇજનેર અને સરવેયર.

આફીસ—રાજા બાહાદુર મોતીલાલ મેનસનસ,
એપોલો સ્ટ્રીટ, કોટ—મુંબઇ. ટેલીફોન નં. ૨૬૪.

રેહેવાનું ઠેકાણું-ગોવાલીયા ટેન્ક રોડ, મુંબઇ. ટેલીફોન નં. ૧૩૯૮.

શીલ્પશાસ્ત્ર તથા બાંધકામને લગતાં નીચે દરશાવેલાં દરેક કામો કીફાયત ભાવથી કરી આપવામાં આવશે.

૧. શીલ્પશાસ્ત્રની તરેહવાર ઢબની મોહોટી અથવા નહાની ઈમારતોના દીઝાઈન તથા રહેવાનાં મકાનો, બંગલાઓ, મીલ ઇમારતો, ગોડાઉનો, ચાલીઓ વીગેરેના નકશાઓ તથા તફસીલવાર પ્લાનો અને તે માટેના અડસટાઓ કરી આપવામાં આવશે અને એવાં સરવે બાંધકામો ઉપર દેખરેખ તથા ઉપરીપણું રાખવામાં આવશે.

૨. સ્ટેટો, મકાનો, ખેતરો, જમીનો વીગેરે તપાસી તથા માપીને તેની કીમતના અડસટા કરી આપવામાં આવશે; તથા તેને લગતા કાંઇ પણ વાંધા હશે તો તે માટેનો રીપોર્ટ કરી આપવામાં આવશે તથા સરટીફીકેટ આપવામાં આવશે.

૩. હમણાના ચાલુ મ્યુનીસીપાલ કાયદા પ્રમાણે મકાનોમાં જે ફેરફાર તથા સુધારા બાંધકામ તથા ગટર કામમાં કરવામાં આવે છે તે રીતે સલાહ આપવામાં આવશે તથા તેના પ્લાનો બનાવી આપી તે કામો ઉપર દેખરેખ રાખવામાં આવશે.

૪. હવા અને ઉજાસના સવાલ તકરારી સવાલો ઉપર સલાહ આપવામાં આવશે.

૫. આગના વીમાને લગતી બાબદો ઉપર સલાહ આપવા તથા સરવાઈ કરી રીપોર્ટ તથા નુકશાનીના સ્ટેટમેન્ટ આપવામાં આવશે.

૬. બાંધકામનાં કંટરાકટના વાંધા, જગાની હદના વાંધા, ઇસ્ટેટની કીમતના વાંધા, ઇતયાદી પતાવવાંને લગતાં લવાદીનાં કામ ખાનગી ફરમ શથી અથવા કોરટના હોકમથી કરી આપવામાં આવશે.

૭. નવા સીટી ઇમપરૂવમેન્ટ ટ્રસ્તની યોજનાના સંબંધમાં આવતી દરેક મીલકતો જેવી કે ઇમારતો, ખાલી જગા વીગેરેની બાબતો ઉપર યોગ્ય સલાહ આપીને તે મીલકતોના અડસટા બાંધી રીપોર્ટ કરવામાં આવશે તથા સ્પેશીયલ કલેકટરની કોરટમાં પણ તે બાબતોને માટે સાક્ષી આપવામાં તથા કેસ ચલાવવામાં આવશે.

M. S. Kheswala & Sons.

MILL & GIN STORE SUPPLIERS & GENERAL MERCHANTS.

No. 2—4 Bruce Lane, Fort.

I keep in stock for ready delivery all articles of Mill stores, such as:—Townsends patent Chl. of Magnesia-Muriate of Zinc, Lion brand China-clay, Farina, French Chalk, Epsom and Glauber Salts Gloy, Reeds, Healds & all spare parts for Weaving & Spinning departments. Also best kinds of Rubber goods skins-Bandings Belting-Packings of all kinds-Hair Beltings-Shuttles-Pickers. Oils & all articles generally used in spinning & weaving departments.

Trial orders solicited. All goods guaranteed best quality.

એમ. એસ. ખેસવાલા એન્ડ સન્સ.

સુતરની મીલોને લગતો સરવે જાતનો સામાન પુરો પાડનારા,

જનરલ મરચંટસ તથા કમીશન એજંટસ.

નંબર-૨-૪ બ્રુસ લેન, કોટ.

અમારે ત્યાં નીચે લખેલી સઘલી ચીજો હુંમેશા તઇયાર રાખવામાં આવે છે, જેવો કે ટાઉનસેન્ડ પેટન્ટનો સાઈઝીંગનો સઘલો સામન જેવો કે ચાઇનાક્લે-મેગનીશીયા-મ્યુર સોલીડઝીંક-સીંહ છાપની ફરીના-એપશમ તથા ગલોબર સોલ્ટ ગ્લોય-રીડસ-હીલડસ ફરેનચ ચોક તેલ-નરમ ઉંચા કવોલીટીના રબર તથા રબરની પેકીંગ-બોબીનો-રોલર સ્કીન-રૂસીઅન ટેલો-રીંગ-ત્રાવેલરસ હીલ્ડ વારનીશ-અમેરીકન તથા ઈજીપશીઅન બેન્ડીંગો-રોલર કલીઅરર-તથા વોશર-ક્લોથ-સાઈઝીંગ ફલાનલ-ફ્રીકશનલેશ પેકીંગ-ઇનવીનસીબલ તથા બ્રાઉન ઓકટેન્ડ પીકીંગ બેન્ડસ-કોટન તથા હેઅર બેલ્ટીંગ ડબલ તથા સીંગલ પટા-કેસીંગ તથા મ્ફ્રુ પેપર-લુમને લગતી દરેક જાતની સ્પ્રીંગો-શટલ-બ્રોલીના પેટન્ટ પીકરસ દરેક જાતની પ્રીલેટ, ટુંકમાં મીલને લગતો દરેક જાતનો સામાન ઘણાજ કીફાએત ભાવે મલશે. તેમજ શીલીન્ડર તેલ-સ્પીન્ડલ તેલ-જીન ઓઈલ વગેરે જાતનાં તેલો હુમેશા તઈયાર રહે છે.

એકવાર માલ મંગાવી ખાત્રી કરવાની મેહેરબાની કરવી. જુનું સાંચાકામ કીફાએત ભાવે ખરીદી તથા વેચી આપશું. સરવે માલ માટે સઉથી ઉંચાની ખાત્રી આપવામાં આવશે.

એક નવીન શોધ.

કેટેરેક્ટ ડીસોલવર.

આંખના મોતીયા ઓપરેશન વીના આ દવાથી ગળી જઈ ઘણા માણસો દેખતાં, વાચતાં, લખતાં થયાં છે. જેમ મોતીયો કાચો તેમ જલદી ગળે છે. ટેસટીમોનીયલસ ઘણી છે. શીશી એકના રૂ. ૨ પોષ્ટેજ જુદુ. નીચલે ઠેકાણે લખો.

કરૂષ્ણલાલ કે. ત્રીવેદી,
ભાવનગર, કાઠીયાવાડ.

જાહાંગીર ફ્લોરીસ્ત.

હાર, તોરા, બાસકેટ, બનાવવામાં સપેશીઆલીસ્ટ છે.

એક વખત ખાતરી કરો—ભાવ કીફાયત. ખાનગી બગીચાની દેખરેખ તથા સુધારાનું માથે લઈ શકશું. આંબા, ચીકુ, વીગેરેની ઉતમ કલમો કાળજીથી મોકલી આપશું. લગનસરા ટાંકણે ડેકોરેશનો જીવ ખુશ થાય તેમ કરીશું.

જાહાંગીર બમનજી ઈરાની, ફ્લોરીસ્ટ,
ડા૦ માસીના હોસપીટલ કમપાઉંડ, ભાયખલા.

PLANTS ! PLANTS !!

There is no more pleasant and useful hobby than gardening. Make it a real pleasure and at the same time a profitable investment, by getting mango grafts. We have every kind in stock such as **Alphonso, Malgoa, Badami, etc.**

We supply mango fruits also during the season.

Write for Price List at once.

SUBRAMANIAM & Co.,

Nurserymen, Mettoo Street, SALEM.

દરેક ગ્રહસ્થના ઘરમાં રાખવા યોગ્ય


ગુજરાતી કોકશાસ્ત્ર.

અસલ કોકશાસ્ત્ર હમારી પાસેથી મંગાવો, નકલોથી બચો. જાહેર ખબરમાં જણાવ્યા પ્રમાણે ન હોય તો પઇસા પાછા મંગાવી લો. એમાં પદમણી, ચીત્રણી, હસ્તીણી, શંખણી સ્ત્રીઓનાં ચીત્રો, સ્ત્રી પુરૂષોના જાતીભેદ, લક્ષણ, ગર્ભધારણના નીયમ, મનની ઇચ્છા પ્રમાણેનાં બાળકો પેદા કરવાના ઉપાય, ૮૪ આસનોનાં નામ, યંત્ર, તંત્ર, મંત્ર, વશીકરણ વીદયા, પશુપક્ષીઓની બોલીથી શુકન જાણવાની રીત, સ્ત્રી પુરૂષોના સેંકડો કઠણ રોગોના અજમાવેલા ઇલાજ, રસીલી કવીતા પૃષ્ઠ ૧૫૬ મુલ્ય રૂ. ૧ા સવા.

પી. એલ. શર્મા
શાહુપાડા, અલીગઢ.

અરદેશર ડી. વાડીયાની કું૦

અમદાવાદ અને મુંબઈ.



ઉપલાં જીનો અમારા કારખાનામાં બનાવેલા છે ને તે ઈંગ્લીસ જીનોની બરોબરી દરેક રીતે કરી શકે છે અને ભાવ ઘણો ઓછો છે એક વખત ટ્રાયલ લીધાથી જરૂર ફાયદો થશે.

જરથોસ્તીઓને ખુશ ખબર!

એક વખત વાંચશો તો હમેશનાં ઘરાક થશો.

જરથોસ્તી ધર્મ તથા હાલની વિદ્યાની ખોગ્રુએથી તન મન અને રવાનને એકજી વખતે તરોતાજગી અને રાહત બક્ષનારૂં એકલું ઉમદા સાધન.

સ્થાપના ફ્રશો—ગર્દ. ૧૯૧૧.

(I. E. Renovation)

અધીપતી-એરવદ ફીરોઝ શાપુરજી મસાની એમ. એ., એલ. એલ. બી.

તમામ દેખીતી તેમજ અણદીઠ કુદરતનો અખંડ અચળ કાયદો એજ જરથોસ્તી દીન છે અને આ દુન્યામાં જન્મી તે દીન મુજબ કેવી રીતે જીંદગી ગુજારવી આપણ જરથોસ્તીઓને લાજમ છે કે જેથી આપણો આ ફેરો સફળ થાય; જરથોસ્તી ઈલ્મેક્ષનુમની રોશનીમાં આપણી જરથોસ્તી તરીકતો અને ક્રીયાકામોના ખરા ખોલાસાઓ વેજીટેરીયન બાબદની સચ્ચાઇ અને અગત્યતા દારૂ-શરાબ સામેની લડત; બીડી વીરૂદ્ધ તેમજ અનેક સંસારી બદી વિરૂધ્ધ પોકાર; શારીરીક તેમજ માનસીક આરોગ્યતાના નીયમો વીગેરે વીગેરે અનેક વહેવારૂ સંગીન બાબદોથી ભરચક, ૮૦ થી વધુ પાનાનું દળદાર, દાહેલાં-કુચળાથી સદંતર નીરાલું ચોપાન્યું.

યાદ રાખજો કે આ ચોપાન્યું વળી સસ્તામાં સસ્તું છે.


લવાજમ ફક્ત વરસ દહાડે રૂ. ૧। (પોસ્ટેજ સુદ્ધાં) આગાઉથી.


વી. પી. થી પણ મોકલીશું.

લખો:—ઓનરરી સેક્રેટરી,—ધી પારસી વેજીટેરીયન એન્ડ ટેમ્પરન્સ સોસાયટી, ૨૪-૨૮, પારસી બજાર, કોટ,—મુંબઈ.


હાતીમભાઇ ગુલામહુસેન એન્ડ બ્રધર્સ,

ના. ૧૧૯, ૧૨૧ નાગદેવી સ્ત્રીટ, મુંબઇ.





મીલ જીન એન્ડ રેલ્વે



સ્ટોર સપલાયરશ
સર્વે જાતના પાઇપઓ તથા
તેને લગતું
ફીટીંગશ મોટા સ્ટોકમાં
રાખ્યે છે.



TELEGRAPHIC ADDRESS **FITTING Bombay.**

Telephone No. 752.

Printed by Sorabji Muncherji Jagosh at the Bombay Vartaman Press, No. 162, Mr. Nadir Sha Vakil's Bungalow, Princess Street, ... Road Bombay, and edited & published by Sorabji & Hormasji Muncherji Jagosh from White House near Fire Brigade Station, ... & Jehangir House, Vaka Mohola, Cheera Bazar respectively, Bombay.